મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યા

રાજસ પ્રમાણ પ્રકરણ

સુબોધિની

(દશમસ્કન્ધ અન્તર્ગત અધ્યાય ૩૩-૩૯)



પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યા

રાજસ પ્રમાણ પ્રકરણ

સુબોધિની

(દશમસ્કન્ધ અન્તર્ગત અધ્યાય ૩૩-૩૯)

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત
શ્રીભાગવત વ્યાખ્યા:
રાજસ પ્રમાણ પ્રકરણ સુબોધિની

Contents

॥ પ્રકાશકીય ॥

(ઉપક્રમ)

શ્રીપુરુષોત્તમનામસહસ્ર

ભગવતાર્થ પ્રકરણ પ્રકરણ ત્રીજું: રાજસ ભક્તોનો નિરોધ. અધ્યાય 33-39

- અધ્યાય 33:
- અધ્યાય 34:
- અધ્યાય 35:
- અધ્યાય 36:
- અધ્યાય 37:
- અધ્યાય 38:
- અધ્યાય 39:

॥ત્રયસ્ત્રિંશોડધ્યાય:॥ અધ્યાય તેત્રીસમો.

॥અથ ચતુસ્ત્રિંશોડધ્યાય:॥ અધ્યાય ચોત્રીસમો

॥પઞ્ચત્રિંશોડધ્યાય:॥ અધ્યાય પાંત્રીસમો

॥અથ ષટ્ત્રિંશોડધ્યાય:॥ અધ્યાય છત્રીસમો.

॥અથ સપ્તત્રિંશોડધ્યાય: ॥ અધ્યાય સાડત્રીસમો.

॥અથ અષ્ટાત્રિંશોડધ્યાય:॥ અધ્યાય આડત્રીસમો.

॥અથૈકોનચત્વારિંશોડધ્યાય:॥ અધ્યાય ઓગણચાલીસમો.

(દશમસ્કધ અન્તર્ગત અધ્યાય 33-39)
અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી
સમ્પાદક : શ્રીશરદ્ ગોસ્વામી

પ્રકાશન વર્ષ : વિ.સં.2077 શ્રીવલ્લભાબ્દ : 542

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, 370465
શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ
કુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ગુજરાત, 389350

॥ પ્રકાશકીય ॥

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી દ્વારા ગુજરાતી ભાષામાં ભાષાન્તરિત મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત શ્રીભાગવત સુબોધિનીજીના 'રાજસ પ્રમાણ પ્રકરણ', અધ્યાય ક્રમાનુસાર અધ્યાય 33 થી 39, નું શ્રીવલ્લભવાઙ્મયના અધ્યેતાઓ સમક્ષ પ્રકાશન કરતાં પ્રસન્નતા થઈ રહી છે.

આ ગ્રન્થના પ્રથમ સંસ્કરણનું પ્રકાશન શ્રીમાધવબાગ લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટ, મુંબઈ દ્વારા વિં.સં. 2004 માં કરવામાં આવ્યું હતું.

શ્રીસુબોધિનીના પૂર્વપ્રકાશિત પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્કધધો, દશમસ્કધધના જન્મ પ્રકરણ, તામસ પ્રમાણ અને પ્રમેય પ્રકરણ તથા તામસ સાધન-ફળ પ્રકરણ ની જેમ આ ખંડમાં પણ શ્રીસુબોધિનીના અધ્યયનમાં ઉપકારક એવા શ્રીભાગવતાર્થ પ્રકરણનો સંબાધિત અંશ તથા શ્રીરઘુનાથચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાના ગુજરાતી અનુવાદ સહિત શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાંના સમ્બન્ધિત નામો તથા ગ્રન્થની વિગતવાર અનુક્રમણિકા છાપવામાં આવી છે.

આ સમ્પૂર્ણ રાજસ પ્રમાણ પ્રકરણ સુબોધિનીજીનું પ્રુફરીડીંગ ભરૂચ નિવાસી શ્રીમતી પ્રીતિબેન દલાલે કર્યું છે, ગ્રન્થને પ્રેસમાં મોકલવા લાયક તૈયાર કરવાનું તેમજ છપાવવા નું કાર્ય શ્રીપીયૂષ ગોંધીયા તથા શ્રીપ્રવીણભાઈ એ કર્યું છે જે સ્મરણીય છે.

વસન્તપંચમી — શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ દ્વારા

વિક્રમસંવત 2077 — શરદ્ ગોસ્વામી
શ્રીવલ્લભાબ્દ 542

અનુક્રમણિકા

શ્રીભાગવતાર્થપ્રકરણમાં નિરૂપિત રાજસ પ્રમાણ પ્રકરણનો અર્થ તથા અધ્યાયાર્થ.

શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાં નિરૂપિત રાજસસ પ્રમાણ પ્રકરણમાંના ભગવન્નામો તથા તેના પર શ્રીરઘુનાથચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાનો ગુજરાતી અનુવાદ.

દશમસ્કધધાન્તર્ગત દ્વિતીય તામસ પ્રમાણ પ્રકરણ
(અધ્યાય 33-39)
અધ્યાય 33. અક્રૂરજીનું ગોકળ જવું. 01
વૃષભાસુર અરિષ્ટનો વધ.-ભગવાન્ કંસવધ માટે મથુરા પધારે તે માટે નારદે કરેલો ઉપાય.-કંસે કેશી વિગેરે દૈત્યોને કરેલી આજ્ઞાઓ.-શ્રીકૃષ્ણ અને બલભદ્રને મથુરા લાવવા કંસ અક્રૂરને મોકલે છે. અક્રૂર તે આજ્ઞા સ્વીકારે છે.
અધ્યાય 34. કેશી દૈત્ય અને વ્યોમાસુર નો વધ. 32
કેશીનો વધ.-નારદ શ્રીકૃષ્ણ પાસે અપરાધની ક્ષમા કરાવવા આવી તેમની સ્તુતિ કરી તેમનું ભવિષ્યનું ચરિત્ર કહે છે.-મયના પુત્ર વ્યોમાસુરનો વધ.
અધ્યાય 35. અક્રૂરનું વ્રજમાં આગમન 66
અક્રૂર શ્રીકૃષ્ણ તથા બલભદ્રને મથુરા લાવવા ગોકુલ જતાં માર્ગમાં મનોરથો કરે છે.-શ્રીકૃષ્ણના ચરણારવિંદનાં દર્શન થતાં અક્રૂરની ભક્તિની વૃદ્ધિ.-શ્રીકૃષ્ણનાં તથા બલભદ્રનાં અક્રૂરને થએલ દર્શન.-તેમણે તથા નંદે કરેલ અક્રૂરનું સ્વાગત.
અધ્યાય 36. શ્રીકૃષ્ણ-બલરામનું મથુરા પધારવું. 109
અક્રૂરના માર્ગે કરેલા મનોરથનું પૂર્ણ થવું.-શ્રીકૃષ્ણે અક્રૂરને પૂછેલ ગોકુલ આવવાનું પ્રયોજન અને અક્રૂરનો ઉત્તર.-નંદની ગોપોને મથુરા જવાની આજ્ઞા અને ગોપીઓને થએલ દુ:ખ.-ગોપીઓનો વિલાપ.-અક્રૂર સાથે ભગવાન્ રથમાં જાય છે તે સમયની ગોપીઓની સ્થિતિ.-અક્રૂર કાલિંદીમાં સ્નાન કરે છે, ત્યારે તેને જલમાં થએલ ભગવાનનાં દર્શન.
અધ્યાય 37. અક્રૂરજીએ કરેલી ભગવાનની સ્તુતિ. 154
અધ્યાય 38. મથુરા નગરીમાં શ્રીકૃષ્ણ-બલરામનો પ્રવેશ. 182
જલમાંનું સ્વરૂપ શ્રીકૃષ્ણે હરી લેતાં અક્રૂરનું આશ્ચર્ય. તે સંબંધી શ્રીકૃષ્ણનો તેને પ્રશ્ન અને તેનો ઉત્તર.-માર્ગમાં લોકોનો નિરોધ.-ભગવાન્ મથુરા બહાર ઉતારો કરી અક્રૂરને મથુરા મોકલી દે છે.-ભગવાને જોએલ મથુરાનું વર્ણન અને ત્યાંની સ્ત્રીઓ વિગેરેનો કરેલો નિરોધ.-શ્રીકૃષ્ણે કરેલ ધોબીનો વધ અને વસ્ત્રોનું ગ્રહણ.-વાયકે કરેલ વેષ અને તેને વરદાન.-ભક્ત સુદામાને ઘેર પધારી ભગવાને તેને આપેલ વરદાન.
અધ્યાય 39. શ્રીકૃષ્ણે ધનુષ ભાંગ્યું અને એના રક્ષકોને માર્યા. 226

કુબ્જાએ આપેલ લેપ, અને ભગવાને તેને આપેલ રૂપ. કુબ્જાએ માગેલ વર, ભગવાનનો ઉત્તર.-વાણીઆઓએ કરેલ પૂજન, સ્ત્રીઓનો નિરોધ.-ધનુષ્યભંગ, અને કંસના સૈન્યનો નાશ.-ગોપીઓએ મથુરાની સ્ત્રીઓને આપેલ આશિષોનું સત્ય થવું.-કંસના તેનું મરણ સૂચવનારાં સ્વપ્નો.-કંસે ગોઠવેલ મલ્લમહોત્સવ.

ઉ

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધનો

શ્રીભાગવતાર્થ પ્રકરણ

(ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અનુદિત શ્રીભાગવતાર્થ પ્રકરણમાંથી સંકલિત)

સ્કધધ દશમો : નિરોધ

(ઉપક્રમ)

ચતુર્વિંશતિધા ભિન્ના ભક્તિરુક્તાઽતિદુર્લભા ॥

સપ્તાશીતિરથાધ્યાયા નિરોધે દશમે મતા: ।।

ચોવીસ પ્રકારના ભેદવાળી અતિદુર્લભ ભક્તિ નવમા સ્કધધમાં કહી. હવે દશમા સ્કધધમાં નિરોધના વિષયમાં સત્તાશી અધ્યાયો વિચારેલ છે.

ચરિત્રં દશમે મુખ્યં રૂપં પૂર્વત્ર વર્ણિતમ્ ॥

નિરોધાર્થં તથા ભક્તિ-સિદ્ધ્યર્થં ચ હરિર્બભૌ ॥10॥

દશમા સ્કધધમાં ભગવાનનું ચરિત્ર મુખ્ય છે. સ્વરૂપનું પહેલાં વર્ણન કરેલું છે. નિરોધ કરવા તેમજ ભક્તિ સર્વથી થઈ શકે તે માટે હરિ પ્રકટ થયેલા.

ભગવાન્ શ્રીકૃષ્ણનું પહેલા નવમા સ્કધધમાં પણ વર્ણન કરેલું છે (9।।-67). તેથી નવમા, દશમા અને અગિયારમા એ ત્રણ સ્કધધોમાં શ્રીકૃષ્ણ છે (તેથી શ્રીકૃષ્ણનું વર્ણન હોવાથી દશમા સ્કધધમાં આશ્રયનું નિરૂપણ છે એમ કહી ન શકાય). દશમા સ્કધધમાં ભગવાનનું ચરિત્ર મુખ્ય છે. સર્વ લોકનો નિરોધ કરવા અને તેમનાથી ભક્તિ થઈ શકે તે માટે ભગવાન્ શ્રીકૃષ્ણનું પ્રાકટય થયેલું.

બીજા સ્કધધની શ્રીસુબોધિનીમાં એક પછી એક લીલાનું વર્ણન કરનાર સ્કધધોમાં કારણ અને કાર્યરૂપ સમ્બન્ધ હોવાનું દર્શાવેલ છે. નવમા સ્કધધમાં ઈશાનુચરિત અથવા ભક્તિ કહેલી છે, તેથી આ સ્કધધમાં ભગવાન પ્રપંચમાં ક્રીડા કરી ભક્તિના કાર્યરૂપ નિરોધ કરે છે, એટલે ભક્તોને પ્રપંચનું વિસ્મરણ કરાવી પોતામાં રોકી રાખે છે (આસક્તિ કરાવે છે) એવો નિરોધનો વ્યુત્પત્તિથી થતો અર્થ જ ઇચ્છેલો છે. નિરોધ એટલે રાજાઓનો વધ, એવો રુચિથી થયેલ અર્થ અહીં ઇચ્છેલો નથી, કારણ કે તેવો અર્થ લઈએ તો નિરોધની વ્યાખ્યા કહી છે તે ઘટતી નથી.

ભક્તા: પૂર્વત્ર નિર્દિષ્ટા: તે રોદ્ધવ્યા વિમુક્તયે ॥

કૃષ્ણે નિરુદ્ધકરણાદ્ ભક્તા મુક્તા ભવન્તિ હિ ॥16॥

પહેલાં (નવમા સ્કધધમાં) ભક્તો કહ્યા તેઓને મુક્તિ પ્રાપ્ત થાય તે માટે તેમનો નિરોધ કરવો જોઈએ, કારણ કે શ્રીકૃષ્ણમાં ઇન્દ્રિયોનો નિરોધ થયેલ હોવાથી ભક્તો મુક્તિ પ્રાપ્ત કરે

છે.

નવમા સ્કધધમાં ભક્તિ, દશમામાં નિરોધ અને અગિયારમામાં મુક્તિ કહેલાં છે. તેથી ભક્તોને જ મુક્તિ આપવાની હોવાથી, તેઓ મુક્તિ પ્રાપ્ત કરે તે માટે તેમનો જ નિરોધ આ સ્કધધમાં કરવાનો છે એમ સિદ્ધ થાય છે. તેથી દુષ્ટ રાજાઓના વધને અહીં નિરોધ કહેલ નથી.

ભક્તેશ્ચ શુદ્ધતાસિદ્ધ્યૈ પ્રપંચાદ્ વિનિવારણમ્ ॥

આસક્તિરાત્મનિ તથા નિરોધાર્થં ન સંશય: ॥17॥

અને શુદ્ધ ભક્તિ થઈ શકે તે માટે તેઓને પ્રપંચમાંથી હટાવી લીધા છે, અને નિરોધ થાય તે માટે પોતામાં તેમની આસક્તિ કરાવી છે તેમાં સંશય નથી.

ભગવાન્માં તેમની ઇન્દ્રિયો વગેરે રોકાઈ રહે તો જ તેમને મુક્તિ પ્રાપ્ત થાય છે, અને શુદ્ધ ભક્તિથી જ ઇન્દ્રિયો ભગવાન્માં રોકાઈ રહે. બીજાનો સંગ ન રહે તો શુદ્ધ ભક્તિ થઈ શકે, અને પ્રપંચ ભૂલે તો બીજાનો સંગ ન રહે. તેથી તેમને પ્રપંચમાંથી ભગવાન્ હટાવી લે છે અને પોતામાં તેમની ઇન્દ્રિયો વગેરે રોકાઈ રહે તે માટે જ પોતામાં જ તેમની આસક્તિ પણ કરાવે છે. આખાયે સ્કધધમાં આ જ જોવામાં આવે છે. તેથી દુષ્ટ રાજાઓને હણવા અથવા ભૂમિનો ભાર દૂર કરવો એ નિરોધ હોવાનું અહીં ઇચ્છેલ નથી.

પ્રપંચવિસ્મૃતિસ્તસ્માત્ કૃષ્ણાસક્તિશ્ચ વર્ણ્યતે ॥

‘શય્યાસનાટનાલાપ’શ્લોકે ફલિતમીરિતમ્ ॥18॥

તેથી તેમના પ્રપંચના વિસ્મરણનું અને શ્રીકૃષ્ણમાં આસક્તિનું વર્ણન કરવામાં આવે છે. 10।। શ્લોકમાં પરિણામ કહેલું છે.

ભગવાનની પ્રપંચમાં ક્રીડા એ સાધન છે, તેનાથી પ્રપંચનું વિસ્મરણ અને શ્રીકૃષ્ણમાં આસક્તિ થયાં. "શ્રીકૃષ્ણમાં ચિત્તવાળા વૃષ્ણિઓને સૂતાં, બેસતાં, ફરતાં, વાતચીત કરતાં, રમતાં અને સ્નાન વગેરે કર્મો કરતાં પોતાના વિદ્યમાન દેહનું પણ ભાન રહેતું ન હતું” (10।।) એવું શ્લોકમાં આ સ્કધધના અન્તે તે પરિણામ કહેલું છે.

રૂપાન્તરં તુ નટવત્સ્વીકૃત્ય ત્રિવિધાન્ નિજાન્ ॥

પ્રપંચાભાવકરણાદ્ ઉજ્જહારેતિ નિર્ણય: ॥19॥

નટની પેઠે બીજા સ્વરૂપને ધારણ કરીને ત્રણ પ્રકારના ગુણવાળા પોતાના સેવકોને પ્રપંચમાંથી હટાવીને તેમનો ભગવાને ઉદ્ધાર કર્યો, એવો નિર્ણય થાય છે.

ભક્તો તમસ્ રજસ્ અને સત્ત્વ એ ગુણોથી ઘેરાયેલા હોવાથી, તેમનો સ્વભાવ ફેરવતાં તેમને બહુ દુ:ખ થાય અને પોતાને પણ શ્રમ થવાથી કલેશવાળું કર્મ થાય. તેથી તેમ ન થાય તે માટે માયાથી ભગવાને નટની પેઠે બીજો મનુષ્યનો દેહ ધારણ કર્યો, અને તે દેહથી તેમને

પ્રપંચનું વિસ્મરણ કરાવી, તેમાંથી તેમનો ઉદ્ધાર કર્યો, તેથી ભક્તોના પ્રપંચનો નાશ એ જ આ સ્કધધનો અર્થ છે એવો નિશ્ચય છે.

સમુદાયો જન્મવાચી ક્રીડાયુક્તસ્ય વૈ હરે: ॥

પ્રપંચવિસ્મૃતિ-સક્તિર્ભક્તાનાં ચાપિ યોગત: ॥20॥

આખો સ્કધધ ક્રીડા કરનાર હરિના જન્મનું અને વળી નિરોધની વ્યુત્પત્તિ પ્રમાણે ભક્તોના પ્રપંચનું વિસ્મરણ અને ભગવાન્માં આસક્તિ જણાવનારો છે.

પહેલા પ્રકરણમાં ભગવાનની ક્રીડા કહેલી નથી. તેથી સ્કધધનો અર્થ નિરોધ હોય તો પણ પહેલા પ્રકરણને તે લાગુ નહિ પડે એવી શંકા થાય, તો જાણવું કે તે પ્રકરણમાં પણ ભગવાનની અમુક પ્રકારની ક્રીડા અને તેમાં શક્તિએ કરેલ સાહાય્ય કહેલાં છે. તેથી આખું પ્રકરણ લેતાં તેનો પણ નિરોધમાં સમાવેશ થાય છે.

પ્રક્રિયાપંચકં હ્યત્ર જન્માર્થં પ્રથમા મતા ॥

તામસાનાં તુ ભક્તાનામ્ ઉદ્ધૃત્યૈ તુ તત: પરા ॥21॥

અહીં પાંચ પ્રકરણો કહેલાં છે 1. પહેલું ભગવાનનો જન્મ જણાવનારું મનાયેલું છે, અને 2.ત્યાર પછીનું તો તામસ ભક્તોનો ઉદ્ધાર થાય તે માટે કહેલું છે.

રાજસાનાં તૃતીયા તુ ચતુર્થીસાત્વિકી મતા ॥

અન્તર્યામ્યધિદૈવાદિન્યાયેનાત્રાપિ વૈ હરે: ॥22॥

ભગસ્ય વ્યપદેશ: સ્યાદ્ અતસ્તસ્ય નિવૃત્તયે ॥

ભગસ્ય સહજત્વાય પંચમી પ્રક્રિયા મતા ॥23॥

3. ત્રીજું રાજસોનો અને 4. ચોથું સાત્ત્વિકોનો ઉદ્ધાર થાય તે માટે વિચારાયેલ છે. 5. ‘અહીં પણ અન્તર્યામી અથવા અધિદેવના ધોરણે હરિ (શ્રીકૃષ્ણ)માં ભગવાનના છ ગુણો હોવાનું કહેલ હશે” એવો (વિચાર આવે) તે દૂર કરવા તેમનામાં એ છ ગુણો કુદરતી છે એમ જણાવવા પાંચમું પ્રકરણ કહ્યાનો નિર્ણય થાય છે.

ચતુર્ભિશ્ચ તથા તત્ત્વૈ: તત્ત્વૈર્વિંશતિભિસ્તથા ॥

એકાધિકૈસ્તથા ષડ્ભિ: અધ્યાયૈ: ક્રમશો મતા: ॥24॥

1ચાર અને 2તેવી રીતે અઠ્ઠાવીસ, 3અઠ્ઠાવીસ અને 4એકવીસ તેમજ 5છ અધ્યાયો આ પ્રકરણોના અનુક્રમે મનાયેલા છે. ॥24॥

દશમસ્કધધ નું મુખ્ય પ્રકરણ-3

રાજસ ભક્તોનો નિરોધ

તેનું પેટા પ્રકરણ રાજસ પ્રમાણ પ્રકરણ (અ.33-39)

પ્રમાણં નારદ: પ્રોક્ત: તથાઽક્રૂરો દ્વિતીયક: ॥116॥

નન્દસ્તૃતીય: ક્ષત્તા તુ ચતુર્થો ગોપિકાસ્તથા ॥

હર્યાવિષ્ટો હરિશ્ચૈવ કુબ્જા ચાઽત્ર મતા: પુરા ॥117॥

એતે પ્રમાણભૂતા હિ રાજસે સગુણો હરિ: ॥

એતૈ: સિદ્ધો રાજસાનાં સ્નેહ: સર્વોત્તમ: સ્થિત: ॥118॥

નારદ; પ્રમાણ(સત્ય જ્ઞાન કરાવનાર) કહેલો છે. તેવો બીજો અક્રૂર છે. નન્દ ત્રીજા, સંયમી તો ચોથો, તેમજ ગોપીઓ પાંચમી અને વળી હરિમાં આવેશવાળા હરિ છઠ્ઠા અને સાતમી કુબ્જા અહીં (સત્ય જ્ઞાન કરાવનાર) મનાયેલા છે, કારણ કે આ સત્ય જ્ઞાન કરાવનારા થયેલા છે. રાજસમાં હરિ; ગુણવાળા છે. આમનાથી રાજસોને ભગવાન્માં સર્વથી ઉત્તમ સ્નેહ થયેલો છે.

પહેલા તેત્રીસમા અધ્યાયમાં નારદે કંસને એવું સત્ય જ્ઞાન કરાવ્યું કે શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે (શ્લો.17). બીજો અક્રૂર કંસને શ્લો.38-39 માં ગોળ-ગોળ ઉત્તર આપી સત્ય જ્ઞાન કરાવે છે. ત્રીજો નન્દ અક્રૂરને કંસ સમ્બન્ધી સત્ય જ્ઞાન કરાવે છે (અ.35।-42). ચોથો નંદના અન્ત:પુરનો અધ્યક્ષ છે, ભગવાન્ ગોકુલથી મથુરા પધારવાના છે એવા તેણે સર્વને સમાચાર આપી (અ.36।) સર્વનો પ્રેમ વધાર્યો. પાંચમી ગોપીઓ છે, તેમણે એ સમાચાર સર્વ સ્ત્રીઓમાં ફેલાવ્યા (અ.36।-18). છઠ્ઠા હરિમાં આવેશવાળા હરિ એટલે વ્યૂહરૂપ હરિ છે, તેમણે ગોપીઓમાં એવો ભય ઉત્પન્ન કર્યો કે ભગવાન્ મથુરા પધારશે નહિ (અ.36।). સાતમી કુબ્જા છે, તેને શ્રીકૃષ્ણે સુંદરી બનાવી, તેથી શ્રીકૃષ્ણ ભગવાન્ છે એવું સર્વને જ્ઞાન તેનાથી થયું. આ સાતે; ભગવાન્માં રાજસ ભક્તોનો ઉત્તમ સ્નેહ કરાવ્યો. રાજસ ભક્તોને વાસુદેવ વ્યૂહનું આ સાતે; જ્ઞાન કરાવ્યું અને તેમનામાં પ્રેમ ઉત્પન્ન કરાવ્યો. આવું જ્ઞાન આ પ્રકરણમાં કરાવ્યું તેથી આ પ્રમાણ પ્રકરણ છે.

નારદો દેવગુહ્યસ્ય કર્તા ભયવિવર્ધન: ॥

યેન સ્નેહ: સમુત્પન્ન: તથાઽક્રૂરસ્તુ પોષક: ॥119॥

સન્દેહજનનાચ્ચિત્તં કૃષ્ણાર્થં તરલં યત: ॥

સ્નેહે દ્વિતીયમેતદ્ધિ પર્વ લોકેઽપિ બુધ્યતામ્ ॥120॥

દેવોનું છૂપું કાર્ય કરનાર નારદ ભયની વૃદ્ધિ કરનાર થાય છે, તેનાથી સ્નેહ સારી રીતે ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે અક્રૂર તો સ્નેહનું પોષણ કરનારો છે, કારણ કે કંસને સન્દેહ

ઉત્પન્ન કરવાથી શ્રીકૃષ્ણ માટે દેવકી અને વસુદેવ નું ચિત્ત અસ્થિર થાય છે. લોકમાં પણ સ્નેહમાં આ બીજું પગથિયું છે એમ જાણવું.

(કંસ વગેરેને ભગવાન્ તરત જ હણે એ) દેવોનું છૂપું કાર્ય કરનાર નારદે કંસને કહી દીધું કે શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે અને વસુદેવે તેમને પોતાના મિત્ર નન્દને ત્યાં રાખેલ (અ.33।). તેથી કંસે વસુદેવ તથા દેવકી ને બાંધ્યાં. દેવોએ ગર્ભમાં શ્રીકૃષ્ણની સ્તુતિ કરેલી, તેમાં શ્રીકૃષ્ણ સર્વ યાદવોનું રક્ષણ કરશે, તેથી તમારે હવે કંસનો ભય ન રાખવો એમ કહેલ (10।41). આ તેઓ ભૂલી ગયા અને નારદે કંસને સત્ય વૃત્તાન્ત કહ્યો, તેથી ભય પામ્યા. ભયને લીધે શ્રીકૃષ્ણમાં તેમનો સ્નેહ વધ્યો. એવી રીતે નારદે કંસને સત્ય જ્ઞાન કરાવ્યું અને તેથી દેવકી તથા વસુદેવ નો શ્રીકૃષ્ણમાં સ્નેહ વધ્યો.

અક્રૂરને કંસે શ્રીકૃષ્ણ તથા બલભદ્ર ને મથુરા લઈ આવવા મોકલેલ ત્યારે તેણે તેને ગોળ-ગોળ ઉત્તર આપેલ (અ.33।-39). નારદના કાર્યથી વસુદેવ અને દેવકી ને જે ભય થયેલ તે અક્રૂરના આ ઉત્તરથી વધે છે. તેમનું ચિત્ત ભગવાન્ માટે અસ્થિર થાય છે અને ભગવાન્માં તેમનો સ્નેહ વધે છે. લોકમાં પણ પ્રસિદ્ધિ છે કે જેના ઉપર સ્નેહ હોય તેના માટે શંકા કર્યા કરે અને ચિત્ત અસ્થિર રહે.

નન્દસ્તુ પૂર્વભાવસ્ય નિન્દાં ચક્રે વિનિશ્ચિતામ્ ॥

તેન મિશ્રપરિત્યાગાત્ નિર્દોષસ્ય ભવિષ્યતિ ॥121॥

ઉત્કણ્ઠા પરમા ક્ષત્રા ગોપિકાભિશ્ચ જાયતે ॥

પુરુષાણાં તથા સ્ત્રીણામ્ આવિષ્ટેન ભયં મહત્ ॥122॥

તતઃ સન્દેહગમનાત્ સ્થિરઃ સ્નેહો ભવિષ્યતિ ॥

કૃષ્ણેન પુરુષૈર્યોગઃ સ્નેહવૃદ્ધિપ્રદાયકઃ ॥123॥

નન્દે તો કંસના પહેલાના સ્વભાવની નિશ્ચયપૂર્વક નિન્દા કરી, તેથી અક્રૂરે મિશ્રપણાનો ત્યાગ કરતાં નિર્દોષ થવાથી તેને ભગવાન્ સાથે રહેવાની ઘણી ઇચ્છા થશે. અન્તઃપુરના અધ્યક્ષ અને ગોપીઓથી અનુક્રમે પુરુષોને અને સ્ત્રીઓને શ્રીકૃષ્ણ મથુરા પધારશે તેવું જાણવામાં આવશે. આવેશવાળા હરિથી ઘણો ભય થશે અને પછી સન્દેહ દૂર થતાં ભગવાન્માં સ્થિર સ્નેહ થશે. પુરુષો સાથે શ્રીકૃષ્ણનો સમ્બન્ધ તેમના સ્નેહની વૃદ્ધિ કરાવનારો છે.

ત્રીજા નન્દ છે. તેમણે અક્રૂરને કંસનો સ્વભાવ જણાવ્યો (અ.35।-42) તે પહેલાં અક્રૂર કંસ તથા શ્રીકૃષ્ણ બન્ને ઉપર સ્નેહ રાખતો, પરન્તુ નન્દના આ વચનથી કંસનો ખરો સ્વભાવ તેના જાણવામાં આવતાં તે દોષરહિત થયો, અને કંસ ઉપર પ્રેમ રાખતો બંધ થયો. શ્રીકૃષ્ણ ઉપર તેનો પ્રેમ વધ્યો. તેથી મથુરા પહોંચ્યા પછી શ્રીકૃષ્ણને પોતાના ઘેર લઈ જવા તેણે કહ્યું, અને એકલા ઘેર જવાનું તેને રુચ્યું નહિ (અ.38।-16).

ચોથો નન્દના અન્ત:પુરનો અધ્યક્ષ અને પાંચમી ગોપીઓ છે. તેમણે ભગવાન્ મથુરા પધારવાના છે, એ સમાચાર ગોકુલના પુરુષો તથા સ્ત્રીઓમાં ફેલાવ્યા. તેથી ત્યાંના પુરુષો તથા સ્ત્રીઓને ઘણો શોક થયો અને શ્રીકૃષ્ણ ઉપરનો તેઓનો પ્રેમ વધ્યો.

આ સ્ત્રીઓ તથા પુરુષો પ્રથમ તામસ હતા, પરન્તુ તામસ પ્રકરણની લીલા પછી તેઓ રાજસ થયેલા હોવાથી, તેઓના સ્નેહથી વૃદ્ધિ થયાનું આ રાજસપ્રકરણમાં કહેલ છે.

છઠ્ઠા હરિમાં આવેશવાળા હરિ અથવા વ્યૂહરૂપ હરિ છે. તેમણે ગોપીઓમાં એવો ભય ઉત્પન્ન કર્યો કે ભગવાન્ મથુરા પધારશે અને પછી શ્રીગોકુલ પાછા પધારશે નહિ (અ.36।). ત્યાર પછી ભગવાન્ ઉદ્ધવ સાથે સન્દેશો મોકલશે ત્યારે ભગવાને અમને તજી છે એવો તેઓનો સન્દેહ દૂર થશે અને શ્રીકૃષ્ણમાં તેઓનો સ્થિર સ્નેહ થશે.

વસ્ત્ર પહેરાવનાર સાથે (અ.38।-42) તથા સુદામા સાથે (અ.38।-52) ભગવાનનો સમ્બન્ધ થયો, તેથી તેઓનો ભગવાન્ ઉપર સ્નેહ ઘણો વધ્યો.

તથૈવ કુબ્જયા સ્ત્રીણામ્ એવં સ્નેહો નિરૂપિત: ॥

પ્રમાણબલમાસાદ્ય તથાડડસક્તિ: પ્રમેયકે ॥124॥

તેવી જ રીતે પ્રમાણનું બલ પ્રાપ્ત કરીને કુબ્જાથી સ્ત્રીઓનો સ્નેહ ભગવાન્માં વધેલો હોવાનું જણાવેલ છે. તે પ્રમાણે પ્રમેય પ્રકરણમાં આસક્તિ થયાનું કહેલ છે.

ભગવાન્ સાથે જેઓને નવો સમ્બન્ધ થયો તેઓને ભગવાન્માં સ્નેહ થયાનું, અને જેઓને જુનો સમ્બન્ધ હતો તેઓને આસક્તિ થયાનું પ્રમાણ પ્રકરણમાં જણાવેલ છે(યોજના). ('પ્રમેયકે' નો અર્થ 'ભગવાન્માં' લઈ યોજનામાં આવો અર્થ કરેલ છે. પરન્તુ 'પ્રમેયકે' એટલે 'પ્રમેય પ્રકરણમાં' અર્થ લઈ કારિકાનો અર્થ કરેલ છે, તે કારિકા 156-157 પ્રમાણે હોવાથી વધારે સારો જણાવાથી લીધેલ છે.)

અરિષ્ટો રાજસાનાં હિ ગોકુલે નિધનં ગત: ॥

વાસનાલેશમાત્રેણ તત્ર સ્થાસ્યતિ સર્વદા ॥125॥

ઇતોડપિ ચેદ્ હરિર્ગચ્છેત્ નીત્વા સર્વસ્ય તામસમ્ ॥

રાજસાસ્તે ભવિષ્યન્તિ ગોકુલસ્થા ન સંશય: ॥126॥

ઉભયે ચ તતસ્ત્વગ્રે સાત્ત્વિકા નિર્ગુણાસ્તત: ॥

ત્રયોડપિ સમ્ભવિષ્યન્તિ મુક્તૌ તેષાં નિરૂપણમ્ ॥127॥

રાજસોને દુ:ખ કરનારો અરિષ્ટ ગોકુલમાં હણાયો. તે માત્ર બાકી રહેલી વાસનાને લીધે ત્યાં સદા રહેવાનો. જ્યારે હરિ સર્વના તામસ ભાવને લઈને અહીંથી જાય, ત્યારે ગોકુલમાં

રહેનારા રાજસો થવાના તેમાં સંશય નથી. ત્યાર પછી તો બન્ને સાત્ત્વિક અને પછી ત્રણે નિર્ગુણ થશે. તેઓનું વર્ણન મુક્તિમાં કરેલું છે.

10।1 માં અરિષ્ટ પણ યાદવોને પીડા કરનારમાં ગણાવેલ છે. તેને ભગવાને ગોકુલમાં હણ્યો (અ.33।). 'અરિષ્ટ' એટલે જેનો સમ્પૂર્ણ રીતે નાશ નથી તેવો. તેથી તે વાસનાથી સદા ગોકુલમાં રહેવાનો (ભગવાને વસ્તુત: ગોકુલમાં તેનું સ્થાપન કરેલ, 10।। ઉપરનાં શ્રીસુબોધિની). ગોકુલમાં રહેનારાઓના ભગવાનની અવજ્ઞા કરવારૂપ વગેરે તામસભાવને લઈ ભગવાન્ બીજે સ્થળે પધારે, ત્યારે તેઓ તેમનો તામસભાવ જવાથી રાજસ થવાના એમાં સન્દેહ નથી. તેથી અરિષ્ટને હણ્યાનું રાજસપ્રકરણમાં કહેલ છે તે યોગ્ય જ છે. ત્યાર પછી તામસો રાજસ થયા પછી બન્ને(તામસો અને રાજસો) સાત્ત્વિક થશે અને પછી ત્રણે(તામસો રાજસો અને સાત્ત્વિકો) નિર્ગુણ થશે. તેથી તેઓની કથા મુક્તિ એટલે અગિયારમા સ્કધમાં કહેલી છે (જુઓ 11।। થી 11।।).

અધ્યાય 33 :

દેવગુહ્યસ્ય કર્તા હિ નારદો દેવસમ્મત: ॥

ભગવત્સમ્મતિસ્ત્વત્ર નાસ્તીત્યેવેતિ મે મતિ: ॥128॥

યત: પ્રબોધયત્યેનં પ્રદ્યુમ્નત્વાત્ ન દુષ્યતિ ॥

પૂર્વં ભાવસ્તુ ન જ્ઞાત: સ્વાધિકારસ્તુ મધ્યમ: ॥129॥

દેવોનું છૂપું કાર્ય કરનાર નારદને દેવની સમ્મતિ મળેલી, પરન્તુ આ વિષયમાં ભગવાનની સમ્મતિ ન હતી એવો જ મારો નિશ્ચય છે, કારણ કે તે ભગવાનની પાસે પોતાનું કાર્ય સ્પષ્ટ કરે છે. ભગવાનનો પ્રદ્યુમ્ન વ્યૂહ હોવાથી તેને દોષ લાગ્યો નથી. પહેલાં ભગવાનનો વિચાર તેણે જાણ્યો નહિ. તેનો પોતાનો અધિકાર તો મધ્યમ હતો.

"નારદ; ભગવાનનો ભક્ત હોવાથી વસુદેવ અને દેવકી ભક્તોને કંસ બંધનમાં નાખી દુ:ખ આપે તેવું કાર્ય (અ.33।-19) તેણે કરવું યોગ્ય ન હતું" એવો વિચાર આવે, તો જાણવું કે નારદ દેવોનું છૂપું કાર્ય કરનાર છે. પોતાનું દુ:ખ તરત દૂર થાય એવી ઇચ્છાથી તેમણે નારદને કંસને સત્ય સમાચાર કહેવા પ્રેરણા કરી. તેથી નારદે કંસને એ વૃત્તાન્ત કહ્યો. આ કાર્યમાં ભગવાનની સમ્મતિ ન હતી. કારણ કે જો ભગવાનની સમ્મતિ હોત તો નારદને તેમની પાસે પોતે કરેલ કાર્ય સ્પષ્ટ કરી પોતાનો અપરાધ ક્ષમા કરાવવાનું ન રહેત (અ.34।-25). રાજસોનો નિરોધ કરવાની લીલા કરનાર આ ભગવાન્ પ્રદ્યુમ્નરૂપ હોવાથી (જુઓ શ્રીસુબોધિની અ.33ના આરંભની કારિકા બીજી) નારદને એ પ્રમાણે પોતાનું કાર્ય સ્પષ્ટ કરવાથી દોષ લાગ્યો નથી. છતાં ભગવાને તેને કાંઈ ઉત્તર આપ્યો નહિ, અને તે મૂર્ખ છે એમ વિચારી માત્ર તેને જવાની રજા આપી (અ.34। ઉપરનાં શ્રીસુબોધિનીનો આભાસ). નારદે ભગવાનનો વિચાર પહેલાં જાણ્યો નહિ, કારણ કે તેનો અધિકાર મધ્યમ હતો. તે જાણ્યા વિના જ દેવોની પ્રેરણાથી તેણે કંસને એ વૃત્તાન્ત કહેલો.

પૂર્વક્રુદ્ધા દેવવાણી પુત્રત્વાય યતો હરિ: ॥

પ્રાર્થિતો વસુદેવાભ્યાં તતો ગમનયાચ્ઞયા ॥130॥

અધ્યાત્મા નારદ: ક્રુદ્ધ ઉભાભ્યાં બન્ધનં તયો: ॥

વસુદેવ અને દેવકીએ ભગવાન્ અમારા પુત્ર થાય એવી તેમને પ્રાર્થના કરી, તેથી પહેલા દેવવાણીનો તેમના ઉપર કોપ થયો. પછી બીજા સ્થળે પધારવાની વિનંતિથી પુરુષ નારદનો કોપ થયો. બન્નેએ તે બેનું બન્ધન કરાવ્યું.

(એકશેષ સમાસ પ્રમાણે 'વસુદેવાભ્યાં' શબ્દથી જણાવેલ) વસુદેવ અને દેવકી એ પૂર્વજન્મમાં ભગવાન્ પોતાના પુત્ર થાય એવી વિનંતિ કરેલી (10।49). તેથી દેવવાણીનો તેમના ઉપર કોપ થયો. તેથી તેણે કંસને કહ્યું કે "જેને તું લઈ જાય છે તેનો આઠમો ગર્ભ તને હણશે" (10।34). આ તેઓનું પ્રથમ બન્ધન થવાનું મુખ્ય કારણ હતું. વસુદેવના સમજાવવાથી કંસે તે સમયે દેવકીને હણ્યા નહિ પરન્તુ પાછળથી નારદે "બધા દેવો યાદવ અવતરેલા છે" (10।62-64) એમ સમજાવ્યું ત્યારે તેણે વસુદેવ તથા દેવકીને સાંકળોથી બાંધ્યા (10।66). આ બન્ધન થવામાં નારદ પણ કારણરૂપ છે, છતાં મુખ્ય કારણ આકાશવાણી છે.

ભગવાનના પ્રાદુર્ભાવ સમયે વસુદેવ તથા દેવકી એ તેમની સ્તુતિ કરેલી, તેમાં કંસ તરફથી ભય હોવાનું જણાવેલું (10।22-29). આથી એમ સૂચવેલું કે ભગવાને બીજા કોઈ સ્થળે પધારવું. તેથી જ ભગવાને પોતાને ગોકુલ પધરાવવા વસુદેવને પ્રેરણા કરી (10।47). વસુદેવ તથા દેવકી એ આવી સૂચના કરેલી હોવાથી નારદનો તેમના ઉપર કોપ થયો, અને તેણે કંસને કહ્યું કે : "શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે અને વસુદેવે તેમને નન્દને ત્યાં પધરાવેલ છે" (અ.33।). નારદે કંસને એ કહી તેમનું બીજીવાર બન્ધન કરાવ્યું (અ.32।).

માયયા પ્રથમે મુક્તિ: કૃષ્ણેનાગ્રે ભવિષ્યતિ ॥131॥

માયાવશાત્ તદા યાચ્ઞા કૃષ્ણાર્થં ગમનં મતમ્ ॥

પ્રથમ બન્ધનમાંથી માયાએ છોડાવ્યા, પાછળથી (બીજા બન્ધનમાંથી) શ્રીકૃષ્ણ છોડાવશે, કારણ કે તે સમયે માયાને વશ થઈ પ્રાર્થના કરેલી અને શ્રીકૃષ્ણને બીજે પધારવાનું શ્રીકૃષ્ણ માટે નક્કી કરેલું.

પહેલાં બન્ધનમાંથી માયાએ તેમને છોડાવ્યા (10।12-14) કારણ કે બાલક ઉપરની માયાને લીધે તેમણે ભગવાન્ પોતાના પુત્ર થાય એવી પ્રાર્થના કરેલી. બીજી વારના બન્ધનમાંથી શ્રીકૃષ્ણ જ તેમને છોડાવશે (10।।) કારણ કે ભગવાને બીજા સ્થળે પધારવું એવી સૂચના તેમણે ભગવાન્ માટે જ કરેલી.

અધિકારાત્ નાપરાધો નારદસ્ય ભવિષ્યતિ ॥132॥

તથાપિ પ્રીયતે નૈવ હરિરિત્યેવ મે મતિ: ॥

અધિકાર હોવાને લીધે નારદને અપરાધ લાગ્યો નહિ, છતાં પણ હરિ તેના કાર્યથી પ્રસન્ન ન જ થયા એવી મારી માન્યતા છે.

નારદને દેવોનું છૂપું કાર્ય કરવાનો અધિકાર હતો, તેથી તેણે કંસને એ વૃત્તાન્ત કહ્યો, તેથી તેને દોષ ન લાગ્યો. પરન્તુ તેનાં એ કાર્યથી ભગવાન્ પ્રસન્ન ન જ થયા. તેણે અપરાધ ક્ષમા કરાવ્યો છતાં ભગવાને તેને ઉત્તર પણ ન આપ્યો અને માત્ર જવાની રજા આપી, તેથી ભગવાન્ પ્રસન્ન થયા ન હતા એમ જણાય છે.

અધ્યાય 34 :

કંસાદયો રાજસા હિ બુદ્ધ્યા કાર્યસ્ય સાધકા: ॥133॥

તામસં કેશિનં તેન પ્રેષયામાસ રાજસ:॥

કંસ વગેરે રાજસો બુદ્ધિથી કાર્ય સિદ્ધ કરનારા હતા. તેથી રાજસે (કંસે) તામસ કેશીને મોકલ્યો.

કંસ વગેરે બુદ્ધિથી કાર્ય સિદ્ધ કરનારા હોવાથી રાજસ હતા. રાજસ કંસે તામસ કેશીને પોતાનું કાર્ય સિદ્ધ કરવા ગોકુલ મોકલ્યો(શ્લો.1).

મથુરાયાં તામસસ્ય વધો યુક્તો ન ચ ક્વચિત્ ॥134॥

અતો ગોકુલમાસાદ્ય સોડપિ નષ્ટો વિમુક્તયે ॥

તામસનો વધ મથુરામાં થાય તે કોઈ પણ સંજોગોમાં યોગ્ય ન હતું. તેથી તે પણ મુક્તિ પ્રાપ્ત થાય તે માટે ગોકુલ આવીને મૂઓ.

કેશીની મુક્તિ થઈ તેમાં સન્દેહ નથી. જુઓ શ્લો.9 ઉપરના શ્રીસુબોધિની.

જ્ઞાને તુ બાધક: કેશી તેનાક્રૂરાદયસ્તથા ॥135॥

તથા ભક્તાવરિષ્ટોડપિ તાવુભૌ ગોકુલે હતૌ ॥

અન્યથા ગોકુલસ્થાનાં જીવનં ન ભવેત્ ક્ષણમ્ ॥136॥

કેશી તો જ્ઞાનમાં વિઘ્ન કરનારો હતો, તેથી અક્રૂર વગેરે તેવા હતા. તેવી રીતે અરિષ્ટ પણ (ભક્તિમાં વિઘ્ન કરનારો) હતો. તે બન્ને ગોકુલમાં હણાયા. તેઓ હણાયા ન હોત તો ગોકુલમાં રહેનારાઓ એક ક્ષણ પણ જીવી શક્ત નહિ.

કેશી જ્ઞાનમાં વિઘ્ન કરનારો હોવાથી અક્રૂર વગેરે તેવા એટલે ભગવાનને ન જાણનારા જ હતા. અરિષ્ટ ભક્તિમાં વિઘ્ન કરનારો હતો. તેથી ગોકુલવાસીઓને જ્ઞાન તથા ભક્તિ પ્રાપ્ત થાય તે માટે ભગવાને તે બન્નેને ગોકુલમાં હણ્યા, કારણ કે ભગવાન્ શ્રીગોકુલથી બીજે પધારે ત્યારે જ્ઞાન અને ભક્તિ ન હોય તો ગોકુલવાસીઓ એક ક્ષણ પણ જીવી શકે નહિ.

જ્ઞાન-ભક્તિ-પ્રસિદ્ધ્યર્થમ્ અક્રૂરાગમનં પુન: ॥

ગોકુલે બાધકો વ્યોમો લીલાયાં કર્મણિ સ્થિત: ॥137॥

પરોક્ષેઽપિ હરે: સિદ્ધ્યૈ લીલાયા: સોઽપિ વૈ હત: ॥

વળી જ્ઞાન અને ભક્તિ ગોકુલમાં સારી રીતે થઈ શકે તે માટે અક્રૂર ત્યાં આવેલો. કર્મને અનુસરનાર વ્યોમ; ગોકુલમાં લીલામાં વિઘ્ન કરનાર હતો. હરિના વિયોગના સમયમાં પણ લીલા થઈ શકે તે માટે તેને પણ ભગવાને નકકી હણ્યો.

ભગવાન્ ગોકુલથી બીજા સ્થળે પધારી જાય, ત્યારે તેમનો વિરહ હોવા છતાં ગોકુલમાં જ્ઞાન અને ભક્તિ સારી રીતે થઈ શકે તે માટે અક્રૂર ગોકુલ આવ્યાનું આ પ્રકરણમાં જણાવેલ છે. વ્યોમાસુર પણ ગોકુલમાં ભગવાનની લીલામાં વિઘ્ન કરનારો હતો. ભગવાન્ ગોકુલમાંથી બહાર પધાર્યા પછી પણ લીલા થઈ શકે તે માટે ભગવાને તેને પણ ગોકુલમાં હણ્યો(શ્લો.28-33).

દ્વાભ્યાં ત્રયોઽત્ર નિહતા: પરોક્ષેણ ત્રયોઽત્ર હિ ॥138॥

માર્ગા: પુષ્ટા ભવિષ્યન્તિ તેન રાજસતા સ્થિતા ॥

બેથી અહીં ત્રણને હણ્યા. તેથી ભગવાનના વિરહમાં પણ અહીં ત્રણ માર્ગો પુષ્ટ થશે. તેથી તામસોનું રાજસ થવાપણું પણ દૃઢ થયું.

તેત્રીસમો અધ્યાય ઐશ્વર્ય દર્શાવે છે. ભગવાને ઐશ્વર્યથી અરિષ્ટને હણ્યો. ચોત્રીસમો અધ્યાય વીર્ય દર્શાવનારો છે, ભગવાને વીર્યથી કેશી તથા વ્યોમાસુરને હણ્યા. ઐશ્વર્ય અને વીર્ય એ બે ગુણોથી ભગવાને અરિષ્ટ, કેશી અને વ્યોમ એ ત્રણને હણ્યા. આ ત્રણ અનુક્રમે ભક્તિ, જ્ઞાન અને લીલા-કર્મ માં વિઘ્ન કરનારા હતા. તેઓ હણાવાથી ભગવાનના વિરહમાં પણ ગોકુલમાં ભક્તિ જ્ઞાન અને લીલા થઈ શકશે અને ત્રણે માર્ગો પુષ્ટ થશે. ગોકુલવાસીઓ તામસ મટી રાજસ થયા છે એવી પ્રતીતિ દૃઢ થાય તે માટે ભગવાને એ પ્રમાણે આ ત્રણે માર્ગો પુષ્ટ થાય એમ કરેલ છે.

અધ્યાય 35 :

સાત્ત્વિકોઽપ્યુભયૈર્દોષૈ: અક્રૂર: કંસસંગત: ॥139॥

ઉભયોસ્તુ તતો નાશે ભક્ત્યા કૃષ્ણાન્તિકં ગત: ॥

અક્રૂર સાત્ત્વિક હોવા છતાં બન્ને પ્રકારના દોષથી તેને કંસનો સંગ થયો, પરન્તુ પછી બન્ને દોષોનો નાશ થતાં ભક્તિથી શ્રીકૃષ્ણ પાસે ગયો.

સાત્ત્વિક અક્રૂરને રાજસ અને તામસ એ બન્ને પ્રકારના દોષોથી કંસનો સંગ થયો, પરન્તુ પાછળથી તેને ભગવાન્ સમ્બન્ધી મનોરથો માર્ગમાં થતાં, તે બન્ને પ્રકારના દોષોનો નાશ થયો અને ભક્તિથી તે શ્રીકૃષ્ણ પાસે પહોંચ્યો.

સિદ્ધાન્તસ્ય પરિજ્ઞાનાદ્ આસુરાણાં તથાઽભવત્ ॥140॥

ભગવચ્છાસ્ત્રવિજ્ઞાનાત્ સન્દિગ્ધં સ ઉવાચ હ ॥

અસુરોનો સિદ્ધાન્ત જાણતો હોવાથી તે તેવો થયો. ભગવાન્ સમ્બન્ધી શાસ્ત્રનું તેને જ્ઞાન હોવાથી તેણે સન્દેહવાળો ઉત્તર કંસને આપ્યો.

કંસે શ્રીકૃષ્ણનું અનિષ્ટ કરવાનો વિચાર કરી, તેમ કરવા તેમને બોલાવી લાવવા અક્રૂરને આજ્ઞા કરેલી. આવાં કાર્ય માટે ભક્તે ભગવાન્ પાસે જવું યોગ્ય નથી જ, છતાં અક્રૂરને કંસનો સંગ હતો અને અસુરોના સિદ્ધાન્ત તે જાણતો હતો. તેથી તેણે અસુર થઈ તે કાર્ય કરવાનું કબુલ કર્યું. છતાં ભગવાન્ સમ્બન્ધી શાસ્ત્ર પણ તે જાણતો હતો. તેથી કંસે એવી આજ્ઞા કરી ત્યારે તેણે ગોળ-ગોળ ન સમજી શકાય તેવો ઉત્તર આપ્યો (શ્લો.38-39).

યથાકથઞ્ચિદ્ દુષ્ટસ્ય પરિત્યાગે તુ સાત્ત્વિકઃ ॥141॥

ભક્તઃ સન્ ભગવત્પાર્શ્વં યાતિ કૃષ્ણશ્ચ તુષ્યતિ ॥

હરકોઈ પ્રકારે દુષ્ટનો ત્યાગ થતાં તો તે સાત્ત્વિક ભક્ત થઈ ભગવાન્ પાસે ગયો અને શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા.

ત્યાર પછી માર્ગમાં તે એકલો જતાં દુષ્ટના સંગનો ત્યાગ થવાથી તે સાત્ત્વિક થયો અને ભક્ત થઈ ભગવાન્ પાસે ગયો અને શ્રીકૃષ્ણ તેના ઉપર પ્રસન્ન થયા (શ્લો.28-34-36).

માર્ગત્રયે તતઃ પ્રોક્તા તસ્ય નિષ્ઠા વિશેષતઃ ॥142॥

કૃષ્ણમાહાત્મ્યવિજ્ઞાનં ભક્તિમાર્ગોપયોગિ હિ ॥

સ્વરૂપબોધો જ્ઞાનાર્થઃ કામના કર્મણિ સ્થિતા ॥143॥

ત્રિભિસ્ત્રયોઽપિ સન્તુષ્ટા નન્દરામૌ તથા હરિઃ ॥

તેથી ત્રણે માર્ગોમાં તેને ઘણી શ્રદ્ધા હોવાનું કહેલ છે, કારણ કે શ્રીકૃષ્ણના માહાત્મ્યનું જ્ઞાન ભક્તિમાર્ગમાં ઉપયોગી છે. તેમના સ્વરૂપનું જ્ઞાન કરાવનારું છે, અને કામના કર્મમાર્ગમાં થવાનું મનાયેલ છે. એ ત્રણથી નન્દ, બલભદ્ર અને હરિ ત્રણે પ્રસન્ન થયા.

1. શ્રીકૃષ્ણના માહાત્મ્યનું અક્રૂરને જ્ઞાન હતું (શ્લો.3-8) તે ભક્તિમાર્ગમાં ઉપયોગી છે. 2. તેમનાં સ્વરૂપનું તેને જ્ઞાન હતું(શ્લો.10-13) તે જ્ઞાન કરાવનારું હોઈ જ્ઞાનમાર્ગમાં ઉપયોગી છે અને 3. તે કામનાઓ કરતો (શ્લો.16-23) તે કર્મમાર્ગમાં ઉપયોગી છે. ત્રણે માર્ગમાં તેની શ્રદ્ધા હોવાનું જણાવ્યું. તેથી અનુક્રમે શ્રીકૃષ્ણ(શ્લો.36) બલભદ્ર(શ્લો.40) અને નન્દ(શ્લો.43) એ ત્રણે પ્રસન્ન થયા. અક્રૂરને ભગવાનના માહાત્મ્ય વગેરેનું જ્ઞાન હોવાનું આ અધ્યાયમાં કહેલ છે, તે ભગવાનનો યશ જણાવનાર છે.

અધ્યાય 36 :

હરેર્નિર્ગમનં તસ્માત્ ન યુક્તમ્ ઇતિ વૈ શુકઃ ॥144॥

ગોપિકાવાક્યરીત્યૈવ ભગવદ્ગમનં જગૌ ॥

તે સ્થાનમાંથી હરિ બહાર જાય તે યોગ્ય ન જણાવાથી શુકે ખરેખર ગોપિકાઓના વચનના પ્રકારે ભગવાન્ નીકળ્યાનું કહેલ છે.

ગોકુલવાસીઓ હવે તામસ મટી રાજસ થયેલા. મથુરામાં રહેનારા યાદવો પણ રાજસ હતા. ભગવાન્ મથુરા પધારી ત્યાંથી રાજસ ગોકુલવાસીઓનો નિરોધ કરે, તેવી જ રીતે ગોકુલમાં રહી રાજસ મથુરાવાસીઓનો પણ નિરોધ કરી શકે. તેથી તેમણે મથુરા પધારવાનું કાંઈ યોગ્ય કારણ દેખાતું ન હોવાથી શુક ગોપીઓનાં વચનથી ભગવાન્ મથુરા પધારે છે તેનું વર્ણન કરે છે. આ પ્રમાણે વર્ણન થવાથી ગોપીઓનો ભગવાન્માં ઉત્તમભાવ હતો તે જણાય છે, અને તેમનો તેવો ભાવ જણાય તે માટે જ ભગવાન્ મથુરા પધારે છે. શ્લો.11।। થી આ જણાય છે.

પ્રતિબન્ધાદ્ અરિષ્ટાદેર્ન ગોપીકાયિકોદ્યમઃ ॥145॥

વાક્યેનૈવ ચ સન્તુષ્ટા વાચિ તાસ્તુ પ્રતિષ્ઠિતાઃ ॥

અરિષ્ટ વગેરેથી થતા વિઘ્નને લીધે ગોપીઓએ ભગવાનને મથુરા જતાં રોકવા માટે કાયાથી ઉદ્યમ ન કર્યો, અને વચનથી જ સન્તોષ રાખ્યો. તેઓ તો વાણીમાં સ્થિર હતા.

વાસનાઓ ભગવાનને પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ છે એમ સાતમા સ્કધમાં દર્શાવેલ છે. ગોપીઓમાં તો અરિષ્ટનું મૃત્યુ થવાથી થોડી જ વાસના રહેલી અને તે પણ અરિષ્ટ વગેરેને લીધે આવી ચડેલી. છતાં વાસના દુષ્ટ હોવાથી તેને લીધે તેઓએ ભગવાનને મથુરા પધારતાં રોકવાનો ઉદ્યમ કાયાથી ન કર્યો પણ માત્ર વચનથી જ સન્તોષ રાખ્યો (શ્લો.28). તેઓ ઋષિરૂપ અને ઉપનિષદ્રૂપ હોવાથી ભગવાનના શ્લો.35 માં જણાવેલ વાણીના સન્દેશા ઉપર જ વિશ્વાસ રાખી રહ્યા.

અક્રૂરે ત્રિતયં જાતં વૈકુણ્ઠે સ્થાપનાય હિ ॥146॥

બ્રહ્મહ્રદે નિમગ્નસ્ય તથા દર્શનમીર્યતે ॥

અન્યથા ભગવત્સંગં ન ત્યજેચ્ચ કથઞ્ચન ॥147॥

અક્રૂર ઉપર ત્રણની પ્રસન્નતા હતી. તેને વૈકુંઠમાં રાખવાનો છે એમ જણાવવા તેણે બ્રહ્મધરામાં ડૂબકી મારી ત્યારે તેને તેવાં દર્શન થયાનું કહેલ છે. તેમ ન હોત તો કોઈ પણ સંજોગોમાં તે ભગવાનનો સંગ તજત નહિ.

ઉપર કહ્યું તેમ અક્રૂર ઉપર નન્દ, બલભદ્ર અને ભગવાન્ ત્રણે પ્રસન્ન થયેલા. તેને વૈકુંઠમાં રાખવાનો છે, એમ જણાવવા ભગવાને તેને કાલિન્દીના ધરામાં શેષશાયી સ્વરૂપે દર્શન

આપ્યાં (શ્લો.41-55). જો ભગવાન્ તેને તેમ જણાવવાના ન હોત તો તે ભગવાનનો સંગ તજી ધરામાં સ્નાન કરવા જાત જ નહિ.

આ અધ્યાયમાં ગોપીઓને ભગવાનનો વિરહ થાય છે એ ભગવાનનાં 'શ્રી' ધર્મનું કાર્ય છે.

અધ્યાય 37 :

માહાત્મ્યં જ્ઞાપિતં ત્વર્થાત્ તેન સ્તોત્રમ્ ઉદીરિતમ્ ॥

સંસ્કારમાત્રતસ્તસ્મિન્ સ્નેહભક્તિ: પ્રતિષ્ઠિતા ॥148॥

વ્યવહારો મહદ્વિ: સ્યાદ્ યથા કૃષ્ણે તથાડભવત્ ॥

વાસ્તવિક રીતે ભગવાને માહાત્મ્ય જણાવ્યું, તેથી તો અક્રૂરે સ્તુતિ કરી. માત્ર સંસ્કારને લીધે તેનામાં ભગવાન્ ઉપર સ્નેહરૂપ ભક્તિ રહેલી. જેવો મોટા પુરુષો સાથે વ્યવહાર થાય, તેવો તે શ્રીકૃષ્ણ પ્રતિ કરતો.

ભગવાને શેષશાયી સ્વરૂપે દર્શન દઈ અક્રૂરને પોતાનું માહાત્મ્ય જણાવ્યું, તેથી તેણે આ અધ્યાયમાં ભગવાનની સ્તુતિ કરી. માત્ર સંસ્કારને લીધે તે ભગવાન્ ઉપર સ્નેહ રાખતો (પણ સંગ તેને સારા પુરુષનો ન હતો). સંસ્કારને લીધે પોતે કાકો છે એવું અભિમાન તજી તે ભગવાનને નમન કરતો. અક્રૂરે કરેલી આ સ્તુતિ જ્ઞાનનું કાર્ય છે.

અધ્યાય 38 :

કુબ્જાનિ:શંકવચનૈ: સ્વેચ્છાં પૂરયતે હરિ: ॥149॥

ઉભયોરન્તરા દંડપ્રસાદૌ સુનિરૂપિતૌ ॥

શ્રુતમાહાત્મ્યયુક્તાનાં સન્દેહવિનિવારકૌ ॥150॥

કુબ્જાને કહેલાં શંકારહિત વચનો (પહેલા) ભગવાન્ પોતાની ઇચ્છા પૂર્ણ કરે છે. તે બન્નેની વચ્ચે જેમણે ભગવાનનાં માહાત્મ્યનું શ્રવણ કરેલું તેઓના સન્દેહને દૂર કરનાર દંડ અને કૃપા સારી રીતે કહેલાં છે.

ભગવાન્ મથુરા પહોંચી અક્રૂરને તેના ઘેર મોકલે છે અને પોતે નગર બહાર ઉતારો કરી નગરી જોશે એવી પોતાની ઇચ્છા જણાવે છે (શ્લો.10). ત્યાર પછી ભગવાન્ નગરી જુએ છે (શ્લો.19-31), ધોબીને હણે છે (શ્લો.32-39), વસ્ત્ર પહેરાવનાર ઉપર (શ્લો.40-42) અને સુદામા માળી ઉપર કૃપા કરે છે (શ્લો.43-52), ત્યાર પછી ભગવાન્ કુબ્જાને મળે છે અને તેને સુંદરી બનાવી શંકારહિત વચનો કહે છે (અ.39।12). તેથી ભગવાન્ નગરી જોવાની પોતાની ઇચ્છા પૂર્ણ કરે છે અને કુબ્જાને શંકારહિત વચનો કહે છે, તે બેની વચ્ચે તેમણે ધોબીને કરેલ દંડ અને વસ્ત્ર પહેરાવનાર તથા સુદામા ઉપર કરેલી કૃપા કહેલાં છે. જેમણે શ્રીકૃષ્ણનું

માહાત્મ્ય સાંભળેલું તેમનો એવો સન્દેહ કે શ્રીકૃષ્ણ ભગવાન્ છે કે નહિ તેને આ પ્રસંગો દૂર કરાવનારા છે.

રજકો દંડનીયો હિ પૂર્વધાષ્ટ્ર્યાદ્ ઇહાપિ હિ ॥

સીતાયા વિપ્રિયં વક્તા રંગશોભાર્થમુદ્યત: ॥151॥

ઉત્યજા દૈત્યપક્ષીયા રજકસ્તેષુ ચાદિમ: ॥

કર્મમાર્ગે ફલં સર્વૈ: પ્રાપ્યતે તત્ તથોકતવાન્ ॥152॥

વસ્ત્રદાતુ: ફલં તે સ્યાદ્ અન્યથા તુ વધ: સ્મૃત: ॥

ધોબી દંડ કરવા યોગ્ય હતો, કારણ કે સીતા દોષવાળી હોવાનું કહેનાર તે, અહીં પણ પહેલાંની ઉદ્ધતાઈને લીધે અખાડાની શોભા જોવા તૈયાર થયેલો. ઉત્યજો દૈત્યોના પક્ષના છે અને તેઓમાં ધોબી મુખ્ય છે. કર્મમાર્ગમાં સર્વ ફલ પ્રાપ્ત કરે છે તેથી ભગવાને તેને તેમ કહ્યું કે "વસ્ત્ર આપનારને તને ફલ પ્રાપ્ત થશે" તેમ ન કરતાં તો વધ થવાનું કહેલું છે.

ધોબીએ રામાવતારમાં સીતા દોષવાળી હોવાનું ખોટું કહેલું. તેવી ઉદ્ધતાઈ કરી હમણાં પણ તે અખાડાની શોભા જોવા તૈયાર થયેલો. ભગવાને તેની પાસે વસ્ત્રો માગ્યાં અને તે આપે તો તેનું ઘણું કલ્યાણ થશે એમ પણ તેને કહ્યું (શ્લો.33). છતાં તેણે તેમને ઉદ્ધત ઉત્તર આપ્યો, (શ્લો.35-36) કર્મમાર્ગ પ્રમાણે સર્વને તેમના કર્મનું ફળ મળે છે. તેથી તેણે ઉદ્ધત ઉત્તર આપ્યો. તેનું ફલ ભગવાને તેને આપ્યું, એ ભગવાનનો વૈરાગ્ય ગુણ જ દર્શાવે છે. જો તેણે ભગવાનને વસ્ત્રો આપ્યાં હોત તો તેને ઘણું જ સારું ફલ મળત. ઉદ્ધત ઉત્તર ન આપ્યો હોત તો તેને ભગવાન્ હણત પણ નહિ.

માલાકાર: પ્રિયો લોકે ભક્તાનાં સુતરાં પ્રિય: ॥153॥

ઉભૌ પરીક્ષિતૌ સમ્યક્ તતો દંડાદિકં કૃતમ્ ॥

માળી લોકમાં પ્રિય હોય છે. ભક્તોને ઘણો વધારે પ્રિય હોય છે. બન્નેની ભગવાને સારી રીતે પરીક્ષા કરી. પછી દંડ વગેરે કર્યાં.

ધોબી અને માળી બન્નેની ભગવાને સારી રીતે પરીક્ષા કરી. ભગવાને માળી પાસે કાંઈ માંગેલ પણ નહિ, છતાં તેણે તેમને આસન આપી તેમની પૂજા કરી અને તેમની ઇચ્છા જાણી ઉત્તમ માલાઓ પહેરાવી. તેથી ભગવાને તેના ઉપર કૃપા કરી તેને ઉત્તમ ભક્તિ, બલ, આયુષ્ય વગેરે આપ્યાં. એ પ્રમાણે તેની પણ પરીક્ષા કરી તેને જે આપવા યોગ્ય હતું તે આપ્યું, તે પણ ભગવાનનો વૈરાગ્ય ગુણ જ દર્શાવે છે.

તયોર્મધ્યે વેષકર્તા નટાનાં સુતરાં પ્રિય: ॥154॥

પ્રસાદસ્ત્રિષુ વક્તવ્ય: તતસ્તસ્મિન્ પુરોદિત: ॥

તે બેની વચ્ચે નટોને ઘણો પ્રિય વસ્ત્ર પહેરાવનાર કહેલો છે. ત્રણ ઉપર (કરેલી) કૃપા કહેવાની હતી, તેથી તેના ઉપર કરેલી પહેલાં કહેલી છે.

ધોબી અને માળી એ બે ની વચ્ચે, વસ્ત્ર પહેરાવનાર ઉપર કરેલી કૃપાનું વર્ણન કરેલું છે. વસ્ત્ર પહેરાવનાર, માળી અને કુબ્જા એ ત્રણ ઉપર કરેલી કૃપા જણાવવાની હતી, તે પૈકી વસ્ત્ર પહેરાવનાર ઉપરની કૃપા પ્રથમ કહેલી છે.

અધ્યાય 39 :

ધનુષો ભઙ્ગનં ચૈવ રક્ષકાણાં વધસ્તથા ॥155॥

નિગ્રહોઽપિ દ્વિધા જાત: તૈ: સર્વં પ્રકટીકૃતમ્ ॥

ધનુષ્યનો ભંગ અને તેવી જ રીતે તેનું રક્ષણ કરનારાઓનો વધ એમ નિગ્રહ પણ બે પ્રકારનો કહેલો છે. તેઓથી સર્વ પ્રકટ કરેલું છે.

સ્થાવર ધનુષ્યનો ભંગ (શ્લો.17) અને તેનું રક્ષણ કરનારા તથા સૈન્યનો વધ (શ્લો.21-22), એમ બે પ્રકારે ભગવાને નિગ્રહ પણ કર્યો છે. કુબ્જા ઉપરની કૃપા અને આ બે પ્રકારનો નિગ્રહ ધર્મોનું કાર્ય છે. ધોબીને કરેલ દંડ ત્રણ ઉપર કરેલી કૃપા અને બે પ્રકારના નિગ્રહથી શ્રીકૃષ્ણ ભગવાન્ છે એમ પ્રકટ કરેલ છે.

ઉ

અરિષ્ટમથનઃ॥868॥

આખલાના સ્વરૂપને ધારણ કરનાર 'અરિષ્ટ' નામના મહાન દૈત્યને મથન કરનાર-મારનાર પ્રભુ.

દૈત્યબુદ્ધિવ્યામોહકારકઃ॥869॥

દૈત્ય-કંસરાજાને નારદજીનાં વચનોદ્વારા બુદ્ધિમાં વ્યામોહ કરાવનાર.

પોતાના અષ્ટમગર્ભ-બાળકને વસુદેવજીએ પ્રપઞ્ચ કરી નન્દરાયજીને ત્યાં સ્થાપન કર્યો છે. એમ નારદજીથી કંસરાજાએ જાણ્યું તેથી વસુદેવનો મુખ્ય અપરાધ છે, એમ કંસ રાજાની બુદ્ધિમાં ભેદ થયો. એવી રીતે નારદમુનિદ્વારા કંસને મોહ ઉપજાવનાર આપ પ્રભુ જ છો. પોતાને પ્રકાશ થવાનો હવે સમય છે. એમ જાણીને જ આપે નારદદ્વારા પ્રસિદ્ધ થઈ કંસને ઝંખવાણો પાડી બુદ્ધિમાં મોહ ઉપજાવી તેના નાશનો ઉપાય વિચાર્યો છે. એ જ ભાવને સૂચવનાર આ નામ છે.

કેશીઘાતી॥870॥

અશ્વનું સ્વરૂપ ધારણ કરી આવેલા 'કેશી' નામના દૈત્યનો ઘાત કરનાર-વિનાશ પમાડનાર.

નારદેષ્ટઃ871॥

1.નારદમુનિની કંસને નાશ કરવા સમ્બન્ધી ઇષ્ટ અભિલાષા જેમનાથી સિદ્ધ થનાર છે એવા,

2.નારદમુનિના ઇષ્ટદેવરૂપ ભગવાન્.

વ્યોમાસુરવિનાશકઃ॥872॥

મયદાનવના પુત્ર વ્યોમાસુરનો નાશ કરનાર.

અક્રૂર-ભક્તિ-સંરાદ્ધ-પાદ-રેણુ-મહાનિધિઃ॥873॥

પરમ ભગવદ્ભક્ત અક્રૂરજીએ પ્રેમલક્ષણા ભક્તિવડે જેમનો ચરણકમલના રેણુ(રજ)રૂપ મહાનિધિ-અક્ષય ભંડાર ઉપાસના કરવા લાયક જાણ્યો છે. એવા ભગવાન્.
2.અક્રૂરજી ભક્તરાજે પરમભક્તિવડે પ્રભુના ચરણરજની પ્રાપ્તિ થઈ એ જ મહાન નિધિ-એ જ અધિક લાભ જેમનાથી પ્રાપ્ત કર્યો છે મેળવ્યો છે એવા શ્રીકૃષ્ણ પરમાત્મા.

વ્રજમાં જતાં અક્રૂરજીના હૃદયમાં પ્રેમમય ભાવો પ્રકટ થયા છે અને વ્રજની રજમાં પોતે આળોટી તે રજને શિરમાં ધારણ કરી છે. એ જ પરમ લાભ અક્રૂરજીને પ્રાપ્ત થયો છે. એવો ઉત્તમ લાભ આપનાર આપ પ્રભુ જ છો. એ જ આશય આ નામમાં રહેલો છે.

રથાવરોહશુદ્ધાત્મા॥874॥

રથઉપર વિરાજતી વખતે શુદ્ધ-વિકાર રહિત જેમનો આત્મા-અન્ત:કરણ છે એવા પ્રભુ.

અક્રૂર સાથે મથુરાનગરમાં પધારતી વખતે આપ રથમાં વિરાજિત થયા ત્યારે સર્વ ગોપીજનો તેમના માર્ગને રૂન્ધી મર્મમાં કટાક્ષપૂર્વક અનેક રીતે વચનો કહી ભાવો દર્શાવવા લાગ્યાં, છતાં આપ તેમનાં આ હાવભાવોથી લેશ પણ વિકારયુક્ત ન થતાં ધૈર્ય રાખી રથને ચલાવવાની પ્રેરણા કરવા લાગ્યા. તે જ આશયને લઈ અહીં રથમાં વિરાજતી વખતે વિકારથી રહિત શુદ્ધ ચિત્તધારી પ્રભુ એમ કહ્યું છે.

ગોપીમાનસહારક:॥875॥

ગોપીજનોને મનને હરણ કરનાર અર્થાત્ મથુરાપુરીમાં પધારતી વખતે ગોપજનોનાં મનને-ચિત્તને સાથે લઈ રથમાં વિરાજનાર શ્રીકૃષ્ણચન્દ્ર.

હૃદ-સન્દર્શિતાશેષ-વૈકુણ્ઠાક્રૂર-સંસ્તુત:॥876॥

હૃદ-બ્રહ્મહૃદ (યમુનાજીના મોટા હૃદ) માં સારી રીતે સમ્પૂર્ણ વૈકુણ્ઠલોકના દર્શનને પ્રાપ્ત કરનાર અક્રૂરજીએ જેમની સુન્દર રીતે સ્તુતિ કરી છે એવા પ્રભુ શ્રીપુરુષોત્તમ, 2.'અ' એટલે વાસુદેવ (શ્રીકૃષ્ણ) 'શેષ' એટલે બલદેવજી, વૈકુણ્ઠલોક એ ત્રણે વસ્તુઓ યમુનાજીના હૃદમાં-ધરામાં અક્રૂરજીને દર્શાવનાર એવા સર્વ સમર્થ પરમાત્મા.

મથુરાગમનોત્સાહ:॥877॥

1.શ્રીમથુરા નગરીમાં જવાને ઉત્સાહ ધરાવનાર-ઉમન રાખનાર,

2.મથુરાપુરી તરફ જતી વખતે અક્રૂરજીને જેમનાથી ઉત્સાહ-ઉમન થાય છે એવા પ્રભુ.

મથુરાભાગ્યભાજનમ્॥878॥

મથુરા નગરીને ભાગ્ય સમ્પત્તિના સ્થાનરૂપ-મૂળ-હેતુરૂપ પરમાત્મા.

મથુરાનગરીશોભાદર્શનોત્સુકમાનસ:॥879॥

1.મથુરા નગરીની શોભાને નિહાળવા ઉત્સાહવાળું જેમનું મન છે એવા,

2.મથુરાપુરીમાં નિવાસ કરનારા પુણ્યવાન જનોએ પોતાની શોભાનું-સૌન્દર્યનું દર્શન આપવામાં જેમનું હૃદય ઘણું જ ઉમની છે.

દુષ્ટરઙ્ગકઘાતી॥880॥

1.દુષ્ટ કંસાદિકોને સારી રીતે ધોયેલાં વસ્ત્રો આપી મનરઞ્જન કરનાર ધોબીને મારનાર-નાશ કરનાર,

2.દુષ્ટ કંસ રાજાના મનને નિરન્તર રઞ્જન કરનારાઓનો ઘાત કરનાર.

વાયકાર્ચિતવિગ્રહ:॥881॥

વાયક-દરજીએ જેમના દેહને વિવિધ વસ્ત્રોવડે સુન્દર-શોભાયુક્ત બનાવ્યો છે એવા પ્રભુ.

જો કદાચ 'વાયકાચિતવિગ્રહ:' એવો પાઠ હોય તો તેનો અર્થ પણ પ્રથમની પેઠે જ કરવો કેમકે અચર્ અને અઞ્ચ્ બન્ને ધાતુઓનો પૂજન અર્થ થાય છે. એટલે શરીરને વસ્ત્રોવડે અલપારવામાં-શોભાયુક્ત બનાવવામાં બન્ને ધાતુ પ્રવર્તે છે.

વસ્ત્રમાલાસુશોભાંગ:॥882॥

વસ્ત્ર ઉપર પુષ્પની માલાઓ ધારણ કરવાથી જેમનું અન અત્યન્ત શોભાયમાન બનેલું છે એવા.

કુબ્જાલેપનભૂષિત:॥883॥

કુબજાએ ઘસી તૈયાર કરેલા સુગન્ધી લેપન ચન્દનથી ઘણું જ રમણીય જેમનું શરીર છે એવા.

કુબ્જાસુરૂપકર્તા॥884॥

શરીરે ત્રણ ઠેકાણેથી વાંકી એવી કુબજાને સુન્દર સ્વરૂપવાળી બનાવનાર પ્રભુ.

કુબ્જારતિવરપ્રદ:॥885॥

કુબજાની સાથે રતિ-રમણ કરવા રૂપ વરદાન આપનાર શ્રીકૃષ્ણચન્દ્ર.

પ્રસાદરૂપ-સન્તુષ્ટ-હર-કોદણ્ડ-ખણ્ડન:॥886॥

યજ્ઞસ્થાનમાં રહેલા કંસ રાજાને પ્રસન્ન થઈ મહાદેવજીએ અર્પણ કરેલા કોદણ્ડ ધનુષને ખણ્ડન કરનાર-ભાંગી નાખનાર મહાબલધારી ભગવાન્ શ્રીપુરુષોત્તમ.

શકલાહત-કંસાપ્ત-ધનૂ-રક્ષક-સૈનિક:॥887॥

પોતે જ ભાંગી નાખેલા ધનુષના કકડાઓવડે ધનુષનું રક્ષણ કરનારા કંસ રાજાના સમ્બન્ધી યોદ્ધાઓને ચોપાસથી માર મારનાર શ્રીકૃષ્ણ પ્રભુ.

જાગ્રત્સ્વપ્ન-ભયવ્યાપ્ત-મૃત્યુલક્ષણ-બોધક:॥888॥

જાગ્રતાવસ્થા, સ્વપ્નાવસ્થા અને નિદ્રાવસ્થા એ ત્રણ અવસ્થાઓમાં ભયથી વ્યાપ્ત બનેલા કંસરાજાને મૃત્યુનાં ચિહ્નો દર્શાવનાર-જણાવનાર એવા.

શ્રીકૃષ્ણ મારો કાલ છે. એમ જાણી ભયભીત બનેલો કંસ, રાત્રિ-દિવસ શ્રીકૃષ્ણને જ જોવા લાગ્યો. અને પોતાનાં મૃત્યુસૂચક અનેક ચિહ્નોનો અનુભવ કરવા લાગ્યો એ પ્રમાણે આ

સ્કધના 42 અધ્યાયમાં સ્પષ્ટ જણાવ્યું છે. તે જે ઉદ્દેશથી અહીં ત્રણે અવસ્થામાં મૃત્યુનાં ચિહ્નોને જણાવનાર પ્રભુ એમ કહે છે.

ભગવતાર્થ પ્રકરણ પ્રકરણ ત્રીજું: રાજસ ભક્તોનો નિરોધ. અધ્યાય 33-39

અત: પરં રાજસાનાં પ્રક્રિયા પૂર્વસંખ્યયા॥112॥

અષ્ટાવિંશતિભિ: પ્રોક્તા: તથાડધ્યાયૈશ્ચતુર્વિધૈ:॥

હવે અહીંથી; પહેલાની સંખ્યાથી ચાર પ્રકારના (પેટા-પ્રકરણો)થી અઠ્ઠાવીસ અધ્યાયોથી રાજસોનું પ્રકરણ તેવી રીતે કહેલું છે.

'પહેલાની સંખ્યાથી' એટલે સાત-સાત અધ્યાયોથી, સાત-સાત અધ્યાયોના ચાર પેટાપ્રકરણોથી એટલે 28 અધ્યાયોથી તામસપ્રકરણ પેઠે આ રાજસોનું પ્રકરણ પણ કહેલું છે. ("પ્રોક્તાસ્તથા" ને બદલે "પ્રોક્તા તથા" પાઠ જોઈએ એમ જણાય છે.)

યાદવા રાજસા: પ્રોક્તા: તેષાં પૂર્વસ્થિતસ્ય હિ॥113॥

ત્યાજનં સર્વથા કાર્યં દેશાદે: ષડ્વિધસ્ય ચ॥

યાદવો રાજસ કહેલા છે. તેઓ પાસે જે પહેલાં હતું તે દેશ વગેરે અને છ પ્રકારનાં દુ:ખનો સમ્પૂર્ણ ત્યાગ કરાવવો જોઈએ.

રજોગુણ વ્યગ્રતા કરાવનારો હોવાથી તે ન થાય તે માટે ત્યાગ કરાવવો જોઈએ.

તત્રાડડદૌ દુ:ખકર્તારો મારણીયા ગુણૈરિહ॥114॥

તત: કાલવિમુક્તિર્હિ દેશદ્રવ્યૈ: ततोऽपि हि॥

ખ્યાત્યા પૂર્વાણિ નામાનિ કર્માણ્યપિ પુરા યથા॥115॥

ત્યાજિતાનિ સમસ્તાનાં તથા ખ્યાતિં દદૌ હરિ:॥

તે પૈકી આરમ્ભમાં અહીં (આ પ્રકરણમાં) દુ:ખ કરનારાઓને ગુણોથી હણવાના છે. ત્યાર પછી કાલથી મુક્તિ કરાવવાની છે. ત્યાર પછી દેશથી અને દ્રવ્યોથી અને પછી ખ્યાતિથી મુક્તિ કરાવવાની છે. પહેલાં સર્વના પહેલાનાં નામો અને કર્મો પણ જે પ્રકારે તજાયેલાં તેવી રીતે હરિએ યાદવોની પ્રસિદ્ધિ કરાવી.

અરિષ્ટ વગેરે દુ:ખ કરનારાઓને હણવાના છે, તે માટે છ અધ્યાયો કહેલા છે. ત્યાર પછી કાલથી મુક્તિ કરાવવાની છે, અને દ્વારકા વગેરે દેશ તથા લેપ વગેરે દ્રવ્યોથી મુક્તિ કરાવવાની છે. પછી ધર્મીએ પણ મુક્તિ કરાવવાની છે, કારણ કે મુક્તિ કરાવવાનું તે જ જાણે છે એમ લોકમાં પ્રસિદ્ધ છે.

(આ કારિકાઓનો અર્થ યોજનામાં આપેલ છે તે પ્રમાણે ઉપર લખેલ છે. પહેલા છ અધ્યાયોમાં અરિષ્ટ વગેરે દૈત્યોને હણ્યાનું કહેલ નથી, પરન્તુ પહેલા બે એટલે 33 તથા 34માં તેવી કથા છે. ત્યાર પછી 41મા અધ્યાયમાં મલ્લોને તથા કંસને તથા તેના ભાઈઓને હણ્યાની, 48મા અધ્યાયમાં કાલયવનને હણ્યાની, ૫6મા અધ્યાયમાં મુર તથા નરક ને હણ્યાની અને ૫8મા અધ્યાયમાં બલભદ્રે રુકમીને હણ્યાનું કહેલ છે. તેથી આ દુ:ખ દેનારને હણ્યાની કથાના છ અધ્યાયો પાસે-પાસેના નથી. 'દેશથી મુક્તિ કરાવવી' એટલે દેશથી છૂટા પાડવા. ભગવાને યાદવોને દ્વારકાથી નહિ, પરન્તુ મથુરાથી છૂટા પાડયા અને દ્વારકામાં વસાવ્યા અ.47।, અથવા કંસના ભયથી યાદવો મથુરા તજી જુદા-જુદા દેશોમાં જતા રહેલા, તેમને ભગવાને પાછા મથુરામાં વસાવ્યા અને તેઓ જયાં ભાગી ગએલ તે દેશોનો ત્યાગ કરાવ્યો.42।-16. તેઓને કાલથી મુક્ત કરાવ્યાનું અ.42। માં જણાવેલ છે. તેઓની પ્રસિદ્ધિ કરાવ્યાનું અ.42।-18માં પણ જણાવેલ છે).

પ્રમાણં નારદ: પ્રોક્ત: તથાઽક્રૂરો દ્વિતીયક:॥116॥

નન્દસ્તૃતીય: ક્ષત્તા તુ ચતુર્થો ગોપિકાસ્તથા॥

હર્યાવિષ્ટો હરિશ્ચૈવ કુબ્જા ચાઽત્ર મતા: પુરા॥117॥

એતે પ્રમાણભૂતા હિ રાજસે સગુણો હરિ:॥

એતૈ: સિદ્ધો રાજસાનાં સ્નેહ: સર્વોત્તમ: સ્થિત:॥118॥

નારદ; પ્રમાણ(સત્ય જ્ઞાન કરાવનાર) કહેલો છે. તેવો બીજો અક્રૂર છે. નન્દ ત્રીજા, સંયમી તો ચોથો, તેમજ ગોપીઓ પાંચમી અને વળી હરિમાં આવેશવાળા હરિ છઠ્ઠા અને સાતમી કુબ્જા અહીં (સત્ય જ્ઞાન કરાવનાર) મનાયેલા છે, કારણ કે આ સત્ય જ્ઞાન કરાવનારા થયેલા છે. રાજસમાં હરિ; ગુણવાળા છે. આમનાથી રાજસોને ભગવાન્માં સર્વથી ઉત્તમ સ્નેહ થયેલો છે.

પહેલા તેત્રીસમા અધ્યાયમાં નારદે કંસને એવું સત્ય જ્ઞાન કરાવ્યું કે શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે (શ્લો.17). બીજો અક્રૂર કંસને શ્લો.38-39માં ગોળ-ગોળ ઉત્તર આપી સત્ય જ્ઞાન કરાવે છે. ત્રીજો નન્દ અક્રૂરને કંસ સમ્બન્ધી સત્ય જ્ઞાન કરાવે છે (અ.35।-42). ચોથો નંદના અન્ત:પુરનો અધ્યક્ષ છે, ભગવાન્ ગોકુલથી મથુરા પધારવાના છે એવા તેણે સર્વને સમાચાર આપી (અ.36।) સર્વનો પ્રેમ વધાર્યો. પાંચમી ગોપીઓ છે, તેમણે એ સમાચાર સર્વ સ્ત્રીઓમાં ફેલાવ્યા (અ.36।-18). છઠ્ઠા હરિમાં આવેશવાળા હરિ એટલે વ્યૂહરૂપ હરિ છે, તેમણે ગોપીઓમાં એવો ભય ઉત્પન્ન કર્યો કે ભગવાન્ મથુરા પધારશે નહિ (અ.36।). સાતમી કુબ્જા છે, તેને શ્રીકૃષ્ણે સુંદરી બનાવી, તેથી શ્રીકૃષ્ણ ભગવાન્ છે એવું સર્વને જ્ઞાન તેનાથી થયું. આ સાતે; ભગવાન્માં રાજસ ભક્તોનો ઉત્તમ સ્નેહ કરાવ્યો. રાજસ ભક્તોને વાસુદેવ વ્યૂહનું આ સાતે; જ્ઞાન કરાવ્યું અને તેમનામાં પ્રેમ ઉત્પન્ન કરાવ્યો. આવું જ્ઞાન આ પ્રકરણમાં કરાવ્યું તેથી આ પ્રમાણ પ્રકરણ છે.

નારદો દેવગુહ્યસ્ય કર્તા ભયવિવર્ધન:॥

યેન સ્નેહ: સમુત્પન્ન: તથાઽક્રૂરસ્તુ પોષક:॥119॥

સન્દેહજનનાચ્ચિત્તં કૃષ્ણાર્થં તરલં યત:॥

સ્નેહે દ્વિતીયમેતદ્ધિ પર્વ લોકેઽપિ બુધ્યતામ્॥120॥

દેવોનું છૂપું કાર્ય કરનાર નારદ ભયની વૃદ્ધિ કરનાર થાય છે, તેનાથી સ્નેહ સારી રીતે ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે અક્રૂર તો સ્નેહનું પોષણ કરનારો છે, કારણ કે કંસને સન્દેહ ઉત્પન્ન કરવાથી શ્રીકૃષ્ણ માટે દેવકી અને વસુદેવ નું ચિત્ત અસ્થિર થાય છે. લોકમાં પણ સ્નેહમાં આ બીજું પગથિયું છે એમ જાણવું.

(કંસ વગેરેને ભગવાન્ તરત જ હણે એ) દેવોનું છૂપું કાર્ય કરનાર નારદે કંસને કહી દીધું કે શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે અને વસુદેવે તેમને પોતાના મિત્ર નન્દને ત્યાં રાખેલ (અ.33।). તેથી કંસે વસુદેવ તથા દેવકી ને બાંધ્યાં. દેવોએ ગર્ભમાં શ્રીકૃષ્ણની સ્તુતિ કરેલી, તેમાં શ્રીકૃષ્ણ સર્વ યાદવોનું રક્ષણ કરશે, તેથી તમારે હવે કંસનો ભય ન રાખવો એમ કહેલ (10।41). આ તેઓ ભૂલી ગયા અને નારદે કંસને સત્ય વૃત્તાન્ત કહ્યો, તેથી ભય પામ્યા. ભયને લીધે શ્રીકૃષ્ણમાં તેમનો સ્નેહ વધ્યો. એવી રીતે નારદે કંસને સત્ય જ્ઞાન કરાવ્યું અને તેથી દેવકી તથા વસુદેવ નો શ્રીકૃષ્ણમાં સ્નેહ વધ્યો.

અક્રૂરને કંસે શ્રીકૃષ્ણ તથા બલભદ્ર ને મથુરા લઈ આવવા મોકલેલ ત્યારે તેણે તેને ગોળ-ગોળ ઉત્તર આપેલ (અ.33।-39). નારદના કાર્યથી વસુદેવ અને દેવકી ને જે ભય થયેલ તે અક્રૂરના આ ઉત્તરથી વધે છે. તેમનું ચિત્ત ભગવાન્ માટે અસ્થિર થાય છે અને ભગવાન્માં તેમનો સ્નેહ વધે છે. લોકમાં પણ પ્રસિદ્ધિ છે કે જેના ઉપર સ્નેહ હોય તેના માટે શંકા કર્યા કરે અને ચિત્ત અસ્થિર રહે.

નન્દસ્તુ પૂર્વભાવસ્ય નિન્દાં ચક્રે વિનિશ્ચિતામ્॥

તેન મિશ્રપરિત્યાગાત્ નિર્દોષસ્ય ભવિષ્યતિ॥121॥

ઉત્કણ્ઠા પરમા ક્ષત્રા ગોપિકાભિશ્ચ જાયતે॥

પુરુષાણાં તથા સ્ત્રીણામ્ આવિષ્ટેન ભયં મહત્॥122॥

તત: સન્દેહગમનાત્ સ્થિર: સ્નેહો ભવિષ્યતિ॥

કૃષ્ણેન પુરુષૈર્યોગ: સ્નેહવૃદ્ધિપ્રદાયક:॥123॥

નન્દે તો કંસના પહેલાના સ્વભાવની નિશ્ચયપૂર્વક નિન્દા કરી, તેથી અક્રૂરે મિશ્રપણાનો ત્યાગ કરતાં નિર્દોષ થવાથી તેને ભગવાન્ સાથે રહેવાની ઘણી ઇચ્છા થશે. અન્ત:પુરના અધ્યક્ષ અને ગોપીઓથી અનુક્રમે પુરુષોને અને સ્ત્રીઓને શ્રીકૃષ્ણ મથુરા પધારશે તેવું જાણવામાં આવશે. આવેશવાળા હરિથી ઘણો ભય થશે અને પછી સન્દેહ દૂર થતાં ભગવાન્માં સ્થિર સ્નેહ થશે. પુરુષો સાથે શ્રીકૃષ્ણનો સમ્બન્ધ તેમના સ્નેહની વૃદ્ધિ કરાવનારો છે.

ત્રીજા નન્દ છે. તેમણે અક્રૂરને કંસનો સ્વભાવ જણાવ્યો (અ.35।-42) તે પહેલાં અક્રૂર કંસ તથા શ્રીકૃષ્ણ બનને ઉપર સ્નેહ રાખતો, પરન્તુ નન્દના આ વચનથી કંસનો ખરો સ્વભાવ તેના જાણવામાં આવતાં તે દોષરહિત થયો, અને કંસ ઉપર પ્રેમ રાખતો બંધ થયો. શ્રીકૃષ્ણ ઉપર તેનો પ્રેમ વધ્યો. તેથી મથુરા પહોંચ્યા પછી શ્રીકૃષ્ણને પોતાના ઘેર લઈ જવા તેણે કહ્યું, અને એકલા ઘેર જવાનું તેને રુચ્યું નહિ (અ.38।-16).

ચોથો નન્દના અન્ત:પુરનો અધ્યક્ષ અને પાંચમી ગોપીઓ છે. તેમણે ભગવાન્ મથુરા પધારવાના છે, એ સમાચાર ગોકુલના પુરુષો તથા સ્ત્રીઓમાં ફેલાવ્યા. તેથી ત્યાંના પુરુષો તથા સ્ત્રીઓને ઘણો શોક થયો અને શ્રીકૃષ્ણ ઉપરનો તેઓનો પ્રેમ વધ્યો.

આ સ્ત્રીઓ તથા પુરુષો પ્રથમ તામસ હતા, પરન્તુ તામસ પ્રકરણની લીલા પછી તેઓ રાજસ થયેલા હોવાથી, તેઓના સ્નેહથી વૃદ્ધિ થયાનું આ રાજસપ્રકરણમાં કહેલ છે.

છઠ્ઠા હરિમાં આવેશવાળા હરિ અથવા વ્યૂહરૂપ હરિ છે. તેમણે ગોપીઓમાં એવો ભય ઉત્પન્ન કર્યો કે ભગવાન્ મથુરા પધારશે અને પછી શ્રીગોકુલ પાછા પધારશે નહિ (અ.36।). ત્યાર પછી ભગવાન્ ઉદ્ધવ સાથે સન્દેશો મોકલશે ત્યારે ભગવાને અમને તજી છે એવો તેઓનો સન્દેહ દૂર થશે અને શ્રીકૃષ્ણમાં તેઓનો સ્થિર સ્નેહ થશે.

વસ્ત્ર પહેરાવનાર સાથે (અ.38।-42) તથા સુદામા સાથે (અ.38।-52) ભગવાનનો સમ્બન્ધ થયો, તેથી તેઓનો ભગવાન્ ઉપર સ્નેહ ઘણો વધ્યો.

તથૈવ કુબ્જયા સ્ત્રીણામ્ એવં સ્નેહો નિરૂપિત:॥

પ્રમાણબલમાસાદ્ય તથાઽઽસક્તિ: પ્રમેયકે॥124॥

તેવી જ રીતે પ્રમાણનું બલ પ્રાપ્ત કરીને કુબ્જાથી સ્ત્રીઓનો સ્નેહ ભગવાન્માં વધેલો હોવાનું જણાવેલ છે. તે પ્રમાણે પ્રમેય પ્રકરણમાં આસક્તિ થયાનું કહેલ છે.

ભગવાન્ સાથે જેઓને નવો સમ્બન્ધ થયો તેઓને ભગવાન્માં સ્નેહ થયાનું, અને જેઓને જુનો સમ્બન્ધ હતો તેઓને આસક્તિ થયાનું પ્રમાણ પ્રકરણમાં જણાવેલ છે(યોજના). ('પ્રમેયકે' નો અર્થ 'ભગવાન્માં' લઈ યોજનામાં આવો અર્થ કરેલ છે. પરન્તુ 'પ્રમેયકે' એટલે 'પ્રમેય પ્રકરણમાં' અર્થ લઈ કારિકાનો અર્થ કરેલ છે, તે કારિકા 156-157 પ્રમાણે હોવાથી વધારે સારો જણાવાથી લીધેલ છે.)

અરિષ્ટો રાજસાનાં હિ ગોકુલે નિધનં ગત:॥

વાસનાલેશમાત્રેણ તત્ર સ્થાસ્યતિ સર્વદા॥125॥

ઇતોઽપિ ચેદ્ હરિર્ગચ્છેત્ નીત્વા સર્વસ્ય તામસમ્॥

રાજસાસ્તે ભવિષ્યન્તિ ગોકુલસ્થા ન સંશય:॥126॥

ઉભયે ચ તતસ્ત્વગ્રે સાત્ત્વિકા નિર્ગુણાસ્તત:॥

ત્રયોઽપિ સમ્ભવિષ્યન્તિ મુક્તૌ તેષાં નિરૂપણમ્॥127॥

રાજસોને દુ:ખ કરનારો અરિષ્ટ ગોકુલમાં હણાયો. તે માત્ર બાકી રહેલી વાસનાને લીધે ત્યાં સદા રહેવાનો. જ્યારે હરિ સર્વના તામસ ભાવને લઈને અહીંથી જાય, ત્યારે ગોકુલમાં રહેનારા રાજસો થવાના તેમાં સંશય નથી. ત્યાર પછી તો બનને સાત્ત્વિક અને પછી ત્રણે નિર્ગુણ થશે. તેઓનું વર્ણન મુક્તિમાં કરેલું છે.

10।1માં અરિષ્ટ પણ યાદવોને પીડા કરનારમાં ગણાવેલ છે. તેને ભગવાને ગોકુલમાં હણ્યો (અ.33।). 'અરિષ્ટ' એટલે જેનો સમ્પૂર્ણ રીતે નાશ નથી તેવો. તેથી તે વાસનાથી સદા ગોકુલમાં રહેવાનો (ભગવાને વસ્તુત: ગોકુલમાં તેનું સ્થાપન કરેલ, 10।। ઉપરનાં શ્રીસુબોધિની). ગોકુલમાં રહેનારાઓના ભગવાનની અવજ્ઞા કરવારૂપ વગેરે તામસભાવને લઈ ભગવાન્ બીજે સ્થળે પધારે, ત્યારે તેઓ તેમનો તામસભાવ જવાથી રાજસ થવાના એમાં સન્દેહ નથી. તેથી અરિષ્ટને હણ્યાનું રાજસપ્રકરણમાં કહેલ છે તે યોગ્ય જ છે. ત્યાર પછી (તામસો રાજસ થયા પછી) બનને (તામસો અને રાજસો) સાત્ત્વિક થશે અને પછી ત્રણે (તામસો રાજસો અને સાત્ત્વિકો) નિર્ગુણ થશે. તેથી તેઓની કથા મુક્તિ એટલે અગિયારમા સ્કંધમાં કહેલી છે (જુઓ 11।। થી 11।।).

અધ્યાય 33:

દેવગુહ્યસ્ય કર્તા હિ નારદો દેવસમ્મત:॥

ભગવત્સમ્મતિસ્ત્વત્ર નાસ્તીત્યેવેતિ મે મતિ:॥128॥

યત: પ્રબોધયત્યેનં પ્રદ્યુમ્નત્વાત્ ન દુષ્યતિ॥

પૂર્વં ભાવસ્તુ ન જ્ઞાત: સ્વાધિકારસ્તુ મધ્યમ:॥129॥

દેવોનું છૂપું કાર્ય કરનાર નારદને દેવની સમ્મતિ મળેલી, પરન્તુ આ વિષયમાં ભગવાનની સમ્મતિ ન હતી એવો જ મારો નિશ્ચય છે, કારણ કે તે ભગવાનની પાસે પોતાનું કાર્ય સ્પષ્ટ કરે છે. ભગવાનનો પ્રદ્યુમ્ન વ્યૂહ હોવાથી તેને દોષ લાગ્યો નથી. પહેલાં ભગવાનનો વિચાર તેણે જાણ્યો નહિ. તેનો પોતાનો અધિકાર તો મધ્યમ હતો.

"નારદ; ભગવાનનો ભક્ત હોવાથી વસુદેવ અને દેવકી ભક્તોને કંસ બંધનમાં નાખી દુ:ખ આપે તેવું કાર્ય (અ.33।-19) તેણે કરવું યોગ્ય ન હતું" એવો વિચાર આવે, તો જાણવું કે નારદ દેવોનું છૂપું કાર્ય કરનાર છે. પોતાનું દુ:ખ તરત દૂર થાય એવી ઇચ્છાથી તેમણે નારદને કંસને સત્ય સમાચાર કહેવા પ્રેરણા કરી. તેથી નારદે કંસને એ વૃત્તાન્ત કહ્યો. આ કાર્યમાં ભગવાનની સમ્મતિ ન હતી. કારણ કે જો ભગવાનની સમ્મતિ હોત તો નારદને તેમની પાસે પોતે કરેલ કાર્ય સ્પષ્ટ કરી પોતાનો અપરાધ ક્ષમા કરાવવાનું ન રહેત (અ.34।-25). રાજસોનો નિરોધ કરવાની લીલા કરનાર આ ભગવાન્ પ્રદ્યુમ્નરૂપ હોવાથી (જુઓ શ્રીસુબોધિની અ.33ના આરમ્ભની કારિકા બીજી) નારદને એ પ્રમાણે પોતાનું કાર્ય સ્પષ્ટ કરવાથી દોષ લાગ્યો નથી. છતાં ભગવાને તેને કાંઈ ઉત્તર આપ્યો નહિ, અને તે મૂર્ખ છે એમ વિચારી માત્ર તેને જવાની રજા આપી (અ.34। ઉપરનાં શ્રીસુબોધિનીનો આભાસ). નારદે ભગવાનનો વિચાર પહેલાં જાણ્યો નહિ, કારણ કે તેનો અધિકાર મધ્યમ હતો. તે જાણ્યા વિના જ દેવોની પ્રેરણાથી તેણે કંસને એ વૃત્તાન્ત કહેલો.

પૂર્વક્રુદ્ધા દેવવાણી પુત્રત્વાય યતો હરિ:॥

પ્રાર્થિતો વસુદેવાભ્યાં તતો ગમનયાચ્ઞયા॥130॥

અધ્યાત્મા નારદ: ક્રુદ્ધ ઉભાભ્યાં બન્ધનં તયો:॥

વસુદેવ અને દેવકીએ ભગવાન્ અમારા પુત્ર થાય એવી તેમને પ્રાર્થના કરી, તેથી પહેલા દેવવાણીનો તેમના ઉપર કોપ થયો. પછી બીજા સ્થળે પધારવાની વિનંતિથી પુરુષ નારદનો કોપ થયો. બનનેએ તે બેનું બન્ધન કરાવ્યું.

(એકશેષ સમાસ પ્રમાણે 'વસુદેવાભ્યાં' શબ્દથી જણાવેલ) વસુદેવ અને દેવકી એ પૂર્વજન્મમાં ભગવાન્ પોતાના પુત્ર થાય એવી વિનંતિ કરેલી (10।49). તેથી દેવવાણીનો તેમના ઉપર કોપ થયો. તેથી તેણે કંસને કહ્યું કે "જેને તું લઈ જાય છે તેનો આઠમો ગર્ભ તને હણશે" (10।34). આ તેઓનું પ્રથમ બન્ધન થવાનું મુખ્ય કારણ હતું. વસુદેવના સમજાવવાથી કંસે તે સમયે દેવકીને હણ્યા નહિ પરન્તુ પાછળથી નારદે "બધા દેવો યાદવ અવતરેલા છે" (10।62-64) એમ સમજાવ્યું ત્યારે તેણે વસુદેવ તથા દેવકીને સાંકળોથી બાંધ્યા (10।66). આ બન્ધન થવામાં નારદ પણ કારણરૂપ છે, છતાં મુખ્ય કારણ

આકાશવાણી છે.

ભગવાનના પ્રાદુર્ભાવ સમયે વસુદેવ તથા દેવકી એ તેમની સ્તુતિ કરેલી, તેમાં કંસ તરફથી ભય હોવાનું જણાવેલું (10।22-29). આથી એમ સૂચવેલું કે ભગવાને બીજા કોઈ સ્થળે પધારવું. તેથી જ ભગવાને પોતાને ગોકુલ પધરાવવા વસુદેવને પ્રેરણા કરી (10।47). વસુદેવ તથા દેવકી એ આવી સૂચના કરેલી હોવાથી નારદનો તેમના ઉપર કોપ થયો, અને તેણે કંસને કહ્યું

કં:"શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે અને વસુદેવે તેમને નન્દને ત્યાં પધરાવેલ છે" (અ.33।). નારદે કંસને એ કહી તેમનું બીજીવાર બન્ધન કરાવ્યું (અ.32।).

માયયા પ્રથમે મુક્તિ: કૃષ્ણેનાગ્રે ભવિષ્યતિ॥131॥

માયાવશાત્ તદા યાચ્ઞા કૃષ્ણાર્થં ગમનં મતમ્॥

પ્રથમ બન્ધનમાંથી માયાએ છોડાવ્યા, પાછળથી (બીજા બન્ધનમાંથી) શ્રીકૃષ્ણ છોડાવશે, કારણ કે તે સમયે માયાને વશ થઈ પ્રાર્થના કરેલી અને શ્રીકૃષ્ણને બીજે પધારવાનું શ્રીકૃષ્ણ માટે નક્કી કરેલું.

પહેલાં બન્ધનમાંથી માયાએ તેમને છોડાવ્યા (10।12-14) કારણ કે બાલક ઉપરની માયાને લીધે તેમણે ભગવાન્ પોતાના પુત્ર થાય એવી પ્રાર્થના કરેલી. બીજી વારના બન્ધનમાંથી શ્રીકૃષ્ણ જ તેમને છોડાવશે (10।।) કારણ કે ભગવાને બીજા સ્થળે પધારવું એવી સૂચના તેમણે ભગવાન્ માટે જ કરેલી.

અધિકારાત્ નાપરાધો નારદસ્ય ભવિષ્યતિ॥132॥

તથાપિ પ્રીયતે નૈવ હરિરિત્યેવ મે મતિ:॥

અધિકાર હોવાને લીધે નારદને અપરાધ લાગ્યો નહિ, છતાં પણ હરિ તેના કાર્યથી પ્રસન્ન ન જ થયા એવી મારી માન્યતા છે.

નારદને દેવોનું છૂપું કાર્ય કરવાનો અધિકાર હતો, તેથી તેણે કંસને એ વૃત્તાન્ત કહ્યો, તેથી તેને દોષ ન લાગ્યો. પરન્તુ તેનાં એ કાર્યથી ભગવાન્ પ્રસન્ન ન જ થયા. તેણે અપરાધ ક્ષમા કરાવ્યો છતાં ભગવાને તેને ઉત્તર પણ ન આપ્યો અને માત્ર જવાની રજા આપી, તેથી ભગવાન્ પ્રસન્ન થયા ન હતા એમ જણાય છે.

અધ્યાય 34:

કંસાદયો રાજસા હિ બુદ્ધ્યા કાર્યસ્ય સાધકા:॥133॥

તામસં કેશિનં તેન પ્રેષયામાસ રાજસ:॥

કંસ વગેરે રાજસો બુદ્ધિથી કાર્ય સિદ્ધ કરનારા હતા. તેથી રાજસે (કંસે) તામસ કેશીને મોકલ્યો.

કંસ વગેરે બુદ્ધિથી કાર્ય સિદ્ધ કરનારા હોવાથી રાજસ હતા. રાજસ કંસે તામસ કેશીને પોતાનું કાર્ય સિદ્ધ કરવા ગોકુલ મોકલ્યો(શ્લો.1).

મથુરાયાં તામસસ્ય વધો યુક્તો ન ચ ક્વચિત્॥134॥

અતો ગોકુલમાસાદ્ય સોઽપિ નષ્ટો વિમુક્તયે॥

તામસનો વધ મથુરામાં થાય તે કોઈ પણ સંજોગોમાં યોગ્ય ન હતું. તેથી તે પણ મુક્તિ પ્રાપ્ત થાય તે માટે ગોકુલ આવીને મૂઓ.

કેશીની મુક્તિ થઈ તેમાં સન્દેહ નથી. જુઓ શ્લો.9 ઉપરના શ્રીસુબોધિની.

જ્ઞાને તુ બાધક: કેશી તેનાક્રૂરાદ્યસ્તથા॥135॥

તથા ભક્તાવરિષ્ટોઽપિ તાવુભૌ ગોકુલે હતૌ॥

અન્યથા ગોકુલસ્થાનાં જીવનં ન ભવેત્ ક્ષણમ્॥136॥

કેશી તો જ્ઞાનમાં વિઘ્ન કરનારો હતો, તેથી અક્રૂર વગેરે તેવા હતા. તેવી રીતે અરિષ્ટ પણ (ભક્તિમાં વિઘ્ન કરનારો) હતો. તે બનને ગોકુલમાં હણાયા. તેઓ હણાયા ન હોત તો ગોકુલમાં રહેનારાઓ એક ક્ષણ પણ જીવી શક્ત નહિ.

કેશી જ્ઞાનમાં વિઘ્ન કરનારો હોવાથી અક્રૂર વગેરે તેવા એટલે ભગવાનને ન જાણનારા જ હતા. અરિષ્ટ ભક્તિમાં વિઘ્ન કરનારો હતો. તેથી ગોકુલવાસીઓને જ્ઞાન તથા ભક્તિ પ્રાપ્ત થાય તે માટે ભગવાને તે બનનેને ગોકુલમાં હણ્યા, કારણ કે ભગવાન્ શ્રીગોકુલથી બીજે પધારે ત્યારે જ્ઞાન અને ભક્તિ ન હોય તો ગોકુલવાસીઓ એક ક્ષણ પણ જીવી શકે નહિ.

જ્ઞાન-ભક્તિ-પ્રાસેદ્ધ્યર્થમ્ અક્રૂરાગમનં પુન:॥

ગોકુલે બાધકો વ્યોમો લીલાયાં કર્મણિ સ્થિત:॥137॥

પરોક્ષેઽપિ હરે: સિદ્ધ્યૈ લીલાયા: સોઽપિ વૈ હત:॥

વળી જ્ઞાન અને ભક્તિ ગોકુલમાં સારી રીતે થઈ શકે તે માટે અક્રૂર ત્યાં આવેલો. કર્મને અનુસરનાર વ્યોમ; ગોકુલમાં લીલામાં વિઘ્ન કરનાર હતો. હરિના વિયોગના સમયમાં પણ લીલા થઈ શકે તે માટે તેને પણ ભગવાને નકકી હણ્યો.

ભગવાન્ ગોકુલથી બીજા સ્થળે પધારી જાય, ત્યારે તેમનો વિરહ હોવા છતાં ગોકુલમાં જ્ઞાન અને ભક્તિ સારી રીતે થઈ શકે તે માટે અક્રૂર ગોકુલ આવ્યાનું આ પ્રકરણમાં જણાવેલ છે. વ્યોમાસુર પણ ગોકુલમાં ભગવાનની લીલામાં વિઘ્ન કરનારો હતો. ભગવાન્ ગોકુલમાંથી બહાર પધાર્યા પછી પણ લીલા થઈ શકે તે માટે ભગવાને તેને પણ ગોકુલમાં હણ્યો(શ્લો.28-33).

દ્વાભ્યાં ત્રયોઽત્ર નિહતા: પરોક્ષેણ ત્રયોઽત્ર હિ॥138॥

માર્ગા: પુષ્ટા ભવિષ્યન્તિ તેન રાજસતા સ્થિતા॥

બેથી અહીં ત્રણને હણ્યા. તેથી ભગવાનના વિરહમાં પણ અહીં ત્રણ માર્ગો પુષ્ટ થશે. તેથી તામસોનું રાજસ થવાપણું પણ દૃઢ થયું.

તેત્રીસમો અધ્યાય ઐશ્વર્ય દર્શાવે છે. ભગવાને ઐશ્વર્યથી અરિષ્ટને હણ્યો. ચોત્રીસમો અધ્યાય વીર્ય દર્શાવનારો છે, ભગવાને વીર્યથી કેશી તથા વ્યોમાસુરને હણ્યા. ઐશ્વર્ય અને વીર્ય એ બે ગુણોથી ભગવાને અરિષ્ટ, કેશી અને વ્યોમ એ ત્રણને હણ્યા. આ ત્રણ અનુક્રમે ભક્તિ, જ્ઞાન અને લીલા-કર્મ માં વિઘ્ન કરનારા હતા. તેઓ હણાવાથી ભગવાનના વિરહમાં પણ ગોકુલમાં ભક્તિ જ્ઞાન અને લીલા થઈ શકશે અને ત્રણે માર્ગો પુષ્ટ થશે. ગોકુલવાસીઓ તામસ મટી રાજસ થયા છે એવી પ્રતીતિ દૃઢ થાય તે માટે ભગવાને એ પ્રમાણે આ ત્રણે માર્ગો પુષ્ટ થાય એમ કરેલ છે.

અધ્યાય 35:

સાત્ત્વિકોઽપ્યુભયૈર્દોષૈ: અક્રૂર: કંસસનત:॥139॥

ઉભયોસ્તુ તતો નાશે ભક્ત્યા કૃષ્ણાન્તિકં ગત:॥

અક્રૂર સાત્ત્વિક હોવા છતાં બનને પ્રકારના દોષથી તેને કંસનો સન થયો, પરન્તુ પછી બનને દોષોનો નાશ થતાં ભક્તિથી શ્રીકૃષ્ણ પાસે ગયો.

સાત્ત્વિક અક્રૂરને રાજસ અને તામસ એ બનને પ્રકારના દોષોથી કંસનો સન થયો, પરન્તુ પાછળથી તેને ભગવાન્ સમ્બન્ધી મનોરથો માર્ગમાં થતાં, તે બનને પ્રકારના દોષોનો નાશ થયો અને ભક્તિથી તે શ્રીકૃષ્ણ પાસે પહોંચ્યો.

સિદ્ધાન્તસ્ય પરિજ્ઞાનાદ્ આસુરાણાં તથાઽભવત્॥140॥

ભગવચ્છાસ્ત્રવિજ્ઞાનાત્ સન્દિગ્ધં સ ઉવાચ હ॥

અસુરોનો સિદ્ધાન્ત જાણતો હોવાથી તે તેવો થયો. ભગવાન્ સમ્બન્ધી શાસ્ત્રનું તેને જ્ઞાન હોવાથી તેણે સન્દેહવાળો ઉત્તર કંસને આપ્યો.

કંસે શ્રીકૃષ્ણનું અનિષ્ટ કરવાનો વિચાર કરી, તેમ કરવા તેમને બોલાવી લાવવા અક્રૂરને આજ્ઞા કરેલી. આવાં કાર્ય માટે ભક્તે ભગવાન્ પાસે જવું યોગ્ય નથી જ, છતાં અક્રૂરને કંસનો સન હતો અને અસુરોના સિદ્ધાન્ત તે જાણતો હતો. તેથી તેણે અસુર થઈ તે કાર્ય કરવાનું કબુલ કર્યું. છતાં ભગવાન્ સમ્બન્ધી શાસ્ત્ર પણ તે જાણતો હતો. તેથી કંસે એવી આજ્ઞા કરી ત્યારે તેણે ગોળ-ગોળ ન સમજી શકાય તેવો ઉત્તર આપ્યો (શ્લો.38-39).

યથાકથઞ્ચિદ્ દુષ્ટસ્ય પરિત્યાગે તુ સાત્ત્વિક:॥141॥

ભક્ત: સન્ ભગવત્પાર્શ્વં યાતિ કૃષ્ણશ્ચ તુષ્યતિ॥

હરકોઈ પ્રકારે દુષ્ટનો ત્યાગ થતાં તો તે સાત્ત્વિક ભક્ત થઈ ભગવાન્ પાસે ગયો અને શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા.

ત્યાર પછી માર્ગમાં તે એકલો જતાં દુષ્ટના સનનો ત્યાગ થવાથી તે સાત્ત્વિક થયો અને ભક્ત થઈ ભગવાન્ પાસે ગયો અને શ્રીકૃષ્ણ તેના ઉપર પ્રસન્ન થયા (શ્લો.28-34-36).

માર્ગત્રયે તત: પ્રોક્તા તસ્ય નિષ્ઠા વિશેષત:॥142॥

કૃષ્ણમાહાત્મ્યવિજ્ઞાનં ભક્તિમાર્ગોપયોગિ હિ॥

સ્વરૂપબોધો જ્ઞાનાર્થ: કામના કર્મણિ સ્થિતા॥143॥

ત્રિભિસ્ત્રયોઽપિ સન્તુષ્ટા નન્દરામૌ તથા હરિ:॥

તેથી ત્રણે માર્ગોમાં તેને ઘણી શ્રદ્ધા હોવાનું કહેલ છે, કારણ કે શ્રીકૃષ્ણના માહાત્મ્યનું જ્ઞાન ભક્તિમાર્ગમાં ઉપયોગી છે. તેમના સ્વરૂપનું જ્ઞાન કરાવનારું છે, અને કામના કર્મમાર્ગમાં થવાનું મનાયેલ છે. એ ત્રણથી નન્દ, બલભદ્ર અને હરિ ત્રણે પ્રસન્ન થયા.

1.શ્રીકૃષ્ણના માહાત્મ્યનું અક્રૂરને જ્ઞાન હતું (શ્લો.3-8) તે ભક્તિમાર્ગમાં ઉપયોગી છે. 2.તેમનાં સ્વરૂપનું તેને જ્ઞાન હતું(શ્લો.10-13) તે જ્ઞાન કરાવનારું હોઈ જ્ઞાનમાર્ગમાં ઉપયોગી છે અને 3.તે કામનાઓ કરતો (શ્લો.16-23) તે કર્મમાર્ગમાં ઉપયોગી છે. ત્રણે માર્ગમાં તેની શ્રદ્ધા હોવાનું જણાવ્યું. તેથી અનુક્રમે શ્રીકૃષ્ણ(શ્લો.36) બલભદ્ર(શ્લો.40) અને નન્દ(શ્લો.43) એ ત્રણે પ્રસન્ન થયા. અક્રૂરને ભગવાનના માહાત્મ્ય વગેરેનું જ્ઞાન હોવાનું આ અધ્યાયમાં કહેલ છે, તે ભગવાનનો યશ

જણાવનાર છે.

અધ્યાય 36:

હરેર્નિર્ગમનં તસ્માત્ ન યુક્તમ્ ઇતિ વૈ શુક:॥144॥

ગોપિકાવાક્યરીત્યૈવ ભગવદ્ગમનં જગૌ॥

તે સ્થાનમાંથી હરિ બહાર જાય તે યોગ્ય ન જણાવાથી શુકે ખરેખર ગોપિકાઓના વચનના પ્રકારે ભગવાન્ નીકળ્યાનું કહેલ છે.

ગોકુલવાસીઓ હવે તામસ મટી રાજસ થયેલા. મથુરામાં રહેનારા યાદવો પણ રાજસ હતા. ભગવાન્ મથુરા પધારી ત્યાંથી રાજસ ગોકુલવાસીઓનો નિરોધ કરે, તેવી જ રીતે ગોકુલમાં રહી રાજસ મથુરાવાસીઓનો પણ નિરોધ કરી શકે. તેથી તેમણે મથુરા પધારવાનું કાંઈ યોગ્ય કારણ દેખાતું ન હોવાથી શુક ગોપીઓનાં વચનથી ભગવાન્ મથુરા પધારે છે તેનું વર્ણન કરે છે. આ પ્રમાણે વર્ણન થવાથી ગોપીઓનો ભગવાન્માં ઉત્તમભાવ હતો તે જણાય છે, અને તેમનો તેવો ભાવ જણાય તે માટે જ ભગવાન્ મથુરા પધારે છે. શ્લો.11।। થી

આ જણાય છે.

પ્રતિબન્ધાદ્ અરિષ્ટાદેર્ન ગોપીકાયિકોદ્યમ:॥145॥

વાક્યેનૈવ ચ સન્તુષ્ટા વાચિ તાસ્તુ પ્રતિષ્ઠિતા:॥

અરિષ્ટ વગેરેથી થતા વિઘ્નને લીધે ગોપીઓએ ભગવાનને મથુરા જતાં રોકવા માટે કાયાથી ઉદ્યમ ન કર્યો, અને વચનથી જ સન્તોષ રાખ્યો. તેઓ તો વાણીમાં સ્થિર હતા.

વાસનાઓ ભગવાનને પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ છે એમ સાતમા સ્કંધમાં દર્શાવેલ છે. ગોપીઓમાં તો અરિષ્ટનું મૃત્યુ થવાથી થોડી જ વાસના રહેલી અને તે પણ અરિષ્ટ વગેરેને લીધે આવી ચડેલી. છતાં વાસના દુષ્ટ હોવાથી તેને લીધે તેઓએ ભગવાનને મથુરા પધારતાં રોકવાનો ઉદ્યમ કાયાથી ન કર્યો પણ માત્ર વચનથી જ સન્તોષ રાખ્યો (શ્લો.28). તેઓ ઋષિરૂપ અને ઉપનિષદ્રૂપ હોવાથી ભગવાનના શ્લો.35માં જણાવેલ વાણીના સન્દેશા ઉપર જ વિશ્વાસ રાખી રહ્યા.

અક્રૂરે ત્રિતયં જાતં વૈકુણ્ઠે સ્થાપનાય હિ॥146॥

બ્રહ્મહ્રદે નિમગ્નસ્ય તથા દર્શનમીર્યતે॥

અન્યથા ભગવત્સનં ન ત્યજેચ્ચ કથઞ્ચન॥147॥

અક્રૂર ઉપર ત્રણનો પ્રસન્નતા હતો. તેને વૈકુણ્ઠમાં રાખવાનો છે એમ જણાવવા તેણે બ્રહ્મધરામાં ડૂબકો માર્યો ત્યારે તેને તેવાં દર્શન થયાનું કહેલ છે. તેમન હોત તો કોઈ પણ સંજોગોમાં તે ભગવાનનો સન તજત નહિ.

ઉપર કહ્યું તેમ અક્રૂર ઉપર નન્દ, બલભદ્ર અને ભગવાન્ ત્રણે પ્રસન્ન થયેલા. તેને વૈકુણ્ઠમાં રાખવાનો છે, એમ જણાવવા ભગવાને તેને કાલિન્દીના ધરામાં શેષશાયી સ્વરૂપે દર્શન આપ્યાં (શ્લો.41-55). જો ભગવાન્ તેને તેમ જણાવવાના ન હોત તો તે ભગવાનનો સન તજી ધરામાં સ્નાન કરવા જાત જ નહિ.

આ અધ્યાયમાં ગોપીઓને ભગવાનનો વિરહ થાય છે એ ભગવાન્નાં 'શ્રી' ધર્મનું કાર્ય છે.

અધ્યાય 37:

માહાત્મ્યં જ્ઞાપિતં ત્વર્થાત્ તેન સ્તોત્રમ્ ઉદીરિતમ્॥

સંસ્કારમાત્રતસ્તસ્મિન્ સ્નેહભક્તિ: પ્રતિષ્ઠિતા॥148॥

વ્યવહારો મહદ્ધિ: સ્યાદ્ યથા કૃષ્ણે તથાઽભવત્॥

વાસ્તવિક રીતે ભગવાને માહાત્મ્ય જણાવ્યું, તેથી તો અક્રૂરે સ્તુતિ કરી. માત્ર સંસ્કારને લીધે તેનામાં ભગવાન્ ઉપર સ્નેહરૂપ ભક્તિ રહેલી. જેવો મોટા પુરુષો સાથે વ્યવહાર થાય, તેવો તે શ્રીકૃષ્ણ પ્રતિ કરતો.

ભગવાને શેષશાયી સ્વરૂપે દર્શન દઈ અક્રૂરને પોતાનું માહાત્મ્ય જણાવ્યું, તેથી તેણે આ અધ્યાયમાં ભગવાનની સ્તુતિ કરી. માત્ર સંસ્કારને લીધે તે ભગવાન્ ઉપર સ્નેહ રાખતો (પણ સન તેને સારા પુરુષનો ન હતો). સંસ્કારને લીધે પોતે કાકો છે એવું અભિમાન તજી તે ભગવાનને નમન કરતો. અક્રૂરે કરેલી આ સ્તુતિ જ્ઞાનનું કાર્ય છે.

અધ્યાય 38:

કુબ્જાનિ:શપવચનૈ: સ્વેચ્છાં પૂરયતે હરિ:॥149॥

ઉભયોરન્તરા દણ્ડપ્રસાદૌ સુનિરૂપિતૌ॥

શ્રુતમાહાત્મ્યયુક્તાનાં સન્દેહવિનિવારકૌ॥150॥

કુબ્જાને કહેલાં શપારહિત વચનો (પહેલા) ભગવાન્ પોતાની ઇચ્છા પૂર્ણ કરે છે. તે બનનેની વચ્ચે જેમણે ભગવાન્નાં માહાત્મ્યનું શ્રવણ કરેલું તેઓના સન્દેહને દૂર કરનાર દણ્ડ અને કૃપા સારી રીતે કહેલાં છે.

ભગવાન્ મથુરા પહોંચી અક્રૂરને તેના ઘેર મોકલે છે અને પોતે નગર બહાર ઉતારો કરી નગરી જોશે એવી પોતાની ઇચ્છા જણાવે છે (શ્લો.10). ત્યાર પછી ભગવાન્ નગરી જુએ છે (શ્લો.19-31), ધોબીને હણે છે (શ્લો.32-39), વસ્ત્ર પહેરાવનાર ઉપર (શ્લો.40-42) અને સુદામા માળી ઉપર કૃપા કરે છે (શ્લો.43-52), ત્યાર પછી ભગવાન્ કુબ્જાને મળે છે અને તેને સુંદરી બનાવી શપારહિત વચનો કહે છે (અ.39।12). તેથી ભગવાન્ નગરી જોવાની પોતાની ઇચ્છા પૂર્ણ કરે છે અને કુબ્જાને શપારહિત વચનો કહે છે, તે બેની વચ્ચે તેમણે ધોબીને કરેલ દણ્ડ અને વસ્ત્ર પહેરાવનાર તથા સુદામા ઉપર કરેલી કૃપા કહેલાં છે. જેમણે શ્રીકૃષ્ણનું માહાત્મ્ય સાંભળેલું તેમનો એવો સન્દેહ કે શ્રીકૃષ્ણ ભગવાન્ છે કે નહિ તેને આ પ્રસંગો દૂર કરાવનારા છે.

રજકો દણ્ડનીયો હિ પૂર્વધાષ્ટ્ર્યાદ્ ઇહાપિ હિ॥

સીતાયા વિપ્રિયં વક્તા રનશોભાર્થમુદ્યત:॥151॥

ઉત્યજા દૈત્યપક્ષીયા રજકસ્તેષુ ચાદિમ:॥

કર્મમાર્ગે ફલં સર્વૈ: પ્રાપ્યતે તત્ તથોકતવાન્॥152॥

વસ્ત્રદાતુ: ફલં તે સ્યાદ્ અન્યથા તુ વધ: સ્મૃત:॥

ધોબી દણ્ડ કરવા યોગ્ય હતો, કારણ કે સીતા દોષવાળી હોવાનું કહેનાર તે, અહીં પણ પહેલાંની ઉદ્ધતાઈને લીધે અખાડાની શોભા જોવા તૈયાર થયેલો. ઉત્યજો દૈત્યોના પક્ષના છે અને તેઓમાં ધોબી મુખ્ય છે. કર્મમાર્ગમાં સર્વ ફલ પ્રાપ્ત કરે છે તેથી ભગવાને તેને તેમ કહ્યું કે "વસ્ત્ર આપનારને તને ફલ પ્રાપ્ત થશે" તેમ ન કરતાં તો વધ થવાનું કહેલું છે.

ધોબીએ રામાવતારમાં સીતા દોષવાળી હોવાનું ખોટું કહેલું. તેવી ઉદ્ધતાઈ કરી હમણાં પણ તે અખાડાની શોભા જોવા તૈયાર થયેલો. ભગવાને તેની પાસે વસ્ત્રો માગ્યાં અને તે આપે તો તેનું ઘણું કલ્યાણ થશે એમ પણ તેને કહ્યું (શ્લો.33). છતાં તેણે તેમને ઉદ્ધત ઉત્તર આપ્યો, (શ્લો.35-36) કર્મમાર્ગ પ્રમાણે સર્વને તેમના કર્મનું ફળ મળે છે. તેથી તેણે ઉદ્ધત ઉત્તર આપ્યો. તેનું ફલ ભગવાને તેને આપ્યું, એ ભગવાનનો વૈરાગ્ય ગુણ જ દર્શાવે છે. જો તેણે ભગવાનને વસ્ત્રો આપ્યાં હોત તો તેને ઘણું જ સારું ફલ મળત. ઉદ્ધત ઉત્તર ન આપ્યો હોત તો તેને ભગવાન્ હણત પણ નહિ.

માલાકાર: પ્રિયો લોકે ભક્તાનાં સુતરાં પ્રિય:॥153॥

ઉભૌ પરીક્ષિતૌ સમ્યક્ તતો દણ્ડાદિકં કૃતમ્॥

માળી લોકમાં પ્રિય હોય છે. ભક્તોને ઘણો વધારે પ્રિય હોય છે. બનનેની ભગવાને સારી રીતે પરીક્ષા કરી. પછી દણ્ડ વગેરે કર્યાં.

ધોબી અને માળી બનનેની ભગવાને સારી રીતે પરીક્ષા કરી. ભગવાને માળી પાસે કાંઈ માંગેલ પણ નહિ, છતાં તેણે તેમને આસન આપી તેમની પૂજા કરી અને તેમની ઇચ્છા જાણી ઉત્તમ માલાઓ પહેરાવી. તેથી ભગવાને તેના ઉપર કૃપા કરી તેને ઉત્તમ ભક્તિ, બલ, આયુષ્ય વગેરે આપ્યાં. એ પ્રમાણે તેની પણ પરીક્ષા કરી તેને જે આપવા યોગ્ય હતું તે આપ્યું, તે પણ ભગવાનનો વૈરાગ્ય ગુણ જ દર્શાવે છે.

તયોર્મધ્યે વેષકર્તા નટાનાં સુતરાં પ્રિય:॥154॥

પ્રસાદસ્ત્રિષુ વક્તવ્ય: તતસ્તસ્મિન્ પુરોદિત:॥

તે બેની વચ્ચે નટોને ઘણો પ્રિય વસ્ત્ર પહેરાવનાર કહેલો છે. ત્રણ ઉપર (કરેલી) કૃપા કહેવાની હતી, તેથી તેના ઉપર કરેલી પહેલાં કહેલી છે.

ધોબી અને માળી એ બે ની વચ્ચે, વસ્ત્ર પહેરાવનાર ઉપર કરેલી કૃપાનું વર્ણન કરેલું છે. વસ્ત્ર પહેરાવનાર, માળી અને કુબ્જા એ ત્રણ ઉપર કરેલી કૃપા જણાવવાની હતી, તે પૈકી વસ્ત્ર પહેરાવનાર ઉપરની કૃપા પ્રથમ કહેલી છે.

અધ્યાય 39:

ધનુષો ભઙ્ગનં ચૈવ રક્ષકાણાં વધસ્તથા॥155॥

નિગ્રહોઽપિ દ્વિધા જાત: તૈ: સર્વં પ્રકટીકૃતમ્॥

ધનુષ્યનો ભંગઅને તેવી જ રીતે તેનું રક્ષણ કરનારાઓનો વધ એમ નિગ્રહ પણ બે પ્રકારનો કહેલો છે. તેઓથી સર્વ પ્રકટ કરેલું છે.

સ્થાવર ધનુષ્યનો ભંગ(શ્લો.17) અને તેનું રક્ષણ કરનારા તથા સૈન્યનો વધ (શ્લો.21-22), એમ બે પ્રકારે ભગવાને નિગ્રહ પણ કર્યો છે. કુબ્જા ઉપરની કૃપા અને આ બે પ્રકારનો નિગ્રહ ધર્મોનું કાર્ય છે. ધોબીને કરેલ દણ્ડ ત્રણ ઉપર કરેલી કૃપા અને બે પ્રકારના નિગ્રહથી શ્રીકૃષ્ણ ભગવાન્ છે એમ પ્રકટ કરેલ છે.

આ.રાજસ પ્રમેય પ્રકરણ. અધ્યાય 40-46

પ્રમેયબલમાસાદ્ય તત: સપ્તભિરુચ્યતે॥156॥

આસક્તિ: યાદવાનાં ચ દુષ્ટાનાં ચ વધસ્તથા॥

પછી પ્રમેયબલ પ્રાપ્ત કરીને ભગવાને પોતામાં યાદવોની આસક્તિ કરાવી અને દુષ્ટોનો વધ કર્યો તે સાત અધ્યાયોથી કહેવામાં આવે છે.

જેમનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું તે પ્રમેય ભગવાન્નું બલ આ પ્રકરણમાં જણાવવામાં આવતું હોવાથી આ 'પ્રમેયપ્રકરણ' કહેવાય છે.

પ્રમેયે સપ્ત ભક્તા હિ તાવન્તશ્ચાપિ વિદ્વિષ:॥157॥

કારણકે પ્રમેય પ્રકરણમાં સાત ભક્તો છે અને વળી તેટલા જ દ્વેષ કરનારા પણ છે.

સાત અધ્યાયોથી આ પ્રકરણનો કથા કહે છે, કારણ કે આ પ્રકરણમાં સાત ભક્તો તેમજ સાત દ્વેષ કરનારાઓ છે.

દેવકી વસુદેવશ્ચ સર્વ એવ ચ યાદવા:॥

આધ્યાત્મિકપ્રકારેણ દ્વાવેતૌ પરિકીર્તિતૌ॥158॥

1.દેવકી અને વસુદેવ અને 2.બધાએ યાદવો આ બેનું આધ્યાત્મિક પ્રકારથી નિરૂપણ કરેલું છે.

દેવકી અને વસુદેવની આસક્તિ (અ.41।-51 તથા અ.42।11) દર્શાવી છે. બધા યાદવોની આસક્તિનું નિરૂપણ અ.42।-19માં કરેલું છે. આ બનનેના મનને સન્તોષ આપીને તેઓની પોતામાં ભગવાને આસક્તિ કરાવ્યાનું કહેલ છે.

અધિદેવો ગુરુ: પ્રોક્ત: પુત્રદાનાત્ સ મોચિત:॥

નન્દ: પત્નીયુતશ્ચૈવ ગોપિકા: કુબ્જયા યુતા:॥159॥

અક્રૂર: પાણ્ડવાશ્ચૈવ સપ્તૈતે નિષ્પ્રપઞ્ચિતા:॥

3.ગુરુ અધિષ્ઠાતા દેવ કહેલ છે. તેને પુત્ર આપીને મુક્ત કરેલ છે. 4.વળી પત્ની સાથે નન્દ અને 5.કુબ્જા સાથે ગોપીઓ 6.અક્રૂર અને વળી 7.પાણ્ડવોઆ સાતને પ્રપઞ્ચમાંથી ખેંચી લીધેલા છે.

3.ગુરુ અધિષ્ઠાતા દેવ છે, તેને તેનો પુત્ર લાવી આપી મુક્ત કરેલ છે,અ.42।-49. (શ્લો.37 ઉપરનાં શ્રીસુબોધિની જુઓ). 4.નન્દ અને યશોદા (અ.43।-43), 5.ગોપીઓ અને કુબ્જા (અ.44।68, અ.45।10), 6.અક્રૂર (અ.45।-36) અને 7.પાણ્ડવો (અ.46) આ સાતનો ભગવાને આ પ્રકરણમાં પ્રપઞ્ચમાંથી ઉદ્ધાર કરેલો છે.

ગજ: પઞ્ચ તથા મલ્લા: સપ્તમ: કંસ ઉચ્યતે॥160॥

ભ્રાતરસ્તત્પ્રસનેન હતા: સપ્તૈવ દોષત:॥

1.હાથી અને (2-6) પાંચ મલ્લો 7.સાતમો (દ્વેષ કરનાર) કંસ કહેલો છે. તેના પ્રસંગ ને લીધે તેના આઠ ભાઈઓ હણાયા. પોતાના દોષથી સાત જ હણાયા છે.

1હાથી કુવલયાપીડ (અ.40।14), 2ચાણૂર, 3મુષ્ટિક, 4કૂટ, 5શલ અને 6તોશલ એ પાંચ મલ્લો (અ.41।28) અને સાતમો 7કંસ (શ્લો.31-38); એ સાત ભગવાનનો દ્વેષ કરનારા હણાયા. કંસના કપ, ન્યગ્રોધ વગેરે આઠ ભાઇઓ તો કંસનું વેર વાળવા આવ્યા તે પ્રસંગ ને લીધે હણાયા (શ્લો.40-41). સાત જ દ્વેષ કરનારા પોતાના દોષથી હણાયેલા.

એતાવાનેવ રૂપે હિ સ્નેહ-દ્વેષવિનિર્ણય:॥161॥

જીવન્તો મુક્તિમાયાન્તિ ભક્તા દ્વિષ્ટા હતા: પુન:॥

સ્વરૂપ પ્રતિ સ્નેહ અને દ્વેષ રાખવા સમ્બન્ધી આટલો જ નિશ્ચિત નિર્ણય છે કે ભક્તો જીવતાં મુક્તિ પ્રાપ્ત કરે છે. પરન્તુ દ્વેષ રાખનારા મૃત્યુ પામીને મુક્તિ પ્રાપ્ત કરે છે.

ભગવાન્ સાથે હરકોઈ પ્રકારે સમ્બન્ધમાં આવવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. સ્નેહ રાખનાર ભક્તો અને દ્વેષ રાખનાર બનનેને મુક્તિ પ્રાપ્ત થાય છે, ભક્તોને જીવતાં અને દ્વેષીઓને મૃત્યુ પ્રાપ્ત થયા પછી મુક્તિ પ્રાપ્ત થાય છે.

રાજસપ્રમાણપ્રકરણ
અધ્યાય 33 થી 39.

॥त्रयस्त्रिंशोऽध्यायः॥ અધ્યાય તેત્રીસમો.

ગુણાતીતસ્વરૂપેણ તામસત્વાદ્ વ્રજસ્થિતાઃ॥
નિરુદ્ધાસ્તત્ત્વસંખ્યાતૈરધ્યાયૈરિતિ વર્ણિતમ્॥કા. 1॥

વ્રજમાં1 રહેનારાઓ તામસ હોવાથી2 ગુણાતીત સ્વરૂપે3 તત્ત્વોના જેટલા (અઠ્ઠાવીસ1) અધ્યાયોથી (તેઓનો) નિરોધ કર્યો એવું વર્ણન કર્યું. કા. 1.

1.તેત્રીસમા અધ્યાયથી જૂદું પ્રકરણ થાય છે એમ જણાવવા, સંગતિ જણાય તે માટે પહેલાંના પ્રકરણનો અર્થ આ કારિકાથી કહે છે. (લે) (શ્રીવલ્લભજી કૃત લેખ.)
2.તામસોએ તત્ત્વોનું ઉલ્લંઘન કર્યું એમ જણાવવું જોઈએ, તેથી એ પ્રકરણ પહેલું કહેલું છે. વળી તામસ પછી અનુક્રમ પ્રમાણે રાજસ આવે, તેથી સંગતિ થાય છે. તામસ પ્રકરણથી તામસભાવ દૂર કરી, રાજસપણું પ્રાપ્ત કરાવ્યું. પછી રાજસ પ્રકરણથી રાજસપણું દૂર કરાવી સાત્ત્વિકપણું કરાવશે. પછી સાત્ત્વિકોમાંથી તે ભાવ દૂર કરી, તેમને નિર્ગુણ બનાવશે. પછી અગીઆરમા સ્કંધમાં તેમને મુક્તિ પ્રાપ્ત કરાવશે, એવો ક્રમ નિબંધમાં જણાવેલ હોવાથી અહિં હેતુ અને સંગતિ કહેલાં છે. તામસોએ તત્ત્વોનું ઉલ્લંઘન કરવાનું હોવાથી તત્ત્વો જેટલા અઠ્ઠાવીસ અધ્યાયોથી તેમનો નિરોધ કરેલો છે.(લે)
3.વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અને અનિરુદ્ધ અનુક્રમે ગુણાતીત, તામસ, રાજસ અને સાત્ત્વિક છે. તે પૈકી વાસુદેવ તામસોનો નિરોધ કરે છે, પ્રદ્યુમ્ન રાજસોનો નિરોધ કરે છે, અનિરુદ્ધ સાત્ત્વિકોનો નિરોધ કરે છે, અને ગુણાતીત વાસુદેવમાં જેમનું સ્વરૂપ છે તેવા ભગવાને તે (વાસુદેવ) વ્યૂહને આગળ કરી તામસોનો નિરોધ કરેલો છે એવો અર્થ છે. આ નિરોધ વ્યુત્પત્તિથી થતા અર્થ પ્રમાણેનો છે. (જુઓ તામસ પ્રમાણ પ્રકરણનો ઉપોદ્ઘાત પાનું 1). નિબંધમાં દશમા સ્કંધના આરંભમાં વર્ણવેલો નિરોધ વ્યૂહે કરેલો છે. કેવલ પુરુષોત્તમના કાર્યરૂપ નિરોધ 2।। માં નિરોધની વ્યાખ્યા આપી તેવો છે. સંકર્ષણનું ચરિત્ર અગીઆરમા સ્કંધમાં કહેલું છે. એ પ્રમાણે દશમા તથા અગીઆરમા એ બે સ્કંધથી ચાર વ્યૂહનું ચરિત્ર વર્ણવેલું છે. (લે)

પ્રદ્યુમ્નરૂપો ભગવાન્ વસુદેવહિતાય હિ॥
રજોલીલાં તથા ચક્રે રાજસાનાં નિરોધકૃત્॥કા.2॥
અસમ્બદ્ધાઃ પૂર્વમુક્તાઃ સમ્બદ્ધા રાજસાશ્ચ હિ॥
ઉભયેષાં નિરોધોતઃ સર્વાન્તે ફલિતો ભવેત્॥કા. 3॥

સંબંધ વગરના4 પહેલાં કહેલા છે, અને રાજસો સંબંધવાળા છે. તેથી સર્વના અંતે5 બંનેનો નિરોધ ફલવાળો થાય તે માટે રાજસોનો નિરોધ કરનાર પ્રદ્યુમ્નરૂપ6 ભગવાને વસુદેવના હિત માટે તેવી રીતે7 રાજસલીલા કરી. કા. 2-3.

4.'સંબંધ વગરના' એટલે કુલ તથા દેહના સંબંધ વગરના, કારણ કે વ્રજમાં (એવો સંબંધ કરનાર) પ્રદ્યુમ્નવ્યૂહનો અવતાર થયો ન હતો એવો ભાવ છે. (લે)

5.'સર્વના અંતે' એટલે 10।। શ્લોકમાં 'વ્રજ અને મુરની વનિતાઓના' શબ્દ છે તે શબ્દથી, એવો અર્થ છે. (લે)

6.વસુદેવના હિત માટે પ્રદ્યુમ્નવ્યૂહને આગળ કરવો (કારણ કે તે વ્યૂહ દેહ અને કુલનો સંબંધ કરાવનાર છે) એ યોગ્ય છે, એમ જણાવવા કારિકામાં 'હિ' શબ્દ યોજેલો છે. (લે)

7.'તેવી રીતે' એટલે તત્ત્વોનું ઉલ્લંઘન કરાવીને. (લે)

तत्त्वसंख्यैरथाध्यायैश्चतुर्धा पूर्ववद्धरिः॥
गुणैः स्वरूपतो लीलां क्रमादेव तथाकरोत्॥का. 4॥

પછી પહેલાંની પેઠે હરિએ તત્ત્વ જેટલા અધ્યાયોથી ચાર પ્રકારે8 ગુણો અને સ્વરૂપથી9 અનુક્રમે જ તેવી રીતે લીલા કરી. કા. 4.

8.'ચારે પ્રકારે' એટલે પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલના પ્રકારથી.

9.'ગુણો અને સ્વરૂપથી' એટલે ભગવાનના છ ધર્મો અને ધર્મીસ્વરૂપથી એ પ્રમાણે પ્રમાણ વિગેરે દરેક પ્રકારમાં સાત અધ્યાયોથી.

बन्धूनां तु सखं दत्त्वा वंशवृद्धिं चकार ह॥
एतावता निरुद्धास्ते खण्डद्वयमतोत्र हि॥का. 5॥

(1)બંધુઓને તો સુખ આપીને (2)વંશની વૃદ્ધિ કરી. આટલાથી તેઓનો નિરોધ થયો. તેથી અહિં બે વિભાગ10 છે. કા. 5.

10.પ્રદ્યુમ્નનું ચરિત્ર બે પ્રકારનું છે. એમ અહિં જણાવેલ છે. (લે) તેથી આ પ્રકરણ અડધું પૂર્વાર્ધમાં અને અડધું ઉત્તરાર્ધમાં છે.

उद्यमो मानतां यातः सप्तभिः स निरूपितः॥
सप्तभिः सुखदानं च विवाहश्चापि सप्तभिः॥का. 6॥
त्रिविधोन्ये फलांशे हि प्रविशन्ति यथा सुताः॥
उषाहरणपर्यन्तमिदं प्रकरणं मतम्॥का. 7॥

ઉદ્યમ પ્રમાણ (જ્ઞાન કરાવનાર11) થાય છે. તેનું સાત (અધ્યાયો)થી નિરૂપણ કરેલું છે, અને સાતથી (ભગવાન્) સુખનું દાન12 કરે છે. અને વળી સાતથી ત્રણ પ્રકારનો13 વિવાહ

વર્ણવેલો છે. બીજાનો14 પુત્રોની પેઠે ફલના અંશમાં સમાવેશ થાય છે, આ પ્રકરણ ઉષાહરણ સુધીનું ગણાએલું છે. કા. 6-7.

11.આવો ઉદ્યમ બીજો કોઈ કરવા શક્તિમાન નથી, તેથી રાજસોનો ઉદ્યમ (શ્રીકૃષ્ણ) પુરુષોત્તમ છે, એવું તેમને જ્ઞાન કરાવનારો છે. (લે)
12.સુખનું દાન કરવું એ સ્વરૂપનું કાર્ય છે. તેથી તે (રાજસ) પ્રમેય પ્રકરણમાં વર્ણવેલું છે. (લે)
13.રુક્મિણી, સત્યભામા અને જાંબવતીના વિવાહ સાત અધ્યાયોથી કહેલા છે. આ પટ્ટરાણીઓને ભગવાનની પ્રાપ્તિ થવામાં વિવાહ સાધનરૂપ હોવાથી, તેનું રાજસ (સાધન) પ્રકરણમાં વર્ણન કરેલું છે. (લે)
14.બીજા વિવાહોનો ફલમાં સમાવેશ થાય છે. તેથી તેમનું (રાજસ) ફલ પ્રકરણમાં વર્ણન કરેલું છે, એ અધ્યાહાર છે. (લે)

ન કાલનિયમોન્યત્ર સાત્ત્વિકે નાપિ ચ ક્રમ: ॥
ક્રમ: પૂર્વત્ર સંપ્તદ્ધિ: સાત્ત્વિકા વિરલા યત: ॥કા. 8॥

બીજે સાત્ત્વિકમાં કાલની મર્યાદા હોતી નથી,15 અને પહેલાં જે ક્રમ મુકરર કરેલો છે16 તેવો ક્રમ પણ હોતો નથી, કારણ કે સાત્ત્વિકો વિરલા17 હોય છે. કા. 8.

15.સાત્ત્વિક પ્રકરણ એકવીસ અધ્યાયોથી કહેવાનું કારણ પ્રસંગને લીધે જણાવે છે. સાત્ત્વિકોને કાલની મર્યાદા નથી એમ સિદ્ધ કરવાનું છે. અને કાલ (બાર માસ, હેમંત અને શિશિરને એક ઋતુ ગણતાં પાંચ ઋતુઓ, ત્રણ લોક અને આદિત્ય એમ) એકવીસ પ્રકારનો છે. તેથી એકવીસ અધ્યાયોથી સાત્ત્વિક પ્રકરણ કહેલું છે, એવો અર્થ છે. (લે)
16.છ ધર્મો અને એક ધર્મી, એમ સાતને જણાવનાર સાત અધ્યાયો દરેક પેટાપ્રકરણમાં હોવાનો ક્રમ. (લે)
17.સાત્ત્વિકપ્રકરણમાં છ ધર્મોનું નિરૂપણ કરનારા છછ અધ્યાયો પ્રથમ કહી, છેલ્લા ત્રણે અધ્યાયો ધર્મીનું નિરૂપણ કરનારા કહેલા છે. તેથી સાત્ત્વિકપ્રકરણમાં પહેલાંનો ક્રમ નથી. તેનું કારણ 'સાત્ત્વિકો વિરલા હોય છે'. એમ કહેલું છે. (લે)

નારદો દ્વિવિધો હ્યત્ર પ્રમાણે વિનિરૂપ્યતે॥
કર્મજ્ઞાનવિભેદેન હ્યક્રૂરો ભક્તિબોધક: ॥કા. 9॥

અહિં પ્રમાણ (પ્રકરણ)માં કર્મ અને જ્ઞાનના ભેદથી બે પ્રકારના નારદનું નિરૂપણ કરવામાં આવે છે18. અક્રૂર ભક્તિનો બોધ કરનાર છે19. કા. 9.

18.તેત્રીસમા અધ્યાયમાં કર્મમાર્ગીય નારદ જણાવેલ છે. પછીના (ચોત્રીસમા) અધ્યાયમાં જ્ઞાનમાર્ગીય નારદ જણાવેલ છે. તેત્રીસમા અધ્યાયમાં નારદથી કંસને એવું જ્ઞાન થાય છે કે શ્રીકૃષ્ણ ભગવાન્ છે. ધનુર્યાગના મિષથી ભગવાનને મથુરા બોલાવાશે એમ કંસને ભાન થયું તેથી ધનુર્યાગનું ભાન કરાવનાર નારદ કર્મમાર્ગીય છે, એવો ભાવ છે. (લે) ચોત્રીસમા અધ્યાયમાં ભગવાનની ભાવિ લીલા વર્ણવનાર નારદ જ્ઞાનમાર્ગીય છે એ સ્પષ્ટ સમજાય તેવું છે. ઉપર સંસ્કૃત લેખમાં 'દ્વિતીય' શબ્દ વધારાનો છપાઈ ગયો હોય એમ જણાય છે.
19.ભગવાન્ સિવાય બીજાની આવી ભક્તિ કરાય નહિ, તેથી અક્રૂર જેમની ભક્તિ કરે છે તે ભગવાન્ છે એવું (આ અધ્યાય) સાંભળનારાઓને જ્ઞાન થાય છે. (લે)

પ્રેમાર્થબોધિકા ગોપ્યો ભગવદ્બોધકશ્ચ સઃ॥
કાર્યં ચ જ્ઞાપયામાસ કંસઃ સમ્ભૃતિબોધકઃ॥કા. 10॥

ગોપીઓ પ્રેમરૂપી પદાર્થનો બોધ કરનારી છે20 અને તે (અક્રૂર) ભગવાનનો બોધ કરનારો છે,21 અને22 તેણે (પોતે કરેલું) કાર્ય (કંસને) જણાવ્યું23. કંસ (પોતાના મરણની) તૈયારી જણાવનારો છે. કા. 10.

એવં સપ્તભિરધ્યાયૈઃ પ્રમાણમત્ર રૂપ્યતે॥
તત્રાદ્યઃ કર્મમાર્ગસ્ય તતો ભક્ત્યા વિરુધ્યતે॥કા. 11॥

એવી રીતે સાત અધ્યાયોથી અહિં પ્રમાણ વર્ણન કરવામાં આવે છે. તે પૈકી પહેલો કર્મમાર્ગનો છે, તેથી ભક્તિથી વિરુદ્ધ છે24. કા. 11.

સાધનં ચ ફલં તસ્ય ત્રયમત્ર નિરૂપ્યતે॥
લૌકિકારિષ્ટગમને કર્મમાર્ગઃ પ્રવર્તતે॥કા. 12॥

(1) ભગવાનનું જ્ઞાન25 (2) અને તેનું સાધન26 અને (3)ફલ27 (એ) ત્રણનું અહિં નિરૂપણ કરવામાં આવે છે. લૌકિક અરિષ્ટના જવાથી કર્મમાર્ગની પ્રવૃત્તિ થાય છે. કા. 12.

20.પ્રેમરૂપ જે પદાર્થ છે તેનો બોધ કરાવનારી ગોપીઓ છે. તેમના પ્રેમથી પણ 'શ્રીકૃષ્ણ ભગવાન્ છે' એવું જ્ઞાન થાય છે. (લે)
21.તે અક્રૂર પોતે કરેલી સ્તુતિથી 'શ્રીકૃષ્ણ ભગવાન્ છે' એમ જણાવે છે. (લે)
22.'અને' શબ્દથી એમ કહેલું છે કે અક્રૂરે 'ભગવાને મથુરા જોઈ' વિગેરે પણ કંસને કહ્યું. (લે)
23.અક્રૂરે 'પોતાનું કાર્ય' એટલે તે ભગવાનને ગોકુલથી મથુરા લાવેલ છે તે કાર્ય કંસને જણાવ્યું. (લે)

24.કારણ કે ‘શ્રીકૃષ્ણ ભગવાન્’ છે એવું કંસને જ્ઞાન થતાં તેણે (વસુદેવ દેવકી વિગેરે) ભક્તોને દુ:ખ દીધું, એવો અર્થ છે. (લે)
25.આ અધ્યાહાર છે. ‘તસ્ય’ ‘તેનું’ એટલે ‘શ્રીકૃષ્ણ ભગવાન્ છે એવું જ્ઞાન થયું તેનું’.
26.અરિષ્ટનું વ્રજમાં આવવું (અને હણાવું) (લે) આ સાધન છે, કારણ કે આ કાર્ય પછી નારદે આવી કંસને શ્રીકૃષ્ણ ભગવાન્ છે એ જણાવ્યું.
27.‘કંસનો ઉદ્યમ’ (લે) કેશી તથા અક્રૂરને વ્રજ મોકલવા અને મંત્રણા કરવી એ સર્વ શ્રીકૃષ્ણ ભગવાન્ છે એવા કંસના જ્ઞાનનાં ફલ છે.

અતોરિષ્ટવધો હેતુ: સર્વવસ્ત્વર્થબોધને॥
ફલમુદ્યમ એવાત્ર કંસસ્ય વ્યગ્રભાવત: ॥કા. 13॥

તેથી28 અરિષ્ટનો વધ સર્વ વૃત્તાંતનું પ્રયોજન29 જણાવવાનું કારણ29 છે. કંસના ગભરાટને લીધે તેણે કરેલ ઉદ્યમ જ અહિં ફલ છે. કા. 13.

સાત્ત્વિકં તામસં ચૈવ પ્રેષયામાસ રાજસ:॥
અત્ર વધ્યા રાજસા હિ પ્રસંગાદપરેપિ ચ॥કા. 14॥

રાજસે30 સાત્ત્વિક30 અને તામસને30 મોકલ્યા જ. અહિં રાજસો વધ કરવા યોગ્ય છે, અને પ્રસંગને લીધે બીજાઓ પણ31 (વધ કરવા યોગ્ય છે). કા. 14.

ત્રયસ્ત્રિંશે તતોધ્યાયે હ્યરિષ્ટવધ ઉચ્યતે॥
નારદોક્તિસ્તથા કંસમન્ત્રણં ચ રજો મહત્॥કા. 15॥

તેથી32 તેત્રીસમા અધ્યાયમાં અરિષ્ટનો વધ કરેલ છે. નારદનાં વચન તેમ જ કંસની મંત્રણા પણ ઘણાં રાજસ છે. કા. 15.

કલાભિ: સાધિકૈરાદ્ય: સાર્ધાભ્યાં વચનં તથા॥
ત્રયોવિંશતિભિ: શિષ્ટવિદ્યા: પ્રાકૃતિકાસ્તથા॥કા. 16॥

પહેલો સાડાપંદર (શ્લોકો)થી33, તેમ જ વચન અઢી (શ્લોકો)થી અને તેવી જ રીતે પ્રપંચની બાકીની વિદ્યાઓ ત્રેવીસ(શ્લોકો)થી, કહેલી છે34. કા. 16.

28.આ સોળમા શ્લોકથી સ્પષ્ટ સમજાય છે. (લે)
29.વસુદેવ ભગવાનને પધરાવી ગોકુલ મૂકી આવ્યા વિગેરે સર્વ કાર્યનું પ્રયોજન કંસને હણવો એ છે એમ કંસને નારદે જણાવ્યું. (લે) (અરિષ્ટનો વધ થયો તેથી નારદે એ સર્વ કંસને કહ્યું.) આ નારદના બોધથી કંસને એવું જ્ઞાન થયું કે ભગવાનને ધનુર્યાગના મિષથી બોલાવવા. તેથી આ નારદનો બોધ કર્મમાર્ગીય છે. (લે)
30.રાજસ કંસે સાત્ત્વિક અક્રૂર તથા તામસ કેશીને મોકલ્યા. (લે)
31.મુખ્ય રીતે રાજસો જ આ પ્રકરણમાં વધ કરવા યોગ્ય છે, છતાં પ્રસંગને લીધે બીજાઓનો પણ વધ કરેલ છે. તેથી ‘રાજસપ્રકરણમાં તામસ કેશીનો વધ કેમ થયો?’ એવી શંકા રહેતી

નથી. (લે)
32.‘તેથી’ એટલે ‘મુખ્યપણે રાજસોનો વધ કરવાનો હોવાથી’ (લે)
33.‘સાધિકૈ:’ એટલે ‘અડધા વધારેથી’ (સાડા પંદરથી) અહિં ‘સાધિકૈ: સાધાભ્યામ્’ એ ‘શ્લોકો’ ના વિશેષણ હોવાથી નરજાતિમાં મૂકેલાં છે. (‘શ્લોક’ શબ્દ અધ્યાહાર છે) (લે)
34.આ પ્રમાણે ગણતાં 15II+2II+23=41 શ્લોકો થાય; પરંતુ નવમા અને સત્તરમા શ્લોકમાં અર્ધઅર્ધ શ્લોક વધારે મૂકવાથી ચાલીસ શ્લોકો આ અધ્યાયમાં લખેલા છે.

॥શ્રીશુક ઉવાચ॥ શ્રીશુક કહે છે:

અથ તત્ર્યાગતો ગોષ્ઠમરિષ્ટો વૃષભાસુર:॥
મહીં મહાકકુત્કાય: કમ્પયન્ ક્ષુરવિક્ષતામ્॥1॥

પછી તે જ સમયે ખરીઓથી ખોદી નાખેલી પૃથ્વીને કંપાવતો મોટી ખૂંધ અને કાયાવાળો આખલારૂપી અસુર અરિષ્ટ નેસડા પાસે આવ્યો. 1.

પહેલાં તામસપ્રકરણમાં ગોપિકાઓ વિગેરેનો નિરોધ કરાવ્યો. હવે બીજાઓનો નિરોધ કહેવા માટે, ‘અથ’ ‘પછી’ શબ્દથી જુદા રાજસ પ્રકરણનો આરંભ કરે છે. ‘ભગવાને નિરોધ કર્યો’ એમ જ્યારે જાણ્યું, ‘તર્હિ’ ‘તે જ સમયે અરિષ્ટ આવ્યો’ એવો અર્થ છે; કારણ કે આખલો નેસડામાં આવે તેમાં કાંઈ આશ્ચર્ય નથી; છતાં પણ આ અરિષ્ટ આખલાની આકૃતિવાળો અસુર ‘પૃથ્વીને કંપાવતો આવ્યો’ એમ (કહી) રાજસમાં ઘણું સામર્થ્ય હોય છે એવું જણાવેલ છે. ‘મહાન્’ મોટી ‘ककुत્’ ખાંધ ‘કાયશ્ચ’ અને કાયા છે ’યસ્ય’ જેની, (તેવો તે હતો). અદૃષ્ટ મારફત તેણે પૃથ્વી કંપાવી ન હતી, એમ જણાવવા ‘ખરીઓથી ખોદી નાખેલી’ વિશેષણ યોજેલું છે. અથવા ‘ખરીઓથી જે પ્રકારે ખોદાઈ જાય તેમ (કરતો આવ્યો)’ એવો આ શબ્દનો અર્થ છે. 1.

(પહેલા) અઢી શ્લોકોથી (અરિષ્ટના) આગમનનું વર્ણન કરે છે (તે પૈકી પહેલો શ્લોક થયો.) તેથી (બાકીના નીચેના દોઢ શ્લોકથી) તેની ક્રિયાનું વર્ણન કરે છે:

રમ્ભમાણં ખરતરં પદા ચ વિલિખન્ મહીમ્॥
ઉદ્યમ્ય પુચ્છં વપ્રાણિ વિષાણાગ્રેણ ચોદ્ધરન્॥2॥
કિઞ્ચિત્ કિઞ્ચિચ્છકૃન્ મુઞ્ચન્ મૂત્રયન્ સ્તબ્ધલોચન:॥

ભયાનક રીતે બરાડતો અને પૃથ્વીને પગથી ઘણું ખોતરતો, પૂછડું ઊંચુ કરીને શીંગડાની ટોચથી કોટની દિવાલોને તોડી ફેંકતો, કાંઈકકાંઈક છાણ કરતો અને મૂતરતો સ્થિર લોચનવાળો (તે નેસડા પાસે આવ્યો). 2II.

‘ખરતરં’ ઘણું જ ભયાનક જેમ થાય તેવી રીતે ‘રમ્ભમાણ:’ માતેલા તેની જાતના (આખલા)નો અવાજ ‘રમ્ભણં’ બરાડવું (કહેવાય છે તેમ) કરતો, અને એક પગથી પૃથ્વીને ઘણું ખોતરતો (આવ્યો), કારણ કે ચિંતા થતી હોય તે સમયે તે (આખલો) એમ કરે છે. પછી

પૂછડું ઊંચુ કરીને પશુ હોવાથી વચમાં પશુની ક્રિયા કરતો હતો, એમ 'શીંગડાની ટોચથી કોટની દિવાલોને તોડી ફેંકતો' શબ્દોથી કહેલું છે. ગોકુલની નજીક કોટની દિવાલો હતી બંને (શીંગડાઓ)થી તેમને તોડે તો (તેનામાં) ઘણું બલ નથી (એમ જણાય), તેથી શૂળની પેઠે ઘોંચેલી એક જ (શીંગડાની ટોચ)થી (તેમને)ઊંચી ફેંકતો હતો. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) વારાફરતી બીજા શીંગડાની ટોચથી અને કોઈ વાર બંને શીંગડાની ટોચોથી તેમ કરતો હતો. 'ઉદ્ધરણં' એટલે કટકેકટકે જૂદું પાડવું. 'કાંઈક કાંઈક 'શકૃન્ મુઞ્ચન્' છાણ કરતો' અને 'મૂતરતો' શબ્દોથી માતેલા(આખલા)નો સ્વભાવ જણાવેલો છે અને ક્રોધ દૂર થયો નથી એમ જણાવવા તે સ્થિર લોચનવાળો થએલો. તે રાજસ હોવાથી (નેસડામાં જવું કે નહિ) એમ વિચાર કરવા લાગ્યો, પરંતુ એકાએક તેમાં તેણે પ્રવેશ કર્યો નહિ. ભગવાનની ઇચ્છાને લીધે, અને નેસડાના અધિષ્ઠાતા દેવે જેમનો વિરોધ કરેલો તેઓના પ્રભાવને લીધે તેણે (નેસડામાં) પ્રવેશ કર્યો નહિ. 2II.

તેની ક્રિયાથી જે (કાર્ય) થયું તે તો સ્પષ્ટ જ હતું, તેથી તેના બરાડવાનું જ કાર્ય નીચેના શ્લોકમાં કહે છે:

યસ્ય નિર્હાદિતેનાઙ્ગ નિષ્ઠુરેણ ગવાં નૃણામ્॥3॥
પતન્ત્યકાલતો ગર્ભાઃ સ્ત્રવન્તિ સ્મ ભયેન વૈ॥

હે વહાલા! જેના ભયાનક બરાડવાથી ભયને લીધે જ ગાયો અને માનુષ (સ્ત્રીઓ)ના ગર્ભો કાલના (નિમિત્ત) વિના જ પડતા અને સ્રવતા. 3II.

(નેસડાની) અંદર પ્રવેશ કરીને પણ 'આ હણશે' એમ (જણાવનાર ભયાનક તેનું બરાડવું હતું). તે (બરાડ)થી ભયને લીધે ગાયોના અને માનુષ (સ્ત્રીઓ)ના ગર્ભો 'અકાલતઃ' કાલ નિમિત્ત થયા વિના પણ પડતા અને સ્રવતા. ત્રીજા અને ચોથા માસમાં (ગર્ભનો સ્રાવ થાય છે અને પાંચમા અને છઠ્ઠા માસમાં પાત થાય છે. તે (ગર્ભસ્રાવ અને ગર્ભપાત થવા)નું કારણ ભય હતો, પરંતુ મંત્ર અથવા અરિષ્ટ1 ની પેઠે અદૃષ્ટ2 દ્વારા તેના બરાડવાથી (તેમ થતું ન હતું). 3II.

1.જે ચિહ્નથી રોગી અવશ્ય મરણ પામશે એમ જણાય તે અરિષ્ટ કહેવાય છે.

2.જીવના કર્મનું ફલ આપવા, દરેક કર્મનું અદૃષ્ટ બંધાય છે. તેવાં તેમનાં અદૃષ્ટને લીધે અરિષ્ટ બરાડતો અને તેથી ગર્ભો સ્રવતા અને પડતા, એમ બનતુ ન હતું. પરંતુ સ્ત્રીઓના ભયને લીધે જ ગર્ભો સ્રવતા અગર પડતા.

તેમ હોય (સ્ત્રીઓ અને ગાયોને ભય થવાથી જ ગર્ભો સ્રવતા અને પડતા હોય) તો (અરિષ્ટમાં) લૌકિક સ્થૂલતા નહિ હોય એવી શંકા થાય, તેથી નીચેના અર્ધ શ્લોકથી તેનું શરીર વિશાલ હતું એમ કહે છે:

નિર્વિશન્તિ ઘના યસ્ય ક્કુદ્યચલશઙ્કયા॥4॥
જેની ખાંધ ઉપર મેઘો (તેને) પર્વત માનીને બેસતા. 4.

જેની ખાંધ ઉપર, 'આ પર્વત છે' એમ માનીને મેઘો બેસતા. આ (વાક્ય)થી (તેનો) દેહ ઘણો મોટો હતો એમ સમજાવેલું છે. 4.

એ પ્રમાણે તેનાં શરીર, ક્રિયા અને બરાડવાની અને અંત:કરણની ક્રૂરતાનું નિરૂપણ કરી, તેનાથી જે (પરિણામ) થયું તે નીચેના શ્લોકમાં કહે છે:

तं तीक्ष्णशृङ्गमुद्वीक्ष्य गोप्यो गोपाश्च तत्रसुः॥
पशवो द्रुद्रुवुर्भीता राजन् सन्त्यज्य गोकुलम्॥5॥

તે તીક્ષ્ણ શીંગડાવાળાને ઉંચે જોઈને, ગોપીઓ અને ગોપો ઘણો ત્રાસ પામ્યા. હે રાજન્! ભય પામેલાં પશુઓ ગોકુલને તજી નાઠાં. 5.

'તીક્ષ્ણે' તીક્ષ્ણ 'શૃઙ્ગે' બે શીંગડાંઓ છે જેનાં (તેવો તે હતો). (તેને) ઊંચે જોઈને, તે ઘણો ઊંચો હોવાથી ઊંચે (તેને) જોઈને, ગોપો, ગોપીઓ અને પશુઓ ઘણો ત્રાસ પામ્યાં. 'આ (બધાં)નો નિરોધ થયો હતો, તેથી (તેમને) દેહનું અભિમાન નહિ હોવાથી ભય થયો નહિ હોય' એવી શંકા થાય, તેથી (એ પ્રમાણે) કહેલું છે. 'ભય પામીને નાઠાં' એમ પશુઓના સંબંધમાં વધારામાં કહેલું છે. (પરીક્ષિત્ કથા સાંભળવામાં) સાવધાન રહે તે માટે (તેનું) સંબોધન કરેલું છે. 'ગોકુલને તજીને' એટલે 'ફરી ત્યાં આવવાની ઇચ્છા મૂકી દઈને' એવો ભાવ છે. 5.

कृष्ण कृष्णेति ते सर्वे गोविन्दं शरणं ययुः॥
भगवानपि तद्वीक्ष्य गोकुलं भयविह्वलम्॥6॥
मा भैष्टेति गिराश्वास्य वृषासुरमुपाह्वयत्॥

'કૃષ્ણ! હે કૃષ્ણ!' એમ (કહેતા) તે બધાય ગોવિંદને શરણે ગયા. ભગવાને પણ તે ગોકુલને ભયથી બ્હાવરૂં બનેલું જોઈને, 'ભય ન રાખો' એમ વાણીથી આશ્વાસન આપીને, વૃષાસુરને હાક મારી. 6II.

સર્વ પ્રકારના ભયોમાં ભગવાન્ શરણ છે, એમ તે સમયે જાણીને, તે બધાય 'હે કૃષ્ણ! હે કૃષ્ણ!' એમ (કહેતા) શરણે ગયા. ઘણો ભય હોય ત્યારે જે (પોતાના) મુખમાંથી નીકળે, તે તે(માણસ)નો હૃદયમાં રહેલો સ્વાભાવિક ધર્મ છે. વ્રજમાં રહેનારાઓના (હૃદયમાં) તો શ્રીકૃષ્ણ જ વસેલા હતા, તેથી તેઓએ 'હે કૃષ્ણ! હે કૃષ્ણ!' એમ જ કહ્યું. વળી (શ્રીકૃષ્ણ) 'ગોવિંદ' એટલે પોતાના (ગાયોના) ઇન્દ્ર (અધિપતિ) હતા. તેઓએ એ પ્રમાણે વચન કહ્યાં, એટલું જ નહિ, પરંતુ 'ભગવાને પણ તે જોઈને વૃષાસુરને હાક મારી' એવો વાક્યનો સંબંધ છે. (ગોકુલ) ભયથી બ્હાવરૂં બનેલું હતું, તેથી આરંભમાં 'ભય ન રાખો' એમ વાણીથી તેનું આશ્વાસન કરી, મનથી તે(અરિષ્ટ)ના વધની પ્રતિજ્ઞા કરી, પછી તેને હાક મારી, પરંતુ સમાધાન કરવા (તેને) બોલાવ્યો ન હતો. 'વૃષ:' 'વૃષ (અસુર)' શબ્દથી (એમ જણાવ્યું છે કે) જેમ બ્રહ્માના પૌત્રો વિગેરેને હણ્યા હતા, તેમ વૃષ વિગેરે દૈત્યના અંશવાળાઓ બધાય હણવા યોગ્ય છે. દેવોના અંશવાળાઓનો જ વધ કરવામાં દોષ છે, એવી ધર્મની મર્યાદા છે.

તે (આ અર્થ) 'વૃષાસુર' શબ્દથી કહેલો છે. રોગ અને મલ જેવા અસુરો વધ કરવા યોગ્ય જ છે. 6II.

(અરિષ્ટ) રાજસ હોવાથી, આરંભમાં તેને વચન કહે છે:

ગોપાલૈ: પશુભિર્મન્દ ત્રાસિતૈ: કિમસત્તમ॥7॥
બલદર્પહાહં દુષ્ટાનાં ત્વદ્વિધાનાં દુરાત્મનામ્॥

હે અક્કલના બારદાન! હે સર્વથી દુષ્ટ! ગોપાલોને અને પશુઓને ત્રાસ આપવાથી શું (ફલ?) હું તારા જેવા દુષ્ટ અંત:કરણવાળા દુષ્ટોના બલ તથા મદને હણનારો છું. 7II.

ગોપાલો અને પશુઓ થોડા બલવાળા છે. તે (પશુઓ) તારી જાતના, અને (ગોપાલો) તેમનું પાલન કરનારા છે. કોઈ મોટો (યોદ્ધો) નાનાઓ સાથે, અથવા પોતાની જાતનાઓ સાથે યુદ્ધ કરતો નથી. તેથી જ (અરિષ્ટે) એવો વિચાર કરેલો નહિ હોવાથી, 'હે અક્કલના બારદાન!' એવું (તેનું) સંબોધન કરેલું છે. (તેમને) હણવાનું તો તારાથી બની શકે તેમ નથી જ. (હણવાનું બની શકે) તેમ હોય, તોતો શત્રુના પક્ષને નુકશાન પણ થાય. માત્ર ત્રાસ આપવાથી શું (ફલ) થાય? તેથી જ ભલાઓને પ્રયોજન વિના જ ભય ઉત્પન્ન કરનારને હણવો જોઈએ એમ જણાવવા, 'હે સર્વથી દુષ્ટ' એવું તેનું સંબોધન કરે છે. ક્રિયાથી દુષ્ટ હોય તે 'અસત્' (દુષ્ટ), (ક્રિયા સાથે) અંત:કરણથી દુષ્ટ હોય તે 'અસત્તર:1' (વધારે દુષ્ટ), અને (ક્રિયા તથા અંત:કરણ સાથે) સ્વરૂપથી પણ ક્રૂર હોય તે તેવો ('અસત્તમ:' સર્વથી દુષ્ટ) છે.

1.'અન્ત: કરણેનાસત્તમ:' પાઠ છે, પરંતુ 'અન્ત: કરણેનાસત્તર:' પાઠ હોવો જોઈએ એમ જણાય છે.

'દુષ્ટોનું કાર્ય આવું જ હોય છે' એવી શંકા થાય, તેથી '(તારા જેવા દુષ્ટ અંત:કરણવાળા દુષ્ટોના) બલ તથા મદને હું હણનારો છું' એમ કહેલું છે. 'બલં' બલ 'તજ્જનિત દર્પ' અને તેનાથી ઉત્પન્ન થએલા મદને 'હન્તિ' હણે, તેવો (બલ તથા તેના મદને હણનારો હું છું). વેદમાં ઘણે સ્થલે (એવો પ્રયોગ થાય છે) તેથી 'બ્રહ્મ ભ્રૂણ' અને 'વૃત્ર' એ શબ્દો ('હન્' શબ્દની પહેલાં આવેલા) હોય ત્યારે જ એવું 'બ્રહ્મહા' વિગેરે જેવું રૂપ થાય, એવો નિયમ નથી. 'હું' શબ્દથી પોતાને દેખાડીને; પોતાનું પુરુષાતન જાણે કે જણાવતા હોય તેમ કહે છે, કે હું સામાન્ય રીતે દુષ્ટોના જ મદને હણનારો છું. તેમાં પણ દુષ્ટ અંત:કરણવાળા એટલે અંત:કરણના દોષવાળાના અને ઉદ્વેગ કરાવનારા તારા જેવાના (મદને હણનારો છું), કારણ કે ક્રિયાથી, અંત:કરણથી અને સ્વરૂપથી દુષ્ટ હોય તેઓ વધ કરવા યોગ્ય જ છે. 7II.
ક્રિયાથી દુષ્ટ હોય તે અસત્ 'દુષ્ટ:', ક્રિયાથી અને અંત:કરણથી દુષ્ટ હોય તે 'અસત્તર:' (વધારે દુષ્ટ), ક્રિયાથી, અંત:કરણથી અને સ્વરૂપથી દુષ્ટ હોય તે 'અસત્તમ:' (સર્વથી દુષ્ટ). 'ત્વદ્વિધાનામ્' 'તારા જેવાનો' શબ્દ તે સ્વરૂપથી દુષ્ટ હતો એમ જણાવનારો છે.

ઇત્યાસ્ફોટ્યાચ્યુતોરિષ્ટં તલશબ્દેન કોપયન્॥8॥
સખ્યુરંસે ભુજાભોગં પ્રસાર્યાવસ્થિતો હરિ:॥

એમ (કહીને) બાહુ ઠોકવાના અવાજથી અરિષ્ટને કોપાવતા, મિત્રના ખભા ઉપર લાંબા હાથને પ્રસારીને અચ્યુત હરિ ઉભા રહ્યા. 8II.

એ પ્રમાણે કહીને, 'આસ્ફોટ્ય' મલ્લની પેઠે બાહુઓ ઠોકીને, બાહુ ઠોકવાથી થતા શબ્દથી જ તે(અરિષ્ટ)ને કોપાવતા એટલે 'તું નમાલો છે' એમ જણાવીને તેને કોપ કરાવતા, પોતે 'અચ્યુત' હોવાથી ભયરહિત રહેલા (ભગવાને તેની) અવગણના કરી લીલા કરી, એમ 'મિત્રના ખભા ઉપર (લાંબા હાથને પ્રસારીને હરિ ઉભા રહ્યા)' શબ્દોથી કહેલું છે. 'ભુજાભોગં' લાંબા હાથને પ્રસારીને ભગવાન્ ઉભા રહ્યા. એમ કરવાનું પ્રયોજન 'હરિ' શબ્દથી કહેલું છે. જેથી કરીને તે અરિષ્ટ પણ લીલાવાળા ભગવાનનાં દર્શન કરતાં, અંત સમયે તેમનું જ ધ્યાન ધરતાં મુક્ત થાય, તે માટે (ભગવાન્ તે પ્રમાણે લીલા કરતા ઉભા રહ્યા). 8II.

નીચેના શ્લોકમાં તે(અરિષ્ટ)નું પણ વૃત્તાંત કહે છે:

સોપ્યેવં કોપિતોરિષ્ટ: ખુરેણાવનિમુલ્લિખન્॥9॥
ઉદ્યત્પુચ્છભ્રમન્મેઘ: ક્રુદ્ધ: કૃષ્ણમુપાદ્રવત્॥

એવી રીતે કોપાવેલો તે અરિષ્ટ પણ ખરીથી પૃથ્વીને ઉખેડતો, ઊંચા કરેલા પૂંછડાથી મેઘોને ભમાવતો ક્રોધ કરી શ્રીકૃષ્ણની સમીપ દોડી આવ્યો. 9II.

એ પ્રમાણે નિંદાના વચનોથી કોપાવેલો, સ્વભાવથી પણ આકૃતરૂપ (તે દૈત્ય) પહેલાંની પેઠે હણવાના પ્રકારનો વિચાર કરતાં ખરીથી 'અવનિં' પૃથ્વીને ઉખેડતો, પછી ઊંચું કરેલા પૂંછડાવાળો થયો, એટલે તે ઊંચા કરેલ પૂંછડાને લીધે મેઘો (આકાશમાં) આમ તેમ ભમવા લાગ્યા. જેના પૂંછડાના પ્રહારથી મેઘો જ્યાં ત્યાં વીખરાઈ ગયા તેવો (તે થયો). પછી ક્રોધ કરી '(ભગવાન્) અયોગ્ય કરે છે', એમ જણાવવા માટે શ્રીકૃષ્ણ એટલે સદાનંદની 'ઉપ' નજીક સુધી દોડી આવ્યો. 9II.

નીચેના શ્લોકમાં તેનો દોડી આવવાનો પ્રકાર કહે છે:

અગ્રન્યસ્તવિષાણાગ્ર: સ્તબ્ધાસૃગ્લોચનોચ્યુતમ્॥10॥
કટાક્ષિપ્યાદ્રવત્ તૂર્ણમિન્દ્રમુક્તોશનિર્યથા॥

આગળ રાખેલ શીંગડાઓની અણીઓવાળા, સ્થિર લાલ નેત્રોવાળો (તે) અચ્યુતને આડી નજરે જોઈ, જેમ ઇન્દ્રે ફેંકેલું વજ્ર તરત જ આવે તેમ (તેમની પાસે) તરત જ દોડી આવ્યો. 10II.

(1)'અગ્રે' (સર્વથી) આગળ 'ન્યસ્તે' રાખેલી છે 'વિષાણાગ્રે' બે શીંગડાઓની અણીઓ જેણે; (2)સ્થિર અને રક્તના રંગના (લાલ) બે લોચનો છે જેનાં; (આ બે વિશેષણોથી અનુક્રમે) બહારથી અને અંદરથી હણવાનાં સાધનો તેણે ધારણ કરેલાં (એમ) કહેલ છે. (ભગવાન્ પ્રતિ) તે બે સાધનો (થઈ શકતાં) નથી, એમ સૂચવવા 'અચ્યુત' શબ્દ યોજેલો છે. આરંભમાં તેણે દૃષ્ટિથી વીંધી નાખવા માટે (ભગવાન્ સામે) આડી નજરે જોયું, પણ વાસ્તવિક રીતે તેની આડી નજરથી પણ ભગવાનને કાંઈ ક્ષતિ થઈ નહિ. છતાં પણ

આડી નજરથી ન વીંધી શકાય તેવાને પણ આડી નજરથી જોઈ તે તરત જ દોડી આવ્યો. ‘ઇન્દ્રે ફેંકેલું (વજ્ર જેમ તરત જ આવે)’ શબ્દથી વિચાર કર્યા વિના ભગવાન્ પાસે દોડી આવવા સંબંધમાં દૃષ્ટાંત કહેલું છે. જેમ પર્વતની પાંખો છેદવાના સમયે1 દુષ્ટોનો જ નાશ કરવા તત્પર થએલું (વજ્ર) બીજે પણ ગયું, તેમ આ ભગવાનની સમીપ પણ આવ્યો. અથવા અહિં જ વિચાર વગરની સ્થિતિમાં ઇન્દ્રે છોડી મૂકેલ (વજ્ર આ દૈત્ય હતો;) અથવા નમુચિના2 પ્રસંગમાં (વિચાર કર્યા વિના ઇન્દ્રે ફેંકેલ વજ્રની પેઠે આ દોડી આવ્યો). 10II.

1.પહેલાં પર્વતોને પાંખો હતી અને તે પક્ષીઓ પેઠે આકાશમાં ઉડતા. જો કોઈ પર્વત પડે તો પૃથ્વી ઉપર ઘણા જીવોનો કચ્ચરઘાણ નીકળી જાય. તેથી ઇન્દ્રે વજ્ર વતી તેઓની પાંખો કાપી નાખી હતી.

2.જુઓ શ્રીમદ્ભાગવત 4।। થી 36.

તે સમયે ભગવાને જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:

ગૃહીત્વા શૃઙ્ગયોસ્તં વૈ અષ્ટાદશપદાનિ સઃ ॥11॥
પ્રત્યપોબાહ ભગવાન્ ગજઃ પ્રતિગજં યથા॥

તેને બે શીંગડાંઓ પકડીને જેમ હાથી સામા હાથીને હઠાવે તેમ તે ભગવાને અઢાર પગલાં પાછો હઠાવ્યો. 11II.

તે બે શીંગડાંઓ જ પકડીને ‘તે’ પ્રસિદ્ધ અરિષ્ટને ‘વૈ’ નિશ્ચય પૂર્વક, અઢાર વિદ્યાના સ્થલમાં આખલાને હણાય નહિ તેથી, જેમ મોટો પુરુષ બકરાંને લઈ જાય તેમ ભગવાને તેને અઢાર પગલાં પાછલા ભાગમાં (પાછો) હઠાવ્યો. (આ) લોકમાં ઘણું મોટું સાહસ (ગણાય છે). તેમ કરવાનું અને તેવું જ્ઞાન હોવાનું (શ્રીકૃષ્ણમાં) સામર્થ્ય હતું, એમ જણાવવા ‘ભગવાન્’ શબ્દ યોજેલ છે.

‘ભગવાને જ્યારે પોતાનું બલ (અરિષ્ટને એ રીતે) દેખાડ્યું હતું ત્યારે તે (બારમા શ્લોકમાં કહ્યું છે) તેવી રીતે ફરી કેમ (ભગવાન્ પાસે) આવ્યો?’ એવી શંકા થાય, તેથી ભગવાને વધારે (બલ) દેખાડ્યું ન હતું એમ જણાવવા, ‘જેમ હાથી સામા હાથીને (હઠાવે)’ એવું દૃષ્ટાંત કહેલું છે. (તેનો) અર્થ એવો છે કે ભગવાને તેનાં (અરિષ્ટનાં) બલ કરતાં થોડું જ વધારે બલ પ્રકટ કર્યું હતું. (તેથી તે ફરી સામો આવ્યો). 11II.

ભગવાને તેને માત્ર તેટલે દૂર (એટલે અઢાર પગલાં) હઠાવ્યો એટલું જ નહિ, પણ તેને મૂકી દેતી વખતે જમીન ઉપર પછાડ્યો. છતાં તેવો (જમીન ઉપર પછડાએલો) પણ ફરી સામો આવ્યો એમ નીચેના શ્લોકમાં જણાવે છે:

સોપિ વિદ્ધો ભગવતા પુનરુત્થાય સત્વરઃ ॥12॥
આપતત્ સ્વિન્નસર્વાઙ્ગો નિઃશ્વસન્ ક્રોધમૂર્ચ્છિતઃ॥

ભગવાનથી પછડાએલો તે પણ ફરીને ઉઠી, જેનાં સર્વ ગાત્રો પરસેવાવાળાં થયાં છે એવો, ક્રોધથી મોહ પામેલો તથા નિઃશ્વાસ નાંખતો સત્વર સામે આવી પહોંચ્યો. 12II.

‘ભારે (પ્રાણી) જ્યારે ભૂમિ ઉપર પડે ત્યારે તેના ગાત્રનો ભંગ થયો હોવો જોઈએ, છતાં તે ફરી કેમ સામો આવ્યો?’ એવી શંકા થાય, તેથી ‘ભગવાનથી પછડાએલો’ શબ્દ યોજેલ છે. ભગવાને તેને એવી જ રીતે પછાડ્યો કે તે પાછો આવી શકે. કારણ કે તે વધ કરવા યોગ્ય જ હતો. તેથી તે પાછો ઉભો થઈ પહેલાં કરતાં પણ વધારે વેગથી દોડ્યો અને ભગવાનની સામે આવ્યો જ. હવે તો તેને મારવો જ જોઈએ, તેવું જણાવવા (તેનાં) બે વિશેષણો આપે છે. (1)‘જેનાં સર્વ ગાત્રો પરસેવાવાળાં થયાં છે’ એવો (તે થયો). આથી એમ જણાવ્યું છે કે (પોતાનો) દેહ ન રહે (પોતાને મુક્તિ મળે) તે માટે તેણે જ (તેનું) મરણ થાય ત્યાં સુધી પ્રયત્ન કર્યો અથવા, તેને મારી નાખવામાં આવે તો, કે મારીને તે (યુદ્ધ કરતાં) અટકશે, બીજી કોઈ રીતે અટકશે નહિ. (2)‘ક્રોધથી મોહ પામેલો (તે થયો). આ(વિશેષણ)થી તેના અંત:કરણની પ્રવૃત્તિ અટકાવી શકાય નહિ તેવી જણાવેલી છે. 12II.

તે સમયે તેને ભગવાને માર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:

તમાપતન્તં સ નિગૃહ્ય શૃઙ્ગયોઃ પદા સમાક્રમ્ય નિપાત્ય ભૂતલે॥13॥
નિષ્પીડયામાસ યથાર્દ્રમમ્બરં કૃત્વા વિષાણેન જઘાન સોપતત્॥

તેમણે (ભગવાને) ઉપર ધસી આવતા તેને બે શીંગડાંઓ પકડી, પૃથ્વી ઉપર પછાડીને ચરણથી દબાવીને ભીનાં વસ્ત્રની પેઠે (શીંગડાંથી) નીચોવી નાખ્યો. તેમ કરીને (તેના જ) શીંગડાંથી તેને મારી નાખ્યો, (એટલે) તે પડ્યો. 13II.

પોતાના ઉપર ધસી આવતા તે અરિષ્ટને શીંગડાથી પકડીને, તેના બલનો નિગ્રહ કરતાં એટલે જેમ તે બલરહિત થાય તેમ કરીને, પછી તેને ભૂમિ ઉપર પાડીને, એક પગથી દબાવી રાખીને, યજ્ઞમાં જેમ પશુને (લોહી કાઢવા) નીચોવે છે તેમ ભગવાને નીચોવ્યો. ‘ભીનાં વસ્ત્રની પેઠે’ શબ્દોથી ભગવાને તેને ઘા નહિ થવા (ચામડી નહિ ભેદાવા) છતાં પણ તેના વાળના છિદ્રોમાંથી તેવી રીતે લોહી કાઢ્યું, તે વિષયનું દૃષ્ટાંત આપેલું છે. જેમ વસ્ત્રને પણ માત્ર હાથથી નીચોવવામાં આવે તો તેમાંથી બધું જલ નીકળતું નથી (તેથી) રંગારાઓ વિગેરે લાકડાના કટકાઓથી તેને નીચોવે છે, તેમ ‘શીંગડાંથી નીચોવ્યો’ ‘વિષાણેન કૃત્વા’ (‘નિષ્પીડયામાસ’)ને બદલે ‘કૃત્વા વિષાણેન’ એમ ઉલટા શબ્દો કહેલા છે, તે આગળનો સંબંધ (‘વિષાણેન જઘાન’) (સાચવવા) કહેલા છે. શીંગડાંથી (ભગવાને) તેને માર્યો જેનાથી તે મારવા તત્પર થએલો તેનાથી જ તેને માર્યો, એમ ‘જે મને જેવી રીતે (ભજે છે તેમને હું તેવી જ રીતે ભજું છું)’ એ (ભગવાનના ગીતાના) વાક્યમાં કહેલો ભાવાર્થ કહ્યો છે. આનો અર્થ એવો છે કે (ભગવાને) બંને શીંગડાં અથવા એક શીંગડું તેના ઉદરમાં ઘોંચી દીધું; પછી તે પડ્યો એટલે ફરી ઉઠવાનો તેણે પ્રયત્ન કર્યો નહિ, એવો અર્થ છે. 13II.

અંદરથી તો પ્રાણ નીકળવા છેવટનો પ્રયત્ન થયો, એમ નીચેના શ્લોકથી કહે છે:

અસૃગ્ વમન્ મૂત્રશકૃત્ સમુત્સૃજન્ ક્ષિપંશ્ચ પાદાનનવસ્થિતેક્ષણઃ॥14॥

જગામ કૃચ્છ્રં નિર્ઋતેરથ ક્ષયં પુષ્પૈ: કિરન્તો હરિમીડિરે સુરા: ॥

રુધિર ઑકતો, મૂત્ર અને છાણ કરતો, પગો પછાડતો, અને જેનાં નેત્રો સ્થિતિ વિનાનાં થયાં છે એવો, તે મૂર્છા પામ્યો અને પછી મૃત્યુ પામ્યો. સુરો (દેવો) પુષ્પો વરસાવતા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. 14II.

(પ્રથમ) મુખમાંથી રુધિર પડ્યું, મધ્યમાં મૂત્ર નીકળ્યું, અને અંતમાં છાણ નીકળી ગયું. એવી રીતે સર્વ સ્થલેથી સર્વે નીકળી ગયું એમ કહી, મરણ પામવાનો આ મહાન્ પ્રયત્ન સૂચવેલો છે. 'પગો પછાડતો' શબ્દોથી નીકળતી વખતની પ્રાણોની ચેષ્ટા કહેલી છે. 'જેની આંખો અવ્યવસ્થિત થઈ' એટલે વિપરીત-ઊંધી થઈ. આથી આંખોમાંથી પ્રાણો ગયા એમ જણાવેલું છે. પ્રથમ તો એ દૈત્ય 'કૃચ્છ્રં' મૂર્છા પામ્યો, પછી મૂર્છા વળી નહિ, પણ 'નિર્ઋતે: ક્ષયમ્' મૃત્યુ જ પામ્યો. અથવા પ્રથમ મૃત્યુ પામ્યો, અને 'અથ' ત્યાર પછી મુક્તિના પ્રકરણમાં તેની ગણના હોવાથી 'ક્ષયં' પોતાના આશ્રયરૂપ સ્થાન પ્રત્યે ચાલ્યો ગયો.

'વૃષાસુરનો વધ (બળદના જેવી જેની આકૃતિ હોવાથી) આકૃતિ સમાન હોવાને લીધે અયોગ્ય જેવો થયો (ગણાયો) હશે' એવી શંકા થાય, તેથી 'દેવો પુષ્પો વરસાવતા વિગેરે' શબ્દોથી દેવોએ તેનું અનુમોદન કરેલ હોવાથી, તે (વૃષાસુરનો વધ) યોગ્ય હતો એમ સિદ્ધ કરે છે. (દેવોએ) પુષ્પની વૃષ્ટિ કરી (ભગવાનની) સ્તુતિ પણ કરી, કારણ કે ભગવાને (વૃષાસુરને હણી) તેઓનું દુ:ખ દૂર કર્યું. આ (વૃષાસુરને મારવાથી દેવોનું દુ:ખ દૂર થયું તે) અર્થ દેવો જાણતા હતા, એમ જણાવવા (તેઓને) 'સુરો' કહેલા છે. 14II.

નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છે:

એવં કકુદ્મિનં હત્વા સ્તૂયમાન: સ્વજાતિભિ: ॥15॥
વિવેશ ગોષ્ઠં સબલો ગોપીનાં નયનોત્સવ: ॥

એ પ્રમાણે વૃષભાસુરને હણીને પોતાના જાતિબંધુઓથી સ્તુતિ કરાતા, ગોપીઓના નયનોના આનંદરૂપ ભગવાને બલદેવ સાથે નેસડામાં પ્રવેશ કર્યો. 15II.

સજાતીઓ (પોતાની જાતના લોકો) પણ કઠિન (દુ:ખદાયક, છિદ્ર શોધનારા) હોય છે, તેથી 'પોતાના જાતિબંધુ એટલે ગોપોથી પણ સ્તુતિ કરાતા' એમ કહેલું છે. આ કારણથી જ (જાતિબંધુઓ સામાન્ય રીતે છિદ્ર શોધનારા હોય છે તેથી જ) 'જાતિ (બંધુઓ)' પદ યોજેલું છે. પછી નેસડાના શત્રુને હણી (ભગવાને) નેસડામાં પ્રવેશ કર્યો. (આ વૃષાસુરનો વધ) પ્રમાણ સહિત હોવાથી, ભગવાન્ 'સબલ:' એટલે બલભદ્ર સહિત પણ થયા (બલભદ્રને સાથે લઈ પછી નેસડામાં પધાર્યા). 'ગોપીઓના નયનોના આનંદરૂપ' શબ્દોથી ભગવાને નેસડામાં પ્રવેશ કર્યો તેનું કારણ કહેલું છે. આથી (નયનોના આનંદરૂપ પદથી) એમ સૂચવેલું છે કે (ગોપીઓનો) નિરોધ થઈ ગએલ હોવાથી, હવે પછીથી તેમની સાથે (દેહનો) સંબંધ1 થવાનો નથી. 15II.

1.નિરોધ કરવા માટે હવે સંબંધ થવાનો નથી. નિત્યલીલામાં થએલ ફલરૂપ સંબંધ તો સદાનો છે જ. ભગવાન્ ગોપીઓના નયનોના આનંદરૂપ છે એટલે ભગવાનનાં દર્શન દૂરથી થતાં જ

ગોપીઓને આનંદ થાય છે. રાસલીલામાં થયો તેવો દેહનો સંબંધ હવે પછી થવાનો નથી એમ આથી સૂચવેલું છે.

આમ કારણરૂપ અરિષ્ટનો વધ થતાં તેના કાર્યનું પ્રથમ નીચેના શ્લોકથી આરંભી અઢી શ્લોકથી નિરૂપણ કરે છે. (તેના) ફલનું નિરૂપણ આગળ કરશે:

અરિષ્ટે નિહતે દૈત્યે કૃષ્ણેનાદ્ભુત કર્મણા॥16॥
કંસાયાથાહ ભગવાન્ નારદો દેવદર્શન: ॥

અદ્ભુત કર્મવાળા શ્રીકૃષ્ણે અરિષ્ટ દૈત્યને હણ્યો ત્યાર પછી દેવવત્ જેનું દર્શન છે, એવા ભગવાન્ નારદે કંસની પાસે આવી નીચે પ્રમાણે કહ્યું. 16II.

નેસડામાં અરિષ્ટને માર્યો એટલે હવે નેસડામાં બીજું કંઈ કાર્ય નથી, કારણ કે સર્વે દુ:ખનું મૂલ જ એ હતો (એના મરવાથી સર્વ દુ:ખનું મૂલ દૂર થયું).

'સદાનંદની પણ અપેક્ષા રહે છે' એવી શંકા થાય, તેથી 'શ્રીકૃષ્ણ' પદ યોજેલું છે. ભગવાન્ શ્રીકૃષ્ણ સદાનંદ પોતે જ સાધનરૂપ થયા છે, તેથી સદાનંદની પ્રાપ્તિ માટે બીજું કાંઈ જ કરવાનું રહેતું નથી. 'અદ્ભુતકર્મવાળા' શબ્દનો એવો અર્થ છે કે ભગવાને અરિષ્ટનો (સદંતર) નાશ કર્યો નથી; પરંતુ તેને ગોકુલમાં સ્થાપ્યો છે. તેથી ત્યારથી આરંભી ગોકુલમાં દુ:ખ જ રહેવાનું. (દુ:ખને દૂર કર્યું તે કાર્યથી દુ:ખ જ આવી પડ્યું, એવી) વિપરીત ક્રિયા જ અદ્ભુત કર્મ છે.

પછી ભગવાન્ (મથુરા) પધારશે એમ જાણી, નારદે (ભગવાનને પધારવા માટે) રથ વિગેરે મોકલવામાં આવે તે માટે ઉપાય કર્યો એમ ઉત્તરાર્ધથી કહે છે. 'અથ' ત્યાર પછી તરત જ એટલે જ્યારે ભગવાને (મથુરા) જવાની ઇચ્છા કરી કે તરત જ (નારદે કંસને નીચે પ્રમાણે કહ્યું). દેવના જેવું દર્શન (દૃષ્ટિ) છે જેમની એવા (નારદ છે), આથી ભગવાનના જ્ઞાન જેવું તેમનું જ્ઞાન છે એમ કહેલું છે. અથવા લોકની વિરુદ્ધ (નારદ) આચરણ કરે (કંસને બધી સત્ય હકીકત કહી દે) તો પણ તેમને દોષ લાગતો નથી, એમ જણાવવા 'દેવની પેઠે (દર્શન છે જેમનું)' એમ કહેલ છે. આથી એમ જણાવેલું છે કે જેની આરાધના કરી હોય તે દેવ પ્રત્યક્ષ દર્શન દે ત્યારે જેમ (આરાધના કરનારને પોતાના) ઇચ્છેલા (પદાર્થો) પ્રાપ્ત થાય છે, તેમ નારદનાં દર્શનથી કંસને સર્વ ઇચ્છેલ પ્રાપ્ત થયું. અથવા (આ પદથી એમ જણાવેલું છે કે) જે દેવે પહેલાં કહેલું કે 'આનો આઠમો ગર્ભ તને (કંસને) મારશે' તેનાં દર્શન થતાં જેમ સર્વ સંદેહો દૂર થાય તેમ નારદનું દર્શન (સમાગમ, મેળાપ) થતાં (કંસના) બધા સંદેહો દૂર થયા. 16II.

નીચેના શ્લોકમાં નારદનાં (નારદે કંસને કહેલાં) વાક્યો (શુક) કહે છે:

યશોદાયા: સુતાં કધ્યાં દેવક્યા: કૃષ્ણમેવ ચ॥17॥
રામં ચ રોહિણીપુત્રં વસુદેવેન બિભ્યતા॥
ન્યસ્તૌ સ્વમિત્રે નન્દે વૈ યાભ્યાં તે પુરુષા હતા: ॥18॥

ક્યા યશોદાની પુત્રી (હતી). દેવકીના જ પુત્ર શ્રીકૃષ્ણને અને રોહિણીના પુત્ર બલભદ્રને ભય પામતા વસુદેવે પોતાના મિત્ર નંદજીને સોંપેલા. તે બેએ નિશ્ચય તારા સેવકોને હણેલા (છે). 18.

દૈવ (દેવતા) પણ જૂઠું બોલે છે, એવી તેની (કંસની) જે ખોટી બુદ્ધિ (જૂઓ 10।17) થઈ હતી તે પ્રથમ દૂર કરે છે. ક્યા દેવકીની (ન હતી), તેમ જ યશોદાનો પુત્ર પણ (ન હતો), પરંતુ ક્યા યશોદાની (હતી), અને દેવકીનો તો પુત્ર (છે). 'ક્યા યશોદાની પુત્રી (હતી) એમ કહ્યું, શ્રીકૃષ્ણ તો દેવકીના પુત્ર (છે) એમ કહ્યું'. એ પ્રમાણે (પાછલા શ્લોક 16માં) 'આહ' 'કહ્યું' (શબ્દ છે) તેનો સર્વત્ર (સર્વ વાક્યો સાથે) સંબંધ છે. બલભદ્રને દેવકીના પુત્ર અને રોહિણીના પણ પુત્ર (કહ્યા).

જેમ બલભદ્ર દેવકીના અને રોહિણીના પુત્ર છે તેવી જ રીતે (શ્રીકૃષ્ણ) દેવકીના અને યશોદાના પુત્ર નથી, એમ (બલભદ્રથી શ્રીકૃષ્ણનો) ભેદ દર્શાવવા (શ્રીકૃષ્ણ પછી) 'એવ' 'જ' શબ્દ યોજેલો છે.

'ત્યારે (વસુદેવના પુત્રો નંદના પુત્રો ગણાય છે) એવી ઉલટી સ્થિતિ કેમ થઈ?' એવી શંકા થાય, તેથી 'ભય પામતા વસુદેવે પોતાના મિત્ર નંદજીને સોંપેલા' શબ્દો યોજેલા છે. (ભગવાન્ વસુદેવના પુત્ર છે એમ) નંદજી પણ જે પ્રમાણે જાણે નહિ તેવી રીતે ભગવાન્ ત્યાં (નંદજીને ઘેર) રહે છે, એટલા અર્થ (વિષય, બાબત)નું નારદને પણ જ્ઞાન નથી. (તેથી નારદ માને છે કે ભગવાન્ વસુદેવના પુત્ર છે એમ નંદજી જાણે છે અને નંદજીએ વસુદેવ પાસેથી ભગવાનને થાપણ તરીકે સંભાળ રાખવા લીધા છે). અથવા (ભગવાનની પણ) વાસ્તવિક રીતે થાપણ હતી. (કારણ કે વસુદેવ ભગવાનને નંદજીને ત્યાં પધરાવી ગએલા.)

(ભગવાન્ વસુદેવના પુત્ર છે એમ) જાણીને પણ (નંદજી) અન્યથા (ભગવાનથી વિરુદ્ધ કાંઈ કાર્ય) કરશે નહિ, એમ જણાવવા 'મિત્ર' પદ યોજેલું છે. નિશ્ચય તે બેએ એટલે શ્રીકૃષ્ણ અને બલભદ્રે પ્રલંબ વિગેરે બધાએ તારા સેવકોને હણેલા છે, એમ 'વૈ' 'નિશ્ચય' શબ્દ (જણાવે છે). તેમ ન હોય (તે બેએ તેઓને હણેલા ન હોય) તો બીજો કોઈ તેઓને હણી શકત નહિ. આટલું કહી (નારદ) ત્યાં જ શાંત (ઉભા) રહ્યા. 18.

ત્યાર પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે:

निशम्य तद्भोजपतिः कोपात् प्रचलितेन्द्रियः॥
निशातमसिमादत्त वसुदेवजिघांसया॥19॥

તે(નારદના વચન)ને શ્રવણ કરી, કોપથી જેની ઇન્દ્રિયો ખળભળી ઉઠી છે એવા ભોજોના પતિએ વસુદેવને હણવાની ઇચ્છાથી તીક્ષ્ણ તલવાર ગ્રહણ કરી.19.

નારદજીએ કહેલું સત્ય વૃત્તાંત સાંભળીને જ (કંસે વસુદેવને હણવા તલવાર ગ્રહણ કરી). તેનામાં ઉલટાવવાનું (દેવકીના પુત્ર તેને મારે નહિ તેમ કરવાનું) સામર્થ્ય હતું એમ જણાવવા, તેને 'ભોજપતિ:' 'ભોજનો પતિ' કહેલો છે. અકસ્માત્ ઉત્પન્ન થએલ કોપથી તેની સર્વ ઇન્દ્રિયો ખળભળી ઉઠી. આ (પુત્રને નંદજીને સોંપી દીધો એ) વસુદેવનો અન્યાય હતો, એમ (મનમાં) જાણીને તેમને હણવાની ઇચ્છાથી તીક્ષ્ણ તલવાર હાથમાં ગ્રહણ કરી. 19.

ઘણે ભાગે વસુદેવ સભામાં જ હતા. તે સમયે (તેમને હણવા કંસે તલવાર લીધી ત્યારે) ભય પામેલા નારદે તેને (કંસને) (વસુદેવને હણતાં) અટકાવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:

નિવારિતો નારદેન તત્સુતૌ મૃત્યુમાત્મન: ॥
જ્ઞાત્વા લોહમયૈ: પાશૈર્બબન્ધ સહ ભાર્યયા॥20॥

નારદે વારેલા (તે કંસે) તેના બંને પુત્રો પોતાનું મૃત્યુ છે એમ જાણી, લોહમય પાશોથી (વસુદેવને) પત્ની સાથે બાંધ્યા. 20.

'નારદે વારેલો કંસ (વસુદેવનો વધ) કેમ ન કરે?' એવી શંકા થાય, તેથી 'નારદે' શબ્દ યોજેલ છે. (નારદના અટકાવવાથી કંસ અટક્યો) કારણ કે તે (નારદ) તેઓએ (કંસ વિગેરે અસુરોએ) માન આપવા યોગ્ય હતા. તે (નારદ) દેવોને અને તેઓને (અસુરોને) સમાન હતા. (તેથી વસુદેવને હણ્યા નહિ) છતાં તે (વસુદેવ) શત્રુ હતા તેથી તેમને બાંધ્યા, એમ તેમના બંને પુત્રો પોતાના મૃત્યુ છે..' વિગેરેથી કહે છે. (કંસે) વસુદેવ અને દેવકીને બાંધ્યા, કારણ કે નજીકનાં સગાંઓ (વસુદેવ અને દેવકી, પિતા અને માતા)નો પણ પોતામાં (મારનાર શ્રીકૃષ્ણમાં) સમાવેશ થાય છે તેમ જ સેવકો (આશ્રિતો, પુત્રો શ્રીકૃષ્ણ અને બલદેવ)નો પણ પોતામાં (વસુદેવ અને દેવકીમાં) સમાવેશ થાય છે1. (વસુદેવના બે પુત્રોમાંથી કયો પુત્ર દેવકીનો આઠમો ગર્ભ છે એ) એ વિશેષ (બેમાંનો ભેદ) (નારદે) કહેલ નહિ હોવાથી, (બંને પુત્રોને શત્રુ માન્યા તેથી) 'તેના બંને પુત્રો' એમ દ્વિવચન યોજેલું છે. અથવા (બેમાંથી કયો આઠમો ગર્ભ હશે તેનો) સંદેહ રહેવાથી દ્વિવચન યોજેલું છે. 'લોહમય પાશોથી' શબ્દોથી (એમ જણાવેલું છે કે) તેમને (વસુદેવ તથા દેવકીને) પગમાં જ લોઢાની બેડીઓ નાંખી ન હતી; પરંતુ સર્વ અંગો સાંકળોથી બંધાય તેમ બાંધી લીધાં હતાં. એટલું કહી નારદજી (ત્યાંથી) વિદાય થઈ ગયા.

કેટલાક ટીકાકારો2 એમ કહે છે કે નારદે જ (વસુદેવ તથા દેવકીને) બંધન કરવાનું, પણ (કંસને) કહ્યું, કારણ કે જો તેમને મારી નાખવામાં આવે તો તેમના બંને બાલકો નાશી જાય. તે ઉપેક્ષા કરવા યોગ્ય છે (માનવા યોગ્ય નથી;) કારણ કે એમ કહ્યું હોય તો અસત્ય ભાષણ કહેવાય. 20.

1.(વસુદેવના) ભાઈઓનો અને સેવકોનો પણ પોતામાં (કંસના પક્ષમાં) સમાવેશ થતો હોવાથી તેઓને (વસુદેવના ભાઈઓ તથા સેવકોને) બાંધ્યા નહિ, પરંતુ દેવકી અને વસુદેવને જ બાંધ્યાં એવો અર્થ છે. (લે) 'દેવકી વસુદેવો' પછી 'એવ' 'જ' શબ્દ નથી તેમ જ વસુદેવ અને દેવકીને બાંધ્યા પણ બીજા તેમના ભાઈઓ અથવા સેવકોને બાંધ્યા નહિ એમ જણાવનાર પણ એકે શબ્દ નથી. તેથી આ અર્થ બરોબર જણાતો નથી.

2.શ્રીધર, જીવ ગોસ્વામિ અને વિશ્વનાથ ચક્રવર્તી પોતાની ટીકાઓમાં આ પ્રમાણે કહે છે.

પ્રતિયાતે તુ દેવર્ષૌ કંસ આભાષ્ય કેશિનમ્॥
પ્રેષયામાસ હન્યેતાં ભવતા રામમાધવૌ॥21॥

પણ દેવર્ષિ પાછા ફર્યા ત્યારે, કંસે કેશીને બોલાવી, 'રામ અને માધવને (તું) હણ' એમ કહીને તેને ગોકુલ મોકલ્યો. 21.

'પછી દેવર્ષિ નારદ ત્યાંથી પાછા ફર્યા, ત્યારે ફરીથી તેની (કંસની) પહેલાંના જેવી દુષ્ટ બુદ્ધિ (વસુદેવને હણવાની) થઈ હશે' એવી શંકા થાય, તેનું નિવારણ કરવા 'તુ' 'પણ' શબ્દ યોજેલ છે. કેમ કે તે દેવોના પણ મંત્રદૃષ્ટા (ઋષિ) છે. (મનુષ્યના વિચાર જાણે તેમાં આશ્ચર્ય શું? તે સમયે (નારદ ગયા ત્યારે) કંસે પોતાની પાસે રહેલા પોતાના મુખ્ય અશ્વરૂપ કેશીને બોલાવી, એટલે 'હે કેશિન્!' એવું સંબોધન કરી, તેને ગોકુલ મોકલ્યો. 'તું જા' (એમ કહ્યું) 'ગોકુલ' એમ અર્થથી (પ્રકરણથી) સમજાતું હોવાથી એ કહેલ નથી. 'હણ' શબ્દથી ત્યાં જઈને શું કરવું તે કહેલું છે. 'હન્' ધાતુ ગતિના અર્થમાં પણ યોજાય છે તેથી (રામ તથા માધવને) બોલાવી લાવવા માટે જ (કંસે) ઘોડાને મોકલ્યો, તેવો અર્થ અહિં જણાય છે, પણ તે (ઘોડાનું આસન વાહન) સુખરૂપ નથી, તેથી પાછળથી (કંસે) રથ મોકલ્યો. તેનું (કેશીનું) સામર્થ્ય તેવું (રામ અને કૃષ્ણને લાવી શકે તેવું) છે. તે તો 'જેના હણહણાટથી ત્રાસ પામતા (દેવો સ્વર્ગને છોડી ચાલ્યા જાય છે)' એમ (અ.34 શ્લો. 15માં) આગળ કહેશે. શ્રીકૃષ્ણને અહિં 'માધવ' કહેલા છે, તે તેમનું મધુવંશમાં પ્રાકટ્ય થયાના અભિપ્રાયથી કહેલ છે. 'રામ' તો પ્રસિદ્ધ જ છે. (ભગવાનનું નામ સાંભળવાથી) તે (કેશી) પણ ભક્ત થઈ જશે એવા વિચારથી (કંસના) મુખમાંથી સાક્ષાત્ ભગવાનનું નામ (શ્રીકૃષ્ણ) નીકળ્યું નહિ (પણ ભગવાન માટે 'માધવ' નામ યોજાયું). 21.

મંત્રણા (કરવા)થી કાર્ય સિદ્ધ થશે, એમ હૃદયમાં જાણી, સર્વેને બોલાવી કંસે મંત્રણા કરવા માંડી, એમ નીચેના શ્લોકમાં કહે છે:

તતો મુષ્ટિકચાણૂરશલતોશલકાદિકાન્॥
અમાત્યાન્ હસ્તિપાંશ્ચૈવ સમાહૂયાહ ભોજરાટ્॥21॥

ત્યાર પછી મુષ્ટિક, ચાણૂર, શલ તથા તોશલ વિગેરેને, મુખ્ય પ્રધાનોને અને હસ્તીઓનું પાલન કરનારાઓને જ સારી રીતે બોલાવીને ભોજોના રાજાએ (કંસે) તેમને નીચે પ્રમાણે કહ્યું. 21.

મુષ્ટિક, (ચાણૂર, શલ, તોશલ) વિગેરે મલ્લો છે; 'અમાત્યો' એટલે (રાજ)ગૃહના મંત્રીઓ. 'હસ્તીઓનું પાલન કરનારા' એ યુદ્ધમાં કુશલ યોદ્ધાઓ છે; (તેમને કંસે બોલાવ્યા). મૂલમાં 'ચ' 'અને' શબ્દ છે તેથી (એમ કહેલું છે કે) બીજા બંધુજનોને પણ બોલાવ્યા. મૂલમાં 'એવ' 'જ' શબ્દ છે તેથી (એમ જણાવેલું છે કે) પ્રતિપક્ષીઓને બોલાવ્યા ન હતા. 'બોલાવીને' એટલે તેઓના ઘરે હતા (ત્યાંથી) તેમને બોલાવીને 'ભોજોના રાજા' શબ્દથી તેઓએ આવવાનું કારણ કહેલું છે, (કંસ તેમનો રાજા હોવાથી રાજા બોલાવે ત્યારે જવું જોઈએ તેથી આવ્યા). 21.

તેઓ આવી ગયા ત્યારે (કંસ) પોતાનું વૃત્તાંત તેમને કહે છે:

ભો ભો નિશમ્યતામેતદ્ વીર ચાણૂરમુષ્ટિકૌ॥
નન્દવ્રજે કિલાસાતે સુતાવાનકદુન્દુભેઃ॥22॥

હે હે વીર ચાણૂર! હે વીર મુષ્ટિક! તમે આ સાંભળો. નંદના વ્રજમાં આનકદુંદુભિ (વસુદેવ)ના બે પુત્રો ખરેખર રહેલા છે. 22.

સામાન્ય સંબોધન (ભોઃ) બે વખત કરવામાં આવે ત્યારે સર્વેનું સંબોધન કરેલું છે એમ જણાય, તેથી (અહિં સભામાં) સર્વનાં નામ લઈને કંસ કહે છે એમ જણાવેલું છે. 'આ સાંભળો' શબ્દો (એમ જણાવે છે કે) તે સર્વને સાવધાન કરે છે. 'વીર' એ વિશેષણ ચાલતા પ્રકરણમાં ઉપયોગી હોવાથી સર્વને માટે યોજેલું છે અથવા 'ચાણૂર' એમ જુદું નિરૂપણ કરેલું છે (એમ લઈએ), તો 'વીર' તેનું (ચાણૂરનું) જ વિશેષણ છે. અથવા 'વીર' (નામનો) કોઈ મલ્લ હતો, (તેનું એ સંબોધન છે). મુષ્ટિક વિગેરેને પણ મુખ્ય (મલ્લ) તરીકે ગણવામાં આવે, તો બહુવચન 'વીરચાણૂરમુષ્ટિકાઃ' લેવું. ઉત્તરાર્ધથી નહિ જાણેલો વૃત્તાંત કહે છે. મંત્રણામાં કહેનારનું (પોતાને ખબર આપનાર નારદનું) નામ અપાય નહિ, તેથી 'ખરેખર' શબ્દ કહેલો છે. આ (નંદના વ્રજમાં આનકદુંદુભિના બે પુત્રો છે તે) વાત પ્રસિદ્ધ જ છે. ખરેખર (ચોક્કસ) છે, નંદના વ્રજમાં ખરેખર (ચોક્કસ) છે, (અને તેઓ) આનકદુંદુભિ (વસુદેવ)ના ખરેખર (ચોક્કસ) પુત્રો છે. 22.

રામકૃષ્ણૌ તતો મહ્યં મૃત્યુઃ કિલ નિદર્શિતઃ॥
ભવદ્ભ્યામિહ સમ્પ્રાપ્તૌ હન્યેતાં મલ્લલીલયા॥23॥

તેઓ રામ અને કૃષ્ણ છે. એમનાથી ખરેખર મારું મૃત્યુ જણાવેલું છે. અહિં આવેલા તેઓને તમો બે મલ્લક્રીડાથી હણો. 23.

'તેમ હોય તેથી શું?' એવી શંકા થાય, તેથી 'તેઓથી મારું (મૃત્યુ જ) છે' એમ કહે છે. 'મૃત્યુ' એટલે મરણ. અહિં પણ પહેલાંની પેઠે 'ખરેખર' શબ્દ યોજેલો છે. 'જણાવેલું છે' એટલે સારી રીતે જણાવેલું છે, સર્વ પ્રત્યક્ષ રીતે કહે છે. 'ત્યારે શું કરવું' એ (જાણવાની) આકાંક્ષા થાય, તેથી ઉત્તરાર્ધ કહે છે. અહિં સારી રીતે આવેલા તે બેને તમે બે ચાણૂર અને મુષ્ટિક મલ્લલીલાથી હણો.

('હન્' ધાતુ ગતિના અર્થમાં પણ યોજાય છે, તેથી તેમની પાસે તમે બે જાઓ) તેમને પ્રાપ્ત કરો એવો ભાવાર્થ થાય છે. જો (કંસ) લૌકિક ભાષા પ્રમાણે (ભગવાનથી) વિરુદ્ધ બોલે નહિ, તો ભગવાન્ પણ લૌકિક રીતિએ તેને મારે નહિ. (રામ અને કૃષ્ણ કંસના) ભાણેજ થાય છે, તેથી પ્રકટ રીતે તેમને તેમ કરવું (હણવા) એ અયોગ્ય ગણાય, તેથી '(મલ્લ)લીલાથી' પદ યોજ્યું છે. તેથી જ ભગવાને પણ તે જ પ્રમાણે કર્યું. (મલ્લલીલાથી તેમને માર્યા) શસ્ત્રથી અથવા મુષ્ઠિથી પણ (માર્યા) નહિ. 23.

આ ભાવ ભગવાને તેના હૃદયમાં સ્થાપન કર્યો હતો, તેથી બાલકોને છેતરવા મલ્લોનો અખાડો કેવી રીતે કરવો, તે કંસ કહે છે:

मञ्चाः क्रियन्तां विविधाः मल्लरङ्गपरिश्रिताः॥
पौरा जानपदाः सर्वे पश्यन्तु स्वैरसंयुगम्॥24॥

મલ્લોના અખાડાની ચારેબાજુ વિવિધ માંચડાઓ તૈયાર કરો. (કે જેથી) શહેરના અને ગામડાના બધાએ માણસો સ્વેચ્છાથી કરેલું યુદ્ધ જુએ. 24.

મનને હરણ કરે તે માટે 'વિવિધ' માંચડાઓ કરો. (તે એવા હોવાથી) સર્વ લોકનું ચિત્ત બીજે (તે માંચડાઓથી) રહે એટલે તેમને હણવાનું કાર્ય થઈ શકે. મલ્લોના અખાડાનો આશ્રય કરીને (તેની) ચારે તરફ રહે તે માટે ચારે તરફ મંચો રચવા, જેથી (જે મંચોથી) જ ત્યાં જ (લોકોને) ભ્રમ થાય તે માટે મલ્લો સાથે સારી રીતે યુદ્ધ થઈ શકે. માત્ર (મંચો)થી ભ્રમ થશે નહિ, તેથી 'શહેરના અને ગામડાના માણસો' શબ્દોથી લોકોને (તે મંચો પર) બેસાડવાનું કહે છે. એવા વિશાલ સ્થાનમાં શહેરના અને ગામડાંના, રહેવાસીઓ જુદા જુદા મંચો ઉપર બેસીને 'સ્વૈરસંયુગમ્' સ્વેચ્છા પ્રમાણે કરેલું યુદ્ધ જુએ, એટલે તેમના કોલાહલથી (લોકોનું) ચિત્ત બીજે (યુદ્ધમાં નહિ, પણ કોલાહલમાં) જાય, જેથી (કંસની) અપકીર્તિ ન થાય. 24.

આ સર્વ ભગવાનને જ માટે કરવામાં આવ્યું છે. આમ કરવા છતાં પણ કાર્ય સિદ્ધ થવામાં સંદેહ રહે, તેથી બીજો ઉપાય નીચેના શ્લોકમાં કહે છે:

महामात्र त्वया भद्र रङ्गद्वार्युपनीयताम्॥
द्विपः कुवलयापीडो जहि तेन ममाहितौ॥25॥

હે હસ્તિપાલક! હે ભદ્ર! તું અખાડાના દ્વાર ઉપર કુવલયાપીડ હાથીને લાવ અને તું તેનાથી મારા બે શત્રુઓનો નાશ કર. 25.

મોટા હાથીઓને પાલન કરનાર તે 'મહામાત્રः' હસ્તિપાલક, કુવલયાપીડ નામના મુખ્ય હાથીને વશ રાખનારો. (કંસ) તેને અતિ ઉત્સાહ ચડાવવા એમ સંબોધન કરે છે (અને કહે છે કે) 'તું અખાડાના દ્વાર આગળ કુવલયાપીડને જ લાવજે'. તું (એ કુવલયાપીડ હાથીને) જાતે જ લાવજે, બીજા પાસે મંગાવીશ નહિ. (તું પણ એ જ હાથીને લાવજે) બીજા કોઈને લાવીશ નહિ. (એમ કરવાથી) તેને કોઈ પણ પ્રકારની ચિંતા રહેશે નહિ એમ જણાવવા 'ભદ્ર' એમ સંબોધન કરે છે, (પણ) સરસ્વતીના સંવાદ પ્રમાણે 'અભદ્ર' એટલે 'પાપી' એવું જ્ઞાન થાય છે1.

‘કુ’ એટલે પૃથ્વી, તેનો ‘વલય’ એટલે મંડલના, ‘આપીડ’ એટલે મુકુટરૂપ (કુવલયાપીડ છે). ‘તેથી (તેને લાવવાથી) શું (ફલ?)’ એવી શંકા થાય, તેથી કહે છે કે ‘(તેથી) મારા બે શત્રુઓનો નાશ કરજે’ એટલે મારા કામ અને ક્રોધ એ બંને શત્રુઓનો નાશ કરજે. એ (બે) વિના બીજો (કોઈ પણ) શત્રુ છે જ નહિ. 25.

1.શ્લોકમાં ‘ત્વયા ભદ્ર’ છે તે ‘ત્વયાડભદ્ર’ એવો પાઠ સરસ્વતી સંવાદ પ્રમાણે થાય છે. આ સરસ્વતી સંવાદ તામસ સાધન પ્રકરણના ઉપોદ્ઘાતના પાના 17મે સમજાવેલ છે.

આમ લૌકિક ઉપાય કહીને નીચેના શ્લોકમાં અલૌકિક ઉપાય દર્શાવે છે:

આરભ્યતાં ધનુર્યાગશ્ચતુર્દશ્યાં યથાવિધિ॥
વિશસન્તુ પશૂન્ મેધ્યાન્ ભૂતરાજાય મીઢુષે॥26॥

ચતુર્દશીને દિવસે વિધિ પ્રમાણે ધનુર્યાગનો આરંભ કરો; કામના પૂરણ કરનાર ભૂતરાજને પવિત્ર પશુઓનું બલિદાન આપો. 26.

આ (શ્રીકૃષ્ણ) વિષ્ણુના અંશ છે, એવી તે (કંસની માન્યતા હતી, તેથી શિવની આરાધના કરવી જોઈએ, કારણ કે તેના (વિષ્ણુના) સમાન બલવાળા તે જ (શિવ જ) થઈ શકે. તેમાં પણ તેમના (શિવના) અનેક પ્રકારના યજ્ઞો છે તે પૈકી (કંસને) યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવાનો છે તેથી તેણે ધનુર્યાગ જ કરવો જોઈએ. જે(યજ્ઞ)માં ધનુષમાં શંકરનું પૂજન થાય તે ધનુર્યાગ શૈવતંત્રમાં પ્રસિદ્ધ છે, અને તે ચૌદશ તિથિએ જ કરવો જોઈએ, કારણ કે ‘ચૌદશ’ એ શંકરની તિથિ છે. ‘વિધિ પ્રમાણે’ એટલે (દેવનું) અધિવાસન (આવાહન, મંત્રો વડે મૂર્તિમાં આવાહન કરવું તે) કર્યા પછી તે(શિવ)ના તંત્રમાં કહેલી રીત પ્રમાણે, ઘણી હિંસા જેમાં થાય તેવો (આ) યજ્ઞ કરવો જોઈએ. શૈવતંત્રમાં શિવના ઘણા ભેદો છે, તેથી જેમાં ઘણી હિંસા થાય તેવો યજ્ઞ કરવામાં આવે તો દેવ (શિવ) પણ તેવા (હિંસક) જ થાય, તેવો આ અર્થ ‘ભૂતરાજ’ શબ્દથી કહેલો છે (તે) ‘મીઢુષ્’. કામનાઓને પૂર્ણ કરનાર એટલે સર્વ પ્રકારે ફલ આપનાર છે. 26.

એમ દૃષ્ટ અને અદૃષ્ટ ઉપાયો કહીને, તે તેમને (શ્રીકૃષ્ણ અને બલદેવને) અહિં લાવવામાં આવે ત્યાર પછીના સમયના હોવાથી તેમને લઈ આવવા અક્રૂરને (ગોકુલ) મોકલવા તેને બોલાવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:

ઇત્યાજ્ઞાપ્યાર્થતન્ત્રજ્ઞ આહૂય યદુપુંગવમ્॥
ગૃહીત્વા પાણિના પાણિ તતોડક્રૂરમુવાચ હ॥27॥

કાર્યના આરંભને જાણનારે (કંસે) આ પ્રમાણે આજ્ઞા કરીને યાદવોમાં શ્રેષ્ઠ અક્રૂરને બોલાવી (પોતાના) હસ્તથી (તેના) હસ્તને ગ્રહણ કરી તેને (નીચે પ્રમાણે) કહ્યું. 27.

‘અર્થતંત્રજ્ઞ:’ કાર્યનો આરંભ (કેમ કરવો તે) જાણનાર કંસે, અક્રૂર વિના આ કાર્ય બીજાથી બનશે નહિ એમ જાણીને, ‘યદુપુંગવમ્’ યાદવોમાં શ્રેષ્ઠ અક્રૂરને (તેના) ઘેરથી બોલાવીને, તેને માન આપવા તેના હાથને પોતાના હાથથી ગ્રહણ કરી, ત્યાર પછી એ પ્રસન્ન થયો છે એમ જાણીને, સ્વભાવથી પણ જે ક્રૂર નથી એવા તે અક્રૂરને નીચે પ્રમાણે કહ્યું. આવા

(અધમ) કાર્ય કરવા માટે ભગવાનના ભક્તને મોકલવો યોગ્ય નથી, (છતાં કંસ રાજા તેને મોકલે છે) એ આશ્ચર્ય દર્શાવવા 'હ' શબ્દ યોજેલો છે. 27.

ભો ભો દાનપતે મહ્યં ક્રિયતાં મૈત્રમાદૃતઃ ॥
નાન્યસ્ત્વત્તો હિતતમો વિદ્યતે ભોજવૃષ્ણિષુ॥28॥

હે હે દાનપતે! સન્માન પ્રાપ્ત કરનાર તમે મારું આટલું મિત્ર-કાર્ય કરો; ભોજ અને વૃષ્ણિઓમાં તમારાથી બીજું અત્યંત હિત કરનાર કોઈ નથી. 28.

'હે! હે!' એમ બે વાર સંબોધન કરે છે તે ઘણું માન સૂચવે છે. 'દાનપતે!' શબ્દ તે (અક્રૂર)નો ધર્મ જણાવનાર છે, કારણ કે તે (અક્રૂર) સર્વ દાનનો અધિષ્ઠાતા છે. બાર વર્ષ પર્યંત દરરોજ ગોદાન કરવાથી તે જન્મેલો. તેની માતા ગાંદિની પણ તેવી જ (દાન કરનારી) હતી. જેમ દુ:ખીઓના દુ:ખને દૂર કરવાને તમે અન્નનું દાન આપો છો, તેમ મને દુ:ખીને પણ ભગવાન્ આપ, એવો અર્થ છે. મારું આટલું 'મૈત્રં' મિત્ર-કાર્ય કર. આથી (એમ જણાવેલું છે કે) હું તને મિત્ર બનાવું છું. જેમ મિત્રે કરવું જોઈએ તેમ (મારે માટે) તું કર એવો અર્થ છે. તેમાં પણ આદરવાળો (પોતાના મિત્ર માટે જેને માન છે તેવો) તું છે. (આ+દૃ ક્રિયાપદને) કર્તાના અર્થમાં કતૃ પ્રત્યય લગાડવાથી (આ શબ્દ થયો છે). અથવા હું તને આદર (માન) આપું છું. તેથી માન પામેલો હોવાથી (મિત્રનું કાર્ય કર). 'આવું કાર્ય બીજા પાસે કરાવવું જોઈએ' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલ છે. તમારા વિના મારું અત્યંત હિત કરનાર બીજું કોઈ જ નથી. (અત્યાર સુધી તમે મને) અનુસર્યા છો, તેથી એમ જણાય છે. ભોજો એ પિતૃના વંશજો પિતરાઈઓ છે. વૃષ્ણિઓ યાદવો છે. સામાન્ય અને વિશેષ ભાવથી તે બે કહેલા છે. તેથી સામાન્ય રીતે અથવા વિશેષ રીતે (ખાસ કરીને) (તારા વિના) કોઈ અન્ય મારું હિત વિચારનાર નથી એવો અર્થ છે. 28.

'તેથી (હું વધારે હિત વિચારનાર છું તેથી) શું?' એવી આકાંક્ષા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

અતસ્ત્વામાશ્રિતઃ સૌમ્ય કાર્યગૌરવસાધનમ્॥
યથેન્દ્રો વિષ્ણુમાશ્રિત્ય સ્વાર્થમધ્યગમદ્વિભુઃ ॥29॥

હે સૌમ્ય! સમર્થ ઇન્દ્રે જેમ વિષ્ણુનો આશ્રય કરી સ્વાર્થ પ્રાપ્ત કર્યો, તેમ કાર્યના ગૌરવના સાધનરૂપ તમારો આશ્રય કરેલો હું સ્વાર્થ સિદ્ધ કરીશ (કાર્ય પાર પાડીશ). 29.

અત્યાર સુધી તું મારો આશ્રિત હતો, હવે તો હું તારો આશ્રિત થઉં છું. તમે આશ્રય કરવા યોગ્ય છો એમ દર્શાવા 'હે સૌમ્ય' એવું સંબોધન કરેલું છે. કાર્યનું ઘણું ગૌરવ છે (કાર્ય ઘણું અગત્યનું છે). તેનું સાધન (તમે થાઓ) તે માટે, અથવા તેને સાધવા માટે (તમારો) આશ્રય કરું છું, અથવા તે(કાર્ય)ના સાધનરૂપ (તમને) સાધવા માટે (તમારો આશ્રય કરું છું).

'આશ્રિતનો આશ્રય કરવો, એ યોગ્ય કેમ ગણાય?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલ છે. ઇન્દ્ર મોટો ભાઈ હતો, વિષ્ણુ ઉપેન્દ્ર (વામન) નાના ભાઈ હતા. છતાં જ્યારે દૈત્યોએ ત્રણ લોક (ઇન્દ્ર પાસેથી) હરી લીધા ત્યારે તે પાછા પ્રાપ્ત કરવા (ઇન્દ્રે) વિષ્ણુનો

(વામનનો) આશ્રય કરી (પોતાનું) કાર્ય સાધ્યું હતું. એમ સ્વાર્થ સાધવા તૈયાર થએલો હું પણ (તારો આશ્રય કરીને) સ્વાર્થ સાધીશ. ઇન્દ્ર સમર્થ પણ હતો, (છતાં તેણે એ પ્રમાણે કરેલ). તેથી કાર્ય (સિદ્ધ) કરવા (હલકાનો) આશ્રય કરવો એ નિંદિત નથી એવો ભાવ છે. 29.

તે કાર્ય નીચેના શ્લોકમાં જણાવે છે:

ગચ્છ નન્દવ્રજં તત્ર સુતાવાનકદુન્દુભેઃ॥
આસાતે તાવિહાનેન રથેનાનય મા ચિરમ્॥30॥

નંદના વ્રજમાં જા, ત્યાં આનકદુંદુભિના બે પુત્રો છે. તે બંનેને આ રથમાં બેસાડી અહિં લાવ; વિલંબ ન કર. 30.

પછી જ (પોતાના) જન્મ સમયે પણ ભગવાનના અધિષ્ઠાન તરીકે પ્રસિદ્ધ હતા, (વસુદેવના જન્મ સમયે દેવોએ નોબતો અને ઢોલ વગાડેલા તેને લક્ષ્યમાં રાખી આ કહેલ છે. તેથી જ તેમનું નામ 'આનકદુંદુભિ' પડેલું) તે આનકદુંદુભિના (વસુદેવના) બે પુત્રો રામ અને શ્રીકૃષ્ણ ત્યાં વ્રજમાં છે.

'તેથી શું? એવી આકાંક્ષા થાય, તેથી કહે છે કે 'તે બેને આ રથથી (રથમાં બેસાડી) અહિં લઈ આવ. વિલંબ ન કર'. (તે કામમાં) ઢીલ કરવી નહિ. 30.

'(તેમને બોલાવવાનું) શું પ્રયોજન?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

નિસૃષ્ટઃ કિલ મે મૃત્યુર્દેવૈર્વૈકુણ્ઠસંશ્રયૈઃ॥
તાવાનય સમં ગોપૈર્નન્દાદ્યૈઃ સાભ્યુપાયનૈઃ॥31॥

વિષ્ણુનો આશ્રય કરેલા દેવોએ (તેમને) ખરેખર! મારું મૃત્યુ સર્જેલ છે. તેથી ભેટો સાથે નંદ વિગેરે ગોપો સાથે તે બંનેને લાવ. 31.

'ખરેખર' શબ્દથી પ્રસિદ્ધિ જણાવી, 'તે બંને મારું મૃત્યુ છે' (એ વૃત્તાંત) નારદ ઋષિએ (જણાવેલ એ હકીકત કંસ) પ્રથમની પેઠે (પાછળ શ્લોક 22નાં સુબોધિનીજી જુઓ) ગુપ્ત રાખે છે. દેવોએ (મૃત્યુ) સર્જેલ છે. તેથી તે ફેરવી શકાય તેમ નથી. 'દૈત્યોએ દેવો વધ કરવા યોગ્ય છે. તો તેવા દેવોથી શું (થનાર) છે?' એમ શંકા થાય, તેથી 'વિષ્ણુનો આશ્રય કરેલા' શબ્દ યોજેલ છે. વૈકુંઠ એટલે વિષ્ણુ. એ જ સારી રીતે આશ્રય છે જેઓનો (તેવા દેવો છે), તેથી દેવોએ ભગવાનના આશ્રયથી તે (બેને મારું મૃત્યુ) કરેલ હોવાથી, (મારું) તે કાર્ય બીજી રીતે (રામ અને શ્રીકૃષ્ણને અહિં લાવ્યા વિના) સિદ્ધ થાય તેમ નથી.

પહેલાં (પાછલા શ્લોકમાં) રથમાં બેસાડી લાવ એમ કહીને પણ, (તેઓને) પોતાનું મૃત્યુ કહેલ છે તેથી કદાચ (અક્રૂર) તેમને ન લાવે એમ માની, ફરીથી 'તે બંનેને લાવ' એમ કહે છે. વધારામાં 'ગોપો સાથે લાવ' એમ કહે છે, કારણ કે કદાચ તે બધા (ગોપો) સાથે જ આવે. કદાચ બાલક હોવાથી તે ન આવે, તેથી 'નંદ વિગેરે' શબ્દોથી 'પિતા અને મિત્રો સાથે

લઈ આવ' એમ કહેલું છે. 'ભેટો સાથે' શબ્દથી (તેમને લઈ આવવાનું, બ્હાનું જણાવે છે). 'ભેટો લઈ તમારે આવવું' એમ (તારે એટલે અક્રૂરે તેઓને) કહેવું. 31.

ભગવાન્ નિર્દોષ છે એમ જણાય તે માટે, પોતાના અંતરનો અભિપ્રાય નીચેના શ્લોકમાં જણાવે છે:

ઇહાનીતૌ ઘાતયિષ્યે કાલકલ્પેન હસ્તિના॥
યદિ મુક્તૌ તતો મલ્લૈર્ઘાતયે વૈદ્યુતોપમૈ॥32॥

અહિં આણેલા તે બંનેને કાલ જેવા હાથી વડે હણાવીશ. જો તેનાથી બચશે તો વીજળી જેવા મલ્લોથી તેમનો ઘાત કરાવીશ. 32.

આ કુવલયાપીડ કાલથી કાંઈક હલકો (હિંસક) છે. તેથી તે કાલ જેવો છે. કારણ કે જે કાર્ય કાલથી સિદ્ધ થાય તે આ કુવલયાપીડથી સિદ્ધ થશે. 'કદાચ કુવલયાપીડ મદોન્મત્ત બની જતાં અસાવધ થાય, તો અંદર (રંગ મંડપમાં) પ્રવેશ કરી ભગવાન્ તને જ (કંસને જ) મારશે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહે છે. તેનાથી જો બચી જાય તો (અખાડાની) અંદર મલ્લો હશે, તેઓ વીજળી એટલે અગ્નિ જેવા છે, તેમનો (તેમનાથી છટકવાનો) ઉપાય કોઈ છે જ નહિ. તેઓ વડે હું મારું કાર્ય સાધીશ એવો ભાવ છે. 32.

ત્યાર પછી પણ જે કરવાનું છે તે નીચેના શ્લોકમાં કહે છે:

તયોર્નિહતયોસ્તપ્તાન્ વસુદેવપુરોગમાન્॥
તદ્બન્ધૂન્નિહનિષ્યામિ વૃષ્ણિભોજદશાર્હકાન્॥33॥

તે બંનેનો ઘાત થતાં વસુદેવ જેમાં મુખ્ય છે એવા સંતાપ પામેલા તેમના બંધુઓ, વૃષ્ણિ ભોજ દશાર્હ કુલના યાદવોને હણીશ. 33.

(તે બંને હણાતાં) તેઓ (વસુદેવ વિગેરે) અત્યંત સંતાપ પામશે જેથી તેમનામાં યુદ્ધ કરવાનું સામર્થ્ય જ નહિ રહે. વસુદેવ જેમનામાં મુખ્ય છે તેવા (તેઓ છે). તેમના બંધુઓ એટલે વસુદેવના બંધુઓ. વૃષ્ણિઓ ભોજો વિગેરે સર્વને (આની અંદર) ગણેલા છે. 33.

પછી ઉગ્રસેન જો કે પિતા છે, તો પણ તે દુષ્ટ છે, એમ કહેવા, તેના દોષો નીચેના શ્લોકમાં કહે છે:

ઉગ્રસેનં ચ પિતરં સ્થવિરં રાજ્યકામુકમ્॥
તદ્ભ્રાતરં દેવકં ચ યે ચાન્યે વિદ્વિષો મમ॥34॥

વૃદ્ધ એવા પિતા ઉગ્રસેન રાજ્યની કામના કરનારા છે તેનો, તેના ભાઈ દેવકનો અને બીજા જે મારા શત્રુઓ છે, તે સર્વનો (હું સંહાર કરીશ). 34.

વૃદ્ધ હોવા છતાં હજુ પણ રાજ્યની ઇચ્છા રાખે છે તેથી (મારા પિતા ઉગ્રસેનને પણ હું હણીશ). જે કોઈ મારા શત્રુઓમાં રહેશે (ભળશે) તે મને અપકાર કરનાર બનશે, માટે તેના (વસુદેવના) ભાઈ દેવકને પણ મારીશ. વળી જે કોઈ મારા શત્રુના બાંધવો છે, તથા બીજા (શત્રુઓ) છે તે સર્વનો હું સંહાર કરીશ. તેમનો સંહાર કરવાનું કારણ 'શત્રુઓ' શબ્દથી જણાવેલું છે. 34.

‘બધા હણાશે ત્યારે ભોગ થઈ શકશે નહિ, તેથી (બધાનો) નાશ કરવાથી શું લાભ?’ એવી શંકા થાય, તેથી (નીચેનો શ્લોક) કહે છે:

ततश्चैषां मही मित्र भवित्री नष्टकण्टका॥
जरासन्धो मम गुरुर्द्विविदो दयितः सखा॥35॥

પછી હે મિત્ર! જેના સર્વ કાંટાઓ નષ્ટ થયા છે તેવી (નિષ્કંટક) પૃથ્વી થશે. જરાસંધ મારો ગુરૂ છે, દ્વિવિદ મારો પ્રિય મિત્ર છે. 35.

આ પૃથ્વી કાંટા રહિત થશે. જે કોઈ રાજાઓ પૃથ્વીમાં મુસાફરો પેઠે ફરે છે તેઓમાં જેઓ મને આડે આવનારા છે, તે કાંટા છે. તેઓ નાશ પામશે ત્યારે પૃથ્વી કાંટા વિનાની બનશે. કંસની આ ઇચ્છાનું વર્ણન કરી એમ જણાવેલું છે કે જ્યારે ભગવાન્ એને મુક્તિ આપશે, ત્યારે એનો એ મનોરથ સિદ્ધ કરવો જોઈએ તે માટે ભક્તોનું હિત કરવા ભગવાન્ પૃથ્વીને (કંસને હણી) નિષ્કંટક કરશે. જો એમ ન હોય (આ તેની ઇચ્છા વર્ણન કરવાનો આવો અભિપ્રાય ન હોય) તો આ કંસના મનોરથનું વર્ણન વ્યર્થ થાય. (આ તેનાં) વચન ઉલટાં છે, તેથી તેની ઉલટી ગતિ (પરિણામ, અંત), આગળ કહેવામાં આવશે.

નિષ્કંટક થએલી ભૂમિમાં જ ભોગ સિદ્ધ થાય છે. (ભોગ સિદ્ધ કરવામાં) સહાય કરનારાઓ પણ છે, એમ ‘જરાસંધ મારો ગુરુ છે’ શબ્દોથી કહે છે. ગુરુ એટલે સાસરો તથા હિતનો ઉપદેશ કરનાર. દ્વિવિદ વાનર (હતો) તે (કંસને) ‘દયિતः’ પ્રિય હતો, અને સ્વભાવથી પણ તેનો મિત્ર હતો. 35.

શંબર વિગેરે પણ તેવા (મિત્રો) છે, એમ નીચેના શ્લોકમાં કહે છે:

शम्बरो नरको बाणो मय्येव कृतसौहृदाः॥
तैरहं सुरपक्षीयान् हत्वा भोक्ष्ये महीं नृपान्॥36॥

શંબર, નરક અને બાણ, મારા વિષે જ મિત્રતા રાખનારા છે. તેઓથી સુર પક્ષના (રાજાઓ)ને હણી હું પૃથ્વીને ભોગવીશ. 36.

(શંબરાસુર, ભૂમિપુત્ર નરકાસુર તથા બાણાસુર) મારામાં જ (મિત્રતા રાખનારા છે;) બીજામાં રાખતા નથી. જો એમ ન હોય તો (જો તેઓ બીજા કોઈ અસુરમાં મિત્રતા રાખતા હોય તો) અસુરોમાં પણ પરસ્પર કજીઓ થતાં, ભોગ (મોજમજાહ કરવાનું) થાય (રહે) નહિ, તેથી (તેઓ) મારામાં જ (મિત્રતા રાખે છે), એમ જણાવવા માટે ‘એવ’ ‘જ’ શબ્દ યોજ્યો છે. જેઓએ (મારી સાથે) મિત્રતા કરેલી છે તેવા (તેઓ છે). પહેલાં પણ તેઓએ મારા ઉપર ઉપકાર કર્યો છે અને આગળ ઉપર તેઓ ઉપકાર કરશે એવો અર્થ છે.

‘દેવપક્ષમાં ઘણા છે, તું એકલો તેમનું નિવારણ કેવી રીતે કરીશ?’ એવી શંકા થાય, તેથી ‘તેઓથી હું (સુરપક્ષનાને હણી)’ શબ્દો યોજેલા છે, તેઓ (શંબર વિગેરે) ભોગ પ્રાપ્ત કરવામાં પણ મને મદદ કરનારા છે, અને શત્રુઓનું નિવારણ કરવામાં પણ (મારા સહાય જ છે).

પહેલાં આ ભૂમિ, રાજ્ય અને સ્વર્ગ પણ દૈત્યોનાં જ હતાં, તેથી જ તેઓ (દૈત્યો) પહેલાં દેવો હતા. બ્રાહ્મણો જેમ રહેલા દેવો તો (તેમના) પુરોહિતની પેઠે રહેલા હતા. પાછળથી યજ્ઞો વિગેરેથી તેમનું (દૈત્યોનું) નિવારણ કરી (હરાવી) ભગવાનનું આરાધન કરી, નિત્ય સૃષ્ટિના પ્રકારે1 વેદ પ્રાપ્ત કરી પછી દેવો (પૃથ્વી વિગેરેના પતિ) થયા. માટે તેઓ (દેવો) કૃત્રિમ જ છે પરંતુ કુદરતી નથી. તેથી જ કાલ તેમનો (દૈત્યોનો) પણ પક્ષપાત કરે છે, તેમ હમણાં પણ કરશે; એવો તેનો મનોરથ છે. 'રાજાઓને' એટલે યુધિષ્ઠિર વિગેરેને (હું હણીશ), તેથી (દેવો સાથેના) વિરોધ(લડાઇનું) કાર્ય શાંત રીતે પતી જશે માટે તારે ભય રાખવો નહિ. 36.

1.દૈત્યો રાજા હતા, તેમના પુરોહિત બ્રાહ્મણો જેવા દેવો હતા. તે દેવોએ વિચાર કર્યો કે હમણાં દૈત્યો રાજા છે, પરંતુ નિરંતર સૃષ્ટિમાં એમ કેમ હોઈ શકે? એટલે તેમણે વેદમાં યજ્ઞો વડે દૈત્યોનો પરાજય જોયો. જેથી યજ્ઞો વડે તેમનો પરાભવ કરીને રાજ્ય પ્રાપ્ત કર્યું. આસુર કલ્પમાં પ્રથમ દૈત્યોનું જ રાજ્ય હતું. કંસ અસુર હોવાથી, અસુરોના મત પ્રમાણે આ કહે છે. (લે).

એતત્ જ્ઞાત્વાનય ક્ષિપ્રં રામકૃષ્ણાવિહાર્ભકૌ॥
ધનુર્મખનિરીક્ષાર્થં દ્રષ્ટું યદુપુરશ્રિયમ્॥37॥

આ જાણીને રામ અને કૃષ્ણ બંને બાલકોને ધનુર્યાગ જોવા તથા યાદવોની નગરીની શોભાનું અવલોકન કરવા માટે અહિં સત્વર લઈ આવ. 37.

પરંતુ આ જાણીને તરત જ લઈ આવ. 'રામ અને કૃષ્ણ સમર્થ છે, મારાથી તેમને કેમ લાવી શકાય ?' એવી શંકા થાય, તેથી 'બાલકો શબ્દ યોજેલ છે. બાલકો નિરંતર જ્યાં ત્યાં કૌતુક જોવા માટે આવે છે. તેમના સ્થાનમાં મારો વિચાર કહેવો નહિ, પણ ધનુષનો યજ્ઞ જોવા તથા યાદવોની નગરી એટલે મથુરાની શોભા જોવા (ચાલો એમ કહેવું).

અક્રૂર મિત્રને દગો નહિ દે એમ માની, કંસે તે (પોતાનો સર્વ આશય) તેને કહેલો છે. આ અક્રૂર દ્વિસ્વભાવવાળો1 જીવ છે. (1)સાત્ત્વિક અને (2)કાર્યસિદ્ધ કરવા દૈત્યના આવેશવાળો. તેમ ન હોત તો (દેવપક્ષનો જ હોત તો) કંસ તેને (આમ) ન કહેત, તેમ જ તેને દૈત્યો પર પ્રીતિ પણ ન હોત; તેમ જ તેમણે (દૈત્યોએ) આપેલા વિષયોનો ઉપભોગ પણ તે ન કરત. આમ હોવાથી જ તે (કંસનુ) કાર્ય કરે તેમાં વિરોધ થતો નથી. અને (આગળ ઉપર આવતા) સ્યમંતક મણિના પ્રસંગનો (શતધન્વાએ ઘરમાં નાખેલા મણિને અક્રૂરે પોતાની પાસે રાખ્યો અને શ્રીકૃષ્ણને પાછો ન આપ્યો એનો) પણ વિરોધ થતો નથી. 37.

1.આ દ્વિસ્વભાવવાળો એટલે ઘડીક આ વિચારનો અને ઘડીક બીજા વિચારનો; કોઈવાર દૈત્યપક્ષનો અને કોઈવાર દેવપક્ષનો.

(અક્રૂર) દ્વિસ્વભાવવાળો હોવાથી, તેને (કંસને) નીચેના શ્લોકમાં સમજાય નહિ તેવો પ્રત્યુત્તર આપે છે:

॥અક્રૂર ઉવાચ॥ અક્રૂર કહે છે:

રાજન્ મનીષિતં સમ્યક્ તવ સ્વાવદ્યમાર્જનમ્॥
સિદ્ધ્યસિદ્ધ્યોઃ સમઃ કુર્યાત્ દૈવં હિ ફલભાવનમ્॥38॥

હે રાજન્! પોતાના દોષને ધોઈ નાખનારું એવું તમારું વિચારેલું તો સારું છે, તે સિદ્ધ થાય કે નહિ તે બંને (પ્રસંગો)માં સમાન રહી કરવું જોઈએ; કારણ કે દૈવ જ ફલ પ્રાપ્ત કરાવનાર છે. 38.

રાજાની આજ્ઞા અવશ્ય માનવા યોગ્ય છે, એમ દર્શાવવા તથા (રાજા માટે) સ્નેહ દર્શાવવા (અક્રૂર) 'હે રાજન્!' એવું સંબોધન કરે છે. (તેં) જે વિચાર કર્યો તે સારો જ છે. તે પણ તારો વિચાર છે, મારો નથી. 'પોતાના દોષને ધોઈ નાખનારો' શબ્દથી તે સારો હોવાનું કારણ કહેલું છે, તેથી લોકની દષ્ટિમાં તમારો અપરાધ જણાશે નહિ. આથી1 એમ જણાવેલું છે કે કાલ (સર્વનો) રાજા છે, તું તો (તેનો) સેવક છો. જો એમ ન હોય તો આ (કંસ) ભય કેમ પામે? ભ્રમને લીધે લોકો ઊંધી પ્રવૃત્તિ કરે2 તો કાલ તેમને જ દુષ્ટ જાણે, એટલે તને દંડ ન કરે. (કંસે) દૈત્યના સિદ્ધાંતનું અવલંબન કર્યું છે, એટલે શાસ્ત્ર પ્રમાણે પણ તેને વિરોધ આવતો નથી, કારણ કે દેવોના રાજ્યમાં જ દેવોનો અધિકાર હોવાથી (ત્યાં જ) તેમના કહેલા નિયમ પ્રમાણે નરક કે સ્વર્ગ પ્રાપ્ત થાય; પરંતુ જ્યાં દૈત્યોનો અધિકાર હોય ત્યાં તેવું (દેવોના કહેલા નિયમ પ્રમાણે સ્વર્ગ અથવા નરકની પ્રાપ્તિ) થાય નહિ. એમ ન હોય તો દૈત્યોથી દેવોનો પરાજય થાય નહિ. (સૂર્ય વિગેરે) ગ્રહો તો સાધારણ (દેવો તથા દૈત્યોને સમાન) છે. તેથી (તમે કરેલો) વિચાર બરાબર છે એમ કહેવામાં વિરોધ નથી.

આ અક્રૂર સર્વ સિદ્ધાંત જાણનાર છે. કાલની વ્યવસ્થા આ (નીચે પ્રમાણે) છે. ભગવાન્ સર્વ પ્રકારના (દેવો તથા દૈત્યોને સમાન) છે, તેથી ભગવચ્છાસ્ત્રનો વિરોધ આવતો નથી. એમ ન હોય તો (ભગવાન્ દૈત્યોના શત્રુ હોય તો) દૈત્યોની 'વાચનિકી' કહેવામાં આવે છે તેવી મુક્તિનો પણ બાધ થાય અને (દેવો તથા દૈત્યોના) વિરુદ્ધ મતોમાં પણ (ભગવાનનો) પ્રભાવ જણાય નહિ. કાલના ગૃહમાં પ્રવેશ કરીને ભગવાન્ કાલના પંજામાં સપડાએલા પોતાના ભક્તોનો ઉધ્ધાર કરીને તેમને (કાલ પાસેથી) લઈ જાય છે, તેથી ભગવાનના સંબંધવાળો દેશ કાલથી પર છે. તેથી વ્યવહાર માટે બધાએ કાલથી ભય પામે છે, અને ભગવાન્ કાલને છેતરીને જ ભક્તોને (તેની પાસેથી) લઈ જાય છે; અને પોતે કાલરૂપ થાય છે. તેથી ભગવાનનો અવતાર કાલનું અતિક્રમણ કરવા સારુ જ છે, એમ ભગવાનનું પ્રમેયબલ સિદ્ધ થાય છે. પ્રમાણબલ સર્વને જણાય છે, જો તેમ ન હોય તો , દેવો બ્રાહ્મણો તથા ધર્મની પ્રતિષ્ઠા રહે નહિ.

મધ્યનો કાલ બે પ્રકારનો છે. તેથી (1)દેવ અને (2)દૈત્ય એવા બે વિભાગ થાય છે. મૂલભૂત કાલ એ તો સર્વને સમાન છે. તેથી પ્રમાણબલ મધ્ય ભાવમાં (મધ્યના કાલમાં) જ રહેલું છે. પ્રમેયબલ તો મૂલ કાલનું પણ ઉલ્લંઘન કરાવે છે; એવું સિદ્ધાંતનું રહસ્ય છે. તેથી આ (કંસે) દૈત્યોના સિદ્ધાંતનું અવલંબન કરેલું છે, તેથી (તેના) સિદ્ધાંત પ્રમાણે તેણે સારી રીતે જ અવલંબન કરેલું છે. તેથી (દેવ અને દૈત્ય) એમ બંનેની સાથે (કાલને) સંબંધ હોવાથી,

મૂલકાલ કોને અનુકૂલ છે તે જાણવું અશક્ય હોવાથી, એ બંનેમાંથી એક સિદ્ધાંત ફલશે નહિ એવો સિદ્ધાંત (કંસને) 'સિદ્ધ થાય કે ન થાય, તે બંને (પ્રસંગો)માં સમાન રહી કરવું' શબ્દોથી કહે છે. સર્વ સિદ્ધાંતને જાણનાર પ્રાણીએ જે કાર્ય કરવાનું હોય તેમાં (ફલ પ્રાપ્ત કરવાનો) આગ્રહ ન કરવો, કેમ કે કાલના ઉપર પ્રમાણે બે પ્રકાર હોવાથી (પ્રાણી) પોતે પ્રયત્ન જ કરી શકે, પણ ફલ (પ્રાપ્ત કરી શકે) નહિ. ફલ મળવું એ દૈવને આધીન છે એમ 'દૈવ જ ફલ પ્રાપ્ત કરાવનાર છે' શબ્દોથી કહે છે. દૈવ જ ફલ પ્રાપ્ત કરાવે છે. આથી બંને પક્ષને સરખા કહેલા છે. 38.

1.'આથી' એટલે અપરાધ ન જણાય તેવો વિચાર કંસે જણાવ્યો તેથી; તેને કાલનો ભય છે એમ સૂચવેલું છે એવો ભાવ છે. (લે)

2.ઉપર નોટ 1 માં જણાવેલ ભાવાર્થ જ અહિં સ્પષ્ટ કરે છે. તું (કંસ) તો કાલનો સેવક જ છે. (છતાં) લોકો તને રાજા જાણશે, તેથી કાલ તેમને જ (લોકોને જ) દંડશે (તને દંડશે નહિ) એવો ભાવ છે. (લે)

કંસે લોકમાં પોતાનો દોષ ન જણાય તેનો ઉપાય ઉપર દર્શાવ્યો, તેથી તેને કાલનો ભય છે એમ સૂચવ્યું. તેમ ન હોય, એટલે કંસને કાલનો ભય ન હોય તો એ રામ અથવા શ્રીકૃષ્ણથી શા માટે ભય પામે? ભય ન પામતો હોય તો તેમનું અનિષ્ટ કરવા પ્રવૃત્તિ પણ ન કરે. છતાં લોકો ભ્રમથી ઊંધી પ્રવૃત્તિ કરે એટલે કંસે તેમનું અનિષ્ટ કરાવ્યું એમ ખોટી રીતે માને, તો કાલ લોકો જ દુષ્ટ છે એમ માને, પણ કંસનો દંડ ન જ કરે એવો અર્થ હોવાનું જણાય છે.

એવું (કાલ દૈત્યોને તથા દેવોને સમાન રીતે અનુકૂલ હોવાનું) અન્ય સમયે હોય છે, પણ હાલમાં તો ભગવાન્ પ્રકટ થયા છે; એટલે બીજા પક્ષની (કાલ દેવોને અનુકૂલ હોવાની) મુખ્યતા છે, તેથી આ કંસે વિચારેલો મનોરથ વૃથા જ છે; એમ વિશેષ રીતે નીચેના શ્લોકમાં જણાવે છે:

મનોરથાન્ કરોત્યુચ્ચૈર્જનો દૈવહતાનપિ॥
યુજ્યતે હર્ષશોકાભ્યાં તથાપ્યાજ્ઞાં કરોમિ તે॥39॥

જન ઊંચા દૈવે હણેલા પણ મનોરથોને કરે છે (અને) હર્ષ તથા શોક પ્રાપ્ત કરે છે. તો પણ તમારી આજ્ઞા પ્રમાણે હું કરીશ. 39.

ઊંચા એટલે પોતાને યોગ્ય (મનને ફાવે તેવા), કારણ કે આ (મનોરથ સિદ્ધ થશે કે નહિ તેનો) સર્વેશ્વર (ભગવાન્) વિચાર કરી શકે. દૈવ વડે હણાએલા શબ્દથી તેનો (જનનો) અલ્પ પણ મનોરથ સિદ્ધ થતો નથી એમ કહેલું છે; કેમ કે જ્યારે ભગવાને અવતાર લીધો ત્યારથી જ (તે) કંસ વિગેરેને મારવાના જ છે, તેથી ભગવાને જે મનોરથોને હણેલા જ છે, તે મનોરથો આ (કંસ) કરે છે, તેથી તે ભ્રાંત જ છે. વળી તે 'જન:' એટલે પોતે જ જન્મેલો છે. જો તેનો મનોરથ કોઈ પણ સમયે સિદ્ધ થવાનો હોત, તો તે બીજાના ગર્ભમાં કેમ ઉત્પન્ન થાત? અથવા કોઈના મલરૂપ વીર્યનો આશ્રય તે કેમ કરત? માટે જે મનોરથ કરવો, તે પોતાના

(સ્વરૂપનો) વિચાર કરીને જ કરવો. એમ ન કરે (એવો વિચાર કર્યા વિના મનોરથ કરે) તો હર્ષ અને શોક પ્રાપ્ત થાય, કારણ કે ભગવાન્ કોઈ સમયે (મનોરથ) સિદ્ધ કરે (ત્યારે હર્ષ થાય) અને કોઈ સમય (મનોરથ) સિદ્ધ ન કરે (ત્યારે શોક થાય). જો કે આ પ્રમાણે જણાય છે, છતાં પણ તારી આજ્ઞા પ્રમાણે કરું છું, કારણ કે તેમ ન કરું તો મારું પોતાનું અને તારું કાર્ય સિદ્ધ થાય નહિ. 39.

એવાં એકબીજાનાં વચનો જણાવી, બંને પોતપોતાના સ્થાનમાં ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છે:

॥શ્રીશુકઉવાચ॥ શ્રી શુકદેવજી કહે છે:

એવમાદિશ્ય ચાક્રૂરં મન્ત્રિણશ્ચ વિસૃજ્ય સ: ॥
પ્રવિવેશ ગૃહં કંસસ્તથાક્રૂર: સ્વમાલયમ્॥40॥

એમ અક્રૂરને આજ્ઞા કરી અને મંત્રીઓને વિદાય કરી, તે કંસે ગૃહમાં પ્રવેશ કર્યો; તેમ જ અક્રૂર પોતાના ઘેર ગયો. 40.

અક્રૂરનાં વચનનો કંસે કાર્યમાં વ્યગ્ર હોવાથી વિચાર જ ન કર્યો. તેથી તેના (કંસના) જ કાર્યને જણાવીને, આ શ્લોકથી ઉપસંહાર કરે છે. શ્લોકમાં 'ચ' 'અને' શબ્દ છે તેથી (એમ કહ્યું છે કે) કેશીને, હસ્તિના પાલકોને, ગામડાના જનોને આમંત્રણ આપવા માટે રોકાએલાઓને, અને મંત્રીઓને મૂકી દઈ એટલે તેમને બહાર જ રાખીને (કંસે) પોતે અંત:પુરમાં પ્રવેશ કર્યો. તેમ જ અક્રૂર પોતાના ઘેર ગયો. તેથી તે દિવસે ઘરથી બહાર નીકળવાનું બન્યું નથી.

અંત:પુરમાં રહેલો કંસ તે વિષયનો વિચાર કરશે અને આ (અક્રૂર) પણ પોતાના ઘેર જઈ, (ગોકુલ) જવાના ઉપાય તથા પ્રકારનો વિચાર કરશે. આ રાજસ પ્રકરણના ત્રીજા (35મા) અધ્યાયમાં તેનું (અક્રૂરનું) કાર્ય તથા (તેનો) વિચાર કહેવામાં આવશે. 40.

ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટસુત શ્રીમદ્વલ્લભદિક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીનાં દશમા સ્કંધના વિવરણમાં ત્રેવીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.

અધ્યાય 34મો

॥અથ ચતુસ્ત્રિંશોડધ્યાય:॥ અધ્યાય ચોત્રીસમો

ચતુસ્ત્રિંશે પ્રેષિતસ્ય તામસસ્ય નિરૂપ્યતે॥
કાર્યં વાક્યાનિ ચ ઋષેર્લીલાં કાઞ્ચિત્ હરે: પ્રિયામ્॥કા.1॥

ચોત્રીસમા(અધ્યાય)માં (કંસે) મોકલેલા તામસ (કેશી)ના કાર્યનું, ઋષિના વાક્યોનું અને હરિને પ્રિય કોઈ એક લીલાનું નિરૂપણ કરવામાં આવે છે. કા.1.

હેતુકાર્યફલાન્યત્ર પૂર્વવદ્ બોધિતાનિ હિ॥
કારણ1, કાર્ય2 અને ફલ3 અહિં પહેલાંની પેઠે જણાવેલાં છે.કા.1II.

કેશ્યાગમનકાર્યં તુ ઋષિવાક્યાન્ન ચાન્યથા॥કા. 2॥
વધે ન જાતે નાગચ્છેદનર્થં કૃતવાનિતિ ॥
વધો નિદર્શનં તસ્માદતો વાક્યાનિ બોધને॥કા. 3॥

કેશીનું (ગોકુલ) આવવાનું કાર્ય તો ઋષિ(નારદ)ના વાક્યને4 લીધે થએલું, બીજા કોઈ કારણથી (થયું) ન હતું. (કેશીનો) વધ થયો ન હોત તો (નારદે) અનર્થ કરેલ હોવાથી (તે) ન આવત5. તેથી (કેશીનો) વધ નિદર્શન6 છે. તેથી (ભવિષ્યમાં કરવાનાં કાર્યો) જણાવવા માટે6 (નારદે) વાક્યો (કહેલાં છે). કા.3.

1.'કારણ' એટલે ઋષિ નારદને ગોકુલ આવવાનું કારણ, કેશીનો વધ. (લે)
2.'કાર્ય' એટલે ઋષિ નારદનું ગોકુલ આવવું. (લે)
3.'ફલ' એટલે પછી જે લીલા ભગવાને કરી તે. (વ્યોમાસુરનો વધ). (લે)
4.તેત્રીસમા અધ્યાયના શ્લોક 17માં નારદે કંસને કહેલાં વાક્યો.
5.નારદે કંસને કહેલ વાક્યોથી કેશી ગોકુલ આવ્યો. તેથી નારદે એ વાક્યો કહી અનર્થ જ કર્યો. તેથી જો ભગવાને કેશીને હણ્યો ન હોત તો નારદ ગોકુલ ન આવત. તેથી ઋષિ નારદ ગોકુલ આવ્યા તેનું કારણ કેશીનો વધ છે, એવો અર્થ છે. (લે)
6.ભગવાને કેશીનો વધ કર્યો એ ભગવાનના સામર્થ્યનું નિદર્શન (પુરાવો) છે. તેથી નારદે ભગવાનનું સામર્થ્ય જાણી, તેમણે હવે શુંશું કરવાનું છે તે જણાવનારાં વાક્યો તેમને કહ્યાં. (લે)

બોધિતશ્ચેદ્ધરિર્લીલાં ન કુર્યાત્ સ્વેચ્છયા મુદા॥
તદા પ્રમેયરીતિર્હિ દુર્બલૈવ ભવેત્ સદા॥કા. 4॥

જણાવવા છતાં જો હરિ પોતાની ઇચ્છાથી આનંદથી લીલા ન કરે તો પ્રમેયની રીતિ (પદ્ધતિ સદા દુર્બલ જ રહે). કા.4.

અત: ફલાર્થં લીલા હિ પૂર્વજાતા નિરૂપ્યતે॥
સિંહાવલોકનં ચાપિ કરિષ્યતિ હરિ: સ્વયમ્॥કા. 5॥

તેથી ફલ માટે પહેલાં થએલી લીલાનું નિરૂપણ કરવામાં આવે છે,7 અને હરિ પોતે પણ સિંહાવલોકન કરશે.8 કા.5.

અતો ન ગોકુલે ચિંતા કાપીત્યપિ નિરૂપ્યતે॥
કેશી હતો ગુણૈ: કૃત્વા તથા વ્યોમ ઋષિ: પુન: ॥કા. 6॥
કલામાત્રમુવાચેતિ નવ ષોડશ વૈ નવ॥

તેથી ગોકુલમાં જરા પણ ચિંતા નથી એવું પણ નિરૂપણ કરવામાં આવે છે. કેશીને ગુણોને લીધે9 હણ્યો તેમ જ વ્યોમાસુરને10 (હણ્યો). વળી, ઋષિએ માત્ર કલાઓ કહી તેથી નવ9, સોળ અને નવ11 (શ્લોકો) છે. કા.6II.

7.'પહેલાં કરેલી લીલા' એટલે કેશીના વધની લીલાનું પહેલાં શ્લોક 15માં નારદ નિરૂપણ કરે છે.
8.છત્રીસમા અધ્યાયના શ્લોક 4 થી 7.
9.ગુણો ત્રણ છે, પરંતુ દરેકના ત્રણત્રણ ભેદો લઈએ તો 'સત્ત્વસત્ત્વ સત્ત્વરજસ્ સત્ત્વતમ:, રજ:સત્ત્વ રજોરજસ્ રજસ્તમ: તમ:સત્ત્વ તમોરજસ્ તમસ્તમ:' એમ નવ ગુણો થાય. તેથી આ કેશી તથા વ્યોમાસુરના વધની કથાઓ નવનવ શ્લોકોથી કહેલી છે.
10.કેશીનો વધ, નારદનાં વચનો અને વ્યોમાસુરનો વધ એ ત્રણ કથા અનુક્રમે 9, 16 અને 9 શ્લોકોથી આ અધ્યાયમાં કહી છે તેથી અહિં 'કેશીને હણ્યો તેમ જ વ્યોમાસુરને હણ્યો' એમ કહેલું છે ત્યાં એ ક્રમની દરકાર રાખ્યા વિના કહેલું છે. (લે)
11.અહિં નોટ 10માં જણાવેલ ક્રમ પ્રમાણે શ્લોકોની સંખ્યા કહેલી છે. (લે)

॥શ્રીશુક ઉવાચ॥ શ્રીશુક કહે છે:

કેશી તુ કંસપ્રહિત: ખુરૈર્મહીં મહાહયો નિર્દરયન્ મનોજવ: ॥
સટાવધૂતાભ્રવિમાનસઙ્કુલં કુર્વન્નભો હેષિતભીષિતાખિલ: ॥1॥
વિશાલનેત્રો વિકટાસ્યકોટરો બૃહદ્ગલો નીલમહામ્બુદોપમ: ॥
દુરાશય: કંસહિતં ચિકીર્ષુર્વ્રજં સ નન્દસ્ય જગામ કમ્પયન્॥2॥

કંસે મોકલેલો, મનના જેટલી ઝડપવાળો, હણહણાટથી જેણે સર્વને ભયભીત કરેલાં છે તેવો, વિશાળ નેત્રોવાળો, ભયાનક મુખરૂપી કોતરવાળો, મોટાં ગળાવાળો, કાળાં મોટાં વાદળાંને જેની ઉપમા અપાય તેવો, દુષ્ટ અંત:કરણવાળો તે મોટો અશ્વ કેશી તો ખરીઓથી

પૃથ્વીને ખોદતો, કેશવાળીથી ઉડાડી મૂકેલાં વાદળાંઓ અને વિમાનોથી આકાશને ભરી મૂકતો, કંસનું હિત કરવા ઇચ્છતો, નંદના વ્રજને કંપાવતો (ત્યાં) ગયો. 1-2.

ગયા અધ્યાયમાં (શ્લોક 20માં) '(કંસે) કેશીને મોકલ્યો' એમ કહેલું છે. તેણે આવી (જે) કૃત્ય (કર્યું તે) અહિં નવ શ્લોકોથી કહેવામાં આવે છે. પહેલાંના દૈત્યો પેઠે કેશીનું આગમન (થયું) નથી એમ કહેવા, 'કેશી તો' શબ્દોથી જુદો પ્રકાર કહેલો છે. બીજાઓને પહેલાં સામાન્ય રીતે આજ્ઞા કરવામાં આવેલી, પરંતુ કેશીને (તો) કંસે ખાસ નિશાનીથી (ખાસ કાર્ય સોંપી) મોકલેલો. તે સમયે તે વ્યોમાસુરની પેઠે જ12 ખરીઓથી પૃથ્વીને ખોદતો (ગોકુલ) આવ્યો. 'નિર્દરયન્' એટલે ખોદી નાખતો.

'કેશી રાક્ષસ હતો, તેને ખરીઓ ક્યાંથી હોય?' એવી શંકા થાય, તેથી 'મોટો અશ્વ' શબ્દ યોજેલ છે. આ મોટો અશ્વ હતો.

'સંધ્યા સમયે (તેને) આજ્ઞા કરવામાં આવેલી. તે તરત કેવી રીતે આવ્યો?' એવી શંકા થાય, તેથી 'મનના જેટલી ઝડપવાળો' વિશેષણ યોજેલું છે. પહેલાં- (મોકલેલા રાક્ષસો)ની પેઠે આનું પણ સામર્થ્ય કહે છે. 'કેશવાળીથી ઉડાડી મૂકેલાં વાદળાંઓ અને વિમાનો, તેઓથી ભરાઈ ગએલું આકાશને કરતો એ' પ્રમાણે તેની કાયાનું કાર્ય કહેલું છે. 'હણહણાટથી જેણે સર્વને ભયભીત કરેલા છે' એમ તેની વાણીનું કાર્ય કહેલું છે. 'હેષિત' હણહણાટ અશ્વનો અવાજ છે, તેનાથી જ ભયભીત કરેલ છે સર્વને જેણે (તેવો તે હતો). આ (કેશી) દૈત્યોને પણ ભય ઉત્પન્ન કરનારો હતો, એમ જણાવવા ('સર્વને' એમ) સાધારણ (શબ્દ) યાજેલો છે.

12.જેમ વ્યોમાસુરે પૃથ્વીમાં ગુફા બનાવેલી, તેમ આ કેશી પણ પૃથ્વીને ખોદતો જ આવ્યો, એવી બંનેમાં સમાનતા હોવાથી જ અને તેઓ ગુણવાળા (ગુણોથી લેપાએલા) હોવાથી, નવનવ શ્લોકોથી તેમના વધની કથા કહેલી છે, એવો ભાવ છે. (લે)

(1) તેની ક્રિયા વિના પણ રૂપ જોઈને જ સર્વ ભય પામે છે એમ જણાવવા, 'વિશાળ નેત્રોવાળો' (વિગેરે)થી (તેનાં) રૂપનું વર્ણન કરે છે. 'વિશાળ છે બે નેત્રો જેનાં' (તેવો તે હતો). આ વિશાળતા ભયાનક હતી એમ પ્રકરણને લીધે જાણવું. 'ભયાનક હતું મુખરૂપી કોતર જેનું', 'મોટું હતું ગળું જેનું' 'કાળું જે મોટું વાદળું તેને અપાય ઉપમા જેની' (તેવો તે હતો). (કેશી) કાળાં વાદળાં કરતાં પણ અધિક (મોટો) હોવાથી, (એવાં વાદળાંને પણ) જેની ઉપમા અપાય તેવો હતો એમ જણાવવા 'ઉપમા13' શબ્દ યોજેલો છે. એક14 (વિશેષણ)થી (તેનો) રંગ કહેલો છે. મુખમાં ત્રણ ગુણો રહેલા હોવાથી, તે જણાવવા (1)બે નેત્રો, (2)મુખ અને (3)ગળાનું15 વર્ણન કરેલું છે.

'દુષ્ટ અંત:કરણવાળો' વિશેષણથી તેના અંદરના દોષ કહેલા છે. સ્વભાવથી જ (તેનું) અંત:કરણ દુષ્ટ હતું, પરંતુ હમણાં તો (તે) ઘણું જ દુષ્ટ હતું, એમ 'કંસનું હિત કરવા ઇચ્છતો' વિશેષણથી કહેલું છે. તેથી તે ઉપદ્રવ કરવા માટે જ નંદના વ્રજે ગયો. 2.

13.વાદળાંને કેશીની ઉપમા અપાય, પરંતુ કેશીને વાદળાંની ઉપમા ન અપાય, મુખને ચંદ્રની ઉપમા અપાય છે, કારણ કે ચંદ્રમાં મુખથી અધિક ગુણો જોવામાં આવે છે. તેવી રીતે એવાં વાદળાં કરતાં કેશીમાં આધિક્ય હોવાથી, વાદળાંને તેની ઉપમા અપાય. (લે) 'નીલમહામ્બુદં ઉપમા યસ્ય' એમ આ સમાસ છોડતાં 'ઉપમા' શબ્દ આવે છે તે આવો અર્થ જણાવવા યોજાએલ છે. આ બહુવ્રિહી સમાસ હોવાથી 'ઉપમા' શબ્દનો 'ઉપમ' શબ્દ રહેલ છે.
14.'કાળાં મોટાં વાદળાંને જેની ઉપમા અપાય તેવો' વિશેષણથી. (લે)
15.નોટ 14માં જણાવેલા વિશેષણ પહેલાંના ત્રણ વિશેષણોથી તેના (મુખના) ત્રણ ગુણોનું વર્ણન કરેલું છે એમ કહેલ છે. (લે)

તે (કેશી) તો તરત જ કાર્ય (ગોકુલને ઉપદ્રવ) કરશે એમ ભગવાને પ્રથમથી જ જાણી, તેનું કાર્ય (થાય તે) પહેલાં જ તેને પડકાર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:

तं त्रासयन्तं भगवान् स्वगोकुलं तद्धेषितैर्बालविधूर्णिताम्बुदम्॥
आत्मानमाजौ मृगयन्तमग्रणीरुपाह्वयन् स व्यनदन्मृगेन्द्रवत्॥3॥

પ્રસિદ્ધ, હણહણાટોથી પોતાના ગોકુલને ત્રાસ આપતા, પૂંછડાથી વાદળાને ભમાવતા (અને) સંગ્રામમાં પોતાને શોધતા તેને પડકારતાં તે નાયક ભગવાને સિંહ પેઠે ગર્જના કરી. 3.

તે (કેશી) આવતાં જ, (તેનું) રૂપ જોઈને જ (ગોકુલમાં સર્વને) ત્રાસ થયો. (શ્રીકૃષ્ણમાં કેશીને) હણવાનું અને (તે શું કાર્ય કરવાનો છે તે) જાણવાનું સામર્થ્ય છે, એમ જણાવવા 'ભગવાન્' શબ્દ યોજેલો છે. (શ્રીકૃષ્ણ) ક્લેશ વિના કાર્ય કરનાર હોવા છતાં તેમણે તેમ કર્યું (કેશીને પડકાર્યો) તેનું કારણ 'પોતાના ગોકુલને' શબ્દથી કહેલું છે, કારણ કે (જેને કેશી ત્રાસ આપતો હતો તે) પોતાનું ગોકુલ હતું; અથવા 'स्वाः' પોતાના (સેવકો) અને 'गावः' ગાયો તેઓનું કુલ (સમૂહ) પણ હતું. (તેને તે તેના) પ્રસિદ્ધ હણહણાટો જે દેવોને પણ ભય ઉત્પન્ન કરતા હતા (તેમનાથી ત્રાસ આપતો હતો).

'પૂંછડાથી વાદળાને ભમાવતા' વિશેષણથી તરત જ પડકારવાનું કારણ કહેલું છે. '(જેના) પૂંછડાના ફેરવવાથી ઘણાં ભમાવેલાં અથવા ભેગાં થએલાં છે વાદળાંઓ જેના' (તેવો તે હતો). જ્યારે માત્ર પૂંછડાંને ફેરવવાથી જ એ પ્રમાણે ઘણો અનર્થ થતો ત્યારે (ભગવાન્) જરા પણ વિલંબ કરે તો ઘણો જ અન્યાય થાય, તેથી (ભગવાને તેને તરત જ પડકાર્યો).

'ઓચિંતા આવીને તેણે ગોકુલનો સંહાર કેમ ન કર્યો?' એવી શંકા થાય, તેથી 'સંગ્રામમાં પોતાને શોધતા' વિશેષણ યોજેલું છે. તે ગોકુલનો સંહાર કરવા આવ્યો ન હતો, પરંતુ ભગવાનની સાથે યુદ્ધ કરવા આવ્યો હતો. 'શ્રીકૃષ્ણ ક્યાં છે?' એમ 'આજૌ' સંગ્રામમાં 'આત્માનં' ભગવાનને શોધતો (આવ્યો હતો).

'જેમનાથી કંસ ભય પામે છે તેવા (ભગવાન્) સામે તેણે એવી ઉદ્ધતાઈ કેમ કરી?' એવી શંકા થાય, તેથી 'सः' 'તે' કેશી પ્રસિદ્ધ હતો, એમ કહેલ છે તેથી જ મૃગેન્દ્ર એટલે સિંહની પેઠે તેણે ગર્જના કરી, કારણ કે તે બીજાઓને હાથીઓ જેવા માનતો હતો.

‘(ભગવાને) બલભદ્રને કેમ ન મોકલ્યા?’ તેનું કારણ ‘નાયક’ શબ્દથી કહેલું છે. ભગવાન જ નાયક હતા, કારણ કે ભગવાન્ ઉપદ્રવોને પ્રથમ જ દૂર કરતા હતા.

અથવા (કેશીને) પડકારતાં તે ભગવાને જ (સિંહ પેઠે) ગર્જના કરી. 3.

ભગવાનનો પડકાર સાંભળીને (કેશીએ) જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે; અથવા પહેલાં ભગવાનનાં દર્શન કરીને જ તેણે ગર્જના કરી, (અને) પછી (તેમનું) વચન સાંભળી જે તે કરવાનો છે તેનું આગળ (નીચેના શ્લોકમાં) નિરૂપણ કરવામાં આવે છે:

સ તન્નિશમ્યાભિમુખો મુખેન ખં પિબન્નિવાભ્યદ્રવદત્યમર્ષણ: ॥
જઘાન પદ્ભ્યામરવિન્દલોચનં દુરાશયશ્ચણ્ડજવો દુરત્યય: ॥4॥

ઘણા ક્રોધવાળો તે, તે સાંભળીને જાણે કે મુખથી આકાશનું પાન કરતો હોય તેમ સામો દોડ્યો-આવ્યો. દુષ્ટ અંત:કરણવાળા, પ્રચંડ વેગવાળા અને જેનાથી છટકી ન શકાય તેવા તેણે કમલ જેવા નેત્રવાળા(ભગવાન)ને બે પગોથી પાટુ મારી. 4.

તે કેશી ‘તે’ એટલે ભગવાનનું વાક્ય સાંભળીને, મુખથી જાણે કે આકાશનું પાન કરતો હોય તેમ ખુલ્લા મુખવાળો, (જાણે કે ભગવાનને) ગળી જવા ઇચ્છતો હોય તેમ (તેમના) સામો દોડ્યો-આવ્યો. (તે) ઝડપથી આવતો હતો ત્યારે આકાશ (તેના મુખમાં) જાણે કે પ્રવેશ કરતું હોય તેવું દેખાતું હતું, તેથી ‘જાણે કે પાન કરતો હોય’ એમ કહેલું છે. જ્યારે તે આકાશને જ ગળે છે ત્યારે તેની અંદર રહેલાને (તો) સહેલાઈથી ગળી જાય એમ (તેની) બહારની ક્રિયા જણાવેલી છે. ‘ઘણા ક્રોધવાળો’ વિશેષણથી (તેની) અંદરની (ક્રિયા જણાવેલી છે). પછી સમીપ આવીને, ઊંધા ફરીને તેણે ધેનુકની પેઠે બે પગોથી પાટુ મારી.

‘સામા આવીને મુખથી જ મારવાનું સંભવતું હોવા છતાં તે એમ ઊંધો કેમ ફર્યો?’ એવી શંકા થાય, તેથી ‘કમલ જેવાં નેત્રવાળા’ પદ યોજેલું છે. ભગવાન્ કમલ જેવાં નેત્રવાળા હોવાથી ભગવાનનું ઘણું જ સૌંદર્ય જોઈને, (તેમના ઉપર) સીધો હુમલો કરવાને અશક્ત હોવાથી, ઊંધો ફરી, (તેમનું) દર્શન ન થાય તેમ તેણે હુમલો કર્યો, એવો અર્થ છે.

‘ભગવાનના રૂપનું સ્મરણ થવાથી, પગોથી પણ હુમલો કેમ થઈ શકે?’ એવી શંકા થાય, તેથી ‘દુષ્ટ અંત:કરણવાળો’ વિશેષણ યોજેલું છે. (તે) દુષ્ટ અંત:કરણવાળો હોવાથી તેણે તે પ્રમાણે કર્યું.

‘દુરાસદ:’ પાઠ હોય ત્યારે, ‘બલભદ્ર વિગેરેએ હુમલો કેમ અટકાવ્યો નહિ?’ એવી શંકા થવાથી, એ વિશેષણ યોજેલું જાણવું. ‘દુ:ખથી પહોંચી શકાય જેને’ (એવો તે હતો). તેથી કોઈ પણ તેની સમીપ જઈ શકતું નહિ, એવો અર્થ થાય છે. તેનું કારણ ‘પ્રચંડ વેગવાળો’ વિશેષણથી કહેલું છે. (તે) ઘણી જ ઝડપથી આવતો હતો. તેને રોકવાનું તો દૂર રહ્યું; તે આવે ત્યારે નાસી જવું પણ અશક્ય હતું, એમ ‘જેનાથી છટકી ન શકાય તેવા’ વિશેષણથી કહેલું છે. ‘દુ:ખથી છટકી શકાય જેનાથી’ (તેવો તે હતો). 4.

ભગવાન્ ઘણા ચતુર છે. તે (કેશી) દેવોથી અથવા અસુરોથી શસ્ત્રો વડે હણી શકાય નહિ તેવો હોવાથી, (તેમણે) તેનો (તેને હણવાનો) જુદા પ્રકારે ઉપાય કર્યો, એમ નીચેના

શ્લોકમાં કહે છે:

तद् वञ्चयित्वा तमधोक्षजो रुषा प्रगृह्य दोर्भ्यां परिविध्य पादयोः ॥
सावज्ञमुत्सृज्य धनुःशतान्तरे यथोरगं ताक्ष्यसुतो व्यवस्थितः ॥5॥

ઇન્દ્રિયોથી થતું જ્ઞાન જેમને પહોંચતું નથી તેવા (ભગવાન્) તેને ચૂકાવી, રોષથી બે પગોથી બે હસ્તો વડે તેને પકડી, ચક્કરચક્કર ફેરવી, જેમ ગરુડ સર્પને ફેંકી દે તેમ તિરસ્કારપૂર્વક સેંકડો ધનુષ દૂર ફેંકી દઈ, ઉભા રહ્યા. 5.

'તેને' એટલે પગની પાટુને આડા થઈ 'ચૂકાવી' એટલે નકામી બનાવી દઈ, પછી બે હસ્તો વડે તેના બે પગો પકડી, (તેને) ચક્કરચક્કર ફેરવી ઊંચો કરી, તિરસ્કારપૂર્વક સેંકડો ધનુષ દૂર ફેંકી દઈ, (ભગવાન્) ઉભા રહ્યા, એવો (વાક્યનો) સંબંધ છે.

'(કેશીએ) ઝડપથી આવી, સાધન(પગ)ના વેગવાળા થઈ જેમ (કોઈથી) અટકાવી ન શકાય તેવી રીતે (પાટુ) મારવા માટે પગ પ્રસારેલા. તેથી તે(નો પ્રયાસ) કેમ નિષ્ફળ થયો?' એવી શંકા થાય, તેથી 'ઇન્દ્રિયોથી થતું જ્ઞાન જેમને પહોંચતું નથી તેવા' વિશેષણ યોજેલું છે. તે(કેશી)નું ઇન્દ્રિયોથી ઉત્પન્ન થએલું જ્ઞાન અથવા ક્રિયા તેમને (ભગવાનને) પહોંચતાં નથી, તેથી તેના પગોને (ભગવાનનો) સંબંધ ન થાય એ યોગ્ય જ છે. ભગવાનમાં અલૌકિક સામર્થ્ય હોવાથી, તે (તેની પાટુ) ચૂકાવે એ પણ યોગ્ય જ છે, તેથી કાંઈ પણ અયોગ્યતા નથી.

સામો આવેલો (કેશી) એ પ્રમાણે ઊંધો કેમ ફર્યો, એવા રોષથી (ભગવાને તેને) બે હસ્તો વડે પકડ્યો. કદાચ એવી શંકા થાય કે ભગવાને હૃદયમાં ભય પામી તેની (પાટુ) ચૂકાવી હશે, તેથી (ભગવાને પોતે) ભય રહિત હોય તે પ્રમાણે (તેને) સંબંધીની પેઠે હસ્તો વડે પકડ્યો, અને પછી તેને ઊંચો કર્યો. જે પગો (તેણે) ભગવાન્ તરફ ફેંકેલા તે જ સ્થલેથી તેને પકડ્યો, તેથી એમ પણ સૂચવેલું છે કે (ભગવાન્) જે આપવામાં આવે છે તે જ ગ્રહણ કરે છે. ઊંચો કરવો વિગેરે સર્વ, ફરીથી તેણે આવવું નહિ એમ તેને જણાવવા માટે (ભગવાને) કરેલ. તે મોટો અને દેવોથી વરદાન પામેલો હતો. તેથી તેના ગર્વનો નાશ કરવા તેને 'સાવજ્ઞમ્' તિરસ્કારપૂર્વક (ભગવાને) ફેંકી દીધો. સેંકડો શબ્દ અસંખ્યના અર્થમાં યોજાએલો છે. (ભગવાનની) વીરતા જણાવવા 'ધનુષ' શબ્દ યોજેલો છે.

'તે (કેશી) દેહમાં મોટો હતો, અને ભગવાન્ બાલક હતા અને તેમણે અલૌકિક સામર્થ્ય પ્રકટ કર્યું ન હતું. તેથી (ભગવાને) તેને ઊંચો કરવો વિગેરે કેમ થઈ શક્યું?' એવી શંકા થાય, તેથી 'જેમ (ગરુડ) સર્પને (ફેંકી દે તેમ)' એવું દૃષ્ટાંત કહેલું છે. મોટો સાપ પણ (ગરુડનો) નિર્માણ કરેલો ખોરાક હોવાથી, જેને ખાઈ જવાનો છે તેનામાં બલ હોય તો તે પરાક્રમ કરે તેથી, તેના બલનો ક્ષય કરવા જેમ ગરુડ તેમ કરે છે (સર્પને ઊંચો કરી ફેંકે છે), તેમ ભગવાને પણ કર્યું. અસુર દૂર રાખવા યોગ્ય જ હોવાથી, (તેના) બલનો ક્ષય કરવા (ભગવાને) તે પ્રમાણે કર્યું. એમ કરીને 'મેં ભારે કામ કર્યું છે' એમ (ભગવાને) માન્યું નહિ, પરંતુ પહેલાંની પેઠે જ ઉત્તમ રીતે જ લીલાથી જ ઉભા રહ્યા. 5.

ફેંકી દીધેલા (કેશી)નું વૃત્તાંત નીચેના શ્લોકમાં કહે છે:

સ લબ્ધસંજ્ઞ: પુનરુત્થિતો રુષા વ્યાદાય કેશી તરસાપતદ્ધરિમ્॥
સોઽપ્યસ્ય વક્ત્રે ભુજમુત્તરં સ્મયન્ પ્રવેશયામાસ યથોરગં બિલે॥6॥

ભાનમાં આવેલો તે કેશી ફરી ઉભો થયો, (અને) ક્રોધથી મુખ ફાડી ઝડપથી હરિ તરફ ધસ્યો. તેમણે પણ જેમ દરમાં સર્પ પ્રવેશ કરે તેમ હસતાં આના મુખમાં ડાબા હસ્તને નાખ્યો. 6.

પહેલાં (કેશી) મૂર્ચ્છા પામ્યો, અને પછી ભાનમાં આવ્યો. છતાં પણ (તે) અટક્યો નહિ, પરંતુ ફરી ઉભો થયો. પછી (તેણે) મુખ ફાડ્યું કારણ કે તે કેશી1 હતો, અને 'તરસા' એટલે ઝડપથી જ હરિ તરફ ધસ્યો.

પછી જાણે કે ભોજન કરવા જેણે મુખ ફાડેલું તેને ભગવાને પણ ભોજન કરાવ્યું, એમ ઉત્તરાર્ધથી કહે છે. ભગવાને પણ 'સ્મયન્' એટલે હસતાં, 'ભક્ષણ કરવા આવે છે તો તું ભક્ષણ કર' એમ જાણે કે કહેતા હોય તેવી રીતે આના મુખમાં 'ઉત્તરં' એટલે ડાબા હસ્તને નાખ્યો, કારણ કે ડાબો હસ્ત દૈત્યોનો જ છે. તે (ડાબા હસ્તે) ભય વિના (કેશીના મુખમાં) પ્રવેશ કર્યો એમ કહેવા, 'જેમ દરમાં સર્પ (પ્રવેશ કરે)' એવું દૃષ્ટાંત કહેલું છે. 6.

1.'કેશી' શબ્દનો અર્થ સિંહ પણ થાય છે. સિંહ શિકાર કરવા મુખ ફાડે તેમ આણે મુખ ફાડ્યું એમ દર્શાવવા આ પ્રમાણે કહ્યું હોય તેમ જણાય છે.

'(મુખમાં) હસ્ત નાખવો એ હણવાનો ઉપાય કેમ (થઈ શકે)?' એવી શંકા થાય, તેથી (તે) પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે:

દન્તા નિપેતુર્ભગવદ્ભુજસ્પૃશસ્તે કેશિનસ્તપ્તમય: સ્પૃશો યથા॥
બાહુશ્ચ તદ્દેહગતો મહાત્મનો યથામય: સંવવૃધે ઉપેક્ષિત:॥7॥

જેમ તપેલા લોઢાનો સ્પર્શ કરનાર દાંતો (પડે) તેમ કેશીના ભગવાનની ભુજાઓ સ્પર્શ કરનાર તે દાંતો પડી ગયા. અને જેમ દરકાર નહિ રાખેલો રોગ (વધે) તેમ તેના દેહમાં ગએલો મહાત્માનો બાહુ ઘણો જ વધ્યો. 7.

ભક્ષણ કરવા તત્પર થએલા તેણે (ભગવાનના હસ્તને પોતાના) દાંતોનો સંબંધ કરાવ્યો ત્યારે ભગવાનની ભુજાનો સ્પર્શ કરનાર, ભગવાનની ભુજાનો સ્પર્શ કરે છે તેથી તેવા (ભગવાનની ભુજાનો સ્પર્શ કરનાર) થએલા, (કેશીના) દાંતો પડી ગયા. 'તે' એટલે પ્રસિદ્ધ (દાંતો), જેઓ દેવોને પણ હણતા હતા; અને તે પણ ઘણા જ પ્રસિદ્ધ કેશીના (દાંતો પડી ગયા). અગ્નિના જેવા રંગવાળા તપેલા લોઢાને જેઓ અડે તે 'તપ્તમય:સ્પૃશ:', અથવા 'તપ્તમ્ અય:' એટલે તપેલું લોઢું, તેનો ('સ્પૃશ:') સ્પર્શ કરનારા, એમ છઠ્ઠીના અર્થમાં બીજી1 (વિભક્તિ ગણવી). પછી તેના દેહમાં ગએલો બાહુ પણ વધ્યો. તેને વધવામાં સાધનની જરુર નથી એ વિષયમાં, 'જેમ (દરકાર નહિ રાખેલો) રોગ (વધે તેમ)' એવું દૃષ્ટાંત કહે છે. તે રોગનો ઉપાય નહિ કરતાં પુરુષ જે કાંઈ પણ કરે છે, તેનાથી જ તે (રોગ) વધે છે; કારણ કે દેહની વૃદ્ધિની પેઠે રોગની વૃદ્ધિને સાધનની જરુર હોતી નથી.

જેની વૃદ્ધિ થાય તે વિકારવાળું2 હોય, તેમ જ તેનો અનુભવ ન થાય,3 અને દોષ પણ થાય4, એવી શંકા થાય, તેથી 'મહાત્માનો' શબ્દ યોજેલો છે; કારણ કે (ભગવાન્) જેમના પાણિ અને પાદના અંતો સર્વ સ્થલે છે તેવા સર્વ સ્થલે રહેલા છે. જેટલે દૂર (સુધી) જે(અવયવ)થી માયાને ઉપાડી લે છે તે જ અવયવથી 'વધ્યા' એમ કહેવાય છે. 'મહાન્' મોટું 'આત્મા' સ્વરૂપ છે જેમનું (તે મહાત્મા). (એમને) પ્રણામ ન કરવા તે, અથવા દોડીને (એમના તરફ) ધસવું તે (એમનો) અનાદર. 7.

1.'તપ્તમ્ અય:' બીજી વિભક્તિમાં છે. તે છઠ્ઠીના અર્થમાં યોજાએલ છે, એટલે 'તપેલા લોઢાનો સ્પર્શ કરનારા (દાંતો પડી જાય)' એવો અર્થ છે. (લે)

2.(1)'જાયતે' જન્મે છે, (2)'અસ્તિ' છે, (3)'વિપરિણમતે' ફેરફાર થાય છે, (4)'વર્ધતે' વૃદ્ધિ પામે છે, (5)'ક્ષીયતે' ક્ષય પામે છે અને (6)'વિનશ્યતિ' નાશ પામે છે, એવા છ વિકારો પૈકી, વૃદ્ધિ પામવી એ ચોથો વિકાર છે. (તેથી જેની વૃદ્ધિ થતી હોય તે વિકારવાળો પદાર્થ છે, અવિકારી નથી) એવો અર્થ છે. (લે)

3.ભગવાનમાં વિકારો દેખાય છે તે માયાથી દેખાય છે એવો સિદ્ધાંત હોવાથી (ભગવાનનો શ્રીહસ્ત માયાથી વધેલો હોવાથી તેના) સ્પર્શનો અનુભવ ન થાય, કારણ કે માયાથી દેખાતા ઝાંઝવાના જલ વિગેરેનો સ્પર્શ થઈ શકતો નથી, એવો અર્થ છે. (લે) 'અનુભવ'ને બદલે 'અનુભાવ' પાઠ હોય ત્યાં 'તેનો પ્રભાવ ન દેખાય' એવો અર્થ થાય છે.

4.નટવિદ્યામાં દેખાતા માયિક પદાર્થોનો પણ સ્પર્શ થાય છે, તેથી તે દૂષણ બરાબર નહિ રૂચવાથી, (માયિક હોવું એ દોષ પણ છે) એવું બીજું દૂષણ કહે છે. (લે)

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે:

સમેધમાનેન સ કૃષ્ણબાહુના નિરુદ્ધવાયુશ્ચરણાંશ્ચ વિક્ષિપન્॥
પ્રસ્વિન્નગાત્ર: પરિવૃત્તલોચન: પપાત લેણ્ડં વિસૃજન્ ક્ષિતૌ વ્યસુ: ॥8॥

શ્રીકૃષ્ણના સારી રીતે વધતા જતા બાહુથી જેનો વાયુ રોકાઈ ગયો છે તેવો (તે) પગોને પછાડતો, પરસેવાવાળા અંગોવાળો, ફરી ગએલ આંખોવાળો લાદ કરતો પ્રાણરહિત થઈ પૃથ્વી ઉપર પડ્યો. 8.

'સારી રીતે' એટલે સર્વ તરફથી વધતા જતા બાહુથી (જેનો વાયુ રોકાઈ ગયો છે તેવો કેશી થયો). 'તે' એટલે કેશી. (ભગવાને) આ માટે જ અવતાર લીધેલો છે એમ જણાવવા 'શ્રીકૃષ્ણ' શબ્દ યોજેલો છે. બાહુ ક્રિયા(કરવા)માં મુખ્ય છે તેથી નઠારા(સ્થલ)માં બાહુ નાખવો વિગેરે અઘટિત નથી. મુખનું પોલાણ બાહુથી ભરાઈ ગએલ હોવાથી 'જેનો વાયુ રોકાઈ ગયો છે તેવા' તે થયો, ત્યારે દુ:ખી (થઈ) પગો 'વિક્ષિપન્' પછાડવા લાગ્યો. દુષ્ટોએ જ હણવા માટે મને (અહિં) ધકેલ્યો છે એમ જાણે કે ગાળો દેતો હોય તેમ 'વિશેષેણ' ઘણી જ 'ક્ષિપન્' નિંદા કરવા લાગ્યો. 'ચ' 'અને' શબ્દ હોવાથી કંસની પણ (નિંદા કરવા લાગ્યો). (શરીરની) અંદરના પ્રયાસને લીધે પરસેવાવાળા અંગોવાળો થયો (અંગોમાં પરસેવો થઈ આવ્યો). જેની બંને આંખો ફરી ગઈ છે તેવો થયો. (આથી એમ) સૂચવ્યું છે કે (તેની)

અંદરની અને બહારની ક્રિયા તથા જ્ઞાન જતાં રહ્યાં. ત્યારે તે લાદ કરતો પડ્યો. ગુદાથી મલનો ત્યાગ કરતો (પડ્યો). 'લેણ્ડ' શબ્દથી લાદ કહેલી છે. 'પૃથ્વી ઉપર પડ્યો' એવા (શબ્દથી એમ) સૂચવેલું છે કે (તેના) પડવાથી કોઈને ઉપદ્રવ થયો નહિ. 8.

પછી કાર્ય પતી જતાં સર્વથી પૂજાએલા ભગવાન્ ઘેર પધાર્યા એમ નીચેના શ્લોકમાં કહે છે:

तद्देहत: कर्कटिकाफ़लोपमाद् व्यसोरपाकृष्य भुजं महाभुज:॥
अविस्मितोऽयत्नहतारिरुत्स्मयै: प्रसूनवर्षैर्विवर्षद्भिरीडित:1॥9॥

મરણ પામેલાના કાકડીના ફલના જેવા તે દેહમાંથી ભુજાને કાઢી લઈ મહાભુજાવાળા, ગર્વરહિત, પ્રયત્ન વિના શત્રુનો નાશ કરનાર (ભગવાન)ની પુષ્પોની વૃષ્ટિ કરનારાઓએ વૃષ્ટિથી સ્તુતિ કરી. 9.

(હસ્તની) આરંભાએલી વૃદ્ધિ ત્યાંથી (એટલેથી) અટકી નહિ, (પરંતુ) પ્રાણ ગયા ત્યારે પણ વધતાં (વધતાં) પાકેલાં કાકડીના ફલની પેઠે દેહને ફાડી નાખી, (ફાટવાથી થએલ) ચીરાડમાંથી હસ્ત બહાર નીકળ્યો ત્યારે (તે) અટકી. મુખમાંથી હસ્તને બહાર કાઢવામાં આવે તો (કરેલી) ક્રિયા પાછી ફરેલી થાય, તેથી તેમ ન થાય તે માટે દેહને ફાડી નાખ્યો. 'મરણ પામેલાના' શબ્દથી (હસ્તને) બહાર કાઢવાનું કારણ કહેલું છે, કારણ કે પ્રાણ તજેલ દેહ અપવિત્ર થાય છે. (વળી એ શબ્દથી ભગવાને) પોતાનું કાર્ય કરેલું છે એમ જણાવેલું છે. 'અપાકર્ષણં' 'ખેંચી કાઢવું' એટલે તેમાંથી બહાર કાઢવું અને પહેલાંના જેવું બનાવવું (વૃદ્ધિ પામેલ હસ્ત પહેલાંના જેવો કરવો તે). 'મહાન્' મોટી 'ભુજ:' ભુજા છે જેમની (એવા ભગવાન્ હતા), તેથી (તે) ભુજાથી પણ મુક્તિ આપવા શક્તિમાન હોવાથી, તેની (કેશીની) મુક્તિ (થઈ) એમાં પણ સંદેહ નથી એવો અર્થ છે. વળી તેમની (ભગવાનની) ક્રિયાશક્તિ ઘણી વધારે છે એમ પણ (તે શબ્દથી) જણાવેલું છે. એ પ્રમાણે કરીને પણ (ભગવાન્) ગર્વરહિત હતા, કારણ કે તણખલાંને તોડવાથી કોઈને અભિમાન થતું નથી. 'પ્રયત્ન વિના શત્રુનો નાશ કરનાર' શબ્દથી તે જ (અર્થ) જણાવેલ છે. ભગવાને કાંઈ પણ પ્રયત્ન કર્યો ન હતો, (પરંતુ) પ્રયાસ વિના (કેશીને) હણ્યો હતો એવો (તેનો અર્થ છે). કેટલાક એમ કહે છે કે 'પોતાની (ભગવાનની) આજ્ઞાથી માયા દૂર થઈ તેથી (તેમનો) કાંઈ પ્રયત્ન ન હતો'.

મોટેથી હસતા એટલે (કેશીની) મશ્કરી કરતા, 'પુષ્પોની વૃષ્ટિ કરનારા' એટલે પુષ્પવૃષ્ટિવાળા બધાએ દેવોએ ભગવાનની સ્તુતિ કરી. તેમાં (સ્તુતિમાં) મુકરર કરેલાં વાક્યો ન હતાં, પરંતુ પુષ્પોની વૃષ્ટિ જ હતી, એમ 'વૃષ્ટિથી' શબ્દથી કહે છે. વૃષ્ટિ સ્તોત્રના જેવી છે એવો (તેનો અર્થ છે). પુષ્પોનો વરસાદ (કરેલો) છે જેઓનો (જેમણે), એમ ('प्रसूनवर्षै:' શબ્દથી) પુષ્પોની વૃષ્ટિ (કરવા)ના અધિકારી દેવો (કહેલા છે). તેઓએ 'વૃષ્ટિથી' એટલે પુષ્પોથીજ સ્તુતિ કરી, એમ જુદા જ પ્રકારની સ્તુતિ કહેલી છે. એ પ્રમાણે (નારદના આવવાના) કારણ તરીકે કેશીના વધનું નિરૂપણ કર્યું. 9.

1.૨. વાડીલાલભાઈએ શ્રીસુબોધિનીમાં 'વર્ષદ્ભિ:' શબ્દ હોવાથી તે પ્રમાણે પાઠ લીધો જણાય છે. આ ઇન્દ્રવંશા છંદ છે, તેના દરેક પાદમાં બાર અક્ષરો જોઈએ. તેથી 'વિવર્ષદ્ભિ:'ને બદલે 'વર્ષદ્ભિ:' પાઠ લઈએ તો એક અક્ષર ઘટે છે. તેથી એ દોષ ન રહે તે માટે 'વિવર્ષદ્ભિ:' પાઠ લખ્યો છે.

પછી પોતાના અપરાધની ક્ષમા કરાવવા માટે પંદર શ્લોકોથી નારદનાં વાક્યોનું1 નિરૂપણ કરતાં, પ્રથમ નીચેના શ્લોકમાં તે (ભગવાન્ પાસે) આવ્યા એમ કહે છે:

દેવર્ષિરુપસઙ્ગમ્ય ભાગવતપ્રવરો નૃપ॥
કૃષ્ણમક્લિષ્ટકર્માણં રહસ્યેતદભાષત॥10॥

હે નૃપ! ક્લેશ વિના કર્મ કરનાર શ્રીકૃષ્ણની નજીક આવીને ઉત્તમ વૈષ્ણવ દેવર્ષિએ એકાંતમાં આ (નીચે પ્રમાણે) કહ્યું. 10.

જ્યારે ભગવાને કેશીને હણ્યો તે જ સમયે ભગવાન્ પાસે કોઈ રહેલ ન હતું તેથી તે જ સમયે ભક્તની પેઠે નમસ્કાર કરતાં (નારદ ભગવાનની) સમીપ આવ્યા, એમ 'નજીક આવીને' શબ્દથી કહેલ છે, અને (તે) 'દેવર્ષિ' હોવાથી તે (ઉપર જણાવેલ) અર્થ (વૃત્તાંત) જાણતા હતા. 'ભગવાને કેમ તેમના ઉપર એવી કૃપા કરી (એકાંતમાં આવવા દીધા?)' એવી શંકા થાય, તેથી 'ઉત્તમ વૈષ્ણવ' શબ્દ યોજેલો છે. (નારદ) ભાગવતમાર્ગનો ઉપદેશ કરનાર હોવાથી વૈષ્ણવોની અંદર 'પ્રવર:' ઉત્તમ છે. ન ઇચ્છેલો2 (પુરુષ) પણ આવે છે, એવી રાજલીલા જણાવવા માટે 'હે નૃપ!' એવું સંબોધન કરેલું છે.

'નારદ હરકોઈ પ્રકારે ઇચ્છેલો (વહાલો) નહિ હોવાથી2, (ભગવાનને નીચે જણાવેલ વાક્યો) કહે ત્યારે3 ભગવાન્ તેને મારે. તેથી ભયરહિત થઈને તે પ્રમાણે એ કેમ કહે છે?' એવી શંકા થાય, તેથી 'ક્લેશ વિના કર્મ કરનાર' શબ્દ યોજેલ છે4. (ભગવાન્) પરમાનંદરૂપ હોવાથી (નારદ) પોતે પણ5 આવે તેવું સંભવે છે, એમ 'શ્રીકૃષ્ણ' શબ્દથી કહેલ છે. બંને અદૃશ્ય રહે તેમ6, અથવા એકાંતમાં જઈને (નારદે કહ્યું એમ જણાવવા) 'એકાંતમાં' શબ્દ યોજેલો છે. બંનેમાં પણ તેવું સામર્થ્ય હોવાથી (કાંઈ) અયોગ્યતા નથી. 'આ' એટલે (નીચે) કહેવામાં આવશે તે, સ્તુતિ કરીને (કરેલું) નિવેદન, કહ્યું (કર્યું). 10.

1.પંદર શ્લોકોથી નારદનાં વાક્યો કહેતાં, આ એક શ્લોકથી તે આવ્યા એમ કહે છે. એ પ્રમાણે સોળ શ્લોક થયા એવો અર્થ છે. (લે)

2.ઉપર કારિકા 3માં જણાવ્યા પ્રમાણે નારદે અનર્થ કરેલ, તેથી તે ઇચ્છેલો અથવા વહાલો ન હતો. તેથી જ આ શ્લોકના આભાસમાં જણાવ્યા પ્રમાણે તે પોતાના અપરાધની ક્ષમા કરાવવા આવે છે.

3.આ નારદ ઇચ્છેલો (ઇચ્છવા યોગ્ય) નથી, એમ હરકોઈ પ્રકારે ભક્તો આવી ભગવાનને કહે તો ભગવાન્ તેને મારે, એવો અર્થ છે. (લે). 'ઉચ્યમાન:' ભગવાનનું વિશેષણ છે, તે પહેલાં 'ભક્તૈ:' અધ્યાહાર રાખી આવો અર્થ લેખમાં કર્યો છે, પણ નારદ અહિં ભગવાનને

વાક્યો કહેવાના છે; તેથી ‘નારદ કહે ત્યારે ભગવાન્ તેને મારે’ એવો અર્થ વધારે યોગ્ય લાગે છે.

4.ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનાર હોવાથી, તેમને નારદને મારવો હોય તો તે ભગવાન્ નજીક ન આવે તો પણ સહેલાઈથી મારી શકે છે. તેથી તેવા કારણથી અપરાધ ક્ષમા ન કરાવવો યોગ્ય નથી એમ જાણી ભયરહિત થઈ આવે છે, એવો ભાવાર્થ છે. (લે).

5.‘પોતે પણ’ એટલે ‘ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા છે એવા વિચાર વિના પણ’ એવો અર્થ છે. (લે)

6.‘બંને અદૃશ્ય રહે તેમ’ એટલે ‘યોગબલથી બીજો કોઈ તે બેને જોઈ શકે નહિ તેમ કરીને’ એવો અર્થ છે. (લે)

स्वापराधनिवृत्त्यर्थं त्रिधा स्तोत्रं चकार ह॥का. 7॥
मूलरूपं तु संबोध्य मध्यकार्ये निरूपिते॥

પોતાનો અપરાધ મટી જાય તે માટે ત્રણ પ્રકારે7 (નારદ) સ્તુતિ કરે છે. મૂલરૂપનું સંબોધન કરી, મધ્ય(ભાવ8) અને કાર્ય(ભાવ)નું8 નિરૂપણ કરે છે. કા.7II.

ततोऽवतारकार्यस्य निरूपणमतः कृतम्॥का. 8॥
अनुमोद्य करिष्यन् : यः पञ्चभिस्तदुदीरितम्॥

ત્યાંથી પછી અવતારના કાર્યનું નિરૂપણ9 કરે છે. અનુમોદન કરીને10 જે (ભગવાન્) કરવાના છે તે પાંચ(શ્લોકો)થી11 કહે છે. 8II.

सामान्येन कृतं द्वेधा द्वाभ्यां स्वेन तथान्यतः॥का. 9॥
ज्ञानभक्तिविभेदेन स्वरूपं च निरूपितम्॥

સામાન્ય રીતે (જે ભગવાન્) પોતાની મેળે12 અથવા બીજાની દ્વારા12 એમ બે પ્રકારે12 (કરે છે તેનું) બે(શ્લોકો)થી (નિરૂપણ કરે છે), અને જ્ઞાન13 અને ભક્તિના13 ભેદથી સ્વરૂપનું નિરૂપણ કરે છે. કા. 9II.

आनन्दचित्सतां रूपं ज्ञाने भक्तावितोद्भवतिः॥का. 10॥
कार्यार्थमवतीर्णत्वात् भक्तिमार्गे न दूषणम्॥

જ્ઞાનમાં આનંદ ચિત્ અને સત્નું રૂપ (કહે છે)14. ભક્તિ (થતાં) અહિં પ્રાકટ્ય થાય છે. (ભગવાન્) કાર્ય માટે અવતરેલા હોવાથી, ભક્તિમાર્ગમાં દૂષણ નથી15. 10II.

7.‘ત્રણ પ્રકારે’ એટલે જ્ઞાન, ભક્તિ અને કર્મનું નિરૂપણ કરીને. આ સ્તુતિના છેલ્લા બે (23 અને ૨૪મા) શ્લોકોમાં અનુક્રમે જ્ઞાન અને ભક્તિનું નિરૂપણ કરેલું છે અને તે પહેલાંના બધા

શ્લોકોમાં કર્મનું નિરૂપણ કરેલું છે. એ પ્રમાણે ત્રણ પ્રકારે નિરૂપણ કરેલું છે. એવો અર્થ છે. (લે)

8.આ સ્તુતિના પહેલા શ્લોકમાં મૂલરૂપનું સંબોધન કરેલું છે, બીજામાં મધ્યભાવનું અને ત્રીજામાં કાર્યરૂપનું નિરૂપણ કરેલ છે. (લે)

9.પછી એક (14મા) શ્લોકમાં અવતારના કાર્યનું નિરૂપણ છે. (લે)

10.પછીના એક (15મા) શ્લોકમાં ભગવાને પહેલાં કરેલ કર્મોનું અનુમોદન કરેલું છે. (લે)

11.પછીના પાંચ (16થી20) શ્લોકમાં ભગવાન્ હવે જે કર્મ કરવાના છે તે વર્ણવેલાં છે. (લે)

12.પછીના બે (21થી22) શ્લોકોમાં ભગવાનનાં સામાન્ય કર્મ કહેલાં છે. (લે). તેમાં ભગવાન્ પોતે જે કર્મ કરે છે તે 21મા શ્લોકમાં અને બીજાની દ્વારા જે કર્મ કરે છે તે 22મા શ્લોકમાં કહેલાં છે. એમ બે પ્રકારે સામાન્ય કર્મ કહેલાં છે.

13.પછી બે (23-24) શ્લોકોથી (અનુક્રમે) જ્ઞાન અને ભક્તિનું નિરૂપણ કરેલું છે. એ પ્રમાણે સ્તુતિના ચૌદ (11થી24) શ્લોકો છે. આરંભમાં (10મા શ્લોકમાં) નારદ આવ્યાનું કહેલ છે. અને અંતે (25મા શ્લોકમાં) નારદ ગયા એમ કહેલું છે. એવી રીતે (10થી25 સુધીના) સોળ શ્લોકો (સ્તોત્ર)ના થાય છે. (લે)

14.જ્ઞાનનું નિરૂપણ કરનારા 23મા શ્લોકનું વિવરણ કરેલું છે. (લે)

15.આ ભક્તિનું નિરૂપણ કરનારા 24મા શ્લોકનું વિવરણ છે. ભક્તિ થાય એટલે ભગવાનનું અહિં જ પ્રાકટ્ય થાય છે, આ શ્રીકૃષ્ણ કાર્ય માટે અવતરેલા હોવાથી, મેં કંસને જે બોધ ગયા અધ્યાયના સત્તરમા શ્લોકમાં આપ્યો તે આપે કરવાનું કાર્ય પાર પડાવનારો હોવાથી, મેં કંસને એ બોધ આપ્યો તેમાં મારો દોષ નથી એમ આ શ્લોકમાં જણાવેલું છે. (લે)

કૃતં તુ ભગવાનેવેત્યેવં સપ્તભિરીર્યતે॥કા.11॥
કર્મમાર્ગેપ્યદોષાય સામાન્યદ્વયમીર્યતે॥

(ભગવાનનું) કાર્ય (ચરિત્ર) પણ ભગવાન જ16 છે. તેથી એ પ્રમાણે સાત(શ્લોકો)થી16 કહેલું છે. કર્મમાર્ગ પ્રમાણે પણ (નારદનો) દોષ નથી, એમ જણાવવા બે સામાન્ય (રીતે કર્મ જણાવનાર શ્લોકો) કહેલા17 છે. કા.11II.

ततोऽन्ते ज्ञानभक्ती च स्वापराधो यतो न हि॥કા.12॥
ઉપક્રમગતિભ્યાં ચ ષોડશાત્મા નિરૂપિતઃ॥

પછી (સ્તુતિના) અંતે જ્ઞાન અને ભક્તિનું (નિરૂપણ કરે છે), કારણ કે પોતાનો અપરાધ નથી (એમ તેથી જણાય). આરંભ18 અને જવાનો19 (એ) બે શ્લોકો વડે સોળ રૂપવાળાનું નિરૂપણ કરેલ છે. કા. 12II.

16.(પાંચ શ્લોકોથી) ભગવાને કરવાનાં અમુક કાર્યો કહ્યાં અને બે શ્લોકોથી તે સામાન્ય કાર્ય કહ્યાં. એ પ્રમાણે સાત શ્લોકોથી કાર્યનું નિરૂપણ કરવાનું કારણ અહિં કહેલ છે. ભગવાનનું

ચરિત્ર ભગદ્રૂપ જ છે. (તેથી ભગવાનના છ ધર્મો અને ધર્મી મળી સાત થતા હોવાથી સાત શ્લોકોથી ચરિત્ર કહેલ છે) એવો અર્થ છે. (લે)

17.સામાન્ય ચરિત્રનું નિરૂપણ કરવાનું પ્રયોજન અહિં કહેલ છે. સામાન્ય રીતે ભગવાન જ અસુરોનો નાશ કરનારા છે. તેથી આમાં મારો (નારદનો) દોષ નથી, એમ કર્મમાર્ગમાં પણ સૂચવવા, કર્મનું નિરૂપણ કરનાર શ્લોકોમાં સામાન્ય ચરિત્ર કહેલું છે, એવો અર્થ છે. (લે)

18.'આરંભ' એટલે નારદ આવ્યાનું જેમાં જણાવેલ છે. તે દશમો શ્લોક

19.'જવાનો' એટલે નારદ ગયા એમ જેમાં જણાવ્યું છે, તે પચ્ચીસમો શ્લોક.

પ્રથમ મૂલરૂપનું નિરૂપણ કરતાં નીચેના શ્લોકમાં ભગવાનનું નવ પ્રકારે સંબોધન કરે છે:

કૃષ્ણ કૃષ્ણાપ્રમેયાત્મન્ યોગીશ જગદીશ્વર॥
વાસુદેવાખિલાવાસ સાત્વતાં પ્રવર પ્રભો॥11॥

હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે જાણી ન શકાય તેવા સ્વરૂપવાળા! હે યોગીઓના ઈશ! હે જગતના ઈશ્વર! હે વાસુદેવ! હે સર્વમાં રહેનાર! હે વૈષ્ણવોના પ્રવર! હે પ્રભો! 11.

(1)સદાનંદ મૂલ(રૂપ) છે, એમ (જણાવવા) 'હે કૃષ્ણ!' (એવું સંબોધન કરે છે). તેમ (સદાનંદ મૂલરૂપ) ન હોય તો જગત્ તદ્રૂપ (સદ્રૂપ), અને ફલરૂપ ન હોત. તે (સદાનંદ મૂલરૂપ છે તે) વિષયમાં આગળના બે (સંબોધનો)થી અનુભવ અને વેદ (એ) બે પ્રમાણો કહે છે.

(2)આદરને લીધે ફરીથી 'હે કૃષ્ણ!' એમ બે વાર કહેલ છે, કારણ કે પરમાનંદ જ આદર કરવા યોગ્ય છે. જો કે 'આ આવું છે' એમ (ભગવાનનો) અનુભવ થતો નથી, તો પણ વસ્તુના સ્વભાવને લીધે તે(ભગવાન)માં આદર ઉત્પન્ન થાય છે.

(3)આ વિષયમાં પ્રમાણ કહેતાં, (ભગવાન્) વેદોથી જણાય છે તેથી (અને) તે માટે (ભગવાનને જાણવા માટે) વેદોની ઉત્પત્તિ (થએલી) હોવાથી, 'હે જાણી ન શકાય તેવા સ્વરૂપવાળા!' એમ બીજું પ્રમાણ કહે છે. જાણવાને યોગ્ય નથી કોઈથી પણ સ્વરૂપ જેમનું (તેવા આપ છો). કોઈ પણ રીતે (ભગવાનના સ્વરૂપ સંબંધી) પ્રમાણ ન મળવાથી, (ભગવાન્) નથી એમ ન માનવું, કારણ કે (ભગવાન્) આત્મા છે. તેથી ભગવાન જ પોતાનું સ્વરૂપ કહે (જણાવે) તે યોગ્ય છે.

(4-5) એવી રીતે બે(સંબોધનો)થી પ્રમાણરૂપનું નિરૂપણ કરી, 'હે યોગીઓના ઈશ!' 'હે જગતના ઈશ્વર' એ બે(સંબોધનો)થી સાધનરૂપ(ભગવાન) નું નિરૂપણ કરે છે. (4)બહારથી યોગ (થાય) અને (5)અંદરથી ઈશ્વર તરીકે વશ રાખવું તે (માટે;) એટલે (4)જેમ તે સારી રીતે જ પ્રેરણા કરે તે માટે, અથવા (5)ઈશ્વર હોવાથી અવશ્ય સેવા કરવા યોગ્ય છે તે માટે (તેમની) આરાધના (કરવી).

(6-7) 'હે વાસુદેવ!' 'હે સર્વમાં રહેનારા' એ બે (સંબોધનો)થી ફલરૂપ (ભગવાન)નું નિરૂપણ કરે છે. (6)વાસુદેવ મોક્ષ આપનાર છે. (7)'હે સર્વમાં રહેનાર!' (સંબોધન)થી તેમને

દાન કરવામાં સંપૂર્ણ જ્ઞાન છે, અને તે ભોક્તા છે અને ભોગ્ય પણ છે તેથી ફલરૂપ થાય છે (એમ જણાવ્યું છે).

(8-9) (ભગવાનના) પ્રમેયરૂપનું નિરૂપણ કરતાં ભગવત્સિદ્ધાંત પ્રમાણે મુકરર થએલ જ પ્રમેય હોઈ શકે એમ જણાવવા, (આગળનાં) બે (સંબોધનો) કરે છે. 'હે વૈષ્ણવોના પ્રવર!' 'પ્રકર્ષેણ' ઘણો જ 'વ્રિયતે' (જેમના ઉપર) પ્રેમ કરવામાં આવે તે 'પ્રવર' અથવા 'પ્રકૃષ્ટ:' ઉત્તમ 'વર:' પતિ, તે પ્રવર. જેમના ઉપર વૈષ્ણવો પ્રેમ રાખે છે તે જ પ્રમેય છે એમ (કહેલું છે), અને જે સંપૂર્ણ રીતે પાલન કરવા શક્તિમાન હોય તે જ પતિ છે. એ પ્રમાણે જેમની ઉપાસના કરવામાં આવે છે અને જે ઉપાસના કરે છે તેમનું નિરૂપણ કરનારો ધર્મ (ગુણ) કહ્યો. 11.

એ પ્રમાણે નવ પ્રકારે મૂલરૂપનું નિરૂપણ કરી પોતાનો દોષ ન જણાય તે માટે 'ભગવાન્ સર્વરૂપ છે' એમ નીચેના શ્લોકમાં જણાવે છે:

ત્વમાત્મા સર્વભૂતાનામેકો જ્યોતિરિવૈધસામ્॥
ગૂઢો ગુહાશય: સાક્ષી મહાપુરુષ ઈશ્વર: ॥12॥

જેમ કાષ્ઠોમાં અગ્નિ છે તેમ આપ સર્વ પ્રાણીઓના એક આત્મા છો. છુપા, હૃદયમાં રહેનારા, સાક્ષી, મહાપુરુષ, ઈશ્વર છો. 12.

જીવો પણ આત્માઓ હોય છે (ગણાય છે), તેથી (આપ) તે (જીવ) નથી એમ જણાવવા 'આપ સર્વ પ્રાણીઓના એક જ આત્મા છો' એમ કહેલું છે. જીવો એકે એક(પ્રાણી)ના આત્મા હોય છે. આ 'આત્મા' શબ્દનો અર્થ (1)બ્રહ્મવાદમાં પરમાત્મા થાય છે, (2)યોગશાસ્ત્રમાં વિભૂતિ થાય છે, (3)ભગવચ્છાસ્ત્રમાં ગંગા (દેવી) પેઠે આત્માઓના આત્મા આધિદૈવિક થાય છે. (4)સાંખ્યમાં તો જીવ અને બ્રહ્મ એવો ભેદ નથી, કારણ કે 'અહિં પુરુષ અને ઈશ્વરનો (જરા પણ ભેદ નથી)' (શ્રીમદ્ ભાગવત 11।।) સ્થલે, (એવો ભેદ) નથી એમ કહેલું છે. ચારે પક્ષોમાં ભગવાનમાં જુદાપણું નથી (જુદાજુદા પ્રાણીઓમાં રહેલા ભગવાન્ જુદાજુદા છે એવું નથી). (જુદા જુદા) દેખાવું તે ઉપાધિ વિગેરેને લીધે થાય છે. આ વિષયનું1 દૃષ્ટાંત 'જેમ કાષ્ઠોમાં અગ્નિ છે' શબ્દોથી કહેલું છે. બધાંએ કાષ્ઠોની અંદર2 'જ્યોતિ:' એટલે અગ્નિ એક જ3 છે.

1.'આ વિષયનું' એટલે (જુદા જુદા પ્રાણીઓમાં રહેલા આત્મા (ભગવાન્) આપ) 'એક જ છો' એ વિષયનું. (લે)

2.આથી કાષ્ઠો અગ્નિનો આધાર કેવી રીતે છે તે જણાવ્યું છે. મૂલ શ્લોકમાં (અગ્નિ કાષ્ઠના) સંબંધવાળો છે એમ જણાવવા છઠ્ઠી વિભક્તિ યોજેલી છે. (લે)

3.અગ્નિના અંશ થએલા અંગારાઓ જુદાજુદા હોવા છતાં, અંશી અગ્નિ તો એક જ છે, એવો અર્થ છે. (લે)

જુદા જુદા રંગ દેખાય છે4 તે તો ઉપાધિને લીધે થાય છે (દેખાય છે). સંબંધવાળો5 કહેલો છે, પરંતુ તેપણાંની5 પેઠે આધાર કહેલો નથી. આથી6 (એમ કહેલું છે કે) કાષ્ઠ અગ્નિ જ છે,

પરંતુ કાષ્ઠપણું અગ્નિના લયને રોકનારું7 છે, કારણ કે તે (કાષ્ઠપણું) બળે7 ત્યારે અગ્નિ પોતાના સ્વરૂપમાં જ રહે છે. તેથી જ તે છૂપો છે, હયાત હોવા છતાં કોઈ પણ (તેને) જાણતું નથી. શત્રુને8 લીધે અથવા બાળવાનું કાંઈ નહિ હોવાથી8, ઉભય પ્રકારે (તે અગ્નિ) અગ્નિનું સ્વરૂપ8 પ્રાપ્ત કરે છે.

4.ખેરના અંગારા સહેજ લાલ થાય છે. એ પ્રમાણે જુદા જુદા કાષ્ઠમાં રહેલ રંગો અંગારામાં દેખાય છે એવો અર્થ છે. (લે)

5.અંગારાઓ જ કાષ્ઠમાં રહેલા રંગવાળા હોય છે, પરંતુ અંશી (અગ્નિ) તેવો હોતો નથી. તેવી રીતે ભૂતો(પ્રાણીઓ)માં રહેલા વિકારો ભગવાનમાં હોતા નથી. તેમ જ કાષ્ઠો અગ્નિનો આધાર નથી અને પ્રાણીઓ ભગવાનનો આધાર નથી, પરંતુ માત્ર પોતાના અંશોના આધાર છે. બીજામાં રહેલા હોવાપણાંની પેઠે, સર્વના આધાર હોવું એ પણ ભગવાનનો ધર્મ હોવાથી, ભગવાન જ પ્રાણીઓના આધાર છે એવો અર્થ છે. (લે) 'તેપણું' એટલે કાષ્ઠપણું જેમ કાષ્ઠમાં રહેલું છે અને પ્રાણીપણું જેમ પ્રાણીમાં રહેલું છે, તેવી રીતે અગ્નિ કાષ્ઠમાં રહેલો નથી અને ભગવાન્ પ્રાણીઓમાં રહેલા નથી; એટલે કાષ્ઠ અગ્નિનો આધાર નથી અને પ્રાણીઓ ભગવાનના આધાર નથી, પરંતુ માત્ર સંબંધ દર્શાવવા શ્લોકમાં છઠ્ઠી વિભક્તિ યોજેલી છે એવો અર્થ છે. (લે)

6.ભગવાનને ભૂતોના આત્મા કહ્યા તેથી દૃષ્ટાંતમાં પણ અગ્નિ કાષ્ઠનો આત્મા છે એમ જણાવ્યું, એવો અર્થ છે. (લે)

7.કાષ્ઠપણું હોય ત્યાં સુધી તેને જલમાં નાખવામાં આવે તો પણ તેથી અગ્નિ શાંત થતો(બુઝાતો) નથી એવો અર્થ છે. તેનું કારણ એ છે કે તેવું કાષ્ઠ જ્યારે બળે ત્યારે બળેલા નવા અંગારાના સ્વરૂપ જેવું જેનું સ્વરૂપ છે તેવું તે થાય છે, એટલે ઘર્ષણથી ઉત્પન્ન થએલો અગ્નિ જેવો દેખાય છે તેવો જ તે (પાણીમાં નાખી કાઢેલું કાષ્ઠ બાળવાથી થએલો અગ્નિ) પણ દેખાય છે એવો ભાવ છે. (લે)

8.અગ્નિનો શત્રુ જલ છે, કારણ કે જલથી અગ્નિ શાંત થાય છે. તેમ જ બાળવાનું કોઈ ન હોય તો પણ અગ્નિ શાંત થાય છે. એટલે જલથી, અથવા બાળવાનું કાંઈ ન હોય ત્યારે અગ્નિ પોતાના અંશરૂપ અંગારાપણાને તજી, પોતાનું અગ્નિનું અંશીનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. (લે)

ઉપાધિ (કાષ્ઠપણું) બંનેને9 અટકાવનારી છે, તેથી જેમ (કાષ્ઠમાં રહેલ અગ્નિ) બાળતો નથી10 તેમ શાંત પણ થતો નથી. તેવી રીતે (જુદા જુદા પદાર્થોના) સમૂહરૂપ જગત્ હોય ત્યાં સુધી આત્મા (પોતાના) સ્વરૂપને પ્રાપ્ત કરતો નથી. (સ્વરૂપ પ્રાપ્ત કરવાના) સાધનોથી11 અથવા (સ્વરૂપ પ્રાપ્ત કરવામાં થતી) અડચણોથી12 પણ (આત્મા સ્વરૂપને પ્રાપ્ત કરતો નથી). આ (જણાવવા) માટે (નારદે) આ પ્રમાણે કહેલું છે.

(તે) છે એ વિષયમાં ઘર્ષણના જેવું પ્રમાણ 'હૃદયમાં રહેનાર' શબ્દથી કહે છે13. 'ગુહાયામ્' હૃદયમાં 'આશેતે' રહે છે તે ('ગુહાશય:' હૃદયમાં રહેનાર). તેમ ન હોય (આપ

હૃદયમાં રહેનાર ન હો), તો સર્વનો પ્રકાશ ન થાય.

વળી (આપ) સાક્ષી છો, સર્વ કર્મોને જુઓ (જાણો) છો. તેમ ન હોય તો 'આ હું આ સર્વને જોનારો છું' એવું (ભાન) ન થાય, અને ફલનો ભોગ પણ ન થાય14 એમ પણ જણાવેલું છે. (આપ) જીવ15 નથી, એમ જણાવવા 'મહાપુરુષ' શબ્દ યોજેલો છે. પ્રભાવવાળો પુરુષ તે મહાપુરુષ, અને ચારે પક્ષો પ્રમાણે ઉત્તમ સ્થિતિએ પહોંચેલો પ્રભાવ ભગવાનનો જ ધર્મ (ગુણ) છે. વળી આપ 'ઈશ્વર' એટલે સર્વને વશ રાખનારા છો, (અને) વશ રહેનારા તો જીવો છે, કારણ કે જેમ આપ વ્યવસ્થા (આજ્ઞા) કરો છો તે પ્રમાણે તેઓ કરે છે. (તેથી આપ જીવોનું) સ્વરૂપ (આત્મા) હોવાથી, અને તેઓને પ્રેરણા કરનારા હોવાથી સામાન્ય ન્યાય (ધોરણ) પ્રમાણે મારો દોષ નથી. 12.

9.ઉપર નોટ 8માં જણાવેલા બે પ્રકારે અગ્નિ પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. તેને તેમ કરતાં અટકાવનારી ઉપાધિ કાષ્ટપણું છે. (લે)

10.બીજાં કાષ્ઠોનો તેને સંબંધ હોય છતાં તેમને બાળતો નથી. તે સમયે બાળવાનાં એ બીજાં કાષ્ઠો હોવાથી પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરતો નથી; પરંતુ કાષ્ઠપણાની ઉપાધિ ન હોય તો સંબંધમાં આવતાં બીજાં કાષ્ઠોને બાળી, બાળવાનું કાંઈ ન રહેતાં પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. (લે)

11.સ્વરૂપને પ્રાપ્ત કરવાનાં જ્ઞાન વિગેરે સાધનોથી. (લે)

12.જ્યાં સુધી દેહભાવ હોય ત્યાં સુધી શબ્દના જ્ઞાનથી, અથવા આત્મા અને અનાત્મા(આત્મા ન હોય તેવા પદાર્થો)નો ભેદ જાણવાથી સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, એવો ભાવ છે. (લે)

13.કાષ્ઠમાં અગ્નિ છે, એમ ઘર્ષણ કરવાથી અગ્નિ પ્રકટ થતો હોવાથી જણાય છે. જેમ અગ્નિ છે એમ સિદ્ધ કરનારું પ્રમાણ ઘર્ષણ છે, તેવું ભગવાન્ છે એમ સિદ્ધ કરનારું પ્રમાણ 'હૃદયમાં રહેનાર' શબ્દથી કહે છે.

14.ભગવાન્ જો કર્મના સાક્ષી ન હોય તો પ્રાણીઓનાં કર્મ તે જાણે નહિ, અને તેથી કર્મનાં ફલ તેમને આપે નહિ. પ્રાણીઓને કર્મનાં ફલ ન મળે તો ફલનો ભોગ તેમને પ્રાપ્ત ન થાય; કારણ કે કર્મનાં ફલ આપનાર ભગવાન્ છે એવો સિદ્ધાંત બ્રહ્મસૂત્ર 3।38માં કહેલો છે. (લે)

15.'જીવ' એટલે 'જીવસૃષ્ટિ' (સર્વ જીવોનો એકત્ર સમૂહ) એવો અર્થ છે. (લે)

વળી ઉત્પત્તિનો વિચાર કરતાં પણ આપે જ (જીવોને) જુદી જુદી રીતે સર્જેલા છે તેથી કંસનો કે મારો પણ દોષ નથી એમ નીચેના શ્લોકમાં કહે છે:

આત્મનાત્માશ્રય: પૂર્વં માયયા સસૃજે ગુણાન્॥
તૈરિદં સત્યસંકલ્પ: સૃજસ્યત્સ્યવસીશ્વર: ॥13॥

પોતાના જ આશ્રયવાળા (આપે) પહેલાં પોતાથી માયા વડે ગુણોને ઉત્પન્ન કર્યા. સત્યસંકલ્પવાળા (આપ) ઈશ્વર તેઓથી આ (જગત્) રચો છો, (તેનું) ભક્ષણ કરો છો (અને) પાલન કરો છો. 13.

આપ કર્તા છો. 'પોતાના જ આશ્રયવાળા' છો એટલે (આપનો) આધાર આપ જ છો. જ્યારે (પોતાના) સ્વરૂપમાં આપ રહેલા હો ત્યારે પણ આપ જ કરણ1 છો, એમ આરંભમાં કરણ કહેલ છે. 'આત્મના માયયા' 'પોતાની માયા વડે' (શબ્દોથી) એમ જણાવ્યું છે કે (આપનું) સર્વ થવાનું સામર્થ્ય પણ આત્મા (આપ) જ છો. કેટલાક (એમ કહે છે કે પોતાથી અને માયા વડે) બંનેથી (આપે ગુણોને ઉત્પન્ન કર્યા છે). અથવા લોકોને જૂદી રીતે (ખોટું) જ્ઞાન થાય તે માટે 'માયા વડે' (ગુણોને ઉત્પન્ન કર્યા છે). સત્ત્વ, રજસ્ અને તમ:ને (અનુક્રમે) સત્ ચિત્ અને આનંદમાંથી (આપે) તો ઉત્પન્ન કર્યા છે, પરંતુ લોકોને એવી દૃઢ માન્યતા છે કે (એ ગુણો) પ્રકૃતિ છે. જો તેમ ન હોય (ગુણો એવી રીતે સત્ વિગેરેમાંથી ઉત્પન્ન કરેલા ન હોય, પરંતુ પ્રકૃતિ હોય) તો (ભગવાનની) સ્વતંત્રતા નહિ રહેવાથી ભગવાન્ કર્તા જ ન હોય. (ભગવાન્) સ્વતંત્ર હોય તો પણ (ભગવાન્ અને પ્રકૃતિ) બંનેની સ્વતંત્રતા સંભવતી નહિ હોવાથી, પ્રકૃતિને તેમને (ભગવાનને) અધીન માનવી જોઈએ. તેથી પોતાથી જ ગુણોને ઉત્પન્ન કરતાં (આપે) માયાને પણ કરણ તરીકે સ્વીકારેલી છે. ગુણોનું ઉપાદાન (કારણ) અને સ્વરૂપ આત્મા (આપ) જ છો, કારણ કે (લોકોને) ખોટું જ્ઞાન થાય તે માટે જ ભગવદ્રૂપ ભગવાનની શક્તિ(માયા)નો આપ ઉપયોગ કરો છો. પછી તે(ગુણો)થી જ આ સર્વ જગત્ આપ રચો છો, (તેનું) ભક્ષણ કરો છો (અને) પાલન કરો છો.

1.જે અસાધારણ કારણથી કાર્ય થાય છે તે 'કરણ' કહેવાય છે.

'(ભગવાન્) કયા પ્રયોજનથી એમ કરે છે?' એવી શંકા થાય, તેથી 'ઈશ્વર' શબ્દ યોજેલો છે; કારણ કે ઈશ્વરની ઇચ્છાનું નિયમન કરી શકાતું નથી. (ઈશ્વરની ઇચ્છા જાણી શકાતી નથી). તેમ ન હોય તો પોતાના (આપણા જીવના) વિચાર પ્રમાણે (ઈશ્વરને) પ્રયોજન નહિ હોવાથી લીલા (કરવા)માં પણ પ્રયોજન સંભવતું નથી. તેથી ઐશ્વર્ય જ નિયમમાં રાખનારું (વ્યવસ્થા કરનારું) છે. તેથી આપે જ (જગત્) રચેલું હોવાથી, અને ત્રણ ગુણોથી જ રચેલું હોવાથી ભવિષ્યનાં કાર્યનો (આપે) વિચાર કરેલ હોવાથી, કોઈનો પણ દોષ નથી.

ભગવાનમાંથી સાક્ષાત્ (બારોબાર) સર્વ ઉત્પન્ન થાય છે એવો પક્ષ (મત) ચાલુ વિષયમાં સંભવતો નથી; (કારણ કે) તેમ હોય તો ભેદને મુકરર કરનારું કાંઈ નહિ હોવાથી પોતાનો (નારદનો) અપરાધ રહે જ, અને પોતાનું (નારદનું કંસને બોધ કરવાનું) કાર્ય વ્યર્થ થાય. તેથી (તેણે) બીજા જ પક્ષનો આશ્રય લીધેલો છે. 13.

આ વિષયનું (કંસને એવો બોધ કર્યો તેનું) પ્રયોજન કહેતાં, 'આ માટે જ આપે અવતાર લીધેલો હોવાથી સેવકોએ પણ તેને અનુકૂલ હોય તે જ કરવું જોઈએ; તેથી મારો અપરાધ નથી' એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે:

સ ત્વં ભૂધરભૂતાનાં યક્ષપ્રમથરક્ષસામ્॥
અવતીર્ણો વિનાશાય સાધૂનાં રક્ષણાય ચ॥14॥

તે આપ ભૂધર બનેલા યક્ષો, પ્રમથો

અને રાક્ષસોના વિનાશ માટે અને સાધુઓના રક્ષણ માટે અવતરેલા છો. 14.

'ભૂધર' એટલે રાજાઓ. તેઓ ભૂમિના ભારરૂપ જ છે. ભૂમિનું પાલન કરનાર તરીકે જન્મેલા છે (પરંતુ) ખરી રીતે દૈત્યો જ છે. તેઓમાં પ્રમથો સાત્ત્વિક છે, યક્ષો રાજસ છે અને રાક્ષસો તામસ છે. આ ત્રણે સર્વનો નાશ કરનારા છે. નાશ કરનારાઓથી પાલન થવું સંભવતું જ નથી. તેથી માત્ર પર્વત (ભૂધર) થએલા ભાર (કરવા) માટે જન્મેલા છે. ભગવાન્ તેઓનો નાશ કરવા અવતરેલા છે, તેથી ભૂમિનો ભાર દૂર થાય છે. વળી સાધુઓનું રક્ષણ કરવું જોઈએ. રાજા વિનાના રાજ્યમાં સાધુઓનું સંપૂર્ણ રક્ષણ થાય નહિ, અને જેઓનું રક્ષણ થતું ન હોય તે બધાએ અસાધુ (દુષ્ટ) થાય. તેથી બીજી રીતે (રાજાવાળું રાજ્ય કર્યા વિના) દૈત્યોનો વધ કરવાથી પણ કાર્ય પાર પડતું નથી. સર્વનો વધ કરવામાં આવે તો પ્રલય જ થાય. તેથી રાજા બનાવીને જ દૈત્યોને હણવા જોઈએ. તેથી ભગવાન્ (રાજા બનાવી દૈત્યોને હણવા માટે) અને સાધુઓનું રક્ષણ કરવા પોતે અવતરેલા છે. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ભક્તિ (આપવા) માટે પણ (ભગવાન્ અવતરેલા છે). તેથી તે(ભગવદવતારના પ્રયોજન)ને અનુકૂલ (હોય તે) સેવકોએ પણ કરવું જોઈએ. તેથી મારે પણ (તેવું કાર્ય) કરવું જોઈએ એવો ભાવ છે. 14.

આનું દૃષ્ટાંત કહેતાં, ભગવાને જે કાર્ય હમણાં કર્યું તેનું નીચેના શ્લોકમાં અનુમોદન કરે છે:

दिष्ट्या ते निहतो दैत्यो लीलायायं हयाकृतिः॥
यस्य हेषितसंत्रस्तास्त्यजन्त्यनिमिषा दिवम्॥15॥

જેના હણહણાટથી ભય પામેલા દેવો સ્વર્ગને તજી જતા હતા તેવા અશ્વની આકૃતિવાળા આ દૈત્યને આપે સહેલાઈથી હણ્યો એ (મારું) મોટું ભાગ્ય (છે). 15.

આપે 'આ' એટલે મોટા (દૈત્ય)નો, સંપૂર્ણ રીતે નાશ કર્યો. 'અશ્વ' એ તો માત્ર (તેની) આકૃતિ છે, પણ વાસ્તવિક રીતે (તે) દૈત્ય છે. 'સહેલાઈથી' એટલે પોતે દુ:ખ પામ્યા વિના; એમ ન હોય તો (આપને) દુ:ખ થતાં પણ, સેવકને અપરાધ જ થાય (લાગે). તેથી જ (આપે તેને સહેલાઈથી હણ્યો એ) મારું મોટું ભાગ્ય છે.

'તુચ્છને પ્રયાસ વિના જ હણાય, તેમાં આશ્ચર્ય શું?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. '(જેના) હણહણાટથી ભય પામેલા દેવો પણ સ્વર્ગને તજી જતા હતા' (તેવો તે હતો). દેવોની જ્ઞાનશક્તિ સ્થિર હોય છે (આંખો સ્થિર ખુલ્લી જ રહે છે, પાંપણો મીંચાતી નથી). તેઓને પણ ભય થતાં તે(તેમની જ્ઞાનશક્તિ)નો નાશ (થએલો) જણાવે છે. વળી જેઓની આંખ મીંચાતી પણ નથી તેઓને મૂર્છા વિગેરે થાય એ સંભવતું નથી, તેથી (તેઓને) ભય (તો) કોઈ પ્રકારે થવો ન જ જોઈએ. તેવાઓને પણ માત્ર હણહણાટથી (આ કેશી) ભય ઉત્પન્ન કરતો હતો. 'સ્વર્ગને' પણ 'તજી જતા હતા' શબ્દોથી એમ કહેલું છે કે તે ભય પણ

ભારે કાર્ય કરતો હતો. તેથી (એવા આ દૈત્યને હણવામાં) પ્રયાસ કરવો પડે, તે ન કર્યો (કરવો પડયો) એ મોટું ભાગ્ય છે. 15.

બીજું પણ (કાર્ય) ભવિષ્યમાં થશે અને તે સર્વ હું જોઈશ એટલે મેં મારા સુખને માટે જ આ (કંસને બોધ કરવાનું કાર્ય) કરેલું છે એમ (ભવિષ્યમાં થનારાં કાર્યો જોવાની) પોતાની તીવ્ર ઈચ્છા પ્રકટ કરતાં, પોતાના જ દોષને પોતે જ જણાવતાં નીચેના શ્લોકમાં કહે છે:

ચાણૂરં મુષ્ટિકં ચૈવ મલ્લાનન્યાંશ્ચ હસ્તિનમ્॥
કંસં ચ નિહતં દ્રક્ષ્યે પરશ્ર્વોહનિ તે વિભો॥16॥

હે ઇશ્વર! પરમ દિવસે ચાણૂર અને મુષ્ટિકને અને બીજા મલ્લોને અને હાથીને અને કંસને આપથી હણાએલા હું જોઈશ. 16.

યોગથી ઉત્પન્ન થએલા ધર્મથી થએલ જ્ઞાન સર્વ (પદાર્થ)નું સંપૂર્ણ રીતે થતું નથી1 એમ જણાવવા, ખોટા ક્રમથી (નારદ અહિં) વર્ણન કરે છે. નહિ તો હાથી હાંકનાર (અંબષ્ટ વિગેરે અને હાથી)ને (ચાણૂર વિગેરે) પહેલાં હણેલ છે. નૃગનો પછી (ઉદ્ધાર કર્યો છે, તે) પહેલાં સ્યમંતક (મણિ લાવ્યા છે), અને તેથી પણ પહેલાં (ગુરુના) મરણ પામેલ પુત્રને લાવ્યા છે. (છતાં અહિં આ કાર્યો ઊંધા ક્રમે જણાવેલાં છે). મુષ્ટિક અને ચાણૂર (મલ્લોમાં) મુખ્ય હોવાથી તેમનાં નામો આપેલાં છે. (મુષ્ટિકને) બલભદ્રે હણ્યો હતો છતાં, યોગથી થએલા ધર્મને લીધે (નારદને જ્ઞાન થતું હોવાથી), અને (તેને હણતી વખતે બલભદ્રમાં) ભગવાનનો આવેશ હોવાથી ભગવાન જ તેનો વધ કરશે એમ (નારદ) જાણે છે. 'ચ' શબ્દનો અર્થ એવો છે કે યુદ્ધ પણ જીતાયું. આજે (જે દિવસે નારદ સ્તુતિ કરે છે તે દિવસે) સાંજે અક્રૂર આવશે, કાલે (મથુરા) જવાનું થશે, (અને) પરમ દિવસે મથુરામાં (મલ્લો, હાથી તથા કંસને) હણવાના છે. તે પણ દિવસ દરમ્યાન જ (હણવાના છે), પરંતુ રાત્રિ સુધીનો પણ વિલંબ થવાનો નથી. ચિહ્ન2 (તરીકે કહેલ છે). શલ વિગેરે મલ્લોને સવારમાં જ હણવાના છે. બીજા ધનુષ્યનું રક્ષણ કરનારાઓને પણ (તેથી પણ પહેલાં હણવાના છે). (ઉત્તરાર્ધમાં) 'ચ' 'અને' શબ્દથી કંસના ભાઈઓ (જણાવેલા છે). (આ બોલનાર) નારદ (નરનો ધર્મ નાર, તેને 'દદાતિ' આપે તે નારદ) હોવાથી મનોરથવાળો છે. તે પ્રમાણે સર્વ પ્રકારે થશે એવો નિશ્ચય છે, એમ જણાવવા 'હે ઇશ્વર!' એવું સંબોધન (કરેલું છે). 16.

1.'યોગજધર્મજ્ઞાનેન' પાઠ દેવકીનંદન પ્રેસવાળા ગ્રંથમાં છે. એવો પાઠ હોય ત્યારે અર્થ નીચે પ્રમાણે થાય. '(નારદ) યોગથી ઉત્પન્ન થએલા ધર્મથી થતા જ્ઞાનથી સર્વ (પદાર્થ) સંપૂર્ણ રીતે જુએ છે એમ જણાવવા....'

2.'પરમ દિવસે' કહ્યું એ સમયનું સામાન્ય ચિહ્ન કહ્યું, વસ્તુત: તેથી પણ પહેલાં કેટલાકને હણવાના છે, એવો ભાવ છે.

તસ્યાનુ શઙ્ખયવનમુરાણાં નરકસ્ય ચ॥
પારિજાતાપહરણમિન્દ્રસ્ય ચ પરાજયમ્॥17॥

તેની પછી શંખ, યવન, મૂર અને નરકને (આપથી હણાએલા હું જોઈશ), પારિજાતનું હરણ અને ઇન્દ્રનો પરાજય (હું જોઈશ). 17.

માત્ર કંસને જ હણીને આપ અટકવાના નથી, પરંતુ બીજાઓને પણ હણવાના છો, એવા આશયથી તેઓને જણાવે છે. 'તેના' એટલે કંસના વધની પછી 'શંખ' એટલે પંચજન, 'યવન' એટલે કાલયવન (અને) નરકનો મિત્ર મુર; એમના વધને હું જોઈશ, એવો (વાક્યનો) સંબંધ છે. આ ત્રણ સાત્ત્વિક, રાજસ અને તામસના વિભાગો છે; અને તે પ્રમાણે નરકના વધને હું જોઈશ એવો (વાક્યનો) સંબંધ છે. આ (નરક) ભગવાનનો પ્રસિદ્ધ પુત્ર છે, તેથી મુખ્ય રીતે જણાવેલો છે. 'ચ' 'અને' શબ્દથી, બીજા તેના પીઠ વિગેરે સેવકોને પણ (આપથી હણાએલા હું જોઈશ એમ કહેલું છે). પછી વધને (વધની વાત) મૂકી દઈ, માત્ર જય(નો વૃત્તાંત) કહેવા માટે, (જયનાં) નિમિત્ત અને ફલ કહે છે. પારિજાતનું હરણ નિમિત્ત છે, ઇન્દ્રનો પરાજય (ફલ છે). 17.

ઉદ્વાહં વીરકન્યાનાં વીર્યશુલ્કાદિલક્ષણમ્॥
નૃગસ્ય મોક્ષણં પાપાદ્ દ્વારકાયાં જગત્પતે॥18॥

હે જગતના પતિ! વીર્યરૂપી મૂલ્ય જેનું મુખ્ય લક્ષણ છે તેવો વીરની કન્યાઓ સાથે આપનો વિવાહ અને દ્વારકામાં નૃગની પાપમાંથી (આપે કરેલી) મુક્તિ (હું જોઈશ). 18.

વીરની કન્યાઓનો (કન્યાઓ સાથે) 'ઉદ્વાહ:'-વિવાહ ફલ છે.

'પકડેલી અને તેમાં પણ કેદ પકડેલી (કન્યાઓ) સાથે વિવાહ (કરવો) એ યોગ્ય કેમ ગણાય?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'વીર્યશુલ્ક:' વીર્યરૂપી મૂલ્ય જ જેનું 'આદિ:' મનને સંતોષ આપવા વિગેરેરૂપ અથવા ગાંધર્વ વિગેરેરૂપ મુખ્ય કારણ છે તે જ 'લક્ષણમ્' એટલે અસાધારણ ધર્મ (ગુણ) છે જે વિવાહનો, (તેવો વિવાહ આ છે). વિવાહમાં પ્રવૃત્તિ કરાવનાર વીર્ય જ છે. જેમ મૂલ્યથી (વસ્તુ) ખરીદ કરવામાં આવે તેમાં 'મૂલ્યથી પ્રાપ્ત કરેલ સર્વ પવિત્ર છે' વાક્ય પ્રમાણે કાંઈ ચિંતા નથી, (તેમ આવા વિવાહમાં કાંઈ ચિંતા નથી). તેમ છતાં પણ ક્ષત્રિયની કન્યાઓ માટે જ વીર્યરૂપી મૂલ્ય યોગ્ય છે, પરંતુ હરકોઈની (કન્યા) માટે યોગ્ય નથી. તે વિષયમાં 'વીરોની જે કન્યાઓ (હતી તેમની જ સાથે વિવાહ)' કહેલ છે.

જો દાન જ પ્રવૃત્તિ કરાવનારું છે (એમ માનતા હો તો) નૃગનું દાનથી કાંઈ (પ્રયોજન) સિદ્ધ થયું નહિ એમ (જણાવે છે). 'પાપમાંથી' એટલે બ્રાહ્મણની ગાય લઈ લેવામાંથી, અથવા કાચીડાના રૂપમાંથી (નૃગને મુક્તિ આપી). 'દ્વારકામાં' શબ્દથી તે ભક્ત હોવાનું અને તેનો ઉદ્ધાર કરવાનું કારણ કહેલું છે.

'બ્રાહ્મણની ગાય લઈ લેવી એ અખૂટ (પાપ) છે. તેથી (તેનો તેમાંથી) ઉદ્ધાર કેમ થયો?' એવી શંકા થાય, તેથી 'હે જગતના પતિ!' એવું સંબોધન કરેલું છે. તે (શ્રીકૃષ્ણ) જ 'પતિ' એટલે સર્વને નિયમમાં રાખનારા છે. 18.

સ્યમન્તકસ્ય ચ મણેરાદાનં સહ ભાર્યયા॥
મૃતપુત્રપ્રદાનં ચ બ્રાહ્મણસ્ય સ્વધામત: ॥19॥

પત્નીસહિત સ્યમંતક મણિને લઈ આવવો તે અને પોતાના ધામમાંથી બ્રાહ્મણના પુત્રને આપવા તે (હું જોઈશ). 19.

સત્રાજિતના પ્રસંગમાં સ્યમંતક મણિને પણ (આપ) લઈ આવશો; કારણ કે જાંબવાન (મણિને) લઈ ગયો હતો. પછી (તેણે આપને) જાણીને ક્રધયા પણ આપી, એવી રીતે (આપ) પત્નીસહિત તેને લઈ આવશો. ગુરુના મરણ પામેલા પુત્રને (આપ) લઈ આવશો. 'ચ' 'અને' શબ્દથી એમ જણાવ્યું છે કે (આપ) પોતાના ધામમાંથી એટલે મૂલસ્થાનમાંથી બ્રાહ્મણના મરેલા પુત્રોને લઈ આવશો. તે બધાએ (બ્રાહ્મણના મરેલા પુત્રો) તિરોહિત થએલા હોવા છતાં યોગથી ઉત્પન્ન થએલા ધર્મને લીધે (નારદને) સ્ફૂર્યા. યોગથી ઉત્પન્ન થતા ધર્મનું આટલું જ બલ છે (કે જે હોય તે જણાય), પરંતુ જે ન હોય તે તો (તેનાથી) જાણી શકાતું નથી. તેથી જ (પદાર્થનો) નાશ થવાનો મત અયોગ્ય છે1. 19.

1.પદાર્થના આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે, પરંતુ સર્વથા નાશ થતો નથી.

પૌણ્ડ્રકસ્ય વધં પશ્ચાત્ કાશિપુર્યાશ્ચ દીપનમ્॥
દન્તવક્ત્રસ્ય નિધનં ચૈદ્યસ્ય ચ મહાક્રતૌ॥20॥

પૌંડ્રકના વધને અને પછી કાશીપુરીના દાહને, દંતવક્ત્રના વધને અને મોટા યજ્ઞમાં શિશુપાલના વધને (હું જોઈશ). 20.

'પછી પૌંડ્રકનો વધ' એ (શ્લોકનો અર્થ કરીએ છીએ). પોતાને (નારદને) (શ્રીકૃષ્ણનું જે) દર્શન થાય છે તે ધ્યાનમાં લેતાં પૌંડ્રક મિથ્યાવાસુદેવ છે. 'ચ' 'અને' શબ્દથી કાશીના રાજાનો પણ (વધ કહેલો છે). કાશીનગરીનો 'દાહ' એટલે બાળી નાખવી તે; પછી દંતવક્ત્ર અને શિશુપાલનો વધ (હું જોઈશ). (અહિં) ઊંધો ક્રમ (કહેલો) છે; (કારણ કે શિશુપાલને પહેલાં હણશે અને પછી દંતવક્ત્રને હણશે). પહેલા બે જન્મોમાં હિરણ્યાક્ષ અને કુંભકર્ણને પહેલાં હણેલા (અને હિરણ્યકશિપુ અને રાવણને પછીથી હણેલા) તેથી એવી જ રીતે હણશે1 એમ (માની) એ પ્રમાણે કહેલ છે. મોટા યજ્ઞમાં એટલે (યુધિષ્ઠિરના) રાજસૂય યજ્ઞમાં. 'ચ' 'અને' શબ્દથી સર્વ સ્થલે તેના સંબંધવાળો પદાર્થ સમજવો. 20.

1.જય અને વિજયને શાપ થવાથી ત્રણ અવતારો લેવા પડેલા. તે પૈકી એક હિરણ્યાક્ષ, કુંભકર્ણ અને દંતવક્ત્ર થએલ અને બીજો હિરણ્યકશિપુ, રાવણ અને શિશુપાલ થએલ. પહેલાંના અવતારમાં ભગવાને હિરણ્યાક્ષ અને કુંભકર્ણને પહેલા હણેલા અને હિરણ્યકશિપુ તથા રાવણને પછી હણેલા. તેથી આ અવતારમાં પણ શ્રીકૃષ્ણ પ્રથમ દંતવક્ત્રને હણશે અને શિશુપાલને પછી હણશે એમ માની નારદે એ પ્રમાણે કહ્યું છે, પણ ભગવાન્ પ્રથમ શિશુપાલને (અધ્યાય 71) અને પછી દંતવક્ત્રને હણવાના છે (અધ્યાય 75). તેથી અહિં નારદે ઊંધો ક્રમ કહેલો છે.

એ પ્રમાણે (અમુક કાર્યોનું) ખાસ વર્ણન કરીને, નીચેના શ્લોકથી સામાન્ય રીતે નિરૂપણ કરે છે:

યાનિ ચાન્યાનિ વીર્યાણિ દ્વારકામાવસન્ ભવાન્॥

કર્તા દ્રક્ષ્યામ્યહં તાનિ ગેયાનિ કવિભિર્ભુવિ॥21॥

કવિઓએ ભૂમિ ઉપર ગાન કરવાનાં અને બીજાં જે પરાક્રમો દ્વારકામાં વસતાં આપ કરશો તે હું જોઈશ. 21.

શાલ્વનો વધ વિગેરે પરાક્રમો, અને પત્નીઓનાં ઘરોમાં અનેક પ્રકારની લીલાઓ (આપ કરશો તે હું જોઈશ). 'બીજાં' એટલે જીવો (કરે તેવાં) સામાન્ય (પરાક્રમો). 'દ્વારકામાં વસતાં' શબ્દોથી તે (પરાક્રમો) કોઈકોઈ પ્રસંગોએ કરવાનાં છે એમ કહેલું છે. 'ભવાન્' (આપ) શબ્દથી એમ સૂચવેલું છે કે પોતાને (નારદને) સંમુખ રીતે (આ કાર્યોનું) દર્શન કરાવવાનું નથી1.

'દર્શનથી શું થાય?' એવી શંકા થાય, તેથી 'કવિઓએ ગાન કરવાનાં' શબ્દોથી પરાક્રમોનું માહાત્મ્ય કહે છે. અથવા મારે (નારદે) (તેમનો) ઉપદેશ કરવાનો હોવાથી તે માટે (ઉપદેશ કરવા માટે) મારે દર્શન કરવાં જોઈએ. 'ભૂમિ ઉપર' શબ્દથી એમ સૂચવ્યું છે કે (આ પરાક્રમો ભગવાન્) ભવિષ્યમાં થનારા(જીવો)ની મુક્તિ માટે (કરવાના છે). 21.

1.કારણ કે 'ભવાન્' શબ્દ સંસ્કૃતમાં ત્રીજા પુરુષનો ગણાય છે.

એ પ્રમાણે સાક્ષાત્ પોતાનાં (ભગવાનનાં) કાર્યો કહી, (ભગવાન્ જે) બીજા પાસે કરાવવાના છે તે નીચેના શ્લોકમાં કહે છે:

અથ તે કાલરૂપસ્ય ક્ષપયિષ્ણોરમુષ્ય વૈ॥
અક્ષૌહિણીનાં નિધનં દ્રક્ષ્યામ્યર્જુનસારથેઃ॥22॥

પછી આનો નક્કી નાશ કરવાની ઇચ્છાવાળા, અર્જુનના સારથિ કાલરૂપ આપથી અક્ષૌહિણીઓનો નાશ હું જોઈશ. 22.

'કાલરૂપ' શબ્દથી પરંપરાથી (બીજાની દ્વારા) (નાશ) કરવાનું પ્રયોજન અને સામર્થ્ય કહેલાં છે. આથી એમ જાણવું કે (ભગવાને) કાલરૂપ થઈ ભારતનું કાર્ય (અઢાર અક્ષૌહિણીનો સંહાર) કરેલું; પરંતુ 'હું કાલ છું' (ભગવદ્ગીતા 11।) વાક્યને લીધે (ભગવાન્) કાલરૂપ જ છે એમ ન માનવું. ભગવાન્ કાલનું નિયમન કરનારા છે, તેથી એ પ્રમાણે કરવાનું કારણ "આ એટલે ભૂમિના ભારનો 'વૈ' નક્કી નાશ કરવાની ઇચ્છાવાળા" શબ્દોથી કહેલું છે, કારણ કે કાલ નિમિત્ત જ થાય છે. 'અક્ષૌહિણીઓનો' એટલે નક્કી કરેલી અઢાર અક્ષૌહિણીઓનો. અક્ષૌહિણીનું પરિણામ (માપ-કદ) (નીચે પ્રમાણે છે):

"જેમાં એક હાથી, એક રથ, ત્રણ અશ્વો (ઘોડેસ્વારો), અને પાંચ સૈનિકો (પગે ચાલનારા યોદ્ધાઓ) હોય તે 'પત્તિ' કહેવાય છે. પત્તિથી ત્રણત્રણ ગણા બધા અંગો જેમાં હોય તેને અનુક્રમે નીચે પ્રમાણે કહે છે:

(1)સેનામુખ (2)ગુલ્મ (3)ગણ (4)વાહિની (5)પૃતના (6)ચમૂ (7) અનીકિની. દશ અનીકિનીઓની એક અક્ષૌહિણી1 થાય છે. તેથી 21870 રથો અને (તેટલા જ) હાથીઓ, 109350 સૈનિકો અને 65610 અશ્વો(ઘોડેસ્વારો)નો જેમાં સમાવેશ થતો હોય (તે અક્ષૌહિણી કહેવાય છે)"

એવી જાતની (અઢાર) અક્ષૌહિણીઓનો નાશ હું જોઈશ. (તે નાશ) ભગવાને કરાવ્યો તે વિષયમાં લૌકિક દૃષ્ટાંત 'અર્જુનના સારથિ' શબ્દોથી કહે છે. 22.

1.આની ગણતરી નીચે પ્રમાણે થાય છે-

પત્તિ=	1 હાથી	1 રથ	3 અશ્વો	5 સૈનિકો
સેનામુખ=	3 હાથી	3 રથ	9 અશ્વો	15 સૈનિકો
ગુલ્મ=	9 હાથી	9 રથ	27 અશ્વો	45 સૈનિકો
ગણ=	27 હાથી	27 રથ	81 અશ્વો	135 સૈનિકો
વાહિની=	81 હાથી	81 રથ	243 અશ્વો	405 સૈનિકો
પૃતના=	243 હાથી	243 રથ	729 અશ્વો	1215 સૈનિકો
ચમૂ=	729 હાથી	729 રથ	2187 અશ્વો	3645 સૈનિકો
અનીકિની=	2187 હાથી	2187 રથ	6561 અશ્વો	10935 સૈનિકો
અક્ષૌહિણી=	21870 હાથી	21870 રથ	65610 અશ્વો	109350 સૈનિકો

એવી રીતે ચરિત્રનું નિરૂપણ કરવાથી જેઓમાં લૌકિક દૃષ્ટિ મુખ્ય છે તેઓ પોતાના દૃષ્ટાંતથી ભગવાનને પણ લૌકિક જાણશે1એમ માની, (શ્રીકૃષ્ણ) બ્રહ્મ છે એમ જણાવવા આ લીલાથી (સહેલાઈથી) જ (તેમણે) કરેલું છે એમ માની, જ્ઞાન અને ભક્તિના સિદ્ધાંતો જણાવનારા નીચેના બે શ્લોકોથી, (નારદ) ભગવાનનું સ્વરૂપ કહે છે:

વિશુદ્ધવિજ્ઞાનઘનં સ્વસંસ્થયા સમાપ્તસર્વાર્થમભોઘવાઞ્છિતમ્॥
સ્વતેજસા નિત્યનિવૃત્તમાયાગુણપ્રવાહં ભગવન્તમીમહિ॥23॥

વિશુદ્ધ પૂર્ણ વિજ્ઞાનરૂપ, પોતાની અંદરની સ્થિતિથી પૂર્ણ થએલ સર્વ પુરુષાર્થવાળા, સિદ્ધ ઇચ્છાવાળા, પોતાના તેજથી સદા દૂર રહેલ છે માયાના ગુણોનો પ્રવાહ જેમનાથી તેવા (આપ) ભગવાનને અમે શરણે આવીએ (છીએ). 29.

આપ સ્વરૂપથી જ્ઞાનરૂપ છો, અને તે જ્ઞાન ઉત્પન્ન થએલું નથી તેમ જ (અમુક) પદાર્થના સંબંધવાળું નથી, એમ 'વિશુદ્ધ' શબ્દથી કહે છે. જ્ઞાનશક્તિ તો ઉત્પન્ન થએલી ન હોવા ઉપરાંત (કોઈનો) વિષય થતી નથી2 (કોઈથી ગ્રહણ થતી નથી), ત્યારે જ (તેની) ઉત્તમ શુદ્ધિ હોય છે. વળી તે વિજ્ઞાન બ્રહ્મરૂપ છે, એમ કહેવા 'પૂર્ણ' શબ્દ યોજેલો છે, કારણ કે પૂર્ણ હોય તે જ 'બૃહત્' મોટું અને વૃદ્ધિ પામેલું હોય છે. આવા બ્રહ્મની જગતનું કારણ થવામાં આધાર બનેલી બધી સામગ્રી3 અને ફલ પણ (બ્રહ્મનું) સ્વરૂપ જ છે. તેમ ન હોય તો (બ્રહ્મના) સંગરહિતપણાના ભંગનો પ્રસંગ થાય, અને (બ્રહ્મ) વિકારવાળું થાય. (તે) સ્વરૂપ જ છે એવા મત પ્રમાણે તો (બ્રહ્મનો) તેવી જ રીતે પ્રાદુર્ભાવ થતો હોવાથી કોઈ પણ દોષ લાગતો નથી, એમ 'પોતાની અંદરની સ્થિતિથી' શબ્દથી કહેલ છે, (બ્રહ્મની) પોતાની અંદર જ સંપૂર્ણ રીતે જે સ્થિતિ છે તેથી જ (આપ) 'સમાપ્તસર્વાર્થ:' એટલે પૂર્ણ થએલ છે સર્વે પુરુષાર્થો જેમના તેવા છો. વારંવાર થતા સર્વ પુરુષાર્થોનું સ્વરૂપ જ તે(બ્રહ્મ)નું સ્વરૂપ છે (અને) સ્વરૂપમાં સ્થિતિ હોવાથી જ તે થાય છે. (પોતાની) બહાર સ્થિતિ કરવાથી (તેમ) થતું

નથી, એટલે ભગવાન જ નિત્ય સ્વરૂપમાં સ્થિતિ કરે છે, પરંતુ બીજો કોઈ (તેમ કરતો નથી), તેથી તેમની (ભગવાનની) જ સર્વ ઇચ્છાઓ સિદ્ધ હોય છે.

1.'લૌકિકત્વં મત્વા' એટલે 'લૌકિક છે એવું જ્ઞાન (થશે) એમ માનીને, ભગવાન્ પણ લૌકિક છે એમ માણસો જાણશે' એવો અર્થ છે. (લે)

2.'ન વિષયા ભવતિ' પાઠ વૃંદાવન પ્રેસવાળા ગ્રંથમાં છે તે પ્રમાણે અર્થ કરેલો છે.

સ્વરૂપમાં સ્થિતિ હોવાથી માત્ર ઇચ્છેલા (પદાર્થ)ની સિદ્ધિ થાય છે એટલું જ નહિ, પરંતુ અનિષ્ટ (દુ:ખ) તેવી જ રીતે દૂર થાય છે, તેથી તે 'પોતાના તેજથી (સદા દૂર રહેલ છે માયાના ગુણોનો પ્રવાહ જેમનાથી)' શબ્દથી કહે છે. પોતાનું જે 'તેજ' એટલે પોતાની મેળે પ્રકાશતું, કરોડો સૂર્યોથી અધિક પ્રકાશવાળું ચૈતન્ય, તેનાથી જ સદા દૂર રહેલ છે જે માયાના સત્ત્વ વિગેરે ગુણો, તેઓનો પ્રવાહ એટલે (તેઓનાં) કાર્યની પરંપરા જેમનાથી, (તેવા આપ છો). આ દોષો અંધકારની પેઠે સદા સર્વ સ્થલે રહેલા છે, પરંતુ જેમ સૂર્યના મંડલમાં અંધકાર (રહેતો) નથી, તેમ (આ દોષો) ભગવાનમાં રહેતા નથી. તેનું કારણ અવશ્ય કહેવું જોઈએ, કારણ કે કારણને લીધે (તેઓ) સદા ભગવાનથી દૂર રહે છે. તેમ ન હોય તો સર્વ સ્થલોએ રહેતા દોષો ત્યાં ગએલા પાછા ન ફરે. સત્ ચિત્ અને આનંદ ગુણો તો ઉપયોગી છે તેથી4 તેમને (તે દોષોને) દૂર રાખવા માટે માયા છે. આવું (બ્રહ્મ) પણ ઔડુલોમિના5 મત પ્રમાણે ગુણ વિનાનું અથવા આકાર વિનાનું નથી, પરંતુ (તે) છ ગુણોના ઐશ્વર્યવાળા આપ ભગવાન(રૂપ છે). તેમને 'ઈમહિ'-અમે શરણે આવીએ છીએ. પ્રાર્થના કરવાની હોવાથી 'લિઙ્' વિધ્યર્થ(નું રૂપ યોજેલ) છે. 23.

3.'સર્વાં સામગ્રીં... આધારાદિભૂતાં' આ ત્રણે શબ્દો દ્વિતીયાના એકવચનમાં યોજાએલ છે, તે પ્રથમાના એકવચનના હોવા જોઈએ એમ જણાય છે. તેથી ત્રણેને અંતે અનુસ્વાર હોવું ન જોઈએ.

4.'તેથી' એટલે સત્ ચિત્ અને આનંદ ગુણો ઉપયોગી હોવાથી, તેમને દોષોની અસર ન થાય તે માટે.

5.મુક્તજીવ કેવા પ્રકારે આનંદનો ભોગ કરે છે તે સંબંધમાં ઔડુલોમિનો મત બ્રહ્મસૂત્ર 4।6માં કહેલો છે. ત્યાં પણ મુક્તજીવ માત્ર ચિદ્રૂપથી દેહ વિગેરે આકાર વિના ભોગ કરે છે એવો તેમનો મત જણાવેલો છે.

ભક્તિ(ના સિદ્ધાંત) પ્રમાણે ભગવાનનું નિરૂપણ નીચેના શ્લોકમાં કરે છે:

ત્વામીશ્વરં સ્વાશ્રયમાત્મમાયયા વિનિર્મિતાશેષવિશેકલ્પનમ્॥
ક્રીડાર્થમદ્યાત્તમનુષ્યવિગ્રહં નતોસ્મિ ધુર્યં યદુવૃષ્ણિસાત્વતામ્॥24॥

પોતાના (જ) આશ્રયવાળા, જેમણે પોતાની માયાથી સર્વ ભેદોની જાતો બનાવેલી છે તેવા, હમણાં ક્રીડા માટે ધારણ કરેલ મનુષ્યદેહવાળા, યદુ વૃષ્ણિ અને સાત્વતોના નાયક આપ ઈશ્વરને હું નમન કરું છું. 24.

સર્વને વશ રાખનાર ભગવાન્ 'ઈશ્વર' છે. બીજાઓ તો વશ રહેનારા છે. (ભગવાન્) આવા હોવા છતાં લૌકિક પ્રભુની પેઠે પોતાના માટે વશ રહેનારાઓની (સેવકોની) (તેમને) જરુર નથી, એમ 'પોતાના (જ) આશ્રયવાળા' વિશેષણથી કહેલું છે. 'સ્વમ્' પોતાનો જ 'આશ્રિત્ય' આશ્રય કરીને રહે (તે 'સ્વાશ્રય:'). જેમ ગરુડ વિગેરેનો પોતાને ઊંચકી રાખવાનો પ્રયાસ પોતાની જ અંદર રહેલો હોવાથી બીજા કોઈ આધારની (તેમને) જરુર નથી (તેમ ભગવાનને પણ બીજા કોઈ આધારની જરુર નથી, પરંતુ) તે (ગરુડ વિગેરેનો) પ્રયાસ શાંત થાય છે તેથી ગરુડ વિગેરેને કોઈવાર બીજાનો આધાર લેવો પણ પડે છે; પરંતુ ભગવાનનો તે પ્રયાસ નિત્ય હોવાથી, ભગવાનને કોઈ પણ સમયે બીજાનો આધાર લેવો પડતો નથી. (ભગવાન્) ચારે તરફ દેખાતા હોવા છતાં (બીજા પદાર્થ સાથે) સંબંધવાળા હોય તેવા દેખાય છે, પરંતુ (બીજા પદાર્થ સાથે) સંબંધવાળા થતા (હોતા) નથી. તેથી જ 'જે પૃથ્વીમાં રહેતાં....1' વિગેરે શ્રુતિઓ (એમ કહે છે). આમ (રહેવા) છતાં (પૃથ્વી વિગેરે સાથે) સંબંધ વિના જ (ભગવાન્ તેમનામાં) રહે છે. તે (પૃથ્વી વિગેરે પદાર્થ) સાથે (ભગવાનનો) સંયોગ પણ થતો નથી; કારણ કે પોતાની માયાથી જ બનાવેલા છે સર્વ ભેદો જેમણે (તેવા ભગવાન્ છે). સર્વ ભેદો ખોટું જ્ઞાન કરાવનારા હોય છે. વાસ્તવિક રીતે તેઓ (સર્વ ભેદો) માયાથી જ દેખાડવામાં આવે છે, પરંતુ તેઓનું રૂપ (સ્વરૂપ) તો ભગવાન જ હોવાથી, ભગવાન્ સંગ વિનાના પણ છે.

'(ભગવાનના) અવતારોમાં દેહ ઇન્દ્રિય વિગેરે ધર્મો જોવામાં આવે છે' એવી શંકા થાય, તેથી 'ક્રીડા માટે (હમણાં ધારણ કરેલ મનુષ્ય દેહવાળા)' એમ કહેલું છે. ખૂંધવાળા હોવાપણું, વાહન (હોવા)પણું વિગેરે જે પદાર્થો (ધર્મો) રમતમાં સ્વીકારવામાં આવે છે2, તેઓ આકારને છૂપાવીને દેખાડવા માટે જ (સ્વીકારવામાં આવે છે), પરંતુ કુદરતી (હોતા) નથી. તેવી જ રીતે પરમાનંદ(ભગવાનમાં) દેહની આકૃતિ સ્વભાવ વિગેરે મનુષ્યના ધર્મો સ્વીકારવામાં આવે છે, પરંતુ તેઓ ભગવાનના કુદરતી ધર્મો નથી. વળી તે (ભગવાને સ્વીકારેલા મનુષ્યના ધર્મોથી થએલ) કર્મ થાય છે તેથી તે ફલ પ્રાપ્ત કરાવનાર થાય છે, (પરંતુ તેઓ) કુદરતી હોય તો દોષરૂપ હોવાથી તે (ફલ પ્રાપ્ત કરાવનારા) પણ થાય નહિ3. તેથી જ દોષ વિનાનો અને સંપૂર્ણ ગુણોવાળો દેહ જેમનો છે તેવા(આપ)ને હું નમન કરું છું. '(યદુ વૃષ્ણિ અને સાત્વતોના) નાયક' શબ્દથી ખાસ ગુણ કહે છે. યાદવો, વૃષ્ણિઓ અને સાત્વતો4 સાત્ત્વિક છે; અથવા યદુ (યાદવ) અને વૃષ્ણિરૂપ વૈષ્ણવો છે, તેઓની ધુરા એટલે (તેઓનો) બધોએ ભાર (ભગવાન્) વહે છે, એટલે તે સર્વ ભક્તોનો ઉદ્ધાર કરનારા છે, એવો અર્થ થાય છે. 24.

1.આ આખી શ્રુતિ નીચે પ્રમાણે છે. 'જે પૃથ્વીમાં રહેતાં પૃથ્વીની અંદર છે, જેને પૃથ્વી જાણતી નથી, જેનું પૃથ્વી શરીર છે, જે પૃથ્વીની અંદર રહી તેને વશ રાખે છે, આ અંતર્યામી અમૃત તારો આત્મા છે' (બૃહદારણ્યકોપનિષત્ 3।3). પૃથ્વી સાથે સંબંધવાળા હોય તેવા દેખાવા છતાં, પૃથ્વી સાથે ભગવાનને સંબંધ નથી, સંયોગ સંબંધ પણ નથી. પૃથ્વી જલ,

અગ્નિ, અંતરિક્ષ, વાયુ, સ્વર્ગ, આદિત્ય, દિશાઓ, ચંદ્ર અને તારાઓ, આકાશ, અંધકાર, તેજ, સર્વભૂતો, પ્રાણ, વાણી, ચક્ષુ:, કાન, મન, ત્વચા, વિજ્ઞાન અને રેતસ્ના સંબંધમાં પણ તેવું જ નિરૂપણ કરેલું છે. એટલે આ કોઈ પદાર્થ સાથે ભગવાનને સંબંધ નહિ હોવાથી તે સંગરહિત છે.

2.રમત કરતાં જેમ કોઈ માણસ ખૂંધો થઈ ચાલે છે, અને બળદીઓ બને છે, એવો અર્થ છે. (લે)

3.મનુષ્યદેહ સ્વભાવ વિગેરે જે ક્રીડા માટે ભગવાન્ ધારણ કરે છે તે તેમના કુદરતી ધર્મો નથી, કારણ કે એ ધર્મવાળા ભગવાનથી જે કર્મ કરવામાં આવે છે તે લોકને ફલ પ્રાપ્ત કરાવનારું છે. આ ધર્મો જો મનુષ્યની પેઠે ભગવાનમાં કુદરતી હોય તો તે દોષરૂપ હોવાથી, તેમનાથી થએલ કર્મ ફલ પ્રાપ્ત કરાવનારું થઈ શકે નહિ એવો ભાવાર્થ છે.

4.સાત્વતો એક જાતના યાદવો છે. વળી આ શબ્દનો અર્થ 'વૈષ્ણવો' પણ થાય છે. તેથી એ બંને અર્થ લઈ બે અર્થ કરેલા છે.

આટલું (નારદે) કહ્યું તો પણ 'આ (નારદ) ભ્રાંત છે' એમ (જાણી) ભગવાન્ કાંઈ પણ બોલ્યા નહિ, પરંતુ માત્ર (તેને) જવાની પરવાનગી આપી, એમ (શ્રીશુક) નીચેના શ્લોકમાં કહે છે:

॥શ્રીશુક ઉવાચ॥ શ્રીશુક કહે છે:

એવં યદુપતિં કૃષ્ણં ભાગવતપ્રવરો મુનિ: ॥
પ્રણિપત્યાભ્યનુજ્ઞાતો યયૌ તદ્દર્શનોત્સવ: ॥25॥

ભક્તોમાં ઉત્તમ, ભગવાનના દર્શનરૂપી ઉત્સવ જેમને (પ્રાપ્ત) થએલ છે તેવા મુનિ એવી રીતે યદુઓના પતિ શ્રીકૃષ્ણને સાષ્ટાંગ પ્રણામ કરી, (તેમની) પરવાનગી લઈ ગયા. 25.

આ (નારદે) કહ્યું તે (ભગવાન્) અવશ્ય કરશે એમ જણાવવા 'યદુઓના પતિ' શબ્દ યોજેલ છે, કારણ કે જે તેમના (યદુઓના) પતિ છે તે તેમનું કામ કરશે (જ). 'કૃષ્ણ' એટલે સદાનંદ, કાંઈ પણ ન થાય તો પણ પોતે જ પુરુષાર્થરૂપ. 'ભક્તોમાં ઉત્તમ' શબ્દથી એમ કહેલું છે કે પોતે જાણેલું અને પોતે કરેલું (સેવકે) સ્વામીને અવશ્ય જણાવવું જોઈએ. તેથી (નારદે એ પ્રમાણે) જણાવ્યું. 'મુનિ' શબ્દથી ભવિષ્યમાં જે થવાનું છે તેનું (નારદને) જ્ઞાન હોવાનું કારણ (કહેલું છે). (નારદે) જવા માટે (ભગવાનને) સાષ્ટાંગ પ્રણામ કર્યા, પછી ભગવાને પરવાનગી આપતાં (તે) ગયા.

'તેમની (ભગવાન્) પાસે આવીને (નારદે) કાંઈ પ્રાપ્ત કર્યું નહિ, કેમ તે નકામા જ (તેમની પાસે) ગયા?' એવી શંકા થાય, તેથી કહે છે કે-'તસ્ય' ભગવાનનાં 'દર્શનમ્' દર્શન જ 'ઉત્સવ:' ઉત્સવ હતો જેમનો (તેવા 'તદ્દર્શનોત્સવ:' નારદ હતા) એટલે લોકમાં ઉત્સવ ઘણા ફલવાળો હોય છે, તેવા (ઉત્સવ) રૂપ દર્શન જ (નારદને) પ્રાપ્ત થયું. 25.

એ પ્રમાણે વચ્ચે નારદ આવેલ તે(ની વાત) પૂરી કરી, કેશીના વધ પછી ભગવાન્ ગોકુલ પધાર્યા એમ કહેલું નહિ હોવાથી, તે(કથા)નો નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છે:

ભગવાનપિ ગોવિન્દો હત્વા કેશિનમાહવે॥
પશૂનપાલયત્ પાલૈ: પ્રીતૈર્વ્રજસુખાવહ: ॥26॥

વ્રજને સુખ (પ્રાપ્ત) કરાવનાર ભગવાન્ ગોવિંદે પણ કેશીને યુદ્ધમાં હણી પ્રસન્ન થએલા ગોપાલો પાસે પશુઓનું પાલન કરાવ્યું. 26.

(ભગવાન્) ગોવિંદ હતા, તેથી જેમ નારદ ગયા, તેમ ભગવાન્ પણ પછી ગોકુલ પધાર્યા. (કેશીને) યુદ્ધમાં એટલે સંગ્રામમાં (હણીને પધાર્યા;) તેમ (યુદ્ધમાં હણ્યો) ન હોય તો આ (કેશીનો) વધ રાજસ પ્રકરણમાં કહેવા યોગ્ય ન ગણાય. (તેમણે) પહેલાંની પેઠે જ પશુઓનું પાલન કરાવ્યું, પરંતુ નારદના વાક્યથી તેમને ઈશ્વરપણું અથવા ખેદ થયાં નહિ એમ (જણાવેલું છે). 'પ્રસન્ન થએલા ગોપાલો પાસે' શબ્દોથી એમ કહેલું છે કે (તેઓ) પોતાનું ઇચ્છેલું (ભગવાનને) જણાવતા અને પહેલાંની પેઠે રહેતા. વળી ભગવાન્ રાત્રીએ અને દિવસે (સદા) પહેલાંની પેઠે જ વ્રજને સુખ (પ્રાપ્ત) કરાવનાર (થઈ રહ્યા) હતા. 26.

જો કે આગળની (આગળ કહેવામાં આવે છે તે) કથા (કથામાં જણાવેલી ક્રીડા) તે જ દિવસે કરવામાં આવેલી ન હતી, તો પણ અહિંથી (ગોકુલથી) જઈને પણ ભગવાન્ ગોકુલનું પાલન કરશે એમ જણાવવા સિંહાવલોકન ન્યાય1 પ્રમાણે (તે) કથાનું નીચેના શ્લોકથી આરંભી નવ શ્લોકથી નિરૂપણ કરે છે:

એકદા તે પશૂન્ પાલાશ્ચારયન્તોઽદ્રિસાનુષુ॥
ચક્રુર્નિલાયનક્રીડાશ્ચૌરપાલાપદેશત: ॥27॥

એક દિવસે તે ગોપાલો પર્વતના શિખરો ઉપર પશુઓને ચારતાં ચોર અને રક્ષકના નામથી સંતાવાની રમતો કરતા હતા. 27.

પહેલાં આ કથાનું પ્રકરણ રહેલું (આવેલું) ન હતું તેથી તેના સમયે તે કહી ન હતી તેમ કહે છે કે, કોઈ એક સમયે તે બધાએ ગોપાલો, ગોવર્દ્ધનના ઊંચા પ્રદેશમાં રહેલા દૂરથી પણ જોઈ શકે તેથી પર્વતના શિખરો ઉપર પશુઓને ચારતાં સંતાવાની રમતો કરતા (રમતા) હતા. ત્યાં 'નિલાયનં' સંતાવાનું છે જે રમતોમાં તેવી (રમતો રમતા હતા). જેઓ રમતા હોય તેઓમાંથી જ કેટલાક સંતાઈ જાય છે, (અને) કેટલાક (તેઓને) શોધવા માટે પ્રવૃત્તિ કરે છે. 'ચોર અને રક્ષકના નામથી' શબ્દથી તેમાં પણ ભેદ જણાવે છે. એ પ્રમાણે પણ કેટલાક સંતાએલા ચોર જ હોય છે, અને શોધનારાઓ રક્ષકો (સીપાઈઓ) જ હોય છે. 27.

1.'સિંહાવલોકન ન્યાય' એટલે સિંહની પાછળ નાખેલ દૃષ્ટિનો ન્યાય. સિંહ શિકાર કરવા જાય છે ત્યારે આગળ જતાંજતાં પાછળ પણ શિકાર કોઈ છે કે નહિ તે જોવા દૃષ્ટિ નાખતો જાય છે. તેમ આગળ ચાલતાં પાછળની પણ કાંઈ વાત કરવામાં આવે તે 'સિંહાવલોકનન્યાય' પ્રમાણે કરેલી ગણાય. આથી એમ સૂચવ્યું છે કે આ લીલા કેશીને ભગવાને હણ્યો તે પહેલાં કરેલી. જુઓ આ શ્લોકના આરંભનાં શ્રીસુબોધિની. આથી એમ પણ સૂચવ્યું છે કે ભવિષ્યમાં ભગવાન્ ગોકુલથી બહાર પધારશે ત્યારે પણ ગોકુલ ઉપર નજર રાખી તેનું રક્ષણ કરશે.

ચોરીનો વિષય (જેની ચોરી થાય છે તે) જણાય તે માટે નીચેના શ્લોકમાં ખાસ ભેદ કહે છે:

તત્રાસન્ કતિચિચ્ચૌરાઃ પાલાશ્ચ કતિચિન્નૃપ॥
મેષાયિતાશ્ચ તત્રૈકે વિજહ્રુરકુતોભયાઃ॥28॥

હે નૃપ! તેઓમાંથી કેટલાક ચોર થયા, અને કેટલાક રક્ષક થયા; અને કેટલાક મેઢાં થઈ નિર્ભય થઈ ત્યાં રમતા હતા. 28.

સર્વ ગોપાલો ત્રણ પ્રકારના1 થયા હતા. (ચોર થવામાં) શ્રમ વધારે (થતો) હોવાથી આરંભમાં ચોરો થયા. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) બધાએ (ગોપાલો) વારાફરતી બધા (ત્રણે પ્રકારના) થતા હતા. (આ) માત્ર રમત જ હતી એમ જણાવવા 'હે નૃપ!' એવું સંબોધન કરેલું છે. મેઢાંઓને લઈ જવામાં આવે ત્યારે (તેઓ) શાંત રહે છે (બરાડતાં નથી), તેથી બકરાંઓ વિગેરે જેવા (ચોરવાનાં પ્રાણીઓ) કહેલાં નથી. 'એકે' એટલે 'કેટલાક' અશક્ત (હતા તે મેઢાં થયાં). ભગવાનને લીધે કોઈ તરફથી ભય ન હતો જેમને, તેવા ('નિર્ભય' તેઓ હતા). ઘણા ભાગે ભગવાન્ અથવા બલભદ્ર તે દિવસે ગાયો ચારવા ગયા ન હતા. તેમ ન હોત (તેઓ અથવા તેઓમાંના એક ગાયો ચારવા ગયા હોત), તો (તેમની સાથે) માત્ર ભેગા થવાથી જ તે (વ્યોમાસુર) હણાયો હોત. ગોકુલમાં રહેલા જ (ભગવાને) ત્યાં જઈ તેને હણ્યો એવો નિર્ણય (થાય છે). 28.

1.(1)ચોર (2)ચોરવાનાં મેઢાંઓ (3)શોધનારા રક્ષકો.

કંસ દૈત્યોના અંશવાળો હોવાથી, તેનું હિત કરનારા મયના પુત્રે પોતે આવી ગોપાલોને પીડા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે:

મયપુત્રો મહામાયો વ્યોમો ગોપાલવેષધૃક્॥
મેષાયિતાનપોવાહ પ્રાયશ્ચૌરાયિતો બહૂન્॥29॥

મયનો પુત્ર, ઘણી માયાવાળો, ગોપાલનો વેષ ધારણ કરેલ વ્યોમ ઘણા ભાગે ચોર થઈ મેઢાં બનેલા (ઘણા ગોપો)ને લઈ ગયો. 29.

'મહતી' ઘણી 'માયા' માયા જેની (હતી તેવો 'મહામાયઃ' વ્યોમ હતો). (આ શબ્દથી) ગોપાલોને છેતરવાની અને હણવાની (તેની) શક્તિ કહેલી છે. તેઓ (ગોપાલો) (તેને જોઈને) નાસી જાય, તેથી વ્યોમાસુરે ગોપાલનું રૂપ લીધું હતું. (ગોપાલ) ચોર બનેલો હોય તેના જેવો તે થયો. જેમ બીજા ગોપો મેઢાં બનેલાને એટલે મેઢાંની પેઠે પડી રહેલાઓને લઈ જતા હતા (તેમ તે લઈ ગયો), પરંતુ તે (મેઢાં બનેલા) લઈ જવાતા હતા ત્યારે રક્ષક બનેલા જાગી જતા હતા, પણ જ્યારે આ (વ્યોમાસુર) લઈ જતો હતો1 ત્યારે (તેની) માયાને લીધે કોઈ પણ જાગતું નહિ. તેથી (આ વ્યોમ) ઘણાંને લઈ ગયો. 29.

1.'નીયમાને, નયતિ સતિ', એમ 'લઈ જતો હતો' બે વાર કહેલું છે, તેમાં પહેલાં આત્મનેપદ અને પછી પરસ્મૈપદનો પ્રયોગ કરેલો છે. તેથી તેની આ ક્રિયા પોતાને માટે તેમ જ બીજાને

માટે હતી. પોતાના હિત માટે તેમ જ કંસના હિત માટે તે આ કર્મ કરતો હતો, એવો અર્થ જણાવવા બે વાર કહેલ છે. (લે)

તે રમત માટે લઈ જતો ન હતો, પરંતુ મારી નાખવા લઈ જતો હતો તેથી (તેનું) ત્યાર પછીનું કર્મ નીચેના શ્લોકમાં કહે છે:

ગિરિદર્યાં વિનિક્ષિપ્ય નીતં નીતં મહાસુરઃ॥
શિલયા પિદધે દ્વારં ચતુઃપઞ્ચાવશેષિતાઃ॥30॥

લઈ ગએલા, લઈ ગએલા (ગોપ)ને ગિરિની ગુફામાં નાખીને મોટા અસુરે (ગુફાનું) દ્વાર પથ્થરથી બંધ કર્યું. ચાર પાંચ જ (ગોપો) બાકી રહ્યા. 30.

એક સમયે ઘણાએ (ગોપોને) લઈ જતો હતો, અને ઘણીવાર (એ પ્રમાણે) લઈ ગયો. ગુફાનું દ્વાર ઘણું નાનું હતું એમ જણાવવા 'લઈ ગએલા, લઈ ગએલાને' એમ એકવચન યોજેલું છે. (ગુફાનું દ્વાર નાનું હોવાથી એક સાથે એકએક ગોપને જ તેમાં નાખતો હતો એમ એકવચનથી જણાવ્યું છે.)

'બાલકો દયા (કરવા) યોગ્ય છે. (તેમને તે) એવી રીતે ગુફામાં કેમ નાખતો હતો?' એવી શંકા થાય, તેથી 'મોટા અસુરે' શબ્દ યોજેલ છે. (તેનો) સ્વભાવ ઘણો જ આસુર હતો. તેથી જ તેણે તેઓને માત્ર ગુફામાં નાખ્યા એટલું જ નહિ, પરંતુ પથ્થરથી (ગુફાનું) દ્વાર પણ બંધ કર્યું. એ પ્રમાણે મેઢાં બનેલા (ગોપો) ઘટી જાય તો ચોર બનેલા અથવા રક્ષક બનેલા ક્રમ પ્રમાણે મેઢાં જ બને, તેથી ચાર અથવા પાંચ જ (ગોપો) બાકી રહ્યા. તે સમયે જે (ગોપ) લઈ જવાતો હતો તે ગણતાં પાંચ, અને જો તેને ન ગણીએ તો ચાર (બાકી રહ્યા હતા). 30.

તે સમયે બીજા સ્થલે રહેલા ભગવાને વ્યોમનું કર્મ જાણીને, તેની પાસે આવી જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:

તસ્ય તત્કર્મ વિજ્ઞાય કૃષ્ણઃ શરણદઃ સતામ્॥
ગોપાન્નયન્તં જગ્રાહ વૃકં હરિરિવૌજસા॥31॥

તેનું તે કર્મ જાણીને સત્પુરુષોને શરણ આપનાર શ્રીકૃષ્ણે, જેમ સિંહ વરુને પકડે તેમ ગોપોને લઈ જનાર તેને બલથી પકડ્યો. 31.

'તે કર્મ' એટલે ગુફામાં નાખી પથ્થરથી (દ્વાર) બંધ કરવારૂપ (કર્મ), સારી રીતે (ભગવાને) જાણ્યું, (કારણ કે ભગવાન્) પ્રત્યક્ષ જોનાર જ છે. એવું જ્ઞાન થવાનું કારણ 'કૃષ્ણ' શબ્દથી કહેલું છે, કારણ કે તે સદાનંદ છે, (અને) જ્યારે પોતાનો આનંદ તે(ગોપો)માંથી તિરોહિત થયો તે જ સમયે તેઓ સદ્રૂપ જ થયા,1 તેથી (શ્રીકૃષ્ણે) જાણ્યું.

'છતાં ક્લેશ વિના કર્મ કરનાર ભગવાન્ સર્વને સમાન છે. તેમણે તેને એ પ્રમાણે કેમ પકડ્યો?' એવી શંકા થાય, તેથી 'સત્પુરુષોને શરણ આપનાર' શબ્દો યોજેલા છે. જો ભગવાન્ શરણે આવેલાઓનું સર્વ સ્થિતિઓમાં પાલન ન કરે, તો કોઈ પણ (ભગવાનને) શરણ જાય જ નહિ, (અને) તેથી શરણ આપવાનું જ ન બને, અને સત્પુરુષોના મનમાં તેનું (ભગવાનને શરણ જવાનું ન થઈ શકે તેનું) દુ:ખ થાય. તે કારણથી પણ, અને શાસ્ત્રની રીતનો

પણ નાશ થાય તે કારણથી પણ (ભગવાને તેને પકડ્યો). (પોતે) રક્ષક બનેલ હોય નહિ તેમ ત્યાં જ પ્રકટ થઈ અથવા પધારી, (ભગવાને) ઘણાએ ગોપોને2 લઈ જનાર તેને પકડ્યો. તેના (શરીરના) એક ભાગને જ પકડ્યો ન હતો એમ જણાવવા 'જેમ સિંહ વરુને (પકડે તેમ)' એવું દૃષ્ટાંત આપેલું છે, કારણ કે તે (સિંહ) બધા શરીરે ફરી વળી એટલે દબાવી દઈ તેને (વરુને) પકડે છે. તે પ્રમાણે ભગવાને (તેના) સર્વ અવયવોથી (તેને) પકડ્યો એવો અર્થ છે. 31.

1.ગોપોને ભગવાનથી પૂર્ણ આનંદની પ્રાપ્તિ થઈ હતી. તેઓ પોતે તો ધર્મીરૂપ સત્ ગુણવાળા જ હતા; એટલે બ્રહ્મસૂત્ર 3।11માં જણાવ્યા પ્રમાણે અલ્પ આનંદવાળા જ હતા; એવો અર્થ છે. (લે)

2.ત્રીસમા શ્લોકમાં શ્રીસુબોધિનીમાં 'ચાર અથવા પાંચ જ' વ્યાખ્યાન છે તેમાં, તે સમયે વ્યોમ એકજને લઈ જતો હતો એવો ભાવાર્થ નીકળે છે. ભગવાને પકડ્યો ત્યારે તે ઘણા ગોપોને લઈ જતો હતો. તેથી આ બાકીના ચાર ગોપોમાંથી એક તે સમયે રક્ષક બન્યો હશે, અને ત્રણ મેઢાં બનેલને તે લઈ જતો હશે, ત્યારે તેને ભગવાને પકડ્યો એમ જણાય છે.

પછી તેણે વિચાર્યું કે 'જો કે ભગવાન્ મોટા છે, છતાં તેમણે બીજું (શ્રીકૃષ્ણનું મનુષ્યબાલ જેવું નાનું) રૂપ ગ્રહણ કરેલું છે, તેથી હું જો મારું પોતાનું રૂપ ધારણ કરું તો ભગવાન્ નાના રૂપ (આકાર, કદ)વાળા હોવાથી (મને) હણી શકશે નહિ. ભગવાન્ પણ જો પોતાનું (મોટું) રૂપ ધારણ કરશે તો અવતારની જ સમાપ્તિ થઈ જશે, એટલે કંસ વિગેરે અમે બધા હણાશું જ નહિ.' એવા અભિપ્રાયથી તેણે પોતાનું રૂપ ગ્રહણ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે:

સ નિજં રૂપમાસ્થાય ગિરીન્દ્રસદૃશં બલી॥
ઇચ્છન્ વિમોક્તુમાત્માનં નાશક્નોદ્ગ્રહણાતુરઃ ॥32॥

પકડાવાથી દુ:ખી થએલો પોતાનું મોટા પર્વત જેવું રૂપ ધારણ કરી, પોતાને છોડાવવા ઇચ્છતો તે બલવાન (તેમ) કરી શક્યો નહિ. 32.

પોતાનું (રૂપ) એટલે અસુરનું રૂપ. તે પકડી શકાય તેવું ન હતું એમ જણાવવા 'મોટા પર્વત જેવું' વિશેષણ યોજેલ છે. (તેનામાં) પરાક્રમ પણ હતું એમ જણાવવા 'બલવાન' શબ્દ યોજેલો છે. એ પ્રમાણે (અસુરનું રૂપ ધારણ) કરીને પણ, પોતાને છોડાવવા ઇચ્છતો હોવા છતાં, (છૂટવા માટે) ઘણો જ પ્રયત્ન કરતો હોવા છતાં, પોતાને છોડોવી શક્યો નહિ. છોડાવવું તો દૂર રહ્યું, પકડાવાથી જ ઘણો દુ:ખી થયો. માત્ર પકડાવાથી જ (તેની) છેવટની (મરવા પડેલા જેવી) અવસ્થા થઈ, એવો (અર્થ છે). 32.

તો પણ (વ્યોમાસુર) મુખ્ય દૈત્ય હોવાથી (એટલાથી) મરી ન જાય; તેથી (ભગવાને) પોતે તેને માર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:

તં નિગૃહ્યાચ્યુતો દોર્ભ્યાં પાતયિત્વા મહીતલે॥
પશ્યતાં દિવિ દેવાનાં પશુમારમમારયત્॥33॥

અચ્યુતે તેને બે હસ્તોથી પકડી, પૃથ્વીના તલ (સપાટી) ઉપર પછાડીને સ્વર્ગમાં દેવો જોતા હતા ત્યારે પશુને હણે તેમ મારી નાખ્યો. 33.

(ભગવાને) પોતે 'અચ્યુત' એટલે ભયરહિત રહી, બે હસ્તોથી (તેને) પકડી દાબમાં રાખી, પૃથ્વીની સપાટી ઉપર તેને પછાડીને એટલે જેમ ભૂમિ ઉપર રહેલા દેવો તેને મૂકી ન દે એમ કરીને, 'તેનો વધ યજ્ઞને માટે (યજ્ઞની પ્રવૃત્તિ કરાવવા) થાઓ' એમ ધર્મનું નિરૂપણ કરવા બધાએ દેવો જોતા હતા ત્યારે જ પશુને (યજ્ઞમાં) જેમ હણવામાં આવે છે (તેવું થાય) તે પ્રમાણે (તેને) મારી નાખ્યો, એટલે (તેનું) મુખ બંધ કરી, ગળું તોડી નાખ્યું એવો અર્થ છે. દેવોને સુખ થાય તે માટે (તેમના) દેખતાં (એવી રીતે હણ્યો), નહિ તો ક્લેશ વિના કર્મ કરનાર ભગવાન્ તે પ્રમાણે ન કરે. 33.

પછી (ભગવાને) જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:

ગુહાપિધાનં નિર્ભિદ્ય ગોપાન્નિ:સાર્ય કૃચ્છ્રત: ॥
સ્તૂયમાન: સુરૈર્ગોપૈ: પ્રવિવેશ સ્વગોકુલમ્॥34॥

ગુફાનું ઢાંકણ તોડી નાખીને, ગોપોને સંકટમાંથી બહાર કાઢીને દેવો અને ગોપોથી સ્તુતિ કરાતા (ભગવાને) પોતાના ગોકુલમાં પ્રવેશ કર્યો. 34.

માયાથી (અસુરે) મૂકેલું ઢાંકણ 'નિર્ભિદ્ય' સંપૂર્ણ રીતે તોડી નાખીને જેમ ફરીથી બીજો કોઈપણ ગુફામાં પ્રવેશ કરે નહિ તેમ (તેનું) ગુફાપણું જ મટાડી દીધું. 'કૃચ્છ્રત:' એટલે સંકટમાંથી ગોપોને બહાર કાઢીને, તે જ દેવો અને ગોપોથી સ્તુતિ કરાતા (ભગવાને ગોકુલમાં પ્રવેશ કર્યો). આથી એમ કહ્યું છે કે ભગવાને (તેમના ઉપર) કરેલો ઉપકાર તેઓ (દેવો અને ગોપો) જાણતા હતા. પછી તેઓની સાથે (ભગવાને) પોતાના ગોકુલમાં પ્રવેશ કર્યો. લીલામાં આસક્તિવાળા (ભક્તો) પણ ભવિષ્યમાં તેમ કરે (ગોકુલમાં રહે) તે માટે સર્વ સ્થલે (શ્રીગોકુલ) પાછા પધારવાનું કહેલું છે. 34.

ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ.
અધ્યાય ચોત્રીસમો સંપૂર્ણ.

॥પञ्चत्रिंशोऽध्यायः॥ અધ્યાય પાંત્રીસમો

પञ्चत्रिंશે ભક્તિમાર્ગસ્થાપનાય નિરૂપ્યતે॥
અક્રૂરાગમનં ભક્તિઃ ફલં ચૈવ હિ માનસમ્॥કા.1॥

પાંત્રીસમા(અધ્યાય)માં ભક્તિમાર્ગનું સ્થાપન થાય તે માટે અક્રૂરનું (ગોકુલ) આવવું, (તેની) ભક્તિ અને માનસ (મનથી થએલ) ફલ કહેલાં છે. કા.1.

સાત્ત્વિકશ્ચેદભિમુખસ્તદા ભવતિ ભક્તિમાન્॥
અન્યથા દૈત્યસંસર્ગે સ્તબ્ધા ભક્તિર્ભવેદ્ ધ્રુવમ્॥કા.2॥

સાત્ત્વિક જો (ભગવાનને) અનુકૂલ થાય તો ભક્તિવાળો થાય છે; નહિ તો દૈત્યોનો સંબંધ થતાં (તેની) ભક્તિમાં જરુર વિઘ્ન થાય છે. કા.2.

તેત્રીસમા અધ્યાયમાં (કંસે) અક્રૂરને મોકલ્યો એમ કહેલું છે. નીચેના શ્લોકમાં તેનું (ગોકુલ પ્રતિ) આવવું જણાવે છે:

॥શ્રીશુક ઉવાચ॥ શ્રીશુક કહે છે:

અક્રૂરોઽપિ ચ તાં રાત્રિં મધુપુર્યા મહામતિઃ॥
ઉષિત્વા રથમાસ્થાય પ્રયયૌ નન્દગોકુલમ્॥1॥

મહામતિવાળો અક્રૂર પણ તે રાત મથુરામાં રહીને રથમાં બેસીને નંદજીના ગોકુલ જવા નીકળ્યો.1.

જે રાત્રિએ (કંસે), તેને આજ્ઞા આપી, તે રાત્રિ તે મથુરામાં જ રહ્યો, કારણ કે મથુરા ભગવાનના વાસવાળી ભૂમિ છે. જો ભગવાન્, અથવા મથુરા અથવા ભગવાનનો કોઈપણ સેવક (ગોકુલ) જતાં અટકાવશે તો હું જઈશ નહિ. એવો નિશ્ચય કરીને તે (તે રાત્રિ) ત્યાં જ રહ્યો. પછી જવું જ સારું છે એમ જાણીને તે (જવા) નીકળ્યો એમ 'મહામતિવાળા' વિશેષણથી કહેલું છે. આ ઉપાય બધાનુંએ હિત કરનારો છે, તેથી (ગોકુલ) જઈ (ભગવાનને) લઈ આવવા. એવી (તેની મતિ થઈ). પછી કંસે આપેલા દિવ્ય રથમાં બેસીને, પોતે સારથિરૂપ1 એકલો નંદજીના ગોકુલ તરફ, 'પ્રકર્ષેણ' (સારી રીતે) એટલે બહારથી તથા અંદરથી સંતોષ રાખી અને ઘેર તૈયારી કરીને, જવા નીકળ્યો, એવો અર્થ છે. 1.

1.આગળ છત્રીસમા અધ્યાયના બત્રીસમા શ્લોકમાં 'અક્રૂરે રથ હાંક્યો' એમ તેને જ સારથિ કહેલો છે. તેથી સારથિરૂપ કહેલા છે. (લે)

સાત્વિક જો ભગવાનને અનુકૂલ હોય તો તેને ભક્તિ (પ્રાપ્ત) થાય છે એમ જણાવવા, તેને ભગવાન્ સંબંધી મનોરથ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે:

ગચ્છન્ પથિ મહાભાગો ભગવત્યમ્બુજેક્ષણે॥
ભક્તિ પરામુપગત એવમેતદચિન્તયત્॥2॥

મહાભાગ્યવાળાને રસ્તામાં જતાં કમલ જેવાં નયનવાળા ભગવાનમાં પરા ભક્તિ પ્રાપ્ત થતાં (તેણે) આનો આ પ્રકારે વિચાર કર્યો. 2.

'રસ્તામાં જતાં' શબ્દથી (એમ જણાવ્યું છે કે) રસ્તે જતો હોય તે ભક્તિ (કરે) તે યોગ્ય જ છે. 'રસ્તામાં જતાં' શબ્દથી એમ સૂચવ્યું છે કે રથ હાંકવાની તેને દરકાર ન હતી.

'દુષ્ટ(કંસ)નો ગાઢ સંબંધ રાખી રહેલો, (અને) દુષ્ટે (ગોકુલ) મોકલેલો (અક્રૂર) ભક્ત કેમ થયો?' એવી શંકા થાય, તેથી 'મહાભાગ્યવાળા' શબ્દ યોજેલ છે. પહેલાં એકઠો કરેલ હતો પુણ્યનો ઢગલો જેણે (તેવો તે હતો). (તે) બધુંએ ભાગ્ય અત્યારે ફલ આપનારું થયું, એવો અર્થ છે. 'પરા ભક્તિ પ્રાપ્ત થતાં' શબ્દોથી તે ફલ કહેલું છે. 'પરા' એટલે પ્રેમલક્ષણા. (જેમાં ભક્તિ થઈ તે) વિષય વિભૂતિરૂપ ન હતો, એમ 'ભગવાનમાં' શબ્દથી કહેલું છે. 'અમ્બુજવત્' કમલ જેવાં 'ઈક્ષણે' નયનો છે જેમનાં, એમ દૃષ્ટિથી જ (ભગવાન્) સર્વ દુ:ખ દૂર કરનારા છે એમ કહેલું છે. તેથી ફલ આપનાર પુરુષોત્તમમાં ભક્તિ થાય તે યોગ્ય જ છે. તે ભક્તિ પણ પહેલાં થએલી, વચ્ચે જતી રહેલી એટલે તિરોહિત થએલી, ફરીથી પોતે જ 'ઉપ' સમીપ 'આગતા' આવી. 'આ' એટલે નીચે જે કહેવામાં આવશે તેનો, આ પ્રકારે (નીચે કહેવામાં આવશે તે પ્રકારે) તેણે વિચાર કર્યો. ગએલી ભક્તિ પાછી આવતાં, પોતાની મેળે (અક્રૂરમાં) પ્રવેશ નહિ પામતાં, (તેણે) કામનાઓ મારફત પ્રવેશ કર્યો, એટલે (અક્રૂર) ભગવાનનું માહાત્મ્ય જાણીને તે(માહાત્મ્ય)થી પોતાની સરસાઈની જેમ ઇચ્છા કરે તેવા પ્રકારે તેને ચિંતાવાળો ક્ર્યો, એવો અર્થ છે. 2.

ભક્તિ દૃઢ થાય તે માટે પહેલાં ભગવાનના ધર્મોનું માહાત્મ્ય કહે છે. તેમાં પણ (ભગવાનનું) દર્શન સર્વથી ઉત્તમ છે, એમ નીચેના શ્લોકથી (આરંભી) કહે છે:

કિં મયાચરિતં ભદ્રં કિં તપ્તં પરમં તપ: ॥
કિં વાથાપ્યર્હતે દત્તં યદ્ દ્રક્ષ્યામ્યદ્ય કેશવમ્॥3॥

મેં શું સારું આચરણ કર્યું હશે, શું ભારે તપ કર્યું હશે અથવા સુપાત્રને શું દાન કર્યું જેથી આજે હું કેશવનાં1 દર્શન કરીશ. 3.

(1)પોતે (અક્રૂર) (2)ભગવાન્ અને (3)બીજા બધા એવા ત્રણ વિભાગો થાય છે. તેઓના કુદરતી અથવા અકસ્માતથી થએલા ઉત્તમ ધર્મોથી સર્વરૂપ ભગવાન્ પ્રસન્ન થાય છે એમ જણાય છે. (વળી) બ્રહ્મા અને શંકરને પણ સુખ અને મોક્ષ આપનારા ભગવાન્ છે, તેથી તે પ્રસન્ન થાય ત્યારે જ તેમનાં દર્શન થાય છે એમ (જણાય છે).

(1)તે પૈકી પોતાનો ધર્મ આચાર છે. (2)ભગવાનનો ધર્મ તપ છે (અને) (3)સર્વ લોકો પર ઉપકાર કરનારું દાન છે એવી (વ્યવસ્થા છે).

(1)'ધર્મનું મૂળ આચાર છે'. તેથી 'મેં શું આચરણ કર્યું હશે?' શબ્દોથી તે કહેલું છે. 'સારું' એટલે કલ્યાણરૂપ. (2)'તપ મારું સાક્ષાત્ હૃદય છે' (શ્રીમદ્-ભાગવત 2।22) વાક્ય પ્રમાણે તપ ભગવાનની શક્તિ છે. તેથી 'શું તપ કર્યું હશે?' એમ કહેલું છે. જીવના ધર્મરૂપ તપ અહિં કહેલું નથી, એમ જણાવવા 'પરમં' 'ભારે' વિશેષણ યોજેલું છે. (3)સર્વના ઉપર

ઉપકાર કરનારો ધર્મ દાન સુપાત્રને કરવામાં આવે તો જ મોટું ફલ પ્રાપ્ત કરાવે છે, તેથી 'સુપાત્રને દાન કર્યું?' એમ કહેલું છે. 'અથ' શબ્દ જૂદો આરંભ દર્શાવવા યોજેલો છે. 'કિં વા' 'અથવા શું' શબ્દ આકાંક્ષા (ઇચ્છા) દર્શાવવા યોજેલ છે. જે ભગવાનમાં ઘણી જ આસક્તિવાળો હોય અને ભગવાનને માટે જ જેણે પોતાના સર્વ (પદાર્થ)નો ઉપયોગ કરેલો હોય તેવાને શ્રદ્ધાથી (શું) દાન કર્યું, એમ ધર્મશાસ્ત્રથી જૂદો આરંભ ('અથ' શબ્દથી) કરેલો છે. તેમ ન હોય (આવા સુપાત્રને દાન કર્યું ન હોય) તો (મને) આજે જ ભગવાનનાં દર્શન ન થાય. તેથી (આજે જ દર્શન થશે તેથી) જણાય છે કે (ઉપરનાં) ત્રણમાંથી એકાદ (મેં) કરેલું છે. 3.

1.આ 'કેશવ'નો, વ્યુત્પત્તિથી થતો અર્થ કહેલો છે. 'ક' એટલે બ્રહ્મા. 'ઈશ' એટલે શંકર: તેમને 'વ' એટલે 'સુખ અથવા મોક્ષ આપનાર' 'કેશવ:' છે.

એ પ્રમાણે કાર્ય (ભગવાનનાં દર્શન) અવશ્ય થશે એમ જાણીને (તેનાં) કારણની કલ્પના કરીને, નીચેના બે શ્લોકોથી તેમાં થતાં વિઘ્નની શંકા કરી, (તે શંકા) દૂર કરે છે:

મમૈતદ્ દુર્લભં મન્ય ઉત્તમશ્લોકદર્શનમ્॥
વિષયાત્મનો યથા બ્રહ્મકીર્તનં શૂદ્રજન્મન: ॥4॥

જેમ શૂદ્રથી જન્મેલાને વેદનો ઉચ્ચાર દુર્લભ છે તેમ વિષયમાં રચીપચી રહેલા મને આ ઉત્તમશ્લોકનું દર્શન દુર્લભ છે એમ હું ધારું છું. 4.

(દર્શનનું) સાધન હોવા છતાં પણ (ભગવાનનું) આ દર્શન મને દુર્લભ છે. 'હું ધારું છું' શબ્દથી તે વિષયની (દર્શન દુર્લભ હોવાની) યુક્તિ (દલીલ) કહેલી છે કે, યુક્તિથી એવો નિશ્ચય થાય છે કે મને દર્શન નહિ થાય. આ તર્ક (યુક્તિ) ભગવાન્ અલૌકિક છે એમ જણાવનારો છે, કારણ કે (ભગવાન્) લૌકિક હોય તો એવી શંકા જ ઉત્પન્ન થાય નહિ. દર્શન ન થવાનાં બે કારણ(રૂપ ધર્મો) (1)પોતાની અંદર રહેલો અને (2)ભગવાનની અંદર રહેલો, (એવા) બે ધર્મો કહે છે. 2.'ઉત્તમશ્લોકનું દર્શન' શબ્દથી ભગવાનમાં રહેલો (ધર્મ) કહે છે. 'ઉત્તમો' એટલે સર્વ જાણનારા ભક્તો. તેઓ પણ (ભગવાનની) સ્તુતિ જ કરે છે, અને દર્શન કરતા (કરી શકતા) નથી. (1)'વિષયમાં રચીપચી રહેલા' શબ્દથી પોતાની અંદર રહેલો (ધર્મ) કહે છે. વળી વિષયો (દર્શનમાં) માત્ર વિઘ્ન કરનારા જ નથી, તેમ હોય તો વિષયો અનિત્ય હોવાથી કોઈક સમયે દર્શન પણ થાય; પરંતુ (વિષયો દર્શનના) અધિકારનો નાશ કરનારા પણ છે, (કે) જેથી વિષય (પદાર્થ, અહિં દર્શન) પ્રાપ્ત થએલ હોવા છતાં, સહેલાઈથી પ્રાપ્ત થાય તેવો હોવા છતાં, તેમાં (તે પ્રાપ્ત કરવામાં પોતાની યોગ્યતા (રહેતી) નથી. 'જેમ શૂદ્રથી જન્મેલાને વેદનો ઉચ્ચાર દુર્લભ છે' દૃષ્ટાંતથી તે (અર્થ) કહેલો છે. 'બ્રહ્મકીર્તનમ્' એટલે વેદનો ઉચ્ચાર કરવો તે. પહેલાંના જન્મમાં બ્રાહ્મણ હોય તો પણ, સર્વ જાણનાર હોય તો પણ. વેદના ઉચ્ચાર કરવાને શક્તિમાન હોય તો પણ, જો (આ જન્મમાં) શૂદ્રના બીજથી ઉત્પન્ન થએલો હોય તો તે સમયે (તે વેદના) ઉચ્ચાર કરવા યોગ્ય હોતો (રહેતો) નથી. 4.

એ પ્રમાણે (ભગવાનનાં દર્શન થવામાં) વિરુદ્ધ તર્ક જણાવી, નીચેના શ્લોકમાં (તેને) અનુકૂલ તર્કથી તે(વિરુદ્ધ તર્ક)ને ખોટો ઠરાવે છે:

મૈવમેવાધમસ્યાપિ સ્યાદેવાચ્યુતદર્શનમ્॥
ક્રિયમાણ: કાલનદ્યા ક્વચિત્તરતિ કશ્ચન॥5॥

એવું ન જ હો! અધમને પણ અચ્યુતનું દર્શન થઈ જાય જ. કાલરૂપી નદીથી તણાતો કોઈ એક કોઈ સમયે તરે છે. (તરી જાય છે). 5.

'મા' શબ્દ નકારના અર્થમાં યોજેલો છે. તે (મેં) જે (પાછળ) કહ્યું કે '(1)વિષયો (ભગવાનનું દર્શન થવામાં) વિઘ્ન કરનારા છે અને (હું) વિષયી હોવાથી (મને દર્શનનો) અધિકાર નથી. અને (2)મોટાઓ પણ માત્ર (ભગવાનની) સ્તુતિ કરવા યોગ્ય છે, પરંતુ દર્શન કરવા યોગ્ય નથી' એવું ન હોય, પરંતુ આ (દર્શન થવાનું) (નીચે જણાવવામાં આવે છે) એવું જ છે. બંને (વિષય)માં (ભગવાનનું) દર્શન થાય એવું સિદ્ધ કરનારા બે ધર્મો કહે છે (1)'અધમને પણ અચ્યુતનું દર્શન થઈ જાય જ.' વિષયો અધમ અધિકારી બનાવનારા જ છે, પરંતુ અધિકારનો નાશ કરનારા નથી. 'શૂદ્ર અસુરના સંબંધવાળો છે' શ્રુતિ પ્રમાણે અસુર હોવાપણું જ તેવું (અધિકારનો નાશ કરનારું) છે. (વિષયો દર્શનમાં) વિઘ્ન કરનારા પણ નથી, કારણ કે 'લોકમાં જેજે સર્વથી વધારે ઇચ્છેલું હોય' (શ્રીમદ્ભાગવત 11।।) એમ વિષયોથી પણ ભગવાનનું ભજન થાય છે, એમ શાસ્ત્રમાં કહેલું છે; પરંતુ (વિષયો) માત્ર અધમપણું જ કરાવનારા છે, કારણ કે સર્વ પ્રકારે વિષય વિનાનો હોય તે ઉત્તમ છે, બહારથી વિષય વિનાનો હોય તે મધ્યમ છે, અને (બહારથી અને અંદરથી) બંને પ્રકારે વિષયવાળો (વિષયી) હોય તે અધમ છે. અધમને પણ અચ્યુતનું દર્શન થઈ જાય જ; તેમ ન હોય તો અધમ અધિકાર જ ન હોય. (2)વળી ભગવાન્ 'અચ્યુત' એટલે સ્વરૂપથી અને ધર્મથી સર્વ પ્રકારે હાનિ વિનાના જ છે. જો (તેમની) સ્તુતિ કરવામાં આવે તો તેમની સ્તુતિ નકામી (ફલવિનાની) થતી નથી તેથી, અને ભગવાન જ ફલ હોવાથી, (તે) કાઈ સમયે (પોતાનું) દર્શન કરાવે જ. તેથી (તેમનું) દર્શન થઈ જાય જ.

'દર્શનમાં વિઘ્ન કરાવનારું દૃષ્ટાંત કહેલું છે' એવી શંકા થાય, તેથી (દર્શન થાય એમ) સિદ્ધ કરનારું પણ દૃષ્ટાંત છે એમ ઉત્તરાર્ધથી કહે છે, કે કાલરૂપી નદીથી તણાતો કોઈ એક 'ક્વચિત્' એટલે કોઈ સમયે તરે છે (તરી જાય છે), જેમકે તણખલું. વળી જલમાં પડેલું નાવ પોતાની મેળે જ (એક) કિનારેથી બીજા કિનારે જાય છે એમ દેખાય છે. કાલ પણ વિષયો અને માયારૂપી જલની બનેલી નદીરૂપ છે, અને (પોતાની) અંદર ભગવાન્ અને જીવોના સમૂહને વહન કરે છે. તે પૈકી કિનારા ઉપર રહેલાઓને કોઈવાર મધ્યમાં નાખીને સામા કિનારે કદાચ લઈ જાય. કાલને લીધે પણ મોક્ષ પ્રાપ્ત થાય છે, એવો કેટલાકનો મત આ(દૃષ્ટાંત)થી કહેલો છે. આ વિષયમાં વ્યવસ્થા કરનાર (સાચવનાર) ભગવાનનો અવતાર છે. 5.

(મમાદ્યામઙ્ગલં નષ્ટં ફલવાંશ્ચૈવ મે ભવ:॥
યન્નમસ્યે ભગવતો યોગિધ્યેયાંઘ્રિપંકજમ્॥6॥

આજે મારા દુર્ભાગ્યનો નાશ થયો, અને મારો જન્મ સફલ થયો. કારણ કે જેમનાં ચરણકમલ યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય છે તેવા ભગવાનને હું (આજે) નમન કરીશ. 61.)
1.આ શ્લોક ઉપર શ્રીસુબોધિની નથી, તેમ જ આ પછીના શ્લોક ઉપરનાં શ્રીસુબોધિની પરથી એમ જણાય છે કે તેનો સંબંધ ગયા એટલે પાંચમા શ્લોક સાથે છે. તેથી આ શ્લોક શ્રીમદાચાર્યચરણે ક્ષેપક માન્યો હશે.

'(મોક્ષ પ્રાપ્ત કરવામાં) વિઘ્ન કરનારો કાલ મોક્ષ પ્રાપ્ત કરાવનારો કેવી રીતે થાય?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છે:

કંસો બતાદ્યાકૃત મેડત્યનુગ્રહં દ્રક્ષ્યડઙ્ઘ્રિપદ્મં પ્રહિતોડમુના હરેઃ॥
કૃતાવતારસ્ય દુરત્યયં તમઃ પૂર્વેડતરન્ યન્નખમણ્ડલત્વિષા॥7॥

અહો! કંસે આજ મારા ઉપર ઘણી જ કૃપા કરી, (કે) તેનાથી મોકલાએલો હું અવતાર ધારણ કરેલ હરિના ચરણકમલનાં દર્શન કરીશ; કે જેમના નખના મંડલોની કાંતિથી પહેલાંના (ભક્તો) સામે પાર જઈ ન શકાય તેવા અંધકારને તરી ગયા. 7.

કોઈવાર વિઘ્ન કરનારાં જ ફલ પ્રાપ્ત કરાવનારાં થાય છે. વિષ ખાઈને જીવે છે, ન ખાય તો મરણ પામે એવું લોકમાં પ્રસિદ્ધ છે. તે (આ અર્થ) 'કંસે (મારા ઉપર ઘણી જ કૃપા કરી)' શબ્દથી કહે છે. 'બત' 'અહો!' શબ્દ હર્ષ દેખાડવા યાજેલો છે. જે સર્વ પ્રકારે વિઘ્ન કરનારો છે તેણે જ મારા ઉપર આજ ઘણી જ કૃપા કરી, કારણ કે જે ભગવાનનું દર્શન કરાવે છે તે જ કૃપા કરે છે. કોઈવાર વિષયો વિગેરે દ્વારા (આપીને) લૌકિક અનુગ્રહ કરે છે (પણ) આ તો ઘણો જ અનુગ્રહ છે કે જેનાથી (તેનાથી) મોકલાએલો હું (હરિના) ચરણકમલનાં દર્શન કરીશ.

'(તેણે તને) વિરુદ્ધ (કાર્ય કરવા) માટે મોકલેલો છે તેથી તારું ઇચ્છેલું (કાર્ય) કેમ ફળશે?' એવી શંકા થાય, તેથી 'હરિના' શબ્દ યોજેલો છે; કારણ કે સર્વનાં દુઃખ હરનારા તે(હરિ)ને માત્ર સંબંધની જ જરુર રહે છે,(અને) તે સંબંધ આણે કરાવ્યો તેથી આ કૃપા કંસે જ કરેલી છે. હરકોઈ પ્રકારે (થએલો) (હરિનો) સંબંધ જ આ વિષયમાં કાર્ય કરાવનારો (ફલ આપનારો) છે, એમ જણાવવા 'અવતાર ધારણ કરેલ' વિશેષણ યોજેલું છે, કારણ કે આ (કાર્ય) માટે જ ભગવાનનો અવતાર થાય છે. (હરિ) તેવા છે, એ વિષયનું પ્રમાણ 'પહેલાંના (ભક્તો) તરી ગયા' શબ્દોથી કહે છે. જેમના નખના મંડલોની કાંતિથી પણ પહેલાંના ભગવદીઓ સંસારને તરી ગયા, (તેવા હરિ છે). ધ્યાન ધરવામાં આવેલો (તેમનો) ચરણ હૃદયમાં પ્રકાશી મુક્તિ આપે છે, તેથી અવિદ્યારૂપી અંધકાર દૂર થાય છે, એમ જણાવવા તેની કાંતિ કહેલી છે. 'મંડલ' શબ્દ (તે) દીપ વિગેરે પેઠે નહિ, પરંતુ સૂર્ય વિગેરેની પેઠે (અંધકારને) દૂર કરનારો છે એમ જણાવે છે. 'એક સૂર્ય પણ અંધકારને દૂર કરે છે તો પછી દશ(સૂર્યો)થી તો (તે દૂર થાય તેમાં) કહેવું જ શું?' એમ જણાવવા, (બે ચરણોના દશ નખ હોવાથી) 'નખ' શબ્દ યોજેલો છે. ચરણરૂપી નાવથી જ એટલે ચરણોથી જ (સંસારરૂપી સમુદ્ર) તરાય છે તેથી (દશ નખમંડલોથી અંધકાર દૂર કેમ ન થાય એમ કહેલું છે. તેથી જ્યારે ધ્યાનથી પ્રાપ્ત

કરેલ ચરણના કેવલ સંબંધથી જ સર્વે તરી ગયા ત્યારે (તો પછી) દર્શન પ્રાપ્ત કરનારો હું તરીશ એમાં શું સંદેહ (હોઈ શકે?) 7.

એવી રીતે પોતાના ફલ તથા અધિકાર સંબંધી નિશ્ચય કરી, (ભગવાન્ મોક્ષ આપનાર છે કે નહિ તે વિષયમાં) ઘણા વાદીઓમાં મતભેદ હોવાથી, ભગવાન્ મોક્ષ આપનાર છે એમ નીચેના શ્લોકથી સાબિત કરે છે:

યદર્ચિતં બ્રહ્મશિવાદિભિ: સુરૈ: શ્રિયા ચ દેવ્યા મુનિભિશ્ચ સાત્વતૈ: ॥
ગોચારણાયાનુચરૈશ્ચરદ્ વને યદ્ ગોપિકાનાં કુચકુંકુમાંકિતમ્॥૪॥

જે (ભગવાનનું ચરણકમલ) બ્રહ્મા શિવ વિગેરે દેવોથી, અને લક્ષ્મી દેવીથી, મુનિઓથી અને વૈષ્ણવોથી પૂજાએલું છે, જે ગાયો ચારવા માટે વનમાં ફરતું સેવકોથી પૂજાએલું છે અને જે ગોપીઓના સ્તનના કુંકુમના ચિહ્નવાળું છે.... 8.

મોક્ષ અવશ્ય થાય છે, અને તે કોઈકને અધિન છે એમ કબૂલ કરવું જોઈએ. તે વિષયમાં સત્પુરુષોના માર્ગ પ્રમાણે લોકમાં બ્રહ્મા મોટા છે, અને વિષય તરીકે લક્ષ્મી (મોટાં છે). જ્ઞાનશાસ્ત્ર પ્રમાણે મુનિઓ (મોટા છે અને) ભગવાનના શાસ્ત્ર પ્રમાણે વૈષ્ણવો મોટા છે. આ (શ્રીકૃષ્ણના) અવતારમાં ચાર પ્રકારે (ચાર વ્યૂહથી) અવતાર ધારણ કરેલ1 (ભગવાન)ના ગોપો અને ગોપીઓ દિવસ અને રાત્રિના ભેદથી (દિવસે ગોપો અને રાત્રે ગોપીઓ) સેવક થએલા છે; જે (ગોપો) વિવેક વિનાના અને અજ્ઞાની હોઈ કોઈની પણ દરકાર કરતા નથી, અને તેમાં પણ સ્ત્રીઓ (ગોપીઓ) (વિવક વિનાની અને જ્ઞાન વિનાની હોઈ કોઈની પણ દરકાર કરે નહિ) તે પણ તેવા (અહિં વર્ણવેલા) પ્રકારથી ભગવાનના ચરણકમલનું પૂજન કરે છે. એમ સર્વ સ્થલે ભક્તિ મુખ્ય છે એમ જણાવવા 'ચરણ' શબ્દ લીધેલો છે.

(1)જગતમાં બ્રહ્મા વિષ્ણુ અને શિવ એ ત્રણ (દેવો) મુખ્ય છે. તે પૈકી બ્રહ્મા અને શિવ જેઓમાં મુખ્ય થએલા છે તેવા ઇન્દ્ર વિગેરે બધાએ દેવોએ પોતાના ઇચ્છેલા (ફલ)ની પ્રાપ્તિ થાય તે માટે (ભગવાનનાં ચરણકમલને) પૂજેલું છે. સાત્ત્વિક કલ્પમાં વિષ્ણુ ભગવાન્ હોય છે એમ ગુણ(વાળા દેવો)ના અવતારમાં પણ ભેદ કહેલો2 છે.

(2)અને (ભગવાન્) પતિ હોવાથી લક્ષ્મીએ પણ (તેમનું ચરણકમલ) પૂજેલું છે. (ભગવાન્ પતિ થયા તે) પહેલાં પણ (તેમને) ઓળખવાનું તેનું (લક્ષ્મીનું) સામર્થ્ય 'દેવી' શબ્દથી કહેલું છે.

(3)અને મુનિઓએ પણ (ભગવાનનું ચરણકમલ) પૂજેલું છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) ફલની ઇચ્છા રાખનારા કર્મીઓ(કર્મમાર્ગવાળાઓ)એ પણ પૂજેલું છે.

(4)'સાત્વતૈ:' એમ (બહુવચનથી) વૈષ્ણવોના (જુદાજુદા) પ્રકારો કહેલા છે, કે જે વૈષ્ણવો માત્ર સત્ત્વમાં જ આસક્તિવાળા છે (તેમણે પણ પૂજેલું છે).

5.ગોપોને (ચરણકમલનું) પૂજન કરવાનું જ્ઞાન હતું એમ જણાવવા 'સેવકોથી' શબ્દ યોજેલો છે. ગાયોનું અલૌકિક ચારણ (ચારવાનું) શીખવું જોઈએ તેથી તેઓ પ્રથમ

(ભગવાનના) સેવકો થયા, કારણ કે વનમાં ભગવાનનું પૂજન કરવામાં વિઘ્નો થતાં હોવાથી ગામડીઆઓથી (વનમાં પૂજન) થઈ શકે નહિ, તેથી (તેઓ પ્રથમ સેવકો થયા).

(6)'સ્તનના કુંકુમના ચિહ્નવાળું' વિશેષણથી સ્ત્રીઓ પણ (ભગવાનનું) ભજન કરે તેનું કારણ સૂચવેલું છે. તેઓ કામને લીધે જ ભજન કરે છે. તેઓ બહાર હૃદય ઉપર પણ (ભગવાનના ચરણકમલને) સ્થાપે છે3 (પધરાવે છે). એ પ્રમાણે

ઐશ્વર્યં શ્રીસ્તથા જ્ઞાનં કીર્તિર્ધર્મો વિરાગતા॥
ષડ્ગુણાસ્ત્વત્ર નિર્દિષ્ટા: ક્રમો નાત્ર વિવક્ષિત: ॥કા.3॥

(1)ઐશ્વર્ય, (2)શ્રી (કાંતિ, શોભા), તેમ જ (3)જ્ઞાન (4)કીર્તિ (5)ધર્મ અને (6)વૈરાગ્ય (એ) છ (ભગવાનના) ગુણો તો અહિં દેખાડેલા છે. અહિં અનુક્રમ ઇચ્છેલો નથી4 કા.3. 8.

1.બ્રહ્મા વિગેરે (દેવો) ધર્મ (સ્થાપન કરવા)ની ઇચ્છાવાળા હોવાથી અનિરુદ્ધની પૂજા કરે છે. લક્ષ્મી પ્રદ્યુમ્નની પૂજા કરે છે, કારણ કે પાંચમા સ્કંધમાં કહેલું છે કે લક્ષ્મી કામદેવની પૂજા કરે છે. (જુઓ ૫।।). મુનિઓ અવિદ્યાનો નાશ કરવાની ઇચ્છાવાળા હોવાથી સંકર્ષણનું પૂજન કરે છે, અને વૈષ્ણવો સત્ત્વમાં જ આસક્તિવાળા હોવાથી વાસુદેવનું પૂજન કરે છે. આ અવતારમાં એ ચારે છે, એવો અર્થ છે. (લે)

2.સાત્ત્વિક કલ્પમાં ભગવાન્ વિષ્ણુરૂપ થઈ સૃષ્ટિ રચે છે અને તે કલ્પના બ્રહ્મા અને વિષ્ણુને આજ્ઞા કરે છે એવો ભેદ છે એવો અર્થ છે. (લે) સાત્ત્વિક કલ્પમાં ભગવાન્ પોતે વિષ્ણુ થાય છે એટલે બ્રહ્મા અને શંકર જ ગુણાવતારવાળા દેવો રહેવાથી તેમને જ દેવોમાં મુખ્ય કહેલા છે એવો ભાવ જણાય છે.

3.તેથી ભગવાનનું ચરણકમલ તેઓના સ્તન ઉપર કુંકુમનાં ચિહ્નવાળું થાય છે.

4.(1)દેવોથી (2)લક્ષ્મીથી (3)મુનિઓથી (4)વૈષ્ણવોથી (5)ગોપોથી અને (6) ગોપીઓથી ચરણકમલ પૂજાએલ છે તેથી અનુક્રમે ભગવાનના (1)ઐશ્વર્ય, (2)શ્રી, (3) જ્ઞાન, (4)કીર્તિ (5)ધર્મ (ગાયો ચારવી ધર્મ છે) અને (6)વૈરાગ્ય ગુણો દર્શાવાયા છે. આ ભગવાનના છ ગુણો અનુક્રમ પ્રમાણે નથી. છ ગુણોનો અનુક્રમ 'ઐશ્વર્ય, ધર્મ, કીર્તિ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય' એવો છે. તેથી અહિં અનુક્રમ ઇચ્છેલો નથી એમ કહેલું છે.

એ પ્રમાણે સર્વનો નિશ્ચય કરી, (રસ્તે) જતાં શકુન જોઈને, ઇચ્છેલા પ્રકારનું (ભગવાનનું) દર્શન થશે, એમ ઘણા ઉત્સાહથી નીચેના શ્લોકમાં કહે છે:

દ્રક્ષ્યામિ નૂનં સુકપોલનાસિકં સ્મિતાવલોકારુણકઞ્જલોચનમ્॥
મુખં મુકુન્દસ્ય ગુડાલકાવૃતં પ્રદક્ષિણં મે પ્રચરન્તિ વૈ મૃગા: ॥9॥

સુંદર કપોલ અને નાસિકાવાળાં, સ્મિતવાળી દૃષ્ટિ અને લાલ કમલો જેવા લોચનોવાળાં, ગૂંચળું વળેલા કેશોથી ઢંકાએલાં મુકુંદના મુખનાં મને જરુર દર્શન થશે, (કારણ કે) હરણો મારી જમણી બાજુએ જરુર સારી રીતે ફરે છે. 9.

મૃગો (મારી) જમણી બાજુએ ફરે છે, તેથી જરુર મને (ભગવાનના મુખનાં દર્શન થશે.

‘(તું) કંસનો સેવક હોવાથી ભગવાન્ (તને) સંમુખ નહિ થાય’ એવી શંકા થાય, તેથી (ભગવાનના) મુખકમલનાં જ મને દર્શન થશે, એમ ‘મુખમ્’ ‘મુખ’ શબ્દથી કહે છે. તેમ (મુખનાં દર્શન) થાય તો પણ ભગવાન્ કોઈ વાર ક્રોધ કરે, અથવા દુ:ખ (દેવાનું) વિચારતા રહે (હોય), (તો) તે સમયે તેમનાં કપોલ અને નાસિકા વાંકાં અને ત્રાંસાં (આડાં) રહે (જેથી મુખનાં બરાબર દર્શન ન થાય), તેમ થવાનું નથી એમ જણાવવા ‘સુંદર કપોલ અને નાસિકાવાળાં’ વિશેષણ યોજેલું છે. સુંદર કપોલો અને નાસિકા જેમાં છે તેવાં (મુખનાં દર્શન કરીશ), એમ ભક્તિ અને તેના (ભક્તિના) રસનું નિરૂપણ કરેલું છે.

‘છતાં પણ અપકાર કરવા આવનારનો તારો (ભગવાન્) અંગીકાર કેમ કરશે?’ એવી શંકા થાય, તેથી ‘સ્મિતવાળી દૃષ્ટિ અને લાલ કમલો જેવાં લોચનોવાળાં’ વિશેષણ યોજેલું છે. સ્મિત એટલે થોડુંક હસવું. તે(સ્મિત)થી જ્ઞાન(થવા)માં અડધો મોહ થાય. તે (ભગવાન) જ મોહ કરશે એટલે (તેમાં) મને દોષ નહિ થાય. આ (સ્મિત) વ્યાજબી કારણે (ભગવાને) કરેલું (હશે) એમ જણાવવા જ્ઞાનનો જે આધાર થએલ છે તે(લોચન)ની ક્રિયામાં લાલ કમલની સમાનતા કહેલી છે. લોચનોની લાલાશ યુદ્ધ સૂચવે છે. મુખનાં દર્શનથી સર્વ ફલ પ્રાપ્ત થશે, એમ ‘મુકુંદ’ શબ્દથી કહેલું છે.

‘વાદીઓના વિરુદ્ધ મતો હોવાથી, ભગવાન્ એવી રીતે મુખનાં દર્શન કરાવીને જ મોક્ષ કેમ આપશે (મોક્ષ આપશે એમ કેમ જણાય?)’ એવી શંકા થાય, તેથી ‘ગૂંચળું વળેલા કેશોથી ઢંકાએલાં’ વિશેષણ યોજેલું છે. કેશો તત્ત્વજ્ઞાનીઓ છે એમ પહેલાં જણાવેલું છે. તેઓ જો કુંડલના આકારવાળા (ગોળ) થાય, એટલે બધાએ કુંડલના આકારવાળા થઈ (ભગવાનનો) આશ્રય કરે, અને વળી તેઓ (એકબીજાની) અદેખાઈ તજી બધા ભેગા થઈ ભગવાનનો આશ્રય કરે તો વિવાદ ન રહે. તેથી (મુખનાં દર્શન કરાવીને જ ભગવાન્ મોક્ષ આપશે એમ જણાય છે). ‘ગુડ’ શબ્દથી ગૂંચળું વળવું જ કહેલું છે. ચારે તરફ ફેલાવાના સ્વભાવવાળા (કેશો) દડારૂપ થાય એમ (ગૂંચળું વળે છે).

સારી રીતે (ફરવું) એટલે જેમ (મેં) ઇચ્છેલું હોય તે પ્રમાણે (ફરવું), અથવા મારી ઇચ્છાથી જ તેમ થાય છે. (મૃગો જમણી બાજુએ ફરે છે) તેથી મારા માટે જ તેઓ શકુન આપે છે એમ જણાય છે. વળી (તેઓ) સારી રીતે ફરે છે, પરંતુ નાસી જતાં નથી. અહિં કહેલો બધોએ વૃત્તાંત શકવાળો નથી, તેમ જ ભૂલથી જણાએલો નથી, એમ ‘વૈ’ ‘જરુર’ શબ્દથી કહેલું છે. 9.

એવી રીતે શકુનને લીધે પણ દર્શન (થશે એવો) નિશ્ચય કરી, નીચેના શ્લોકમાં આજે જ (દર્શન) થશે એવો મનોરથ કરે છે:

અપ્યદ્ય વિષ્ણોર્મનુજત્વમીયુષો ભારાવતારાય ભુવો નિજેચ્છયા॥
લાવણ્યધામ્નો ભવિતોપલમ્ભનં મહ્યં ન ન સ્યાત્ ફલમઞ્જસા દૃશ: ॥10॥

ભૂમિનો ભાર ઉતારવા પોતાની ઇચ્છાથી મનુષ્યપણું સ્વીકારેલા, સૌંદર્યના ધામરૂપ વિષ્ણુનાં સાક્ષાત્ દર્શન આજે મને થશે, (અને થશે) તો દૃષ્ટિનું ફલ મારા માટે સહેલાઈથી

પ્રાપ્ત ન થએલું નહિ હોય. 10.

'અપિ' શબ્દથી આ દિવસ દુર્લભ છે, એવો વિચાર જણાવેલો છે.

'(શ્રીકૃષ્ણ) વિભૂતિ હશે' એવી શંકા થાય, તેથી 'વિષ્ણુનાં' શબ્દ યોજેલો છે. લીલાને લીધે 'મનુજત્વં' એટલે મનુષ્યપણું જેમણે સ્વીકારેલું છે તેવા મોક્ષ આપનાર વિષ્ણુનાં સાક્ષાત્ દર્શન (મને) થશે.

'આ (વિષ્ણુ મનુષ્યપણું સ્વીકારે તે) પણ કેમ સંભવે?' એવી શંકા થાય, તેથી 'ભૂમિનો ભાર ઉતારવા' શબ્દોથી તેનું (મનુષ્યપણું સ્વીકારવાનું) કારણ કહેલું છે. 'પોતાની ઇચ્છાથી' શબ્દથી તેનું (ભૂમિનો ભાર ઉતારવાનું) પણ ચોકક્સ કારણ કહેલું છે. બ્રહ્મા વિગેરે ભક્તોની ઇચ્છાથી અમુક સમય પછી ફલદાન થાઓ કે ન થાઓ, પરંતુ હમણાં જ માત્ર દર્શનથી જ (સર્વને) પરમ આનંદ પ્રાપ્ત થાઓ એવી (ભગવાનની ઇચ્છાથી મનુષ્યપણું સ્વીકારેલું છે). તે (સર્વને પરમ આનંદ પ્રાપ્ત થાય તે) માટે 'સૌંદર્યનાં ધામરૂપ' શબ્દ યોજેલો છે. (ભગવાન્) સર્વ સૌંદર્યનું જ રહેઠાણ બનેલા છે. 'ઉપલંભનં' એટલે નજીકથી (સાક્ષાત્) દર્શન જો (મને) થશે તો મારા માટે જ થશે, અને મારા માટે જ મારી 'દૃશ:' દૃષ્ટિનું ફલ સહેલાઈથી જ (મને) પ્રાપ્ત થશે. (મારો) આત્મા તો મુક્ત જ થશે (એમાં) સંદેહ નથી. ઇન્દ્રિયો સફલ (જેમણે ફલ પ્રાપ્ત કરેલું છે તેવી) થવાથી, (મારો) જન્મ પણ સફલ થશે. 10.

એ પ્રમાણે (ભગવાનનાં) દર્શન તરત થશે એવો વિચાર કરી, અવતારમાં (ભગવાનને) બીજાના ધર્મનો સંબંધ (હોતો) હશે એવી શંકા કરી, તેમ (બીજાના ધર્મનો સંબંધ) હોય તો બધું બદલાઈ (નકામું થઈ) જાય તેથી, નીચેના શ્લોકમાં ભગવાનને પ્રપંચના ધર્મોનો સંબંધ થતો નથી એમ કહે છે:

ય ઈક્ષિતાહંરહિતોઽપ્યસત્સતો: સ્વતેજસાપાસ્તતમોભિદાભ્રમ: ॥
સ્વમાયયાત્મન્નચિતૈસ્તદીક્ષયા પ્રાણાક્ષધીભિ: સદનેષ્વભીયતે॥11॥

જે (ભગવાન્) અહંકાર વિનાના હોવા છતાં સત્ અને અસત્ને જોનારા (જાણનારા) છે, જેમણે પોતાના તેજથી અજ્ઞાન ભેદ અને ભ્રમને દૂર કરેલાં છે, જે પોતાની માયાથી પોતાની અંદર રચાએલા પ્રાણ ઇન્દ્રિયો અને અંત:કરણવાળા ગૃહોમાં તેમની ઇચ્છાથી પ્રકાશે છે. 11.

ભગવાનમાં (1)અહંકાર, (2)(સત્ત્વ વિગેરે) ગુણો અને (3)તેઓનાં કાર્યો ઇન્દ્રિયો વિગેરે હોય તો તેમને બીજાના ધર્મોનો સંબંધ થાય. અહંકાર વિગેરેનું કાર્ય (અવતાર ધારણ કરેલા ભગવાનમાં) જોવામાં આવે છે તો પણ (ભગવાનનાં) સ્વરૂપથી જ (તે કાર્ય) થાય છે (તે જોવામાં આવતું કાર્ય ભગવાનનું સ્વરૂપ જ છે), તેથી ભગવાનને બીજાના ધર્મનો સંબંધ થતો નથી.

(1)તે પૈકી પ્રથમ 'જે અહંકાર વિનાના હોવા છતાં સત્ અને અસત્ને જોનારા છે' વિશેષણથી, (ભગવાનમાં) અહંકાર ન હોવા છતાં તેનું (અહંકારનું કાર્ય જણાય છે) એમ કહે

છે. લૌકિક જોનારો અહંકારવાળો હોય છે, કારણ કે ઇન્દ્રિયોમાં હું (છું)1' એવા અધ્યાસ વિના જોનાર થઈ શકાતું નથી. અથવા (ઇન્દ્રિયોમાં) મમતા2 હોય ત્યારે તેવા (જોનાર) થવાતું હોય તો, વૈદિક3 (સિદ્ધાંત) સિવાયના સિદ્ધાંતો પ્રમાણે સ્મૃતિના અને પુરાણોના સિદ્ધાંતો પ્રમાણે પણ અધ્યાસ મૂલ3 હોવાથી મમતાવાળા મતમાં પણ અહંકારની જરુર રહે છે. ભગવાન્ તો 'આનંદના જ જેમના કર, પાદ, મુખ અને ઉદર વિગેરે છે1 તેવા' હોવાથી, અને 'ચક્ષુના ચક્ષુ' હોવાથી અહંકાર વિનાના હોવા છતાં જોનારા થાય છે. આથી એમ કહેલું છે કે ભગવાનનું જ્ઞાન વિષયરહિત4 છે. જ્યારે દીપકની પેઠે (ભગવાન્) સર્વનો પ્રકાશ કરે છે, તે સમયે (તેમને) વિષયના દોષોનો સંબંધ થતો નહિ હોવાથી તે સત્ના અને અસત્ના પણ જોનારા થાય છે, અથવા '(ભગવાન્) સત્ય અને અસત્ય (થયા)' (તૈત્તિરીયક ઉપનિષદ્ 2। શ્રુતિ પ્રમાણે (ભગવાન્ પોતે) સર્વ કાર્ય જ થએલ હોવાથી કાર્ય અને કારણના જોનારા થાય છે.

(2)'જેમણે પોતાના તેજથી (અજ્ઞાન ભેદ અને ભ્રમને દૂર કરેલાં છે)' વિશેષણથી ગુણોને લીધે ભગવાનને દોષનો સંબંધ થએલો (થતો) નથી એમ કહે છે. ભગવાનના તેજથી જ 'અપાસ્તા:' દૂર થએલા છે (ક) 'તમ:' તામસ અજ્ઞાન, (ખ) 'ભિદા' તેણે (તે અજ્ઞાને) કરેલો રાજસ ભેદ, અને પછી (ગ)'ભ્રમ:' એટલે વિશ્વનાં દર્શનરૂપ સાત્ત્વિક પણ ભ્રમ. (ત્રણે ગુણોનાં કાર્યો ભગવાનના તેજથી દૂર થએલાં હોવાથી ભગવાનને તેમનો સંબંધ ન જ થાય), કારણ કે 'તમ:' અંધકાર દૂર કરવામાં આવે ત્યારે તેને લીધે થતા ચોરના ભય વિગેરે ન જ થાય.

(3)ભગવાનમાં (અવતાર સમયે) ઇન્દ્રિયો વિગેરેનો સંબંધ દેખાય છે તે માયાથી જ દેખાય છે, પરંતુ વાસ્તવિક નથી એમ ઉત્તરાર્ધથી કહે છે. પોતાની (ભગવાનની) આજ્ઞા પ્રમાણે વર્તનારી, સર્વ થવાને શક્તિવાળી જે માયા (છે), તેને લીધે (તેનાથી) 'આત્મનિ' પોતાની (બ્રહ્મની) અંદર જ 'રચિતૈ:' રચાએલા 'પ્રાણાક્ષધીભિ:' પ્રાણ, ઇન્દ્રિયો અને (જે) અંત:કરણો, તેઓવાળા બધાએ દેહો એટલે ગૃહોમાં ભગવાન્ 'અધીયતે' પ્રકાશે છે5. પોતાને અધીન(માયા)થી પોતાના (પોતાના અંશરૂપ જીવો)ના દેહો, ઇન્દ્રિયો અને અંત:કરણો દેખાય છે. તેઓમાં પોતાનું જ્ઞાન થાય તે માટે, એટલે 'તેઓમાં પોતાનું જ્ઞાન થાઓ' એવા હેતુથી તેઓ 'આત્મનિ' આત્મામાં (બ્રહ્મમાં) રચાએલા છે. વસ્તુત: આ (ભગવાન્, (બ્રહ્મ)) જ સર્વ સ્થલે દેખાય છે. જ્યારે ભગવાન્ બીજામાં રહેલા6 હોય ત્યારે પણ તેના ધર્મોનો તેમને સંબંધ થતો નથી તો પછી જ્યારે કેવલ (એકલા) હોય ત્યારે (તેમને બીજાના ધર્મોનો) સંબંધ કેમ જ થાય? બીજા સ્થલે (રહેલા) પણ તે બધા ધર્મો ભગવદ્રૂપ (હોવા છતાં) ભગવાનની ઇચ્છાથી જ7 માયાને7 લીધે જૂદા પ્રકારના (હોય તેવા) દેખાય છે, તો પછી ભગવાનમાં (રહેલા)નું તો કહેવું જ શું? અથવા8 લોકને જણાય તે માટે જેમ ભગવાન્ 'સદનેષુ' ગોપીઓના ગૃહોમાં8 ત્યાં રહેલ ન હોવા છતાં ત્યાં (રહેલા) હોય તેવા દેખાય છે, એ પ્રમાણે પ્રાણ, ઇન્દ્રિય અને અંત:કરણવાળા પણ દેખાય છે. પોતાના સ્થાનમાંજ માયાથી (ભગવાન્) તેવા દેખાય9 એ

યોગ્ય હોવાથી બંને સમાન હોવાથી10 દૃષ્ટાંત હોવાપણું કહેલું નથી10. અર્થ પ્રમાણે તો બંનેમાં (દૃષ્ટાંતપણું) સમજવાનું છે.11 વિચાર કરતાં તો એવો અર્થ થાય છે કે આ (ભગવાન્) 'આત્મા' પોતે જ સર્વસ્થલે છે એટલે કોના દોષનો આમને સંબંધ થાય.12 11.

1'આ ચક્ષુ હું છું' એવો ચક્ષુમાં અધ્યાસ હોય, તેથી 'હું જોઉં છું' એવું જ્ઞાન થાય; એવા અધ્યાસ વિના થાય નહિ.

2.'મમતા' એટલે 'આ ચક્ષુ મારું છે' એવી ચક્ષુમાં મમતા. (લે)

3.જોનાર થવામાં અધ્યાસ મૂલ (કારણ) છે, કારણ કે અહંતાથી મમતા થાય છે (મમતા અહંતા ઉપર આધાર રાખનારી છે). વૈદિક સિદ્ધાંત પ્રમાણે તો સર્વ સ્થલે વસ્તુત: આત્મા જ જોવામાં આવે છે, તેથી અધ્યાસ થતો નથી એવો અર્થ છે. (લે)

4.ભગવાન્ સર્વ પદાર્થોને 'આત્મા' (પોતા) તરીકે જ જૂએ છે, પરંતુ વિષય (પોતાથી જૂદા પદાર્થ) તરીકે જોતા નથી એવો અર્થ છે. (લે)

5.ભગવાન્ (જ) પ્રકાશે છે, કારણ કે 'ભાતિ:' એટલે પ્રકાશ (જ્ઞાન) ભગવાનનો ગુણ છે, એવો ભાવ છે. (લે)

6.'રહેલા' એટલે 'પાછળ પ્રવેશ કરેલા' એવો અર્થ છે. (લે)

7-7.આ (શ્લોકમાંનાં) 'તદીક્ષયા' શબ્દનો અર્થ કહેલો છે. મૂલ શ્લોકમાં વાક્યનો અર્થ નીચે પ્રમાણે છે. 'બહુ થવાના કારણરૂપ પોતાની ઇચ્છાથી, માયા કરણ વડે 'આત્માનિ' એટલે બ્રહ્મની (પોતાની) અંદર પ્રાણ વિગેરે (પ્રાણ, ઇન્દ્રિય અને અંત:કરણ) તરીકે રચાએલા છે; તેઓ જેની સાથે છે તેવા 'દેહોમાં પાછળથી પ્રવેશ કરેલા ભગવાન્ જ પ્રકાશે છે, પરંતુ તેઓ પ્રકાશતા નથી.' જે પ્રકાશનો આશ્રય છે (જેમાં પ્રકાશ રહેલો છે) તેનું દેહ વિગેરે તરીકે ભાન માયાથી થાય છે, વાસ્તવિક રીતે તો તે રૂપોથી પ્રકાશના આશ્રય ભગવાન જ થાય છે. એવો અર્થ છે. (લે)

8-8.દેહ પણ પ્રાણ વિગેરેના જેવો જ છે, તેથી તેનું તેમનાથી જૂદા પ્રકારે વર્ણન કરવું પ્રયોજન વિનાનું હોવાથી, ઉપરનો 'સદનેષુ' શબ્દનો (દેહ) અર્થ નહિ રુચતાં, તેનો અહિં બીજો અર્થ કરે છે. (લે)

9.'આત્મન્નચિતૈ:' 'પોતાની અંદર રચાએલા', શબ્દનો ભાવાર્થ અહિં જણાવ્યો હોય તેમ જણાય છે.

10-10.પ્રાણ વિગેરે પણ (ભગવાનનું) સ્વરૂપ જ છે, તેથી ભગવાન્ પ્રાણ સહિત (પ્રાણવાળા) થતા નથી, પણ પ્રાણરૂપ જ થાય છે, છતાં તે પ્રાણસહિત પ્રકાશે છે એમ સિદ્ધ કરવા માટે ગોપિકાના ઘરમાં ન રહેલા હોવા છતાં તેના ઘરમાં હોય તેવા જણાય છે એવું દૃષ્ટાંત છે. વળી ગોપીના ઘરમાં ન રહેલા ભગવાન્ હમણાં તેના ઘરમાં પ્રકાશે છે એવું સિદ્ધ કરવા, પ્રાણ વિગેરેવાળા ન હોવા છતાં તેઓ તે વાળા હોય તેવા દેખાય છે એવું દૃષ્ટાંત છે. એ પ્રમાણે આ બંને સરખી રીતે એક બીજાના દૃષ્ટાંત થાય તેવા હોવાથી, 'ઇવ' 'ની પેઠે' વિગેરે શબ્દોથી દૃષ્ટાંત જણાવેલ નથી એવો અર્થ છે. (લે)

11.‘ઇવ’ ‘ની પેઠે’ વિગેરે શબ્દો નથી છતાં નોટ 10માં જણાવેલ બંને અર્થ પ્રમાણે એક બીજાનાં દૃષ્ટાંત છે, એવો અર્થ છે. (લે)
12.ભગવાન્ (એક જ) સર્વત્ર હોવાથી (વસ્તુત: બીજો કોઈ પદાર્થ જ નહિ હોવાથી ભગવાનને બીજા કોઈના દોષનો સંબંધ ન જ થાય; એવો ભાવ છે.

વળી જો ભગવાનને કોઈ પણ અંશથી પ્રાકૃત ધર્મોનો સંબંધ હોત તો ભગવાનના ગુણો નામ વિગેરેનું કીર્તન કરવાથી કોઈના પણ પાપનો નાશ ન થાત, એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છે:

યસ્યાખિલામીવહભિ: સુમઙ્ગલૈર્વાચો વિમિશ્રા ગુણકર્મજન્મભિ: ॥
પ્રાણન્તિ શુમ્ભન્તિ પુનન્તિ વૈ જગત્ યાસ્તદ્વિરક્તા: શવશોભના મતા: ॥12॥

જેમનાં ઘણાં મંગલરૂપ સર્વ પાપનો નાશ કરનારાં (નામો), અને ગુણ, કર્મ અને જન્મ સાથે ભળેલી વાણીઓ જીવે છે, પુષ્ટ હોય છે અને જગતને નિશ્ચય પવિત્ર કરે છે. જે (વાણીઓ) તેમના અણગમાવાળી હોય છે તે મડદાંને શોભાવનારી ગણાએલી છે. 12.

‘અખિલાનાં’ સર્વ(લોકો)નાં જ ‘અમીવાનિ’ પાપોનો ‘ઘ્નન્તિ’ નાશ કરે તેવાં ‘અમીવહાનિ’ ભગવાનનાં નામો છે. (તેઓ) માત્ર પાપનો જ નાશ કરનારાં નથી, પરંતુ સારી રીતે મંગલ (પણ) કરે છે. તેઓ સાથે ભળેલી બીજાઓની વાણીઓ પણ (જીવે છે પુષ્ટ હોય છે અને જગતને પવિત્ર કરે છે). (ભગવાનના) સત્ય વિગેરે ગુણો, ગોવર્દ્ધનને ઊંચો ધરી રાખવો વિગેરે કર્મો, દેવકીના પુત્ર (થવું)1 વિગેરે જન્મો, (એ) બધાએ બધા (જીવો)ના પાપનો નાશ કરનારાં છે. તેથી જ જે વાણીઓ આ (નામ, ગુણ, કર્મ અથવા જન્મ) સાથે ભળેલી હોય છે (નામ વિગેરેનું કીર્તન કરનારી હોય છે), તેઓ ‘પ્રાણન્તિ’ જીવે છે, કારણ કે ભગવાનના ગુણો (એવી) વાણીના પ્રાણરૂપ છે. (તેવી વાણીઓ જ) ‘શુમ્ભન્તિ’ શોભાવાળી એટલે પુષ્ટ હોય છે, અને પછી જગતને પવિત્ર કરે છે એટલે પ્રભાવવાળી પણ થાય છે. જેમ દેહમાં પ્રાણો, અન્ન અને ધર્મ હોય છે, એવી રીતે (આવી) વાણીમાં ભગવાનના ગુણો જન્મ અને કર્મ હોય છે. તેવી જ રીતે મનમાં પણ (એ) ત્રણે (રહેલા) જાણવા. ‘મન પહેલાંનુ રૂપ છે (અને) વાણી પછીનું રૂપ છે’ ઐતરેયારણ્યક 3।1 શ્રુતિને લીધે બંનેને (મન અને વાણીને) જૂદાં કહેલાં નથી.

‘જે પ્રાપ્ત થએલ છે તે (અમુકથી) પ્રાપ્ત થાય તેવું છે એવું વાક્ય, તે (જેનાથી પ્રાપ્ત થાય તેવું હોવાનું કહેવામાં આવે તે)ની શ્રેષ્ઠતા જણાવે છે2 એ નિયમ પ્રમાણે (ઉપર કહેલું વાક્ય ભગવાનના ગુણ વિગેરે સાથે ભળેલી વાણીની) શ્રેષ્ઠતા દર્શાવવા યોજેલું હશે’ એવી શંકા2 થાય, તેથી ‘જે (વાણીઓ) તેમના અણગમાવાળી (હોય છે તે મડદાંને શોભાવનારી ગણાએલી છે)’ શબ્દોથી (તેથી) ઉલટા પ્રકારની (વાણી) પીડાકારક છે એમ કહે છે. જેમ વસ્ત્રો, અલંકારો વિગેરેથી મડદાંઓની શોભા કરવામાં આવે છે તો પણ (તે મડદાંઓમાં) પ્રાણ નહિ હોવાથી, તેનું પોષણ કરનાર અન્ન નહિ હોવાથી અને પ્રાણનું કાર્ય ધર્મ નહિ હોવાથી, (તેની કરેલી શોભા) અપશુકનવાળી જ છે. તેથી ભગવાનને જો સોમા ભાગનો

(જરાપણ) પ્રાકૃત ધર્મનો સંબંધ હોત તો આ (તેમના ગુણ વિગેરેથી ભળેલી વાણી આવી ઉત્તમ હોવાનું) ન થાત, એવો ભાવ છે. 12.

1.'દેવકી પુત્ર' વિગેરે શબ્દોની પ્રવૃત્તિના કારણ થવું (એ ભગવાનનો જન્મ). (લે)

2-2.વાણી જીવે છે, પુષ્ટ હોય છે વિગેરે ગુણો તેમાં છે, તે ગુણો ભગવાનના ગુણ વિગેરે સાથે ભળવાથી તેમાં થાય છે એમ કહેવામાં આવ્યું તે માત્ર એ ગુણોની શ્રેષ્ઠતા જણાવવા જ કહેવામાં આવ્યું, એવી શંકા જણાય છે.

આવા જ (ભગવાન્ હમણાં) અવતરેલા છે, પરંતુ (પોતાના કોઈ) ધર્મનો તિરોભાવ કરીને (અવતરેલા) નથી એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે:

સચાવતીર્ણ: કિલ સાત્વતાન્વયે સ્વસેતુપાલામરવર્યશર્મકૃત્॥
યશો વિતન્વન્ વ્રજ આસ્ત ઈશ્વરો ગાયન્તિ દેવા યદશેષમઙ્ગલમ્॥13॥

પોતાની મર્યાદાનું પાલન કરનાર, ઉત્તમ દેવોને સુખ કરનાર તે વૈષ્ણવોના વંશમાં જરુર અવતર્યા છે. જે સર્વને મંગલરૂપ હોવાથી દેવો ગાય છે તેવા (પોતાના) યશને વિસ્તારતા ઈશ્વર વ્રજમાં રહે છે. 13.

'ચ' શબ્દથી (એમ કહેલું છે કે) (ભગવાન્) અંતર્યામી તરીકે અવતરેલા હોવા છતાં, ફરી બહાર પણ અવતરેલા છે. અથવા 'ચ' શબ્દથી (એમ કહેલું છે કે) બલભદ્રમાં શેષરૂપ (ભગવાન્ અવતરેલા છે). 'કિલ' 'જરુર' શબ્દથી (એમ કહેલું છે કે એ વાતની) પ્રસિદ્ધિ (તેમાં) પ્રમાણ છે. મોટાનો અવતાર જેવા તેવા સ્થલે થતો નથી તેથી 'વૈષ્ણવોના વંશમાં' શબ્દો યોજેલા છે; અથવા યાદવો1 સર્વ વૈષ્ણવો છે તેમના વંશની પ્રસિદ્ધિ થાય તે માટે (ભગવાન્ તેમના વંશમાં અવતરેલા છે).

પોતાની મર્યાદાનું પાલન કરનાર, એટલે ભગવાને જગતમાં જે મર્યાદા કરેલી છે તેનું પાલન કરનારા દેવો. તે અવતારોનું 'શર્મ' સુખ જે પ્રકારે થાય તેવું જ (કર્મ) (ભગવાન્) કરે છે. (તેવું કર્મ) અવતારથી જ થાય છે તેથી (ભગવાન્) અવતાર લે છે, એમ અવતાર (લેવાનું) પ્રયોજન કહેલું છે, એવો અર્થ છે. ભવિષ્યમાં જેઓ જન્મવાના છે તેમનો મોક્ષ થાય તે માટે '(પોતાના) યશને વિસ્તારતા' શબ્દોથી (અવતાર લેવાનું) મુખ્ય પ્રયોજન કહેલું છે. જ્યાં સુધી તેવાં કર્મો પૂરાં ન થાય ત્યાં સુધી (ભગવાન્) 'વ્રજમાં રહે છે'.

'વ્રજમાં રહેવાનું શું પ્રયોજન? ઉત્તમ સ્થાનમાં રહીને જ તેમ કરવું (દેવોને સુખ આપવું અને પોતાનો યશ વિસ્તારવો) યોગ્ય છે' એવી શંકા થાય, તેથી 'ઇશ્વર' શબ્દ યોજેલો છે. (તે શબ્દથી) એમ કહેલું છે કે હલકાં સ્થાનમાં રહીને, તેવું કર્મ કરતાં (ભગવાન્) સર્વને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. આ રહસ્યસિદ્ધાંતમાં2 સિદ્ધ પણ કરેલું છે. તેથી જ ભગવાનનું જે (તે) ચરિત્ર સર્વ ગાય છે, અને ખાસ કરીને દેવો ગાય છે, કારણ કે તે સર્વને મંગલરૂપ છે એમ (કહેલું છે). 13.

1.'સાત્વત' શબ્દનો 'વૈષ્ણવ' અર્થ પહેલાં કર્યો. યાદવોમાં 'સાત્વત' પ્રકારના યાદવો હોવાથી આવો બીજો અર્થ કરેલો છે.

2.આ ગ્રંથ હોવો જોઈએ.

એ પ્રમાણે ભગવાનનું માહાત્મ્ય જણાવી, (તેમનાં) અલૌકિકપણાનું સારી રીતે સ્થાપન કરી, તેમનું દર્શન પુરુષાર્થ હોવાથી, (તેની) નીચેના શ્લોકમાં કામના કરે છે:

તં ત્વદ્ય નૂનં મહતાં ગતિં ગુરું ત્રૈલોક્યકાન્તં દૃશિમન્મહોત્સવમ્॥
રૂપં દધાનં શ્રિય ઈપ્સિતાસ્પદં દ્રક્ષ્યે મમાસન્નુષસ: સુદર્શના: ॥14॥

મોટાઓના ફલરૂપ, ગુરુરૂપ, ત્રણ લોકના પતિરૂપ, દૃષ્ટિવાળાઓના મોટા ઉત્સવરૂપ રૂપને ધારણ કરનારા, લક્ષ્મીના ઇચ્છેલા સ્થાનરૂપ તેમનાં તો હું આજે જરુર દર્શન કરીશ. મારાં પ્રભાત શોભાવાળાં હતાં. 14.

'તેમનાં' એટલે પહેલાં (ઉપર) વર્ણન કરેલા (ભગવાનનાં દર્શન કરીશ). 'તુ' 'તો' શબ્દ (એ દર્શન) મનથી થએલાં હશે, એવું નથી એમ જણાવે છે. આજે જ દર્શન કરીશ. 'નૂનં' 'જરુર' શબ્દથી (એમ કહેલું છે કે) તેમાં સંદેહ નથી, પરંતુ આ નક્કી થએલું છે. ભગવાન્ પુરુષોત્તમ છે એમ સિદ્ધ કરવા, તે સર્વ ફલરૂપ છે એમ (હવે) કહે છે.

(1)મોટાઓને જ ફલ (પ્રાપ્ત) થાય તેથી તેમની ગતિ એટલે તેમનાથી જ જઈ શકાય અથવા પ્રાપ્ત કરી શકાય તેવા, એટલે (તેમના) ફલરૂપ (ભગવાન્ છે).

(2)'ગુરુ શબ્દથી (ભગવાનને પ્રાપ્ત કરવાનું) સાધન પણ તે (ભગવાન) જ છે એમ કહે છે. ઉપદેશ કરનારા પણ તે જ છે; જ્ઞાન અથવા જ્ઞાનનો ઉપદેશ કરનારા (પણ ભગવાન જ છે).

એવી રીતે વૈદિક પ્રકારથી (ભગવાન્) ઉત્તમ છે એમ કહી, (હવે) લૌકિક પ્રકારથી (તે ઉત્તમ ફલરૂપ છે એમ) (1)'ત્રણ લોકના પતિરૂપ' (વિગેરેથી) કહે છે. 'કાન્ત:' એટલે પતિ અને (તે પણ) રૂપાળો. (2)વળી (ભગવાન્) ખાસ કરીને દૃષ્ટિવાળાઓના અથવા જ્ઞાનવાળાઓના મોટા ઉત્સવરૂપ છે. ઉત્સવ ફલ છે તેમાં કાંઈ વિવાદ (તકરાર) નથી; (અને) સર્વને પતિની જરુર હોય છે; તેથી બંને લૌકિક ફલરૂપ (ભગવાન્) છે. એવી રીતે (ભગવાન્) લૌકિક અને વૈદિક ફલનું રૂપ ધારણ કરનારા હોવાથી, (તેમનું) દર્શન મોટું ફલ છે એમ સૂચવેલું છે. વળી 'તેના (લક્ષ્મીના) વિના દેવપણું ક્યાં છે?' વિગેરે વાક્ય પ્રમાણે લોકમાં લક્ષ્મી સર્વ પુરુષાર્થરૂપ છે. તે(લક્ષ્મીનું પણ ઇચ્છેલું 'આસ્પદમ્' સ્થાન (ભગવાન જ) છે. 'મારાં પ્રભાત શોભાવાળાં હતાં' શબ્દોથી દર્શન થશે તેનું આવશ્યક (જરુરી) ચિહ્ન કહેલું છે. આ આજનાં પ્રભાતો1 ક્ષણેક્ષણે સુંદર દર્શન છે જેમનું, તેવા પ્રકારનાં છે એટલે ક્ષણેક્ષણે આનંદ ઉત્પન્ન કરનારા દેખાય છે. 14.

1.દરરોજ પ્રભાત તો એક જ હોય. તેથી પ્રભાતના અવયવો એટલે પ્રભાતની ઘડીઓને અહિં પ્રભાત કહેલ હોય એમ જણાય છે.

એ પ્રમાણે દર્શનનો મનોરથ કહી, નીચેના શ્લોકમાં દર્શન પછીનો મનોરથ કહે છે:

અથાવરુઢ: સપદીશયો રથાત્ પ્રધાનપુંસોશ્ચરણં સ્વલબ્ધયે॥
ધિયા ધૃતં યોગિભિરપ્યહં ધ્રુવં નમસ્ય આભ્યાં ચ સખીન્ વનૌકસ: ॥15॥

પછી તરત રથમાંથી ઉતરીને, યોગીઓએ પણ (જેને) આત્માની પ્રાપ્તિ થાય તે માટે બુદ્ધિથી ધારણ કરેલું છે તેવા બે ઈશ્વર મુખ્ય પુરુષોનાં ચરણને હું નક્કી નમન કરીશ, (અને) આ બેની સાથે (આમના) મિત્રો અને વનવાસીઓને નમન કરીશ. 15.

ભગવાનનું દર્શન થયા પછી, અથવા દર્શન થઈ શકે તેવું હશે ત્યારે રથમાંથી ઉતરીને હું બે ઈશ્વરના ચરણને નમન કરીશ. (ભગવાનનો જેનામાં) આવેશ (થએલો હોય તે)માં અને (ભગવાનના) અવતારમાં ચરણનો ભેદ નહિ હોવાથી ('ચરણં' શબ્દ) એકવચનમાં યોજેલ છે.

'બાલકને નમસ્કાર (કરવો તે) કેમ યોગ્ય (ગણાય?)' એવી શંકા થાય, તેથી 'બે ઈશ્વર મુખ્ય પુરુષોના' શબ્દો યોજેલા છે. તેઓ (આપણાં) માતા અને પિતાના પણ સ્વામી છે એવો ભાવ છે. તેથી બધાએ (જીવો) જન્મથી જ (તેમના) દાસ છે એમ કહેવાયું.

'નમસ્કાર (કરવાનું) શું પ્રયોજન? (કારણ કે) દર્શનથી જ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થશે' એવી શંકા થાય, તેથી 'યોગીઓએ પણ (જેને) આત્માની પ્રાપ્તિ થાય તે માટે બુદ્ધિથી ધારણ કરેલું છે' શબ્દો યોજેલા છે. જે મનથી કલ્પેલું ચરણ આત્માની પ્રાપ્તિ થાય તે માટે બુદ્ધિથી ધારણ કરવામાં આવે છે, તેને સાક્ષાત્ નમસ્કાર કરવામાં આવે ત્યારે તે શુંશું ન કરે? એવા અભિપ્રાયથી નમસ્કાર (કરવા)નો મનોરથ પણ યોગ્ય જ છે, એવો અર્થ છે.

'ત્યારે આ નમસ્કારથી મોક્ષની પ્રાર્થના કરવામાં આવે છે?' એવી શંકા થાય, તે દૂર કરવા 'ભક્તિ જ પ્રાપ્ત થાઓ' એવા અભિપ્રાયથી 'આ બેની સાથે આમના મિત્રો ગોપાલોને પણ નમન કરીશ' એમ કહેલું છે. પછી તે પ્રમાણે સર્વ 'વનવાસીઓને પણ નમન કરીશ' એમ (કહેલું છે), કારણ કે બધાએ ભગવાનના ધર્મો સર્વથી ઉત્તમ છે તેવું જ્ઞાન જ ભક્તિનું કારણ (ભક્તિ ઉત્પન્ન કરાવનાર) છે. 15.

પછી ભગવાનની કૃપારૂપ મનોરથ નીચેના શ્લોકમાં કહે છે:

અપ્યંઘ્રિમૂલે પતિતસ્ય મે વિભુ: શિરસ્યધાસ્યન્નિજહસ્તપઙ્કજમ્॥
દત્તાભયં કાલમુજઙ્ગરંહસા પ્રોદ્વેજિતાનાં શરણૈષિણાં નૃણામ્॥16॥

સમર્થ (ભગવાન્) (તેમના) ચરણના મૂલમાં પડેલા મારા માથા ઉપર, કાલરૂપી સર્પની ઝપટથી દુ:ખી થએલા અને શરણ ઇચ્છતા માણસોને અભય આપનાર (પોતાનાં) હસ્તકમલનું સ્થાપન કરશે. 16.

ભક્તિના ભરપૂરપણાંને લીધે ધીરેધીરે (હું) નમસ્કાર નહિ કરું, પરંતુ (ભગવાનના) ચરણના મૂલમાં પડી જઈશ.

'પહેલાં (કોઈવાર) નહિ જોએલા (એવા) તારા ઉપર ભગવાન્ કૃપા કેમ કરશે?' એવી શંકા થાય, તેથી 'સમર્થ' શબ્દ યોજેલો છે. (ભગવાન્ મારા ઉપર કૃપા કરશે) કારણ કે, (મને) જાણવા (ઓળખવા) અને (મારા ઉપર) કૃપા કરવા (ભગવાન્) સમર્થ છે. 'આશાંસાયાં ભૂતવચ્ચ' 'આશા જણાવવી હોય ત્યારે ભૂતકાલની પેઠે (ભવિષ્ય ક્રિયાતિપત્ત્યર્થ વપરાય છે)' (સિદ્ધાંતકૌમુદી 3।132) સૂત્ર પ્રમાણે 'અપિ અધાસ્યત્' રૂપ યોજેલું છે. ઘણું કરી

ભગવાન્ પોતાનો શ્રીહસ્ત (મારા માથા ઉપર) સ્થાપન કરશે એટલે (તે) સ્થાપન થવાથી જ મને ઘણું સુખ થશે, એવી આશા જણાવવા 'અપિ' શબ્દ યોજેલો છે. તેનાથી (શ્રીહસ્ત સ્થાપન થવાથી) બીજું પણ ફલ (પ્રાપ્ત) થશે એમ જણાવવા ઉત્તરાર્ધથી હસ્ત કમલનું વર્ણન કરે છે. કમલ જલનું કામ કરે છે, અને વિષ ગરમીરૂપ હોવાથી જલથી તેનો ઉપાય થાય છે. અહિં પણ કાલ એ જ સર્પ છે, તેની ઝપટથી દુ:ખી થએલાને (ભગવાનનો શ્રીહસ્ત અભય આપે છે). (સર્પે) દંશ કર્યો હોય તો મંત્ર વિગેરેની જરુર રહે, (પરંતુ) માત્ર (કાલરૂપી સર્પને) જોઈને જ, 'કાલ ખાઈ જશે' એમ ભય પામી (પોતાની) મિલકતનો ત્યાગ કરી નાસી ગએલા સંન્યાસીઓ અને વિવેક (સારું, ખરાબ પારખવાની શક્તિ)વાળા ગૃહસ્થો, એ બધા ભગવાનનું શરણ શોધે છે. વળી બીજાઓ જે દેવ વિગેરે કુલમાં જન્મેલા છે તેઓ (સર્પ ન ડસે તેવા) સાધન કરવા શક્તિવાળા છે. પશુઓ તો અજ્ઞાની જ છે, તેથી 'માણસોને (અભય આપનાર)' એમ કહેલ છે, (ભગવાનનો હસ્તકમલ) અભય આપે છે, તેથી (તેને) 'પઙ્કજમ્' 'કમલ' કહેલું છે. જલમાં રહેલા કમલમાં જે પ્રવેશ કરે છે તેને સર્પનો ભય રહેતો નથી જ, (કારણ કે) જલમાં વિષનું પરાક્રમ (ચાલતું) નથી, અને કમલમાં સર્પ પણ પ્રવેશ કરતો નથી. 16.

એ પ્રમાણે અનિષ્ટ (દુ:ખ) દૂર કરનાર તરીકે હસ્તની સ્તુતિ કરી, ઇચ્છેલું (ફલ) આપનાર તરીકે પણ નીચેના શ્લોકમાં (હસ્તની) સ્તુતિ કરે છે:

સમર્પણં યત્ર નિધાય કૌશિકસ્તથા બલિશ્ચાપ જગત્ત્રયેન્દ્રતામ્॥
યદ્વા વિહારે વ્રજયોષિતાં શ્રમં સ્પર્શેન સૌગન્ધિકગન્ધ્યપાનુદત્॥17॥

જેની અંદર (સર્વનું) સમર્પણ કરીને ઇન્દ્રે તેમ જ બલિએ ત્રણલોકના ઇન્દ્રપણાને પ્રાપ્ત કર્યું હતું વળી જે પુષ્પના જેવી સુગંધવાળા (હસ્તકમલે) વ્રજની સ્ત્રીઓ સાથેના વિહારમાં સ્પર્શથી (તેઓના) શ્રમને દૂર કર્યો હતો. 17.

જે (ભગવાનના) હસ્તમાં સમર્હણ મૂકીને, એટલે (ભગવાનને) ધરવાનું કાંઈક આપીને 'કૌશિક:' ઇન્દ્રે અને બલિએ ત્રણલોકના ઇન્દ્રપણાને પ્રાપ્ત કર્યું હતું. આ ઇન્દ્ર પહેલાંના જન્મમાં કૌશિકના ગોત્રમાં જન્મેલો, (અને) બલિની પેઠે તેણે ભગવાનના હસ્તમાં (પોતાનું) સર્વ નિવેદન કરેલું; તેની કથા કોઈ સમયે (ભવિષ્યમાં) પ્રસિદ્ધ થશે. બલિની કથા તો પ્રસિદ્ધ જ છે. 'અવાપ' 'પ્રાપ્ત કર્યું હતું' શબ્દથી એમ કહેલું છે કે પ્રવાહ નિત્ય હોવાથી, પહેલાં પણ બલિએ ઇન્દ્રનું સ્થાન પ્રાપ્ત કરેલું, અથવા 'છન્દસિ લુઙ્ લઙ્ લિટ:' નિયમ પ્રમાણે ભવિષ્યના અર્થમાં ('અવાપ' એ) પરોક્ષ ભૂતકાલ યોજાએલો1 છે.

એવી રીતે (ભગવાન્) પ્રભુ હોવાથી દુ:ખ દૂર કરે છે અને ઇચ્છેલું આપે છે એમ કહી, તે મિત્રની પેઠે પણ કાર્ય કરે છે એમ ઉત્તરાર્ધથી કહે છે. વ્રજની સ્ત્રીઓ સાથેના વિહારમાં 'સૌગન્ધિકગન્ધિ2' એટલે સુગંધી પુષ્પના જેવી ગંધવાળા (હસ્તકમલે) તેઓનો શ્રમ એટલે શ્રમથી થએલ જલ2 (પરસેવો) દૂર કર્યો હતો; કારણ કે ત્રણ ગુણોવાળા3 વાયુથી દૂર થાય તે પ્રમાણે (ભગવાનના) હસ્તથી પણ ગયો એમ સૂચવવા4 (હસ્તને) શ્રમજલનો સંબંધ (થયાનું)

કહેલું છે. મંદતા તો પ્રાપ્ત થઈ5 તેથી સુગંધને માટે તેમ3 કહેલું છે. આથી એમ સૂચવેલું છે કે તે (અક્રૂર) સદા ભગવાનના ચરિત્રને ધ્યાનમાં લેતો હતો. 'વા' 'વળી' શબ્દ ઘણા અર્થનું સૂચન થાય તે માટે યોજેલો છે. આથી (ભગવાનનો હસ્ત) સર્વના પણ ધર્મો કરે છે, અને તેથી સર્વ ફલ આપનારો છે એમ સૂચવેલું છે. 17.

1.એટલે ભવિષ્યમાં બલિ ઇન્દ્રપણું પ્રાપ્ત કરશે એમ કહેલું છે.

2-2.'સૌગન્ધિકગન્ધિ' પહેલી વિભક્તિનું એકવચન છે, અને (ગયા શ્લોકમાં) 'હસ્તપંકજમ્' 'હસ્તકમલ' (શબ્દ આવ્યો) તેનું વિશેષણ છે. આવું સુગંધવાળું હસ્તકમલ કર્તા છે, શ્રમ એટલે શ્રમથી થએલ જલ કર્મ છે. હસ્તકમલે એ શ્રમથી થએલ જલને દૂર કર્યું એવો વાક્યનો અન્વય છે. (લે)

3-3.તેમ એટલે 'સૌગન્ધિકગન્ધિ'. આ શબ્દથી સુગંધ કહેવાઈ. માત્ર સ્પર્શથી શ્રમજલ સૂકાયું એમ કહ્યું તેથી મંદતા પ્રાપ્ત થઈ. ભગવાનનો શ્રીહસ્ત હોવાથી પવિત્રપણું તો છે જ. મંદ, સુગંધી અને પવિત્ર એ ત્રણ ગુણોવાળા વાયુથી શ્રમજલ દૂર થાય, એમ શ્રીહસ્તથી દૂર થયા; એવો અર્થ જણાય છે.

4.જેમ વાયુના સ્પર્શથી શ્રમજલ દૂર થાય તેમ શ્રીહસ્તના સ્પર્શથી તે દૂર થયું, એમ શ્રીહસ્ત વાયુની સમાન છે એમ સૂચવવા. (લે)

5.શ્રમજલને લૂછી નાખવાનું નહિ કહેતાં, માત્ર સ્પર્શથી તે દૂર થયાનું કહેલું છે તેથી મંદતા પ્રાપ્ત થઈ એવો અર્થ છે. (લે)

'તું (અક્રૂર) તો શત્રુ જ છે, અને શત્રુનું કામ કરે છે. તેથી (ભગવાન્) કેશી વિગેરેની પેઠે તારો પણ વધ જ કરશે, પરંતુ (તારા ઉપર) કૃપા કરશે નહિ' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

ન મય્યુપેષ્યત્યરિબુદ્ધિમચ્યુતઃ કંસસ્ય દૂતઃ પ્રહિતોપિ વિશ્વદૃક્॥
યોઽન્તર્બહિશ્ચેતસ એતદીહિતં ક્ષેત્રજ્ઞ ઈક્ષત્યમલેન ચક્ષુષા॥18॥

(હું) કંસનો દૂત (કંસે) મોકલેલો હોવા છતાં, જે ક્ષેત્ર જાણનાર હોઈ શુદ્ધ ચક્ષુથી ચિત્તની અંદર અને બહાર આ (ચિત્તની) ચેષ્ટા જૂએ છે, તેવા વિશ્વને જોનાર અચ્યુત મારામાં શત્રુ (હોવા)ની બુદ્ધિ કરશે નહિ. 18.

મારામાં શત્રુ (હોવા)ની બુદ્ધિ કરશે નહિ, એટલે 'આ (હું) શત્રુ છે' એમ સ્વીકારશે (માનશે) નહિ. તેનું કારણ 'અચ્યુત' શબ્દથી કહેલું છે. (ભગવાન્) અચ્યુત હોવાથી તેમને કોઈથી પણ ભય નથી, તેથી પોતાનો અપકાર કરનાર તરીકે કોઈ પણ ભગવાનનો શત્રુ નથી. (ભગવાન્) દૈત્યોને હણે છે તે તો તેમના અને લોકોના ઉપર ઉપકાર કરવા (હણે છે). જો કે હું કંસનો દૂત છું, તેણે જ મોકલેલો છુ,ં અને મને (કંસે) જેટલું (કરવાનું) કહેલું છે તેટલું હું કરીશ; તેથી લોકની દૃષ્ટિ પ્રમાણે (મારા ઉપર) શત્રુ(હોવા)ની બુદ્ધિ કરવી જોઈએ; તેમ છતાં (ભગવાન્) અચ્યુત હોવાથી (મારા ઉપર એવી બુદ્ધિ) નહિ કરે. (મને) હણવાનું કારણ તો મારામાં નથી, એવો ભાવ છે.

વળી (ભગવાન્) વિશ્વને જોનાર છે. (હું) કપટથી ભગવાનનો અપકાર કરવા તૈયાર થયો છું એમ (માની) મારા જ હિત માટે (મારો) વધ કરે, (પણ) તે મારામાં કપટ હોવાનું માનવાનું ભગવાનમાં સંભવતું નથી, કારણ કે તે (આખાએ) વિશ્વને જૂએ છે. આ (હું) જાણું છું, તેથી હું કપટ કરીશ નહિ, તેમ જ ઉદ્ધતાઈ પણ કરીશ નહિ. આ (ભગવાન્ વિશ્વને જૂએ છે તે) વિષયનું પ્રમાણ ઉત્તરાર્ધથી કહે છે. ચિત્તની અંદરની અને બહારની ચેષ્ટા ભગવાન્ જૂએ છે. જો કોઈ પણ સમયે (મારા) ચિત્તનું વલણ આવું (કપટવાળું) થશે તો (તે મને) હણે એ જ યોગ્ય છે. તેમ નહિ થાય તો મને હણશે નહિ. વળી (મારા) ચિત્તની આ (ભગવાનમાં) વિશ્વાસ હોવારૂપ ચેષ્ટા પણ ભગવાન્ જાણે છે. સ્વરૂપમાં રહેલા જ (ભગવાન્) જાણે છે. બીજા પ્રકારથી પણ તે જાણે છે, એમ 'ક્ષેત્ર જાણનાર' શબ્દથી કહે છે. તે સર્વ ક્ષેત્રને જાણે છે એમ (આ શબ્દથી કહેલું છે). ક્ષેત્ર એટલે 'મહાભૂતો, અહંકાર....' (ભગવદ્ગીતા 13।ી 6)માં કહેલું વિકારવાળું શરીર. 'શુદ્ધ ચક્ષુથી' શબ્દોથી ક્ષેત્ર જોવાનો પણ ખાસ પ્રકાર કહેલો છે. (શુદ્ધ ચક્ષુથી એટલે) ચક્ષુના ચક્ષુથી (ભગવાન્ ક્ષેત્રને જૂએ છે). તે (ચક્ષુનું ચક્ષુ) શુદ્ધ જ હોય છે. શુદ્ધ ચક્ષુ વસ્તુ જેવી હોય તેવી જ જૂએ છે. તેથી ભગવાનને બધુંએ પ્રત્યક્ષ હોવાથી, તે મારો વૃત્તાંત જાણતા હોવાથી, મારામાં શત્રુ (હોવા)ની બુદ્ધિ કરશે નહિ. ચિત્તની બહારની (ચેષ્ટા) કર્મ છે, અંદરની (ચેષ્ટા) ઇચ્છા અને જ્ઞાન છે. કેટલાક ઇચ્છા મધ્યની (ચેષ્ટા) (છે) એમ કહે છે. એમ હોય ત્યારે ચિત્ત, ચિદ્રૂપ, આનંદરૂપ અને સદ્રૂપ1 થાય છે. 18.

1.જ્ઞાન ચિદ્રૂપ છે, ઇચ્છા આનંદરૂપ છે, કારણ કે સુખ આપવું એ ઇચ્છાનો ગુણ છે. કાર્ય (કર્મ) સદ્રૂપ છે, એવો અર્થ છે. (લે)

'છતાં પણ (કંસ સાથેના તારા) સંબંધના દોષને લીધે, અને (તું કંસનો સેવક હોવાથી) અન્ન વિગેરેના દોષને લીધે (ભગવાન્) તારો અંગીકાર નહિ કરે' એવી શંકા થાય, તે નીચેના શ્લોકમાં દૂર કરતાં (પોતાનો) મનોરથ કહે છે:

અપ્યઙ્ઘ્રિમૂલેવહિતં કૃતાઞ્જલિં મામીક્ષિતા સસ્મિતમાર્દ્રયા દૃશા॥
સપદ્યપધ્વસ્તસમસ્તકિલ્બિષો વોઢા મુદં વીતવિશઙ્ક ઊર્જિતઃ॥19॥

વળી (ભગવાન્) ચરણના મૂલમાં સાવધાન રહેલા બે હાથ જોડેલા મને સ્મિતવાળી દયાની દૃષ્ટિથી જોશે. તરત જ જેનાં સર્વ પાપ નાશ થએલાં છે તેવો (હું) આનંદ પ્રાપ્ત કરીશ (અને) શંકા વિનાનો થઈ સમર્થ થઈશ. 19.

પહેલાનાં પુણ્યને લીધે હું (ભગવાનના) ચરણોમાં પડીશ ત્યારે (મારો) અપરાધ દૂર થતાં, 'આનો નાશ થાય છે' એમ (ભગવાનની) મારા ઉપર દયા થશે. ત્યારે દયાની દૃષ્ટિથી 'તરત જ જેનાં સર્વ પાપ નાશ થએલાં છે તેવો' થઈ, (હું) 'મુદં' પરમાનંદ 'વોઢા' પ્રાપ્ત કરીશ, અને ત્યાર પછી 'શંકા વિનાનો' થઈશ, અને સમર્થ થઈશ.

ચરણના મૂલમાં જે પડેલો હોય તે અવશ્ય દેખાય. નહિ તો (તેને જોવામાં ન આવે તો) આગળ જવાનું ન બને. 'કદાચ બીજામાં ચિત્તવાળા (ભગવાન્) (ચરણના મૂલમાં પડેલાના) ઉપર પગ મૂકીને અથવા (તેને) કૂદી જઈને (આગળ) જાય' એવી શંકા થાય, તેથી 'સાવધાન

રહેલા' શબ્દ યોજેલ છે. હું સાવધાન રહીને 'હું શરણે આવેલો છું' એમ (ભગવાનને) મારી જાણ કરીશ. બુદ્ધિ જૂદા પ્રકારની (દુષ્ટ) નહિ થાય, એવા પ્રયોજનથી 'બે હાથ જોડેલો' શબ્દ યોજેલ છે તેથી જ (ભગવાન્) મને જોશે, અવશ્ય મને જોશે, તેનું પ્રમાણ 'અસૌ'1 'આ' શબ્દથી કહેલું છે કે હમણાં જ (ભગવાનનો) વિચાર કરતાં જ તે પ્રત્યક્ષ થયા, તો પછી (તેમના ચરણમાં પડીશ) તે સમયનું તો કહેવું જ શું? મારું (કંસની આજ્ઞાથી તેમને મથુરા લઈ જવા આવવાનું) કાર્ય અને પહેલાંની દુષ્ટતા સંભારીને (ભગવાન્) સ્મિતવાળા પણ થશે (સ્મિત કરશે), પછી મારી વર્તણુંક જાણીને દયાની દૃષ્ટિ પણ (તેમની) થશે. એ પ્રમાણે (મારા ઉપર) ભગવાનની દૃષ્ટિ, મંદ હાસ્ય અને સ્નેહ થશે ત્યારે (મને) દેશ કાલ અને કર્મની દરકાર નહિ રહેવાથી, તરત જ હું પાપ વિનાનો થઈશ. વાસના પણ જશે એટલે મને મૂકી દઈ નીચે જ પડશે, અને ભગવાને મારા ઉપર આટલો ઉપકાર કરેલો હોવાથી ફલ પ્રાપ્ત થતાં મને તરત જ સંતોષ થશે, કે પહેલાં મેં (ભગવાનનો) જેટલો અપરાધ કરેલો છે તેટલો ભવિષ્યમાં નહિ થાય. પહેલાંનો અપરાધ જો ભગવાને દૂર કરેલો છે, તો ભવિષ્યને માટે કાંઈ સંદેહ રહેશે નહિ, તેથી હું 'શંકા વિનાનો' થઈશ, એટલે (ભગવાનનો) અપરાધ થવાની શંકા જ થશે (રહેશે) નહિ. પછી ભગવાનના ભક્તોમાં અથવા ભગવાનનાં કાર્યોમાં (ભગવાનના કાર્યો કરવા) હું 'ઊર્જિત:' 'સમર્થ' થઈશ. આ બધાનું મૂલ દર્શન જ છે. 19.

1.'મામીક્ષિતાસૌ સ્મિત....' પાઠ લઈ આવો અર્થ કરેલો જણાય છે.

પછી નીચેના શ્લોકમાં બીજો મનોરથ કહે છે:

સુહૃત્તમં જ્ઞાતિમનન્યદૈવતં દોર્ભ્યાં બૃહદ્ભ્યાં પરિરપ્સ્યતેથ મામ્॥
આત્મા હિ તીર્થીક્રિયતે તદૈવ મે બન્ધશ્ચ કર્માત્મક ઉચ્છ્વસિત્યત: ॥20॥

(ભગવાન્ પોતાના) બે મોટા હસ્તોથી ગાઢ મિત્ર, કુટુંબી, અને જેને બીજો (કોઈ) દેવ નથી તેવા મને આલિંગન કરશે?, તો (મારો) દેહ તીર્થ બનશે અને તે સમયે જ આ (શરીર)થી કર્મરૂપ બંધન તૂટી જશે. 20.

ભગવાન્ (પોતાના) બે મોટા હસ્તોથી મને આલિંગન કરશે કે? જો તેમ કરશે તો મારો 'આત્મા' એટલે દેહ તીર્થ બનશે; એટલે તીર્થ નથી તેવો હોવા છતાં પણ તીર્થ બનશે, (અને) લોકોનો પણ ઉદ્ધાર કરશે, તો પછી મારો ઉદ્ધાર કરે તેમાં શું આશ્ચર્ય? આલિંગન ત્રણનું થાય છે (1)અંત:કરણના સંબંધીઓનું (2)દેહના સંબંધીઓનું અને (3)શાસ્ત્ર પ્રમાણે ભક્તોનું. હું તો આ ત્રણે પ્રકારનો છું તેથી મારું આલિંગન તો (ભગવાન્) કરશે જ. (1)ગાઢ મિત્ર એટલે ઘણો સ્નેહ રાખનારો (હું છું). (2)(હું) કુટુંબી એટલે (ભગવાનના જ) ગોત્રમાં જન્મેલો (છું), (અને) (3) જેને બીજો (કોઈ) દેવ નથી તેવો (હું) છું. (ભગવાન્ સાથેનું અક્રૂરનું) ગાઢ મિત્રપણું લોકમાં શંકાવાળું હોવા છતાં, (અક્રૂરના) પોતાના અનુભવથી (તેનો) નિશ્ચય થએલો હોવાથી, (તે) સિદ્ધ થએલું હોય તેવું કહેલું છે. (ભગવાન્ અક્રૂરનું આલિંગન કરે તેમાં) કાંઈ અડચણ નથી, (તે) જરુરી છે અને (તેમ કરવાનું) પ્રયોજન છે, એમ જણાવવા

(આ) ત્રણ કારણો કહેલાં છે. ભગવાનના સ્પર્શને લીધે અથવા સ્પર્શ થતાં (અક્રૂરનો) દેહ ઉત્તમ થશે એમ પ્રસિદ્ધ કરવા, 'દેહ' માટે 'આત્મા' શબ્દ યોજેલો છે. આ અર્થ યોગ્ય છે કે સર્વ અંગમાં ચરણ હલકો હોય છે. ત્યાં (ભગવાનના ચરણમાં) જ્યારે ગંગા વિગેરે તીર્થો ઉત્પન્ન થાય છે તો પછી તેનાથી ઉત્તમ અંગોમાં તો તેનાથી પણ મોટાં જ તીર્થો નીકળે. તેથી (ભગવાનના) આલિંગન પછી (ભગવાનના હસ્તોમાંથી) નીકળેલો દેહ ગંગા વિગેરે કરતાં પણ મોટો જ હોય. 'તદૈવ' 'તે સમયે જ' શબ્દોનો સંબંધ (તેની) પછીના (વાક્ય) સાથે જ (લેવાનો) છે. તે સમયે જ (તીર્થ) થએલો (દેહ) પછી પણ (તેવો જ) ચાલુ રહેશે; એવો (તેનો અર્થ છે). તે સમયે જ કર્મરૂપ બંધન 'ઉચ્છવસિતિ' એટલે તૂટી જશે. આ (શબ્દ)થી પોતાનો (પોતે કરવાનો) પરોપકાર કહેલો છે. 'અત:' આથી એટલે આ શરીરથી, અથવા કારણરૂપ મારાથી (બીજાના કર્મરૂપ બંધ તૂટી જશે). 20.

એવી રીતે (ભગવાન્ સાથે) મનના અને શરીરના સંબંધની પ્રાર્થના કરી, નીચેના શ્લોકમાં વાણીના (સંબંધ)ની પ્રાર્થના કરે છે:

લબ્ધ્વાઙ્ગસંગં પ્રણતં કૃતાઞ્જલિં માં વક્ષ્યતેક્રૂર તતેત્યુરુશ્રવા: ॥
તદાવયં જન્મભૃતો મહીયસા નૈવાદૃતો યો ધિગમુષ્ય જન્મ તત્॥21॥

ઘણી કીર્તિવાળા (ભગવાન્) શરીરનો સંબંધ પ્રાપ્ત કરેલા, બે હાથ જોડેલા મને 'હે અક્રૂર! હે તાત!' એમ કહેશે? ત્યારે આપણે જન્મેલા (પ્રમાણ). જે મોટાથી આદર પામેલો જ નથી તેના તે જન્મને ધિક્કાર છે. 21.

પહેલાં (જણાવેલાં) ધર્મો ચાલુ રહે છે એમ જણાવવા (તેમને) ફરી કહેલા છે. તેમ ન કરે (એ ધર્મો ફરી ન કહે) તો વિકલ્પ1 થાય. 'લબ્ધ:' પ્રાપ્ત કરેલો છે 'અંગસંગ:' શરીરનો સંબંધ જેણે (તેવો હું હોઈશ). આટલાથી અહંકાર થાય તેથી 'પ્રણામ કરેલા' શબ્દ યોજેલો છે. આ પહેલાં (કહેલા) ધર્મ છે. પછી 'બે હાથ જોડેલો' એટલે ફરીથી વિજ્ઞપ્તિ કરનારો હું (હોઈશ). તે સમયે 'હે અક્રૂર! હે તાત્!' એમ (ભગવાન્) મને કહેશે? (હે અક્રૂર! એમ) નામથી (કરેલું) સંબોધન મોટાઈ જણાવનારું છે. (હે તાત! એમ) પિતાની સરખામણીથી (કરેલું સંબોધન) સગપણ અને સ્નેહ જણાવનારું છે. 'ઇતિ' 'એમ' શબ્દ પ્રકાર જણાવનારો છે. એવાં સંબોધનનું ફલ 'ત્યારે આપણે2 જન્મેલા (પ્રમાણ)' શબ્દોથી કહે છે. (ત્યારે આપણે) સ્વભાવથી3 અને કુલથી4 (જન્મેલા પ્રમાણ). તેમ ન હોય તો, મોટાની4 ઉત્પત્તિ અને તેવા કુલમાં4 થએલી ઉત્પત્તિ વ્યર્થ થાય.

'સ્વભાવથી મોટાનો પણ ભગવાન્ અંગીકાર ન કરે તો શું થાય?' એવી શંકા થાય, તેથી 'જે મોટાથી આદર પામેલો નથી તેના જન્મને ધિક્કાર છે' એમ કહેલું છે. સદા આદર ન મળે તો પણ કોઈકવાર પણ આદરની આવશ્યકતા રહે છે5. તે (કોઈકવાર પણ આદર ન) હોય તો જન્મ વ્યર્થ જ થાય. તે જન્મથી લૌકિક કાર્ય (પણ થતું) નથી એમ જણાવવા '(તેને) ધિક્કાર છે!' એમ કહેલું છે. 21.

1.પહેલાં કહેલાં ધર્મો જો ફરી કહેવામાં ન આવે, તો તે પહેલા ધર્મો અથવા અહિં કહેલા ધર્મો, એ બેમાંથી એક પ્રકારના જ ધર્મો હશે, બંને પ્રકારના નહિ હોય એવો અર્થ થાય. એવો ભાવ છે.

2.'આપણે' શબ્દથી અક્રૂર પોતાને માટે બહુવચન યોજી પોતાની મોટાઈ જણાવે છે. (લે)

3.હે અક્રૂર સંબોધનથી તે સ્વભાવથી જન્મેલો પ્રમાણ છે એમ કહેવાયું, અને તે મોટો છે એમ કહેવાયું.

4-4-4.'હે તાત' સંબોધનથી તેનો ભગવાનના એટલે મોટા કુલમાં જન્મ થયો છે એમ કહેવાયું.

5.'નૈવાદૃત:' માં 'એવ' શબ્દ છે, તેનો આ વાક્યથી અર્થ કરેલો છે. (લે)

'ભગવાન્ પુરુષોત્તમ છે. તું ઘણો જ હલકો છે. (તેથી) ભગવાન્ એવી રીતે તારો આદર કેમ કરશે? (કારણ કે) તેમને સગપણ વિગેરેની તો જરુર નથી જ'. એવી શંકા થાય તે ખરું, છતાં પણ મારો (અક્રૂરનો) મનોરથ સિદ્ધ થશે જ એમ નીચેના શ્લોકમાં કહે છે:

ન તસ્ય કશ્ચિદ્દયિત: સુહૃત્તમો ન ચાપ્રિયો દ્વેષ્ય ઉપેક્ષ્ય એવ વા॥
તથાપિ ભક્તાન્ ભજતે યથા તથા સુરદ્રુમો યદ્વદુપાશ્રિતોર્થદ:॥22॥

તેમને કોઈ પણ વહાલો કે ગાઢમિત્ર નથી, તેમ જ (કોઈ) અપ્રિય દ્વેષ કરવા યોગ્ય અથવા દરકાર નહિ કરવા યોગ્ય પણ નથી. તો પણ જેમ આશ્રય કરેલું કલ્પવૃક્ષ (ઇચ્છેલા) પદાર્થ આપે છે તેમ ભક્તો જેમ (ભગવાનને ભજે છે) તેમ (ભગવાન્) ભક્તોને ભજે છે. 22.

વાસ્તવિક રીતે ભગવાન્ સર્વેનું પણ અંદરનું સ્વરૂપ છે, કારણ કે જો (ભગવાન્ કોઈથી) જૂદા હોય તો (હરકોઈને) ભગવાનથી જૂદા પાડનાર પાંચ હોવા જોઈએ. લોકમાં જીવોને પરસ્પર પાંચ (પાંચ પ્રકારનો) સંબંધ હોય છે. (1)દરકાર કરવી તે, (2)દરકાર ન કરવી તે અને (3)દ્વેષ કરવો તે એવા ભેદથી બુદ્ધિ ત્રણ પ્રકારની હોય છે. (1)દેહના સંબંધને લીધે અથવા (2)મિત્ર હોવાને લીધે એમ દરકાર બે પ્રકારે કરવામાં આવે છે. (1)પોતાના દ્વેષપણાને લીધે અથવા (2)(જેનો દ્વેષ કરવામાં આવે) તેણે કરેલા અપકારને લીધે (થતો), એમ દ્વેષ પણ બે પ્રકારનો હોય છે.

તેઓમાં (1)'વહાલો' એટલે દેહના સંબંધવાળો પ્રેમાળ. (2)'ગાઢમિત્ર' એટલે ઘણી મિત્રતાવાળો. ભગવાન્ સર્વના મિત્ર હોવાથી. એવા સામાન્ય મિત્ર નહિ એમ જણાવવા ('સુહૃત્તમ:' એમ) 'તમ' પ્રત્યય લગાડેલો છે. (3)'અપ્રિય' એટલે પોતે જેનો દ્વેષ કરે છે તે. (4)'દ્વેષ કરવા યોગ્ય' એટલે દ્વેષનું કારણ (થએલો)1 અથવા વિરોધી1. ભગવાન્ તો કોઈને પણ (આ પૈકી) કોઈ પણ પ્રકારના થતા નથી, કારણ કે આ (બધા) દેહના જ ધર્મો છે. તેથી લૌકિક ન્યાય પ્રમાણે (ભગવાનથી) માન અથવા અપકાર થતો નથી. (5)અર્થ બરાબર સમજાય તે માટે બીજું કહેલું છે2.

છતાં પણ ભક્તિશાસ્ત્ર પ્રમાણે (ભગવાન્) તેમ કરશે (મારા ઉપર કૃપા કરશે). એમ ઉત્તરાર્ધથી કહે છે; (કારણ કે) (ભગવાન્) તેમ ન કરે તો 'જેઓ મને જે પ્રમાણે ભજે છે...'

(ભગવદ્ગીતા) પ્રતિજ્ઞા ખોટી થાય (ઠરે). તેઓ (ભક્તો) પણ ભગવાનને ભજે છે, તેથી જેમ ભક્તો ભજે છે તેમ (ભગવાન્) ભક્તોને ભજે3 છે.

'એમ હોય તો અનર્થ જ થાય, અને (ભક્તિ કરવાનું) પ્રયોજન પણ રહે નહિ. ભક્ત (ભગવાનને) નમસ્કાર કરે છે અને (તેમના) ચરણો ચાંપે છે. જો (ભગવાન્) તેમ કરે તો જીવોનાં કાર્ય (ધર્મ)નો જ નાશ થાય. ભગવાનને તુલસી સમર્પણ કરવામાં આવે છે. ભગવાન્ પણ જો (જીવોને) તુલસી જ આપે તો શું થાય? (કાંઈ પ્રયોજન સરે નહિ)' એવી શંકા થાય, તેથી 'જેમ (આશ્રય કરેલું) કલ્પવૃક્ષ (પદાર્થો આપે છે)' એમ કહેલું છે. (જીવો) ભજન કરવા માટે જ તેમ કરે છે, ભગવાન્ તો તેને અનુસરતું-ઇચ્છેલું જ ફલ આપે છે; પરંતુ તેણે (જીવે) કરેલું (ફલ) અથવા પોતાની ઇચ્છાથી ફલ આપતા નથી. જેમ કલ્પવૃક્ષ, (તેની) પાસે જવાથી જ કાર્ય પાર પાડે છે (તેમ ભગવાન્ ફલ આપે છે). ભગવાન્ સર્વરૂપ હોવા છતાં ભક્તોને જ (ફલ) આપે છે એવો પક્ષપાત આથી દૂર થાય છે; કારણ કે ઇચ્છેલું ફલ આપનાર કલ્પવૃક્ષ પક્ષપાતી થતું નથી. કારણ કે તેમ ન હોય (કલ્પવૃક્ષ પક્ષપાતી ગણાતું હોય) તો વ્યવસ્થા રહે નહિ. કર્મનું ફલ તો નજીવું4 છે. તેમ હોય (કર્મ પ્રમાણે ભગવાન્ ફલ આપતા હોય) તો ભગવાનનું શ્રેષ્ઠપણું ન હોય. તેથી (ભગવાન્) જેઓ (તેમનો) આશ્રય કરે છે તેમને જ ફલ આપે છે, પરંતુ જેઓ આશ્રય કરતા નથી તેમને ફલ આપતા નથી એટલે સર્વ યોગ્ય જ છે. 22.

1.'દ્વેષનું કારણ (થએલો)' એટલે 'અપકાર કરનારો'. (લે)

2.('દૃષ્ટાંત માટે બીજું કહેલું છે' એવો લેખ પ્રમાણે અર્થ છે). આનો અર્થ એવો છે કે જેમ ભગવાન્ કોઈનો અપકાર કરનારા નથી તેમ જ કોઈ તેમના તરફ દ્વેષ પણ કરતું નથી. (લે) આવો અર્થ અહિં કહેવાનું કાંઈ પ્રયોજન જણાતું નથી, તેથી આ પ્રમાણે અર્થ કરેલ નથી. 'બીજું' એટલે ઉપર ત્રણ સંબંધ કહ્યા તે પૈકીનો બીજો સંબંધ, 'દરકાર નહિ કરવી તે' એવો સંબંધ, એવો અર્થ જણાય છે. 'દરકાર ન કરવી' એટલે કોઈ જાતનો સંબંધ ન હોવો. આમ ભગવાનને કોઈ જાતનો સંબંધ નથી એ સમજાય તે માટે આ કહેલ છે.

3.'તથા' શબ્દનો અર્થ 'ભજે છે' એવો મૂલ શ્લોકમાં તથા શ્રીસુબોધિનીમાં થાય છે. 'યથા તથા' શબ્દો વચ્ચે 'ભક્તા:' 'ભક્તો' અધ્યાહાર છે. (લે) 'તથા' એટલે 'તથા કુર્વન્તિ' 'તેમ કરે છે' એટલે ભજે છે એમ આવો અર્થ થઈ શકે છે.

4.'ભગવાન્ કર્મ પ્રમાણે ફલ આપશે. તેમનો આશ્રય કરવાનું શું પ્રયોજન?' એવી શંકા થાય તેથી આ કહેલું છે. (લે).

એવી રીતે ભગવાન્ સંબંધી કાયા, વાણી અને મનથી થતા મનોરથો કહી, નીચેના શ્લોકમાં બલભદ્ર સંબંધી મનોરથ કહે છે:

કિં ચાગ્રજો માવનતં યદુત્તમ: સ્મયન્ પરિષ્વજ્ય ગૃહીતમઞ્જલૌ॥
ગૃહં પ્રવેશ્યાપ્તસમસ્તસત્કૃતં સમ્પ્રક્ષ્યતે કંસકૃતં સ્વબન્ધુષુ॥23॥

વળી યદુઓમાં ઉત્તમ મોટાભાઈ હસતાં, નમન કરેલા મને આલિંગન કરી, હાથથી પકડી, ઘરમાં પ્રવેશ કરાવી, સર્વ પ્રકારના સત્કાર આપી, પોતાનાં સગાંઓ પ્રતિ કંસે કરેલ પ્રસિદ્ધ (વૃત્તાંત) પૂછશે? 23.

'અગ્રજ:' મોટાભાઈ. આ(શબ્દ)થી (એમ જણાવ્યું છે કે) હું બધોએ વૃત્તાંત જાણું છું, તેથી (તે) મારા ઉપર કૃપા કરશે, એવો ભાવ છે. તેમને પણ હું નમન કરીશ. મોટો પણ નાનાને નમન કરે તેનું કારણ (નાનાનું) ઉત્તમપણું છે1 એમ (જણાવવા) 'યદુઓમાં ઉત્તમ' શબ્દ યોજેલ છે. 'કંસનો ઘાત કરાવવા તું (અક્રૂર) ઠીક આવ્યો' એમ તે હસશે. (પછી હું) બંધુ હોવાથી (મને) આલિંગન કરી, મોટાઈ (માન) આપી મને હાથથી પકડી, (ઘર) ઘણું નજીક હોવાથી મને ઘરમાં પ્રવેશ કરાવી, ભોજન કરાવી, (હું મારા) ઘેર ગયો હોઉં તેમ અથવા તેથી પણ વધારે (સરભરા) કરી, પ્રાપ્ત કરેલા છે સર્વ પ્રકારના સત્કાર જેણે તેવા, પછીથી વિશ્રામ લીધેલા મને પોતાના સગાઓ પ્રતિ કંસે કરેલ (વૃત્તાંત) પૂછશે? 'કિમ્' એટલે લોકમાં પ્રસિદ્ધ (વૃત્તાંત પૂછશે). ભગવાન્ (આવું કાર્ય કરવા માટે) મોટા હોવાથી (બલભદ્ર સંબંધી આ) મનોરથ (કરેલો છે). 23.

1.અક્રૂર બલભદ્રથી વયમાં મોટો હતો, એમ આથી જણાય છે.

માર્ગમાં રથ રાખીને સંધ્યા સુધી એ પ્રમાણે (અક્રૂરે) અનેક પ્રકારના મનોરથો જ કર્યા. છતાં ભગવાનને પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિમાં બધાએ અનુકૂલ જ થાય છે, તેથી રથ જ તેને ગોકુલ લઈ ગયો. તે નીચેના શ્લોકમાં કહે છે:

॥શ્રીશુક ઉવાચ॥ શ્રીશુક કહે છે:

ઇતિ સઞ્ચિન્તયન્ કૃષ્ણં શ્વફલ્કતનયોઽધ્વનિ॥
રથેન ગોકુલં પ્રાપ્તઃ સૂર્યશ્ચાસ્તગિરિં નૃપ॥24॥

હે નૃપ! એ પ્રમાણે રસ્તામાં શ્રીકૃષ્ણનું ચિંતન કરતાં શ્વફલ્કના પુત્રને રથે ગોકુલ પહોંચાડ્યો અને સૂર્ય અસ્તાચલ પહોંચ્યો. 24.

(મનની) અંદર શ્રીકૃષ્ણનું ચિંતન કરતાં જ, શ્વફલ્કનો પુત્ર હોવાથી (જે) મોટો (હતો તેવા અક્રૂર)ને જ્યારે (હૃદયની) અંદર ભગવાન્ પ્રાપ્ત થયા ત્યારે રથે (તેને) ગોકુલ પણ પહોંચાડ્યો1. ભગવાન્ સ્ત્રીઓને જ આનંદરૂપ થાય છે તેથી સંધ્યા જેની અવધિ (છેડો) છે તેવી રાત્રિએ જ (ગોકુલ પહોંચવું એવો) તે (અક્રૂર)નો મનોરથ ફલે તે માટે2 સૂર્ય પણ અસ્ત પામ્યો એમ 'સૂર્ય (અસ્તાચલ પહોંચ્યો)' શબ્દથી કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) સૂર્ય પણ સર્વ પ્રકારે અનુકૂલ થયો. મંત્રણા ગુપ્તપણાથી જ (ગુપ્ત રીતે જ) કરવી જોઈએ એમ જણાવવા 'હે નૃપ' એવું સંબોધન કરેલું છે. અણગમતું3 (વચન) ન થાય તે માટે 'ગિરિ' 'અચલ' પદ યોજેલું છે. શ્વફલ્ક મોટા પ્રભાવવાળો હતો, તેથી (અક્રૂર પણ) તેવો જણાય તે માટે, તેના (શ્વફલ્કના) નામથી તેને (અક્રૂરને) જણાવેલો છે. તેમ (મોટા પ્રભાવવાળો) ન હોય તો પાપરૂપવાળો (ભગવાન્ પાસે) આવી શકે નહિ. 24.

1.'પ્રાપ્ત:' શબ્દ 'પ્રાપિત:'ના અર્થમાં યોજાએલો છે.(લે). 'પહોંચ્યો' નહિ, પણ 'પહોંચાડાયો' એવો તેનો અર્થ થાય છે.
2.ગોપોની સાથે ગાયો ચારવી વિગેરે કાર્યથી (દિવસે) ભગવાન્ થાકેલા જેવા હોય. રાત્રે ઘેર પધારી, યશોદા ગોપીઓ વિગેરે સ્ત્રીઓને જ જેની સાથે જે યોગ્ય હોય તેવા વિલાસોથી ભગવાન્ આનંદ આપે છે. તેથી સંધ્યાથી આરંભી રાત્રિ થાય ત્યારે ગોકુલ પહોંચવું એવો જે (અક્રૂરનો) મનોરથ હતો તે ફલે તે માટે. (લે)
3.'અસ્ત પામવું' એટલે પડતી થવી, આ અણગમતું છે. તેથી તેમ ન જણાય તે માટે સૂર્ય અસ્તાચલ પહોંચ્યો એમ કહેલું છે એવો ભાવાર્થ છે.

અહિં (અક્રૂર ગોકુલ પહોંચ્યો અને તેને ભગવાનનાં દર્શન થયાં તે બેની) વચ્ચે (તેની) ભક્તિ ઘણી હતી એમ દર્શાવવા તેની કાયાની ક્રિયા પણ કહેવી જોઈએ તેથી, અને (તે ક્રિયા) લોકમાં પ્રસિદ્ધ થાય તે માટે, હેતુ, ક્રિયા અને ફલ જણાવનારા (નીચેના શ્લોકથી આરંભી) ત્રણ શ્લોકોથી, (તેની કાયાની ક્રિયા) કહે છે:

પદાનિ તસ્યાખિલલોકપાલકિરીટજુષ્ટામલપાદરેણો: ॥
દદર્શ ગોષ્ઠે ક્ષિતિકૌતુકાનિ વિલક્ષિતાન્યબ્જયવાંકુશાદ્યૈ: ॥25॥

જેમની સ્વચ્છ ચરણરજ સર્વ લોકપાલોના મુકુટો ઉપર રહેલી છે તેમનાં પૃથ્વીના આનંદરૂપ, કમલ યવ અંકુશ વિગેરેથી ઓળખાતાં પગલાંઓ તેણે નેસડામાં જોયાં. 25.

જે ભગવાન્ હૃદયમાં ફલ તરીકે પ્રકટ થાય છે, તેમનાં ભૂમિ ઉપર ઉઠેલાં (પડેલાં), ભગવદીય શરીર પ્રાપ્ત કરાવનારી રજવાળાં પગલાંઓ તેણે જોયાં. તે રજ ધારણ કરવા યોગ્ય છે એમ કહેવા, તે રજ બ્રહ્મપણું વિગેરેથી પણ ઊંચી છે, એમ 'જેમની સ્વચ્છ ચરણરજ સર્વ લોકપાલોના મુકુટો ઉપર રહેલી છે' વિશેષણથી કહે છે. 'અખિલા:' સર્વે 'લોકપાલા:' લોકપાલો. સર્વ(લોકપાલ)ની સત્તા ભગવાનને અધીન જ છે એમ જણાવવા દેવો, દૈત્યો વિગેરે બધાએ લોકપાલોનો સમાવેશ કરેલો છે. મોટાઓ જેની સેવા કરે તે જ મોટો હોય, એમ જણાવવા 'લોકપાલો' શબ્દથી (તેઓ) સ્વરૂપથી પણ ઊંચા છે એમ (જણાવેલું છે). 'મુકુટો ઉપર રહેલી' શબ્દથી તેઓની (ભગવાનને નમન કરવાની) પ્રવૃત્તિ ધર્મ માટે નથી (એમ સૂચવેલું છે), કારણ કે ધર્મ માટે જે નમન કરે છે તે દેહથી જ નમન કરે છે, પરંતુ સર્વ આભરણોથી શણગારાએલો તો ઈશ્વરને જ નમન કરે છે. (લોકપાલો) જતા હોય ત્યારે માર્ગની રજ પણ (તેમના) મુકુટના સંબંધવાળી થાય, તેથી આ રજ તેવી ન હતી એમ જણાવવા, રજનું 'સ્વચ્છ' વિશેષણ કહેલું છે. 'આવી (લોકપાલોના મુકુટો ઉપર રહેલી) છે ચરણરજ જેમની' એ પ્રમાણે (કહી), ભગવાનના સંબંધને લીધે જ તેનું (ચરણરજનું) માહાત્મ્ય (જણાવેલું છે), પરંતુ કસ્તૂરીની પેઠે રજ સ્વરૂપથી જ (પોતાથી જ) ઊંચી નથી. 'એવા(ભગવાન્)નાં પગલાંઓ તેણે જોયાં' એમ કહી, (તેને) નિધાનની1 પ્રાપ્તિ થઈ હોય એમ સૂચવેલું છે.

‘આ ભગવાનનાં પગલાંઓ છે એમ તેણે શાથી જાણ્યું?’ એવી શંકા થાય, તેથી ‘(કમલ, યવ, અંકુશ વિગેરેથી) ઓળખાતાં’ વિશેષણ યોજેલું છે. (ચરણ) સુખથી સેવા કરી શકાય તેવું અને ફલ આપનાર છે (એમ જણાવવા) (તેના તળમાં) કમલનું ચિત્ર છે, કીર્તિ પ્રકટ થાય તે માટે (તેમાં) યવની આકૃતિ છે, મનરૂપ હાથીને રોકવા માટે (તેમાં) અંકુશનું ચિત્ર છે. ‘વિગેરે’ શબ્દથી (તેમાં) ધજા વિગેરે પણ છે (એમ કહેલું છે).

‘ભગવાને એવાં દુર્લભ પગલાંઓ કેમ પ્રકટ કર્યાં?’ એવી શંકા થાય, તેથી ‘પૃથ્વીના આનંદરૂપ’ શબ્દ યોજેલ છે. તે (પગલાંઓ) પૃથ્વી ઉપર આનંદરૂપ છે. નજીવા સ્થાનમાં પણ એ પ્રમાણે ભગવાન્ મોટાં ફલ(રૂપ પગલાંઓ) આપે છે એવા (વિચાર)થી ભૂમિ ઉપર રહેલાંઓને ભજનની પ્રાપ્તિ થાય તે માટે, ભૂમિ ઉપર રસ પ્રકટ કરવા (ભગવાને તેમને) આનંદરૂપ પ્રકટ કરેલાં છે. 25.

1.‘નિધાન’ એટલે ‘મૂકવું તે.’ તેની પ્રાપ્તિ. અક્રૂર પોતામાં તે પગલાંઓનું સ્થાપન કરશે, એવો અર્થ છે. (લે) નિધાનનો અર્થ ખજાનો, કોશ પણ થાય છે. ભૂમિ ઉપરનો આ કોશ અક્રૂરને પ્રાપ્ત થયો એમ સૂચવેલું છે, એવો અર્થ પણ થાય. ‘ઇવ’ ‘હોય નહિ’. શબ્દથી આ અર્થ વધારે સંભવિત લાગે છે.

તે (પગલાં)ના દર્શન થતાં ભક્તે જે કરવું યોગ્ય હતું તે તેણે કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:

तद्दर्शनाल्हादविवृद्धविभ्रमः प्रेम्णोर्ध्वरोमाश्रुकलाकुलेक्षणः॥
रथादवस्कंद्य स तेष्वचेष्टत प्रभोरमून्यंघ्रिरजांस्यहो इति॥26॥

તેમનાં દર્શનથી (થએલા) આનંદથી જેની વ્યાકુલતા વધી ગઈ છે, પ્રેમને લીધે જેનાં રુંવાડાં ઊંચાં થએલાં છે, આંસુના ટીપાંથી જેની દૃષ્ટિ ભરાઈ આવેલી છે તેવા તેણે ‘અહો! આ પ્રભુના ચરણની રજ છે’ એમ (વિચારી), રથમાંથી પડી જઈ તે(રજ)માં આળોટવા માંડ્યું. 26.

તે રેણુઓ ભગવદીય શરીરને ઉત્પન્ન કરનારી છે. તેઓનું દર્શન થતાં, પહેલાં જે દેહ વિગેરે હતા તે પુરા થયા (જતા રહ્યા) એમ કહેવું જોઈએ. તે સમયે તે (દેહ વિગેરે)માં જે ભક્તિરસે પ્રવેશ કર્યો તેણે પોતાના ધર્મો પ્રકટ કરી તેના (પહેલાંના દેહ વિગેરેના) ધર્મોને હટાવી દીધા એમ કહે છે.

તે પગલાંઓનાં દર્શનથી જે ઘણો આનંદ થયો, તેનાથી વધી ગઈ છે વ્યાકુલતા જેની (તેવો અક્રૂર થયો). (આ વિશેષણથી) મનનો ધર્મ વ્યાકુલતા જણાવી. ‘પ્રેમને લીધે ઊંચાં થએલાં છે રુંવાડાં જેનાં’ વિશેષણથી દેહનો ધર્મ જણાવ્યો. ‘આસુનાં ટીપાંઓથી ભરાઈ આવેલી છે દૃષ્ટિ જેની’ એ(વિશેષણ)થી ઇન્દ્રિયના ધર્મો જણાવ્યા. પછી (મન, દેહ તથા ઇન્દ્રિયોના) પહેલાંના ધર્મો જતા રહેવાથી, દેહ તે(રજ)માં પડ્યો, એમ ત્રીજા ચરણથી કહે છે. ચેતન ન હોય (નિર્જીવ હોય) તે પડી જાય, તે પ્રમાણે તે પડી ગયો, એવો અર્થ છે. પછી રજના પ્રભાવથી અક્રૂર ‘સ:’ એટલે પ્રસિદ્ધ થયો. (તેનો) અંદરનો દેહ1 ભગવદીય થયો.

બહારનો દેહ પણ તેવો (ભગવદીય) થાય તે માટે તે રજમાં તે 'અચેષ્ટત'-આળોટ્યો. બહાર તેવી (ઉપરના ત્રણ અક્રૂરના વિશેષણોથી જણાવી તેવી) લાગણી નહિ હોવાથી, (શરીરની) માત્ર ક્રિયા જ કહેલી છે.

'વારંવાર આળોટવાનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી તે વિષયમાં તેના (અક્રૂરના) (મનમાં) રહેલું પ્રયોજન ચોથા ચરણથી કહે છે. આટલા સમય સુધી તેણે (શ્રીકૃષ્ણને) શાસ્ત્રના અર્થ તરીકે (શાસ્ત્રમાં જેમને વર્ણવેલા છે તેવા), ઈશ્વર તરીકે, મોટા (પુરુષ) તરીકે, અથવા સંબંધી તરીકે જાણેલા. હવે તે પોતે શુદ્ધ સેવક થયો, અને ભગવાન્ (તેના) પતિ થયા. આમ થતાં, તેમની (ભગવાનની) ઘણી જ દુર્લભ ચરણરજ આ પ્રમાણે ભૂમિ ઉપર રહે તે કેમ યોગ્ય ગણાય, એમ (વિચારી), તે બધીઓને પોતાના શરીરનો સંબંધ કરાવવા (શરીર ઉપર ચડાવી દેવા), જ્યાં સુધી તે બધીએ રજ (પોતાના) શરીર ઉપર ચડી જાય ત્યાં સુધી તે આળોટ્યો, વળી 'અહો!' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તે આશ્ચર્ય રસવાળો પણ થયો (આશ્ચર્ય પણ પામ્યો). આ (શબ્દ)થી (રજનું) માહાત્મ્ય સૂચવેલું છે. 26.

1.'અંદરનો દેહ' એટલે 'વાસનારૂપ દેહ' (લે)

એ પ્રમાણે તે(અક્રૂર)નું કૃત્ય કહી, નીચેના શ્લોકમાં ફલ કહે છે:

દેહં ભૃતામિયાનર્થો હિત્વા દમ્ભં ભિયં શુચમ્॥
સંદેશાદ્ યો હરેર્લિઙ્ગદર્શનશ્રવણાદિભિ: ॥27॥

દંભ, ભય અને શોકને તજી સંદેશાથી આરંભી હરિના ચિહ્નનાં દર્શન શ્રવણ વિગેરેથી જે (અક્રૂરને પ્રાપ્ત થયું) તેટલો દેહ ધારણ કરનારાઓનો પુરુષાર્થ છે. 27.

જે આ(અક્રૂર)ને પ્રાપ્ત થયું તેટલો જ દેહ ધારણ કરનારાઓનો 'અર્થ:' પુરુષાર્થ છે, એટલે જન્મનું સફલપણું છે; કારણ કે જે ઉત્પન્ન થએલ છે તેણે પરમપુરુષાર્થ પ્રાપ્ત કરવો જોઈએ, અને તે (પરમ પુરુષાર્થ) ભગવદીય હોવાપણું છે. તે જેવી રીતે (પ્રાપ્ત) થાય તે પ્રમાણે પ્રયત્ન કરવો જોઈએ. જ્ઞાન વિગેરે (પુરુષાર્થ) તો મધ્યમાં (પ્રાપ્ત) થતા ફલરૂપ છે. આ ભાવ (ભગવદીય હોવાપણું) તો મોક્ષથી પણ અધિક છે, એમ 'ભગવદીય હોવાથી (જેમણે સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરેલા છે)' (શ્રીમદ્ભાગવત 5।17)માં સિદ્ધ કરેલું છે. તેથી (દેહવાળાઓનો) આટલો જ પુરુષાર્થ હોય તે યોગ્ય છે, એમ જણાવવા 'હિ' શબ્દ યોજેલો છે; કારણ કે દેહ ધારણ કરવો (તે) દુ:ખરૂપ છે, તે પણ કરીને જો પરમ પુરુષાર્થ પ્રાપ્ત ન કરે તો (દેહ ધારણ કરવાનું કાર્ય) વ્યર્થ જ થાય.

'તે કયો પુરુષાર્થ?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલ છે. સંદેશાથી આરંભી હરિના ચિહ્નનાં શ્રવણ દર્શન વિગેરેથી જે પુરુષાર્થ (અક્રૂરને) પ્રાપ્ત થયો તે આ જ પુરુષાર્થ. સંદેશા (કંસે આપેલી ગોકુલ જવાની આજ્ઞા) પછી જ તેનું ચિત્ત ભગવાનમાં આસક્ત થયું, અને તેણે વધતાંવધતાં ભગવદીયપણું પ્રાપ્ત કરી (ભગવાનનાં) માહાત્મ્યનું

જ્ઞાન કરાવ્યું. આરંભમાં 'લિંગાનાં' ચિહ્નોનાં એટલે ભગવાનના પગલાંઓનું દર્શન થયું, પછી (તેઓનો) સ્પર્શ (અને) પછી તેમની સાથે એ રીતે ગાઢ સંબંધ થયો, પછી ભગવદીયપણું અને (ભગવાનના) માહાત્મ્યનું જ્ઞાન થયાં. (આ) બધાએ ભગવદીયના ગુણો સંદેશાને લીધે, અથવા સંદેશાના કારણથી (પ્રાપ્ત થયા). બીજા પ્રયોજનથી1 યોજેલું વાક્ય પણ આટલું ફલ પ્રાપ્ત કરાવે છે એમ (ભગવાન્ સંબંધી) થોડા પ્રસંગથી પણ આટલું ફલ એટલે ઘણું ફલ (પ્રાપ્ત થાય છે), એવો અર્થ છે. પરંતુ એ વિષયમાં ત્રણ દોષો તજી આ (પુરુષાર્થ પ્રાપ્ત કરવાનું કાર્ય) કરવું જોઈએ, એમ '(દંભ, ભય અને શોકને) તજી' શબ્દથી કહેલું છે. દંભ રાજસ છે, ભય સાત્ત્વિક છે (અને) શોક તામસ છે. દંભ બહારનો છે, ભય શરીરમાં રહેલો છે અને શોક અંત:કરણમાં રહેલો છે. આ(ત્રણ)નો સર્વ પ્રકારે ત્યાગ કરવો જોઈએ; કારણ કે આ (અક્રૂરે) પણ ત્યાગ કર્યો હતો. (અક્રૂરે) દંભ એટલે કપટનો ત્યાગ કર્યો હતો, જેમ કંસે (તેને) કહેલું (તેવું કપટ તેનામાં ન હતું). 'ભગવાન્ શું કરશે?' એવો ભયનો પણ તેણે ત્યાગ કર્યો હતો. ભગવાન્ ત્યાં (મથુરામાં) પધારશે ત્યારે કંસ શું કરશે? એવા શોકનો પણ તેણે ત્યાગ કર્યો હતો. ભયની પછી આ (શોક) થાય છે, તેથી (તજવાનો) કહેલો છે. ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન ન હોય ત્યારે શોક થાય છે, નહિ તો (એવું જ્ઞાન હોય તો)થતો નથી એવી રીતે (અક્રૂરની પેઠે) બીજાઓએ પણ આ લૌકિક અને અલૌકિક2 લાગણીઓનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે તેમ (તેઓનો ત્યાગ) કરવામાં ન આવે તો આટલું બધું (ફલ) પ્રાપ્ત થાય નહિ. 27.

1.કંસે દુષ્ટ વિચારથી ભગવાનને મથુરા લઈ આવવા અક્રૂરને કહેલું વાક્ય.

2.ભગવાન્ સંબંધી વિચાર કરવામાં આવે તેમાં થતી લાગણીઓને અલૌકિક કહેલી હોય એમ જણાય છે.

પછી (ભગવાનનાં દર્શન કરવા) યોગ્ય શરીર પ્રાપ્ત કરી તેણે ભગવાનનાં દર્શન કર્યાં એમ નીચેના શ્લોકમાં કહે છે:

દદર્શ કૃષ્ણં રામં ચ વ્રજે ગોદોહનં ગતૌ॥
પીતનીલામ્બરધરૌ શરદમ્બુરુહેક્ષણૌ॥28॥

પીળાં અને શ્યામ વસ્ત્ર ધારણ કરેલા, શરદના કમળ જેવાં નયનવાળા શ્રીકૃષ્ણ અને રામને તેણે વ્રજમાં ગાયો દોહવાના સ્થાને પધારેલા જોયા. 28.

જેવો સેવક (અક્રૂર) હતો તેવાનું વર્ણન કરી, જેવા ભગવાન(નાં તેણે દર્શન કરેલ) તેવાનું વર્ણન (અહિંથી) છ શ્લોકોથી કરે છે:

સ્વરૂપં ચ વયશ્ચૈવ દેહેન્દ્રિયવિચેષ્ટિતમ્॥
શોભા સ્વરૂપં ચ તથા શોભા તસ્યાપ્યલૌકિકી॥કા. 4॥

સ્વરૂપ (28)1 અને વળી વય (29), દેહ અને ઇન્દ્રિયોની ક્રિયા (30), શોભા (31) અને વળી સ્વરૂપ (32) તેમ જ તે (સ્વરૂપ)ની પણ અલૌકિક શોભા (33) (વર્ણવેલાં છે). કા. 4.

તે પૈકી પ્રથમ જેનાં દર્શન થાય છે તે સ્વરૂપનું વર્ણન (આ શ્લોકમાં) કરે છે. (અક્રૂર) ભક્ત હોવાથી તેણે પહેલાં શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં, (અને) પછી (તેમનો) જેમાં આવેશ હતો તેવા બલભદ્રનાં દર્શન કર્યાં. 'ચ' 'અને શબ્દથી (એમ જણાવેલું છે કે) જેમનો આવેશ થએલ તે (ભગવાનનાં) પણ દર્શન કર્યાં. વ્રજસ્થાનમાં અને તેની અંદર પણ ગાયો જેની અંદર દોહવામાં આવે છે તેવા 'ગોદોહનં ગતૌ' ગાયો દોહવાના સ્થાને પધારેલા(શ્રીકૃષ્ણ અને બલભદ્ર)નાં (દર્શન કર્યાં).

દેશનું વર્ણન કરી, 'પીળાં અને શ્યામ વસ્ત્ર ધારણ કરેલા' શબ્દથી આવરણ (દર્શન થવામાં અડચણ કરનાર) કહે છે. ભગવાને પીળાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં, અને બલભદ્રે શ્યામ વસ્ત્રો ધારણ કર્યાં હતાં, એવો (તેનો અર્થ છે). તેવાં જ બબે વસ્ત્રો (તે દરેકે) ધારણ કર્યાં હતાં એમ જણાવવા 'અમ્બરધરૌ' બે 'વસ્ત્ર ધારણ કરનારા' એમ કહેલું છે. શરદ કાલમાં સારી રીતે બનેલાં (ખીલેલાં) જે બે કમલો હોય તેમના જેવાં બે નયનો જેમનાં (જે દરેકનાં) હતાં (તેવા તે હતા). આ(વિશેષણ)થી (તેમના) ગુણો કહેલા છે. સ્વાભાવિક દેશ અને સમય વિરુદ્ધ હોવા છતાં2, તેમને અનુકૂલ કરી, (ભગવાન્) જ્ઞાન3 વિગેરે સર્વ પુરુષાર્થોનું દાન કરે છે, તેથી તે પ્રમાણે વર્ણન કરેલું છે. 28.

1.જેનું વર્ણન જે શ્લોકમાં કરવામાં આવેલ છે તે પછી તે શ્લોકનો અંક કૌંસમાં મૂકેલ છે.

2.શરદ્ ઋતુમાં અને જલ પ્રદેશમાં કમલ સારી રીતે ઉગે. આ (દિવસે) ભાદરવા (ગુજરાતી શ્રાવણ) વદ બારસ હતી, તેથી ઋતુ શરદ્ ન હતી. નયનરૂપી કમલ જ્યાં હતાં તે પ્રદેશમાં જલ પણ ન હતું. આ પ્રમાણે સમય અને પ્રદેશ (દેશ) વિરુદ્ધ હોવા છતાં (નયનરૂપી) કમલ ઉત્તમ બનાવીને, (ભગવાન્ જ્ઞાન વગેરે પુરુષાર્થ આપે છે) એવો અર્થ છે. (લે)

3.આ નયન(દૃષ્ટિ) જ્ઞાનરૂપ છે તેથી (એમ કહેલું છે). (લે)

નીચેના શ્લોકમાં (ભગવાનની) વયનું નિરૂપણ કરે છે:

કિશોરૌ શ્યામલશ્વેતૌ શ્રીનિકેતૌ બૃહદ્ભુજૌ॥
સુમુખૌ સુન્દરવરૌ બાલદ્વિરદવિક્રમૌ॥29॥

કિશોર, શ્યામ અને શ્વેત, લક્ષ્મીના ચિહ્નવાળા, મોટી ભુજાઓવાળા, શોભિતા મુખવાળા, સુંદર (પુરુષો)માં ઉત્તમ, બાલ હાથીના જેવા પરાક્રમવાળા (બેનાં દર્શન કર્યાં). 29.

કિશોરની વયમાં રહેલા, એટલે અગીઆર વર્ષના. નવ વર્ષ (પૂરાં થયાં) પછી સોળ વર્ષ સુધી કિશોરની અવસ્થા (કહેવાય છે). ગોકુલના વતનીઓમાં રહેલા કાલને (ભગવાને) પોતાની અંદર ધારણ કરેલો હોવાથી, તે(કાલ)ને પ્રકટ કરવા ભગવાન્ તેવી અવસ્થાવાળા થયા. ભવિષ્યમાં (કાલની અવસ્થા કહેવાનું) પ્રયોજન નહિ રહેવાથી, કાલની અવસ્થાનું નિરૂપણ કરવામાં આવશે નહિ. તેથી જ ધ્યાન કરવામાં આવે ત્યારે, ભક્ત ઉપરની કૃપાને લીધે (ભગવાન્) તે (કિશોરની) અવસ્થા ધારણ કરે છે, તેથી કિશોર 'અવસ્થામાં રહેલા..(નું ધ્યાન કરવું)' (શ્રીમદ્ભાગવત 3।।-18) એમ કહેલું છે. (તે બેમાં) એક 'શ્યામ અને બીજા શ્વેત' (હતા). કિશોર વયમાં રૂપ સ્પષ્ટ જણાય છે, તેથી વયના પરિણામ તરીકે રૂપને વર્ણવેલું

છે. ‘લક્ષ્મીના ચિહ્નવાળા’ એટલે શ્રીવત્સના ચિહ્નવાળા. આ ભગવાનનું અસાધારણ (ખાસ, બીજા કોઈમાં ન હોય તેવું) ચિહ્ન છે. ભગવાનપણું (આ ભગવાન્ છે એમ) જણાવનારું તે (ચિહ્ન) પણ તે જ સમયે પ્રકટ થયું1 એમ (કહેલું છે). ભગવાનની ક્રિયાશક્તિ ઘણી છે તેથી ‘મોટી ભુજાઓવાળા’ વિશેષણ કહેલું છે. (તેઓ) ભયરહિત હતા, એમ જણાવવા ‘શોભિતા મુખવાળા’ વિશેષણ યોજેલું છે, કારણ કે ભક્ત દર્શન કરે તે સમયે શોભિતું મુખ હોય તો તે(ભક્ત)ને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય છે. ‘સુન્દરવરૌ’ એટલે સુંદર(પુરુષો)માં ઉત્તમ. જ્યાં આકૃતિ (સારી હોય છે) ત્યાં સર્વ ગુણો રહે છે તેથી (આ વિશેષણથી) સર્વ ગુણોના ધામ (કહેલા છે) એવો અર્થ છે. બાલ જે ‘દ્વિરદ:’ હાથી, તેના જેવું પરાક્રમ છે જે બેનું, એમ મનુષ્યથી થઈ ન શકે તેવા પરાક્રમવાળા વર્ણવેલા છે.

સૌન્દર્યં ચ તથા પુષ્ટિ: પ્રદૃશ્યત્વમસૃણ્યતા॥
નિર્ભયત્વં સ્વત:સિદ્ધસાધનત્વં ચ રૂપ્યતે॥કા.5॥

સૌંદર્ય તેમ જ બલ, દર્શન કરવા યોગ્યપણું, નિરંકુશપણું, નિર્ભયતા અને જેને સાધન પોતાની મેળે પ્રાપ્ત થએલ છે તેવા હોવાપણું જણાવેલાં છે. કા.5.

અરણ્ય એવ તદ્વૃદ્ધિ: સુખં તસ્ય ગૃહે પુન: ॥
નાન્યત્રેતિ ચ બોધાય વિદેશક્લેશબાધને॥કા.6॥

તેની વૃદ્ધિ વનમાં જ થાય છે. વળી ઘરમાં (પોતાના સ્થાનમાં) તેને સુખ થાય છે, બીજે થતું નથી એમ જણાવવા, વિદેશમાં (રહેવાનો) ક્લેશ ન થાય2 તે માટે (એમ કહેલું છે). કા.6.

તે (બાલ હાથી)ના જેવું પરાક્રમ હોવાથી, બધાએ ગોપાલોને દૂરથી જ પાછા હઠાવે છે એમ જણાવેલું છે. 29.

1.‘પ્રકટ થયું’ એટલે ‘વસ્ત્રથી ઢંકાએલું મટી ગયું’ (ખુલ્લું થયું). (લે)
2.‘વિદેશ’ એટલે ભગવાનના ગોકુલરૂપ વિદેશમાં રહેવાથી જે ક્લેશ થાય, તે ન થાય તે માટે, એવું વર્ણન કરેલું છે એવો અર્થ છે. (લે) બાલહાથીના જેવું પરાક્રમ હોવાથી ગોકુલરૂપ વિદેશમાં રહેવાથી પણ ક્લેશ થાય નહિ એમ જણાવવા તેવું વર્ણન કરેલું છે; એવો અર્થ જણાય છે.

ભગવાનના ધર્મો(ગુણો)નું નિરૂપણ કરતાં, નીચેના શ્લોકમાં (તેમના) બહારના ધર્મો જણાવે છે:

ધ્વજવજ્રાઙ્કુશામ્ભોજૈશ્ચિહ્નિતૈરઙ્ઘ્રિભિર્વ્રજમ્॥
શોભયન્તૌ મહાત્માનૌ સાનુક્રોશસ્મિતેક્ષણૌ॥30॥

ધજા, વજ્ર, અંકુશ અને કમલના ચિહ્નોવાળા ચરણોથી વ્રજને શોભાવતા, દયા અને સ્મિતવાળી દૃષ્ટિવાળા બે મહાત્માઓનાં (દર્શન) કર્યાં. 30.

ચાર પુરુષાર્થોરૂપ ધજા વિગેરે ચાર ચિહ્નોની નિશાનીવાળાં જે ચરણો, તે ભૂમિ ઉપર ઉઠેલા(ચરણો)થી વ્રજને શોભાવતા એટલે શોભાવાળું કરતા (શ્રીકૃષ્ણ અને બલભદ્રનાં દર્શન

કર્યાં). જે (ચરણનાં ચિહ્નો) સર્વ પુરુષાર્થોને આપનારાં છે તે જ્યાં (વ્રજમાં) ભગવાનની કૃપાથી શોભાવનારાં થયાં. આથી વધારે ભગવાન્ વ્રજનું શું (પ્રિય) કરે?

'મહાન્' મોટું 'આત્મા' સ્વરૂપ છે જેઓનું (તેવા બેનાં દર્શન કર્યાં). આ ધર્મીનું વર્ણન ધર્મોની ઉત્તમતા જણાવનારું છે. તેમનું માહાત્મ્ય કહી, 'દયા અને સ્મિતવાળી દૃષ્ટિવાળા' વિશેષણથી (તેઓનું) કૃપાલુપણું કહે છે. દુ:ખીઓ તરફ દયા, ભલાઓ1 તરફ સ્મિત અને ઉત્તમો1 તરફ જ્ઞાન(ની દૃષ્ટિ) એમ દયાવાળી અને સ્મિતવાળી દૃષ્ટિ છે જે બેની; એટલે સંસારમાં જેઓ દુ:ખી હોય તેમના તરફ દયા (કરવી), પછી કર્મને લીધે અથવા સંન્યાસને લીધે જેઓ દુ:ખી થયા હોય તેઓને થોડો મોહ કરાવીને સુખ આપવું, અને પછી ભક્તોને જ્ઞાન આપવું એવું પરિણામ (અર્થ) થતું હોવાથી (તે બે) દયાથી સુખ આપતા હતા, અને પ્રત્યક્ષ (દર્શન) થતાં જ અથવા સ્મિતથી જ પરમાનંદ અને જ્ઞાન આપતા હતા, એવો (અર્થ છે). 30.

1.'સમ' શબ્દ જેઓને સુખ અથવા દુ:ખ સરખાં હોય તેવા, એટલે જ્ઞાનીઓ માટે યોજેલો જણાય છે, અને 'ઉત્તમ' શબ્દ ભકતો માટે યોજેલો જણાય છે.

પછી નીચેના શ્લોકમાં (તેમની) લીલા કહે છે:

ઉદારરુચિરક્રીડૌ સ્રગ્વિણૌ વનમાલિનૌ॥
પુણ્યગન્ધાનુલિપ્તાઙ્ગૌ સ્નાતૌ વિરજવાસસૌ॥31॥

ઉદાર અને સુંદર ક્રીડાવાળા, માલાઓવાળા, વનમાલાવાળા, પવિત્ર અને સુગંધવાળા પદાર્થોને લેપ જેમના અંગો ઉપર કરેલો છે તેવા, સ્નાન કરેલા, સ્વચ્છ વસ્ત્રોવાળા (બેનાં દર્શન કર્યાં). 31.

ઉદાર અને સુંદર ક્રીડા (રમત) છે જે બેની (તેમનાં દર્શન કર્યાં). ભગવાનની લીલા(આ પુરુષ પુરુષાર્થ આપવા) યોગ્ય અથવા અયોગ્ય છે તેનો વિચાર (કર્યા) વિના બધાઓને જ સર્વ પુરુષાર્થોનું દાન કરે છે તેથી ઉદાર છે, અને સુંદર એટલે મનોહર છે. ક્રીડા પોતે જ ફલરૂપ છે, તેથી નજીવી લીલા પણ માત્ર દેખાવની લીલા હોતી નથી, તેથી (એમ કહેલું છે).

'માલાઓવાળા' વિશેષણથી ભગવાનનું વર્ણન કરે છે. જે બેના મસ્તક ઉપર અને કંઠમાં જાતજાતની માલાઓ હતી, અને જેઓ 'વનમાલાવાળા' હતા (તે બેનાં દર્શન કર્યાં). 'ચરણ સુધી લટકતી માલા વનમાલા છે' તેથી તે સમયે ધારણ કરેલી માલાઓને લીધે (ભગવાન્) કુદરતી આરામ લેતા હશે એમ માની, વનમાલા જૂદી કહેલી છે. આરામનો (સાંજનો) સમય હતો તેથી; અથવા આરામમાં અડચણ ન થાય1 તે માટે ચંદન અને પુષ્પોનાં જ વસ્ત્રો અને આભરણો કહેલાં છે. 'પવિત્ર અને સુગંધવાળા પદાર્થોને લેપ જે બેના અંગો ઉપર કરેલો છે તેવા (બેનાં દર્શન કર્યાં). આ જેમનો લેપ કરેલો તે જ સ્નાનમાં ઉપયોગી2 પવિત્ર સુગંધવાળા (પદાર્થો) હતા. પછી 'સ્નાન કરેલા', (અને) પછી નવાં સ્વચ્છ વસ્ત્રો પહેરેલા, એમ સ્વચ્છ વસ્ત્રોવાળા' વિશેષણથી કહેલું છે. 31.

1.(‘વિત્ત્યનોદનત્વાદ્વા’ પાઠ લેખકારે લીધેલો છે). વિત્તિ એટલે જ્ઞાનનો ‘અનોદનત્વાત્’ એટલે નાશ કરનાર નહિ હોવાથી, એવો તેનો અર્થ છે. વસ્ત્રો અને આભરણો ભગવાને ધારણ કરેલાં હોય તો સ્વરૂપનું સારી રીતે દર્શન ન થાય, પરંતુ ચંદન અને પુષ્પોનાં જ આભરણો ધારણ કર્યાં હોય તો સારી રીતે દર્શન થઈ શકે, એવો ભાવ છે. (લે) ‘વિરતિ’ ‘આરામ’ શબ્દ બધે હોવાથી, ‘વિરત્યનોદનત્વાત્’ પાઠ જ રાખી, તે પ્રમાણે ભાષાંતર કરેલું છે.

2.સ્નાન પહેલાં લેપ કરવામાં આવે તે અભિલેપ:’ અને સ્નાન પછી લેપ કરવામાં આવે તે ‘અનુલેપ:’. અહિં શ્લોકમાં ‘અનુલિપ્તાંગૌ’ કહેલ હોવાથી તે સ્નાન પછીનો લેપ થાય, છતાં ત્યાર પછી ‘સ્નાતૌ’ ‘સ્નાન કરેલા’ કહેલ હોવાથી તે સ્નાનમાં ઉપયોગી ‘અભિલેપ:’ જ છે એવો અર્થ છે. (લે)

‘એ પ્રમાણે બે ગોકુલના રહેનારાઓમાં પૂજા (કરવા) યોગ્ય ભારે પૂર્ણપણું ક્યાંથી?’ એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

પ્રધાનપુરુષાવાદ્યૌ જગદ્ધેતૂ જગત્પતી॥
અવતીર્ણૌ જગત્યર્થે સ્વાંશેન બલકેશવૌ॥32॥

મૂલ પ્રધાન પુરુષ, જગતના કારણ, જગતના પતિ, પોતાના અંશથી જગતને માટે અવતાર લીધેલા બલભદ્ર અને કેશવ(નાં દર્શન કર્યા). 32.

બંને પણ પ્રધાન પુરુષરૂપ હતા. પ્રયોજન માટે પ્રધાન પુરુષ (બનેલા) હશે, એવી શંકા ન થાય તે માટે ‘મૂલ’ વિશેષણ યોજેલું છે. તેઓ પ્રધાન છે. તેઓ પ્રધાન પુરુષ હોવાનું કારણ ‘જગતના કારણ’ શબ્દથી કહેલું છે. જે કોઈ જગતનું કારણ હોય તે જ પ્રથમ પ્રધાન પુરુષરૂપ હોઈ શકે, તેથી (તેઓ) પ્રધાન પુરુષ અથવા મુખ્ય પુરુષ (હતા). ‘જગતના પતિ’ શબ્દથી તેઓ જગતનું કારણ પણ છે, એમ સિદ્ધ કરે છે. જે પાલન કરે તે જ રચનાર (હોઈ શકે), કારણ કે ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયનો કર્તા એક જ છે. તે પાલન કરનાર છે એ પ્રસિદ્ધ છે. તેથી જ હમણાં રક્ષાની શંકા (રક્ષણ બીજી રીતે થઈ શકશે નહિ એવો ભય) થવાથી1 જગતને માટે એટલે ભૂમિને માટે ‘સ્વસ્ય’ પોતાનાં ‘અંશેન’ આનંદરૂપ અંશથી અવતરેલા છે. બંનેને (ભૂમિ ઉપર) પધારવાનું ખાસ પ્રયોજન (તેઓના) નામથી જ જણાવે છે. બલભદ્ર માં ક્રિયાશક્તિ મુખ્ય છે, (અને તે જગતની) ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારા છે. કેશવ બ્રહ્મા વિગેરેને પણ મોક્ષ આપનારા છે. 32.

1.‘રક્ષામાશઙ્કય’ એટલે દૈત્યોની રક્ષા થશે, (એવી શંકા થવાથી) (લે). આવો અર્થ કરવાની આવશ્યકતા જણાતી નથી, તેમ જ આ અર્થ બરાબર ઘટતો લાગતો પણ નથી.

તેવા અવતાર (છે, એમ) લોકમાં જણાવનારું (ચિહ્ન) નીચેના શ્લોકમાં કહે છે:

દિશો વિતિમિરા રાજન્ કુર્વાણૌ પ્રભયા સ્વયા॥
યથા મારકત: શૈલો રૌપ્યશ્ચ કનકાઞ્ચિતૌ॥33॥

હે રાજા! જેમ મરકત અને રૂપાના પર્વતો સુવર્ણથી શણગારેલા હોય તેમ પોતાની કાંતિથી દિશાઓને અંધકાર વિનાની કરતા (તે બેનાં દર્શન કર્યા). 33.

દશ દિશાઓને પોતાની અસાધારણ (બીજા કોઈમાં ન હોય તેવી) કાંતિથી અંધકાર વિનાની કરતા (તે બેના દર્શન કર્યાં). (તેમની) કાંતિ જ અલૌકિક અને સૂર્ય(ની કાંતિ)થી પણ અધિક, ઠંડી પણ નહિ અને ગરમ પણ નહિ તેવી, સર્વ દુ:ખ દૂર કરનારી, સર્વને આનંદ આપનારી અને (તેઓ) બ્રહ્મ છે, એવું ભાન કરાવનારી હતી. 'હે રાજા!' એવું સંબોધન તેને અલૌકિક વસ્તુનું જ્ઞાન થાય તે માટે કરેલું છે. ઉત્તરાર્ધથી ન થએલી ઉપમા કહે છે. મરક્ત મણિઓનો બનેલો પર્વત ભગવાન્, અને રૂપાંનો બનેલો પર્વત કૈલાસ છે તેના જેવા બલભદ્ર; જો (એ) બંને પર્વતો સુવર્ણના શિખરથી શણગારેલા હોય તો (ભગવાન્ અને બલભદ્રની) સરખામણી પ્રાપ્ત કરી શકે. ભગવાન્ સર્વના આધાર છે અને મોટાપણું વિગેરે ગુણોવાળા છે એમ જણાવવા, સર્વ સ્થલે (તેમનું) પર્વત તરીકે વર્ણન કરવામાં આવેલ છે. 33.

એવી રીતે ભગવાનનું વર્ણન કરીને, તેવા સ્વામી પ્રતિ તેવા સેવકનો ધર્મ જણાવી, (પછી) ભગવાને (જે) કર્યું તે (નીચેના શ્લોકથી આરંભી) દશ શ્લોકોથી કહે છે. તે પૈકી બે શ્લોકોથી તેણે (અક્રૂરે) જે કર્યું તે કહે છે, અને આઠ શ્લોકોથી ભગવાને જે કર્યું તે કહે છે. તેની ભક્તિ અને પ્રપત્તિ (34 તથા 35મા શ્લોકથી) કહે છે, અને ભગવાને આઠ ઐશ્વર્ય વિગેરેનું (તેને) દાન કર્યું તે (36 થી 43 સુધીના આઠ શ્લોકોથી કહે છે).

રથાત્તૂર્ણમવપ્લુત્ય સોક્રૂર: સ્નેહવિહ્વલ: ॥
પપાત ચરણોપાન્તે દણ્ડવદ્ રામકૃષ્ણયો: ॥34॥

સ્નેહને લીધે ગાભરા થએલ તે અક્રૂરે રથમાંથી તરત પડતું મૂક્યું અને રામ અને શ્રીકૃષ્ણના ચરણ પાસે દંડની પેઠે પડ્યો. 34.

પ્રથમ દર્શન કરીને, રથમાં રહેલાએ જ તરત પડતું મૂકયું. (રથમાંથી) ઉતરીને નહિ, પરંતુ તે ઊંચા સ્થલેથી ભૂમિ ઉપર પડતું મૂકીને, 'સ:' એટલે પહેલાં જે ચરણની રજોમાં પડ્યો હતો તે પ્રસિદ્ધ (અક્રૂર), સાક્ષાત્ દર્શન (થયા) પછી પણ જે ગાઢ સ્નેહ થયો તેને લીધે ગાભરો થએલો, રામ અને શ્રીકૃષ્ણના ચરણ પાસે એટલે નજીક જ પડ્યો. પડવામાં દેહ વિગેરેનો વિચાર તેને થયો ન હતો એમ જણાવવા 'દંડની પેઠે' શબ્દ યોજેલ છે. વ્યવહારમાં વય મુખ્ય છે, એમ જણાવવા અહિં મોટાનો અનુક્રમ1 કહેલો છે. 34.

1.બલભદ્ર વયમાં મોટા હોવાથી, પ્રથમ તેમના અને પછી શ્રીકૃષ્ણના ચરણ પાસે પડ્યો એમ રામનું નામ પહેલું આપી જણાવેલ છે.

'અકસ્માત (ચરણમાં કોઈ) પડે ત્યારે (આ કોણ હશે? એવી) શંકા થાય, તેથી તેણે પોતાનું નામ કેમ ન કહ્યું?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

ભગવદ્દર્શનાહ્લાદબાષ્પપર્યાકુલેક્ષણ: ॥
પુલકાઞ્ચિત ઔત્કણ્ઠ્યાત્ સ્વાખ્યાને નાશકન્ નૃપ॥35॥

હે નૃપ! ભગવાનનાં દર્શનથી થએલા આનંદના આંસુથી ભરાઈ ગએલ ચક્ષુઓવાળો, રોમાંચથી પરવશ થએલો તે ઉત્કંઠાને લીધે પોતાનું નામ કહી શક્યો નહિ. 35.

ભગવાનનાં દર્શનથી આ જે ઘણો આનંદ થયો, તે (શરીરની) અંદર ભરાઈને આંસુરૂપે બહાર નીકળ્યો, (અને) તેનાથી ભરાઈ ગએલાં છે બે ચક્ષુઓ જેનાં તેવો (અક્રૂર થયો). જ્ઞાનના ફલ(આનંદ)થી જ્ઞાન(ચક્ષુની દૃષ્ટિ) તિરોહિત થયું, તેથી તેને (પોતાનું નામ કહેવાનો) વિચાર થયો નહિ, એવો અર્થ છે.

'બીજો વિચાર ભલે ન હોય (થાય;) (પણ) પહેલાં કોઈવાર (ભગવાનના) જોવામાં આવેલ નહિ હોવાથી, 'હું ફલાણો છું' એમ પોતાનું નામ તેણે કેમ ન કહ્યું?' એવી શંકા થાય, તેથી 'રોમાંચથી પરવશ થએલો' વિશેષણ યોજેલું છે. ઘણા જ પ્રેમને લીધે બધા અવયવોમાં જે રોમાંચ થયો તેનાથી પરવશ થવાથી, 'પોતાનું નામ કહેવા' એટલે 'હું ફલાણો છું' એમ કહેવા પણ 'નાશકત્' તે શક્તિમાન થયો નહિ. (હે નૃપ! એવું) સંબોધન (તેને આ સ્થિતિનું) જ્ઞાન થાય તે માટે, અથવા (આવી સ્થિતિ માટે તેને) માન થાય તે માટે કરેલું છે. 35.

પછી તેના બોલ્યા વિના પણ, ભગવાને તેને ઓળખીને, જે કરવા યોગ્ય હતું તે કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે:

ભગવાંસ્તમભિપ્રેત્ય રથાઙ્ગાંકિતપાણિના॥
પરિરેભેભ્યુપાકૃષ્ય પ્રીતઃ પ્રણતવત્સલઃ ॥36॥

પ્રસન્ન થએલા, નમન કરનાર ઉપર કૃપાવાળા ભગવાને તેને ઓળખીને, ચક્રના ચિહ્નવાળા હસ્તથી પોતાની પાસે ખેંચીને આલિંગન કર્યું. 36.

(શ્રીકૃષ્ણ) ભગવાન્ હોવાથી તેમણે 'આ અક્રૂર છે' એમ તેને ઓળખીને, દુષ્ટના સંબંધથી ઉત્પન્ન થએલ (તેના) દોષનો નાશ કરવા માટે રથના અંગરૂપ એટલે કાલરૂપ ચક્રના ચિહ્નવાળા(શ્રીહસ્ત)થી તેનો દોષ દૂર કરી, શ્રીહસ્તથી તેને 'ખેંચીને' એટલે પોતાની પાસે લાવીને, તેનો પોતાની અંદર પ્રવેશ થાય તો અલૌકિક કાર્ય સિદ્ધ થાય1 એવા હેતુથી, તેને જ પોતાની અંદર ખેંચી લીધો. પછી તેનું આલિંગન કર્યું એટલે (પોતાનું અને તેનું) બંનેનું ઐક્ય (એકપણું) કર્યું. દંડની પેઠે (અક્રૂર ચરણમાં) પડેલ તેથી જ (ભગવાન્ તેના ઉપર) પ્રસન્ન થયા હતા.

'આ(અક્રૂર)માં (કંસના) સંબંધથી ઉત્પન્ન થએલા ઘણા દોષો હતા; તેથી ભગવાન્ તેના ઉપર કેમ પ્રસન્ન થયા?' એવી શંકા થાય, તેથી કહે છે કે (ભગવાન્) સારી રીતે 'નમન કરનારા ઉપર કૃપાવાળા' છે; એટલે (તેમના ઉપર) સ્નેહ રાખે છે. ભક્ત ઉપર કૃપાવાળા ભગવાનને માત્ર સારી રીતે નમન કરવાથી જ (તેમની) કૃપા સ્પષ્ટ જણાઈ આવે છે. તેથી (ભગવાન્ તેનું) આલિંગન કરે તે યોગ્ય જ છે. જે (અક્રૂર)નો ભગવાને અંગીકાર કરેલો, (અને) જેણે શ્રીકૃષ્ણના ચરણનાં ચિહ્નોવાળી (રજ)માં આળોટીને ભગવદીયપણું પ્રાપ્ત કરેલું, તેનો ભગવાનમાં સમાવેશ જ થયો. તે ફરીથી (ભગવાનમાંથી) બહાર નીકળ્યો નહિ, કારણ કે ભગવાને તેનો ત્યાગ કર્યો એવું કહેલું નથી. તેણે પહેલાં જેની ઇચ્છા કરેલી તે તેને પ્રાપ્ત થાય

તે માટે (ભગવાને) તેની પ્રતિમા જ કરીને (પોતાની અંદરથી) જૂદી (બહાર) કાઢી2 એમ સમજાય છે; કારણ કે ઘણા જ પ્રેમને લીધે જેને ભગવાન્ સાથે ઐક્ય પ્રાપ્ત થયું હોય તે ફરીથી (ભગવાનમાંથી) બહાર નીકળે એ સંભવતું નથી. લૌકિક ન્યાય પ્રમાણે3 થતું હોય તો ભક્તિ નકામી જ થાય. તેથી4 (ભગવાનથી છૂટા પડ્યા વિના) બલભદ્ર તેનું આલિંગન કરે તે સંભવતું નહિ હોવાથી ભગવાનથી તે5 છૂટો પડ્યો એવી કલ્પના કરી શકાય છે. આમ6 હોવાથી ભક્તિમાર્ગ ફલવાળો થાય છે. તેમ ન હોય તો બીજો ભાવ7 ઉત્પન્ન કરનાર (માર્ગ) ઐચ્છિક (ઇચ્છા હોય ત્યારે) ફલ આપનારો થાય (ગણાય). 36.

1.ભગવાન્ જો અક્રૂરમાં પ્રવેશ કરે તો અક્રૂર જેમ લૌકિક કાર્ય કરતો હતો તે પ્રમાણે તેમાં પ્રવેશ કરેલા ભગવાન્ પણ લૌકિક કાર્ય કરે, પણ જો અક્રૂર ભગવાનમાં પ્રવેશ કરે તો ભગવાન્ જેમ અલૌકિક કાર્યો કરે છે તેમ તેમનામાં પ્રવેશ કરેલો અક્રૂર પણ અલૌકિક કાર્યો કરે, એવો અર્થ છે. (લે)

2.ભગવાનમાં બધા જીવો રહેલા છે, તેથી અક્રૂર જેવા દ્વિસ્વભાવવાળા (અસ્થિર મનના) બીજા હરકોઈ જીવને તેના જેવા દેહ વિગેરેવાળો કરી, પોતામાંથી ભગવાને બહાર કાઢ્યો, એવો અર્થ છે. (લે)

3.અક્રૂર લૌકિક પ્રકારથી ભગવાન્ પાસે આવેલ હોવાથી, તે ફરીથી ભગવાનમાંથી બહાર નીકળે, એવો પક્ષ લેવામાં આવે તો, એવો અર્થ છે. (લે)

4.'તેથી' એટલે ભક્તિ સફલ રહે તે માટે. આ હેતુથી તેનું બલભદ્રથી પણ આલિંગન થવું જોઈએ (નહિ તો પાછળ 23મા શ્લોકમાં તેણે કરેલો મનોરથ ખોટો ઠરે). તેથી તેની પ્રતિમા જેવો બનેલ જીવ ભગવાનથી છૂટો પડ્યો એવી કલ્પના કરવામાં આવે છે, એવો અર્થ છે. (લે)

5.(ઉપર નોટ 4માં જણાવ્યા પ્રમાણે) 'તે' એટલે 'તેની પ્રતિમા જેવો બનેલ જીવ'. (લે)

6.'આમ હોવાથી' એટલે 'અક્રૂરને સાયુજ્ય પ્રાપ્ત થએલ હોવાથી' એવો અર્થ છે. (લે)

7.'બીજો ભાવ' એટલે 'લૌકિક ભાવ' (લે)

સંકર્ષણને પણ તેણે પ્રણામ કરેલા, તેથી (તેના) મનનું વલણ સાંકડું હોવાથી, સંકર્ષણે પણ તેને તે પ્રમાણે (આલિંગન) કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:

સંકર્ષણશ્ચ પ્રણતમુપગુહ્ય મહામના: ॥
ગૃહીત્વા પાણિના પાણિમનયત્ સાનુજો ગૃહમ્॥37॥

ઉદાર મનવાળા સંકર્ષણ પણ પ્રણામ કરેલા તેને આલિંગન કરી, હાથ વડે હાથ પકડીને, નાના ભાઈ સાથે ઘેર લઈ ગયા. 37.

અહિં (સંકર્ષણના સંબંધમાં) પણ (અક્રૂરે) પ્રણામ કર્યા, તે જ (તેને આવો આવકાર આપવાનું) કારણ છે, પરંતુ લૌકિક કારણ નથી, એમ 'ચ' 'પણ' શબ્દથી જણાવેલ હોવા છતાં, તે અર્થ કર્તા(બલભદ્ર)ના ધર્મના સંબંધમાં યોજેલો હોવાથી, 'પ્રણામ કરેલા' એમ ફરીથી કહેલું છે. 'ઉદાર મનવાળા' શબ્દથી તેમનો લૌકિક ધર્મમાં પ્રેમ જણાવેલો છે. પછી

‘આ કાકા આવ્યા છે’ એમ હાથ વડે હાથથી (તેને) પકડી ભગવાન્ સાથે તેને ઘેર લઈ ગયા. (અક્રૂરની પાછલ 23મા શ્લોકમાં જણાવેલી) ઇચ્છા ફળી એમ જણાવવા માટે (આ) કહેલ છે. 37.

પછી (બલભદ્રે) લૌકિક અને વૈદિક પ્રકારથી તે (અક્રૂર)ની પૂજા કરી એમ નીચેના શ્લોકમાં કહે છે:

પૃષ્ટ્વાથ સ્વાગતં તસ્મૈ નિવેદ્ય ચ વરાસનમ્॥
પ્રક્ષાલ્ય વિધિવત્ પાદૌ મધુપર્કાર્હણમાહરત્॥38॥

પછી આરોગ્ય (સ્વાગત) પૂછીને, તેને ઉત્તમ આસન આપીને, વિધિ પ્રમાણે (તેના) પગ ધોઈને, મધુપર્ક સાથે પૂજા કરી. 38.

‘અનામય’1 એટલે ‘આરોગ્ય’ પૂછીને ‘ઉત્તમ’ એટલે તેના ઘરમાં પણ મળી ન શકે તેવું આસન આપીને, પછી શાસ્ત્ર પ્રમાણે અભ્યાગતને જેમ કરવું જોઈએ તેમ (તેના) પગ ધોઈને, મધુપર્ક2 સહિત ‘અર્હણં’ પૂજા(નો સામાન આપ્યો) કરી. 38.

1.‘પૃષ્ટ્વાનામયં તસ્મૈ’ પાઠ લીધેલો જણાય છે.

2.‘મધુપર્ક’ એટલે દહીં, ઘી, જલ, મધ અને સાકર એ પાંચ પદાર્થોનું મિશ્રણ.

નિવેદ્ય ગાં ચાતિથયે સંવાહ્ય શ્રાન્તમાદૃતઃ॥
અન્નં બહુગુણં મેધ્યં શ્રદ્ધયોપાહરદ્વિભુઃ॥39॥

અને અતિથિને બળદ આપીને, થાકેલાના (તેના) પગ દાબી, આદરવાળા થઈ, સમર્થ (બલભદ્રે) ઘણા પ્રકારનું પવિત્ર અન્ન (તેને) શ્રદ્ધાથી આપ્યું. 39.

પછી ‘મોટો બળદ અથવા મોટો બકરો...’ (યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ 1।9) સ્મૃતિ પ્રમાણે મોટો બળદ આપ્યો. અહિં બક્ષીસ આપ્યો, એવો મત જાણવો. જો કે આ (અક્રૂર) અભ્યાગત છે, છતાં પણ પહેલી જ વાર આવેલો હોવાથી અતિથિ જ ગણાય; અને ભગવાન્ (બલભદ્ર) ધર્મ માટે જ (સત્કાર) કરે છે, પરંતુ સંબંધને લીધે કરતા નથી, એમ જણાવવા એ પ્રમાણે કહેલું છે. કેટલાકનો એવો મત છે કે અતિથિ તો બળદને હણનારો હોવાથી, હણવા માટે જ (બળદ તેને આપ્યો). ‘ચ’ ‘અને’ શબ્દથી (એમ જણાવ્યું છે કે) મોટો બકરો અને વસ્ત્ર વિગેરે પણ આપ્યાં. પછી ‘સંવાહ્ય’ એટલે તેલથી શરીર ચોળવું, ચંપી કરવી વિગેરેથી સર્વ અવયવોનો શ્રમ મટાડી આદરવાળા થયા. ‘થાકેલાના’ વિશેષણથી તેલ ચોળવા વિગેરેનું કારણ કહેલું છે. પછી ઘણા પ્રકારનું એટલે અનેક મસાલાવાળું અન્ન ભાત શ્રદ્ધાપૂર્વક આપ્યાં. હરકોઈ રીતે પ્રાપ્ત કરેલું નહિ, પરંતુ તે સમયે શુદ્ધ રીતે તૈયાર કરેલું (અને) રોહિણીએ રાંધેલું, એવો ‘પવિત્ર’ શબ્દનો અર્થ છે. તેમ હોવાનું (કરવાનું) કારણ શ્રદ્ધા છે. કસમયે પણ સર્વ સામગ્રી પ્રાપ્ત થવાનું કારણ ‘સમર્થ’ વિશેષણથી કહેલું છે. અતિથિનો ધર્મ જાણતો હોવાથી અક્રૂરે પણ બધું તે પ્રમાણે કર્યું (સત્કાર ગ્રહણ કર્યો). (અક્રૂર અને બલભદ્ર) બંને1 જૂદા ભાવવાળા હોવાથી, (આમાં) કાંઈ વિરોધ નથી. 39.

1.બલભદ્ર લૌકિક ધર્મમાં પ્રેમવાળા હતા, અને અક્રૂર પણ મૂલ અક્રૂરની પ્રતિમારૂપ હતો, એવો અર્થ છે. (લે)

'ભોજન પૂરું થાય ત્યાં સુધી જ અતિથિના ધર્મ (કરવાના હોય છે). તેથી પછીનો વિવેક કરવાની જરુર નથી' એવી શંકા થાય, તેથી ફરીથી (વિવેક કર્યાનું) નીચેના શ્લોકમાં કહે છે:

तस्मै भुक्तवते प्रीत्या रामः परमधर्मवित्॥
मुखवासैर्गन्धमाल्यैः परां प्रीतिं व्यधात् पुनः ॥40॥

ઉત્તમ ધર્મ જાણનાર બલભદ્રે ભોજન કરેલા તેની મુખવાસ સુગંધી દ્રવ્યો અને માલાઓથી ફરીથી ઘણી પ્રસન્નતા પ્રેમથી કરી. 40.

ધરાતાં સુધી ભોજન કરેલા તેની, પછી ઘણા પ્રેમથી મુખવાસ એટલે પાન વિગેરેથી, સુગંધી દ્રવ્યો એટલે ચતુ:સમથી1 અને માલાઓથી રાજાની પેઠે (તે રાજા હોય તેવી રીતે) ઘણી પ્રસન્નતા કરી. અતિથિને પોતાના જેવો બનાવે એવો આ અસાધારણ (સામાન્ય પુરુષોમાં ન હોય તેવો) ધર્મ છે. તેથી પણ અધિક (બલભદ્રે) કર્યું. જોકે પહેલાં મધુપર્ક વિગેરે (આપતી) વખતે માલા આપેલી જ હતી, છતાં આ (માલા) પ્રેમને લીધે જ આપી; તેથી (ફરી કહેલી છે). 'ફરીથી' એ શબ્દથી આ (બલભદ્ર) લૌકિક(માં રુચિવાળા) હતા એમ કહેલું છે. 40.

1.'ચતુસમ' એટલે સુખડ, કેસર, કસ્તૂરી અને અગર એ ચાર સુગંધવાળા પદાર્થો.

પછી ગામના ધણીથી જો લોકમાં સન્માન કરવામાં ન આવે તો બાલકોએ (અક્રૂરનું) સન્માન કરેલ હોવા છતાં તેને સંતોષ થાય નહિ, તેથી નંદજીએ કરેલું સંભાષણરૂપ સન્માન નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી કહે છે:

पप्रच्छ सत्कृतं नन्दः कथं स्थ निरनुग्रहे॥
कंसे जीवति दाशार्ह सौनपाला इवावयः ॥41॥

સન્માન કરેલા(અક્રૂર)ને નંદજીએ પૂછ્યુંકે હે દાશાર્હ! દયાહીન કંસના જીવતાં કસાઈએ પાળેલાં ઘેટાંની પેઠે તમે કેમ રહો છો? 41.

પહેલાં જ (બલભદ્રે) સત્કાર કર્યો હતો, તેથી (તેની) પૂજા કર્યા વિના જ (નંદજીએ) માત્ર પ્રશ્ન કર્યો. 'દયાહીન કંસ(જીવે છે ત્યારે તે)ની સમીપ કેમ રહો છો?' શબ્દોથી પ્રશ્ન જ કહે છે. જ્યાં ઉપદ્રવનો સંભવ છે તેવા સ્થાનમાં કુશલ (હોવા) સંબંધી આ પ્રશ્ન છે. કંસમાં કોઈ પણ ગુણો નથી તેથી માત્ર 'તે જીવે છે' એમ જ કહેલું છે; અથવા અપકીર્તિને લીધે 'અજીવતિ' જીવતો નથી (ત્યારે તમે ત્યાં કેમ રહો છો? એવો પ્રશ્ન છે), કારણ કે મડદાનાં સ્થાનમાં એટલે સ્મશાનમાં કોઈ રહેતું નથી, એવો ભાવ છે. (અક્રૂર) પોતે અને વંશથી મોટો છે, એમ તેની સ્તુતિ કરવા 'હે દાશાર્હ!1' એવું સંબોધન કરેલું છે.

'હરકોઈ સ્થલે રહેવામાં આવે ત્યાં દોષો હોય છે. તેથી (મથુરા) જન્મભૂમિ હોવાથી ત્યાં રહું છું' એમ કહેવામાં આવે, તેથી 'કસાઈએ પાળેલાં (ઘેટાંની પેઠે)' એમ કહેલું છે.

‘સૂના’ એટલે હિંસામાં આસક્તિવાળો હોય તે ‘સૌન:’ એટલે નિત્ય હિંસા કરનારો, માંસ વેચનાર (કસાઈ). તે જ જેમનો પાળનાર હોય તેવાં તે ઘેટાંઓ એક બીજાની પાછળ જનારાં હોય છે. તેઓ જેમ વિચાર કર્યા વિના (કસાઈ પાસે) રહે છે તેમ (તમે) રહો છો, એટલે (ત્યાં) રહેવું યોગ્ય નથી, એવો ભાવ છે. 41.

1.‘દાશાર્હ’ એટલે ‘દાશાર્હ’ નામનો યાદવ થએલ તેના વંશમાં જન્મેલ.

નીચેના શ્લોકમાં કંસનું નિર્દયપણું જણાવે છે:

યોઽવધીત્ સ્વસ્વસુસ્તોકાન્ ક્રોશન્ત્યા અસુતૃપ્ ખલ:॥
કિં નુ સ્વિત્ તત્પ્રજાનાં વ: કુશલં વિમૃશામહે॥42॥

જે પ્રાણપોષક દુષ્ટે પોતાની રડતી બેનના બાલકોને હણ્યા તેની તમો પ્રજાનું શું કુશલ અમે વિચારીએ (માનીએ)? 42.

ભાણેજો બહુ માન આપવા યોગ્ય હોય છે, અને તે પણ બાલકો, અને તે (મને) પણ બેન રડતી હતી ત્યારે (હણ્યા); અથવા રડતી ક્ધયાની સાથે હણ્યા.

‘કોઈવાર અમુક કર્મમાં પુત્ર વિગેરેની પણ હત્યા કરવામાં આવે છે તેથી (કંસે) ભાણેજોને હણ્યા તેમાં શું આશ્ચર્ય?’ એવી શંકા થાય, તેથી ‘પ્રાણપોષક’ શબ્દ યોજેલ છે. જો તેમને (ભાણેજોને) હણવામાં ન આવે તો પોતાના પ્રાણો જશે, એવા વિચારથી (કંસ તેઓને હણવામાં) માત્ર (પોતાના) પ્રાણોનું રક્ષણ કરતો હતો. તેણે સર્વની સંમતિથી અથવા ક્રિયા વિગેરેના કારણથી (તેમને હણ્યા ન હતા), પરંતુ ‘ખલ:’ એટલે દુષ્ટ (હોવાથી જ હણ્યા હતા). જ્યાં રાજા આવો હોય ત્યાં તેને તાબે રહેલી પ્રજા (રૈયત) ‘વ:’ તમારું શું કુશલ ‘વિમૃશામહે’ અમે વિચારીએ? તેથી (તમારું કુશલ હશે કે નહિ એવા) સંદેહને લીધે પ્રશ્ન (કરેલ છે). અહિં ઊંધો જ ભાવ છે. (પોતાથી) જૂદા પડેલા તરીકે કુશલતા સંબંધી પ્રશ્ન કરવામાં આવે તો એમ કહેલું ગણાય, કે આ અક્રૂર બંધુઓનો દ્વેષી દુષ્ટ છે. તેથી (અક્રૂર) કુશલ હોવાનું સંભવતું હોવા છતાં નંદજીએ તેમ કહ્યું નહિ. 42.

એવું નંદજીનું વાક્ય કહીને, (શ્રીશુક) નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છે:

ઇત્થં સુનૃતયા વાચા નન્દેન સુસભાજિત:॥
અક્રૂર: પરિપૃષ્ટેન જહાવધ્વપરિશ્રમમ્॥43॥

આવી રીતે નંદજીએ ઘણી સત્યવાણીથી પૂછેલા (પ્રશ્ન)થી સત્કાર પામેલા અક્રૂરે રસ્તાનો શ્રમ તજ્યો. 43.

‘સુનૃતયા’ ઘણી જ સત્ય કોમલ સુખ આપનારી વાણીથી નંદજીએ સારી રીતે સત્કાર કરેલા એટલે પૂજેલા અક્રૂરે કાયા, વાણી અને મનના શ્રમોને તજ્યા, કારણ કે (તેને) સારી રીતે પ્રશ્ન કરવામાં આવ્યો હતો. બીજા કાર્યમાં પરોવાઈ જવાથી, સ્મરણથી થતા રસ્તાના શ્રમને પણ તજ્યો, એવો અર્થ છે. 43.

ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીના દશમા સ્કંધના વિવરણમાં પાંત્રીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.

પાંત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

॥અથ ષટ્ત્રિંશોઽધ્યાયઃ॥ અધ્યાય છત્રીસમો.

ષટ્ત્રિંશે ભક્તકૃપયા હરીરૂપમદર્શયત્॥
અત્યાસક્તિ પૂર્વસિદ્ધાં ત્યક્ત્વાપીતિ નિરૂપ્યતે॥કા.1॥

છત્રીસમા અધ્યાયમાં એમ કહેવામાં આવે છે કે હરિએ (પોતાની) ભક્ત ઉપરની કૃપાને લીધે (તેની) પહેલાં પ્રસિદ્ધ થએલી (સંસાર ઉપરની) ઘણી આસક્તિ ની અવગણના કરીને પણ (પોતાનાં) સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. કા.1.

અક્રૂરેણ ચ સંવાદો ગમનોદ્યમ એવ ચ॥
ગોપિકાનાં વિલાપશ્ચ ભગવદ્રૂપવર્ણનમ્॥કા.2॥
મનોરથસ્ય સિદ્ધ્યર્થમુદ્યમસ્ય તથૈવ ચ॥
તવાગત્યાગત્યભાવે સ ભિન્ન ઇતિ સંશયાત્॥કા.3॥
ચત્વારોર્થાઃ ક્રમાદુક્તાઃ પુરુષાર્થા યતો વ્રજે॥
સર્વે સિદ્ધા ઇતિ જ્ઞાને ભક્તો ભૂયાત્તથા પરઃ॥કા.4॥

(1)(અક્રૂરના) મનોરથ પ્રાપ્ત થાય તે માટે (2)(મથુરા જવાનો) તેવી જ રીતે ઉદ્યમ થાય તે માટે (3)ત્યાં પધારી (ભગવાન્ ગોકુલ) પાછા ન ફરે તે માટે (4) તે (શ્રીકૃષ્ણ પરબ્રહ્મથી) જૂદા હશે એવો સંશય રહે તે માટે (1)અક્રૂર સાથેનો (ભગવાનનો) સંવાદ, (2)અને વળી (મથુરા) જવાનો ઉદ્યમ, (3)ગોપીઓનો વિલાપ અને (4)ભગવાનના સ્વરૂપનું વર્ણન (એ) ચાર પદાર્થો અનુક્રમે (આ અધ્યાયમાં) કહેલા છે; કારણ કે વ્રજમાં સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થયા એવું જ્ઞાન થતાં, વિરોધી પણ ભક્ત થાય. કા.2-3-4.

ગયા (પાંત્રીસમા) અધ્યાયમાં તે(અક્રૂર)ના મનોરથો જણાવ્યા. વાસ્તવિક રીતે તે (મનોરથો) પસંદ કરવા યોગ્ય નથી, છતાં પણ ભક્તિમાર્ગ પ્રમાણે ભક્તે કરેલા હોવાથી ભગવાને (તે) પાર પાડ્યા, એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે:

॥શ્રીશુક ઉવાચ॥ શ્રીશુક કહે છે:

સુખોપવિષ્ટઃ પર્યંકે રામકૃષ્ણોરુમાનિતઃ॥
લેભે મનોરથાન્ સર્વાન્ પથિ યાન્ સ ચકાર હ॥1॥

પલંગ ઉપર સુખથી બેઠેલા અને બલભદ્ર તથા શ્રીકૃષ્ણે ઘણું માન આપેલા તેણે માર્ગમાં જે મનોરથો કર્યા હતા તે સર્વ પ્રાપ્ત કર્યા. 1.

નંદજી ઘરમાં ગયા પછી સુખશય્યામાં (અક્રૂર) બેઠો. (તેને) માન આપવા માટે (ત્યાં) ભગવાને તથા બલભદ્રે બેસાડ્યો. જો લોકમાં સગાંવહાલાંઓ કરતાં પણ અધિક માન આપેલ હોય તો કાંઈક (મનોરથ) પાર પાડશે કે નહિ એ વિષયમાં કહેવું જ શું? તેથી તેણે સર્વે મનોરથો પ્રાપ્ત કર્યા. પુરુષને હજારો કામનાઓ હોય છે, કારણ કે 'આ (પુરુષ) કામથી ભરેલો છે' એમ શ્રુતિ (કહે છે). તેણે (આ) બધાએ (હજારો મનોરથ) પ્રાપ્ત કર્યા હશે એવી

શંકા થાય, તેથી 'માર્ગમાં જે કર્યા હતા' શબ્દોથી (તેણે પ્રાપ્ત કરેલા મનોરથો) જણાવે છે. 'સ' 'તેણે' એટલે પહેલાં ભગવાને બનાવેલ1 (પોતાની છૂટા પાડેલ) અક્રૂરે 'હ' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજેલો છે, કારણ કે કોઈનો માર્ગમાં થએલ મનોરથ પાર પાડતો નથી. 1.

1.જૂઓ ગયા અધ્યાયના શ્લોક 36 પરનાં શ્રીસુબોધિનીજી.

'જો એમ ભગવાન્ કામનાઓ જ પાર પાડતા હોય તો બધાએ ભક્તોએ ભગવાનની સમીપ જ જતી વખતે કામનાઓ જ કરવી જોઈએ'. એવી શંકા થાય, તેથી કામનાવાળા (ભક્તો) ઉત્તમ નહિ હોવાથી કામના વિનાના શુકદેવ (આ પ્રસંગના) બાનાથી તેને (કામનાવાળા અક્રૂરને) જાણે કે નિંદતા હોય, એમ નીચેનો શ્લોક કહે છે:

કિમલભ્યં ભગવતિ પ્રસન્ને શ્રીનિકેતને॥
તથાપિ તત્પરા રાજન્નહિ વાઞ્છન્તિ કિઞ્ચન॥2॥

લક્ષ્મીના ધામરૂપ ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે ન પ્રાપ્ત થઈ શકે એવું શું હોય? છતાં પણ હે રાજા! તેમના(ભગવાન)માં આસક્તિવાળાઓ કાંઈ પણ (પદાર્થ)ની કામના કરતા નથી. 2.

ફલ બે પ્રકારનું છે, (1)નિત્ય (2)અનિત્ય. (1)નિત્ય (ફલ) (ભગવા-નના) છ ગુણોરૂપ છે. (2)અનિત્ય લક્ષ્મીને આધીન છે. શ્રીકૃષ્ણ તો ભગવાન્ છે, (અને) લક્ષ્મીના પતિ પણ છે. જો તે પ્રસન્ન થાય તો તેમને આધીન કયો (પદાર્થ) પ્રાપ્ત થઈ ન શકે તેવા હોય1? (ભગવાનની) પ્રસન્નતા ઘણી વધતાં, (ભગવાન્) પોતાને પણ આપી દે છે, પણ (તેમની) પ્રસન્નતા જ પ્રાપ્ત થવી કઠિન છે. પરંતુ (ભગવાન્) પ્રસન્ન થાય તો કાંઈ પણ (પ્રાપ્ત થવું કઠિન) નથી. (ભગવાન્) પ્રસન્ન ન થાય તોતો કાંઈ ફલ (પ્રાપ્ત) થતું નથી. તેથી (ભગવાનની) પ્રસન્નતા (મેળવવાનું) કારણ પ્રાપ્ત કરી, જો કોઈ કામના કરે તો તે ભ્રાંત જ છે એમ કહેવા, તેવા થએલા (ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરેલા) કામના કરતા નથી એમ આ શ્લોકમાં કહે છે, (તેઓ કામના કરતા નથી) કારણ કે તેઓ તેમના(ભગવાન)માં આસક્તિવાળા છે, પરંતુ વિષયોમાં આસક્તિવાળા નથી. આ (અક્રૂર) તો વચ્ચે (કંસ વિગેરેના) સંબંધને લીધે મધ્યમ અધિકારવાળો થયો, તેથી તેણે કામનાઓ કરી; પરંતુ બધાએ ઉત્તમ (ભક્તો) કામના કરતા નથી. તેમ હોય (બધાએ ઉત્તમ ભક્તો કામના કરતા હોય) તો આ માર્ગ ઉત્તમ ન રહે. 'હે રાજા!' એવું સંબોધન સ્નેહને લીધે, હું ઠગતો નથી એમ જણાવવા કરેલું છે. કારણ કે (ભક્તો ભગવાનમાં) આસક્તિવાળા હોય છે, તેથી જ કોઈ પણ (પદાર્થની) કામના કરતા નથી એ યોગ્ય જ છે. 2.

1.નિત્ય ફલ ભગવાનના છ ગુણોરૂપ હોવાથી ભગવાનને જ અધીન છે. અનિત્ય ફલ લક્ષ્મીને આધીન છે, પરંતુ ભગવાન્ લક્ષ્મીના પણ પતિ હોવાથી તેનું ફલ પણ તેમને આધીન છે. તેથી ભગવાન્ પ્રસન્ન થાય તો નિત્ય અથવા અનિત્ય હરકોઈ પ્રકારનું ફલ પ્રાપ્ત થવું જરાપણ કઠિન નથી, એવો ભાવ છે.

એ પ્રમાણે ભક્તોનો કામના સંબંધી નિર્ણય કહી, બાકીની કામનાઓ (અક્રૂરે પ્રાપ્ત કરી) એમ કહેવાની ઇચ્છાવાળા (શુક), વિચાર કરતાં પણ પ્રાપ્ત થએલી હોય તેવી જણાવેલીને પુષ્ટિ આપતાં (પ્રાપ્ત થઈ એમ સિદ્ધ કરતાં (કહેતાં)) નીચનો શ્લોક કહે છે:

સાયન્તનાશનં કૃત્વા ભગવાન્ દેવકીસુતઃ॥
સુહૃત્સુ વૃત્તં કંસસ્ય પપ્રચ્છાન્યચ્ચિકીર્ષિતમ્॥3॥

દેવકીજીના પુત્ર ભગવાને સાંજનું ભોજન કરીને કંસે મિત્રો અને બીજાઓ પ્રતિ કરેલું અને કરવા ઇચ્છેલું પૂછ્યું. 3.

નંદજીની સાથે વાર્તા કરી, અથવા (અક્રૂર) પથારીમાં સૂતો કે પછી તરત જ (ભગવાને) યશોદાના ઘરમાં સાંજનું ભોજન કરી, કંસનો વૃત્તાંત પૂછ્યો, એવો (વાક્યનો) સંબંધ છે. ભોજન (વૃત્તાંત પૂછ્યા) પછી કરવામાં આવે તો, (દેવકીજી અને વસુદેવનાં) બંધન સાંભળ્યા પછી (તેનો) ઉપાય અથવા (ઉપાય માટે) ઉદ્યોગ કર્યા વિના ભોજન કરવું અયોગ્ય ગણાય, તેથી ભોજન કરીને (વૃત્તાંત) પૂછ્યો; અથવા યશોદાએ ભોજન તૈયાર કરેલું હોવાથી, તેને સંતોષ થાય તે માટે (ભોજન કરીને વૃત્તાંત પૂછ્યો). જો કે ભગવાન્ (સર્વ વૃત્તાંત) જાણે છે, અને વળી તેમને લૌકિક(વૃત્તાંત)નું કાંઈ પણ પ્રયોજન નથી, તો પણ તે 'દેવકીજીના પુત્ર' હોવાથી એટલે ભક્તોને માટે જ પ્રકટ થએલ હોવાથી, (ભોજન કર્યા) પછી જ (તેમણે વૃત્તાંત) પૂછ્યો. (ભગવાન્) દેવકીજીના પુત્ર હોવાથી જ વસુદેવ વિગેરે (તેમના) મિત્રો (થાય). કોઈવાર તે(કંસ)માં દૈત્યનો આવેશ ન હોય ત્યારે (ભગવાનના) મિત્રો પ્રતિ તેની વર્તણુંક સારી જ સાંભળવામાં આવતી. તેથી (તેની મિત્રો પ્રતિ વર્તણુંક સંબંધી) સંદેહ રહેવાથી, અક્રૂરને તે પ્રમાણે (શ્રીકૃષ્ણ મનુષ્ય હોવાથી તેમને કંસની વર્તણુંક સંબંધી સંદેહ છે એમ) જણાવવા પ્રશ્ન કરેલો છે, કારણ કે (શ્રીકૃષ્ણ) મનુષ્યની સ્થિતિના છે એમ જાણી (અક્રૂર) કદાચ ખોટું પણ બોલે, તેથી ગોપીઓની પેઠે આ(અક્રૂર)ની પણ પરીક્ષા કરવી જોઈએ. 'અન્યત્' બીજાઓ એટલે (મિત્ર અથવા શત્રુ ન હોય તેવા) તટસ્થો પ્રતિ પણ (કંસે) 'ચિકીર્ષિતં' જે કરેલું અને જે કરવાનો છે તે (પૂછ્યું) એવો અર્થ છે; કારણ કે કોણ જાણે, બીજા (શત્રુપણાના) પ્રયોજનથી આવેલો કહેતાં અચકાય. 'કરેલું' એટલે (વસુદેવ વિગેરેનું) બંધન વિગેરે વસ્તુતઃ કરેલું 'કરવા ઇચ્છેલું' એટલે (શ્રીકૃષ્ણ અને બલભદ્રને મથુરા) લઈ જવાનું. તે (અક્રૂર) ભક્ત (હોવાથી) પોતાની મેળે કહે તો (તેને) દોષ લાગે, તેથી, ભક્તો એવું (અપ્રિય વૃત્તાંત પૂછ્યા વિના કહેવાથી દોષ થાય એવું) જ્ઞાન પ્રાપ્ત કરે તે માટે શુકે એ પ્રમાણે કહેલું છે. 3.

નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી ભગવાનનાં (અક્રૂર પ્રત્યેનાં) વચનો કહે છે:

તસ્ય તત્સુહૃદાં ચ1 પશ્ચાત્તાપોઽનુમોદનમ્॥કા.4II.॥

તે (અક્રૂર)નું અને તેના મિત્રોનું (કુશલ), (કંસે કરેલા કાર્ય માટે) પશ્ચાત્તાપ, અને (અક્રૂર આવ્યો તેનું) અનુમોદન (કહેલાં છે2). કા.4II.

આરંભમાં નીચેના શ્લોકથી કુશલ પૂછે છે:

॥શ્રીભગવાનુવાચ॥ શ્રી ભગવાન્ કહે છે:

તાત સૌમ્યાગતઃ કચ્ચિત્ સ્વાગતં ભદ્રમસ્તુ વઃ॥
અપિ સ્વજ્ઞાતિબન્ધૂનામનમીવમનામયમ્॥4॥

હે તાત! હે સૌમ્ય! તું હેમખેમ આવ્યો છે ને? તમારું ભલું થાઓ. ભક્તો, પિતરાઈઓ અને સગાંઓ પાપરહિત અને નિરોગી છે ને? 4.

'હે તાત!' એમ જે શબ્દ તેણે (અક્રૂરે) મનોરથમાં જણાવેલો, તે જ (શબ્દ) ભગવાને યોજ્યો. 'હે સૌમ્ય(ભલા)' એવું સંબોધન, 'તારો કોઈ પણ દોષ નથી' એમ દોષ મટાડવા માટે કરેલું છે. જે પ્રકારે હેમખેમ અવાય તેમ તું આવ્યો છે ને? ઘણું દુ:ખ સહન કરીને (તું) આવ્યો છે કે દુ:ખ વિના આવ્યો છે એવો સંદેહ હોવાથી, 'સ્વાગતં' ક્રિયાવિશેષણ યોજેલું છે. બીજાં પ્રયોજન માટે3 તે આવેલો હોવાથી પોતાનો વૃત્તાંત કહેશે નહિ એમ (માની), 'ભલું થાઓ' શબ્દોથી તે ભયરહિત થાય તે માટે તેને સારી રીતે આશ્વાસન આપે છે. ('તમારું' એમ) બહુવચનથી એમ કહેલું છે કે (ભગવાન્ પાસે) માત્ર આવવાથી જ બધાએ (લોકો)નું ભલું થશે.

ઉત્તરાર્ધથી લોકની પેઠે (પ્રશ્ન) પૂછે છે. 'સ્વા:' ભક્તો, 'જ્ઞાતય:' ગોત્રમાં ઉત્પન્ન થએલા (પિતરાઈઓ) (અને) 'બાન્ધવા:' સંબંધીઓ; અથવા 'સ્વ' શબ્દથી અક્રૂર પોતે જ (તેનો) દેહ પુત્રો વિગેરે કહેલા છે; અથવા ('સ્વ' શબ્દથી) 'તમે જે મારા છો' એમ પ્રશ્ન પૂછવાનું કારણ કહેલું છે. (1)પાપરહિત અને (2)નિરોગી (હોવાનું) એમ બે (પ્રશ્ન) પૂછેલ છે. કંસની સમીપ રહેતા હોય તેઓથી બ્રહ્મહત્યા વિગેરે પાપો સદા થવાનું સંભવે છે તેથી 'અમીવાનાં' એટલે પાપોનો અભાવ (પાપરહિત હોવાપણું) પૂછવો જોઈએ. (કંસના) માત્ર સંબંધને લીધે પણ ઘણા સમય સુધી દુ:ખ દેનારા મનના અને શરીરના રોગો થાય, તેથી નિરોગીપણું પણ પૂછવું જોઈએ. 4.

1.અહિં 'ચૈવ' પાઠ હોય એમ સંભવે છે. એવો પાઠ હોય તો કારિકાની અનુષ્ટુબ્ છંદ થાય છે.

2.ચોથા અને પાંચમા શ્લોકથી અક્રૂર અને તેના મિત્રોનું કુશલ પૂછ્યું છે, છઠ્ઠા શ્લોકમાં પશ્ચાત્તાપ દર્શાવ્યો છે અને સાતમામાં અનુમોદન કરેલું છે. એમ આ અર્ધી કારિકાથી ચાર શ્લોકોના અર્થ કહેલા છે.

3.'બીજા પ્રયોજન માટે' એટલે કંસનું કાર્ય સાધવા. 'અન્યાયાર્થં' પાઠ હોય ત્યારે 'અન્યાયનું કાર્ય કરવા' અર્થ થાય છે.

('પાપરહિતપણું અને નિરોગીપણું) બે જ કેમ પૂછ્યાં? કુશલ (હોવાનું) વિગેરે કેમ ન પૂછ્યું?' એવી શંકા થાય, તેથી તે વિષયમાં (કુશલપણાથી) વિરુદ્ધ નિશ્ચય થએલો જ છે એમ નીચેના શ્લોકથી કહે છે:

કિં તુ નઃ કુશલં પૃચ્છે એધમાને કુલામયે॥
કંસે માતુલનામ્નયંગ સ્વાનાં નસ્તત્પ્રજાસુ ચ॥5॥

પરંતુ હે વહાલા! કુલનો રોગ-મામા નામવાળો કંસ વધતો જાય છે ત્યાં આપણું, આપણાં બંધુઓનું અને તેમની પ્રજાનું કુશલ હું શું પૂછું? 5.

'તુ' 'પરંતુ' શબ્દ કુશલ પ્રશ્ન પૂછતાં અટકાવે છે. 'નઃ' એટલે આપણા. બધાએ બંધુઓ છીએ એમ જણાવવા, પિતા (વસુદેવ) વિગેરેને આત્મા (પોતા) તરીકે જ કહેલા છે. કુલના જ રોગરૂપ એટલે સર્વનો નાશ કરનાર મોટો રોગ સર્વ તરફથી કુશલ છે અને દરરોજ વધતો જાય છે ત્યારે (તેનો) ઉપાય કર્યા વિના હું શું કુશલ પૂછું, એવો અર્થ છે. કોઈ બીજો રોગ હશે એવી શંકા દૂર કરવા 'કંસ' શબ્દથી (તેનું) નામ કહે છે.

'ત્યારે (રોગ) જાણીને આટલા સમય સુધી (તેની) અવગણના કેમ કરી?' એવી શંકા થાય, તેથી 'મામા નામવાળો' શબ્દ યોજેલ છે. જેમ શત્રુ બ્રાહ્મણ હોય (તેથી હણાય નહિ), તેમ રોગને હું હણું નહિ તે માટે (તેનું) 'મામા' એવું નામ પડ્યું. 'હે વહાલા!' એવું સંબોધન, હું છેતરતો નથી એમ જણાવવા કરેલું છે. તેથી જો તે(કંસ)જ ઉદ્યમ કરે તો તે સમયે (તેને) અટકાવવામાં કાંઈ પ્રયાસ થશે નહિ, એમ સૂચવેલું છે. 'સ્વાનાં નઃ' એટલે (આપણા) બંધુઓનું અને તેમની પ્રજા(સંતતિ)નું શું કુશલ પૂછું? 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) કંસની પ્રજાનું (શું કુશલ પૂછું?) 5.

એવી રીતે બંધુઓનું અનિષ્ટ (દુઃખ) થઈ ગએલું હોય તેમ ધારી લઈ, (તે સંબંધી) ખાસ પ્રશ્ન કરવાથી તે(અક્રૂર)ના મનમાં ખેદ થશે એમ માની, (કંસે) કરેલ વધ વિગેરેનો શોક કરતા હોય તેમ નીચેનો શ્લોક કહે છે:

અહો અસ્મદભૂદ્ ભૂરિ પિત્રોર્વૃજિનમાર્યયોઃ॥
યદ્ધેતોઃ પુત્રમરણં યદ્ધેતોર્બન્ધનં તયોઃ॥6॥

અહો! મારા કારણથી (મારા) નિરપરાધી માતાપિતાને ઘણું દુઃખ થયું, જે (મારા) કારણથી (તેઓના) પુત્રોનું મરણ થયું (અને) જે કારણથી તે બેનું બંધન થયું. 6.

જો (ભગવાન્ એ પ્રમાણે (કંસે કરેલ વધ વિગેરેનો શોક) ન કરે તો દેવકીજી અને વસુદેવની દરકાર રાખતા નથી એવું (અક્રૂરને) દુઃખ થાય. જે કારણથી મારા લીધે (મારા) માતાપિતાને ઘણું દુઃખ થયું, (તેમ) એકના કારણથી બીજાને દુઃખ થાય એ આશ્ચર્યરૂપ છે. તે બે (માતા અને પિતા) વાસ્તવિક રીતે 'આર્યો' એટલે અપરાધરહિત હતા, તેથી મેં જ તેઓનું દુઃખ (ઉત્પન્ન) કર્યું, એમ કહેવાયું.

'તે ઘણું હોવાનું જણાતું દુઃખ થોડું હશે' એમ (જણાય), તેથી 'જે કારણથી પુત્રોનું મરણ થયું' શબ્દોથી તે (દુઃખ) ગણાવે છે. 'તેમનો આઠમો પુત્ર (કંસને) હણશે' એવો મારો ગુણ સાંભળીને (કંસે) વિના કારણ (તેમના) બીજા પુત્રોને હણ્યા; અને હું (તેમનો) પુત્ર હોવાથી, પહેલાં અને અંતે તેમનું બંધન થયું. 6.

એ પ્રમાણે શોક જણાવી, નીચેના શ્લોકમાં તે (અક્રૂર) (ગોકુલ) આવ્યો તે માટે આનંદ દર્શાવીને, તેના આવવાનું પ્રયોજન પૂછે છે:

દિષ્ટ્યાદ્ય દર્શનં સ્વાનાં મહ્યં વઃ સૌમ્ય કાંક્ષિતમ્॥

સઞ્જ્ઞાતં વર્ણ્યતાં તાત તવાગમનકારણમ્॥7॥

હે સૌમ્ય! તમો પોતાનાનું ઇચ્છેલું દર્શન આજે મને થયું તે ભાગ્યથી થયું. હે તાત! થએલું કહો, તમારા આવવાનું કારણ કહો. 7.

આજે જે પોતાનાનું દર્શન અકસ્માત્ થયું તે 'દિષ્ટ્યા' ભાગ્યથી થયું, કારણ કે ભક્તોને ભગવાનનું દર્શન ભાગ્યથી થાય છે. વળી આ લૌકિક ભાષા છે1.

(તમારું દર્શન ભાગ્યથી થયું), કારણ કે હે સૌમ્ય (ભલા પુરુષ)! લોકના મત પ્રમાણે 'મહ્યં' એટલે મારા ઉપર ઉપકાર થાય તે માટે અથવા મને ફલ મળે તે માટે, 'ક્યારે દર્શન થશે?' એમ મેં જે લાંબા સુધી (તમારું દર્શન) ઇચ્છેલું. (દર્શનની ઇચ્છા રાખવામાં અને દર્શન થવામાં) બંનેમાં સત્ત્વ કારણ છે, એમ 'હે સૌમ્ય' એ સંબોધનથી જણાવેલું છે.

એ પ્રમાણે (દર્શન થવા માટે) આનંદ જણાવીને 'થએલું કહો' શબ્દોથી (પ્રશ્ન) પૂછે છે. હમણાં જે થએલું છે તે કહો. (અક્રૂરને) ભય ન રહે તે માટે 'હે તાત!' એવું સંબોધન કરેલું છે. તમારે (અહિં) આવવાનું શું કારણ છે તે પણ કહો. બે પ્રશ્ન પૂછેલા છે. 7.

1.આ શ્લોકમાં લૌકિક ભાષા છે. ભગવાનને ભાગ્યથી કોઈનું દર્શન થાય એમ કહેવું અસત્ય જ છે, પરંતુ લોકના મત પ્રમાણે (લોકમાં જેમ બને છે તેમ) આમ કહેલું છે. 'ભક્તોને ભગવાનનું દર્શન ભાગ્યથી થાય છે' એમ કહેવું સત્ય છે. એ પ્રમાણે આ શ્લોકના પહેલા ચરણનો અર્થ ઘટાવ્યો છે. શ્રીમદ્ભાગવતમાં સમાધિ ભાષા જ પ્રમાણ છે, એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે.

પછી (અક્રૂરે) મૂલથી આરંભી બધુંએ કહ્યું, એમ નીચેના (બે) શ્લોકથી કહે છે:

॥શ્રીશુક ઉવાચ॥ શ્રી શુક કહે છે:

પૃષ્ટો ભગવતા સર્વં વર્ણયામાસ માધવ: ॥
વૈરાનુબન્ધં યદુષુ વસુદેવવધોદ્યમમ્॥8॥

ભગવાને પૂછેલા માધવે (નીચેનું) સર્વ કહ્યું. યદુઓ પ્રતિ (કંસે કરેલો) દૃઢ દ્વેષ, વસુદેવનો વધ (કરવાનો) ઉદ્યમ. 8.

ભગવાને પૂછેલું (ભગવાન્) અંતર્યામી હોવાથી કહેવું જોઈએ, (તે) ઈશ્વર હોવાથી કહેવું જોઈએ, (તે) સર્વ જાણનાર હોવાથી કહેવું જોઈએ, અને (તે પોતાના) આત્મા હોવાથી કહેવું જોઈએ; કારણ કે આ (અક્રૂર) 'માધવ' એટલે મધુના વંશમાં ઉત્પન્ન થએલો હતો. વળી તે (અક્રૂર) ભક્ત હોવાથી અને (ભગવાનના ગોત્રનો હોવાથી પણ (તેણે) પૂરેપૂરું કહેવું જ જોઈએ. (અક્રૂરે જે કહ્યું) તે (1)'યદુઓ પ્રતિ દ્વેષ' (વિગેરે)થી કહે છે. 'વૈરં' વેર 'અનુબધ્યતે' બંધાય છે (થાય છે) જેનાથી, તે 'વૈરાનુબન્ધ:' એટલે દૃઢ દ્વેષ. (2)પછી વસુદેવનો વધ (કરવા) માટે પણ (કંસે) કરેલો ઉદ્યમ. 8.

યત્સંદેશો યદર્થં વા દૂત: સંપ્રેષિત: સ્વયમ્॥
યદુક્તં નારદેનાસ્ય સ્વજન્માનકદુન્દુભે: ॥9॥

(1)જે સંદેશો (કંસે કહેલ તે) (2)તથા જે (કાર્ય) માટે પોતાને દૂત (તરીકે) મોકલ્યો હતો. (1)આનકદુંદુભિથી આ(ભગવાન)ના દેહનો જન્મ થયાનું જે નારદે કહેલું તે. 9.

પોતાને કંસે મોકલ્યો તેનો પ્રકાર પણ કહ્યો. (1)જે સંદેશો જ (કંસે કહેલ તે), એટલે જેના બહાનાથી (ભગવાનને) લઈ આવવા (કહેલું તે). (2)અને જે (કાર્ય) માટે તેણે જ પોતાને દૂત તરીકે મોકલેલો તે, એટલે (ભગવાનનું) અનિષ્ટ વિચારીને બોલાવવાનું પ્રયોજન. વળી (1)આ બધાનું મૂલ નારદનું વાક્ય હતું એમ ઉત્તરાર્ધથી કહે છે. "આનકદુંદુભિથી 'સ્વસ્ય' ભગવાનનો જન્મ (થયો હતો)" એમ નારદે કહેલું (તે) જ કહે છે. અથવા 'અસ્ય' એટલે ભગવાનના 'સ્વસ્ય' દેહનો જન્મ (આનકદુંદુભિથી થયો હતો એમ નારદે કહેલું તે કહ્યું). 'આનકદુંદુભિ' શબ્દથી એમ (સૂચવ્યું છે કે ભગવાનનો જન્મ થવાનું) કારણ જણાવી બધું કહ્યું. બે (કાર્ય) થએલાં (શ્લોક 8માં કહ્યાં). (અક્રૂરને) આવવાનાં બે કારણો (આ શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યાં), અને (તે બધાનું) કારણ નારદનું વાક્ય હતું એમ (આ શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું). 9.

શ્રુત્વાક્રૂરવચ: કૃષ્ણો બલશ્ચ પરવીરહા॥
પ્રહસ્ય નન્દં પિતરં રાજ્ઞાદિષ્ટં વિજજ્ઞતુ: ॥10॥

અક્રૂરનું વચન સાંભળીને શ્રીકૃષ્ણે અને શત્રુના યોદ્ધાઓને હણનાર બલભદ્રે હસીને રાજાએ કરેલી આજ્ઞા પિતા નંદને જણાવી. 10.

એ પ્રમાણે પાંચ પદાર્થો (વિષયો) સાંભળીને, (કંસના) કાલરૂપ શ્રીકૃષ્ણ અને ક્રિયાશક્તિવાળા બલભદ્ર જે 'પરસ્ય' શત્રુના યોદ્ધાઓને હણનાર (કાલના) આવેશવાળા હતા, (તે બે) જેમણે આ કાર્ય માટે જ અવતાર લીધો હતો તેમણે, 'અમારે જે કરવું જોઈએ તે આ(કંસે) જ કર્યું' એમ હસીને, છૂપાવવા જેવું જો છૂપાવવામાં ન આવે તો ભય પામેલા નંદજી (તે બેને મથુરા) જવા જ દે નહિ, તેથી નંદજીમાં પિતાપણું રાખતાં જ (તેમનાથી) છૂપાવવા જેવું છૂપાવીને જ, રાજાએ જે આજ્ઞા કરેલી કે (મલ્લોના) ખેલ જોવા આવજો, તે તેમને 'વિજજ્ઞતુ:' જણાવ્યું. 10.

ગોપાન્ સમાદિશત્ સોપિ ગૃહ્યતાં સર્વગોરસ: ॥
ઉપાયનાનિ ગૃહ્ણીધ્વં યુજ્યન્તાં શકટાનિ ચ॥11॥

તેણે પણ ગોપોને આજ્ઞા કરી કે સર્વ ગોરસ રાખી લો. ભેટો લો, અને ગાડાંઓ જોડો. 11.

પહેલાં (નંદજી કંસ તરફ) વ્હેમવાળા હોવા છતાં પણ, ભગવાનની ઇચ્છાથી તેમણે એટલે નંદજીએ પણ કંસે કરેલ (ગોઠવેલ) ખેલ જોવાને અને સામગ્રી તૈયાર કરવાને ગોપોને આજ્ઞા આપી. ગામમાં કોઈ વાક્ય કહેનાર (સાદ પાડનારો) હતો, તેની મારફત આજ્ઞા કરી એમ (આ) પછીના વાક્ય(શ્લોક)થી જાણવું. તેણે જાહેરાત કરી તેનાં છ વાક્યો '(સર્વ ગોરસ) રાખી લો' (વિગેરે)થી કહે છે.

(1)દહીં તથા દૂધરૂપ બધોએ ગોરસ રાખી લો, એટલે (મથુરા) લઈ જવા જૂદો રાખો. જે પહેલાં કરવું જોઈએ તે (પહેલાં) કહેલું છે, (કારણ કે) તેમ ન કરે તો (થોડી) રાત બાકી રહે ત્યારે દહીં વલોવાઈ જાય, અને દૂધનો (સર્વ) ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરી નાખે. આ ગોપાલો દરેક શક્તિવાળા, અને મંડલના અધિપતિ જેવા મહારાજો હતા.

(2)ગોરસ બધુંએ લેવું એટલું જ નહિ, (પણ) ભેટો પણ લો. સારી રીતે પસંદ કરેલાં વસ્ત્રો અને આભરણો જે ભગવાનના ઉપયોગમાં લેવાય તે આ(કંસ)ની મારફત1 લઈ જવામાં આવ્યાં એટલે તે માટે જ નંદજીએ ઉદ્યમ કર્યો.

(3)એ પ્રમાણે (લઈ જવાના) પદાર્થો એકઠા કરવાનું કહી, 'ગાડાંઓ જોડો' એમ (પદાર્થો લઈ જવાના) સાધનો તૈયાર કરવાનું કહે છે. જે ગાડાંઓ પોતાની મેળે અથવા વાહનથી જઈ શકે તેવાં હોય (તે જોડો). 'જોડવું' એટલે તૈયાર કરવું, 'ચ' 'અને' શબ્દથી રથ વિગેરે પણ (જોડો એમ કહેલું છે). 11.

1.કંસને ભેટ આપવા માટે લઈ જવાના હોવાથી, તેની મારફત લઈ જવામાં આવ્યા એમ કહેલું છે. વસ્તુત: આ ભગવાનના જ ઉપયોગમાં મથુરામાં લેવામાં આવે તે માટે ત્યાં લઈ જવાની આજ્ઞા કરવાની નંદજીની બુદ્ધિ થઈ, એવો ભાવ જણાય છે.

એવું કાર્ય કરવાનું પ્રયોજન નીચેના શ્લોકમાં કહે છે:

યાસ્યામ: શ્વો મધુપુરીં દાસ્યામો નૃપતે રસમ્॥
દ્રક્ષ્યામ: સુમહત્ પર્વ યાન્તિ જાનપદા: કિલ॥
એવમાઘોષયત્ ક્ષત્રા નન્દગોપ: સ્વગોકુલે॥12॥

કાલે આપણે મથુરા જઈશું, રાજાનો રસ (તેને) આપશું. ઘણો મોટો ઉત્સવ જોઈશું. ખરેખર, ગામડાના લોકો જાય છે, એ પ્રમાણે નંદગોપે પોતાના ગોકુલમાં અંત:પુરના અધ્યક્ષથી જાહેરાત કરી. 12.

(4)કાલે જ આપણે મથુરા જઈશું.

(5) 'ત્યારે પોતાનાં ભોજન પૂરતાં જ ગોરસ વિગેરે લેવાનાં છે' એવી શંકા થાય, તેથી 'રાજાનો રસ (તેને) આપશું' એમ કહેલું છે. છઠ્ઠો ભાગ રક્ષણ કરનાર (રાજા)નો જ હોવાથી, તેને અવશ્ય આપવો જોઈએ. તેથી 'રાજાનો' એમ કહેલું છે. પહેલાં રસો (રાજા કંસને) આપવાનું બની શકશે નહિ, એમ માની આપેલા ન હતા, (પરંતુ) અત્યારે તો ક્રૂરપણું તજી દઈ (કંસ) ઉત્સવ માટે બોલાવે છે, તેથી (રસ) આપી શકશે એવું જ્ઞાન થાય છે.

(6)'(કંસે) આગ્રહ કરેલો નહિ હોવાથી, (અને કંસનું આમંત્રણ છતાં ન જવામાં) ભય તો કાંઈ નથી, તેથી શા માટે એ પ્રમાણે જવું? એવી શંકા થાય, તેથી 'ઘણો મોટો ઉત્સવ જોઈશું' એમ કહેલું છે. આ ચૌદશ મોટું પર્વ છે, ભાદરવા (ગુજરાતી શ્રાવણ) વદ આઠમે (ભગવાનને) અગીઆર વર્ષ (પૂરાં) થયાં, અને ત્યાં (મથુરામાં) ધનુષ્યનો યજ્ઞ (પૂજા) કરવામાં આવે છે, તેથી (આપણે) અવશ્ય જવું જોઈએ.

આ(કાર્ય)માં (કંસનું) કપટ નથી એમ 'ગામડાના લોકો જાય છે' શબ્દોથી કહેલું છે. (કપટ નથી) તે વિષયનું પ્રમાણ 'કિલ' 'ખરેખર' શબ્દથી (કહેલું છે). (એ વાત) પ્રસિદ્ધ છે (તેથી કપટ ન હોઈ શકે). આ સાતમા વાક્યમાં પ્રમાણ (જણાવેલ) હોવાથી, (તે) જૂદું કહેલું છે. 'એ પ્રમાણે જાહેરાત કરી' શબ્દોથી એમ કહેલું છે કે (નંદજીએ) જેમ આ વાર્તા દરેક ઘરમાં સાંભળવામાં આવે તે પ્રમાણે પ્રસિદ્ધ કરાવી. 'ક્ષત્ત્રા' એટલે અંત:પુરના અધ્યક્ષથી (જાહેર કરાવી), કારણ કે તે રહસ્ય જાણનારો હોય છે. અથવા જે ગોપો (નંદજીની) પાસે આવેલા હતા તેમને એવી (પોતે) આજ્ઞા કરી, અને પોતાના નેસડામાં તો અંત:પુરના અધ્યક્ષ મારફત આજ્ઞા જણાવી, એવો (અર્થ છે). એવી રીતે સર્વને (ભગવાનમાં) અધિક પ્રેમ થાય તે માટે 'આવતી કાલે ભગવાન્ (મથુરા) પધારશે' એમ જૂદા પ્રકારથી1 જાહેર કર્યું, એમ કહેલું છે. 12.

1.'ભગવાન્ પધારશે' એમ જાહેર ન કર્યું, પરંતુ આપણે બધા ઉત્સવ જોવા જઈશું એવા જૂદા પ્રકારે તે વાત જણાવી, એવો અર્થ છે.

તેથી ગોપીઓને તેમ જ થયું. (તેમનો ભગવાનમાં પ્રેમ વધ્યો) એમ નીચેના શ્લોકથી (આરંભી છ શ્લોકથી) કહે છે:

ગોપ્યસ્તાસ્તદુપશ્રુત્ય બભૂવુર્વ્યથિતા ભૃશમ્॥
રામકૃષ્ણૌ પુરીં નૈતુમક્રૂરં વ્રજમાગતમ્॥13॥

શ્રીકૃષ્ણ અને બલભદ્રને શહેરમાં લઈ જવા અક્રૂર વ્રજમાં આવેલો છે એ સાંભળીને, તે ગોપીઓ ઘણી દુ:ખી થઈ. 13.

'તે' એટલે પહેલાં જણાવેલી (ગોપીઓ), 'એ' એટલે ભગવાન્ જશે એવું (સાંભળીને દુ:ખી થઈ). જો કે લોકો રહેતા હતા ત્યાં કોઈએ (આ વાત) કહી ન હતી, છતાં પણ લોકોની જ વાતચીતથી (તેમણે) સાંભળ્યું, એમ 'સાંભળીને' શબ્દથી કહેલું છે. માત્ર સાંભળવાથી જ તેઓ ઘણી દુ:ખી થઈ. તેઓ પૂરેપૂરી પ્રપંચ રહિત થએલી ન હતી, પરંતુ ભગવાન્ માટે જ પ્રપંચ રહિત થઈ હતી (પ્રપંચનો ત્યાગ કર્યો હતો). તેથી જો ભગવાન્ (ગોકુલથી) જાય, તો પોતાનું કરેલું વ્યર્થ થાય, તેથી તેઓ 'દુ:ખી થઈ' એમ કહ્યું તે યોગ્ય જ છે. જેમ ઘણી પીડા થતાં પ્રાણને દુ:ખ આવી પડે ત્યારે મૂર્ચ્છા પામે, તેવી થઈ એવો અર્થ છે.

'કંસ કોઈ કપટથી (ભગવાનને) બોલાવે છે, એમ જાણી કદાચ ગોપીઓ દુ:ખી થઈ હશે' એવી શંકા થાય, તેથી તે(વી શંકા)ને દૂર કરવા ઉત્તરાર્ધથી (દુ:ખી થવાનું) કારણ કહે છે. બધીએ ગોપીઓને દુ:ખ થયું એમ જણાવવા 'શ્રીકૃષ્ણ અને બલભદ્ર' બંનેનાં નામ આપેલાં છે. બેમાંથી એક (બલભદ્ર) પણ અહિં (ગોકુલમાં) રહે તો ભગવાન્ પાછા આવવાનું બને તેથી બંનેનાં નામ આપેલાં છે (બંનેને લઈ જવા આવ્યો છે એમ કહેલું છે), કારણ કે શહેરમાં જાય તે તરત પાછા આવતા નથી.

'(ભગવાન્ જવાના છે એ વાત) સાચી નહિ હોય' એવી શંકા થાય, તેથી '(લઈ જવા) અક્રૂર વ્રજમાં આવેલો છે' એમ કહેલું છે. 'અક્રૂર' શબ્દથી એમ કહેલ છે કે 'અક્રૂર' (ક્રૂર

નહિ તેવો) એવા નામને લીધે તે (વ્રજમાં) આવી શક્યો છે. એક પ્રકારની ગોપીઓ તો (આ સાંભળીને) મૂર્ચ્છા જ પામી, અથવા પૂરેપૂરી દુ:ખી થઈ. 13.

બીજી(ગોપીઓ)ની સ્થિતિ નીચેના શ્લોકમાં કહે છે:

કાશ્ચિત્તત્કૃતહૃત્તાપશ્વાસમ્લાનમુખશ્રિય: ॥
સ્રંસદ્દુકૂલવલયકેશગ્રન્થ્યશ્ચ કાશ્ચન॥14॥

કેટલીક તેનાથી થએલ હૃદયના તાપવાળા શ્વાસને લીધે કરમાઈ ગએલ મુખની કાંતિવાળી થઈ, અને કેટલીક ઢીલાં પડેલ વસ્ત્ર, બંગડી અને અંબોડાવાળી થઈ. 14.

આ (ગયા શ્લોકમાં તથા આ શ્લોકમાં જણાવેલી ગોપીઓ) (1।3) ત્રણ ગુણોવાળી છે, અને ગુણોથી પર (4)જેમને જ્ઞાન મુખ્ય છે તેવી, અને (5)જેમને ભક્તિ મુખ્ય છે તેવી (મળી) પાંચ પ્રકારની ગોપીઓ છે. તે પૈકી (1) રાજસ(રજોગુણવાળીઓ)ને દુ:ખ થયું1. (2)સત્ત્વગુણવાળીઓ તો (ભગવાન્ જશે એવું) સાંભળીને આ જે હૃદયનો તાપ થયો, તે સહિત આ જે શ્વાસ થયો તેને લીધે કરમાઈ ગએલી છે મુખની કાંતિ જેઓની (તેવી થઈ). જો કે (આ ગોપીઓને) પૂરેપૂરું જ્ઞાન હતું તો પણ તેઓ ગુણવાળી હોવાથી અને આ વિષય (ભગવાનના પધારી જવાથી થતો તાપ) સર્વથી બલવાન હોવાથી, તેઓને હૃદયનો તાપ ઉત્પન્ન થયો જ. તે(તાપ)નું વચલું પરિણામ શ્વાસ અને છેવટનું પરિણામ (મુખની કાંતિનું) કરમાવું છે. (3)બીજીઓ2 વળી (ભગવાન્ પધારી જશે એ) સાંભળીને દૂબળી જ થઈ ગઈ એટલે ઘણા ભયને લીધે (તેઓના) દેહો સૂકાઈ ગયા. તેથી તેઓ ઢીલાં વસ્ત્રોવાળી અને ઢીલી (મોટી પડતી) બંગડીઓવાળી થઈ, અને કેશોમાં પણ અંબોડા ઢીલા થઈ ગયા. આ (શરીરની) અંદરના ભયથી જ દૂબળી પડી ગઈ. આ સર્વ અવયવોમાં દૂબળી પડી, પરંતુ (શરીરના) એક પ્રદેશમાં જ દૂબળી પડી નહિ, તેથી આ જ2 સત્ત્વગુણવાળી છે, એવો કેટલાકનો મત છે. 14.

1.ગયા શ્લોકમાં વર્ણવેલી ગોપીઓ રજોગુણવાળી હતી. તેમને દુ:ખ થયું.
2-2.શ્રીમદાચાર્યચરણના મત પ્રમાણે આ તમોગુણવાળી ગોપીઓ છે. તેથી તમોગુણના કાર્ય ભયને લીધે, તેઓના દેહ સૂકાઈ ગયા. બીજાઓના મત પ્રમાણે આ સત્ત્વગુણવાળી છે. આમને સત્ત્વગુણવાળી બીજાઓ શા માટે કહે છે તે પણ શ્રીસુબોધિનીમાં જ કહેલું છે.

નીચેના શ્લોકમાં (4) જ્ઞાનમાં શ્રદ્ધાવાળી(ગોપી)ઓનું વર્ણન કરે છે:

અન્યાશ્ચ તદનુધ્યાનનિવૃત્તાશેષવૃત્તય: ॥
નાભ્યજાનન્નિમં લોકમાત્મલોકં ગતા ઇવ॥15॥

અને તેમના પછી થએલ ધ્યાનને લીધે જેમની સર્વ ક્રિયાઓ અટકી ગઈ છે તેવી બીજીઓને, જાણે કે આત્મલોકમાં ગએલી હોય તેમ, આ લોકનું ભાન રહ્યું નહિ. 15.

'તેમના' એટલે ભગવાનના 'અનુધ્યાનેન' સ્મરણ પછી પ્રાપ્ત થએલ ધ્યાનને લીધે અટકી ગએલી છે સર્વ ઇન્દ્રિયોની અંત:કરણની અને દેહની ક્રિયાઓ જેમની (તેવી થઈ), અને પછી જાણે કે ગાઢ નિદ્રામાં પડેલી હોય તેમ, તેઓને આ લોકનું ભાન રહ્યું નહિ.

‘દિવસેદિવસે બ્રહ્મલોકમાં જાય છે’ (છાંદોગ્યોપનિષત્ 8।2) શ્રુતિ પ્રમાણે આત્મા જ લોક છે. આનો અર્થ એવો છે કે આ (ગોપીઓ) વાસ્તવિક રીતે સમાધિમાં રહેલી હતી. જેમાં પોતાનું પણ ભાન રહેતું નથી તેવી (આ સમાધિ હતી) એમ જણાવવા ગાઢ નિદ્રાનું દૃષ્ટાંત આપેલું છે. 15.

ભક્ત (ગોપીઓ) (5) તો મૂર્ચ્છા જ પામી, એમ નીચેના શ્લોકમાં કહે છે:

સ્મરન્ત્યશ્ચાપરા: શૌરેરનુરાગસ્મિતેરિતા: ॥
હૃદિસ્પૃશશ્ચિત્રપદા ગિર: સંમુમુહુ: સ્ત્રિય: ॥16॥

અને શૌરિના પુત્રના પ્રેમપૂર્વક મંદ હાસ્યથી પ્રેરાએલી, હૃદયનો સ્પર્શ કરનારી બીજી સ્ત્રીઓ શૌરિની હૃદયનો સ્પર્શ કરનારી, વિચિત્ર પદોવાળી વાણીનું સ્મરણ કરીને મૂર્ચ્છા પામી. 16.

‘બીજીઓ’ એટલે કોઈ પણ સમયે જેમણે બીજા ઉપર પ્રેમ કરેલ ન હતો તેવી (ભગવાનની) સેવક બનેલીઓ. ‘ચ’ ‘અને’ શબ્દથી એમ કહેલું છે કે હૃદયમાં (તેઓ ભગવાનનું) દર્શન પણ કરતી હતી. તેથી જ પ્રેમપૂર્વક ‘સ્મિતેન’ મંદ હાસ્યથી ‘ઈરિતા:’ પ્રેરાએલી હતી. ભક્તોને પરમાનંદનું દાન કરવા (ભગવાનનો તેઓમાં) ઘણો પ્રેમ હોય છે, અને (તેઓ) જુદાજુદા રસ પ્રાપ્ત કરે તે માટે (ભગવાન્) સ્મિત કરે છે એટલે તે(સ્મિત)થી તેઓ પોતાની સ્થિતિમાંથી ચલિત થાય છે. આ (ગોપીઓ) ભગવાનના હૃદયનો સ્પર્શ કરનારી છે, એ (ભગવાન્) તે પ્રમાણે (સ્મિત) કરે છે તેનું કારણ છે. અથવા (આ ‘હૃદયનો સ્પર્શ કરનારી’ શબ્દ) ‘વાણી’નું વિશેષણ છે. પહેલાં (આ ગોપીઓને) ઘણું સુખ થાય તે માટે ભગવાને જે વાણી ઉચ્ચારેલી, તેનું સ્મરણ કરીને તેઓ મૂર્ચ્છા પામી એવો (અર્થ છે). ‘ચિત્રાણિ’ એટલે વિચિત્ર પદો (શબ્દો) છે જેમાં તેવી (તે વાણી હતી). ‘હું કોઈપણ સમયે ત્યાગ નહિ કરું,’ ‘તું પ્રાણરૂપ છે’ વિગેરે પદો જ (તે વાણીમાં હતાં), પરંતુ વાક્યો ન હતાં, કારણ કે વાક્યનો અર્થ (તેમાં) ન હતો, તે સમયે (તે વાણી) પદોના અર્થનું સ્મરણ કરાવનારી હોવાથી, તે પદો જ વાણી (હતી), અને (તે વાણીનું) સ્મરણ કરીને તેઓ ‘સમુમુહુ:’ મૂર્ચ્છા પામી, એવો અર્થ છે. ‘ભગવાન્ (મથુરા) પધારે છે’ એમ સાંભળીને, અને ‘હું જઈશ નહિ’ એવું (તેમનું) પહેલાંનું વચન સાંભળીને, બંને (પરસ્પર) વિરુદ્ધ હોવાથી, (બેમાં સત્ય કયું એનો) નિશ્ચય કરવા પ્રયત્ન કરતાં, નિશ્ચય નહિ થવાથી મૂર્ચ્છા જ પામી, એવો અર્થ છે. 16.

વળી બીજી બધીએ ભેગી થઈ (એકબીજીનું) જીવન નભાવવા વિરહનાં વાક્યો કહ્યાં, એમ (વાક્યોના) વિષય અને ક્રિયાના ભેદથી1 નીચેના બે શ્લોકો કહે છે:

ગતિં સુલલિતાં ચેષ્ટાં સ્નિગ્ધહાસાવલોકનમ્॥
શોકાપહાનિ નર્માણિ પ્રોદ્દામચરિતાનિ ચ॥17॥
ચિન્તયન્ત્યો મુકુન્દસ્ય ભીતા વિરહકાતરા: ॥
સમેતા: સંઘશ: પ્રોચુરશ્રુમુખ્યોઽચ્યુતાશયા: ॥18॥

મુકુંદની ગતિ, મનોહર ચેષ્ટા, પ્રેમવાળી હાસ્યપૂર્વક દૃષ્ટિ, શોક મટાડનારાં, ઠઠ્ઠામશ્કરીનાં વચનો અને સ્વચ્છંદ ચરિતોનું ચિંતન કરતી, ભય પામેલી, વિરહથી દીન બનેલી, મુખ ઉપર આંસુવાળી, અને અચ્યુતમાં ચિત્તવાળીઓએ ટોળામાં ભેગી થઈ (નીચે પ્રમાણે) કહ્યું. 17-18.

પોતાની નજીક પધારતા ભગવાનની ગતિનું ચિંતન કરતી, પછી આલિંગન વિગેરેરૂપ ઘણી મનોહર ચેષ્ટા(નું ચિંતન કરતી), પછી કામલીલામાં આ જે પ્રેમવાળી હાસ્યપૂર્વક (હસીને કરેલી) દૃષ્ટિ(નું ચિંતન કરતી), એ પ્રમાણે કરીને કેટલાક સમય સુધીના વિયોગ પછી (ભગવાન્) ફરી પધારે ત્યારે તેમના પહેલાંના વિરહથી આ જે શોક થએલ તે મટાડવાની શક્તિવાળાં (તેમના વાક્યો)નું અને તેમના 'નર્માણિ' ઠઠ્ઠામશ્કરીનાં વાક્યો(નું ચિંતન કરતી), પછી મદવાળા હાથીની પેઠે ઘણાં જ 'ઉદ્દામ' એટલે જેનું બંધન તૂટી ગએલ છે તેવાં સ્વચ્છંદ લીલારૂપ ભગવાનના જે ચરિતો તેમ(નું ચિંતન કરતી), (અને) 'ચ' 'અને' શબ્દથી જણાવેલાં બીજાં પણ (ભગવાને) મધ્યે કરેલાં (ચરિતોનું ચિંતન કરતી ગોપીઓ ટોળામાં ભેગી થઈ). 17.

'આ વ્યભિચારિણી જેવી (શાસ્ત્રે) મના કરેલ વિષયમાં આસક્તિવાળી સ્ત્રીઓનું એમ કેમ વર્ણન કરવામાં આવે છે?' એવી શંકા થાય, તેથી 'મુકુંદની' શબ્દ યોજેલ છે. (આ ગોપીઓને) મોક્ષ પ્રાપ્ત થાય તે માટે મોક્ષ આપનારની આ લીલાઓ છે. પછી (ભગવાન્ જશે એમ સાંભળ્યા પછી) પોતાના સર્વસ્વ (સર્વ ધન)રૂપ પહેલાંની સ્થિતિ (હવે) નષ્ટ થઈ, એમ તેઓ ઘણો ભય પામી. તેઓમાં ધીરજ વિગેરે રહ્યાં નહિ, એમ જણાવવા 'વિરહથી દીન બનેલી' વિશેષણ યોજેલું છે. થોડો વિરહ થતાં પણ ઠંડીથી ભય પામેલાની પેઠે, તેઓ ઘણી જ દીન (લાચાર) થતી હતી. પછી બધી એકસરખા સ્વભાવ અને દુ:ખવાળીઓ એકએક સાથે મળી, જુદાંજુદાં ટોળામાં મળી, વીશ2 પ્રકારની ઘણાં પ્રેમવાળી તે પ્રેમને દર્શાવનાર આંસુ પાડનારી થઈ. કામથી ઘેરાએલા ચિત્તવાળીઓ પણ એવી હોય, તેથી (આ ગોપીઓ) તેવી ન હતી એમ જણાવવા 'અચ્યુતમાં ચિત્તવાળીઓ' કહેલી છે. (તેવી અચ્યુતમાં ચિત્તવાળી થઈ) એકબીજાનું જીવન નભાવવા તેમણે નીચે પ્રમાણે કહ્યું. 18.

1.સત્તરમા શ્લોકમાં આ ગોપીઓના વાક્યનો વિષય, એટલે કઈ બાબતનાં વાક્યો તે બોલી તે કહેલ છે, અને અઢારમા શ્લોકમાં તેઓની ક્રિયા, એટલે તેમણે શું કર્યું તે કહેલું છે.

2.અઠ્ઠાવીસમા અધ્યાયમાં ઓગણીશ પ્રકારની ગોપીઓ જણાવેલી છે તેમાં 'તામસતામસી' નથી. અહિં તે 'તામસતામસી' પણ છે, તેથી અહિં વીશ પ્રકારની ગોપીઓ કહેલી છે. (લે)

આ (અહિં ગોપીઓ કહે છે તે) વાક્યોથી ભગવાનનું ચરિત્ર સ્પષ્ટ જણાય છે, તેથી તે ફરીથી (જૂદું) કહેલું નથી. (તામસોનો) નિરોધ પૂરો થયો ત્યાં1 બાર જોડકાંરૂપ (શ્લોક બોલનાર બાર પ્રકારની ગોપીઓ) કહેલી છે, તેવી જ આ (ગોપીઓ) હોવાથી તેમનાં બાર પ્રકારનાં વચનો2 કહેવામાં આવે છે. અહિં ઠપકો આપવા યોગ્ય (1)પ્રથમ બ્રહ્મા છે કે જેનાં વાક્યથી ભગવાન (ભૂતલ ઉપર) પધાર્યા, (2)પછી ભગવાન્ (3)પછી અક્રૂર, (4)સામાન્ય

રીતે બધાએ, (5) પછી સગાંઓ અને (6)પછી પોતાનો (ગોપીઓનો) આત્મા. એ પ્રમાણે છ પ્રકારનાં (ઠપકો આપવા યોગ્ય છે). તે પૈકી આરંભમાં નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી બ્રહ્માને ઠપકો આપે છે:

॥ગોપ્ય ઊચુ:॥ ગોપીઓ કહે છે:

અહો વિધાતસ્તવ ન ક્વચિદ્દયા સંયોજ્ય મૈત્ર્યા પ્રણયેન દેહિન:॥
તાંશ્ચાકૃતાર્થાન્ વિયુનંક્ષ્યપાર્થકં વિક્રીડિતં તેર્ભકચેષ્ટિતં યથા॥19॥

અહો! હે વિધાતા! તને કોઈની પણ દયા નથી. દેહીઓને મિત્રતાથી અને પ્રેમથી ભેગાં કરી, કૃતાર્થ નહિ થએલા જ તેમને તું વિખૂટાં પાડે છે. તારી રમત બાલકની ચેષ્ટાની પેઠે અર્થ વિનાની છે. 19.

અવિવેકો દુરાત્મત્વં દત્તાપહરણં તથા॥કા. 5॥
ત્રિદોષં બ્રહ્મણ: પ્રાહુર્વ્યવહારાદ્ યત: કૃતમ્॥

1.અવિવેક (19)3, 2.દુષ્ટપણું (20) અને 3.આપેલું પાછું લેવું તે. (21). એવા ત્રણ બ્રહ્માના દોષ (ગોપીઓ) કહે છે, કારણ કે (આ દોષો બ્રહ્માના) કાર્ય(ધંધા)ને લીધે (તેને) થએલા છે. કા. 5II.

આરંભમાં આ શ્લોકમાં અવિવેક કહે છે. જગતના રચનાર, વેદ જેમની અંદર રહેલા છે તેવા બ્રહ્મામાં પણ અવિવેક છે એમ આશ્ચર્ય દર્શાવવા 'અહો!' શબ્દ યોજેલો છે.

'મેં (બ્રહ્માએ) તો (તમને ભગવાન્ સાથે) ભેગાં જ કર્યા છે, વિયોગ કરનારો તો (કોઈ) બીજો જ છે' એવી શંકા થાય, તેથી 'હે વિધાતા!' એવું સંબોધન કરેલું છે. સર્વનું વિધાન (ગોઠવણી) કરે (તે વિધાતા), એટલે (સંયોગ કરાવવો અથવા વિયોગ કરાવવો એમાં) કાંઈ ભેદ નહિ હોવાથી વિયોગ કરાવનાર પણ તું (બ્રહ્મા) જ છે.

'ત્યારે (વિયોગ થાય તે) યોગ્ય જ છે' એવી શંકા થાય, તેથી 'તને કોઈની પણ દયા નથી' એમ કહેલું છે. (પોતે) ઉત્પન્ન કરેલાં પોતાના બાલકરૂપ શિખામણ આપવા માટે સજા કરવા યોગ્ય (સંતાનો) ઉપર પણ કોઈવાર દયા થાય છે (આવે છે), તેથી કોઈ (સજા કરવા) શરીર જ છેદે છે, કોઈ દ્રવ્ય (લઈ લે છે), કોઈ આ લોક અને પરલોક (હરે છે) અને કોઈ વિષયો (આનંદ આપનાર પદાર્થો) લઈ લે છે (પણ બધું હરતા નથી). અમારું તો સર્વ ભગવાન જ છે તેથી તને જો કોઈ પણ અંશથી (જરાપણ) દયા હોય તો (જે અંશ ઉપર દયા હોય) તે અંશ રાખવા માટે ભગવાનને (તું અમારી પાસે) રહેવા દેત; પરંતુ તેમ કરતો (ભગવાનને અમારી પાસે રહેવા દેતો) નથી, તેથી તને કોઈ(અંશ)ની પણ દયા નથી.

'તમારા (ગોપીઓના) અદૃષ્ટથી જ ભગવાન્ તમને પ્રાપ્ત થયા, તે (અદૃષ્ટ) જતું રહેવાથી (ભગવાન્) પધારી જાય છે' એવી શંકા થાય, તેથી 'મિત્રતાથી ભેગા કરી' શબ્દો યોજેલા છે. ભગવાન્ સાથે જીવોનો સંયોગ થવાનું કારણ અદૃષ્ટ નથી, કારણ કે (સંયોગ) વિયોગ(ની સ્ફૂર્તિ)થી જ4 થાય છે. તે (ભગવાન્) અંતર્યામી અને આત્મા છે. તેમને પ્રાર્થના કરી, તેમનો બહાર આવિર્ભાવ કરાવી5, (કોઈ પણ જાતના) સહજ સંબંધ વિના જ તેમને

મિત્રતાથી (જીવ સાથે) ભેગાં કરી, ભગવાનના સંયોગનું ફલ નહિ મળવાને લીધે કૃતાર્થ નહિ થએલા જ તે જીવોને પાછા (ભગવાનથી) 'વિયુનંક્ષિ' તું વિખૂટા પાડે છે. 'તે જો પિતૃલોક (પ્રાપ્ત કરવા)ની ઇચ્છાવાળો થાય' (છાંદોગ્યોપનિષત્ 8।1) વિગેરે શ્રુતિમાં સર્વ કામનાઓ પ્રાપ્ત થવાનું કહેલું છે. તે જ પ્રમાણે 'આનંદમય આત્માને પ્રાપ્ત કરીને...' તૈત્તિરીયોપનિષત્ 3।। વિગેરે શ્રુતિમાં ફરીથી (સંસારમાં) આવવાનું ન થવાનું પણ કહેલું છે. અહિં તો હવે (ભગવાનથી વિખૂટા થયા) પછી કોઈ પણ મનોરથ ફલશે નહિ, અને (સંસારમાં) આવવાનું થશે6. તેથી સર્વ પ્રકારે ઇચ્છેલા7 જે ભગવાન્ તેમના વિયોગને લીધે કૃતાર્થ નહિ થએલા જ અમો જીવોને 'વિયુનંક્ષિ' તું વિખૂટા પાડે છે. જો અમને (ભગવાનથી) છૂટા પાડવામાં તારો કાંઈ પણ પુરુષાર્થ ફલતો હોય તો આ એમ પણ થાય (તું અમને વિખૂટા પાડ પણ ખરો;) તેથી (તારો કોઈ પુરુષાર્થ ફલતો નહિ હોવાથી) તારું 'વિક્રીડિતં' અમુક રમતરૂપ આ (કાર્ય) બાલકની ચેષ્ટા જેવું થાય છે, એટલે (જેમ બાલક) અલૌકિક પણ કાર્ય કરીને, માટી વિગેરેની બનાવેલી ઉત્તમ મૂર્તિ પણ કરીને ક્ષણમાં જ તેને દૂર કરે છે (ભાંગી નાખે છે) (તેવું આ તારું કાર્ય થાય છે) એમ બ્રહ્માનો પણ અવિવેક જણાવેલો છે. 19.

1.(દશમસ્કંધના) બત્રીસમા અધ્યાયમાં, એવો અર્થ છે. (લે)

2.ઓગણીસમાંથી ત્રીસમા સુધીના બાર શ્લોકો.

3.જેટલામા શ્લોકમાં એ અર્થ જણાવેલ છે તે શ્લોક જણાવનાર આંકડા કૌંસમાં મૂકેલા છે.

4.સંયોગ વિયોગની સ્ફૂર્તિ થવાથી થાય છે, એવો અર્થ છે. અહિં એવો ક્રમ છે કે શરણમંત્રના ઉપદેશથી ભગવાનમાં પ્રેમ થાય છે અને તેથી આટલા સમય સુધી જે શ્રીકૃષ્ણનો વિયોગ રહ્યો તેનાથી જેનામાં તાપ, ક્લેશ અને આનંદનો તિરોભાવ ઉત્પન્ન થએલા છે તેવો હું (જીવ) છું એવું જ્ઞાન થાય છે. (શરીરની) અંદર દુ:ખ થાય તે તાપ, અને બહાર દુ:ખ થાય તે ક્લેશ, એવો (તાપ અને ક્લેશમાં) ભેદ છે. (ભગવાનથી) છૂટા પડવાથી તાપ થાય છે, અને પછી આસન્યના સંબંધથી ક્લેશ થાય છે, પછી આનંદનો પૂરો તિરોભાવ થાય છે, એવો ક્રમ છે. આટલું જ્ઞાન થયા પછી આનંદ પ્રાપ્ત કરવા પ્રયાસ કરતાં, ઉપર જણાવેલ ધ્યાનમાં રાખી, તિરોહિત થએલ આનંદ પ્રાપ્ત કરાવવાની પણ શક્તિવાળા, આનંદરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણને જીવ પોતાનું સર્વ સમર્પણ કરે છે. જીવ વાસ્તવિક રીતે ભગવાનનો દાસ હોવાથી, પહેલાં જે દાસપણું પ્રાપ્ત થએલ તે ફરી તે જણાવે છે. તેથી જ પોતે પહેલાં પણ ભગવદીય હોવાથી અને દેહ (ઇન્દ્રિય, પ્રાણ, અંત:કરણ અને તેમના ધર્મો જ) બીજાના હોવાથી, તેમનું (દેહ વિગેરેનું સમર્પણ મુખ્ય છે. તેથી જ સમર્પણમાં 'આત્માની સાથે' તેમનું સમર્પણ કરે છે અને પછી સર્વ પ્રકારે ભગવાનનો થઈ રહે છે. આમ થતાં સ્વરૂપ (પ્રાપ્ત કરવા) યોગ્ય થાય છે, અને પછી ભગવાનની કૃપાથી તેમની સાથે સંયોગ થાય છે. (લે)

5.બ્રહ્માએ પહેલા અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે ભગવાનની સ્તુતિ કરી, ભગવાનનો ભૂતલ ઉપર આવિર્ભાવ કરાવ્યો તે કહેલું છે.

6.પ્રલય સમયે ભગવાનમાં જ જીવનો લય થાય છે તેથી સૃષ્ટિ કરવાનો સમય સૂચવવા કાલમાં વર્ષનો વિભાગ જણાવેલો છે. ભગવાન્ જશે, અને અમે પણ આવશું એવો અર્થ છે. (લે)

7.જે ભગવાન્ અમારા ઇચ્છેલા છે, તેમનો વિયોગ રહેવાથી અમે કૃતાર્થ થએલા નથી, એવો અર્થ છે. પિતૃલોક વિગેરે અમારા ઇચ્છેલા નથી. ભગવાન જ અમારા ઇચ્છેલા છે, તેમને તો તું અમારાથી વિખૂટા પાડે છે. તેથી અમારો કોઈ પણ મનોરથ ફલશે નહિ, એવો અર્થ છે. (લે)

વળી (બ્રહ્માનો) માત્ર અવિવેક છે. એટલું જ નહિ, પરંતુ તે અયોગ્ય (દુષ્ટ) (કાર્ય) પણ કરે છે, એમ નીચેના શ્લોકમાં કહે છે:

યસ્ત્વં પ્રદર્શ્યાસિતકુન્તલાવૃતં મુકુન્દવક્ત્રં સુકપોલમુન્નસમ્॥
શોકાપનોદસ્મિતલેશસુન્દરં કરોષિ પારોક્ષ્યમસાધુ તે કૃતમ્॥20॥

જે તું કાળા કેશોથી ઘેરાએલું, સુંદર કપોલવાળું, ઊંચી નાસિકાવાળું શોકને દૂર કરનાર થોડા મંદ હાસ્યને લીધે સુંદર, મુકુંદનું મુખ દેખાડીને અદૃશ્ય કરે છે (તે) તારું કાર્ય દુષ્ટ છે. 20.

અમારા ઉપર ઉપકાર કરવા, (અમારો) શોક દૂર કરવા અથવા (અમને) મોક્ષ મળે તે માટે તેં અમને ભગવાનનાં મુખારવિંદના દર્શન કરાવેલાં1. તેનાં દર્શન થતાં ન હતાં તે સમયે અમને થોડો જ શોક વિગેરે થતાં, (અને) હમણાં તો વધારે થાય છે, તેથી તેં જે કાંઈ કરેલ છે તે પણ દુષ્ટ જ (કાર્ય) કરેલ છે. જેમ મોહ કરાવનારો સારો લાગતો (પદાર્થ) દેખાડીને અયોગ્ય કાર્ય કરે છે તેવો તું છે (એમ) સિદ્ધ કરે છે. પહેલાં તો જેનાથી મોક્ષ (પ્રાપ્ત) થાય જ, તેવું મુકુંદનું એટલે મોક્ષ આપનારનું મુખ મુખ્ય પદાર્થ છે, (અને) તે પણ ઘણાએ સર્વજ્ઞો(સર્વ જાણનાર જ્ઞાનીઓ)થી ઘેરાએલું છે, એમ 'કાળા કેશોથી ઘેરાએલું' વિશેષણથી કહે છે. કાળા કેશથી ઘેરાએલું કહેલ હોવાથી, પોતાને (મુખારવિંદ પ્રાપ્ત કરવાનો) અધિકાર ન હોય તો પણ તે પ્રાપ્ત થાય છે, એમ સૂચવેલું છે, કારણ કે આ (કેશ) ચારે તરફ ઘેરીને રહેલો કામરસ જ છે. પછી (વળી) તે સારા કપોલવાળું એટલે રસનો અનુભવ (કરવા) યોગ્ય છે. 'ઊર્ધ્વા' ઊંચી 'નાસિકા' નાસિકા છે જેમાં તેવું હોવાથી રસથી ભરેલું હોવાથી સંપૂર્ણ રીતે ખીલેલાં રૂપવાળું છે. થોડું જ મંદ હાસ્ય શોકને દૂર કરનારું છે, એમ તેના થોડા જ ધર્મ(ગુણ)થી પણ શોક વિગેરે તો દૂર થઈ જાય છે એમ કહે છે, અને તેવા(થોડાં હાસ્ય)ની પણ અહિં (ભગવાનના મુખમાં) સુંદરતા (કરવા)માં જ સમાપ્તિ થાય છે. આવું સદા દર્શન કરવા યોગ્ય મુખ તું 'પારોક્ષ્યં' એટલે પરોક્ષ (ન દેખાય તેવા પદાર્થ)ના ધર્મવાળું કરે છે, કારણ કે જેનું સ્વરૂપ માત્ર દર્શન કરાવવાનું જ છે, તેવું ભગવાનનું મુખારવિંદ પોતાની મેળે અદૃશ્ય ન જ થાય; પરંતુ તું અસ્પષ્ટ(ન જણાય તેવા)ને પણ સ્પષ્ટ કરે છે, એવી રીતે આને (જેનાં દર્શન થાય તેવાં ભગવાનનાં મુખારવિંદને) પણ ઉલટું (અદૃશ્ય) કરે છે. તે (અસ્પષ્ટને સ્પષ્ટ કરવાનું) તો સર્વ ઉપર ઉપકાર કરનારું હોવાથી, તારું કૃત્ય સારું છે, પરંતુ આ (ભગવાનના

મુખારવિંદને અદૃશ્ય કરવાનું) તો દુષ્ટ છે. વધારે કહેવાથી શું (લાભ)? 'તે' તારા માટે પણ (આ કૃત્ય) દુષ્ટ છે, (એટલે) આ (તારા કર્મથી) તને પણ ઇચ્છેલું (ફલ) પ્રાપ્ત થશે નહિ એવો ભાવ છે. તેથી જ ભગવાન્ બ્રહ્મલોક (બ્રહ્માના પ્રદેશ)ના માર્ગે પધારી ગયા ન હતા2. 20.

1.અધ્યાય પહેલામાં બ્રહ્માએ પ્રાર્થના કરી, તેથી ભગવાને ભૂતલ ઉપર અવતાર લીધેલો હોવાથી, બ્રહ્માએ જ ભગવાનનાં મુખારવિંદનાં દર્શન સર્વને કરાવ્યાં એમ કહેલું છે.

2.ભગવાન્ ભૂતલ ઉપરથી પોતાના ધામમાં પ્રભાસીય લીલામાં પધાર્યા, ત્યારે બ્રહ્મલોકના માર્ગથી પધાર્યા ન હતા, (જૂઓ 11।। થી 10).

'અક્રૂર જ ભગવાનને લઈ જાય છે, તેથી મને કેમ આ પ્રમાણે ઠપકો આપો છો?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

क्रूरस्त्वमक्रूरसमाख्यया स्म नश्चक्षुर्हि दत्तं हरसे बताज्ञवत्॥
येनैकदेशेखिलसर्गसौष्ठवं त्वदीयमद्राक्ष्म वयं मधुद्विषः ॥21॥

અરે! તું ક્રૂર જ અક્રૂર નામથી અમને આપેલું ચક્ષુ, જેનાથી અમે મધુના વૈરીના એક ભાગમાં તારી બધી સૃષ્ટિનું સૌંદર્ય જોતાં હતાં, તે અજ્ઞાનીની પેઠે લઈ જાય છે. 21.

જે(ભગવાન)ને તું લાવેલ, અને જે તારા વાક્યથી (ભૂતલ ઉપર) પધારેલા, તેમને અક્રૂર લઈ જઈ શકે નહિ. તેથી ભગવાનને લઈ જતો હોવાથી ક્રૂર અંત:કરણ- વાળો હોવા છતાં, બીજી રીતે (ગોકુલમાં) પ્રવેશ થશે નહિ એમ (માની), ભદ્રા નક્ષત્ર અને મંગલવારની1 પેઠે 'હું અક્રૂર છું' એવું ઉલટું નામ ધારણ કરી, લોકમાં નિંદા ન થાય તે માટે તે (અક્રૂરના) રૂપથી તું જ (તેમને) લઈ જાય છે. 'ચક્ષુના ચક્ષુ' (કેનોપનિષદ્ 1। શ્રુતિ પ્રમાણે ભગવાન્ ચક્ષુના ચક્ષુ છે, અને આ અર્થ (વિષય, વાત) શાસ્ત્રથી સાબિત થએલ હોવાથી યોગ્ય છે. વળી આ (ભગવાન્) ચક્ષુ સર્વને જણાએલ નથી, પરંતુ તેં જ અમને ખાસ કરીને આપેલું છે. દેવો વિગેરે પણ આપેલું ચક્ષુ લઈ લેતા નથી, પરંતુ બીજાએ લઈ લીધેલું (હોય તો પણ) પાછું આપે છે. 'અરે!' શબ્દ ખેદ જણાવવા યોજેલો છે. આ (ભગવદ્રૂપ ચક્ષુ) વિના (અમે) તદ્દન આંધળાં જ થઈશું. (અમારું) પ્રાકૃત ચક્ષુ તો આ (ચક્ષુ) મળતાં જતું રહ્યું. તેથી (આ ચક્ષુ લઈ જવું તે) ઘણું જ અપકારરૂપ હોવાથી, (તારે) લઈ લેવું જોઈએ નહિ, એવો ભાવ છે.

'જેઓ જે (કાર્ય) કરવા તૈયાર થએલા છે તેઓ તે કરશે જ. તેથી ઠપકો (આપવો) નકામો જ છે' એવી શંકા થાય, તેથી, 'અજ્ઞાનીની પેઠે' શબ્દ યોજેલ છે. આ વિષયમાં (ચક્ષુ લઈ જવામાં) તેં યોગ્ય વિચાર કરેલો નથી, તેથી (તને) વિવેક2 શીખવવો જોઈએ, એટલે ઠપકો (આપવો) યોગ્ય જ છે, એવો અર્થ છે. વળી આ ચક્ષુથી તારું પણ મોટું કામ સફલ થશે, એમ ઉત્તરાર્ધથી કહે છે, કારણ કે તેં જે સૌંદર્ય રચેલું છે તે કોઈક સ્થલે (તારે) દેખાડવાનું છે. 'આ સર્વ (જગતને એક ભાગમાં) ધારણ કરીને (હું રહેલો છું).' (ભગવદ્ગીતા 10।) વાક્ય પ્રમાણે તે સૌંદર્યનું મૂલ ભગવાન જ હોવાથી, બધાએ (લોકો) સમૂહથી (એક સાથે) તે(સૌંદર્ય)ને ભગવાનના અવયવમાં જ જોઈ શકે, કારણ કે (ભગવાનના) એક ભાગમાં જ જગત્ (રહેલું) છે, અને તે(જગત)ના પણ એક પ્રદેશમાં જ સૌંદર્ય રહેલું છે. રૂપ ગ્રહણ

કરી (જોઈ) શકાય, તે માટે જ ચક્ષુ બનાવેલું છે, (અને) રૂપ તો અહિં (ભગવાનમાં) જ છે. વ્યવહાર તો આંધળાઓનો પણ થાય છે (ચાલે છે). તેથી જ જે ચક્ષુના ચક્ષુથી તારી જ બધી સૃષ્ટિનું સૌંદર્ય અમે જોતાં હતાં (તે તું લઈ જાય છે). વળી અમે (ગોપીઓ) શ્રુતિરૂપ છીએ. (તેથી) બીજી રીતે (અમે શ્રુતિરૂપ પણ નહિ જોઈ શકીએ તો) તેં કરેલું પ્રમાણ વિનાનું જ થશે. 'મધુના વૈરી' શબ્દથી (એમ જણાવેલું છે કે) ભગવાન્ તારા ઉપર પણ ઉપકાર કરનારા છે. તે અહિં(વ્રજમાં) રમણ કરે છે, (અને) તે (રમણ)માં વિઘ્ન કરવું તે પણ તારા માટે અયોગ્ય જ છે, એવો અર્થ છે. 21.

1.ભદ્રા એટલે (ભરણી) નક્ષત્ર અને મંગલવાર બંને નામ પ્રમાણે સારા જણાય છે. બંનેનો અર્થ 'સારા' થાય છે, છતાં બંને અપશુકનવાળા, અનિષ્ટ કરનાર છે. તેવી રીતે સારા હોવાનો ડોળ રાખનાર દુષ્ટ આવી જાય તે પ્રમાણે.

2.'વિવેક' એટલે સારું અથવા ખરાબ, ખરું અથવા ખોટું જાણવાની શક્તિ. અવિવેક, એટલે એવી શક્તિનો અભાવ.

એ પ્રમાણે બ્રહ્માને ઠપકો આપી, સ્વતંત્ર ભગવાન્ બ્રહ્માને ગણકારતા નથી એવી શંકા થવાથી, નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી ભગવાનને ઠપકો આપે છે:

ન નન્દસૂનુ: ક્ષણભઙ્ગસૌહૃદ: સમીક્ષતે ન: સ્વકૃતાતુરા બત॥
વિહાય ગેહાન્ સ્વજનાન્ સુતાન્ પતીન્ સ્વદાસ્યમદ્ધોપગતા નવપ્રિય: ॥22॥

અરે! ક્ષણમાં નાશ પામે તેવી મૈત્રીવાળા, નવિન જેમને પ્રિય છે તેવા નંદના પુત્ર, પોતાને લીધે લાચાર બનેલી, ઘર સગાંઓ પુત્રો અને પતિને તજીને ખચિત પોતાનો જ દાસભાવ પ્રાપ્ત કરેલી આપણનો વિચાર પણ કરતા નથી. 22.

જો1 કે ભગવાન્ (તેમને પ્રાપ્ત કરવાના જુદાજુદા)માર્ગો બનાવીને પાતે તટસ્થ જ રહે છે, અને દૂર રહીને કાંઈક કરે છે પરંતુ પુરેપુરું કરતા નથી, છતાં પણ શરણમાર્ગમાં તેમણે કાંઈ કરેલ નથી. શાસ્ત્રો પણ (કર્યા) નથી, તેમ જ સાધનો પણ (કરેલાં) નથી. પ્રમાણ2 (માર્ગ)ના વાક્યમાં પણ 'હું તને સર્વ પાપોથી છોડાવીશ' એમ પ્રમેયનું2 બલ જ જણાવેલું છે. તેથી (તે) ઠપકાને પાત્ર છે જ.

વળી (તે) નંદના પુત્ર છે. ભક્ત (નંદ) ઉપર કૃપા કરી ભક્તિમાર્ગમાં પણ નંદના પુત્ર થયા. (પ્રેમમાં) પ્રવૃત્તિ નહિ કરાવનાર (નંદ) માટે જ્યારે આટલું કરે છે, તો પછી આપણા મનોરથો (સિદ્ધ) થાય તે માટે (મથુરા જવામાં) વિલંબ કેમ કરતા નથી, એવો (અર્થ છે). તેથી જ ઘણું કરી (ભગવાનની) બીજામાં આસક્તિ થઈ છે, એમ 'ક્ષણમાં નાશ પામે તેવી મૈત્રીવાળા' વિશેષણથી કહેલું છે, એટલે ક્ષણમાં જ નાશ થાય જેનો, તેવી મૈત્રી છે જેમની, તેવા ભગવાન્ છે. તેવા ન હોત તો (આપણો) વિચાર પણ કરત. તેથી (ક્ષણમાં નાશ પામે તેવી મૈત્રીવાળા હોવાથી) જ ન 'સમીક્ષતે' સારી રીતે (આપણને) જોતા પણ નથી, કારણ કે જેમ(ના માટે)ની મૈત્રીનો નાશ થયો હોય તેમને (કોઈ) જોતું નથી. (આપણા તરફ) જોવું જ જોઈએ એ વિષયનું કારણ 'પોતાને લીધે લાચાર બનેલી' વિશેષણથી કહેલું છે. (આપણે)

‘સ્વકૃતે’ ભગવાનને લીધે જ ‘આતુરા:’ દીન (લાચાર) (બનેલી છીએ) ‘અરે!’ શબ્દ ખેદ જણાવવા યોજેલો છે. કર્મમાર્ગમાં પણ, લૌકિકમાં પણ જેઓ પોતાને લીધે લાચાર થએલ હોય તેમને (તેમના તરફ) સારી રીતે જોવામાં આવે છે. જ્ઞાનમાર્ગ માં તો (ભગવાન્) આત્મા હોવાના કારણથી જ સદા પ્રકાશ થાય છે (રહે છે), એટલે (ભગવાનનો આ સમયે) બહાર આવિર્ભાવ થએલો હોવાથી, તે પક્ષ(માર્ગ)નો ભગવાને જ ત્યાગ કરેલો છે.

(ગોપીઓ) પોતે શરણમાર્ગના અધિકારવાળી છે એમ ‘(ઘર સગાંઓ પુત્રો અને પતિને) તજીને’ શબ્દથી કહેલું છે. ‘સર્વ ધર્મોનો ત્યાગ કરીને’ (ભગવદ્ગીતા 18।) એવો (આનો) અર્થ છે. ઘરનો ત્યાગ કહેવાથી તે(ઘર)ના ધર્મોનો ત્યાગ કહેવાઈ જ ગયો. બહારના (ત્યાગ કરવાના) ચાર છે, અને (શરીરની) અંદરના3 તેટલા જ3 છે. બહારનાનો પૂરેપૂરો ત્યાગ જ કરવો, (પણ) અંદરનાને દાસધર્મ (થઈ શકે તે) માટે રાખવા, એવો (ભાવ છે). બહારનાઓને ગણાવે છે. (1)ઘર ઉપર જણાવ્યું. (2)‘સ્વજના:’ એટલે સગાંઓ. (3)પુત્રો એટલે પોતામાંથી ઉત્પન્ન થએલા. (4)પતિ એટલે વશ રાખનાર. આ (અનુક્રમે આપણાથી) (1)જુદા હોવાને લીધે, (2)(શરણમાર્ગમાં) વિઘ્ન કરનાર હોવાને લીધે, (3)સ્વતંત્ર હોવાને લીધે અને (4)પોતે જ (આપણો) ભોગ કરનાર છે એવા અભિમાનવાળા હોવાને લીધે અંદરના(ચાર)ની પેઠે દાસધર્મમાં ઉપયોગવાળા નથી, તેથી (તેમનો) ત્યાગ જ કરવો જોઈએ. ‘પોતાનો જ દાસભાવ’ શબ્દથી ‘એક’ ‘એકલા4’ શબ્દનો અર્થ જણાવેલો છે. (મને ‘એકલાને’ શરણ આવ), પરંતુ દેશ વિગેરેના સંબંધવાળાને5 નહિ. તે પણ ‘અદ્ધા’ એટલે સાક્ષાત્ (શરણ આવેલી છીએ) પરંતુ નામ6 વિગેરે મારફત નહિ. એવી રીતે (દાસભાવ) પ્રાપ્ત કરેલાનો પણ (ભગવાન્) ‘ન સમીક્ષતે’ વિચાર પણ કરતા નથી. તેથી માત્ર ખેદ જ કરવો યોગ્ય છે. (ભગવાન્ તેમનો) વિચાર કરતા નથી, તેનાં કારણની ‘નવિન જેમને પ્રિય છે’ વિશેષણથી અટકળ કરે છે. અયોગ્ય હોવા છતાં, નવું જ હોય તેને (ભગવાન્) પ્રિય માને છે. આ પણ એક સ્વભાવ જ છે. 22.

1.ભગવાનને ઠપકો આપવો એ અયોગ્ય છે એમ માનીને, શાસ્ત્ર રીતે ઠપકો આપી શકાય તેમ છે એમ પોતે જ આ પેરાથી સિદ્ધ કરે છે. (લે).

2-2.જેનાથી સત્ય જ્ઞાન થાય તે પ્રમાણ. પ્રમાણમાર્ગ એટલે શાસ્ત્રમાં જણાવેલ મર્યાદાભક્તિ માર્ગ. જેનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તે પ્રમેય. પ્રમેયનું એટલે ભગવાનનું જ બલ જણાવેલું છે.

3-3.અંદરના તેટલા જ એટલે ચાર છે. દેહ, ઇન્દ્રિય, પ્રાણ અને અંત:કરણ. આ ચાર પોતાની અંદર રહેલાં છે, એવો અર્થ છે. (લે).

4.‘મામેકં શરણં વ્રજ’ ભગવદ્ગીતા 18।માં આવેલા ‘એક’ શબ્દનો અર્થ કહેલો છે. આ અર્થ ‘સ્વદાસ્યમ્’માં આવેલા ‘સ્વ’ શબ્દથી જણાવેલો છે, એવો અર્થ છે. (લે)

5.અમારે ભગવાનનું એકલાનું કામ છે, તેમની સાથેની રસને વધારનારી દેશ વિગેરે સામગ્રીનું કામ નથી, એવો અર્થ છે. (લે)

6.ગોપીઓ સાક્ષાત્ ભગવાનના સ્વરૂપને શરણ આવેલી છે, ભગવાનનાં નામ વિગેરે મારફત તેમને શરણે આવેલી નથી એમ જણાવી પોતાનો અધિકાર અધિક છે એમ સૂચવે છે.

નવિન ત્રણ પ્રકારનું હોય છે તેથી નવિન પ્રિય હોવાથી સૂચવેલો ભાવ નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી પ્રકટ કરે છે:

સુખં પ્રભાતા રજનીયમાશિષ: સત્યા બભૂવુ: પુરયોષિતાં ધ્રુવમ્॥
યા: સંપ્રવિષ્ટસ્ય મુખં વ્રજસ્પતે: પાસ્યન્ત્યપાઙ્ગોત્કલિતસ્મિતાસવમ્॥23॥

શહેરની સ્ત્રીઓને આ રાતનું પ્રભાત સારું ઉગ્યું. જેઓ (શહેરમાં) પ્રવેશ કરેલા વ્રજના પતિનાં અપાંગથી ખીલેલા સ્મિત સહિત અધરામૃતવાળા મુખનું પાન કરશે, તેમના મનોરથો નક્કી સત્ય (સફલ) થયા. 23.

રાજસસ્તામસશ્ચૈવ સાત્ત્વિકશ્ચેત્યનુક્રમ: ॥કા.6॥

રાજસ, તામસ અને સાત્ત્વિક એવો (ત્રણ નવીન ભાવનો) અનુક્રમ છે. કા.6.

આપણી સામાવાળીઓને જ આ રાત સારાં ઉગેલાં પ્રભાતવાળી રાત છે, પરંતુ આપણને (તેવી નથી;) અને બ્રાહ્મણોએ જણાવેલા તેમના જ 'આશિષ:' મનોરથો સત્ય થયા છે, કારણ કે તેઓ શહેરની સ્ત્રીઓ (હોઈ) ચતુર છે. તેવી (ચતુર) ન હોત તો તેઓ (ભગવાનનાં દર્શન કરવા) અહિં જ આવત. તેથી (તેઓ ચતુર હોવાથી) જ આપણું ત્યાં જવું પણ નિષ્ફલ છે, કારણ કે આ (આપણી) શોકોનો (શહેરની સ્ત્રીઓનો) અવસર છે. આપણા ભોગના કાલ કરતાં તેમનો (ભોગનો કાલ) ઉત્તમ છે, અને (તેમનો) દેશ પણ ઉત્તમ છે. તેથી ભવિષ્યમાં જે બનાવ થવાનો છે તે જાણીને (ત્યાં શહેરમાં જ) સ્થિર રહેલી શહેરની સ્ત્રીઓ ચતુર જ છે. તેથી (તેઓને) નક્કી મોટો ઉત્સવ થશે. ઉત્તરાર્ધથી (તે) ઉત્સવ જણાવે છે. સારી રીતે પ્રવેશ કરેલા વ્રજના પતિનાં એટલે પોતાના (શહેરની સ્ત્રીઓના) સ્થાનમાં પ્રવેશ કરેલા ગોકુલના સ્વામી ગોવિંદનાં મુખનું તેઓ પાન કરશે, કારણ કે પ્રભુના મુખનું અને (પતિ સિવાયના) બીજાના મુખનું (પાન કરવામાં) ઘણો આનંદ થાય છે. તે મુખમાં તેઓને અમૃતનું પાન પણ થશે. (તેઓને) માત્ર લાવણ્યરૂપ અમૃતનું પાન થશે એમ નહિ હોવાથી, (તે અમૃતનું) ખાસ ચિહ્ન કહે છે કે અપાંગથી ખીલેલું જે સ્મિત, તે (સ્મિત) સહિત (જે) અધરામૃત, તે જ દેહ વિગેરેને ભૂલાવનારું છે. આથી (એમ કહ્યું છે કે) તેઓને પહેલાંના દુ:ખનું સ્મરણ રહેતું નહિ હોવાથી, અને હમણાં આનંદનો અનુભવ થતો હોવાથી, તેઓ જ મોટાં ભાગ્યશાળી છે, પરંતુ અમારું (એવું મોટું ભાગ્ય) નથી. 23.

'આજે ભલે તેઓ(શહેરની સ્ત્રીઓ)ને (સુખ) થાય, કાલે અથવા પરમ દિવસે ભગવાન્ અહિં આવશે એટલે આપણને જ સુખ થશે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

તાસાં મુકુન્દો મધુમઞ્જુભાષિતૈર્ગૃહીતચિત્ત: પરવાન્ મનસ્વ્યપિ॥
કથં પુનર્ન: પ્રતિયાસ્યતેબલા ગ્રામ્યા: સલજ્જસ્મિતવિભ્રમૈર્ભ્રમન્॥24॥

હે અબલાઓ! તેઓની મીઠી મનોહર વાણીઓથી હરાએલાં ચિત્તવાળા મુકુંદ પરતંત્ર અને મનસ્વી હોવા છતાં (તેઓના) લજ્જા અને સ્મિતવાળા વિલાસો થી ભ્રમણ કરતા (હોવાથી) આપણા ગામડીઅણો પાસે પાછા કેમ પધારશે? 24.

તે ('મુકુંદ:') મોક્ષ આપનાર હોવાથી આપણને શાસ્ત્રથી પ્રાપ્ત થતી મુક્તિ જ આપશે, અથવા તેઓની (શહેરની સ્ત્રીઓની) મીઠી એટલે સ્વાદિષ્ટ અને 'મઞ્જુ' સાંભળવામાં મનોહર અને પરિણામે ઉત્તમ એવી જે વાણી, જે એક (વાણી)થી પણ કાર્ય પાર પડે તેવી ઘણીએ વાણીઓ (શહેરની સ્ત્રીઓની થશે). તેથી (તેવી વાણીઓથી) હરાએલાં ચિત્તવાળા (ભગવાન્ થશે); અને પુરુષ ચિત્તને આધીન છે (તેથી શહેરમાં જ રહેશે).

'નંદજી (ભગવાનની) સાથે છે, અને ભગવાન્ પણ જેમણે ઇન્દ્રિયોને જીતેલી છે તેવા હોઈ પરાધીન1 રહીને જ પ્રવૃત્તિ કરે છે, પરંતુ પોતાની મેળે પ્રવૃત્તિ કરતા નથી' એવી શંકા થાય, તેથી કહે છે કે (ભગવાન્ જેમણે ઇન્દ્રિયો જીતેલી છે તેવા અને પરાધીન છે એ) સાચું. જો કે (ભગવાન્) પરાધીન છે, અને જો કે તે મનસ્વી (ચતુર, જીતેન્દ્રિય) છે, છતાં પણ (આપણે) આ રસ એકવાર ભોગવેલો હોવાથી આપણે મોક્ષ પામેલી જેવીઓ હોવાથી ભગવાન્ 'ન:' આપણી પાસે પાછા કેમ પધારશે? જેમ (ભગવાન્) નંદજીને અધીન છે, તેમ બીજા(શહેરની સ્ત્રીઓ)ને પણ અધીન થશે, કારણ કે જેવી આપણે તેવી બીજીઓ પણ (છે). 'હે અબલાઓ!' એવું સંબોધન (સાંભળનાર ગોપીઓની આ વિષયમાં) સંમતિ જણાવવા અથવા (આ વિષયમાં આપણો) કાંઈ ઉપાય નથી એમ જણાવવા કરેલું છે. 'ગામડીઅણો' વિશેષણથી પોતાની અંદરનો (ભગવાન્ પાછા પધારે તેમાં) અડચણરૂપ ગુણ જણાવેલો છે. જો કે ગામડીઓ રસ મુખ્ય છે, તેથી (ભગવાન્ પાછા પધારે એવો) સંભવ છે, છતાં પણ બધીએ શહેરની સ્ત્રીઓ વિગેરેનો ભોગ કરવામાં ઘણો સમય થઈ જાય, તેથી (ભગવાન્) ફરી પધારશે નહિ એવી શંકા રહેવાથી, (પાછા) 'કેમ' પધારશે, એમ (પાછા પધારવાના) પ્રકાર સંબંધી પ્રશ્ન કરેલો છે. (પ્રેમમાં) પ્રથમ પ્રવૃત્તિ થતાં લજ્જા થાય છે, પછી સ્મિત આવે છે, પછી વિલાસો થાય છે. તે(કાર્યો)ને લીધે તેઓમાં જ ભ્રમણ કરતાં, એટલે તે(શહેરની સ્ત્રીઓ)માં જ ફરી ગોળના આકારમાં ભ્રમણ કરતાં ભગવાન્ પાછા કેમ પધારશે? ભ્રમ2 ઉત્પન્ન થાય ત્યારે (બહાર) નીકળવાનો માર્ગ પણ ભૂલી જવાતો હોવાથી, ભ્રમણ ખચિત યોગ્ય નથી જ. 24.

1.'પરાધીન રહીને' એટલે 'બીજાની (સ્ત્રીની) ઇચ્છાથી જ ભોગ કરવાની પ્રવૃત્તિ કરે છે' (લે) 'પરાધીન રહીને', એટલે પોતે બાલક હોવાથી નંદજીને આધીન રહીને જ પ્રવૃત્તિ કરે છે, એવો અર્થ જણાય છે કારણ કે 'નંદજી સાથે છે' એમ પહેલાં કહેલું છે. નંદજી સાથે હોવાથી શહેરની સ્ત્રીઓનો ભોગ કરશે નહિ, એવી શંકા અહિં કરેલી જણાય છે.

2.'ભ્રમ' એટલે (1)ગોળના આકારમાં ફરવું તે. (2)મનનો ગુંચવાડો. અહિં બંને અર્થમાં આ શબ્દ યોજેલો જણાય છે. ભ્રમણ યોગ્ય નથી જ, છતાં ભગવાન્ ભ્રમણ કરતા હોવાથી

આપણી પાસે પાછા કેમ આવશે? નહિ આવે, એવો ભાવ જણાવે છે.

'ભગવાન્ ભક્તો ઉપર પ્રેમ રાખનાર (હોવાથી) પાછા પધારશે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

અદ્ય ધ્રુવં તત્ર દૃશો ભવિષ્યતે દાશાર્હભોજાન્ધકવૃષ્ણિસાત્વતામ્॥
મહોત્સવ: શ્રીરમણં ગુણાસ્પદં દ્રક્ષ્યન્તિ યે ચાધ્વનિ દેવકીસુતમ્॥25॥

દાશાર્હ, ભોજ, અંધક, વૃષ્ણિ અને સાત્વતો અને જેઓ માર્ગમાં લક્ષ્મીના પતિ, ગુણોના ધામ, દેવકીપુત્રનાં દર્શન કરશે તેઓની દૃષ્ટિનો આજે ત્યાં જરુર મોટો ઉત્સવ થશે. 25.

ભક્તો પણ ત્યાં (મથુરામાં) ઘણા છે. તેથી દાશાર્હ, ભોજ, અંધક, વૃષ્ણિ અને સાત્વતો એવા પાંચ પ્રકારના તે (ભક્તો)ની દૃષ્ટિનો મોટો ઉત્સવ થશે. આ પાંચ પ્રકારમાં કુકુર વિગેરે(યાદવોની જાતો)નો પણ સમાવેશ થાય છે, છતાં પણ જેઓમાં સત્ત્વ(ગુણ) મુખ્ય છે તેઓને જ ગણાવેલા છે. (તેઓની દૃષ્ટિનો ઉત્સવ થશે), કારણ કે શોભા નીરખવી જોઈએ, અને શોભા લક્ષ્મીને અધીન છે, તે(લક્ષ્મી) ના પણ (ભગવાન્) પતિ છે. વળી જેઓ માર્ગમાં (દર્શન કરશે), એટલે (ભગવાન્) દેવકીના પુત્ર હોવાથી તે (દેવકીનું) હિત કરવા પધારતા હશે ત્યારે જેઓ માર્ગમાં તેમનાં દર્શન કરશે, તેઓની દૃષ્ટિનો પણ મોટો ઉત્સવ થશે.

'માત્ર દર્શનથી ઇચ્છેલું (ફલ) કેમ પ્રાપ્ત થાય?' એવી શંકા થાય, તેથી 'ગુણોના ધામ' પદ યોજેલ છે. (ભગવાન્) અનંત ગુણોના ધામ હોવાથી, (તેમનાં) દર્શન થયા પછી ગુણો તેમના(દર્શન કરનાર)માં જ આવશે. તેથી ફલ(પ્રાપ્ત થવા)માં જેનું પરિણામ આવે તેવો મોટો જ ઉત્સવ થશે. ત્રણે પ્રકારના1 (ભાવ) જણાવ્યા. 25.

1.'ત્રેવીસમા શ્લોકના આભાસમાં નવિન પ્રિય હોવાને લીધે સૂચવેલા ભાવો' શબ્દો અહિં અધ્યાહાર છે. (લે) ત્યાં કહેલાં ત્રણ પ્રકારના ભાવો 23 થી 25 સુધીના ત્રણ શ્લોકમાં રાજસ, તામસ અને સાત્ત્વિકના અનુક્રમે જણાવ્યા.

એવી રીતે ચાર પ્રકારે ભગવાનને ઠપકો આપી, નીચેના શ્લોકમાં અક્રૂરને નિંદે છે:

મૈતદ્વિધસ્યાકરુણસ્ય નામ ભૂદક્રૂર ઇત્યેતદતીવ દારુણ:॥
યોઽસાવનાશ્વાસ્ય સુદુ:ખિતં જનં પ્રિયાત્ પ્રિયમ્ નેષ્યતિ પારમધ્વન:॥26॥

આ જે ઘણો જ ક્રૂર થઈ ઘણા જ દુ:ખી જનને આશ્વાસન આપ્યા વિના (તેમના) પ્રિયથી પણ પ્રિયને માર્ગના (બીજા) છેડે લઈ જાય છે તેવા પ્રકારના ઘાતકીનું 'અક્રૂર' એવું આ નામ ન હો. 26.

નામ તો અર્થ (ગુણ) પ્રમાણે જ (પાડવું) યોગ્ય છે. ક્રૂરપણું વિગેરે તો અંત:કરણના ગુણો છે, તેથી (આનું) નામ વિચાર કર્યા વિના જ પાડેલું છે. 'અક્રૂર' એવું આ નામ આ(માણસ)નું ન હો, કારણ કે જે સર્વનો સંહાર કરનાર છે તે અક્રૂર કેમ હોય? આ ઘણો જ ક્રૂર છે તેથી 'આક્રૂર' (પૂરેપૂરો ક્રૂર) (એવું નામ તેને) યોગ્ય છે. 'તે પણ (આ) કામ માટે

આવેલો (હોવાથી) શું કરે?' એવી શંકા થાય, તેથી '(ઘણા જ દુ:ખી જનને) આશ્વાસન આપ્યા વિના (પ્રિયથી પણ પ્રિયને માર્ગના છેડે લઈ જાય છે)' એમ કહેલું છે. ગોપીજન ઘણાં જ દુ:ખી છે, તેમને આશ્વાસન આપ્યા વિના તેમનાં સર્વસ્વ બનેલા(ભગવાન)ને લઈ જાય છે, એવો (અર્થ છે). ભગવાનને (પાછા) લાવીને, અથવા હરકોઈ રૂપથી તેમને અહિં (ગોપીઓ પાસે) રાખીને, અથવા 'હું તમારી પાસે પાછો આવીશ' એવો (ભગવાન્ પાસે) વાણીનો કરાર કરાવીને આશ્વાસન થાય, અને પછી લઈ જવા એ યોગ્ય છે; પરંતુ ધન વિગેરે (ગોપીઓને) આપવાથી આશ્વાસન ન થાય, કારણ કે (ગોપીઓને) ભગવાન્ 'પ્રિયથી' એટલે પ્રાણથી પણ વધારે પ્રિય છે અને આત્માથી પણ વધારે પ્રિય છે. વળી (અક્રૂર ભગવાનને) લઈ જાય છે તે પણ ગાયો ચરાવવા જાય તેમ લઈ જતો નથી, પરંતુ માર્ગના (બીજા) છેડે લઈ જાય છે કે જ્યાં પધારેલ તે દિવસે પાછા પધારે નહિ. 26.

નીચેના શ્લોકમાં બધાઓને દોષ દે છે:

અનાર્દ્રધીરેષ સમાસ્થિતો રથં તમન્વમી ચ ત્વરયન્તિ દુર્મદા: ॥
ગોપા અનોભિ: સ્થવિરૈરુપેક્ષિતં દૈવં ચ નોદ્ય પ્રતિકૂલમીહતે॥27॥

આ કઠણ મનવાળા રથમાં ચડી બેઠા અને તેમની પછી આ ભાન વિનાના ગોપો ગાડાંઓથી (જવાની) ઉતાવળ કરી રહ્યા છે. ઘરડાઓ (આપણી) દરકાર કરતા નથી અને આપણું દૈવ આજે (આપણાથી) વિરુદ્ધ કાર્ય કરે છે. 27.

ગોપીઓ સિવાયના બધાઓને જ (મથુરા જવા સંબંધી) ઘણો ઉત્સાહ હતો. તેથી બધાએ સવારમાં જ ભોજન કરી લીધું, અને અક્રૂર સિવાયના રથમાં અથવા ગાડાઓમાં ચઢી બેઠા. યશોદા વિગેરેએ (મથુરા પધારવાની) પરવાનગી આપેલા ભગવાન્ પણ સારી રીતે જ રથમાં વિરાજ્યા. આ સમયે પણ તેમણે આપણો (ગોપીઓનો) વિચાર ન કર્યો તેથી આ શ્રીકૃષ્ણ કઠણ મનવાળા જણાય છે. તે આપણને તો જોતા પણ નથી. વળી આ જેટલા ગોપો છે તે બધાએ ભાન વિનાના એટલે વિચાર વિનાના થઈ, બીજાની હત્યા થતી હોય તો પણ જેમને દુ:ખ થાય નહિ તેવા થઈ, તેમની પાછળ (જવાની) ઉતાવળ કરે છે, કારણ કે (તેઓ) તેવા જ જોવામાં આવે છે. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) આ અક્રૂર પણ (જવાની ઉતાવળ કરે છે). પાછળથી બાકી રહેલ ગાડાઓમાં જવાનું આવી પડે તેથી તે (ગોપો) ગાડાઓમાં ચઢી બેઠા. એટલે તેઓને ચાલવાની મહેનત (કરવી) ન પડે. 'ગાડાઓથી' એટલે (જવાના) સાધનોથી, (જવાની ઉતાવળ કરે છે), એમ પણ કહેલું છે.

'ત્યારે ઉપનંદ વિગેરે ઘરડાંઓને કહો' એવી શંકા થાય, તે સંબંધમાં 'ઘરડાંઓ દરકાર કરતા નથી' એમ કહે છે, કારણ કે તેઓના વિચાર પ્રમાણે ગોપીઓ તેવી (સરખી), અને નગરની સ્ત્રીઓ પણ તેવી; નંદજી વિગેરે પણ તેવા જ અને વસુદેવ વિગેરે પણ તેવા જ.

'(જવામાં) વિઘ્ન થાય અથવા કેટલાક સમય સુધી અડચણ થાય તે માટે અદૃષ્ટને વિનતિ કરો' એવી શંકા થાય, તે સંબંધમાં '(આપણું) દૈવ (આજે વિરુદ્ધ કાર્ય કરે છે)' એમ

કહે છે. ‘ચ’ ‘અને’ શબ્દથી (એમ જણાવ્યું છે કે) કાલ વિગેરે બધાએ (આપણાથી) વિરુદ્ધ કાર્ય કરે છે. 27.

નીચેના શ્લોકમાં પોતાની પ્રવૃત્તિને રોકી રાખનાર તરીકે સગાંઓનો દોષ કાઢતાં, તેઓની અવગણના કરે છે:

નિવારયામ: સમુપેત્ય માધવં કિં નોકરિષ્યન્ કુલવૃદ્ધબાન્ધવા: ॥
મુકુન્દસંગાત્ નિમિષાર્ધદુસ્ત્યજાદ્ દૈવેન વિધ્વંસિતદીનચેતસામ્॥28॥

માધવ પાસે જઈને (તેમને જતા) અટકાવીએ. અડધા પલકારા સુધી પણ તજી ન શકાય તેવા મુકુંદના સંગને લીધે દૈવે હલકી પાડેલી અને દુ:ખી ચિત્તવાળી આપણને કુલનાં ઘરડાં સગાંઓ શું કરશે? 28.

બધીઓએ ભેગી મળી, ભગવાનને (જતા) અટકાવવા જોઈએ.

‘એમ થશે તો સગાંઓ કોપ કરશે?’ એવી શંકા થાય, તેથી ‘(કુલનાં ઘરડાં સગાંઓ) આપણને શું કરશે?’ શબ્દો યોજેલા છે. ‘ન:’ આપણને શું કરશે, એટલે પહેલાં (ભૂતકાલમાં) તેમણે શું કર્યું છે અને (હવે) શું કરવાના છે? કારણ કે તેઓ કુલનાં જ ઘરડાં સગાંઓ છે. કુલને જરુર હોય ત્યારે (આપણને) કુલમાં રાખી મૂકે છે, પરંતુ બીજું કાંઈ કરતા નથી. ભગવાન્ અને કુલના ભેદ(તફાવત)નો વિચાર કરતાં, કુલ બંધન કરાવનારું છે અને ભગવાન્ મુકુંદ (મોક્ષ આપનાર) છે. વળી તે (ભગવાન)નો સાક્ષાત્ સંગ થાય છે, તે તો (આંખના) અડધા પલકારા સુધી પણ તજી શકાય તેવો નથી. તે કારણ(મુકુંદના સંગ)ને લીધે દૈવે એટલે આપણા અદૃષ્ટે જ (આપણને) હલકી પાડેલી છે, (અને) તેથી જ (આપણે) દુ:ખી ચિત્તવાળી છીએ. તેવી આપણને કુલમાં રહેનારાઓ કાંઈ પણ કરી શકવાના નથી; કારણ કે જો તેઓ (આપણને) ભગવાનને આપી દે, તોતો (કાંઈક) કર્યું જ (ગણાય;) પરંતુ તે તો તેઓ કરતા નથી. તેઓ (આપણી પ્રવૃત્તિને) રોકી રાખનારા હોવાથી, (આપણને) તેઓનું કાંઈ પ્રયોજન નથી. (તેઓ આપણા ઉપર) અપકાર કરવાના હોય, તો (તે અપકાર) આપણો એની મેળે જ થએલો છે, એટલે એવું દળેલાનું દળવાનું (નકામું) કાર્ય તેઓ શા માટે કરે?

‘જો (ભગવાન્ તમારી પાસે) નહિ આવે તો (તેમને અહિં રોકવાથી શું થશે (વળશે)?’ એવી શંકા થાય, તેથી ‘માધવ’ શબ્દ યોજેલો છે, કારણ કે તે (માધવ) લક્ષ્મીના પતિ છે. બલથી લક્ષ્મીએ પકડી રાખ્યા, એટલે તેના થયા એવી રીતે આપણા પણ થશે. (રોકવાનો) પ્રયત્ન કરવામાં આવે તો (પછી) આપણી બુદ્ધિનો દોષ નહિ (ગણાય), પરંતુ (પ્રયત્ન) કરવામાં ન આવે તો (પછી) પશ્ચાત્તાપ થશે, એવો ભાવ છે. પશ્ચાત્તાપ ન થાય તે માટે આ પ્રમાણે ઉદ્યમ કરવાનો છે, પરંતુ કાર્ય સિદ્ધ થાય તે માટે (કરવાનો) નથી, એવો (અર્થ છે). છતાં પણ બધીની આ(કાર્ય)માં સંમતિ થઈ નહિ, તેથી લૌકિકમાં દૃષ્ટિવાળી, અલૌકિકમાં દૃષ્ટિવાળી અને પરમ તત્ત્વમાં દૃષ્ટિવાળીઓએ (ભગવાનને રોકવાની) પ્રવૃત્તિ કરી નહિ. 28.

પછી, દુ:ખનો અભાવ અને સુખ તે (ભગવાન્) આપે છે. તેથી તેમના વિના દુ:ખ કેમ દૂર થશે, સુખ નહિ થાય તો કેમ જીવીશું, અથવા મરણ થતાં ભગવાન્ પ્રાપ્ત થશે નહિ એટલે

આપણી કેવી દશા થશે, એમ આશારહિત થઈ નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી પોતાને જ દોષ દે છે:

યસ્યાનુરાગલલિતસ્મિતવલ્ગુમન્ત્રલીલાવલોકપરિરમ્ભણરાસગોષ્ઠ્યામ્॥
નીતાઃ સ્મનઃ ક્ષણમિવ ક્ષણદા વિના તં ગોપ્યઃ કથં ન્વતિતરેમ તમો દુરન્તમ્॥29॥

હે ગોપીઓ! જેમના પ્રેમપૂર્વક સુંદર હાસ્ય, ગુહ્ય ભાષણોવાળી લીલા, દૃષ્ટિ, આશ્લેષ અને રાસના સમૂહમાં આપણી રાત્રિઓ એક ક્ષણની પેઠે વીતાડી, તેમના વિના અંત વિનાના અંધકારને આપણે કેમ તરશું? 29.

પ્રેમ વિગેરે ભગવાનના (કહેલા) છે. પ્રેમપૂર્વક જે હાસ્ય, તે (હાસ્ય પૂર્વક જે 'વલ્ગુમન્ત્રાઃ' ગુહ્ય ભાષણો, તે (ભાષણો) સાથેની લીલા, તે (લીલા) પૂર્વક આ જે દૃષ્ટિ, પછી અધિક રસ ઉત્પન્ન થાય તે માટે આશ્લેષ અને રાસ. આ (બધા)ની ગોષ્ઠી સમૂહ અથવા દેશકાલ સાથેનો અવસર1, તેની અંદર 'ક્ષણદાઃ' રાત્રિઓ ક્ષણની પેઠે (આપણે) વીતાડી. આ વિષયનું વિવેચન કરી પ્રમાણ કહેવાની જરુર નથી, (કારણ કે) 'સ્મ' શબ્દથી તેની પ્રસિદ્ધિ (જણાવી છે). (તે) સર્વ ગોપીઓના અનુભવથી સાબિત થએલું છે. જે રાત્રિઓ બીજાઓને ક્ષણ (અવકાશ) આપે છે તેથી તેઓ (જે) બહુ ક્ષણોવાળી હોય છે, તેમને પણ આપણે(તેઓ) જાણે કે એક ક્ષણ હોય તેમ વીતાડી. હવેથી તેમના (ભગવાનના) વિના તેમની (ઉપર જણાવેલી) સર્વ સામગ્રી જતી રહેતાં, ચંદ્ર વિગેરેના પણ જતા રહેવાથી સ્થિર અંધકાર જ રહેશે. તે(અંધકાર)ને આપણે કેમ તરીશું, એટલે એક પણ રાત જશે નહિ, એવો ભાવ છે. ખરેખર આ (દિવસ) અંધારી તેરસ હતી. તેથી અંધકાર થયો જ હતો. (ગોપીઓના મનની) અંદરનો (અંધકાર) પણ થયો હતો. 29.

1.'અવસર' એટલે 'તેતે દેશ અને કાલમાં તે સ્થલોમાં ભગવાનનું પધારવું' (લે). દેશ, કાલ સહિત ઉપર જણાવેલ ભગવાનના પ્રેમ વિગેરે પ્રાપ્ત થવાની તક, એવો પણ અર્થ લઈ શકાય.

વળી કેટલાક અંધકારમાં પણ જીવે છે, પરંતુ આપણે તો જીવી જ શકીશું નહિ એમ નીચેના શ્લોકમાં કહે છે:

યોહ્નઃ ક્ષયે વ્રજમનન્તસખઃ પરીતો ગોપૈર્વિશત્ખુરરજશ્છુરિતાલકસ્રક્॥
વેણું ક્વણન્ સ્મિતકટાક્ષનિરીક્ષણેન ચિત્તં ક્ષિણોત્યમુમૃતે નુ કથં ભવેમ॥30॥

જે દિવસનો ક્ષય થતાં વ્રજમાં પ્રવેશ કરનારીઓની ખરીની રજોથી છવાએલ કેશ અને માળાઓવાળા, ગોપોથી વીંટાએલા, અનંતના મિત્ર વેણુ વગાડતાં હાસ્યવાળી કટાક્ષદૃષ્ટિથી (આપણાં) ચિત્તને પીડે છે, એમના વિના આપણે કેમ રહીશું (જીવીશું)? 30.

'દિવસનો ક્ષય થતાં' એટલે સંધ્યા સમયે. 'ક્ષય' શબ્દ વાપર્યો તે દિવસ શત્રુ છે એમ જણાવનારો છે. અનંત એટલે બલભદ્ર. આ('બલભદ્રના મિત્ર' કહ્યું તે)થી કાલ પણ તેમને (ભગવાનને) અનુકૂલ છે એમ કહેલું છે. 'ગોપોથી વીંટાએલા' વિશેષણથી (ગોપીઓ) એમ કહે છે કે બધાને સાથે રાખી (ભગવાન્) આપણું જ કામ કરે છે. વળી (ભગવાને) જે કર્યું છે તે પણ આપણા માટે જ કર્યું છે, એવું તેનું વર્ણન '(વ્રજમાં) પ્રવેશ કરનારીઓની ખરીની

રજોથી છવાએલ કેશ અને માળાઓ વાળા' વિશેષણથી કરે છે. વ્રજમાં પ્રવેશ કરતી જે ગાયો, તેઓની ખરીઓની રજોથી છવાએલાં છે કેશો અને માળાઓ જેમનાં (તેવા ભગવાન્). એક (કેશ) જ્ઞાનરૂપ1 છે, બીજી (માલાઓ2) ભક્તિરૂપ છે. બંને પ્રકારના(જ્ઞાની અને ભક્ત)નો એવી રીતે ક્લેશથી પણ (ભગવાન્) ઉદ્ધાર કરે છે એમ જણાવવા બંનેને3 પણ ધર્મનો સંબંધ હોવાનું (ગાયોની રજોથી છવાએલ હોવાનું કહ્યું તેથી) સૂચવેલ છે. પછી રસોને જાગૃત કરવા વેણુને વગાડતાં, તે(રસો)ને પુષ્ટ કરવાની ઇચ્છાથી હાસ્યપૂર્વક જે કટાક્ષદૃષ્ટિ, તેનાથી આપણાં ચિત્તને 'ક્ષિણોતિ' પીડે છે. કામને જાગ્રત કરી, પછી રમણ કરે છે. એવી રીતે સર્વ સ્થલે સુખ આપનાર (ભગવાન્) વિના આપણે કેમ રહીશું એટલે આપણી કેવી દશા થશે? 30.

1.જ્ઞાનરૂપ એટલે જ્ઞાન જણાવનારા કેશો. (લે)

2.માલાઓ કીર્તિરૂપ હોવાથી ભક્તિ જણાવનારી છે. (લે)

3.'બંનેને પણ' એટલે 'જ્ઞાનને અને ભક્તિને પણ' (લે)

એ પ્રમાણે દોષ દઈ, પહેલાં1 રુદન કરવાથી (ભગવાનનો) પ્રાદુર્ભાવ થયો હતો, તેથી રડવા લાગી, એમ નીચેના શ્લોકમાં કહે છે:

॥શ્રીશુક ઉવાચ॥ શુક કહે છે:

એવં બ્રુવાણા વિરહાતુરા ભૃશં વ્રજસ્ત્રિય: કૃષ્ણવિષક્તમાનસા: ॥
વિસૃજ્ય લજ્જાં રુરુદુ: સ્મ સુસ્વરં ગોવિન્દ દામોદર માધવેતિ॥31॥

એ પ્રમાણે બોલતી, વિરહ(ના વિચાર)થી બહુ દુ:ખી થએલી શ્રીકૃષ્ણમાં ચોંટી રહેલ ચિત્તવાળી વ્રજની સ્ત્રીઓએ લજ્જાનો ત્યાગ કરી, 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ' એમ મોટા અવાજે (કહી) રડવા માંડ્યું. 31.

આ (દોષ દેવાનો) એક પ્રકાર કહ્યો.2 એવી રીતે અનંત પ્રકારથી (ગોપીઓ) બોલવા લાગી; અને વિરહથી એટલે (વિરહના) વિચારથી દુ:ખી થઈ, કારણ કે (તે) વ્રજની સ્ત્રીઓ સદાનંદ(શ્રીકૃષ્ણ)માં ચોંટી રહેલ ચિત્તવાળી હતી, (અને) વિષયોથી (તેમને) સંતોષ થાય તેમ ન હતું. પછી લજ્જાનો ત્યાગ કરી 'સુસ્વરમ્' મોટા અવાજથી રડવા લાગી. શાસ્ત્ર પ્રમાણે જે દેવો વિગેરેએ કરેલું, ભક્તિને લીધે જે અમો (ગોપીઓ)એ કરેલું, અને લોક પ્રમાણે જે (ભગવાને) પોતે કરેલું, તે સર્વ ભગવાન્ ફગાવી દેતા હતા, તેથી ત્રણ સંબોધન કરેલાં છે. ગોવિંદનો (દેવોએ) અભિષેક કરેલો, દામોદરને વશ કરેલા, અને માધવ લક્ષ્મીના પતિ થએલા. આ ધર્મો ઘણા ભાગે ભગવાન્ વિસરી ગયા, તેથી (ભગવાનની) દયા પ્રાપ્ત થાય તે માટે (ગોપીઓએ) રુદન કરી (તે ધર્મો જણાવનાર) સંબોધનો ઉચ્ચાર્યા. 31.

1.અધ્યાય 29 શ્લોક 1-2.

2.19 થી 30 સુધીના બાર શ્લોકોથી એક પ્રકાર કહ્યો.

સ્ત્રીણામેવં રુદન્તીનામુદિતે સવિતર્યથ॥
અક્રૂરશ્ચોદયામાસ કૃતમૈત્રાદિકો રથમ્॥32॥

સ્ત્રીઓ એ પ્રમાણે રડતી હતી (અને) હવે સૂર્ય ઉગ્યો ત્યારે જેણે મૈત્ર વિગેરે કરેલાં હતાં તેવા અક્રૂરે રથ હાંકવા માંડ્યો. 32.

સ્ત્રીઓના રડવાને લીધે (ભગવાન્ મથુરા) જશે નહિ એમ માનીને, અને સૂર્યોદય થતાં (ત્યાંથી નીકળવાનો) સમય થઈ ગયો એમ જાણીને, વસુદેવ વિગેરેનું કાર્ય સાધનાર 'કૃતમૈત્રઃ' કંસનું પણ મિત્રનું કાર્ય કરવાની ઇચ્છાવાળો અથવા સંધ્યાવંદન1 જેણે કરેલું છે તેવો, અથવા અવશ્ય કરવાનું કાર્ય જેણે કરેલું છે તેવો અક્રૂર પોતે (રથ હાંકવા મંડ્યો). 'સૂર્યોદય સુધી (સવારની સંધ્યામાં) પૂર્વ તરફ મુખ રાખી રહેવું' (યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ 1-25) વાક્ય પ્રમાણે સૂર્યોદય સુધી અક્રૂરે કર્મ જ કર્યાં એમ જણાય છે, અથવા અગ્નિહોત્ર કરવાના વિગેરે સમયે જવું (મુસાફરી આરંભવી) નહિ એમ જણાવવા (એમ કહેલું છે). 'હવે' એટલે જૂદા પ્રકારથી ગોકુલ(માં રહેવા)ની વાસનાનો ત્યાગ ક્રી, બીજી વાસનામાં પરોવેલા ચિત્તવાળો થઈ (અક્રૂરે) રથ હાંકવા માંડ્યો. 32.

1.સંધ્યાવંદનનું કાર્ય સદા કરવાનું નહિ હોવાથી, આ બીજો પક્ષ કહેલો છે. ગુદા ઇન્દ્રિયનો દેવ મિત્ર છે, તેથી તેનું કાર્ય 'મૈત્ર' અવશ્યનું કાર્ય છે. તે 'મૈત્ર' જેનું આદિ (આરંભનું) છે તેવું કાર્ય કરેલું છે જેણે તે 'કૃતમૈત્રઃ', એવો શ્લોકના આ શબ્દનો અર્થ છે. આવો અર્થ પહેલા સ્કંધમાં કરેલો છે તે પ્રમાણે મેં જણાવ્યો છે. (લે)

પછી (મથુરા) જવાનો ઉત્સવ થયો, એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે:

ગોપાસ્તમન્વસજ્જન્ત નન્દાદ્યાઃ શકટૈસ્તતઃ॥
આદાયોપાયનં ભૂરિ કુમ્ભાન્ ગોરસસમ્ભૃતાન્॥33॥

ત્યાંથી નંદ વિગેરે ગોપો ઘણી ભેટ અને ગોરસથી ભરેલા ઘડાઓ લઈ ગાડાઓથી તેની પાછળ જવા ઉપડ્યા. 33.

'તેની' એટલે ભગવાનના રથની પાછળ જવા ઉપડ્યા. ('તેથી'એટલે) તે જ કારણથી, અથવા 'ત્યાંથી' એટલે તે ગોકુલ(સ્થાન)થી (જવા ઉપડ્યા). 'ભેટ અને ગોરસથી ભરેલા ઘડાઓ લઈને' શબ્દોથી અવશ્ય જવાનું1 અને (ભગવાનમાં) તેઓની ઘણી આસક્તિ હોવાનું કારણ કહેલું છે, કેમ કે ભગવાને જેમનું સારી રીતે પાલન કરેલું છે તેમના2 રસનો ભોગ ભગવાને જ કરવો જોઈએ એવા (વિચારથી ગોરસથી ભરેલા ઘડા તેઓ લઈ ગયા). 33.

1.કંસ માટે લઈ જવી, એ અવશ્ય જવાનું કારણ છે.

2.'તેમના' એટલે તેવી ગાયોના.

પછી ગોપીઓએ રુદન કરતાં, અનંત ભગવાન્ પહેલાંની પેઠે પ્રકટ થયા એવો ભેદ પહેલાની પેઠે1 પ્રાપ્ત થતો હોવાથી1 નહિ જણાવતાં, (તે) પછીનો વૃત્તાંત જ નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી કહે છે:

ગોપ્યશ્ચ દયિતં કૃષ્ણમનુવ્રજ્યાનુરઞ્જિતાઃ॥
પ્રત્યાદેશં ભગવતઃ કાઙ્ક્ષન્ત્યશ્ચાવતસ્થિરે॥34॥

અને ગોપીઓ પતિ શ્રીકૃષ્ણની પાછળ જઈ, (તેમનાથી) રંગાઈ, ભગવાનની આજ્ઞાની છચ્છા રાખતી ઉભી રહી. 34.

અને2 સૂક્ષ્મરૂપ ગોપીઓ2 ભગવાનની સાથે ગઈ. સ્થૂલ3 (ગોપીઓ) તો 'દયિતં' પતિ 'કૃષ્ણં' સદાનંદની પાછળ ચાલી, કેટલાક અંતર સુધી સાથે ગઈ. પછી ભગવાને રંગેલી, એટલે પોતાના (ભગવાનના) પ્રેમથી રંગાએલી થઈ, 'શું અમારે (સાથે) આવવું, અથવા (આપ) સ્વામી પધારશો? કારણ કે બીજો કોઈ (અમારું જીવન નભાવવાનો) ઉપાય નથી' એ વિષયમાં ભગવાનના પ્રત્યુત્તરની (ગોકુલ અને મથુરાના) વચલા પ્રદેશમાં ઇચ્છા રાખતી, તેવી જ રીતે ઉભી રહી. 34.

1.'પહેલાંની પેઠે' એટલે પાછળ 10-26-9માં ઘરની અંદર રહેલી ગોપીઓ જણાવી તેમના પ્રસંગની પેઠે. ભગવાન્ અંદર પ્રકટ થતાં સૂક્ષ્મરૂપ ગોપીઓને સાયુજ્ય પ્રાપ્ત થાય છે, એવો તેમનો સ્થૂલ ગોપીઓથી ભેદ પહેલાં પણ જણાવેલો છે. તેથી અહિં તે ભેદ (ફરી) નહિ જણાવતાં, તે પછીનો એટલે રથ ચલાવવા માંડ્યો ત્યાર પછીનો વૃત્તાંત (ચાર શ્લોકોથી) કહે છે એવો અર્થ છે. (લે)

2.'અને ગોપીઓ' શબ્દનો સંબંધ 'અન્વસજ્જન્ત', શબ્દ શ્લોક 33માં છે તેની સાથે લેવાનો છે. અહિં તેનું વિવરણ કરતાં 'ચ' 'અને' શબ્દથી સૂક્ષ્મરૂપ અને સ્થૂલ ગોપીઓનો જે ભેદ સૂચવ્યો છે તે જણાવે છે. સૂક્ષ્મરૂપ ગોપીઓ (શૃંગારનાં) બીજાં દલનો (વિરહનો) અનુભવ કરવા સમર્થ ન હતી, એટલે તેમને ભગવાને અલૌકિક સામર્થ્યરૂપ મુખ્ય ફલ આપ્યું ન હતું. તેવી ગોપીઓએ અનંત ભગવાન્ પોતાની અંદર પ્રકટ થતાં તેમની સાથે સાયુજ્ય પ્રાપ્ત કર્યું અને પછી ભગવાન્ પધાર્યા ત્યારે તેમની સાથે જ ગઈ એવો અર્થ છે. તેમના દેહ વિગેરેમાં અમંગલ ન થાય (દેહ પડે નહિ) તે માટે વ્યવહાર ચાલ્યા કરે તેવા હેતુથી ભગવાને બીજા કોઈ જીવને મૂક્યા એમ જાણવું. (લે)

3.'સ્થૂલ' એટલે 'જેમને અલૌકિક સામર્થ્યનું ભગવાને દાન કરેલ હોવાથી જે (શૃંગારના) બીજાં દલ (વિરહ)નો અનુભવ કરવા સમર્થ હતી તેવી' એવો અર્થ છે. (લે)

પછી ભગવાને જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:

તાસ્તથા તપ્યતીર્વીક્ષ્ય સ્વપ્રસ્થાને યદૂત્તમ: ॥
સાન્ત્વયામાસ સમ્પ્રેષ્યૈરાયાસ્ય ઇતિ દૌત્યકૈ: ॥35॥

તેઓને પોતે પધારવાને લીધે તે પ્રમાણે દુ:ખી થએલી જોઈને, 'હું દૌત્યકથી આવીશ' એમ દૂતો દ્વારા તેઓનું સાંત્વન કર્યું. 35.

જેઓ એવી રીતે ઉભી રહી અને જેઓનું સ્વરૂપ1 (કુદરતી સ્વભાવ) પ્રકટ હતું તેઓને માટે (ભગવાને નીચે પ્રમાણે કર્યું). (તેઓને) તે પ્રમાણે દુ:ખી થએલી જોઈને, પોતાનું (મથુરા) પધારવું જ (તેમના દુ:ખનું કારણ છે એમ (જાણીને), (પોતે) યદુરાજસિંહ હોવાથી યાદવોનું કામ પણ કરવું જોઈએ તેથી 'સમ્પ્રષ્યૈ:' ઉત્તમ દૂતોથી 'હું જ 'દૌત્યકૈ:' દૂતના વાક્યોથી આવીશ' એમ તેઓનું સાંત્વન કર્યું. અહિં (ભગવાને કહેવડાવેલા) વાક્યમાં તેઓને ભ્રમ

(ગેરસમજુતી) થયો. ભગવાને તો દૂતના વાક્યોથી એમ કહ્યું (કહેવડાવ્યું) કે 'હું દૌત્યકથી આવીશ' એટલે શબ્દના અર્થરૂપ અથવા જ્ઞાનરૂપ હું આવીશ. પરંતુ તેઓ એમ સમજી કે હમણાં આ વચન (કહ્યું તે) જ દૂતનું કાર્ય છે (અને ભગવાન્ પોતે જ પધારશે). આ (ગોપીઓને એવી ગેરસમજણ થવી તે) ભગવાનનું જ ચરિત્ર છે. તેમ ન હોય તો, (શુકે) કહેવા યોગ્ય ન હોત. 35.

1.'યાશ્ચન આર્વિભૂતસ્વરૂપા:' એવું વાક્ય છે. 'આર્વિભૂતમ્' એટલે 'સાયુજ્યમાં ઉપયોગી સ્વરૂપ છે જેમનું તેઓ' એવો આનો અર્થ છે. 'ચન' અવ્યવ છે. (લે) 'આવિર્ભૂતસ્વરૂપા:' એટલે કુદરતી સ્વભાવ જેઓનો તેજ રહેલો છે તેવી; એવો અર્થ જણાય છે. ગયા શ્લોકમાં સૂક્ષ્મરૂપ અને સ્થૂલ એવી બે પ્રકારની ગોપીઓ જણાવી. તે પૈકી સૂક્ષ્મરૂપ ગોપીઓને સાયુજ્ય પ્રાપ્ત થયું એટલે તેઓ (જીવ) ભગવાનમાં લીન થઈ. સ્થૂલ ગોપીઓ પાછળ કેટલેક દૂર જઈ દુ:ખી થઈ તે જ સ્થિતિમાં ઉભી રહી, તેમને અહિં 'આવિર્ભૂતરૂપા:' પણ કહેલી જણાય છે.

(ભગવાન્ તરફથી) તેવી રીતે કહેવામાં આવેલી (સમાચાર મોકલાવેલી) હોવા છતાં ભગવાનનો સંબંધ દેખાડવા માટે તેઓ તે જ પ્રમાણે ઉભી રહી એમ નીચેના શ્લોકમાં કહે છે:

યાવદાલક્ષ્યતે કેતુર્યાવદ્ રેણૂરથસ્ય ચ॥
અનુપ્રસ્થાપિતાત્માનો લેખ્યાનીવોપલક્ષિતા: ॥36॥

જ્યાં સુધી ધજા અને રથની ધૂળ જોવામાં આવી ત્યાં સુધી (ભગવાનની) પાછળ જેમણે અંત:કરણને મોકલેલાં છે તેવી તેઓ ચિત્રોના જેવી દેખાઈ. 36.

શબ્દથી અર્થ મોટો (વધારે કિંમતી) હોવાથી અર્થ (ભગવાન્) સાથે સંબંધ છે એમ જણાવવા તે પ્રમાણે1 (આ શ્લોકમાં) કહેવામાં આવે છે. જેટલા સમય સુધી 'કેતુ:' ધજા જોવામાં પણ આવે એટલે વિચાર કરતાં પણ (મનમાં) ખ્યાલ આવી શકે, અથવા જ્યાં સુધી રથની (રથથી ઉડતી) ધૂળ પણ જોવામાં આવે ત્યાં સુધી ભગવાનની સાથે (તેમની) પાછળ જેમણે (પોતાનાં) અંત:કરણોને અથવા આધિદૈવિક પ્રકારના જીવના સ્વરૂપને2 મોકલેલાં છે તેવી થઈ, માત્ર શરીરથી ચિત્રોના જેવી દેખાઈ. પ્રતિમા (મૂર્તિ, પૂતળું) ચાલે તેવું સંભવે, તેથી તેવી ન હતી એમ જણાવવા3, ('ચિત્રોના જેવી' એમ) કહેલું છે, અથવા (તેઓની) માત્ર આકૃતિ ત્યાં રહી પરંતુ સ્વરૂપ ભગવાનની સાથે ગયું4 એમ જણાવવા (તે પ્રમાણે કહેલું છે). 36.

1.શબ્દ કરતાં અર્થ વધારે કિંમતી છે. તેથી ભગવાને મોકલેલા સંદેશા કરતાં ભગવાન્ સાથે વધારે સંબંધ છે એમ જણાવવા, આભાસમાં જણાવ્યું તેમ સંદેશો મળવા છતાં તેઓ ઉભી જ રહી એમ આ શ્લોકમાં કહે છે.

2.આ સ્કંધના ત્રીસમા અધ્યાયના આરંભની પાંચમી તથા છઠ્ઠી કારિકામાં કહેલું છે કે "આ જ લોકમાં જ પ્રકટ થએલાં ઉત્તમ આધિદૈવિક 'કામ' નામનાં ઉત્તમ સુખનો શ્રીકૃષ્ણ ભોગ

કરે છે, બીજો (કોઈ) કરતો નથી" અહિં જણાવેલા આધિદૈવિક પ્રકારના જીવસ્વરૂપ આત્માને જેમણે(ભગવાનની) પાછળ મોકલેલા છે તેવી અહિં સૂક્ષ્મરૂપ ગોપીઓ જણાવેલી છે. અહિં નક્કી કરેલો વિકલ્પ છે એમ જાણવું. (લે)

3.સ્થૂલ ગોપીઓ પણ હલતી ચલતી ન હતી એમ જણાવવા 'ચિત્રોની પેઠે' કહેલું છે એવો અર્થ છે. (લે)

4.અહિં સૂક્ષ્મરૂપ ગોપીઓ જણાવેલી છે. (લે) આ નોટ 2।4માં લેખમાં સૂક્ષ્મરૂપ અને સ્થૂલ ગોપીઓ સંબંધી ભેદ દર્શાવેલ છે, તેવો ભેદ જણાવવાનું કાંઈ પ્રયોજન દેખાતું નથી. સૂક્ષ્મરૂપ ગોપીઓને તો સાયુજ્ય પ્રાપ્ત થયું એટલે તેઓ ભગવાનમાં લીન થઈ. તેથી દૂત મારફત તેમને સંદેશો કહેવડાવવાપણું પણ ન હતું. સ્થૂલ ગોપીઓને જ સંદેશો કહેવડાવ્યો છે અને તેમની જ સ્થિતિ આ શ્લોકમાં જણાવેલી છે. તેઓ પૈકી કોઈએ ભગવાન્ પાછળ પોતાનાં અંત:કરણ મોકલ્યાં અને કોઈએ આધિદૈવિક પ્રકારના જીવ મોકલ્યા, અને બધી ચિત્રો હોય તેમ જ ઉભી રહી, એવો અર્થ જણાય છે.

(ધજા અને રથની ધૂળ દેખાય) તેટલેથી પણ દૂર (ભગવાન્) પધાર્યા, ત્યારે તેઓ (ગોકુલ) પાછી ફરી એમ નીચેના શ્લોકમાં કહે છે:

તા નિરાશા નિવવૃતુર્ગોવિન્દવિનિવર્તને॥
વિશોકા અહની નિન્યુર્ગાયન્ત્ય: પ્રિયચેષ્ટિતમ્॥37॥

ગોવિંદ પાછા પધારવાના વિષયમાં નિરાશ થઈ તેઓ પાછી આવી, અને પ્રિયાના ચરિત્ર ગાતી શોકરહિત થઈ રાત્રિદિવસ વીતાડવા લાગી.

'કોઈક પણ નિમિત્તથી આજે જ ભગવાન્ પાછા પધારશે' એવી આશા વિનાની તેઓ થઈ.

'પછી તેઓ કેમ જીવી (શકી)?' એવી શંકા થાય, તેથી 'પ્રિયના ચરિત્ર ગાતી' શબ્દો યોજેલા છે. ભગવાનના ગુણો પણ ભગવાન જ છે, તેથી તે(ગુણોના ગાન)થી જ શોક રહિત થઈ રાત્રિદિવસ વીતાડવા લાગી. (ભગવાનના) રાત્રિના ચરિત્રનાં ગાનથી રાત્રિ અને દિવસના ચરિત્રનાં ગાનથી દિવસ (વીતાડવા લાગી), એવો ભેદ જણાવવા 'અહની' એમ દ્વિવચનવાળો શબ્દ યોજેલો છે. આથી1 ભગવાને ભક્તોની દરકાર ન રાખી, એવો દોષ પણ રહેતો નથી, અને ભગવાન્ પાછા ન પધારવાથી પણ (તેમને) દોષ થતો નથી. એક રાત્રિની પેઠે બધી રાત્રિઓ (ભગવાનના ચરિત્રનાં) ગાનથી વીતી, એમ પણ જણાવવા, 'રાત્રિદિવસ' શબ્દ જાતિના અભિપ્રાયથી (જાતિ લક્ષમાં રાખીને) યોજેલો છે. 37.

1.'આથી' એટલે 'શોકરહિત થઈ, એમ કહ્યું તેથી', ભગવાને તેઓની દરકાર રાખી નહિ, એવો દોષ રહેતો નથી, કારણ કે ભગવાને તેઓને અલૌકિક સામર્થ્ય આપી તેમને શોકરહિત કરી એટલે શૃંગારના બીજાં દલ (વિરહ)નો અનુભવ કરવા સમર્થ કરી; એટલે તેમને ઘણાં મોટાં ફલનું દાન કરી, પછી ભગવાન્ પધાર્યા, એવો અર્થ છે. (લે)

જ્યારે તેઓ શોકરહિત થઈ, ત્યારે ભગવાન્ ગોકુલના વૃત્તાંતનો વિચાર નહિ કરતાં આગળ પધાર્યા એમ નીચેના શ્લોકમાં કહે છે:

ભગવાનપિ સમ્પ્રાપ્તો રામાક્રૂરયુતો નૃપ॥
રથેન વાયુવેગેન કાલિન્દીમઘનાશિનીમ્॥38॥

હે નૃપ! બલભદ્ર અને અક્રૂર સહિત ભગવાન્ પણ વાયુના જેવા વેગવાળા રથથી પાપહારિણી કાલિંદીએ પહોંચ્યા. 38.

જો કે ભગવાન્ અહિં (ગોકુલમાં) જ રહીને કંસને હણવા, અને ગોપીઓને (પોતાની) સાથે (મથુરા) લઈ જવા, અથવા એકરૂપથી (ગોકુલમાં) રહી બીજાં રૂપથી (મથુરા) જવા શક્તિવાળા છે, તો પણ તે મથુરા જ પધાર્યા એમ (જણાવવા) 'અપિ' 'પણ' શબ્દ યોજેલો છે. બલભદ્ર અને અક્રૂર સાથે ભગવાન્ એક રથમાં બેઠેલા, એ પ્રમાણે તે બે (બલભદ્ર અને અક્રૂર) મુખ્ય ન હતા1, એમ જણાવવા કહેલું છે. આ રાજલીલા છે એમ જણાવવા 'હે નૃપ!' એવું સંબોધન કરેલું છે. એક ઘડીમાં ભગવાન્ ત્રણ યોજન અથવા ચાર યોજન પહોંચ્યા એમ જણાવવા 'વાયુના જેવા વેગવાળા રથથી' શબ્દો યોજેલા છે. નંદજી વિગેરે બધા ગોપાલો પાછળ જ રહ્યા, પરંતુ (અક્રૂરને) કાંઈક (ચમત્કાર) દેખાડવા ભગવાન જ કાલિંદી પહોંચ્યા. ગોકુલ, વૃંદાવન અને ગોવર્ધન ગંગા અને યમુનાની વચ્ચે હતા, એવો નિર્ણય થાય છે. હમણાં કલિના આરંભમાં તેમના ભાગો બીજે સ્થલે ફેરવાઈ ગયા છે, તેથી પ્રત્યક્ષનો વિરોધ નથી. બીજો નિર્ણય યોગ્ય નથી જ, આ કથા સારસ્વત કલ્પને અનુસરીને (કહેલી) છે. ગંગા અને યમુના વચ્ચે જ આટલે દૂર પધારીને મથુરા નજીક, મથુરાથી બે કોશ (દૂર કાલિંદીએ પહોંચ્યા). યમુના બધે સ્થલે ઉંડી નથી, માત્ર ધરાઓમાં જ ઉંડી છે તેથી અક્રૂરના સર્વ પાપોનો નાશ થતાં તેને ભગવાનનાં સ્વરૂપનું દર્શન કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય તે માટે (ભગવાન્) 'અઘનાશિની' તીર્થે પધાર્યા; અથવા ('અઘનાશિની' 'પાપહારિણી' એ) સામાન્ય રીતે સર્વ સ્થલે (જ્યાંજ્યાં કાલિંદી વહે છે ત્યાંત્યાં) કાલિંદીનું વિશેષણ છે. 38.

1.પધારવાની ક્રિયા કરનાર મુખ્ય ભગવાન્ હતા, બલભદ્ર અને અક્રૂર તેમની સાથે હતા, એમ બલભદ્ર અને અક્રૂર ગૌણ હતા એટલે મુખ્ય ન હતા એમ જણાવેલું છે.

પછી (ભગવાને) સવારે ભોજન કરેલું હોવાથી ત્યાં આવી જે કર્યું, તે નીચેના શ્લોકમાં કહે છે:

તત્રોપસ્પૃશ્ય પાનીયં પીત્વા મૃષ્ટં મણિપ્રભમ્॥
વૃક્ષખણ્ડમુપવ્રજ્ય સરામો રથમાવિશત્॥39॥

ત્યાં સ્નાન કરી, સ્વચ્છ મણિના જેવી કાંતિવાળું જલ પીને વૃક્ષોના સમૂહ પાસે જઈ, બલભદ્ર સાથે (ભગવાન્) રથમાં બેઠા. 39.

ત્યાં કાલિંદીમાં (ભગવાને) પોતે ઉતરીને, લીલાથી 'ઉપસ્પૃશ્ય' સ્નાન કરીને, 'મૃષ્ટં' સ્વચ્છ જલ પીને, (તે જલ) રજવિનાનું હોવાથી તેનાથી પોતાની અંદર રહેલા પણ અક્રૂરને અને બીજા જેઓને પવિત્ર કરવાની ઇચ્છા હતી તેમને પણ પવિત્ર કર્યા. ઇન્દ્રનીલ(મણિ)ના

જેવું શ્યામ અને સર્વનો પ્રકાશ કરનારું (તે જલ ભગવાનના ઉદરની) અંદર પ્રવેશ કરે એટલે ત્યાં રહેલા(સર્વ જીવો)ની શુદ્ધિના પેઠે (તેમનામાં) જ્ઞાન પણ ઉત્પન્ન કરે છે એમ જણાવવા 'મણિના જેવી કાંતિવાળું' વિશેષણ યોજેલું છે. પછી 'વૃક્ષખણ્ડમ્' વૃક્ષોના સમૂહ (પાસે જઈ) એટલે વૈષ્ણવની છાયાનો આશ્રય કરી, બલભદ્ર સહિત ભગવાન્ ફરીથી રથમાં બેઠા. ભવિષ્યમાં કાંઈક કરવાનું હોવાથી છાયા નીચે રથમાં બેઠા, એવો અર્થ છે. 39.

પછી દરરોજ નદીએ આવવાને અસમર્થ અક્રૂરે, યમુના દુર્લભ હોવાથી તેમાં સ્નાન કરીને હું (આગળ) જઈશ એવા વિચારથી સ્નાન કરવાની પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે:

અક્રૂરસ્તાવુપામન્ત્ર્ય નિવેશ્ય ચ રથોપરિ॥
કાલિન્દ્યા હ્રદમાગત્ય સ્નાનં વિધિવદાચરત્॥40॥

અક્રૂરે તે બેની આજ્ઞા લઈ, (તેમને) રથ ઉપર બેસાડી, કાલિંદીના ધરા પાસે જઈ વિધિ પ્રમાણે સ્નાન કર્યું. 40.

(અક્રૂરે) તે બે બલભદ્ર અને શ્રીકૃષ્ણને 'હું સ્નાન કરવા જાઉં છું' એવી પ્રાર્થના કરી, તેઓ બાલક હોવાથી અહિં તહિં રમત કરે તેથી રથ ઉપર 'નિવેશ્ય' બેસાડી જ દઈને, 'તમારે અહિં જ રહેવું' એમ કહીને, ફરીથી કાલિંદીના કાંઠે જઈને, પ્રાત:કાલે મૃત્તિકાસ્નાન1 કરવાની (શાસ્ત્રમાં) મના હોવાથી ફરીથી વિધિ પ્રમાણે મૃત્તિકાસ્નાન કરવાની પ્રવૃત્તિ કરી. 40.
1.શરીરે માટી ચોળીને કરવામાં આવતું સ્નાન.

નિમજ્જ્ય તસ્મિન્ સલિલે જપન્ બ્રહ્મ સનાતનમ્॥
તાવેવ દદૃશેઽક્રૂરો રામકૃષ્ણૌ સમન્વિતૌ॥41॥

ડૂબકી મારી તે જલમાં સનાતન બ્રહ્મનો જપ કરતાં અક્રૂરે તે જ બે બલભદ્ર અને શ્રીકૃષ્ણને ભેગા (બેઠેલા) જોયા. 41.

'સુવર્ણના શૃંગવાળા (વરુણને હું શરણ જાઉં છું....)' (નારાયણોપ- નિષદ્ 12) વિગેરે પાપ દૂર કરનારો જપ ત્યાં જલમાં કરવો જોઈએ. (તેથી) જલમાં ડૂબકી મારી, તે જલમાં સનાતન એટલે વેદરૂપ બ્રહ્મનો જપ કરતાં, તે(જપ)થી શુદ્ધ અંત:કરણવાળો થઈ, અક્રૂરે તે જ બે બલભદ્ર અને શ્રીકૃષ્ણને 'સમન્વિતૌ' ભેગા બેઠેલા જોયા. જેમ જલમાં રહેલા પદાર્થો જોવામાં આવે તેમ તેમને પણ જોયા. (ભગવાને) તે સ્થાનમાંથી માયા ઉપાડી લીધી એટલે (તે) સ્થાન પ્રભાવવાળું થયું. વળી ભગવાન્ તો બધાએ સ્થલોમાં રહેલા છે, પણ દેશ વિગેરેના દોષને લીધે તેમનાં દર્શન (સર્વ સ્થલે) થતાં નથી, અને તે(અક્રૂર)ના સંદેહ દૂર કરવા ભગવાને (તેને પોતાનાં) દર્શન કરાવ્યાં. 41.

ત્યાં (જલમાં) તે બે(બલભદ્ર તથા શ્રીકૃષ્ણ)ને જોઈને સંદેહ થવાથી વિચાર કરે છે એમ નીચેના શ્લોકમાં કહે છે:

તૌ રથસ્થૌ કથમિહ સુતાવાનકદુન્દુભે:॥
તર્હિ સ્વિત્ સ્યન્દને ન સ્ત ઇત્યુન્મજ્જ્ય વ્યચષ્ટ સ:॥42॥

આનકદુંદુભિના રથમાં રહેલા તે બે પુત્રો અહિં ક્યાંથી? ત્યારે રથમાં નહિ હોય એમ (વિચારી) ઉભા થઈ તેણે જોયા. 42.

ભગવાનનું સર્વના આત્મા હોવાપણું અને ભગવત્પણું વિસરીને અક્રૂર કહે(વિચારે)છે કે આનકદુંદુભિના તે બે પુત્રોને મેં રથમાં બેસાડેલા, તેઓ અહિં (જલમાં) કેમ દેખાય છે અથવા (અહિં) કેવી રીતે આવ્યા? જ્યારે મારું ચિત્ત બીજા(વિષયમાં) હતું ત્યારે હરકોઈ પ્રકારે (જલમાં) આવ્યા હોય તો રથમાં નહિ હોય. એ પ્રમાણે વિચાર કરી, (જલમાં) ઉભા થઈ, તેણે જોયા. તે (પોતે) જ જોનાર હતો એવી ઓળખાણ માટે ('સ:' શબ્દ) યોજેલો છે. 42.

પછી ત્યાં (રથમાં) પણ (તેણે તે બેને) જોયા એમ નીચેના શ્લોકમાં કહે છે:

તત્રાપિ ચ યથાપૂર્વમાસીનૌ પુનરેવ સ: ॥
ન્યમજ્જદ્ દર્શનં યન્મે મૃષા કિં સલિલે તયો: ॥43॥

'ત્યાં પણ તેણે (તેમને) પહેલાંની પેઠે બેઠેલા (જોયા). તે બેનું જલમાં મને જે દર્શન થએલું તે શું ખોટું હશે?' (એમ વિચારી) તેણે ફરીથી ડૂબકી જ મારી. 43.

'યથાપૂર્વં' જેમ પહેલાં બેસાડેલા તેવા જ (તેણે તે બેને રથમાં) જોયા. તેને ફરીથી જાણવાની ઇચ્છા થઈ એમ 'તેણે ફરીથી જ (ડૂબકી મારી)' શબ્દોથી કહે છે. 'હું જલની અંદર રહેલો હતો ત્યારે મને જે ભગવાનનું દર્શન થએલું તે શું ખોટું હતું?' એ (જાણવાની ઇચ્છા થઈ). વસ્તુત: (તેને) આવો સંશય થયો. 43.

ફરીથી ડૂબકી મારીને પછી (તેણે તે બેને) જોયા એમ નીચેના શ્લોકથી કહે છે:

ભૂયસ્તત્રાપિ સોઽદ્રાક્ષીત્ સ્તૂયમાનમહીશ્વરમ્॥
સિદ્ધચારણગન્ધર્વૈરસુરૈર્નતકન્ધરૈ: ॥44॥
સહસ્રશિરસં દેવં સહસ્રફણમૌલિનમ્॥
નીલામ્બરં બિસશ્વેતં શ્રૃઙ્ગૈ: શ્વેતમિવ સ્થિતમ્॥45॥

ત્યાં પણ ફરીથી તેણે ડોક (માથું) નમાવેલા સિદ્ધો ચારણો ગંધર્વો અને અસુરોથી સ્તુતિ કરાતા, એક હજાર ફેણ અને માથાવાળા, શ્યામ વસ્ત્રવાળા, કમલના દાંડા જેવા શ્વેત, શિખરો સહિત ઉંચા રહેલા કૈલાસ જેવા, એક હજાર માથાવાળા દેવ (અહીશ્વર સંકર્ષણ)ને જોયા. 44-45.

પહેલી વખત (જલમાં દર્શન થયાં ત્યારે) ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન અક્રૂરને નહિ હોવાથી, શાસ્ત્ર પ્રમાણ (સાચાં) નથી એવી કલ્પના કરી, તેણે ફરીથી ઉભા થઈ (રથમાં ભગવાનનાં) દર્શન કર્યાં. પછી અનુભવને લીધે (શાસ્ત્ર) પ્રમાણ છે એમ પણ માનીને તેણે ફરીથી (જલમાં ભગવાનનાં) દર્શન કરવાની પ્રવૃત્તિ કરી; તેથી આ(અક્રૂર)ની લૌકિક અથવા અલૌકિક પ્રમાણમાં પ્રતિષ્ઠા (દૃઢ શ્રદ્ધા) નથી એમ વિચારી ભગવાને તેને બોધ આપવા પોતાનું માહાત્મ્ય પ્રકટ કર્યું એમ આ શ્લોકથી કહે છે.

તેજ અક્રૂરે ફરીથી દર્શન કર્યાં. 'ત્યાં પણ' એમ 'પણ' શબ્દથી (એમ કહેલું છે કે) (જલની) બહાર અને જલની અંદર પણ દર્શન કર્યાં; અથવા 'ત્યાં પણ' એટલે દર્શનની અંદર (ભગવાનનું) ખાસ ચિહ્ન જોયું. જે સંકર્ષણ હતા તેમનાં શેષ તરીકે દર્શન કર્યાં, અને ભગવાનનાં શેષશાયી (શેષ ઉપર પોઢનાર) તરીકે દર્શન કર્યાં, કારણ કે તેને (ભગવાનનાં) નારાયણ તરીકે દર્શન થાય તે જ યોગ્ય હતું, પરંતુ પુરુષોત્તમ તરીકે દર્શન થાય તે યોગ્ય ન હતું. વળી તેનો સંદેહ મટાડવા એ પ્રમાણે દર્શન કરાવવામાં આવતાં હોવાથી તેણે સિદ્ધો વિગેરેથી સ્તુતિ કરાતા (સંકર્ષણનાં) દર્શન કર્યાં. સિદ્ધો બધા શેષમાં આવેશ કરેલા સંકર્ષણના સેવકો છે. છઠ્ઠા(સ્કંધ)માં તેઓને તેવા જણાવેલા છે. ભુજંગો1 એટલે સર્પોના વાસુકિ વિગેરે જે પતિઓ છે તેમનાથી પણ (સ્તુતિ કરાતા સંકર્ષણનાં દર્શન કર્યાં). અસુરોના પણ કાલનેમિ વિગેરે જે પતિઓ છે તેમનાથી પણ (સ્તુતિ કરાતા સંકર્ષણનાં દર્શન કર્યાં). બધાએ સંકર્ષણના ભક્તો હોવાથી બધાએ દૈત્યો પોતાના સેવકો સહિત (સંકર્ષણની સ્તુતિ કરતા હતા). તેથી તેઓ તરફથી (ભગવાનને) ભય ક્યાંથી હોય? એમ કહેલી કક્ષામાં જ (ભગવાનને) ભય નથી એમ જણાવેલું છે.

(પછી પીસ્તાળીસમા શ્લોકમાં) સંકર્ષણનું વર્ણન કરે છે. બીજાં રૂપનું (દર્શન થવાથી) જ્ઞાન દૃઢ ન થાય, તેથી (સંકર્ષણે) પોતાનું રૂપ જ પ્રકટ કર્યું. 'સહસ્ર' એક હજાર 'શિરાંસિ' માથાંઓ છે જેમનાં (તેવું રૂપ હતું). દૈત્યો પોતાની ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરે તેમાં તેવું (એક હજાર માથાવાળું રૂપ) હોય છે, તેથી આ તેવું (દૈત્યનું) રૂપ ન હતું એમ જણાવવા 'દેવ' શબ્દ યોજેલો છે. (વળી) બધાંએ માથાં ઉપર ફેણો અને મુકુટો હતા. આવું શેષનું જ રૂપ હોય છે.

'શ્યામ વસ્ત્રવાળા' એવું બીજું પણ (વિશેષણ) ધ્યાન (કરી શકાય તે) માટે કહે છે, કારણ કે તેમનું (સંકર્ષણનું) આવરણ2 કાલરૂપ છે. વળી તે તમોરૂપ3 હોવાથી 'કમલના દાંડા જેવી શ્વેતતા' કહેલી છે. કમલનો દાંડો શીતલ ચીકણો અને શ્વેત હોય છે, તેથી બીજા ગુણો4 (જણાવવા) માટે જ શ્વેતતા કહેલી છે. વર્ણન (કરવા) માટે5 તો ફેણોને લીધે "શિખરો સહિત ('શ્વેતમ્' એટલે) શ્વેત પર્વત કૈલાસ જેવા" તેણે જોયા (એમ કહેલું છે). 'સ્થિતમ્' 'રહેલા' શબ્દથી (એમ જણાવેલું છે કે) ફેણના ભાગમાં ઉંચા હોવાથી (તે) ઉંચા રહેલા હોય તેવા દેખાતા હતા. 44-45.

1.ચુમાલીસમા શ્લોકના ઉત્તરાર્ધમાં 'ચારણ' શબ્દ છે, તેને બદલે 'ભુજંગ' શબ્દ આચાર્યશ્રીએ લીધેલો જણાય છે. એવો પાઠ લેવાથી છંદને વાંધો આવતો નથી.

2.'આવરણ' એટલે ઢાંકનાર, સંતાડનાર. કાલ સંકર્ષણનું આવરણ છે, એટલે કાલ તેમનાં દર્શન થવા દેતો નથી, એવો અર્થ જણાય છે.

3.સંકર્ષણનું સ્વરૂપ તમોરૂપ છે, તે આધિદૈવિક તમ: શ્વેત હોવાથી, સંકર્ષણનું સ્વરૂપ પણ શ્વેત છે, એવો અર્થ છે. (લે)

4.'બીજા ગુણો' એટલે શીતલપણું, ચીકાશ એ ગુણો જણાવવા માટે, એવો અર્થ છે. (લે)

5.ઉપર નોટ 4માં જણાવ્યા પ્રમાણે શીતલપણું વિગેરે ગુણો જણાવવા માટે શ્વેતતા કહી, અહિં શ્વેત પર્વત કૈલાસ જેવા કહી, શ્વેતતા જણાવી તે વર્ણન માટે જણાવેલી છે.

પછી નીચેના શ્લોકથી આરંભી (55મા શ્લોક સુધી) તેણે દર્શન કરેલા ભગવાનનું વર્ણન કરે છે:

તસ્યોત્સંગે ઘનશ્યામં પીતકૌશેયવાસસમ્॥
પુરુષં ચતુર્ભુજં શાન્તં પદ્મગર્ભારુણેક્ષણમ્॥46॥

તેમની કાયા ઉપર વાદળાનાં જેવા શ્યામ, પીળાં, રેશમી વસ્ત્રવાળા, પુરુષ, ચાર ભુજાવાળા, શાંત, કમલના ગર્ભ જેવાં લાલ નયન વાળા...(ના દર્શન કર્યા). 46.

'ઉત્સંગે' એટલે કાયા ઉપર. (શેષનું) બધુંએ શરીર કોમલ હોવાથી, એકસરખું હોવાથી, ધીરેધીરે ગોળ થતું હોઈ સૂક્ષ્મ (જરાક જ વળાંકવાળું) હોવાથી ઉત્સંગના (ખોળાના) સરખું છે. સુખથી (તેના ઉપર) શયન થઈ શકે તે માટે તેવું (ઉત્સંગ) કહેલ છે. તેમ ન હોય તો સર્પ ઉપર શયન ભય કરાવનારું થાય. તેથી 'ઉત્સંગ' શબ્દ યોજેલો છે. 'વાદળાનાં જેવા શ્યામ' એટલે દુ:ખી થએલાનાં દુ:ખોનો નાશ કરનારા. જેમ આકાશમાં મેઘ (વાદળું) પોતાના જ આધારવાળો હોય છે, તેમ ભગવાન્ પણ (પોતાની ઉપર જ આધાર રાખનારા છે). પીળું જે 'કૌશેયં' રેશમી વસ્ત્ર તે જ વસ્ત્ર છે જેમનું (તેવા ભગવાનનાં દર્શન કર્યા). આમનું1 સ્વરૂપ અને પ્રયોજન પહેલાં કહેલાં છે. 'પુરુષ' એટલે પુરુષના આકારવાળા. ચાર ભુજાઓ છે જેમની તેવા. (ભગવાન્) 'શાંત' એટલે ગુણોથી પર છે, કારણ કે (જગતના) ઉત્પત્તિ, સ્થિતિ અને લય તેમના અંશોથી જ થાય છે. 'કમલના ગર્ભના જેવાં લાલ નયનો છે જેમનાં' (તેવા ભગવાનનાં દર્શન કર્યા). (1)વાદળાંના જેવા કહ્યા તેથી પ્રયોજન2 જણાવ્યું. (2)વસ્ત્ર પ્રમાણ3 છે. (3)'પૂર્વમેવ' પહેલાં જ 'અહમ્' હું 'ઇહ' અહિં 'આસમ્' હતો એવી વ્યુત્પત્તિ ('પુરુષ' શબ્દની) હોવાથી 'પુરુષ' શબ્દથી મૂલરૂપ4 કહ્યા. (4)(ભગવાન્) ચાર પુરુષાર્થોનું દાન કરે છે5 (એમ જણાવવા) ચાર ભુજાઓ દર્શાવેલી છે. (5)(તેમનાં દર્શનથી) અંત:કરણ વિગેરેના દોષો રહેતા નથી એમ જણાવવા શાંતિ જણાવી છે ('શાંત' કહેલા છે). (6)તે દૃષ્ટિથી જ દુ:ખ હરનારા છે અને કંસનો વધ કરશે (એમ જણાવવા) લાલ રંગના નયનવાળા જણાવેલા છે. 'ગર્ભ' શબ્દથી એમ જણાવ્યું છે કે (ભગવાન્ કંસને કોઈ) ઉપાય(હિકમત)થી હણશે, પરંતુ પ્રસિદ્ધ (પ્રકટ)6 થઈ હણશે નહિ. એ પ્રમાણે (ભગવાનના છ ગુણો) જણાવ્યા. 46.

1.'આમનું' એટલે ઘનશ્યામ, પીતાંબરનું, સ્વરૂપ તથા પ્રયોજન પહેલાં 10।9ના શ્રીસુબોધિનીમાં કહેલાં છે.
2.'પ્રયોજન' એટલે 'ફલ' એવો અર્થ છે. (લે)
3.વસ્ત્ર વેદરૂપ હોવાથી પ્રમાણ છે. (લે)
4.'મૂલરૂપ' એટલે 'પ્રમેયરૂપ'. (જેનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તે પ્રમેય) (લે)

5.પુરુષાર્થોનું દાન કરે છે એમ કહ્યું તેથી સાધનરૂપ જણાવ્યું. એ પ્રમાણ ફલ, પ્રમાણ, પ્રમેય અને સાધનરૂપ ભગવાન્ છે એમ જણાવ્યું એવો ભાવ છે. (લે)

6.'પ્રકટ થઈ' એટલે પોતાનું મૂલરૂપ પ્રકટ કરીને મારશે નહિ. મનુષ્યના બાલના રૂપથી જ હણશે, એવો ભાવ જણાય છે.

ચારુપ્રસન્નવદનં ચારુહાસનિરીક્ષણમ્॥
સુભ્રૂન્નસં ચારુકર્ણં સુકપોલારુણાધરમ્॥47॥

મનોહર પ્રસન્ન મુખવાળા, મનોહર હાસ્યપૂર્વક દૃષ્ટિવાળા, સુંદર ભ્રમરોવાળા, ઊંચી નાસિકાવાળા, મનોહર કર્ણવાળા, સુંદર કપોલ અને લાલ અધરવાળા,...(ભગવાનનાં દર્શન કર્યાં). 47.

'ચારુ' મનોહર અને પ્રસન્ન, એટલે સ્વરૂપથી અને ફલથી સર્વને સુખ આપનારું, વદન છે જેમનું તેવા. મનોહર આ જે હાસ્ય તે હાસ્યપૂર્વક દૃષ્ટિ છે જેમની તેવા. (આ વિશેષણથી) ભક્તિ (હાસ્ય) અને જ્ઞાન(દૃષ્ટિ)નું ઉત્તમપણું ફલસહિત જણાવ્યું. સુંદર બે ભ્રમરો છે જેમની, અને ઊંચી નાસિકા (છે જેમની) તેવા. (આ વિશેષણોથી) કાલ (ભ્રમર) અને આસન્ય(પ્રાણ)ના1 બહારના અને અંદરના કાર્યોનું નિરૂપણ કર્યું. (આ) સર્વ ભગવાનમાં (રહેલા) છે એમ જણાવવા (એવું) નિરૂપણ કરે છે. મનોહર બે કર્ણો છે જેમના તેવા. (આ વિશેષણથી) ભગવાન્ સર્વ સ્થલે ઉત્તમ છે એમ કહેલું છે. સુંદર બે કપોલ અને લાલ રંગના બે અધરો છે જેમનાં તેવા. (આ વિશેષણથી) ઉત્તમ કામ (કપોલ) અને લોભ (અધર) નું નિરૂપણ કર્યું. 47.

1.આસન્ય એટલે પ્રાણ. કાલના બહારના કાર્યનું અને આસન્યના અંદરના કાર્યનું નિરૂપણ કર્યું.

પ્રલમ્બપીવરભુજં તુઙ્ગાંસોરઃસ્થલશ્રિયમ્॥
કમ્બુકણ્ઠં નિમ્ન્નાભિં વલિમત્પલ્લવોદરમ્॥48॥

ઘણી લાંબી અને જાડી ભુજાઓવાળા, ઊંચા ખભાઓ અને વક્ષઃસ્થલ (અને તેની) ઉપર લક્ષ્મીવાળા, શંખના જેવી કંઠવાળા, નીચી નાભિવાળા, કરચલીઓ વાળા પાંદડા જેવા ઉદરવાળા... (ભગવાનનાં દર્શન કર્યાં). 48.

ઘણી જ લાંબી અને 'પીવરાઃ' જાડી ભુજાઓ છે જેમની તેવા. દૂર રહેલા સ્થૂલ દૃષ્ટિવાળા(અલ્પ બુદ્ધિવાળા)ઓ પણ (ભગવાન્ પાસેથી) સર્વ (ચારે) પુરુષાર્થો પ્રાપ્ત કરશે એમ જણાવવા (આ વિશેષણ યોજેલું છે). ઊંચા બે ખભાઓ અને વક્ષઃસ્થલ, અને તે(વક્ષઃસ્થલ)ની ઉપર લક્ષ્મી છે જેમના તેવા. (આ વિશેષણથી) એમ જણાવ્યું છે કે (ભગવાન્) બધાઓનો સર્વ ભાર વહન કરી (તેમને) સર્વ દાન કરે છે1. સર્વ વિદ્યાઓવાળું ત્રણ કરચલીઓવાળું કંઠનું સ્થાન હોવાથી, શંખના જેવી કંઠ છે જેમની તેવા. નીચી નાભિ છે જેમની તેવા. (આ વિશેષણથી) આમનું (ભગવાનનું) જગતના કર્તાપણું ગૂઢ છે તે અને સુંદર લક્ષણ જણાવેલ છે. ત્રણ કરચલીઓવાળું પાંદડા જેવું એટલે પીપળાનાં પાંદડા જેવું ઉદર છે

જેમનું તેવા. આથી (ઉદરનું) કોમલપણું ને કાંઈક ઉંચા હોવાપણું જણાવેલાં છે, જેથી તેની અંદર રહેલા સર્વે સુખી છે એમ (જણાય). 48.

1.ખભાઓ જ ભાર વહન કરનારા હોય છે, તેઓ ઊંચા હોવાથી ભાર વહન કરે છે એમ કહ્યું, અને લક્ષ્મી હોવાથી દાન કરે છે એમ કહેલું છે એમ જાણવું. (લે)

બૃહત્કટિતટશ્રોણિકરભોરુદ્વયાન્વિતમ્॥
ચારુજાનુયુગં ચારુજઙ્ઘાયુગલસંયુતમ્॥49॥

વિશાળ કેડનો પ્રદેશ અને શ્રોણિ, અને હાથીની સૂંઢ જેવા બે સાથળોવાળા, મનોહર બે ઢીંચણોવાળા, મનોહર બે જંઘાવાળા...(ભગવાનનાં દર્શન કર્યાં). 49.

'બૃહન્' વિશાળ કેડનો પ્રદેશ છે જેમનો, અને શ્રોણિ પણ તેવી જ છે જેમની તેવા. (શ્રોણિ એટલે) તે(કેડના પ્રદેશ)થી પણ નીચેનો ભાગ જે સ્ત્રીઓના નિતંબના સ્થાને રહેલો છે તે. તે(શ્રોણિ)થી પણ નીચે હાથીની સૂંઢના જેવા બે સાથળોવાળા (ભગવાન્ હતા) એમ (કહેલું છે). (આથી તેમના) અનેક (બેથી વધારે) પાદ ન હતા (એમ જણાવેલું છે). ભૂમિ (ભગવાનની) કટિના પ્રદેશરૂપ હોવાથી આધારનું પુષ્કળપણું (ભગવાન્ સર્વના આધાર છે તેમ) જણાવેલું છે.

તે (અક્રૂર)ની દૃષ્ટિ (ભગવાનના) સર્વ અંગો ઉપર પડેલી હોવાથી, તે (સાથળ)થી નીચેના સર્વ અંગોમાં સુંદરતા જણાવતો તેવું વર્ણન કરે છે. મનોહર બે ઢીંચણો છે જેમના તેવા. તેવી જ બે જંઘાઓ (ઢીંચણથી ઘૂંટી સુધીનો ચરણનો ભાગ)વાળા, (ભગવાનનાં દર્શન કર્યાં), કારણ કે એક જંઘા ઉપર બીજી (જંઘા) રાખીને (ભગવાન્) ઉભા રહે છે, કેમ કે તેમ ન હોય (અને જંઘાઓ) જુદી (છૂટી) રહેતી હોય તો ભક્તોની ગતિ જુદીજુદી થાય. 49.

તુઙ્ગગુલ્ફારુણનખવ્રાતદીધિતિભિર્વૃતમ્॥
નવાંગુલ્યંગુષ્ઠદલૈર્વિલસત્પાદપઙ્કજમ્॥50॥

ઊંચી ઘૂંટીઓ અને લાલ નખોના સમૂહની કાંતિથી વીંટાએલા, નવી આંગળીઓ અને અંગુઠારૂપી પાંદડાઓથી શોભાવાળું છે ચરણરૂપી કમલ જેમનું તેવા....(ભગવાનનાં દર્શન કર્યાં). 50.

ઊંચી બે ઘૂંટીઓ, (અને) લાલ નખો, તેઓનો 'વ્રાત:' સમૂહ, તેની 'દિધિતિભિ:' કાંતિઓથી વીંટાએલા, એટલે નખની કાંતિઓ (ભગવાનના) સર્વ અંગને વીંટીને રહેલી હતી. નવી આંગળીઓ અને બે અંગુઠાઓ કમલના પાંદડા જેવાં (હતાં), તેમનાથી 'વિલસત્' શોભાવાળું છે ચરણરૂપી કમલ જેમનું તેવાં. સારી રીતે (ભગવાનની) સેવા થઈ શકે તે માટે બે ચરણોને તેવા વર્ણવેલા છે. 50.

એ પ્રમાણે (ભગવાનના) સર્વ અંગોનું વર્ણન કરી, નીચેના શ્લોકથી આભરણોનું વર્ણન કરે છે:

સુમહાર્હમણિવ્રાતકિરીટકાઙ્ગદૈ:॥
કટિસૂત્રબ્રહ્મસૂત્રહારનૂપુરકુણ્ડલૈ:॥51॥

ભ્રાજમાનં પદ્મકરં શઙ્ખચક્રગદાધરમ્॥
શ્રીવત્સવક્ષસં ભ્રાજત્કૌસ્તુભં વનમાલિનમ્॥52॥

ઘણાં જ કિંમતી મણિઓના સમૂહવાળા મુકુટ, પોંચી અને કડાંઓથી (તથા) કંદોરો, જનોઈ હાર, નૂપુર અને કુંડલોથી શોભતા; હાથમાં કમલવાળા, શંખ ચક્ર અને ગદા ધારણ કરનારા, વક્ષ:સ્થલ ઉપર શ્રીવત્સવાળા, તેજસ્વી કૌસ્તુભ વાળા, વનમાલાવાળા.... (ભગવાનનાં દર્શન કર્યાં). 51-52.

'કટિસૂત્રં' એટલે કંદોરાનો પટો, રૂપની હદ દર્શાવનારું ચિહ્ન છે. 'બ્રહ્મસૂત્રં' એટલે જનોઈ, નામની મર્યાદા દર્શાવનારું ચિહ્ન છે. હાર મોતીઓનો હૃદય ઉપર શોભા કરનાર, એમ જણાવવા ધારણ કરેલો કે (ભગવાન્) મુક્ત જીવોને ('મુક્તા:'=મોતીઓ, મુક્ત જીવો) (પોતાના) હૃદય ઉપર રાખે છે. નૂપુર ચરણમાં, (અને) બે કુંડલો બે કર્ણ ઉપર (એમ દર્શાવે છે કે) ભક્તિશાસ્ત્ર (ચરણ) અને યોગ તથા જ્ઞાન (બે કર્ણ) સારી રીતે શણગારેલા છે. આ (આભરણોથી) શોભતા (ભગવાનનાં દર્શન કર્યાં).

(હવે) આયુધોનું વર્ણન કરે છે. 'હાથમાં કમલવાળા' વિશેષણથી (એમ જણાવ્યું છે કે) એક શ્રીહસ્તમાં કમલ છે. આ સર્વ આયુધોની સમાન છે, (અને) તેથી સર્વની બુદ્ધિને ભ્રમ કરાવનારું છે. જેમ પૃથ્વી કમલ છે, તે પછી જલનું તત્ત્વ શંખ, તેજ(નું તત્ત્વ) ચક્ર અને પ્રાણરૂપ ગદા એમ (પૃથ્વી, જલ, તેજ અને વાયુના) આ (તત્ત્વો)ને (ભગવાન્) ધારણ કરે છે તેથી તેવું (વર્ણન કરેલું છે).

(હવે) બીજાં ચિહ્નો કહે છે. શ્રીવત્સ એટલે જમણી તરફ વળેલી વાળની હાર વક્ષ:સ્થલ ઉપર છે જેમના તેવા. આ અસાધારણ (બીજા કોઈમાં ન હોય તેવું) ચિહ્ન છે. શુદ્ધ જીવો (ભગવાનના) કંઠ ઉપર રહેલા હોવાથી 'તેજસ્વી કૌસ્તુભ રત્ન છે જેમનું' તેવા (ભગવાન્) છે. 'વનમાલાવાળા' એટલે કીર્તિવાળા. 51-52.

એ પ્રમાણે ચિહ્નોનું નિરૂપણ કરી, નીચેના શ્લોકથી સેવકોનું નિરૂપણ કરે છે:

સુનન્દનન્દપ્રમુખૈ: પાર્ષદૈ: સનકાદિભિ:॥
સુરેશૈર્બ્રહ્મરુદ્રાદ્યૈર્નવભિશ્ચ દ્વિજોત્તમૈ:॥53॥
પ્રહ્લાદનારદવસુપ્રમુખૈર્ભાગવતોત્તમૈ:॥
સ્તૂયમાનં પૃથગ્ભાવૈર્વચોભિરમલાત્મભિ:॥54॥

નિર્મલ અંત:કરણવાળા સુનંદ નંદ વિગેરેથી, દ્વારપાલોથી, સનક વિગેરેથી, દેવોના અધિપતિઓથી, બ્રહ્મા રુદ્ર વિગેરેથી, નવ ઉત્તમ બ્રાહ્મણોથી અને પ્રહ્લાદ નારદ ભીષ્મ વિગેરે ઉત્તમ વૈષ્ણવોથી વાણીથી જુદાજુદા ભાવથી સ્તુતિ કરતા...(ભગવાનનાં દર્શન કર્યાં). 53-54.

સુનંદ નંદ વિગેરે આઠ, અને દ્વારપાલો, સનક વિગેરે આધિદૈવિક ભક્તો, દેવોનાં અધિપતિઓ એટલે ઇન્દ્ર વિગેરે આઠ લોકપાલો, બ્રહ્મા અને રુદ્ર જેઓમાં મુખ્ય છે તેવાઓથી (સ્તુતિ કરાતા ભગવાનનાં દર્શન કર્યાં) કારણ કે આ ઉત્તમ સેવકો છે.

મનુષ્ય અને દેવોનું નિરૂપણ કરી, 'નવ (ઉત્તમ બ્રાહ્મણોથી)' શબ્દથી ઋષિઓનું નિરૂપણ કરે છે. મરીચિ વિગેરે નવ ઉત્તમ બ્રાહ્મણો ભગવાનનું કાર્ય કરવામાં તલ્લીન હોય છે. 53.

'પ્રહ્લાદ (નારદ ભીષ્મ વિગેરે ઉત્તમ વૈષ્ણવોથી)' શબ્દથી ભગવાનના આધિદૈવિક ભક્તોનાં પણ ત્યાં (અક્રૂરને) દર્શન થયાં એમ કહે છે. દૈત્યોમાં પ્રહ્લાદ ઉત્તમ છે, દેવોમાં નારદ, અને 'વસુ:' એટલે ભીષ્મ માણસ(ભક્તો)માં શ્રેષ્ઠ છે. જીવો (આ) ત્રણ પ્રકારના જ છે. તેઓમાં ભક્તો મુખ્ય હોવાથી આ (પ્રહ્લાદ, નારદ અને વસુ ભક્તો) જેમનામાં મુખ્ય છે તેવા ઉત્તમ વૈષ્ણવોથી સ્તુતિ કરાતા (ભગવાન)નાં તેણે દર્શન કર્યાં. તે સ્તુતિમાં સાત્ત્વિક રાજસ અને તામસ વિચારો વક્તા(સ્તુતિ કરનારાઓ)માં રહેલા હોવાથી, જુદાજુદા ભાવથી સ્તુતિ થતી હતી. સ્તુતિ પણ તે જ સમયે જોડી કાઢીને કહેતા (કરતા) ન હતા, પરંતુ પહેલાંથી નક્કી કરેલ ગદ્ય અથવા પદ્યરૂપ વાણીથી (કરતા હતા).

'વૈકુંઠમાં અથવા ભગવાનની નજીક પરમાનંદનો અનુભવ થાય છે. તેથી (આનંદના) ભોગનો ત્યાગ કરી તેઓ એ પ્રમાણે સ્તુતિ કેમ કરતા હતા?' એવી શંકા થાય, તેથી 'નિર્મલ અંત:કરણવાળા' વિશેષણ યોજેલું છે. નિર્મલ અંત:કરણવાળા તેઓ ભગવાનમાં આસક્તિવાળા હતા, પરંતુ ભોગમાં આસક્તિવાળા ન હતા.

સર્વ કાર્ય પાર પાડનારી ભગવાનની બાર શક્તિઓ છે, તેમને પણ પછી તેણે (અક્રૂરે) જોઈ એમ નીચેના શ્લોકમાં કહે છે:

શ્રિયા પુષ્ટ્યા ગિરા કાન્ત્યા કીર્ત્યા તુષ્ટ્યેલયોર્જયા॥
વિદ્યયાવિદ્યયા શક્ત્યા માયયા ચ નિષેવિતમ્॥55॥

લક્ષ્મી, પુષ્ટિ, સરસ્વતી, કાંતિ, કીર્તિ, તુષ્ટિ, ઇલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયાથી સેવાતા...(ભગવાનનાં દર્શન કર્યાં) 55.

(1)શ્રી: એટલે લક્ષ્મી. શ્રી વિગેરે (શક્તિઓ)થી સેવાતા (ભગવાનનાં તેણે દર્શન કર્યાં). (2)જેનાથી સર્વ પુષ્ટ થાય છે તે 'પુષ્ટિ' કહેવાય છે. તે જેમનામાં પ્રવેશ કરતી નથી તેઓ બહુ આહાર કરનારા હોય તો પણ પુષ્ટ થતા નથી. એ પ્રમાણે સર્વ(શક્તિઓ)નું જાણવું. (3)'ગો:' સરસ્વતી પ્રસિદ્ધ છે. (4)કાંતિ કોઈ એક (પ્રકારનું) તેજ છે, જે રાજ્યાભિષેક વિગેરેમાં પ્રકટ થાય છે. અલંકારો તે(કાંતિ)ને જ અધીન છે. (5)કીર્તિ પ્રસિદ્ધ છે. જ્યાં તે પ્રવેશ કરતી નથી ત્યાં (બીજાઓને જે કર્મથી કીર્તિ પ્રાપ્ત થાય છે) તેવું જ કર્મ(કરવા) છતાં કીર્તિ થતી નથી. (6)તુષ્ટિ સંતોષરૂપ છે, જે ન હોય તો મોટો પણ તણખલાં જેવો થાય છે. (7)ઇલા એટલે ભૂમિ. (8)ઉર્જા સર્વ સામર્થ્યરૂપ છે. (9)વિદ્યા મોક્ષ આપનારી જ્ઞાનરૂપ છે. (10)અવિદ્યા બંધન કરાવનારી છે. નિદ્રા વિગેરે તેના જ પ્રકારો છે. કોઈ (નિદ્રા વિગેરે) માયાના પ્રકારો છે એમ કહે છે. (11)શક્તિ એટલે ઇચ્છાશક્તિ. આ સર્વ(શક્તિઓ)ને વશ રાખનારી છે. (12)માયા એટલે સર્વ થવાનું સામર્થ્ય અને ઘણો મોહ કરનારી (શક્તિ). 'ચ' 'અને' શબ્દથી એ બંને પ્રકારની (માયાનો) સમાવેશ કરેલો છે. આથી

બધે (બધી શક્તિઓમાં) (તેમના) સર્વ પ્રકારોનો સમાવેશ કરેલો છે. તેથી એમ કહેવાયું કે મુખ્ય (શક્તિઓ) બાર છે (પણ) તેમના પેટા ભેદો અસંખ્યાત જ થાય છે.

આધાર એવ રૂપં ચ આકારોઽઙ્ગાનિ ચૈવ હિ॥
અલંકરણચિહ્નાનિ સેવકા દ્વિવિધા અપિ॥કા. 7॥
શક્તયશ્ચેતિ ભગવાન્ સપ્તધા વિનિરૂપિત:॥

(1)આધાર અને વળી (2)રૂપ (3)આકાર તેમ જ (4)અંગો (5) અલંકાર અને ચિહ્નો (6)વળી બે પ્રકારના સેવકો અને (7)શક્તિઓ. એ પ્રમાણે ભગવાનનું સાત પ્રકારે નિરૂપણ કર્યું1. કા.7II. 55.

1.આધાર અહીન્દ્ર શેષનું નિરૂપણ 44-45 શ્લોકોથી કર્યું, રૂપનું 46મા શ્લોકથી, આકારનું 47-48થી, અંગોનું 49-50થી, અલંકાર અને ચિહ્નોનું 51-52થી, બે પ્રકારના સેવકો એટલે જ્ઞાની અને ભક્ત સેવકોનું 53-54થી અને શક્તિઓનું 55મા શ્લોકથી એમ સાત પ્રકારે ભગવાનનું નિરૂપણ કર્યું.

એ પ્રમાણે દર્શન કરનાર (અક્રૂર)ને જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે:

વિલોક્ય સુભૃશં પ્રીતો ભક્ત્યા પરમયા યુત:॥
હૃષ્યત્તનૂરુહો ભાવપરિક્લિન્નાત્મલોચન:॥53॥

દર્શન કરીને ઘણું જ પ્રસન્ન થએલા, પરમ ભક્તિવાળા થએલા હર્ષ પામતાં રુંવાડાવાળા અને ભાવથી ભીંજાએલા અંત:કરણ અને લોચનવાળા...56.

(ભગવાનનાં) તેવાં દુર્લભ દર્શન કરીને, આરંભમાં તે ઘણો જ પ્રસન્ન થયો; પછી પરમ ભક્તિવાળો થયો. પછી હર્ષ પામતાં (હર્ષથી ઉભા થએલાં) રુંવાડાવાળો થયો.

અન્તસ્તોષસ્તથા ભક્તિર્ભક્તિચિહ્નાનિ ચૈવ હિ॥
દૃષ્ટે ભગવતિ હ્યાસન્ ભક્તસ્યેતિ નિરૂપિતમ્॥કા.8॥

ભક્તને ભગવાનનાં દર્શન થતાં, અંદરની પ્રસન્નતા તેમ જ ભક્તિ અને વળી ભક્તિનાં ચિહ્નો થયાં એવું જણાવેલું છે. કા.8II.

ભાવથી ભીંજાએલ છે અંત:કરણ અને બે લોચનો જેનાં તેવો (થયો). આ પ્રેમ ઉત્પન્ન થયાનું ચિહ્ન છે. પછી સંજોગ પ્રમાણે ગભરાટ થયો એમ કહેવાયું (એવો અર્થ છે). 56.

પછી તેણે જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:

ગિરા ગદ્ગદયાસ્તૌષીત્ સત્ત્વમાલમ્બ્ય સાત્વત:॥
પ્રણમ્ય મૂર્ધ્નાવહિત: કૃતાઞ્જલિપુટ: શનૈ:॥57॥

વૈષ્ણવે સત્ત્વનું અવલંબન કરી મસ્તકથી પ્રણામ કરી, સાવધાન થઈ, બે હાથ જોડી ગદ્ગદ વાણીથી ધીરેધીરે સ્તુતિ કરી. 57.

ગદ્ગદ વાણીથી, 'સત્ત્વનું અવલંબન કરી' એટલે નિર્ગુણ સ્થિતિને દૂર કરી સત્ત્વવાળી અવસ્થા ગ્રહણ કરીને (ભગવાનની) સ્તુતિ કરી, કારણ કે (તે) 'સાત્વત:' વૈષ્ણવ હતો. પછી સાષ્ટાંગ પ્રણામ કરી, (ત્યાં) વૈકુંઠ જ દેખાયું એટલે જલ વિગેરે નહિ હોવાથી 'અવહિત:'

સાવધાન થઈ, મનને સારી રીતે સ્થિર કરી, બે હાથ જોડેલો થઈ (જોડી), લાંબા સમય સુધી શાંત ઉભો રહી, થોડી પણ કાર્ય કરવાની શક્તિ આવતાં સ્તુતિ કરવા માંડી, એમ કહેવા માટે ‘ધીરેધીરે’ શબ્દ યોજેલ છે, કારણ કે તેણે સ્તુતિ કરી ત્યારે ભગવાને તેને જે દેખાડેલ તે તેના હૃદયમાં સ્થિર થયું, એમ જણાય છે. બીજી રીતે (સ્તુતિ કર્યા વિના) સ્થિર થતું નથી, તેથી સર્વ સ્થલે સ્તુતિ કરવાની વ્યવસ્થા હોય છે. 57.

ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં છત્રીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.

છત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

॥અથ સપ્તત્રિંશોઽધ્યાય: ॥ અધ્યાય સાડત્રીસમો.

સપ્તત્રિંશે તુ સન્તુષ્ટ: સ્તોત્રં ચક્રે મનોહરમ્॥
ચતુર્ધા જ્ઞાતમાહાત્મ્ય ઇતિ સિદ્ધાન્ત ઈયતે॥કા. 1॥

સાડત્રીસમા(અધ્યાય)માં તો સારી રીતે પ્રસન્ન થએલા અને (ભગવાનનું) માહાત્મ્ય જાણેલા (અક્રૂરે નીચે જણાવેલા) ચાર પ્રકારે મનોહર સ્તુતિ કરી, એવો સિદ્ધાંત કહેવામાં આવે છે. કા.1.

સ્વરૂપેણ પ્રમાણેન યુક્ત્યા વસ્તુસ્વરૂપત: ॥
અવતારફલૈશ્ચૈવ સર્વસ્યૈવ વિનિર્ણય: ॥કા.2॥

(1)સ્વરૂપથી1 (2)પ્રમાણથી2 (3)વસ્તુના સ્વરૂપને લીધે યુક્તિથી3 અને (4)અવતારો તથા ફલથી જ4 સર્વનો જ નિર્ણય કરવામાં આવે છે. કા.2.

રાજસે સ્તોત્રકર્તાયં મધ્યમો વિનિરૂપ્યતે॥
ઉત્તમે નારદો વક્તા વસુદેવાદયસ્તથા॥કા.3॥

રાજસ(સ્તુતિ)માં આ (અક્રૂર) મધ્યમ સ્તુતિ કરનારો જણાવવામાં આવે છે. ઉત્તમ(સ્તુતિ)માં નારદ વકતા (સ્તુતિ કરનાર) છે અને વસુદેવ વિગેરે પણ તેવા (ઉત્તમ સ્તુતિ કરનારા) છે. કા.3.

યસ્ય યસ્ય યથા ભાવસ્તેન તાદક્ નિરૂપ્યતે॥
સર્વં યુક્તં ભગવતિ ન સર્વ: સર્વ એવ ચ॥કા.4॥

જેનોજેનો જેવો ભાવ છે તેણેતેણે (ભગવાનને) તેવા જણાવેલા છે5. ભગવાનમાં સર્વ યોગ્ય છે6. (ભગવાન્) સર્વ નથી7 અને સર્વ છે પણ ખરા8. કા.4.

તે પૈકી પ્રથમ સ્વરૂપનું વર્ણન કરતાં નીચેના શ્લોકમાં ભગવાનને નમસ્કાર કરે છે:

॥અક્રૂર ઉવાચ॥ અક્રૂર કહે છે:

1.પહેલા બે શ્લોકોથી આ પ્રકાર કહેલો છે. (લે)
2.ત્રીજાથી અગીઆરમા સુધીના નવ શ્લોકોથી આ બીજો પ્રકાર કહેલો છે. (લે)
3.બારમાથી પંદરમા સુધીના ચાર શ્લોકોથી આ ત્રીજો પ્રકાર કહેલો છે. (લે)
4.સોળમા શ્લોકથી (અધ્યાયના અંત સુધી) આ ચોથો પ્રકાર કહેલો છે. (લે)
5.જુદાજુદા ભક્તે કરેલી સ્તુતિમાં એ પ્રમાણે ભેદ હોવાનું કારણ આ વાક્યથી કહેલું છે. (લે)
6.'ત્યારે જે સ્તુતિમાં ખોટું વર્ણન કરે તેને દોષ લાગે' એવી શંકા થાય, તે આથી દૂર કરે છે. (લે)
7.ભગવાન્ સર્વ નથી, કારણ કે સર્વથી ઉત્તમ છે. (લે).

નતોસ્મ્યહં ત્વાખિલહેતુહેતું9 નારાયણં પૂરુષમાદ્યમવ્યયમ્॥

યન્નાભિજાતાદરવિન્દકોશાદ્ બ્રહ્માવિરાસીદ્ યત એષ સર્ગ: ॥1॥

સર્વ કારણોના કારણ અવિકારી મૂલ પુરુષ આપ નારાયણને હું નમન કરું છું, કે જેમની નાભિમાંથી ઉત્પન્ન થએલા કમલના અંકુરમાંથી બ્રહ્મા પ્રકટ થયા, જે(બ્રહ્મા)માંથી આ સૃષ્ટિ થઈ. 1.

'આપ' એટલે (મારી) આગળ સાક્ષાત્ પ્રકટ થએલા. (આપ મારાથી) નાના છો એવી શંકા તો નથી જ, કારણ કે સર્વ લોકના એટલે જગતના પણ આપ કારણ છો. 'નારાયણ' શબ્દથી (ભગવાન્) સર્વના કારણ હોવાની યોગ્યતા અને પ્રમાણ કહે છે. આરંભમાં નારાયણમાંથી જ બ્રહ્માંડમાં સર્વ (પદાર્થો) ઉત્પન્ન થએલ હતા એ સર્વ લોકમાં પ્રસિદ્ધ છે. 'પુરુષ નારાયણે કામના કરી જ...' (નારાયણાથ-ર્વશિર ઉપનિષદ્ 1) શ્રુતિ પણ (નારાયણમાંથી સર્વ ઉત્પન્ન થયું એમ કહે છે). પુરુષસૂક્ત(ઋગ્વેદ 10-90)માં પણ એમ જ કહેલું છે. (સર્વની આપમાંથી ઉત્પત્તિ થાય છે) તે માટે જ (આપ) 'પુરુષ' (છો) એમ કહે છે. (આપની) મોટાઈ આટલી જ નથી એમ જણાવવા (આપ) 'મૂલ પુરુષ' એટલે પ્રકૃતિના ભર્તા છો એમ (કહે છે). તે(મૂલ પુરુષ)ના પણ આપ મૂલ છો એમ જણાવવા 'અવિકારી' શબ્દથી આપ અક્ષરરૂપ છો એમ કહે છે.

અથવા બ્રહ્માંડની અંદર રહેલા જગતના જ કારણ તરીકે (અક્રૂર અહિં) ભગવાનનું વર્ણન કરે છે, કારણ કે (ભગવાને) તેવું જ રૂપ પ્રકટ કરેલું છે. તે (રૂપ) જ દરેક (પદાર્થ) સાથેનો સંબંધ વિચારતાં મૂલ હોવાથી, તેનામાં મૂલપણું અને અવિનાશીપણું રહેલાં છે; અથવા લોકમાં કર્તૃપણું વિગેરે ગુણો ક્ષીણ10 થાય છે તેથી આ(રૂપ)માં ક્ષીણ થવાપણું નથી, અને તે અક્ષય બીજરૂપ છે એમ જણાવવા 'અવિકારી' વિશેષણ યોજેલું છે. જે પ્રકારથી તે જગતના જ કર્તા થાય છે તે ઉત્તરાર્ધથી કહે છે. જે ભગવાનની નાભિમાંથી ઉત્પન્ન થએલા અને પાછળથી વિકાસ પામેલા 'અરવિન્દકોશાત્' કમલના અંકુરમાંથી, તેની અંદર રહેલો ભમરો હોય તેમ બ્રહ્મા આવિર્ભાવ પામ્યા, જેમાંથી એટલે બ્રહ્મામાંથી આ લોક એટલે બધુંએ જગત્ (ઉત્પન્ન થયું). 1.

8.ભગવાન્ સર્વ એટલે સર્વરૂપ છે. (લે).

9.'અખિલલોકહેતુમ્' પાઠ શ્રીસુબોધિનીકારે લીધેલો જણાય છે.

10.ક્રિયા કરનાર કર્તા ધીરેધીરે ક્ષીણ થાય છે, એટલે કર્તુપણું વિગેરે ગુણો ક્ષય કરનારા છે. એવો અર્થ છે. (લે).

એ પ્રમાણે (ભગવાન્) જગતનું કારણ છે એમ સિદ્ધ કરી, કાર્ય અને કારણ જુદાં છે એમ સિદ્ધ થાય તે માટે ભગવાન્ નિત્ય મુક્ત છે અને જીવો તેમની કૃપાથી તેવા (મુક્ત) થાય છે એમ કહેવા, કાર્ય બનેલા જગતનું સ્વરૂપ નીચેના શ્લોકમાં કહે છે; અથવા આ (શ્રીકૃષ્ણ) (સર્વના) વાસ્તવિક મૂલ છે એમ જણાવવા આમનામાંથી જ તત્ત્વો ઉત્પન્ન થએલાં છે એમ નીચેના શ્લોકમાં કહે છે:

ભૂસ્તોયમગ્નિ: પવન: ખમાદિર્મહાનજાદિર્મન ઇન્દ્રિયાણિ॥

સર્વેન્દ્રિયાર્થા વિબુધાશ્ચ1 સર્વે યે હેતવસ્તે જગતોઽઙ્ગભૂતા: ॥2॥

પૃથ્વી, જલ, અગ્નિ, પવન, આકાશ, અહંકાર, મહત્તત્વ, પ્રકૃતિ પુરુષ, મન, ઇન્દ્રિયો, ઇન્દ્રિયોથી ભોગવાતા સર્વ પદાર્થો, અને સર્વે દેવો જે જગતનાં કારણ છે તે આપના અંગમાંથી ઉત્પન્ન થએલાં છે. 2.

(જગતનાં) મૂલ બનેલ (તત્ત્વો) જો એવા (આ ભગવાનમાંથી ઉત્પન્ન થએલાં) હોય તો (આ રૂપ સર્વથી) પર (ઉત્તમ) છે એમ જાણવું (માનવું) જોઈએ. એ પ્રમાણે (બીજો અર્થ કરતાં) તેમાં ક્રમ (અનુક્રમ) ઇચ્છેલો નથી, પરંતુ પ્રથમ પક્ષમાં (પહેલો અર્થ કર્યો તે પ્રમાણે) તે ઇચ્છેલો છે તેથી, અથવા (તત્ત્વો) ગણી શકાય તે માટે સ્થૂલ(તત્ત્વ)માંથી સૂક્ષ્મમાં બુદ્ધિ સ્થિર થઈ શકે તે માટે આકાશ સુધીના પાંચ મહાભૂતો (પ્રથમ કહેલાં છે). 'આદિ:' એટલે અહંકાર. 'મહાન્' એટલે મહત્તત્ત્વ. 'અજા' એટલે પ્રકૃતિ. 'આદિ:' એટલે પુરુષ. પછી મન (કહેલું છે). પુરુષ મનથી સર્વ કરે છે તેથી અહિં આધિદૈવિક મન (કહેવા) ઇચ્છેલું છે એમ જણાવવા, ઉંધા ક્રમથી પણ (મન) કહેલું છે. ઇન્દ્રિયો. 'ચ' 'અને' શબ્દથી (કહેલા) બુદ્ધિ અને પ્રાણ પછી ગંધ વિગેરે વાણી વિગેરે ઇન્દ્રિયોથી ભોગવાતા સર્વ પદાર્થો. 'ચ' 'અને' શબ્દથી (કહેલા) સ્ત્રી વિગેરે તેમના પેટા ભેદો. વધારે કહેવાનું શું પ્રયોજન? ઘટ વિગેરે, માલા વિગેરે સર્વ વિષયો અને 'ચ' 'અને' શબ્દથી (કહેલા) તે(વિષયો)થી ઉત્પન્ન થતાં સુખ વિગેરે. આ બધાએ જો કે જગતનાં કારણ છે, તો પણ આપના અંગ અક્ષરમાંથી ઉત્પન્ન થએલાં છે. 'બ્રહ્મ પાછલો ભાગ (પ્રતિષ્ઠા) તે' (તૈત્તિરીયો-પનિષદ્ 2-5) શ્રુતિ તે (અક્ષરને) જ અંગ કહે છે. આ કારણથી આપ જ જગતનું કારણ છો એમ (ભગવાનનું) સ્વરૂપથી માહાત્મ્ય કહેલું છે. 2.

'પ્રમાણપૂર્વક (ભગવાનનું સ્વરૂપ) કહેવું જોઈએ' એમ (પ્રમાણપૂર્વક જાણવાની) ઇચ્છા થતાં, વેદ સિવાય (બીજું) કાંઈ પ્રમાણ નથી એમ જણાવવા, બ્રહ્મા વિગેરેને પણ 'આ (ભગવાન્) આવા છે' એવું જ્ઞાન નથી એમ નીચેના શ્લોકમાં કહે છે:

અથવા 'આ તમારા (ભગવાનના) પુત્રો અને પૌત્રોની પણ મુક્તિ કેમ થઈ નથી? જો આમની જ મુક્તિ થઈ નથી તો બીજાની મુક્તિ કેમ થશે?' એવી શંકા થાય, તેથી તેમની મુક્તિ નહિ થવાનું કારણ અભિમાનને લીધે (થએલું તેમનું) અજ્ઞાન છે, એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છે:

નૈતે સ્વરૂપં વિદુરાત્મનસ્તે હ્યજાદયોઽનાત્મતયા ગૃહીતા: ॥
અજોઽનુબદ્ધ: સ ગુણૈરજાયા ગુણાત્ પરં વેદ ન તે સ્વરૂપમ્॥3॥

આ પુરુષ વિગેરે જેઓ (આપને) આત્મા તરીકે સ્વીકારતા (જાણતા) નથી, તેઓ આપ આત્માનું સ્વરૂપ જાણતા નથી. પ્રકૃતિના ગુણોથી બંધાએલા તે બ્રહ્મા આપના ગુણથી પર સ્વરૂપને જાણતા નથી. 3.

(આપ ભગવાનનું સ્વરૂપ) અવશ્ય જાણવું જોઈએ એમ જણાવવા 'આત્મન:' 'આત્માનું' પદ યોજેલું છે. જો કે આપ આત્મા છો તો પણ (પુરુષ વિગેરે) આપને આત્મા

તરીકે સ્વીકારતા (જાણતા) નથી, એમ 'અનાત્મતયા ગૃહીતા:' શબ્દોથી કહેલું છે. (અહિં 'ગૃહીતા:' શબ્દમાં) કર્તાના અર્થમાં 'ત' (ભૂત કૃંદતનો પ્રત્યય) યોજાએલો છે. અથવા આપે કૃપાથી (કૃપા કરી) તેઓને આત્મા તરીકે સ્વીકારેલા નથી એવો (એ શબ્દોનો અર્થ છે). 'અજાદય:' એટલે અક્ષર વિગેરે અથવા પુરુષ વિગેરે આપનું સ્વરૂપ જાણતા નથી.

'પ્રમાણમાં રચ્યા પચ્યા રહેલા બ્રહ્મા વિગેરે (આપનું સ્વરૂપ) જાણતા હશે' એમ વિચારી (એવી શંકા કરી), તેઓને પણ (આપના સ્વરૂપનું) જ્ઞાન નથી એમ ઉત્તરાર્ધથી કહે છે. 'અજ:' બ્રહ્મા 'અજાયા:' સૃષ્ટિરૂપ પ્રકૃતિના 'ગુણૈ:' કર્તા હોવાપણું વિગેરે અથવા સત્ત્વ વિગેરે ગુણોથી 'અનુબદ્ધ:' પોતાની (ગુણોમાં) આસક્તિને લીધે બંધાએલ પણ છે, અથવા ભગવાનની ઇચ્છાથી પાછા તે(ગુણો)થી બંધાએલ છે. તેથી ગુણોથી 'પરં' જૂદાં રહેલાં અથવા ગુણોને વશ રાખનારાં આપનાં સ્વરૂપને જાણતા નથી; કારણ કે ઘરમાં જે બંધાએલ હોય તે ઘરથી બહાર રહેલાને જોતો (જોઈ શકતો) નથી. તેથી (બ્રહ્મા આપના સ્વરૂપને) હદવાળું જ માને છે, અને તેથી તેનો મોક્ષ થતો નથી એવો (અર્થ છે). જ્યારે તેઓ (બ્રહ્મા વિગેરે) પણ જાણતા નથી ત્યારે બીજો કેમ જાણશે? એવો (ભાવ છે). તે જે કોઈ પણ એવો (પ્રકૃતિના ગુણોથી બંધાએલો) થશે તે (આપનું સ્વરૂપ) નહિ જાણે, પરંતુ જે આપની કૃપાથી આપને જાણશે તે જ કૃતાર્થ થશે, એટલે (આમાં) કાંઈ સામાન્ય રીતથી ઉલટું નથી. 3.

'ત્યારે જ્ઞાન (પ્રાપ્ત કરવાનો) ઉપાય કેવી રીતે થાય?' એવી શંકા થાય, તેથી કહેવામાં આવે છે કે (ભગવાનનું સ્વરૂપ) જાણ્યા વિના પણ રુચિ પ્રમાણે શાસ્ત્રમાં કહેલી રીતે ભગવાનની સેવા કરવી. પછી (ભગવાન્ પોતાનું સ્વરૂપ) જણાવશે એવા અભિપ્રાયથી, બધાએ જુદાજુદા રૂપવાળા આપની પોતાના અધિકાર પ્રમાણે સેવા કરે છે એમ નીચેના શ્લોકથી આરંભી છ અથવા સાતથી વિશેષ (ખાસ) અને સામાન્ય પ્રકારે1 કહે છે:

ત્વાં યોગિનો યજન્ત્યદ્ધા મહાપુરુષમીશ્વરમ્॥
સાધ્યાત્મં સાધિભૂતં ચ સાધિદૈવં ચ સાધવ: ॥4॥

આપ મહાપુરુષ ઈશ્વરને યોગીઓ સાક્ષાત્ પૂજે છે, અને સાધુઓ આત્મા માં રહેલા, ભૂતોમાં રહેલા અને દેવમાં રહેલા (રૂપ) સાથે (આપને પૂજે છે). 4.

તે (સર્વ સેવકો) પૈકી સર્વની દરકાર નહિ કરનારા યોગીઓ મોક્ષમાં આસક્તિવાળા હોવાથી આરંભમાં તેઓને ગણે છે (ગણાવે છે). જો કે ચિત્તની વૃત્તિ(લક્ષણ)ને રોકવારૂપ યોગમાં આત્માની સ્ફૂર્તિ થવી એ ફલ છે, અને ભગવાનના રૂપનો ધ્યાન માટે જ ઉપયોગ કરવામાં આવતો હોવાથી તેઓ (યોગીઓ) ભગવાન ના સેવકો નથી, અથવા (યોગ) શાસ્ત્રને (ઈશ્વરના ધ્યાનની) જરુર નહિ હોવાથી (આત્માની સ્ફૂર્તિથી) વિરુદ્ધ (તે) અંશ ભવિષ્યમાં તજવાનો છે, છતાં પણ (આત્માની સ્ફૂર્તિના) અંગ તરીકે ઈશ્વરનું ધ્યાન (ધરવાનું) કહેલું છે, તેથી યોગીઓ પણ આપને જ પૂજે છે. (તેઓ આપને) 'અદ્ધા' સાક્ષાત્ પૂજે છે, કારણ કે તેઓ (દેહની) અંદર ઉપાસના કરનારા હોવાથી, દેહ વિગેરે વડે (આપથી) છૂટા પડતા નથી. તેઓના મત પ્રમાણે 'ઈશ્વર સર્વ જીવથી જૂદા પ્રકારના આકારવાળા પુરુષ છે' એવું નથી;

તેથી અહિં સાંખ્ય અને યોગમાં ઈશ્વર આકારવાળા અને આકાર વિનાના છે એવો નિર્ણય કરેલો છે. તે (અર્થ) 'મહાપુરુષ ઈશ્વર' શબ્દથી કહે છે. અંદરથી (વશ રાખનાર) અને બહારથી વશ રાખનાર (એવો તેનો અર્થ છે).

વળી સાધુઓ એટલે સારા આચરણવાળા સ્મૃતિના ધર્મમાં રચ્યા પચ્યા રહેનારા ભગવાનને આશ્રયરૂપ માનનારાઓ, આધ્યાત્મિક વિગેરે ત્રણ ભેદો તે(ભગવાન)ને જ અધીન હોવાથી ભગવાન્ તે ત્રણ સાથે જ (રહેલા) હોય છે એમ કહે છે, એમ 'સાધ્યાત્મમ્' આત્મામાં રહેલા(રૂપ) સાથે, અને એ પ્રમાણે 'ભૂતોમાં રહેલા(રૂપ)સાથે' અને 'દેવમાં રહેલા(રૂપ)સાથે' શબ્દોથી કહે છે. તેમ ન હોય (ભગવાન્ એ ત્રણ રૂપ સાથે રહેલા ન હોય) તો કર્મથી બંધ જ થાય. આમ (ભગવાન્ એ ત્રણ રૂપો સાથે રહેલા) હોવાથી, કર્તા અને પ્રેરણા કરનાર2 ભગવાનને અધીન હોવાથી, બીજા કોઈનો અપરાધ થતો નથી.4.

1.છ ખાસ પ્રકારના ઉપાસકો અને એક સામાન્ય રીતે હલકા પ્રકારનો ઉપાસક, એમ છ અથવા સાત પ્રકારના ઉપાસકો પોતપોતાના અધિકાર પ્રમાણે આપની સેવા કરે છે એમ કહે છે. (1)યોગીઓ અને (2)સ્માર્તો આ શ્લોકમાં કહ્યા. (3)કર્મમાર્ગીય વૈદિકો શ્લોક પાંચમામાં, (4)જ્ઞાનમાર્ગીય વૈદિકો છઠ્ઠા શ્લોકમાં, (5)ઉપાસના માર્ગીય વૈદિકો શ્લોક સાતમામાં અને (6)શૈવો શ્લોક આઠમામાં જણાવે છે. (7) સામાન્ય હલકા ઉપાસકો શ્લોક નવમામાં કહેલા છે.

2.આત્મામાં રહેલું રૂપ કરણ (ઇન્દ્રિયરૂપ) છે, ભૂતોમાં રહેલું રૂપ કર્તા છે, અને દેવમાં રહેલું રૂપ પ્રેરણા કરનાર છે. એ પ્રમાણે કરણ, કર્તા અને પ્રેરણા કરનાર ભગવાનને અધીન હોવાથી, ભગવાનની આજ્ઞા પ્રમાણે જ વર્તનાર હોવાથી, બીજાને (જીવને) અપરાધ થતો નથી, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે ઘણા આવશ્યક અંદરના અને બહારના ધર્મોમાં રચ્યા પચ્યા રહેતા સ્માર્તોનું નિરૂપણ કરી, નીચેના શ્લોકથી શ્રૌતો(વૈદિકો)નું નિરૂપણ કરે છે:

ત્રય્યા ચ વિદ્યયા કેચિત્ ત્વાં વૈ વૈતાનિકા દ્વિજા: ॥
યજન્તે વિતતૈર્યજ્ઞૈર્નાનારૂપામરાખ્યયા॥5॥

અને કેટલાક યજ્ઞ કરનારા દ્વિજો ત્રણ વેદોની વિદ્યાથી (કરાતા) લાંબા યજ્ઞોથી જુદાજુદા રૂપવાળા દેવોના નામથી આપની જ પૂજા કરે છે. 5.

વેદમાં ત્રણ જૂદા કાંડો (વિભાગ) હોવાથી, ત્રણ પક્ષો છે. તે પૈકી (1) કર્મમાર્ગમાં ત્રણ વેદો મુખ્ય છે. (2)જ્ઞાનમાર્ગમાં ઉપનિષદો (મુખ્ય છે) અને (3)ઉપાસના (માર્ગ)માં તો પ્રણવ વિગેરે મંત્રો મુખ્ય છે. તે ક્રમથી ત્રણ (પૂજા કરનારાઓ) કહે છે. બધાએનો ભગવાનનું જ્ઞાન (પ્રાપ્ત કરવા)માં ઉપયોગ છે, એ અમે (ઉપર શ્લોક 4ના શ્રીસુબોધિનીમાં) કહેલું છે. જૂદા (પ્રકારના) મંત્રોને લીધે વેદોના (1)ઋચાઓ (2)સામ અને (3)યજુષ એવા ત્રણ પ્રકાર છે. તે(મંત્રો)ને ઉપયોગી બ્રાહ્મણ1 છે. અથવા બહારની ક્રિયા યજુર્વેદના મંત્રથી કરવામાં આવે છે અને દેવતાને સાક્ષાત્ દ્રવ્ય સમર્પણ કરવું વિગેરે રૂપ અંદરની ક્રિયા ઋગ્વેદના મંત્રથી કરવામાં

આવે છે. પછી દેવતા ફલનું દાન કરે અને હોમેલાં પદાર્થનું ગ્રહણ કરે તે માટે સામવેદના મંત્રથી તેની સ્તુતિ કરવામાં આવે છે. આવા પ્રકારથી યજ્ઞ કરનારા એટલે લાંબા યજ્ઞ કરવામાં આસક્તિવાળા 'વિતતૈ:' જુદાજુદા પ્રકારના એક હજાર વર્ષે પૂરા થાય તેવા લાંબા યજ્ઞોથી યજ્ઞરૂપ આપની પૂજા કરે છે, એવો સર્વત્ર સંબંધ છે. 'ચ' 'અને' (શબ્દથી એમ જણાવ્યું છે કે) અંગ અને ઉપાંગો સહિત, અને જ્ઞાનથી પણ સહિત (ત્રણ યજ્ઞોની વિદ્યાથી, યજ્ઞોથી આપની જ પૂજા કરે છે). જન્મથી અને કર્મથી શુદ્ધ વૈદિક (બ્રાહ્મણો એ પ્રમાણે કરે છે), પરંતુ બધાનો તેમાં (તેમ કરવાનો) અધિકાર નથી, એમ 'કેટલાક દ્વિજો' શબ્દથી (કહેલું છે).

'ત્યાં (યજ્ઞોમાં) ઇન્દ્ર વિગેરેની જ પૂજા થાય છે, પરંતુ ભગવાનની પૂજા થતી નથી' એવી (શંકા) વિચારી, 'જુદાજુદા રૂપવાળા (દેવોના નામથી)' શબ્દ યોજેલ છે. જુદા જુદા પ્રકારનાં રૂપો ઇન્દ્ર વિગેરે જે દેવોના છે તેમના નામથી, અથવા (ભગવાન્) દેવોમાં રહેલા હોવાથી ભગવાનનું જ તે (તે) નામ હોવાથી, તેમના નામથી ભગવાનની જ પૂજા કરે છે. વાસ્તવિક રીતે તો તે (દેવો) (ભગવાનના) અંગ જેવા છે. જેમ રાજાના મુકુટ પાઘડી વિગેરે બનાવનાર, જોકે (રાજાના) શિરની જ સેવા કરે છે તો પણ (રાજાનો) સેવક જ છે, એવી રીતે કર્ણ વિગેરેની (સેવા કરનારા હોય) તો પણ રાજાના સેવક જ કહેવાય છે, પરંતુ (આ રાજાના) અંગ(શિર, કર્ણ વિગેરે)ના સેવક છે એમ કહેવાતા (ઓળખાતા) નથી, તેમ ચાલુ પ્રસંગમાં પણ ઇન્દ્ર વિગેરે બાહુ વિગેરે છે એવા વાક્યોથી (દેવો ભગવાનના) અંગ છે એવું જ્ઞાન થાય છે. તેથી (તેમની પૂજાથી) ભગવાનની જ પૂજા થાય છે. 5.

1.વેદના મંત્રોનો જુદાજુદા યજ્ઞોમાં કેવી રીતે ઉપયોગ કરવાનો છે તે જણાવનાર વેદનો ભાગ 'બ્રાહ્મણ' કહેવાય છે. (1)મંત્રો, (2)બ્રાહ્મણ અને (3)ઉપનિષદો એવા ત્રણ વેદના ભાગો છે.

એકે ત્વાખિલકર્માણિ સંન્યસ્યોપશમં ગતા: ॥
જ્ઞાનિનો જ્ઞાનયજ્ઞેન યજન્તિ જ્ઞાનવિગ્રહમ્॥6॥

સર્વ કર્મોનો ત્યાગ કરી, શાંતિ પ્રાપ્ત કરેલા કેટલાક જ્ઞાનીઓ જ્ઞાનયજ્ઞથી જ્ઞાનરૂપ વિગ્રહવાળા આપનું પૂજન કરે છે. 6.

વળી સર્વ કર્મોનો ત્યાગ કરી, ચિત્તની શાંતિ પામેલા બીજાઓ, ચિત્તની ઘણી જ શાંતિ પ્રાપ્ત કરીને, જ્ઞાની થઈ એટલે આત્મા બ્રહ્મ જ છે એવી સ્ફૂર્તિ રાખી આત્માનું (પોતાનું) પૂજન કરનારા થઈ, જ્ઞાનરૂપ જ યજ્ઞ કરે છે. (1)ચિદ્(જ્ઞાન)રૂપ આત્મા જ યજ્ઞરૂપ છે એવી કલ્પના કરી ભગવાનને તે(આત્મા)નું સમર્પણ કરવું, તેનું નામ જ્ઞાનયજ્ઞ. અથવા (2)જ્ઞાન ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરાવનારું હોવાથી તેને જ 'યજ્ઞ' શબ્દથી જણાવેલું (ઓળખાવેલું) છે. અથવા (3)જે(કરવા)થી ઘડપણ અથવા મરણ વિગેરે ન થાય તેવા પ્રકારના (યજ્ઞો) જ્ઞાનયજ્ઞ (કહેવાય છે). ત્યાં (જ્ઞાનયજ્ઞોમાં) જેમનું પૂજન કરવામાં આવે છે તે પણ જ્ઞાનરૂપ જ છે એમ 'જ્ઞાનરૂપ વિગ્રહવાળા' વિશેષણથી કહે છે. 6.

નીચેના શ્લોકમાં ઔડુલોમિ(ના મત) પ્રમાણે ઉપાસના કરનારાઓનું વર્ણન કરે છે:

અન્યે ચ સંસ્કૃતાત્માનો વિધિનાભિહિતેન તે॥

યજન્તિ તન્મયાસ્ત્વાં વૈ બહુમૂર્ત્યેકમૂર્તિકમ્॥7॥

અને શુદ્ધ કરેલા દેહવાળા તે બીજાઓ વેદમાં કહેલા(માર્ગ)થી તન્મય થઈ ઘણી મૂર્તિઓ વડે એક મૂર્તિવાળા આપનું જ પૂજન કરે છે. 7.

'રુદ્ર ન હોય તેણે રુદ્રની પૂજા કરવી નહિ' વિગેરે વાક્ય પ્રમાણે તેઓ (ઔડુલોમિના મત પ્રમાણે ઉપાસના કરનારાઓ) પોતાને અને ભગવાનને જુદાજુદા અને એક માને છે. તેથી કહે છે કે 'અન્યે' ભગવાનથી જૂદા, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી (ભગવાનથી) જૂદા નહિ તેવાઓ પણ 'સંસ્કૃતાત્માનઃ' દીક્ષા વિગેરેથી જેમણે (પોતાના) દેહને શુદ્ધ કરેલો છે તેવાઓ ગુરુએ કહેલા માર્ગ પ્રમાણે (આપનું પૂજન કરે છે). 'તે' એટલે જુદાજુદા પ્રકારથી જ જુદાજુદા દેવતાના મંત્રોની ઉપાસના કરનારા પ્રસિદ્ધ તેઓ, પછી 'તન્મય' થઈને અથવા જેની ઉપાસના કરવાની છે તે દેવતાએ જેમના દેહમાં પ્રવેશ કરેલો છે તેવા થઈ આપનું જ (પૂજન કરે છે). તેઓ 'વૈ' નક્કી (આપનું જ પૂજન કરે છે એટલે અહિં આપનું રૂપ) છૂપાએલા જેવું નથી. માછલું, કાચબો વિગેરેના આકારવાળી ઘણી મૂર્તિઓથી એક મૂર્તિવાળા એટલે એક જ સ્વરૂપવાળા(આપ)નું તેઓ પૂજન કરે છે, કારણ કે તે બધાએ વિષ્ણુની ઉપાસના કરનારા છે. આ(ઉપાસના કરનારાઓ)માં શૈવ વિગેરે પણ ભગવાનમાં જ શ્રદ્ધાવાળા છે એમ જાણવું; કારણ કે ઉપાસનામાં મંત્ર જ મુખ્ય છે, (અને) યજ્ઞની પેઠે મંત્રરૂપ તે (ભગવાન્) એક જ છે, અને તેતે (આકારના) અભિમાનવાળી દેવતા (જેમ યજ્ઞમાં) ઇન્દ્ર વિગેરે(જુદાજુદા હોય છે તેમ)ની પેઠે (જુદીજુદી હોય છે). પછી પાંચ પ્રકારના અથવા અનેક પ્રકારના મંત્રોથી ઉપાસના માર્ગ પ્રમાણે સ્થાપન કરેલા એક જ ભગવાનની ઉપાસના કરવામાં આવે છે. હલકા(દેવો)ની અને જૂદા પ્રકારથી સ્થાપન કરેલા (દેવોની) ઉપાસના કરનારાઓનું આગળ નિરૂપણ કરવામાં આવશે. 7.

વળી શિવરૂપ પણ આપ જ છો, તેથી શૈવો પણ આપની જ ઉપાસના કરે છે એમ નીચેના શ્લોકમાં કહે છે:

ત્વામેવાન્યે શિવોક્તેન માર્ગેણ શિવરૂપિણમ્॥
બહ્વાચાર્યવિભેદેન ભગવન્ સમુપાસતે॥8॥

હે ભગવન્! બીજાઓ ઘણા આચાર્યોના ભેદથી શિવે કહેલા માર્ગ પ્રમાણે શિવરૂપ આપની જ સારી રીતે ઉપાસના કરે છે. 8.

અન્યે (ઉપર કહેલા) ઉપાસના કરનારાઓથી જૂદા શિવશાસ્ત્રને અનુસરનારા બીજાઓ (આપની ઉપાસના કરે છે). તામસ કલ્પમાં વિષ્ણુ શિવરૂપ થી રહે છે તેથી શૈવો તે જ (ઉપરના શ્લોકમાં જણાવેલા) પક્ષનો આશ્રય કરી, (પોતાના) સ્વભાવની રુચિ પ્રમાણે તેવી રીતે (શિવરૂપની) ઉપાસના કરે છે. શિવે કહેલો માર્ગ શૈવપંચરાત્રમાં અને પાશુપત વિગેરેમાં પ્રસિદ્ધ છે. તેમાં શિવરૂપવાળા વિષ્ણુ જ હોય છે. કેટલાક (વિષ્ણુને શિવમાં) આવેશ કરેલા કહે છે. તે(માર્ગ)માં મહાપાશુપત, પાશુપત વિગેરે ભેદને લીધે જુદાજુદા ઘણા આચાર્યો છે. 'હે ભગવન્!' એ સંબોધનથી એમ જણાવેલું છે કે જ્યારે વૈરાગ્ય ગુણને મુખ્ય

રાખી આપ (શ્રીકૃષ્ણ) કાર્ય કરો છો ત્યારે આપ શિવરૂપ થાઓ છો. તેઓ (શૈવો) સારી રીતે જ (આપની) ઉપાસના કરે છે. 8.

એ પ્રમાણે છ પ્રકારનાનું નિરૂપણ કરી, નીચેના શ્લોકમાં સામાન્ય રીતે હલકા દેવોની ઉપાસના કરનારાઓનું નિરૂપણ કરે છે:

સર્વ એવ યજન્તિ ત્વાં સર્વદેવમયેશ્વરમ્॥
યેપ્યન્યદેવતાભક્તા યદ્યપ્યન્યધિય: પ્રભો॥9॥

હે પ્રભો! જેઓ બીજા દેવતાઓના ભક્તો છે તેઓ જો કે બીજાની અંદર બુદ્ધિ રાખનારા છે (તો પણ) બધાએ સર્વદેવમય ઈશ્વર આપનું જ પૂજન કરે છે.9.

વધારે કહેવાથી શું? ક્ષેત્રપાળ વિગેરેની ઉપાસના કરનારાઓ પણ આપની જ ઉપાસના કરે છે, 'કારણ કે સર્વ યજ્ઞોના ભોક્તા હું જ છું' (ભગવદ્ગીતા 9-24) વાક્ય પ્રમાણે આપ સર્વ દેવમય છો અને તે (દેવોના) પણ ઇશ્વર છો. સર્વ દેવમય અને તે ઈશ્વર (હોય તે 'સર્વદેવમયેશ્વર:').

'તેઓની બુદ્ધિ ભગવાનમાં ચોંટેલી હોતી નથી, તેથી સર્વ ભગવાનની ઉપાસના ક્રનારા છે એમ કેમ કહેવાય?' એવી શંકા થાય, તેથી 'જેઓ બીજા દેવતાઓના ભક્તો છે....' એમ કહેલ છે. 'અમે આત્માથી જૂદા, વિષ્ણુથી જૂદા બીજા કોઈ દેવતાની ઉપાસના કરનારા છીએ' એવી જો કે તેઓની બુદ્ધિ બીજાની અંદર રહેલી છે, છતાં પણ જેની ઉપાસના (તેઓ) કરે છે તે મોટો છે એમ માનીને તેની ઉપાસના કરે છે, પરંતુ 'અમે જેની ઉપાસના કરીએ છીએ તે કાંઈ કરી શકે તેવો નથી' એમ (માનીને તેની ઉપાસના કરતા) નથી. તેમ ન હોત (તેને મોટો માનતા ન હોત) તો (તેની) ઉપાસના કરત નહિ, કારણ કે કોઈ પણ કોઈને ગરીબડો અને નમાલો જાણીને તેની ઉપાસના કરતું નથી; પરંતુ (નમાલાને મોટો માનવારૂપ) ભ્રમથી (તેની) ઉપાસના થાય છે. ભ્રમમાં તો ભગવાનના ધર્મોનો જ તે(ક્ષુદ્ર દેવ)માં આરોપ કરવામાં આવે છે એટલે ભગવાનની જ સેવા થાય છે, કારણ કે (ભગવાનની ઉપાસનામાં, અને ક્ષુદ્ર દેવને ભગવાન્ જાણી તેની ઉપાસના કરવામાં આવે તેમાં ભગવાનના ગુણોનો) આરોપ સરખો છે. ભેદ એટલો છે કે આ (ક્ષુદ્ર દેવને ભગવાન્ જાણી તેની ઉપાસનામાં કરવામાં આવતો આરોપ) અજ્ઞાનથી થએલો છે. જે કોઈ ભ્રમને લીધે (છીપલીને) રૂપું જાણે છે, તેને પણ રૂપાનું જ્ઞાન છે જ. તેમ (તેને રૂપાનું જ્ઞાન) ન હોય તો (તેનો) નિર્ણય પણ ભ્રમવાળો જ થાય.1 ભગવાને 'મને તેઓ (તત્ત્વથી) જાણતા નથી' (ભગવદ્ગીતા 9-24) એમ જે કહ્યું તે 'તેઓ (પણ) અવિધિપૂર્વક (મારું યજન કરે છે)' (ભગવદ્ગીતા 9-23) વાક્ય હોવાથી, વિધિને લક્ષમાં રાખી કહેલું છે. જેમ પ્રતિમા વિગેરેમાં પણ ભગવાન્ અને તેમના ગુણોનો આરોપ કરવામાં આવે છે, તેવી રીતે જુદાજુદા (દેવો)ની ઉપાસના કરનારાઓ પણ પોતે જેની સેવા કરે છે તે(દેવ)માં ભગવાન્ અને તેમના ગુણોનો આરોપ કરે છે, પરંતુ તેમાં (તેઓ આરોપ કરે છે તેમાં) વિધિ2 નહિ હોવાથી તે જ્ઞાન ઉત્પન્ન કરતું નથી, પરંતુ (તેમનું) ઇચ્છેલું ફલ જ (આપે છે). તેથી તેઓને ભગવાનનું જ્ઞાન નહિ હોવાથી તેઓ સંસારમાં જ

રહે છે એમ (ભગવદ્ગીતા 9-24માં) કહેતાં ભગવાન્ વિધિમાર્ગનું મુખ્ય (માર્ગ) તરીકે સ્થાપન કરે છે, પરંતુ વિધિ વગરના ઉપાસના માર્ગની નિંદા કરતા નથી. જો તેમ ન હોત (ભગવાન્ જો વિધિ વગરના ઉપાસના માર્ગની નિંદા કરતા હોત) તો, 'મારું જ પૂજન કરે છે' (9-23), 'હું સર્વ યજ્ઞોનો (ભોક્તા) છું' (9-24) 'અને તેની પાસેથી મેં જ નિર્માણ કરેલા તે કામોને પ્રાપ્ત કરે છે' (7-22) એમ (ભગવાન્) ન કહેત. તેથી આ (9-23માં 'અવિધિપૂર્વક' કહ્યું તે) વિધિની પ્રશંસા કરવા માટે જ યોજેલું છે. તેથી 'જેઓ બીજા દેવતાના ભક્તો છે તેઓ જોકે બીજાની અંદર બુદ્ધિ રાખનારા છે' 'તો પણ આપનું જ પૂજન કરે છે' એમ કહ્યું તે બરાબર જ કહેલું છે.

'ભગવાન્ એ પ્રમાણે ભ્રમ ઉત્પન્ન કરીને એવા પ્રકારનું ફલ, કેમ આપે છે? બધાએ (જીવો)ને એક પ્રકારના કેમ કરતા નથી?' એવી શંકા થાય, તેથી 'હે પ્રભો!' એવું સંબોધન કરેલું છે, કારણ કે ભગવાન્ સર્વ પ્રકારે3 (ફલ આપવા) શક્તિવાળા છે, છતાં પણ જુદાજુદા પ્રકારના (જીવોને) કરે છે જ. 9.

1.છીપલીને 'આ રૂપું છે' એમ માનનાર ભૂલથી એમ જાણે છે, છતાં તેને રૂપાનું જ્ઞાન છે જ. રૂપાનું જ્ઞાન તેને ન હોય તો 'આ રૂપું છે' એવો તેનો નિર્ણય પણ ભ્રમવાળો જ હોઈ શકે, કારણ કે જેને રૂપું કેવું હોય તેનું જ્ઞાન નથી, તેનાથી 'આ રૂપું છે' એવો નિર્ણય થઈ શકે જ નહિ.

2.વિધિ એટલે વેદમાં જણાવેલો નિયમ અથવા પદ્ધતિ.

3.એક જ પ્રકારના જીવો બનાવી, તે સર્વ એક જ પ્રકારે ઉપાસના કરે અને ફલ પ્રાપ્ત કરે એમ કરવા પણ ભગવાન્ શક્તિવાળા છે. 'પ્રભો!' સંબોધનનો આવો અર્થ છે.

'જુદાજુદા(દેવો)ની ઉપાસના કરનારાઓને તેતે દેવનું સાયુજ્ય (પ્રાપ્ત થાય છે એમ) કહેલું હોવાથી, પ્રમેયબલના વિચારથી તેઓને ફલ પ્રાપ્ત થતું નથી (ભગવાનની પ્રાપ્તિ થતી નથી)' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

યથાદ્રિપ્રભવા નદ્યઃ પર્જન્યાપૂરિતાઃ પ્રભો॥
વિશન્તિ સર્વતઃ સિન્ધું તદ્વત્ત્વાં ગતયોઽન્તતઃ॥10॥

હે પ્રભો! જેમ પર્વતમાંથી ઉત્પન્ન થએલી નદીઓ, મેઘથી પૂર્ણ થએલી ચારે તરફથી સમુદ્રમાં પ્રવેશ કરે છે તે પ્રમાણે(તે સર્વ) છેવટ આપને પ્રાપ્ત કરનારા છે. 10.

'જેમ આકાશમાંથી પડેલું જલ સાગરમાં જાય છે, તેમ સર્વ દેવને કરેલ નમસ્કાર કેશવને પહોંચે છે' વાક્ય પ્રમાણે આ (જુદાજુદા દેવોની ઉપાસના કરનારાઓ તેતે દેવનું સાયુજ્ય પ્રાપ્ત કરે છે (ભગવદ્ગીતા 9-25) વાક્ય સાધન ધ્યાનમાં રાખી કહેલું છે. જો તેઓ નિષ્કામ હોય તો પ્રમેયના બલના (વિચારથી) તેઓને ભગવાનનું સાયુજ્ય જ પ્રાપ્ત થાય છે, (પણ તેમાં) જેમ ભૂતોની ઉપાસના કરનારાઓને ભૂતોનું સાયુજ્ય પ્રાપ્ત થાય છે, પછી ભૂતોને મહાદેવનું સાયુજ્ય પ્રાપ્ત થાય છે અને મહાદેવને ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત થાય છે તેવી પરંપરા અને કાલનો વિલંબ થાય છે. એવી રીતે વિધિ પ્રમાણે અથવા વિધિ વિના

(ઉપાસના કરનારાઓ)ને બારોબાર અથવા પરંપરાથી ભગવાનનું સાયુજ્ય જ ફલ મળે છે એમ (કહેલું છે). જેમ પર્વતમાંથી ઉત્પન્ન થએલી અને મેઘોથી પૂર્ણ થતી (ભરાતી) બધીએ નદીઓનું ચારે દિશાઓમાં પ્રવેશ કરવાનું સ્થાન સમુદ્ર જ છે, પરંતુ બીજો કોઈ (તેઓએ) પ્રવેશ કરવા યોગ્ય નથી, તે પ્રમાણે જ જીવોના સમૂહો નદીઓ જેવા છે. (જેમ) પર્વતના કુદરતી જલથી અથવા આવી મળેલા વરસાદના જલથી (નદીઓ) પૂર્ણ (જલથી ભરેલી) થાય છે, તેમ વિધિથી અથવા વિધિ વિના પૂર્ણ થએલા (ઉપાસના કરેલા) જીવો કરોડો જન્મો વડે ભગવાનના સાયુજ્યને જ પ્રાપ્ત કરે છે. તેવા પ્રકારના (વિધિ વિના ઉપાસના કરનારાઓ)ને પણ (આપ) ફલ પ્રાપ્ત કરાવો છો એમ જણાવવા 'હે પ્રભો!' એવું (સંબોધન કરેલું છે). છેવટ તેઓ આપમાંજ પ્રવેશ કરે છે (એ) 'गतयः' ફલો છે. 10.

વળી (સર્વ પદાર્થોની) ઉત્પત્તિનો વિચાર કરતાં પણ, (તે સર્વ) આપમાંથી જ ઉત્પન્ન થએલા છે, આપમાં જ પ્રવેશ કરે છે અને આપ જ છો; તેથી તેઓને આપનું સાયુજ્ય કેમ (પ્રાપ્ત) ન થાય? કારણ કે (આપના વિના) બીજો કોઈ પણ છે જ નહિ, તે નીચેના શ્લોકમાં કહે છે:

सत्त्वं रजस्तम इति भवतः प्रकृतेर्गुणाः॥
तेषु हि प्राकृताः प्रोता आब्रह्मस्थावरादयः॥11॥

કારણ કે સત્ત્વ, રજસ્ અને તમસ્ એવા આપ પ્રકૃતિના ગુણો છે (અને) તેઓમાં સ્થાવરથી આરંભી બ્રહ્મા સુધીના પ્રાકૃત (પદાર્થો) પરોવાએલા છે. 11.

આપ જ પ્રકૃતિ છો. તેથી આપ પ્રકૃતિના અથવા આપની પ્રકૃતિના સત્ત્વ, રજસ્ અને તમસ્ એવા ત્રણ ગુણો છે. તેઓમાં સ્થાવરના અંત(છેડા)થી બ્રહ્મા સુધીના સર્વે પ્રાકૃત એટલે પ્રકૃતિના પ્રકારથી ઉત્પન્ન થએલા (પદાર્થો) તે ગુણોમાં પરોવાએલા છે. તેથી બધાએ(પદાર્થો)નો ગુણોમાં લય થાય છે, ગુણોનો પ્રકૃતિમાં લય થાય છે, અને પ્રકૃતિનો આપમાં લય થાય છે અથવા આપ જ પ્રકૃતિ છો. 11.

એવી રીતે યોગ્યતા સહિત ભગવાન્ સંબંધી પ્રમાણનું ફલ સાથે નિરૂપણ કરી, પ્રમાણથી અને પ્રમેય(સ્વરૂપ)થી (ભગવાનનું) ઉત્તમપણું જણાવી, નીચેના શ્લોકમાં (તેમને) નમસ્કાર કરે છે:

तुभ्यं नमस्तेस्त्वविषक्तदृष्टये सर्वात्मने सर्वधियां च साक्षिणे॥
गुणप्रवाहोयमविद्यया कृतः प्रवर्तते देवनृतिर्यगात्मसु॥12॥

જેમની દૃષ્ટિ (કોઈમાં) આસક્ત થતી નથી તેવા સર્વના આત્મા અને સર્વની બુદ્ધિના જોનાર આપને આપની (પ્રાપ્તિ) માટે નમસ્કાર હો. આ અવિદ્યાએ કરેલો ગુણોનો પ્રવાહ દેવો માણસો અને હલકાં પ્રાણીઓના દેહોવાળામાં પ્રવર્તે છે. 12.

જો તેમ (નમસ્કાર) ન કરે તો (ભગવાનનું) ઉત્તમપણું (તેના) હૃદયમાં દૃઢ થએલું નથી એવી શંકા થાય, તેથી ઉત્તમપણું જણાવીને નમસ્કાર કરવા જોઈએ. આવા આપને નમસ્કાર

હો. ‘તે’ એટલે આપને (આપની પ્રાપ્તિ થાય તે) માટે જ (નમસ્કાર હો). આપ જ ફલ છો એવો (આનો) અર્થ છે.

એ પ્રમાણે આપને નમસ્કાર કરવાથી આપ જ ફલ થાઓ છો, તેથી ‘(નમસ્કાર) હો’ એવી પ્રાર્થના કરે છે.

‘તે ધર્મો(પ્રકૃતિના સત્ત્વ વિગેરે ગુણો)થી ઘેરાએલો હું અવતરેલો છું તેથી મને નમસ્કાર કરવાથી શું (વળે)?’ એવી શંકા થાય, તેથી ‘જેમની દૃષ્ટિ કોઈમાં આસક્ત થતી નથી તેવા’ વિશેષણ યોજેલું છે. આસક્ત થતી નથી દૃષ્ટિ જેમની તેવા (ભગવાન્ છે). ધર્મો(સત્ત્વ વિગેરે ગુણો)માં કોઈ સ્થલે ભગવાનની દૃષ્ટિ આસક્ત થતી નથી. તેનું કારણ ‘સર્વના આત્મા’ શબ્દથી (કહેલું છે). બીજાની અંદર આસક્તિ થાય, પરંતુ ભગવાન્ તો સર્વ જ છે (તેમનાથી બીજું કોઈ નહિ હોવાથી, તેમની બીજામાં આસક્તિ ન જ થાય). પોતામાં આસક્તિ (થાય તે) ઉત્તમ જ છે. આથી પોતાનો (અક્રૂરનો) અપરાધ પણ દૂર થાય છે, અને ‘સર્વની બુદ્ધિના જોનાર’ વિશેષણથી પ્રમાણ કહે છે. (ભગવાન્) સર્વની બુદ્ધિના જોનાર છે. અંદરનું અને બહારનું1 રૂપ કહ્યાં. ‘ચ’ ‘અને’ શબ્દથી આત્માના અને પ્રાણ વિગેરેના પણ (જોનાર કહેલા છે), કારણ કે જે સર્વના આત્મા હોય તેમનો બીજામાં અધ્યાસ2 થતો નથી; વળી જે સર્વના સાક્ષી (જોનાર) છે તે કર્તા થતા નથી; જે આવા (સર્વના સાક્ષી) છે તેમની દૃષ્ટિ કયાંય આસક્ત થતી નથી તેથી અને (ભગવાનમાં) બીજાનો ધર્મ નહિ હોવાથી ભગવાનને બીજાના ધર્મનો સંબંધ થતો નથી.

‘ત્યારે કોઈને પણ (બીજાના ધર્મનો સંબંધ) ન થાય’ એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધથી એમ કહે છે કે જેનામાં અવિદ્યા છે તેને (બીજાના ધર્મનો સંબંધ) થાય છે. આ ગુણોનો પ્રવાહ અવિદ્યાને લીધે જ દેવ માણસો અને હલકાં પ્રાણીઓ(ના દેહવાળાઓ)માં, એટલે સાત્ત્વિક રાજસ અને તામસ (જીવો)માં જ પ્રવર્તે છે, પરંતુ ગુણથી પર બ્રહ્મમાં પ્રવર્તતો નથી. તે (દેવ વિગેરે)માં તો વારંવાર (પ્રવર્તે છે), એટલે જ્યાં સુધી અવિદ્યા હોય ત્યાં સુધી દૂર થતો નથી. 12.

1.‘સર્વના આત્મા’ શબ્દથી અંદરથી અંદરનું રૂપ કહ્યું. ‘સર્વની બુદ્ધિના જોનાર’ વિશેષણથી બહારનું રૂપ કહ્યું.

2.‘અધ્યાસ’ એટલે ‘ખોટું જ્ઞાન’. જે અમુક પદાર્થ નથી તેનામાં તે પદાર્થ હોવાની બુદ્ધિ રાખવી તે અધ્યાસ.

એ પ્રમાણે (ભગવાનનું) દોષરહિતપણું જણાવી, માહાત્મ્ય દર્શાવી, નમસ્કાર કરી, નીચેના શ્લોકમાં (તેમના) અવયવોનું સ્વરૂપ કહે છે:

અગ્નિર્મુખં તેવનિરંઘ્રિરીક્ષણં સૂર્યો નભો નાભિરથો દિશઃ શ્રુતિઃ॥
દ્યૌ કં સુરેન્દ્રાસ્તવ બાહવોઽર્ણવાઃ કુક્ષિર્મરુત્ પ્રાણબલં પ્રકલ્પિતમ્॥13॥

અગ્નિ આપનું મુખ, પૃથ્વી ચરણ, સૂર્ય ચક્ષુ, આકાશ નાભિ, વળી દિશાઓ કર્ણ, સ્વર્ગ મસ્તક, ઉત્તમ દેવો આપના બાહુઓ, સમુદ્રો ઉદર, વાયુ પ્રાણ (અને) કર્મ (આપનું) બલ છે.

13.

ભગવાન્ સર્વ દેવતારૂપ છે એમ કહેવા માટે, (તેમના) બધા અવયવોનું દેવતા તરીકે નિરૂપણ કરવામાં આવે છે. જે અગ્નિ છે તે આપનું મુખ છે. જે 'અવનિ:' પૃથ્વી છે તે આપનું ચરણ છે. જે સૂર્ય છે તે આપનું 'ઇક્ષણમ્' ચક્ષુ છે. 'નભ:' આકાશ તો (આપની) નાભિ છે. આ (અગ્નિ વિગેરે) મહાભૂતો પણ છે, તેથી આગળ 'અથો' 'વળી' શબ્દ(પછી)થી માત્ર દેવતાઓ જ જણાવે છે. દિશાઓ આપની 'શ્રુતિ:' કર્ણ છે. 'દ્યૌ:' સ્વર્ગ આપનું 'કં' મસ્તક છે. ઉત્તમ દેવો આપના બાહુઓ છે. 'અર્ણવા:' સમુદ્રો આપનું ઉદર છે. વાયુ આપનો પ્રાણ છે. આ સ્થૂલરૂપવાળા (ભગવાન) જ સૂક્ષ્મ રૂપવાળા છે એમ જાણી, (અક્રૂર તેમનું) તેવી રીતે વર્ણન કરે છે, પરંતુ એમને પુરુષોત્તમ જાણતો નથી. જે કાંઈ 'પ્રકલ્પિતં' લોકમાં ક્રિયાથી પ્રાપ્ત થાય તેવું છે તે આપનું બલ છે. 13.

રોમાણિ વૃક્ષૌષધય: શિરોરુહા મેઘા: પરસ્યાસ્થિનખાનિ તેઽદ્રય:॥
નિમેષણં રાત્ર્યહની પ્રજાપતિર્મેઢ્રસ્તુ વૃષ્ટિસ્તવ વીર્યમિષ્યતે॥14॥

વૃક્ષો અને ઓષધિઓ રુંવાડાં, મેઘો આપ પર(બ્રહ્મ)ના કેશ, પર્વતો હાડકાં અને નખ, રાત અને દિવસ (આંખનો) પલકારો, પ્રજાપતિ ગુહ્ય ઇન્દ્રિય, અને વૃષ્ટિ તો આપનું વીર્ય મનાએલી છે. 14.

વૃક્ષો અને ઓષધિઓ આપનાં રુંવાડાં છે. મેઘો (આપના) કેશ છે.

'આ વિષય (પ્રમાણથી) વિરુદ્ધ છે. તેવું કેમ કહે છે?' એવી શંકા થાય, તેથી અને (અહિં કરેલાં) સર્વ(વર્ણન)નું સમાધાન થાય તે માટે 'આપ પરના' શબ્દો યોજેલા છે. આપ 'પર:' પોતાની મેળે પ્રકાશનાર અથવા પરબ્રહ્મ છો.

પર્વતો આપના હાડકાં અને નખો છે. આપ પ્રજાપતિ એટલે સંવત્સરરૂપ કાલના રાત્રિ અને દિવસ તો 'નિમેષણં' (આંખનો) પલકારો છે; કારણ કે (આંખ) બંધ થવી તે રાત્રિ અને ઉઘડવી તે દિવસ છે. પ્રજાપતિ આપનું 'મેઢ્ર' ગુહ્ય ઇન્દ્રિય છે. વૃષ્ટિ તો આપનું વીર્ય છે. 'તુ' 'તો' શબ્દથી (એમ જણાવ્યું છે કે વૃષ્ટિ) કેશ (મેઘ)નું જલ નથી1.

'સાધ્ય અને સાધન2 એવાં અયોગ્યરૂપવાળાં કેમ છે?' એવી શંકા થાય, તેથી 'મનાએલી છે' શબ્દથી પ્રમાણ કહે છે. સત્ય જાણનારાઓની (આવી) માન્યતા છે. આકાશમાં ચાલતા હોવાથી, મેઘો (ભગવાનના) કેશ છે અને વૃષ્ટિ સર્વની ઉત્પત્તિનું સાધન હોવાથી તે વીર્ય કહેવાય છે. 14.

1.કેશ મેઘ હોવાથી, વૃષ્ટિ કેશનું જલ હોવાનું સંભવે, તે તેવું નથી, એવો અર્થ છે. (લે)

2.મેઘો ભગવાનના કેશ છે. તે મેઘથી વૃષ્ટિ થાય છે તેથી મેઘ વૃષ્ટિનું સાધન છે, અને વૃષ્ટિ મેઘથી સાધ્ય (પ્રાપ્ત થાય તેવી) છે. છતાં તમે વૃષ્ટિ કેશનું જલ નથી એમ કેમ કહો છો? એવી શંકા છે. તેથી મેઘને કેશ કેમ કહેલા છે અને વૃષ્ટિને વીર્ય કેમ કહેલ છે તેનો ખુલાસો કરે છે.

એ પ્રમાણે (ભગવાનના) અવયવોનું નિરૂપણ કરી તે સર્વ લોકના આધાર છે એમ નીચેના શ્લોકમાં કહે છે:

ત્વય્યવ્યયાત્મન્ પુરુષે પ્રકલ્પિતા લોકા: સપાલા બહુજીવસંકુલા: ॥
યથા જલે સન્નિહતે જલૌકસોઽપ્યુદુમ્બરે વા મશકા મનોમયે॥15॥

જેમ જલમાં જલચર પ્રાણીઓ અથવા ઉંબરાના ફલમાં મચ્છરો અથવા મનોરથમાં (જીવો) ભેગા થઈ રહેલા છે તેમ (લોક)પાલો સહિત ઘણા જીવોથી ભરાએલા લોકો આપ વિકારરહિત આત્માવાળા પુરુષમાં રચાએલા છે. 15.

'(ભગવાન્) આ સર્વ લોકોના આધાર હોય તો (તેમનામાં) વધઘટ થતી હશે' એવી શંકા કરી (થાય, તેથી) કહે છે કે 'પાતાલ આમના ચરણનું તળીયું છે' (શ્રીમદ્ભાગવત 2।26) ન્યાય પ્રમાણે વિકારરહિત આત્માવાળા પુરુષરૂપમાં આપમાં બધાએ લોકો 'પ્રકલ્પિતા:' ઘણી સારી રીતે રચાએલા છે.

'ભગવાનને (તે લોકોનો) ભાર લાગતો હશે' એવી શંકા થતાં, 'જેમ જલમાં (જલચર પ્રાણીઓ) ભેગાં થઈ રહેલાં છે' એવું દૃષ્ટાંત આપે છે. જલમાં માછલાં વિગેરે જીવો રહે છે તેથી તે બધાથી પણ તે(જલ)ને જરાપણ ભાર થતો (લાગતો) નથી. એ પ્રમાણે ભગવાનમાં પણ બધાએ લોકો 'સન્નિહતે' ભેગા થઈ રહેલા છે.

જલ ચેતન નહિ હોવાથી, તેનું દૃષ્ટાંત અયોગ્ય1 હોવાથી, 'અથવા ઉંબરાના ફલમાં જેમ મચ્છરો (ભેગા થઈ રહેલા છે)' એમ ચેતન(નું દૃષ્ટાંત) કહે છે. એક (ઉંબરાનાં) ફલમાં તેની અંદર જ ઉત્પન્ન થએલા કરોડો મચ્છરો રહે છે, અને ઘણા ભેગા થાય છે. જેમ જલચર પ્રાણીઓનું (રહેવાનું) ઠેકાણું જલ જ છે, તેમ મચ્છરોનું પણ (રહેવાનું ઠેકાણું) ઉંબરાનું ફલ જ છે.

'આ (ઉંબરાને મચ્છરોનો ભાર લાગતો નથી તે) પણ પ્રત્યક્ષથી સાબિત થએલ નથી, કારણ કે ઉંબરાના ફલને મચ્છરોથી દુ:ખ થાય છે કે નહિ એ કોણ જાણી શકે? શરીરના અવયવોમાં તેમની અંદર ઉત્પન્ન થએલા જીવો રહેવાથી પણ દુ:ખ થાય છે'. એવી શંકા કરી, 'મનોરથમાં (જીવો ભેગા થઈ રહેલા છે)' એવું બીજું દૃષ્ટાંત આપે છે. જેમ મનોરથમાં વિષયો અને જીવો મનને સુખ આપનારા જ હોય છે, પરંતુ ભારરૂપ હોતા નથી, તેમ ભગવાનમાં પણ સુખને માટે જ રચાએલા તે લોકો રહેલા છે, પરંતુ ભારરૂપ થતા નથી. 15.

1.દુ:ખ અથવા ભાર ચેતન હોય તેને જ લાગે. જલ જડ હોઈ તેને દુ:ખ અથવા ભાર ન જ લાગે. તેથી જલનું દૃષ્ટાંત યોગ્ય નથી, એવો અર્થ છે.

એ પ્રમાણે ભગવાનના અવયવો સર્વના આધાર અને સર્વ દેવતારૂપ છે એમ જણાવી, તેવા મોટા (ભગવાને) લોકમાં નિંદાને પાત્ર થાય એવા રૂપથી અવતાર લેવો યોગ્ય નથી, એવી શંકા કરી, નીચેના શ્લોકમાં અવતાર(લેવા)નું પ્રયોજન કહે છે:

યાનિ યાનીહ રૂપાણિ ક્રીડનાર્થં બિભર્ષિ હિ॥
તૈરામૃષ્ટશુચો લોકા મુદા ગાયન્તિ તે યશ: ॥16॥

આપ જેજે રૂપો અહિં ક્રીડા માટે ધારણ કરો છો, તેમનાથી નાશ થએલો છે શોક જેમનો, તેવા લોકો આનંદથી આપનો યશ ગાય છે. 16.

હે ભગવન્! આપ જુદાજુદા પ્રકારની ક્રીડા માટે જલમાં, જમીન ઉપર અને વનમાં સર્વ સ્થલોએ ક્રીડા માટે માછલું વિગેરેના રૂપો (ધારણ) કરો છો, તેટલા (તેવા આપના કાર્ય)થી પણ તે રૂપોની લોકમાં નિંદા થતી નથી; પરંતુ જેજે રૂપો આપ ધારણ કરો છો, (તે રૂપો) ક્રીડા માટે (ધારણ) કરેલા હોવાથી તેની આપને ઘણી દરકાર હોતી નથી, છતાં પણ તે રૂપોથી 'આમૃષ્ટશુચ:' જેમણે સર્વ બાજુએથી (પોતાના) શોકનો નાશ કરેલો છે તેવા બધાએ લોકો આપનો યશ આનંદથી ગાય છે. તેથી (અહિં) એમ કહેલું છે કે લોકો ગાન કરે તે માટે આપનું ચરિત્ર થાય છે, અને તેનાથી (લોકોને) સર્વ પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે, અને સર્વનાં દુ:ખ દૂર કરવા (આપના) અવતારો થાય છે. 'આનંદથી ગાય છે' એમ કહ્યું તેથી એમ જણાવ્યું છે કે (આપના) ચરિત્રો સ્વત: પુરુષાર્થરૂપ છે. 16.

જો કે (ભગવાનના) રૂપો અનંત છે, તો પણ નીચેના શ્લોકથી કેટલાંક પ્રસિદ્ધ (રૂપો) ગણાવતાં, (તેમનું) ઉત્તમપણું જણાવવા સર્વ સ્થલે (રૂપને) નમન કરશે (કરે છે):

નમ: કારણમત્સ્યાય પ્રલયાબ્ધિચરાય ચ॥
હયશીર્ષ્ણે નમસ્તુભ્યં મધુકૈટભમૃત્યવે॥17॥

પ્રલયના સમુદ્રમાં ફરનારા કારણમત્સ્ય, અને મધુ અને કૈટભના મૃત્યુરૂપ હયશીર્ષ આપને નમસ્કાર હો. 17.

આપ મત્સ્યને નમસ્કાર હો.

'નિંદાએલ મત્સ્ય એવી રીતે ભગવાન્ કેમ થયો?' એવી શંકા થાય, તેથી 'કારણ(મત્સ્ય)' કહેલ છે. જ્યારે માછલાં ઉત્પન્ન થયાં ત્યારે (તેમના) બીજ તરીકે (તે) પહેલાં હતો તેવો કોઈ મત્સ્ય કારણ તરીકે સ્વીકારવો જોઈએ. તેમ ન હોય તો માછલાંઓની ઉત્પત્તિ ન થાય. ઉંબરાના ફલ વિગેરેમાં અથવા માંસમાં જીવોની ઉત્પત્તિ થાય છે, તેમાં (જીવોની ઉત્પત્તિનું) કારણ બનેલ (કોઈ) રૂપ ત્યાં રહેલું હતું એમ અવશ્ય સ્વીકારવું જોઈએ. તેમ ન સ્વીકારવામાં આવે તો, (દરેક કાર્યનું) કારણ હોવું જોઈએ એ(નિયમ)નો ભંગ થાય. આથી એમ (જાણવું કે) જગતમાં જેટલાં રૂપો છે તેટલાં રૂપો એવાં છે કે જેમનું કારણરૂપ ભગવાન્ છે (દરેક પ્રકારના જીવની ઉત્પત્તિ ભગવાનનાં તેતે જીવનાં કારણરૂપથી થએલી છે); તેથી ભગવાન્ હરકોઈ રૂપ ધારણ કરે તેથી (તેમની) હલકાઈ થતી નથી.

અથવા ('કારણમત્સ્ય' એટલે કારણ (પ્રયોજન) માટે (બનેલ મત્સ્ય). પ્રલય સમયે સત્યવ્રતની રક્ષા અને વેદોનો ઉદ્ધાર કરવાનાં હતાં, તે (કરવા) માટે (ભગવાન્) મત્સ્ય થયા, તેથી તેમને નમસ્કાર કરે છે, કારણ કે તે રૂપ પણ પૂજન કરવા યોગ્ય છે. પ્રલય સમયનો જે સમુદ્ર તેની અંદર (તે મત્સ્ય) ફરે છે, એવું સત્યવ્રતની રક્ષારૂપ (તેમનું) ચરિત્ર કહેલું છે.

વેદોનો ઉદ્ધાર બે રૂપોએ કરેલો, તેથી (ભગવાને) હયગ્રીવનું રૂપ (ધારણ) કરેલું એમ ઉત્તરાર્ધમાં કહે છે. હયના શિર જેવો શિરનો ભાગ જ જેમનો હતો, અને (જેમનું) અંગ તો પુરુષરૂપ જ હતું (તેવા હયગ્રીવ હતા). 'મધુ અને કૈટભના મૃત્યુરૂપ' શબ્દથી હયગ્રીવ અવતારે કરેલું ચરિત્ર કહેલું છે. તે રૂપે મધુ અને કૈટભને હણેલા, એવો (અર્થ છે). (ભગવાન્)

મૃત્યુ હોવાથી, પોતાની અંદરથી જ1 ઉત્પન્ન થએલ (આ) બે(દૈત્યો)ના વધથી (તેમને) કાંઈ પણ દોષ લાગતો નથી. (આ અવતારે) ઘણો ઉપકાર કરેલ હોવાથી, તે (હયગ્રીવરૂપ) 'આપને સદા નમસ્કાર હો' એવી પ્રાર્થના કરે છે. 17.

1.જ્યારે વિષ્ણુ ઉંઘતા હતા ત્યારે તેમના કર્ણમાંથી મધુ અને કૈટભ દૈત્યો ઉત્પન્ન થયા હતા.

નીચેના શ્લોકમાં કૂર્મને (અને શૂકરને) નમસ્કાર કરે છે:

અકૂપારાય બૃહતે નમો મન્દરધારિણે॥
ક્ષિત્યુદ્ધારવિહારાય નમ: શૂકરમૂર્તયે॥18॥

મંદર ધારણ કરનાર મોટા કૂર્મને નમસ્કાર હો. પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે જેમની ક્રીડા છે તેવા સૂકર મૂર્તિવાળાને નમસ્કાર હો. 18.

'અકૂપા:' નીચી (મંદ થએલી) નથી 'આરા:' ગતિઓ જેની તે ('અકૂપાર' એટલે) કૂર્મ. 'અકૂપાર' શબ્દનો અર્થ વ્યુત્પત્તિનાં મુખ્યપણાંને લીધે સમુદ્રની પેઠે કાચબો પણ થાય છે. (આ કૂર્મ) સમુદ્રથી પણ અધિક હતો, તેથી જલચર હોવાનો દોષ (તેમનામાં) ન હતો એમ જણાવવા 'બૃહતે' 'મોટા' શબ્દ યોજેલ છે. 'ઘણો મોટો' (એવો તે શબ્દનો અર્થ છે). 'મંદર ધારણ કરનાર' વિશેષણથી તે(કૂર્મ)નું ચરિત્ર કહેલું છે; કારણ કે અમૃતનું મથન થયું ત્યારે (કૂર્મે) ડૂબી ગએલો મંદર (પર્વત) ધારણ કરેલો.

ક્ષિતિનો ઉદ્ધાર કરવા માટે જ ક્રીડા છે જેમની તેવા (વરાહ હોવાથી), વરાહનું રૂપ ધારણ કરવાથી પણ (તેમની) કાંઈ હાનિ થતી નથી. તેથી જ (મૂલ શ્લોકમાં) રૂપ કરતાં ચરિત્ર પહેલાં કહેલું છે. સૂકરના આકારવાળી મૂર્તિ છે જેમની (તે 'શૂકરમૂર્તિ:'). 18.

નમસ્તેઽદ્ભુતસિંહાય સાધુલોકભયાપહ॥
વામનાય નમસ્તુભ્યં ક્રાન્તત્રિભુવનાય ચ॥19॥

હે સત્પુરુષોના ભયને દૂર કરનાર! આપ અદ્ભુત સિંહને નમસ્કાર હો; અને ત્રણ ભુવનોને ઓળંગનાર આપ વામનને નમસ્કાર હો. 19.

અદ્ભુત સિંહ એટલે અર્ધ (ઉપલા ભાગમાં) સિંહ અને અર્ધ માણસ; અથવા (સેવક પ્રહ્લાદનું)વચન સત્ય થાય તે માટે સ્તંભમાંથી (નૃસિંહ) નીકળ્યા તેથી તે અદ્ભુત સિંહ છે. 'સાધુલોકાનાં' પ્રહ્લાદ વિગેરે સત્પુરુષોના 'ભયમ્' ભયને 'અપહન્તિ' દૂર કરે છે અમે 'હે સત્પુરુષોના ભયને દૂર કરનાર' એવા સંબોધનથી (નૃસિંહનું) ચરિત્ર કહેલું છે.

જો કે વામન પણ અવતારરૂપ1 નથી; પરંતુ ઉપેન્દ્ર (ઇન્દ્રના નાના ભાઈ) જ છે, તો પણ (અવતારનું) કાર્ય તે (વામન) રૂપથી કરેલું છે તેથી 'વામનને (નમસ્કાર હો)' એમ કહેલું છે. ઓળંગેલા છે ત્રણ ભુવનો પગલાં ભરીને જેમણે (એમ વામનનું ચરિત્ર કહ્યું). 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) બલિનું બંધન વિગેરે પણ (તેમણે) કરેલ. 19.

1.વામન અવતર્યા ત્યારે વામનરૂપ ન હતા, પરંતુ ઉપેન્દ્ર જ હતા. અવતારનું કાર્ય વામનરૂપથી કર્યું. આઠમા સ્કંધના અઢારમા અધ્યાયમાં પ્રથમ તેમનું પ્રાકટ્ય કહ્યું છે ને પછી તે વામન થયા એમ એ જ અધ્યાયના બારમા શ્લોકમાં કહેલું છે.

નમો ભૃગૂણાં પતયે દૃપ્તક્ષત્રવનચ્છિદે॥
નમસ્તે રઘુવર્યાય રાવણાન્તકરાય ચ॥20॥

અહંકારી ક્ષત્રિયોરૂપ વનને છેદનાર ભૃગુઓના પતિને નમસ્કાર હો, અને રાવણનો સંહાર કરનાર આપ ઉત્તમ રઘુને નમસ્કાર હો. 20.

'ભૃગુઓના પતિ' એટલે ભૃગુના વંશમાં ઉત્પન્ન થએલાઓમાં ઉત્તમ પરશુરામ. અહંકારી જે ક્ષત્રિયો, તે જ દૈત્ય હોવાથી ઘણા વધીને વનરૂપ થએલ, તેને છેદનાર, એ વિશેષણથી ચરિત્ર કહેલું છે.

'ઉત્તમ રઘુ' એટલે રઘુવંશમાં ઉત્પન્ન થએલાઓમાં શ્રેષ્ઠ રામભદ્ર. 'રાવણ નો સંહાર કરનાર' એ શબ્દથી (તેમનું) ચરિત્ર કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી (રામભદ્રનું) બીજું અનંત ચરિત્ર જણાવેલું છે. 20.

ભગવાન્ (શ્રીકૃષ્ણ) ચાર મૂર્તિવાળા અવતરેલા, તેથી ભગવાન્ શ્રીકૃષ્ણના અવતારના સંબંધમાં, ખાસ ચિહ્ન નીચેના શ્લોકમાં કહે છે:

નમસ્તે વાસુદેવાય નમ: સઙ્કર્ષણાય ચ॥
પ્રદ્યુમ્નાયાનિરુદ્ધાય સાત્વતાં પતયે નમ:॥21॥

આપ વાસુદેવને નમસ્કાર હો, અને સંકર્ષણને નમસ્કાર હો. પ્રદ્યુમ્નને અનિરુદ્ધને (અને) વૈષ્ણવોના પતિને નમસ્કાર હો. 21.

અહિં (શ્રીકૃષ્ણના અવતાર સંબંધમાં) આરંભમાં, મધ્યમાં અને અંતે નમસ્કાર કરે છે. ભગવાન્ સંકર્ષણમાં (પોતાનો) આવેશ પણ કરે છે, તેથી 'ચ' 'અને' શબ્દથી તે (ભગવાનના આવેશવાળા સંકર્ષણનું) રૂપ પણ જણાવેલું છે. 'વૈષ્ણવોના પતિ' શબ્દથી ચરિત્ર કહેલું છે. (ભગવાન્) સર્વ ભક્તોના પતિ એટલે (તેઓનું) સર્વ પ્રકારે રક્ષણ કરનાર છે. (આનો) એવો અર્થ છે કે પોતાના ભક્તોની પ્રાર્થના વિના પણ તેમને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય તે માટે (આ) અવતાર છે. 21.

ભવિષ્યમાં થનાર (અવતાર) નીચેના શ્લોકમાં જણાવે છે:

નમો બુદ્ધાય શુદ્ધાય દૈત્યદાનવમોહિને॥
મ્લેચ્છઘ્નાય ક્ષત્રહન્ત્રે નમસ્તે કલ્કિરૂપિણે॥22॥

દૈત્યો અને દાનવોનો મોહ જેમનો (જેમનામાં) છે તેવા શુદ્ધ બુદ્ધને નમસ્કાર હો. મ્લેચ્છોનો સંહાર કરનાર, ક્ષત્રિયોને હણનાર આપ કલ્કિરૂપવાળાને નમસ્કાર હો. 22.

ઋષિને થતાં (દિવ્ય) જ્ઞાનથી જેવુંજેવું (અક્રૂર) જૂએ છે તેવુંતેવું વર્ણન કરે છે, અથવા ભગવાન્ તેને પોતાનું તેતે પ્રકારે દર્શન કરાવે છે.

'વેદ વિગેરેની નિંદાથી બુદ્ધ (અવતાર ગણાવાને) અયોગ્ય થયા હશે,' એવી શંકા થાય, તેથી 'શુદ્ધ' એટલે સર્વ દોષ રહિત, એવું વિશેષણ યોજેલું છે. 'ત્યારે તેમણે એમ

(વેદની નિંદાના વચનો) કેમ કહ્યાં?' એવી શંકાને દૂર કરતાં, 'દૈત્યો અને દાનવોને મોહ કરે છે' એવું તેમનું ચરિત્ર કહે છે. દૈત્યો અને દાનવોનો જે મોહ છે તે આમનો (આમના કબજાનો) છે, એટલે જો આ (બુદ્ધ) (એ મોહ) પ્રકટ ન કરે તો (તેઓને) મોહ ન થાય, એવો (અર્થ છે). ('દૈત્યદાનવમોહિન્' શબ્દમાં) 'ઇન્' પ્રત્યય છે તે કબજો દર્શાવનાર છે.

ઉત્તરાર્ધથી કલ્કિને નમસ્કાર કરે છે. 'ક્ષત્ર' રક્ષણ કરનાર તરીકે રહેલ ક્ષત્રિઓને 'હન્તિ' હણે તે 'ક્ષત્રઘ્ન:' એટલે ક્ષત્રિયોને હણનાર. તે સમયે ક્ષત્રિયો મ્લેચ્છના આકારના હશે, તેથી 'મ્લેચ્છોનો સંહાર કરનાર' એમ કહેલું છે. ગુણ અને દોષનું વિપરીતપણું જણાવવા (ક્ષત્રીઓ અને મ્લેચ્છ1) બંનેને જુદાજુદા કહેલા છે. મ્લેચ્છો જેઓ ક્રુદરતી દૈત્યો છે તેઓ ગુણવાળા હોય તો પણ હણવા યોગ્ય છે, પરંતુ ક્ષત્રિયો તો દોષવાળા (હોય તે) જ (હણવા યોગ્ય છે).

એ પ્રમાણે (કલ્કિ અવતારનું) પ્રયોજન કહી, પછી 'કલ્કિરૂપવાળા' શબ્દથી સ્વરૂપ કહે છે. કલ્ક એટલે પીસેલા રસના જેવું ચાર યુગરૂપ કાલનું સ્વરૂપ આ(કલ્કિ)માં રહેલું છે તેથી (આ) 'કલ્કી' (કહેવાય છે). તે(કાલ)નું જ પોતાની (કલ્કિની) અંદર પ્રતિબિંબ પડેલું રૂપ દેખાય છે એટલું જ નહિ, પરંતુ આ(કલ્કિ)ને પણ જૂદું રૂપ હોવાનું કહલું છે2. 22.

1.ક્ષત્રિયો ગુણવાળા જોઈએ, તેઓ દોષવાળા હશે, અને મ્લેચ્છો દોષવાળા હોવા જોઈએ, તેઓમાં પણ ગુણવાળા હશે, એ પ્રમાણે વિપરીતપણું જણાવવા.

2.કલ્ક કલ્કિથી જૂદો છે, છતાં કલ્ક કલ્કિમાં છે. તેથી કલ્ક એટલે કાલનું પ્રતિબિંબવાળું રૂપ કલ્કિમાં છે, તેમ જ કલ્કિનું પોતાનું જૂદું રૂપ પણ છે, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે ભગવાનનાં કેટલાંક રૂપોને નમસ્કાર કરી, કાંઈકની પ્રાર્થના કરવા માટે નીચેના શ્લોકમાં સર્વનું જ સાધારણ દુ:ખ જણાવે છે:

ભગવન્ જીવલોકોયં માહિતસ્તવ માયયા॥
અહં મમેત્યસદ્ગ્રાહો ભ્રામ્યતે કર્મવર્ત્મસુ॥23॥

હે ભગવન્! આપની માયાથી મોહ પામેલો, 'હું, મારું' એવા દુષ્ટ (પદાર્થો)માં આગ્રહવાળો આ જીવલોક કર્મના માર્ગોમાં ભમ્યા કરે છે. 23.

આવા (મોટા) પણ આપ સદા સાવધ રહો છો, (છતાં) લોકો આપની માયાથી મોહ પામેલા હોવાથી દુ:ખ પામે છે. તેમ (મોહ પામેલા) ન હોય તો દુ:ખ કેમ હોય? (આપમાં) સર્વ (પ્રકારનું) સામર્થ્ય છે એમ જણાવવા 'હે ભગવન્!' એવું સંબોધન કરેલું છે. આ ચારે તરફ દેખાતો બધોએ જીવલોક ઉલ્લંઘન ન થઈ શકે તેવી આપની જ માયાથી મોહ પામેલો છે. તેમ ન હોય તો 'અસતિ' દેહ વિગેરે દુષ્ટ(પદાર્થ)માં 'હું, મારું' એવો 'ગ્રહ:' આગ્રહ છે જેનો તેવો તે કેમ હોય? તેથી જ તે કર્મના માર્ગોમાં એટલે કૂતરાની વિગેરે યોનિઓમાં 'ભ્રામ્યતે' ફરી ફરીને ભમ્યા કરે છે. જો માયાથી મોહ પામેલો ન હોત તો એકવાર દુ:ખ પામીને, ફરીથી 'હું, મારું' એવું અભિમાન ન કરત. 23.

‘ત્યારે તારું (અક્રૂરનું) કેમ છે?’ એ જાણવાની ઇચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

અહં ચાત્માત્મજાગારદારાર્થસ્વજનાદિષુ॥
ભ્રમામિ સ્વપ્નકલ્પેષુ મૂઢ: સત્યધિયા પ્રભો॥24॥

હે પ્રભો! હું મૂઢ સ્વપ્નમાં જેવાં દેહ, પુત્રો, ઘર, સ્ત્રી, ધન અને સગાંઓમાં સત્ય (હોવા)ની બુદ્ધિથી ભમ્યા કરું છું. 24.

જેમ બીજાઓ મોહ પામેલા છે, એ પ્રમાણે હું પણ મોહ પામેલો છું. વળી મારામાં (બીજાથી) ભેદ પણ છે એમ ‘દેહ, પુત્રો...’ વિગેરેથી કહે છે. ‘આત્મા’ દેહ, ‘આત્મજા:’ પુત્રો, ‘અગારં’ ઘર, ‘દારા:’ સ્ત્રીઓ, ‘અર્થ:’ ધન, ‘સ્વજના:’ સગાંઓ, તે બધાઓની અંદર (બધાઓથી) દુ:ખ છે એમ એકવાર જાણેલું હોવા છતાં, ફરીફરી ભમ્યા કરું છું. નથી આ (બધા) સ્વરૂપથી સત્ય, તેમ નથી સંપૂર્ણતાથી સ્પષ્ટ જણાએલા. જો તેમ (સત્ય અથવા સ્પષ્ટ જણાએલા) હોત, તો તેઓનું કાર્ય ઉપર ઉપરથી પણ પ્રકટ થાત. તેથી (મારામાં) માત્ર અહંતા મમતા છે, એટલું જ નથી, પરંતુ હું સ્વપ્ન જેવાઓમાં પણ ભમ્યા કરું છું. તેથી બધાના કરતાં પણ હું (વધારે) મૂઢ છું. વળી મને માત્ર ભ્રમ નથી, પરંતુ તેઓમાં સત્ય(હોવા)ની બુદ્ધિ પણ (મારી) થાય છે, જેથી વિચાર કરતાં પણ, અને બીજા પ્રકારનો બોધ (કરવામાં આવવા) છતાં પણ (મારો) ભ્રમ મટતો નથી. ‘આપ સર્વ (કરવા) સમર્થ છો, (અને) આવા(મારા જેવા અધિકાર વિનાના)ને પણ ન પ્રાપ્ત થઈ શકે તેવું પ્રાપ્ત કરાવશો,’ એમ જણાવવા ‘હે પ્રભો!’ એવું સંબોધન (કરેલું છે). 24.

‘શાસ્ત્રથી વિવેક ઉત્પન્ન થશે, ત્યારે સંસારની અસારતા જાણીને તું પોતે જ (તે) સર્વનો ત્યાગ કરીશ, (એમાં) મારે કરવાનું શું છે?’ એવો સંદેહ થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

અનિત્યાનાત્મદુ:ખેષુ વિપર્યયમતિર્હ્યહમ્॥
દ્વન્દ્વારામસ્તમોવિષ્ટો ન જાને ત્વાત્મન: પ્રિયમ્॥25॥

અનિત્ય, અનાત્મ અને દુ:ખમાં ઊંધી બુદ્ધિવાળો, દ્વન્દ્વમાં સુખ માનનારો, તમ:થી ઘેરાએલો હું આપ, આત્મા, પ્રિયને જાણતો નથી. 25.

શાસ્ત્રનું પણ ઉલ્લંઘન કરીને મારી બુદ્ધિ ઊંધી થઈ છે. ‘અન્તિયે’ જે નિત્ય (સદા ટકનારું) નથી તે સર્વમાં, તે નિત્ય છે એવી (મારી) બદ્ધિ છે. દેહ અને દેહના સંબંધવાળા જે આત્મા નથી, અને આત્મા(ની પ્રાપ્તિ)માં વિઘ્નરૂપ છે, તે આત્મા છે એવી (મારી) બુદ્ધિ છે. જેમાં વિષ્ઠા, મૂત્ર, પરુ રહેલાં છે તેવા દેહ વિગેરે જે દુ:ખરૂપ જ છે, તેમાં સુખ (હોવાની મારી) બુદ્ધિ છે. તેથી શાસ્ત્ર જાણેલું હોવા છતાં, તે અનુભવને હઠાવી શકતું નથી. તેથી સુખ દુ:ખ વિગેરે, અથવા રાગ (પ્રીતિ) દ્વેષ વિગેરે દ્વન્દ્વોમાં1 જ સુખ છે જેનું તેવો હું થએલો છું.

‘એવો (તને) ભ્રમ કેમ થયો?’ એવી શંકા થાય, તેથી ‘તમ:થી ઘેરાએલો’ વિશેષણ યોજેલું છે. ‘તમ:’ એટલે ઘણો જ મોહ, અથવા અજ્ઞાન જ.

‘ત્યારે આ (તમ:) ક્યારે દૂર થાય?’ એવી શંકા થાય, તેથી આપનું જ્ઞાન થતાં પ્રકાશ થાય છે એવો નિશ્ચય કરી, ચક્ષુમાં રહેલા તમ:ને લીધે આપનું જ્ઞાન જ થતું નથી એમ ‘(આપ આત્મા પ્રિયને) જાણતો નથી’ શબ્દોથી કહે છે; કારણ કે આંધળો પોતાની મેળે પ્રકાશનાર સૂર્યને પણ જોતો નથી. તે પ્રમાણે જે આત્મા છે તેવાને પણ, ‘પ્રિયં’ જે પરમાનંદ આપનાર છે, જે સહેલાઈથી પાસે જઈ શકાય તેવા છે તેમને પણ, અને જે પ્રત્યક્ષ પ્રાપ્ત થએલા (દર્શન દે) પણ છે તેવા આપને પણ હું તેવા તરીકે જાણતો નથી. અથવા ‘આત્મન: પરમ્’ આત્માને નિયમમાં (વશ) રાખનાર2 (આપને હું જાણતો નથી). 25.

1.‘દ્વન્દ્વ એટલે પરસ્પર વિરુદ્ધ બે ગુણોની જોડી.

2.‘આત્મન: પ્રિયમ્’ ને બદલે ‘આત્મન: પરમ્’ પાઠ લઈ આ અર્થ કરેલો છે.

‘તર્ક શક્તિવાળો અને સારાં નઠારાંના ભેદને જાણનારો, વેદ (શાસ્ત્ર) અને અનુભવને પડતા મૂકીને (મને) કેમ ન જાણે?’ એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં (ન જાણવાનું કારણ) સ્પષ્ટ કરે છે:

યથાબુધો જલં હિત્વા પ્રતિચ્છન્નં તદુદ્ભવૈ: ॥
અભ્યેતિ મૃગતૃષ્ણાં વૈ તદ્વત્ત્વાહં પરાઙ્મુખ: ॥26॥

જેમ મૂર્ખ જલમાંથી ઉત્પન્ન થએલાંઓથી ઢંકાએલા જલને તજી ઝાંઝવાના જલ તરફ દોડે છે, તેવી જ રીતે હું આપથી દૂર રહું છું. 26.

જલાશયના ઉપર રહેલો, જલની ઇચ્છાવાળો થએલો ‘અબુધ:’ મૂર્ખ કમલના પાંદડાં વિગેરેથી ઢંકાએલા જલને તણખલાં પાંદડાં વિગેરેનો ઢગલો જ જાણીને તેને ખસેડ્યા વિના (અને) તેની અંદર (નીચે) રહેલા જલને લીધા વિના, દૂર ઝાંઝવાના જલને જોતાં તે લેવા તેના તરફ દોડે છે, તેવી જ રીતે (શરીરની) અંદર રહેલા અને તે(શરીર)થી ઉત્પન્ન થએલા અહંકાર વિગેરેથી ઢંકાએલા ભગવાનને (જાણ્યા વિના), તે(અહંકાર વિગેરે)ને દૂર કર્યા વિના (અને) પરમાનંદનો અનુભવ કર્યા વિના દુ:ખરૂપ બહારના પદાર્થો તરફ દોડે છે; તે પ્રમાણે હું આપને તજી વિષયસુખ માટે (આપથી દૂર) જાઉં છું. આનું કારણ ‘દૂર રહેનાર’ શબ્દથી કહેલું છે. ‘પરાક્’ બહાર જ છે ‘મુખં’ મુખ જેનું તે (‘પરાઙ્મુખ:’). આત્મા (જીવ) પ્રવૃત્તિ (કરવાના) સ્વભાવવાળો છે, તેના પ્રતિનિધિ જેવું આ મુખ છે તેને અહિં મુખ (કહેલું છે), અને તે (જીવ) જેના તરફ મુખ (નજર) રાખે છે તે જ કરે છે. તેથી જ્યારે શાસ્ત્રો વિગેરે વડે અંદર મુખ(નજર)વાળો થાય છે ત્યારે જ ભગવાનની નજીક આવે છે. બહાર જલની પ્રાપ્તિ તો પ્રલયની પેઠે ભગવાનની ઇચ્છાથી જ્યારે સર્વત્ર (જલબંબાકાર થાય ત્યારે થાય તેમ) ભગવાનની ઇચ્છાથી જ્યારે સર્વ સ્થલે ભગવાન્ પ્રકટ થાય ત્યારે (બહાર ભગવાનની પ્રાપ્તિ થાય). અથવા જેવાં આ (ભગવાન્) દર્શન કરાવે છે તેવા જ તે (અક્રૂર) તેમને માને છે, તેથી

(ભગવાન્) પોતે પણ તેવી જ રીતે તે(અક્રૂર)પ્રતિ પ્રકટ થાય છે એટલે (આ વર્ણનમાં) કોઈ પણ જાતની અયોગ્યતા નથી. 26.

'સારું અને નઠારું પારખવાની શક્તિ આવતાં મોહ કેમ રહે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

નોત્સહેહં કૃપણધી: કામકર્મહતં મન: ॥
રોદ્ધું પ્રમાથિભિશ્ચાક્ષૈર્હિયમાણમિતસ્તત: ॥27॥

દીનબુદ્ધિવાળો હું કામ અને કર્મથી હણાએલાં અને સર્વથી બલવાન ઇન્દ્રિયોથી જ્યાં ત્યાં હરાતાં મનને રોકવાનો ઉત્સાહ કરતો નથી. 27.

મન બે (પ્રકારના) સ્વભાવવાળું છે (1)ક્રિયાશક્તિવાળું અને (2) જ્ઞાન-શક્તિવાળું. જેમ સારું નઠારું પારખવાની શક્તિથી અને શાસ્ત્રથી જ્ઞાનશક્તિ ઉત્પન્ન થાય છે, તેવી રીતે જો યોગથી ક્રિયાશક્તિ પણ ઉત્પન્ન કરવામાં આવે તો મન એકમુખ (એક જ પ્રયોજનવાળું) થાય. તેમ (ક્રિયાશક્તિ ઉત્પન્ન) કરવામાં ન આવે તો સર્વથી બલવાન ક્રિયા જ્ઞાનને હઠાવી પોતાનું જ કાર્ય કરે છે. તેથી જ કેટલાક જ્ઞાન કરતાં યોગની જ (વધારે) પ્રશંસા કરે છે, અને '(યોગી) જ્ઞાની કરતાં પણ અધિક મનાએલો છે' (ભગવદ્ગીતા 6।) એમ ભગવાને પણ કહેલું છે. જેમ જ્ઞાન ઇચ્છા અને પ્રયત્ન એક પછી એક વધારે બલવાન છે તેમ જ મન, વાણી અને કાયા પણ (એક પછી એક વધારે બલવાન છે). તેમાં કામ વિગેરે વિઘ્ન કરનારા છે, (અને) તેઓ મનની સંસારમાં જ પ્રવૃત્તિ કરાવે છે. યોગ વિગેરે તો કરી શકાય તેવા નથી, કારણ કે અંધકારમાં ઘણો વાયુ અને વરસાદ હોય ત્યાં દીપક રાખી શકાતો નથી. તે વિષયમાં 'દીન બુદ્ધિવાળો' વિશેષણ યોજેલું છે. 'કૃપણા' દીન છે બુદ્ધિ જેની (તેવો હું છું), કારણ કે મનને વશ રાખનારી બુદ્ધિ છે. આરંભમાં તે(બુદ્ધિ) જ કૃપણ એટલે દીન, વિષયમાં રચીપચી રહેલી છે. (તેથી મનને વશ રાખી ન શકે), કારણ કે ચોર બીજા કોઈને સારા માર્ગે ચડાવી શકતો નથી. વળી મન પણ કામ અને કર્મથી હણાએલું છે. પ્રબલ ઇચ્છા તે કામ, અને તેને અનુકૂલ (ક્રિયા) તે કર્મ. જ્ઞાન તો બલ વિનાનું છે (તેને કોઈ) સાહાય્ય કરનાર નથી, અને કામ તથા કર્મથી હણાએલું છે, પરંતુ સ્વચ્છ નથી. તેમના (કામ અને કર્મના) ભયથી તેમને અનુકૂલ જ થાય છે, પરંતુ પોતાને અનુકૂલ રહેતું નથી. તેથી (મનને રોકવું) અશક્ય છે એવું જ્ઞાન અને એવો નિશ્ચય થવાથી, હું (તેને) રોકવાનો ઉત્સાહ પણ કરતો નથી. વળી 'પ્રમાથિભિ:' સર્વથી બલવાન ઇન્દ્રિયોથી (મન) જ્યાં ત્યાં હરાઈ જાય છે. તેથી સર્વ વિષયમાં અશક્ત થવાથી હું માત્ર (ભગવાનને) શરણે જાઉં છું, અને તેઓ (ઇન્દ્રિયો, કામ, કર્મ વિગેરે) સર્વથી બલવાળા છે અને હું (મનને વશ રાખવા) અશક્ત છું એમ નિવેદન કરું છું. 27.

આમ હોવાથી, જે કરવું જોઈએ તે કૃપાને લીધે, પોતાના વ્રતના વિચારથી, આપણાં ભાગ્યને લીધે અથવા તેમના (પોતાના) જ કાર્યને માટે જો ભગવાન જ કરે, તો જ મોક્ષ પ્રાપ્ત થાય છે, તેમ ન થાય તો પ્રાપ્ત થતો નથી, એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છે:

સોહં તાવાંઘ્રિમુપગતોસ્મ્યસતાં દુરાપં તચ્ચાપ્યહં ભવદનુગ્રહ ઈશ મન્યે॥

પુંસો ભવેદ્યર્હિ સંસરણાપવર્ગસ્ત્વય્યબ્જનાભ સદુપાસનયા મતિ: સ્યાત્॥28॥

તે (તેવો) હું દુષ્ટોને દુર્લભ એવાં આપનાં ચરણારવિંદને શરણ આવ્યો છું અને હે ઈશ! તે પણ હું આપની કૃપા માનું છું. હે કમલનાભ! જ્યારે પુરુષને છેવટનો ભવ થાય છે ત્યારે સત્પુરુષોની સેવાથી આપનામાં (તેની) મતિ થાય છે. 28.

સર્વ (હરકોઈ) પ્રકારે જેનાથી સાધન થઈ શકે તેમ નથી તેવો હું હમણાં આપના ચરણારવિંદને 'ઉપગત:' દીનપણાથી શરણ આવેલો છું. આ પણ (એટલે) આ શરણે આવવાનું પણ દુષ્ટોને દુર્લભ છે. જેઓ દુષ્ટ છે, પહેલાં જણાવેલા1 સારું અને નઠારું પારખવાની શક્તિ વિનાના છે તેઓને પણ (આપના ચરણારવિંદનું શરણ દુર્લભ છે), પરંતુ સારું અને નઠારું પારખવાની શક્તિ આટલું (આપના ચરણનું શરણ) પ્રાપ્ત કરાવે છે2 એવો (અર્થ છે).

વળી તે (શરણ આવવું) હું ભગવાનની કૃપા જ માનું છું3. તેમ (ભગવાનની કૃપા) ન હોય તો શરણે ન આવે; અથવા 'હું શરણે આવેલો છું' એવો (એવા વિચારવાળો) ન થાય. જ્યારે (ભગવાન્ દેહ ઇન્દ્રિયો વિગેરેના) સમૂહને (પોતાને) અનુકૂલ કરે અથવા (તેનો) ત્યાગ કરાવે ત્યારે (ભગવાનને) શરણ આવવાનું સિદ્ધ થયું છે એમ જાણવું. (સમૂહ ભગવાનને) અનુકૂલ થવાનો પક્ષ તો સહેલાઈથી જાણી શકાય તેવો છે. (સમૂહનો ભગવાને) ત્યાગ કરાવવાનો પક્ષ તો જાણવો કઠણ હોવા છતાં (ભગવાનના) પ્રભાવથી અથવા (તેમણે) કૃપાને લીધે કરેલા પ્રકાશથી જાણવામાં આવે છે4. તેથી સ્વરૂપથી (સમૂહ ભગવાનને અનુકૂલ રહેવાથી થએલ), અથવા પ્રાપ્ત કરેલ (સમૂહનો ત્યાગ કરાવીને પ્રાપ્ત કરાવેલ) શરણ આવવાનું (કાર્ય) જ ભગવાનની કૃપા5 છે. (ભગવાનની) કૃપા6 થતાં સત્પુરુષોની સેવા થાય છે તેથી સ્વરૂપથી સત્ત્વ (સત્પુરુષ હોવાપણું) જ7 અહિં જણાવેલ છે. તેઓને તે જ પ્રકારે8 ઉત્પન્ન કરેલા હોવાથી, આ વિષયમાં મૂલ (પુરુષોત્તમ)ની ઇચ્છા જ અધિકારવાળી છે.

'માત્ર સ્વાર્થ (પોતાનાં હિતનો વિચાર) થતાં તેને (સત્પુરુષને) પણ પ્રાપ્ત થઈ ન શકે તેવું (સમૂહનો) ત્યાગ કરાવવાનું અથવા (ભગવાનને તે) અનુકૂલ કરવાનું ભગવાન્ કેમ કરશે (કરે)?' એવી શંકા થાય, તેથી 'હે ઈશ' એવું સંબોધન કરેલ છે. હે સર્વ (કરવા) સમર્થ! (એવો તેનો અર્થ છે). 'હું માનું છું' શબ્દથી આ વિષયમાં મારો અનુભવ જ પ્રમાણ છે એમ કહેલું છે. આથી એમ જણાવેલું છે કે જો ભગવાન જ (તેમ) કરે તો જ મોક્ષ પ્રાપ્ત થાય છે.

'એમ હોય તો જ્ઞાનનો પણ ઉપયોગ નહિ રહેવાથી શાસ્ત્ર નકામું થાય' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલો છે. જ્યારે પુરુષને ભગવાનની ઇચ્છાથી છેવટનો ભવ થાય છે (ત્યારે આપનામાં મતિ થાય છે). સૃષ્ટિ (રચવાના) સમયે 'આને હું આમ કરીશ' એવો બધાઓનો જ ભગવાન્ વિચાર કરે છે. તેમાં જેને 'હું મુક્ત કરીશ' એમ વિચારે છે તેના જન્મો (ભવો) અવધિવાળા (અમુક સંખ્યાના) કરે છે. તે પ્રમાણે થવાથી જ્યારે છેવટનો જન્મ થાય છે ત્યારે જ તે 'છેવટનો ભવ' કહેવાય છે, કારણ કે પછી (ભવિષ્યમાં) ભવ થવાનો નથી. 'પુરુષને (છેવટનો ભવ) થાય છે' શબ્દોથી આ વિષયમાં કાંઈક યોગ્યતારૂપ કહેલું છે.

‘તે પૈકી મને પુરુષનો (દેહ) પ્રિય છે’ એવું ભગવાનનું વાક્ય હોવાથી, તેમ (પુરુષને છેવટનો ભવ થતો) ન હોત તો તેને (ભગવાન્) પુરુષ જ ન કરત. તેથી પુરુષોની મુક્તિ થાય છે એવું સંભવે છે, પરંતુ કાલના નિયમનું (કેટલા કાલ પછી મુક્તિ થાય તેનું) માપ નથી એમ ‘જ્યારે’ શબ્દથી કહે છે. જ્યારે છેવટનો ભવ થશે ત્યારે જ (ભગવાન્) તેમ (સત્પુરુષોની સેવાથી પોતાની અંદર મતિ) કરશે, એવો નિયમ દર્શાવનાર ‘હે કમલનાભ!’ એ સંબોધન કહેલ છે. તેમ (ભગવાન્ પોતામાં મતિ કરાવતા)ન હોત તો, પોતે પધારીને સૃષ્ટિ ઉત્પન્ન ન કરત, કારણ કે કમલ છે નાભિમાં જેમની તેવા (ભગવાન્ હોવાથી) તેમણે પોતે પ્રકટ થઈને સૃષ્ટિ કરેલી છે, પરંતુ સેવક દ્વારા કરેલી નથી. તેથી એમ જણાય છે કે તે (પોતે કરેલી) સૃષ્ટિમાં કેટલાકને મુક્તિ આપશે. ‘તેમને (ભગવાનને) જ જાણીને મૃત્યુને તરે છે’ એવો નિયમ હોવાથી તે સમયે તે (છેવટના) ભવમાં ભગવાનમાં મતિ થાય છે. ‘પછી મને તત્ત્વથી જાણી તે પછી મારામાં પ્રવેશ કરે છે’ (ભગવદ્ગીતા 18-55) એવું ભગવાનનું વચન હોવાથી ભગવાનનું જ્ઞાન (છેવટના ભવમાં) જરુરી છે. તેમાં (ભગવાનનું જ્ઞાન થવામાં) બોધ કરનાર તરીકે સત્પુરુષોનો અને જેનો ઉપદેશ કરવાનો છે તે તરીકે શાસ્ત્રનો ઉપયોગ છે. (ભગવાન્) સાધનથી જ સર્વ કરે છે (કરાવે છે) એવો આટલો વિષય (બંને પક્ષમાં) સમાન છે10, એટલે જ્યાં (જીવથી) થઈ શકે તેમ ન હોય11 ત્યાં ભગવાન જ કાર્ય કરે છે, તેથી (સમૂહનો) ત્યાગ કરાવવાના પક્ષમાં પણ કોઈ પણ પ્રકારની અયોગ્યતા નથી. તેથી (1)સત્પુરુષોની સેવામાં રુચિ (2)ભગવાનનાં સ્વરૂપનાં જ્ઞાનની ઇચ્છા અને (3)શાસ્ત્રમાં રચ્યા પચ્યા રહેવું એ છેવટનો ભવ જણાવનારાં છે. 28.

1.‘પહેલા જણાવેલા’ એટલે પાછળ ત્રેવીસમા અને તે પછીના શ્લોકોમાં કહેલા. (લે)
2.‘હું ભગવાનને શરણ જાઉં’ એવો (એમ વિચારવાનો) વિવેક મારામાં છે, એવો અર્થ છે. (લે)
3.વાસ્તવિક રીતે ભગવાનની કૃપાથી જ આ (ઉપર જણાવેલ વિવેક) છે, એવો અર્થ છે. (લે)
4.દેહ પડે ત્યારે સમૂહનો ત્યાગ કરેલો જાણી શકાય, છતાં પણ હમણાં (દેહ હોય ત્યારે પણ) (ભગવાનનો) કોઈક પ્રભાવ હોય છે, અને કૃપાથી ભગવાન્ પોતે જ પ્રકાશ કરનારા (સમૂહનો ત્યાગ થયો છે એવું જ્ઞાન આપનારા) થાય છે, તેથી તે જાણી શકાય છે એવો અર્થ છે. (લે)
5.‘ભગવાનની કૃપા’ એટલે ‘ભગવાનની કૃપાનું પરિણામ’ એવો અર્થ છે. (લે)
6.‘ભગવાનની કૃપા’ એટલે ‘ભગવાનની કૃપાનું પરિણામ’(ભગવાનને) શરણ જવું તે થાય, ત્યારે સત્પુરુષોની સેવા થાય છે, અને તે સેવાથી ભગવાનમાં મતિ થાય છે એમ શ્લોકના ઉત્તરાર્ધમાં કહેલું છે, એવો અર્થ છે. (લે)
7.જેઓ સ્વરૂપથી સત્પુરુષ છે, પરંતુ અકસ્માતથી પ્રાપ્ત થએલ શમ દમ વિગેરે ગુણોવાળા નથી, એવો અર્થ છે. (લે)
8.સ્વરૂપથી જ કેટલાક સત્પુરુષ છે, અને કેટલાક દુષ્ટ છે એવો અર્થ છે. (લે)

9.સાયુજ્ય પ્રાપ્ત કરવા ભગવાનમાં મતિ ઉત્પન્ન કરવા માટે શાસ્ત્રનો ઉપયોગ છે, એવું (ઉપરની શંકાનું) સમાધાન છે. (લે)
10.ભગવાનને અનુકૂલ થવાના પક્ષમાં, અને સમૂહનો ત્યાગ કરાવવાના પક્ષમાં, સર્વ કાર્ય સાધનથી કરવામાં આવે છે એટલું સમાન છે, એવો અર્થ છે. (લે)
11.'સમૂહનો ત્યાગ કરવાના પક્ષમાં, બોધ કરનાર કોઈ નહિ હોવાથી, ભગવાનનું જ્ઞાન કેવી રીતે થાય?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. (લે)

એવી રીતે વિજ્ઞપ્તિ કરી, વિજ્ઞપ્તિ ફલે તે માટે નીચેના શ્લોકમાં (ભગવાનને) નમન કરે છે:

નમો વિજ્ઞાનમાત્રાય સર્વપ્રત્યયહેતવે॥
પુરુષેશપ્રધાનાય બ્રહ્મણેનન્તશક્તયે॥29॥

માત્ર વિજ્ઞાનરૂપ, સર્વ જ્ઞાનનાં કારણરૂપ, પુરુષ કાલ અને પ્રકૃતિરૂપ, અનંતશક્તિવાળા (આપ) બ્રહ્મને (મારા) નમસ્કાર હો. 29.

જો ભગવાન્ માત્ર ઉત્તમજ્ઞાનરૂપ જ હોય, તો જ શાસ્ત્રનો અને સત્પુરુષોનો ઉપયોગ થાય (થઈ શકે). તેમ ન હોય તો 'જ્ઞાનથી સામાન્ય સિદ્ધિ (લાભ) થાય છે (અને) મનન તથા નિદિધ્યાસનથી ઉત્તમ સિદ્ધિ થાય છે' એવો અર્થ ઘટે નહિ, અને જ્ઞાન (મનન તથા નિદિધ્યાસનનું) અંગ પણ ન હોય, કારણ કે શાસ્ત્ર માત્ર જ્ઞાન જ ઉત્પન્ન કરે છે, પરંતુ બીજું કાંઈ (ઉત્પન્ન કરતું) નથી. તે (શાસ્ત્રે ઉત્પન્ન કરેલું) જ્ઞાન જો (આપથી) જૂદું જ હોય, તો ભગવાનના ભજનથી અથવા (ભગવાનને) શરણે આવવાથી શું (ફલ) થાય? તેથી આપ માત્ર (ઉત્તમ) જ્ઞાનરૂપ જ છો.

વળી જો ભગવાન્ અંદર રહેલાં ન હોય, અથવા આત્મા ન હોય, તો કોઈ (પોતાથી) બીજે સ્થલે રહેલાને પ્રાપ્ત કરતો નથી; તેમ જ કોઈ (પોતાથી) જૂદો થતો નથી, તેથી (કોઈની) મુક્તિ જ ન થાય. (તેથી) સર્વ 'પ્રત્યયાનાં' જ્ઞાનોનું 'હેતુ:' કારણ, (જે) અંતર્યામી અથવા આત્મા છે તે આપ જ છો.

'તે માત્ર જ્ઞાનરૂપ આત્મા જગતનું કારણ કેવી રીતે થઈ શકે?' એવી શંકા થાય, તેથી 'પુરુષ કાલ અને પ્રકૃતિરૂપ' શબ્દ યોજેલ છે. (1)પુરુષ એટલે પ્રકૃતિનો ભર્તા. (2)ઈશ એટલે ગુણોને ખળભળાવનાર કાલ, અને (3)ગુણરૂપ પ્રકૃતિ. (એ જગતના) ત્રણ કારણરૂપ (આપ છો).

'એક (હું) અનેક રૂપવાળો કેમ હોઈ શકું?' એવી શંકા થાય, તેથી 'બ્રહ્મને' શબ્દ યોજેલ છે. તે (બ્રહ્મ) જ મોટું હોવાથી (તથા) પોષણ કરનાર હોવાથી સર્વ થવાની શક્તિવાળું છે. બ્રહ્મ શબ્દનો તેવો (મોટું, પોષણ કરનારું) જ અર્થ થતો હોવાથી, 'અનંતશક્તિવાળા' વિશેષણથી ભગવાન્ સર્વરૂપ છે એમ બીજા પ્રકારે પણ સિદ્ધ કરે છે. અનંત છે શક્તિઓ જેમની તેવા (ભગવાન્) હોવાથી જુદીજુદી શક્તિથી જુદાજુદા રૂપવાળા થાય છે. તેથી કોઈ

પણ પ્રકારની અયોગ્યતા નથી; અથવા (ભગવાનનું) સ્વરૂપ જ તેવું (જુદાજુદા રૂપવાળું) હોવાથી, બંને પક્ષમાં કાંઈ વિરોધ નથી. 29.

નીચેના શ્લોકમાં ફરીથી વિજ્ઞપ્તિ કરવા માટે નમન કરે છે:

નમસ્તે વાસુદેવાય સર્વભૂતક્ષયાય ચ॥
હૃષીકેશ નમસ્તુભ્યં પ્રપન્નં પાહિ માં પ્રભો॥30॥

હે હૃષીકેશ! સર્વ ભૂતોના સ્થાનરૂપ અને વાસુદેવ આપને (મારા) નમસ્કાર હો. હે પ્રભો! શરણે આવેલા મને રક્ષો. 30.

'વાસુદેવાય' મોક્ષ આપનાર (મારા નમસ્કાર હો).

'(હું મોક્ષ આપનાર છું) છતાં પણ તું આટલા સમય સુધી બીજે રહેલો છું અને તેં અપરાધ કરેલો છે તેથી (તને) મોક્ષ કેમ અપાય?' એવી શંકા થાય, તેથી "સર્વ ભૂતોના 'ક્ષય:' સ્થાનરૂપ" શબ્દ યોજેલ છે. તેથી (સર્વ પ્રાણીઓ) આપમાં જ રહેલા છે. ભૂતો(મહાભૂતો)માં રહેલા હોય તો પણ આપમાં જ રહેલા છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે આપ) સર્વ ભૂતોના સ્વરૂપને (નમસ્કાર હો). વળી જે (મેં) કરેલું છે તેમાં (તે કરવામાં) પણ આપ જ કારણ છો, કારણ કે આપ હૃષીકેશ એટલે ઇન્દ્રિયોને પ્રેરણા કરનારા છો. તેથી સર્વ અપરાધોની શાંતિ થાય તે માટે આપને નમસ્કાર હો.

" 'પ્રપન્નં' શરણે આવેલા મને 'પાહિ' રક્ષો" શબ્દોથી (પોતાની) વિજ્ઞપ્તિ જણાવે છે. ફરીથી હું પ્રવાહમાં પડું નહિ તે માટે (મને રક્ષો), એવી વાણીની (વાણીથી) પ્રાર્થના (કરે છે). (ભગવાનને) શરણે આવવાનું આરંભમાં1 મનથી અને પછી2 કાયાથી થાય છે, એવું તે શરણે આવવાના (જવાના) પ્રકરણમાં3 દર્શાવેલ છે. 30.

1.અઠ્ઠાવીશમાં શ્લોકમાં (વિવરણમાં) 'શરણે ન આવે' એમ કહેલું છે એવો અર્થ છે. (લે)
2.એ જ શ્લોકના વિવરણમાં 'હું શરણે આવેલો છું' એમ કહેલું છે, એવો અર્થ છે. (લે)
3.પાછળ અઠ્ઠાવીશમા શ્લોકમાં. (લે)

ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં સાડત્રીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.

સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

॥અથ અષ્ટાત્રિંશોડધ્યાય:॥ અધ્યાય આડત્રીસમો.

અષ્ટત્રિંશે જ્ઞાતતત્ત્વં શ્રવફલ્કતનયં હરિ:॥
વિસૃજ્ય મથુરામૈક્ષદુક્તો માહાત્મ્યબોધક:॥કા.1॥

આડત્રીસમા(અધ્યાય)માં જેણે તત્ત્વ જાણેલું છે તેવા શ્રવફલ્કના પુત્રને (જવાની) રજા આપીને હરિએ મથુરા જોઈ. (અક્રૂરે અહિં ધારેલ છે એમ)1 જણાવેલા ભગવાન્ (કંસને)2 માહાત્મ્ય જણાવનારા થયા. કા.1.

ગોપનાર્થં પરીક્ષોક્તા 'હ્ઋ'દયારૂઢબોધનમ્॥
વાક્યૈર્નિરૂપિતં વર્ણ્યા પ્રવેશે નગરી હરે:॥કા.2॥

ગૂઢ રાખવા માટે3 પરીક્ષા3 જણાવેલી છે. હૃદયમાં દૃઢ થએલું જ્ઞાન વાક્યોથી જણાવેલું છે4. હરિનો પ્રવેશ થતાં નગરી વર્ણન કરવા યોગ્ય થાય છે. કા.2.

ઉત્સવે તુ યથા રોધસ્તથાત્રાપિ ચકાર હ॥
માહાત્મ્યજ્ઞાપનાર્થાય રજકં હતવાન્ સ્વયમ્॥કા.3॥

જેવી રીતે ઉત્સવમાં નિરોધ કરે તેવી જ રીતે અહિં પણ (ભગવાને) નિરોધ કરેલો છે. માહાત્મ્ય જણાવવા માટે5 ધોબીને (ભગવાને) પોતે હણ્યો. કા.3.

1.કૌંસમાં લખેલ શબ્દો અધ્યાહાર રાખેલા છે. (લે)
2.ધોબી વિગેરેના વધથી, ભગવાન્ કંસને પોતાનું માહાત્મ્ય જણાવનારા થયા. (લે)
3-3.અક્રૂરે પહેલાં (જલમાં) જે જોએલ તે છૂપું રાખ્યું એમ જણાવવા, ત્રીજા શ્લોકમાં 'શું જોયું?' એમ તેને પૂછી, ભગવાને તેની પરીક્ષા કરેલી છે, એવો અર્થ છે. (લે)
4.અક્રૂરે ગુપ્ત વાક્યોથી ભગવાનને જણાવેલું છે, એવો અર્થ છે. (લે)
5.સ્પર્શ કરવા અયોગ્ય ધોબીને પણ ભગવાને શા માટે હણ્યો તેનું કારણ અહિં કહેલું છે. ('કંસને માહાત્મ્ય જણાવવા હણ્યો' એમ) 'કંસને' શબ્દ અધ્યાહાર છે. (લે)

અનિષ્ટેષ્ટપ્રદો લોકે મહાનિતિ નિરૂપ્યતે॥
વાયકસ્ય સુદામ્નશ્ચ વરદાનં યથેપ્સિતમ્॥કા.4॥

અનિષ્ટ6 (પુરુષો)ને ઇચ્છેલું (ફલ) આપનાર લોકમાં મોટો (કહેવાય) છે તેથી7 વસ્ત્ર પહેરાવનારને અને સુદામાને (તેમણે) જેવું ઇચ્છેલું તેવું વરદાન (આપ્યાનું) જણાવેલું છે. કા.4.

પ્રપઞ્ચવિસ્મૃતિ: સર્વા કૃતાનેન હિ રાજસે॥

સ્વાસક્તિરગ્રે વક્તવ્યા સામાન્યં તેન સેત્સ્યતિ॥કા.5॥

આથી8 રાજસમાં સર્વ પ્રપંચનું વિસ્મરણ કરાયું. પોતામાં (ભગવાનમાં) આસક્તિ આગળ કહેવાની છે. તેથી સામાન્ય (મધ્યમ પ્રકારનો) (નિરોધ) સિદ્ધ થશે. કા.5.

પહેલાના (સાડત્રીસમા) અધ્યાયમાં સ્તુતિનું વર્ણન કર્યું. તેનો ઉપસંહાર કરતાં, પછી ભગવાને જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:

॥શ્રીશુક ઉવાચ॥ શ્રીશુક કહે છે:

સ્તુવતસ્તસ્ય ભગવાન્ દર્શયિત્વા જલે વપુ: ॥
ભૂય: સમાહરત્ કૃષ્ણો નટો નાટ્યમિવાત્મન: ॥1॥

તે સ્તુતિ કરતો હતો ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે જલમાં વપુ દેખાડીને પછી જેમ નટ નાટ્યને સંકેલી લે તેમ પોતાના(વપુ)ને ખેંચી લીધું. 1.

તે અક્રૂર સ્તુતિ કરતો જ હતો ત્યારે (ભગવાને પોતાના વપુને ખેંચી લીધું), પરંતુ સ્તુતિ પૂરી થઈ ત્યારે તેમ કર્યું નહિ. તેમ કરે (સ્તુતિ પૂરી થયા પછી વપુને ખેંચી લે) તો વરદાન આપવું જોઈએ.

'એ પ્રમાણે અધૂરું કાર્ય કેમ કર્યું? (સ્તુતિ પૂરી કેમ થવા ન દીધી?)' એવી શંકા થાય, તેથી 'ભગવાન્' શબ્દ યોજેલો છે. (તે ભગવાન્) પોતાની ઇચ્છા પ્રમાણે વર્તનાર છે. તેટલાથી (તેટલી સ્તુતિથી) જ કાર્ય પૂરું થયું એમ માની (તેમ કર્યું), કારણ કે ઘણો જ દુર્લભ બ્રહ્મનો સાક્ષાત્કાર ઘણા સમય સુધી થતો (રહેતો) નથી. વળી આ(અક્રૂર)ને (ભગવાન્) વૈકુંઠમાં લઈ ગયા ન હતા, પરંતુ (તેમણે તેને) જલમાં પોતાનું બ્રહ્માંડોથી ભરપૂર નારાયણરૂપ જ દેખાડેલું.

જેમ આવિર્ભાવ (કહ્યો) તેમ તિરોભાવ પણ કહેવો જોઈએ, તેથી 'પછી 'સમાહરત્' ખેંચી લીધું' (એમ કહેલું છે). આથી એમ જણાવેલું છે કે ભગવાનમાં જ રહેલો બ્રહ્માંડોથી ભરપૂર આ પ્રપંચ, જેમ હાથ લાંબો કરીને ખેંચી લે તેમ પ્રસારીને ખેંચી લીધો; પરંતુ માયાના પડદાને ખેંચી લઈને ત્યાં (જલમાં) રહેલા(ભગવાન)નાં દર્શન કરાવ્યાં નથી; કારણ કે આ શ્રીકૃષ્ણ છે, અને આ માટે જ સદાનંદ (રૂપથી) અવતરેલા છે.

અંદર રહેલ (પ્રપંચ) જ દેખાડેલ, એ વિષયનું દૃષ્ટાંત 'જેમ નટ નાટ્યને (ખેંચી લે તેમ)' શબ્દોથી કહેલું છે. જેમ (નટ) પોતાની અંદર રહેલી નટવિદ્યાને અભિનયથી પ્રકટ કરે છે તેમ ભગવાન્ પણ આવા છે એમ જણાવવા (તેમણે પોતાનાં) નારાયણરૂપને દેખાડ્યું એવો અર્થ છે.

નાટ્યમાં જૂદાઈ9 દેખાય છે, કારણ કે 'નાટ્ય આવું હોતું નથી' એવી શંકા થાય, તેથી 'પોતાનાં10 વિશેષણ યોજેલું છે. આ નાટ્ય અદ્ભુત છે. 1.

6.'અનિષ્ટ' એટલે કંસની નગરીમાં રહેનારાઓ. (લે)

7.'તેથી' એટલે તેવા હેતુથી, લોકોને પણ પોતાનું માહાત્મ્ય જણાવવા, વરદાન આપ્યાનું કહેલું છે, એવો અર્થ છે. (લે)

8.‘આથી’ એટલે વરદાન ભગવાને આપ્યાં, તેથી થએલ ભગવાનનાં માહાત્મ્યનાં જ્ઞાનથી. (લે)

9.નટ બીજાનું રૂપ લે છે, એટલે જેનું રૂપ લે છે તે અને નટ પોતે બે જુદાજુદા છે, એવો અર્થ છે.

10.આ નાટ્ય અદ્ભુત છે. અહિં ભગવાન્ બીજાનું રૂપ લેતા કે જણાવતા નથી, જે બીજું રૂપ દર્શાવે છે તે પણ પોતાનું જ છે.

તે (અક્રૂર) પણ ભગવાને જ (વપુ દેખાડવાનું તથા ખેંચી લેવાનું) કરેલું છે એમ જાણી, તત્ત્વ જાણનાર અંતરંગ (સેવક) થઈ, ભગવાનની સમીપ આવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:

સોપિ ચાન્તર્હિતં વીક્ષ્ય જલાદુન્મજ્જ્ય સત્વરઃ ॥
કૃત્વા ચાવશ્યકં સર્વ વિસ્મિતો રથમાગમત્॥2॥

તે પણ (ભગવાનને) અંતર્હિત થએલા જોઈને, જલમાંથી બહાર નીકળીને, ત્વરાથી આવશ્યક સર્વ (કાર્ય) કરીને, વિસ્મય પામેલો રથ સમીપ આવ્યો. 2.

(ભગવાનને) પોતાની મેળે જ અંતર્હિત થએલા (જોઈને જલમાંથી બહાર નીકળ્યો; અથવા1, અથવા ‘ચ’ શબ્દ હોવાથી અને2, ‘અન્તર્’ હૃદયની મધ્યે ‘હિ તં’ તેમને (ભગવાનને) જોઈને, એટલે બહાર જેમનાં દર્શન કરેલ તેમને હૃદયમાં પધરાવીને (જલમાંથી બહાર નીકળ્યો). વળી આ (પાછળથી કરેલો) અર્થ યોગ્ય જ છે. તેમ ન હોય તો (ભગવાનનું થએલ) દર્શન વ્યર્થ થાય, અને (અક્રૂરનો) બીજા (ભગવાનથી જૂદા) ધર્મમાં પ્રવેશ થાય; (અને) તેથી (તેનો) ભય દૂર ન થાય, અને તેની ખોટી બુદ્ધિ થાય.

તેથી જ જલમાંથી નીકળી, સ્નાનની વિધિને તજી પૂર્ણ થઈ, ભગવાનના (પોતે કરેલ) અપરાધનો વિચાર કરી, ઘણું આવશ્યક કર્મ ‘સત્વરઃ’ (ત્વરાવાળો થઈ) તરત કરી, ‘ચ’ ‘અને’ શબ્દ હોવાથી તેવું કર્મ કર્યા વિના પણ, ‘(ભગવાને) આવાં દુર્લભ દર્શન (મને) કેમ કરાવ્યાં?’ એવી રીતે વિસ્મય પામેલો રથની સમીપ આવ્યો, પરંતુ મનન વિગેરે કરીને કર્મ કરતાં અટક્યો નહિ3. 2.

1.‘અથવા’ શબ્દથી વિકલ્પ જણાવેલ છે, (બેમાંથી ગમે તે એક અર્થ લેવો એમ જણાવેલ છે). (લે)

2.‘ચ’ ‘અને’ શબ્દથી સમુચ્ચય જણાવેલ છે, (બંને અર્થ લેવા એમ જણાવેલ છે), એવો ભેદ છે. (લે)

3.રથની સમીપ આવ્યો એટલે કંસની આજ્ઞા પ્રમાણે ભગવાનને મથુરા લઈ જવા તત્પર થયો, પરંતુ ભગવાનનું દર્શન થવા છતાં પણ એ વિષય ઉપર મનન કરી, કંસની આજ્ઞા પ્રમાણે કરવાનું કાર્ય પડતું મૂક્યું નહિ.

તે સમયે (તેનામાં) વિસ્મયનો ભાગ છે તે અયોગ્ય હોવાથી તે દૂર થાય તે માટે ભગવાને (તેને) કાંઈક પૂછ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:

તમપૃચ્છદ્ધૃષીકેશ: કિં તે દૃષ્ટમિવાદ્ભુતમ્॥
ભૂમૌ વિયતિ તોયે વા તથા ત્વાં લક્ષયામહે॥3॥

તેને હૃષીકેશે પૂછ્યું કે 'તેં ભૂમિ ઉપર, આકાશમાં અથવા જલમાં અદ્ભુત જેવું શું જોયું? તને તેવો જોઈએ છીએ. 3.

જો ભગવાને પૂછેલું (તેમને) કહે, તો બીજે (બીજાને) પણ કહે. તેમ થાય તો (ભગવાનનું) માહાત્મ્ય (તેના) હૃદયમાં દૃઢ થએલું નથી (એમ જણાય); (પણ) જો ભગવાનને પણ કહે નહિ, તો બીજાને કહે તેવો સંભવ જ રહેતો નથી. (ભગવાને) પોતે જ તેને તેવી પ્રેરણા કરેલી, પરંતુ (બીજાને કહેવાની તેની) ઇચ્છાને રોકી રાખવા પ્રશ્ન કર્યો એવો 'હૃષીકેશ1' શબ્દનો (અર્થ છે). 'તે' 'તેં આ જલાશયમાં શું જોયું?' એવો પ્રશ્ન (કર્યો). 'જલ વિગેરે ઘણુંએ જોયું' એવો ઉત્તર ન આપે તે માટે 'અદ્ભુત' શબ્દ યોજેલો છે. અદ્ભુત એટલે પહેલાં ન જોએલું હોય તેવું અલૌકિક. 'ભૂમિ ઉપર, આકાશમાં અથવા જલમાં' શબ્દોથી (તેણે) જોએલ વસ્તુ બીજાના આધારવાળી તે જાણે છે (માને છે) કે નહિ એવો (તેના) મનનો નિર્ણય જાણવા, (જ્યાં જોએલ તે) સ્થાનો જણાવે છે. જ્યારે જોયું તે સમયે યુક્તિથી ગંધર્વનગર2 વિગેરેના જેવી જણાતી ભૂમિના જેવું જોયું? આકાશમાં પણ (તેવું) જોવાનું સંભવે છે. (જલમાં) ડૂબકી મારીને (અક્રૂરે) જોએલું તેથી જલમાં જ (તેવું જોવાનું) હોય (થાય). 'અથવા' શબ્દ બેદરકારી દર્શાવે છે. (ભૂમિ ઉપર, આકાશમાં અથવા જલમાં) હરકોઈ સ્થલે (જોયું હોય). (અક્રૂરે) અવશ્ય જોયું છે એવું (ભગવાનનું) અલૌકિક જ્ઞાન છૂપાવવા માટે 'તેવો તને જોઈએ છીએ' એમ કહેલું છે. (તેવો એટલે) જેણે અદ્ભુત જોએલું હોય તેના જેવો. (તે તેવો જણાતો હતો), કારણ કે આશ્ચર્યમાં ગરકાવ થએલો હોઈ પ્રપંચનું અને પછી જે કાર્ય કરવાનું હતું તેનું તેને સ્મરણ થતું ન હતું. 3.

1.'હૃષીક' એટલે ઇન્દ્રિયોના 'ઈશ' ઈશ્વર. આ પ્રમાણે 'હૃષીકેશ' શબ્દનો વ્યુત્પત્તિથી 'ઇન્દ્રિયોને પ્રેરણા કરનાર' અર્થ થાય છે.

2.દૂર ઝાંઝવાના જલ દેખાય, તેની અંદર કોઈ ઉંધું પડેલું નગર દેખાય છે, તે ગંધર્વનગર કહેવાય છે. ઝાંઝવાના જલ જ્યાં દેખાય તેની નજીકના વૃક્ષો શહેર વિગેરે તેમાં ઉંધા પડેલાં હોય તેવાં દેખાય છે.

પ્રપન્નો હ્યન્યથાદૃષ્ટિરદ્ભુતાર્થનિરીક્ષક: ॥
તાદૃશં ભગવાન્ દૃષ્ટ્વા દર્શનં કલ્પયેત્ પુન: ॥કા.6॥

શરણે આવેલો બીજા પ્રકારની (ભગવાન્ સિવાય બીજામાં) દૃષ્ટિવાળો હોય તો અદ્ભુત પદાર્થ જોનારો હોવો જોઈએ. ભગવાન્ (અક્રૂરને) તેવો જોઈને, (તેણે) વળી (અદ્ભુત) જોએલું છે એવી કલ્પના કરે. કા.6.

અક્રૂરે તો ભગવાનનું માહાત્મ્ય જાણેલ હોવાથી, (પોતે જે જોએલ) તે ન કહેવું જોઈએ એમ, અને ઈશ્વરે પૂછેલું કહેવું જોઈએ એમ જાણીને (વિચારીને), સામાન્ય રીતે ઉત્તર આપ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:

॥અક્રૂર ઉવાચ॥ અક્રૂર કહે છે:

અદ્ભુતાનીહ યાવન્તિ ભૂમૌ વિયતી વા જલે॥
ત્વયિ વિશ્વાત્મકે તાનિ કિં મેદૃષ્ટં વિપશ્યત: ॥4॥

અહિં ભૂમિ ઉપર આકાશમાં અથવા જલમાં જેટલાં અદ્ભુતો છે તે વિશ્વરૂપ આપમાં છે. આપનાં દર્શન કરતાં મેં શું જોયું નથી? 4.

(સર્વનું) સ્વરૂપ અને આધાર ભગવાન જ છે, તેથી બીજા પ્રદેશ સંબંધી (બીજા પ્રદેશમાં અદ્ભુત જોયા સંબંધી) પ્રશ્ન અયોગ્ય છે; અથવા (બીજા પ્રદેશમાં અદ્ભુત જોએલ હોય તો) તે પ્રદેશ પણ આપમાં જ છે. આપથી બીજે (કાંઈ) અદ્ભુત નથી. આપનું દર્શન તો અદ્ભુત જ છે તેથી (આપમાં જ અદ્ભુત હોય એવું) ચિહ્ન પણ અપવાદ વિનાનું છે. 'ઇહ' આ સમયમાં અથવા આ દેશમાં, ભૂમિ ઉપર આકાશમાં અથવા જલમાં જેટલાં અદ્ભુતો છે તે આપમાં જ છે, કારણ કે આપ વિશ્વરૂપ છો. અદ્ભુતો વિશ્વમાં જ હોય (હોઈ શકે). તેથી 'મે' મેં શું તેમને નથી જોયાં? કારણ કે હું આપના દર્શન કરું છું. આપ તો કોઈથી પણ દર્શન થઈ ન શકે તેવા છો. (આપ વિના) બીજા કોઈમાં અદ્ભુતપણું છે જ નહિ, કારણ કે કોઈથી પણ તે જોવાએલો છે. ભગવાન્ તો સર્વથી અદૃષ્ટ છે. તેવા (સર્વથી) અદૃષ્ટ ભગવાનને જોતાં, મેં શું તે(અદ્ભુતો) નથી જોયાં? અર્થાત્ (બધાં જોયાં છે)1. અથવા 'તાનિ' 'તે (અદ્ભુતો)'નો પહેલાંના (વાક્ય) સાથે જ અનુવાદ કરવો2. સર્વ અદ્ભુતોના આધારરૂપ આપનું દર્શન થતાં, નહિ જોએલું કાંઈ રહેતું નથી, તેથી (મેં અદ્ભુત જેવું જોએલ છે એવું) અનુમાન (કરવું) યોગ્ય નથી. 4.

1.'તાનિ' તે અદ્ભુતો શું મેં નથી જોયાં? એમ બીજા વાક્ય સાથે 'તાનિ' શબ્દનો સંબંધ લઈ આવો અર્થ કરેલ છે.

2.ઉપર પહેલાં વાક્ય સાથે 'તાનિ' શબ્દનો સંબંધ લઈ અર્થ કરેલો તે પ્રમાણે જ સંબંધ લેવો. એમ કરવાથી નીચે જણાવ્યા પ્રમાણે અર્થ થાય છે.

'આ (અક્રૂર) સભ્યતાને લીધે (એમ) કહે છે એમ (ભગવાન્ માનીને) કદાચ ફરીથી પ્રશ્ન કરશે' એવી શંકા કરીને, નીચેનો શ્લોક કહે છે:

યત્રાદ્ભુતાનિ સર્વાણિ ભૂમૌ વિયતિ વા જલે॥
તં ત્વાનુપશ્યતો બ્રહ્મન્ કિં મેદૃષ્ટમિહાદ્ભુતમ્॥5॥

હે બ્રહ્મન્! ભૂમિ ઉપર, આકાશમાં અથવા જલમાં જ્યાં સર્વ અદ્ભુતો છે તેવા આપનું દર્શન કરતાં, મેં અહિં કયું અદ્ભુત નથી જોયું? 5.

લોકો હરકોઈ સ્થલે અદ્ભુતો જૂએ છે તે (સર્વ સ્થલો) વસ્તુત: આપમાં જ છે. તેથી જ્યારે હરકોઈને પણ આપની અંદર જ અદ્ભુતો જોવાનાં છે ત્યારે આપનું દર્શન કરતાં મેં કયું અદ્ભુત નથી જોયું? આથી એમ (કહ્યું છે) કે ત્યાં (જલમાં) પણ આપ અદ્ભુતનું જ દર્શન થયું હતું, (તે અદ્ભુતનું) આપમાં જ દર્શન થયું હતું, તે (જે સ્થલે અદ્ભુતનું દર્શન થયું હતું તે) આપ જ છો અને તે આપની અંદર જ છે, તેથી આપ જ સર્વના આધાર હોવાથી, આધાર સંબંધી

પ્રશ્ન પણ કરવો યોગ્ય નથી. 'તેવા આપ' શબ્દોથી ભગવાનને આધાર તરીકે જણાવે છે. (ભગવાન્ સર્વના આધાર છે) તેનું સમર્થન કરવા 'હે બ્રહ્મન્' સંબોધનથી (તેની) યોગ્યતા (જણાવેલી છે). 5.

એ પ્રમાણે ગૂઢ રીતે ઉત્તર આપીને, ભગવાનની ઇચ્છાને જાણી તેણે રથ (આગળ) હાંક્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:

ઇત્યુક્ત્વા ચોદયામાસ સ્યન્દનં ગાન્દિનીસુતઃ॥
મથુરામનયદ્રામં કૃષ્ણં ચૈવ દિનાત્યયે॥6॥

એમ કહીને ગાંદિનીના પુત્રે રથ (આગળ) હાંક્યો; રામને અને શ્રીકૃષ્ણને દિવસના અંતે મથુરા લાવ્યો. 6.

ભગવાનના વચન(પ્રશ્ન)ની અવગણના થઈ શકે નહિ તેથી, ઉત્તર આપીને, પછી રથ (આગળ) હાંક્યો.

'આ(અક્રૂર)માં એવી કોઈ શ્રેષ્ઠતા હતી કે એ પ્રમાણે (ભગવાનની ઇચ્છા) જાણીને ભગવાનને સારી રીતે પ્રસન્ન કરે? વળી ભગવાનને (આગળ જવાનું) શું એવું કામ હતું? કારણ કે (તેમનું કામ) તુચ્છ હતું' એવી શંકા થાય, તેથી 'ગાંદિનીના પુત્રે' શબ્દ યોજેલ છે. ગાયોનું દાન કરવાથી ઉત્પન્ન થયેલી (ગાંદિની) ગાયના જેવી જ હોય, અને તેના પુત્ર બળદીઆએ જ (સર્વને) વશ (રાખનાર) ભગવાનને મથુરા પહોંચાડ્યા; કારણ કે રામ (બલભદ્ર) રતિ (રમણ) કરનાર છે, અને શ્રીકૃષ્ણ તે(રતિ) નું ફલ સદાનંદ છે, અને તે જો નગરીમાં વાસ કરે તો ત્યાં રહેલાઓને સદાએ સુખ થાય.

'દિવસના અંતે' એટલે સંધ્યાકાલે (મથુરા લાવ્યો), કારણ કે તે (સંધ્યાકાલ) ગોધૂલિક1 સમય હોઈ, પ્રવેશ કરવાનું ઉત્તમ મુહૂર્ત છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી, (રસ્તાની) મધ્યમાં રહેલા સર્વને જ2 (મથુરા લાવ્યો). ભગવાનની ઇચ્છાથી જ સંધ્યાકાલ પણ પાછલો પહોર થશે. વળી જેટલા સમયમાં (મથુરા પધાર્યા પછી તે દિવસે કરવાનું) કાર્ય થઈ શકે તેટલો સમય લેવો જોઈએ; તેમ ન કરવામાં આવે તો 'દિવસના અંતે' પદ ખોટું ઠરે.

અથવા (દિવસના) અંતના આરંભે, એટલે મધ્યાહ્ન પછી, કારણ કે મધ્યાહ્ન થઈ જાય ત્યારે દિવસ વહી ગયો જ ગણાય. અથવા મથુરાના રહેવાસીઓના દુ:ખ આપનાર દિવસોના અંતે, અથવા પોતાના (દુ:ખ આપનાર દિવસના અંતે અક્રૂર ભગવાનને મથુરા લઈ આવ્યો). 6.

1.સાંજે ગાયો સીમમાંથી ગામમાં આવે ત્યારે તેમની ખરીઓથી ધૂલ ઉડે છે. આ ધૂળ વાદળાં જેવી ગણાય છે અને ગોધૂલિક (ગાયોથી ઉડેલી ધૂળ) કહેવાય છે.

2.માર્ગમાં જે રહેલા (મળ્યા) તેઓ પણ સાથે (ભગવાનનાં દર્શન માટે) મથુરા આવ્યા. એવો અર્થ જણાય છે.

પછી ધીરેધીરે પધારતા ભગવાન્ સર્વને આનંદ કરનારા થયા એમ નીચેના શ્લોકમાં કહે છે:

માર્ગે ગ્રામજના રાજંસ્તત્ર તત્રોપસઙ્ગતાઃ ॥
વસુદેવસુતૌ વીક્ષ્ય પ્રીતા દ્રષ્ટિં ન ચાદદુઃ ॥7॥

હે રાજન્! માર્ગમાં જુદેજુદે સ્થલે વસુદેવના બે પુત્રોને જોઈને ગામડાના લોકો સમીપ આવ્યા, અને પ્રીતિવાળા થઈ તેઓએ દૃષ્ટિ પાછી ખેંચી લીધી નહિ. 7.

મધ્યમાં (રસ્તામાં) જે ગામડાંઓ હતા, અને તેમના (રહેવાસીઓ) બધા માર્ગે હતા (તેમણે વસુદેવના પુત્રોને જોઈને દૃષ્ટિ પાછી ખેંચી લીધી નહિ). (પરીક્ષિતને) તેવો અનુભવ છે એમ જણાવવા 'હે રાજન્!' એવું સંબોધન કરેલું છે. 'જુદેજુદે સ્થલે' શબ્દોથી (એમ કહેલું છે કે) તેઓ (વસુદેવના પુત્રોનું) દર્શન કરે તેમાં દેશની મહત્તા ન હતી. ઇચ્છેલા તથા નહિ ઇચ્છેલા દેશમાં તેઓ (વસુદેવના પુત્રોની) 'ઉપસંગતાઃ' સમીપ આવ્યા. 'આ બે વસુદેવના પુત્રો છે' એમ જોઈને (તેમના) સંબંધથી અને સ્વરૂપને લીધે પ્રીતિવાળા થઈ તેમણે ભગવાનને દૃષ્ટિ દીધી (નીરખ્યા). 'ચ' 'અને' શબ્દથી (એમ સૂચવ્યું છે કે ભગવાનને પોતાનું) સર્વસ્વ આપીને 'નાદદુઃ' પાછું ગ્રહણ કર્યું નહિ. (આથી) સામાન્ય રીતે માર્ગમાં રહેલા (લોકો)નો નિરોધ કહેલો છે. 'પ્રીતિવાળા' શબ્દથી દૃષ્ટિ પાછી ન (ખેંચી) લેવાનું કારણ કહેલું છે. (દૃષ્ટિના) દાનનું ફલ પ્રીતિ (પ્રેમ) જ થઈ, તેથી (તેઓ તેને) પાછી કેમ ખેંચી (લઈ) લે? (લોકો) સુખ માટે ઇન્દ્રિયો રાખે છે (તેથી) સુખ થાય ત્યારે (ઇન્દ્રિયોની) પ્રવૃત્તિ થતી જ નથી. (ભગવાન્ તથા રામને જોઈને) તેઓની અધિક બુદ્ધિ1 થઈ નહિ તેથી 'વસુદેવના બે પુત્રો' એમ કહેલું છે. 7.

1.'આ સર્વથી પર ભગવાન્ છે' એવી બુદ્ધિ તેમની ન થઈ, એવો અર્થ જણાય છે.

ભગવાન્ (મથુરા) પધાર્યા તે પહેલાં જ નંદ વિગેરે મથુરાના ઉપવન સુધી ગએલા; (અને) ભગવાન્ પધારે ત્યારે આગળ જવું એવા વિચારથી (તેમની) રાહ જોઈને જ રહેલા, એમ નીચેના શ્લોકમાં કહે છે:

તાવદ્ વ્રજૌકસસ્તત્ર નન્દગોપાદયોઽગ્રતઃ ॥
પુરોપવનમાસાદ્ય પ્રતીક્ષન્તોવતસ્થિરે॥8॥

તેટલા (સમય)માં નંદગોપ વિગેરે વ્રજના લોકો ત્યાં શહેરના બગીચાએ આગળથી પહોંચી રાહ જોતા ઉભા રહ્યા હતા. 8.

કારણ કે તેઓ વ્રજ (નેસડા)માં (રહેનારા) લોકો ખુલ્લા પ્રદેશમાં જ રહેવા યોગ્ય હતા. તેથી જ તેઓ આગળથી જ પણ ગયા હતા. ઘણાં બાલકો (જેઓ) ભગવાનના મિત્રો હતા તેઓ (ભગવાનની) સાથે જ રહ્યા હતા. નંદગોપ વિગેરે જે ઘણા વૃદ્ધ હતા તેઓ જ આગળ ગયા હતા, (અને) મથુરાની સમીપ આવેલા, ભાતભાતના ફલોને લીધે ઘણા પ્રસિદ્ધ બગીચા પાસે 'અવતસ્થિરે' માત્ર ઉભા જ રહ્યા, પરંતુ તેઓને રહેવા યોગ્ય સાધનો પણ તેઓએ એકઠાં કર્યાં નહિ, એવો અર્થ છે. આથી વ્યવહારમાં પણ ભગવાન જ મુખ્ય હતા એમ સૂચવેલું છે. 8.

પછી અક્રૂરને રજા આપી એમ નીચેના શ્લોકમાં કહે છે:

તાન્ સમેત્યાહ ભગવાનક્રૂરં જગદીશ્વરઃ॥
ગૃહીત્વા પાણિના પાણિં પ્રશ્રિતં પ્રહસન્નિવ॥9॥

તેમને ભેગા થઈ, ભગવાન્ જગદીશ્વરે શ્રીહસ્તથી હાથ પકડી નમ્ર રીતે જાણે કે હસતા હોય તેમ અક્રૂરને (નીચે પ્રમાણે) કહ્યું. 9.

લોક પ્રમાણે વ્યવહારમાં અક્રૂર કાકો હોવાથી તે (સાથે) રહેલો હોય ત્યારે સ્વચ્છંદ લીલા (કરવી) યોગ્ય નહિ તેથી, અને વ્યવહારમાં પણ (ભગવાન્) ઘણા આગ્રહથી (મથુરા) પધાર્યા નથી એમ જણાવવા તે નંદ વિગેરેને ભેગા થઈ, ભગવાને અક્રૂરને (દશમા શ્લોકમાં કહેવામાં આવશે) તે કહ્યું. (શ્રીકૃષ્ણ) 'ભગવાન્' હોવાથી ભયરહિત હતા. (શહેરની) બહાર રહે તો કદાચ કંસ ઉપદ્રવ કરે, એવો ભય ન હતો એમ જણાવવા 'જગદીશ્વર' શબ્દ યોજેલો છે, કારણ કે તે જ જગતને વશ રાખનાર સ્વામી છે. (પોતાનું) ઐશ્વર્ય ગુપ્ત રાખીને, મિત્રતા સગપણ વિગેરે પ્રકટ કરવા માટે તેમણે શ્રીહસ્તથી (અક્રૂરનો) હાથ પકડી, તેમ કરીને નમ્ર રીતે હસતાં એટલે (અક્રૂરને) મોહ પમાડતાં તેની પહેલાંની1 સ્થિતિમાં મૂકતાં, (નીચે દશમા શ્લોકમાં) જણાવવામાં આવશે તે કહ્યું. ભગવાનના વચનમાં ચિત્ત દૃઢ થાય તે માટે (તે વચન) જૂદું (બીજા શ્લોકમાં) કહેલું છે. 9.

1.'પહેલાંની સ્થિતિ' એટલે યમુનાજીના જલમાં ભગવાનનાં દર્શન કરીને તત્ત્વ તેણે જાણેલ તે પહેલાંની સ્થિતિ.

નીચેના શ્લોકમાં (ભગવાનનું) વચન જ કહે છે:

ભવાન્ પ્રવિશતામગ્રે સહયાનઃ પુરીં ગૃહમ્॥
વયં ત્વિહાવમુચ્યાથ તાવદ્ દ્રક્ષ્યામહે પુરીમ્॥10॥

આપ પહેલાં વાહન સહિત શહેરમાં (અને) ઘેર જાઓ. અમે તો અહિં ઉતારો કરી, પછી તેટલા (સમય)માં શહેર જોઈશું. 10.

સંબંધનો અભાવ1 જણાવવા 'આપ' શબ્દ યોજેલો છે. અમે (શહેરમાં) પ્રવેશ કરીએ તે પહલાં જ (આપ જાઓ). જો તેમ ન કરો તો તમારું કાર્ય કરેલું હોવા છતાં (ધોબી વિગેરેને થવાના) ઉપદ્રવને લીધે કંસ ન કરેલું માને. પછી તમારે ઘેર પણ જવું. જો તેમ ન કરો તો કંસ અમને અટકાવવા માટે તમને મોકલે, અને તે અયોગ્ય થાય. જેમ કરવાથી તમારો દોષ ન થાય (ગણાય), તે માટે અમે અહિં જ 'પ્રતિમુચ્ય' ઉતારો કરીને, 'પછી' જૂદા આરંભથી કંસ (અમને) બોલાવશે ત્યાં સુધીમાં, આણે (કંસે) શહેર સારી રીતે રાખેલું છે કે નહિ એમ શહેરને જોઈશું. 10.

1.અક્રૂરને અને શ્રીકૃષ્ણને સંબંધ છે એમ કંસ જાણે તો અક્રૂરને હેરાન કરે, તેથી સંબંધ નથી એમ જણાવવા આ પ્રમાણે કહેલ છે.

ભગવાને વચ્ચે (અક્રૂર) સંબંધ વિનાનો હોય તેમ તેને કહ્યું તેથી તે સહન નહિ થતાં, નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી તે કાંઈક ભગવાનને પ્રાર્થના કરે છે, કારણ કે ભગવાનના બધાએ1 ગુણોનું તેણે વર્ણન કરવું જોઈએ.

॥અક્રૂર ઉવાચ॥ અક્રૂર કહે છે:

નાહં ભવદ્ભ્યાં રહિત: પ્રવેક્ષ્યે મથુરાં પ્રભો॥
ત્યક્તું નાર્હસિ માં નાથ ભક્તં તે ભક્તવત્સલ॥11॥

હે પ્રભો! આપ બે વિના હું મથુરામાં પ્રવેશ કરીશ નહિ. હે નાથ! હે ભક્તો પર પ્રેમ રાખનાર! મને આપ ભક્તને તજવો આપને ઘટે નહિ. 11.

તેણે (અક્રૂરે) એમ જાણ્યું કે જેવા કંસ વિગેરે છે તેવો આ (અક્રૂર) છે એમ જાણી, ભગવાન્ મને (અક્રૂરને) તજે છે. આમ હોવાથી, ભગવાન્ ભલે સ્વચ્છંદ લીલા કરે, મારે પણ અહિં જ ક્યાંક રહેવું જોઈએ, પરંતુ ભગવાન્ વિનાના શહેરમાં અથવા ઘરમાં પ્રવેશ કરવો ન જોઈએ. તેથી જ 'ભગવાન્ ન હોય (ન પ્રાપ્ત થાય) તેવા ઘર વિગેરેને તજવાં જોઈએ' એવો વૈરાગ્યનો નિયમ છે. તેથી 'આને ઋષિ જાણીને નગરમાં પ્રવેશ કરવો જોઈએ નહિ, જો પ્રવેશ કરે તો એક બીજા સાથે જઈ પ્રવેશ કરવો જોઈએ' એવી શ્રુતિ હોવાથી શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ (એવા) આપ બે વિના મધુ દૈત્યવાળી તેના (મધુદૈત્યના) સંબંધવાળી મથુરામાં હું પ્રવેશ કરીશ નહિ. આપને ભય તો નથી એમ 'હે પ્રભો!' સંબોધનથી કહે છે. અહિં (બગીચા)થી આગળ ન પધારવાનું કારણ મારો ત્યાગ (કરવો એ) છે; તેમ ન કરવું જોઈએ એવી 'તજવો આપને ઘટે નહિ' શબ્દોથી પ્રાર્થના કરે છે. તેમાં પણ ભક્તને, અને તે પણ આપના, એટલે આપના અવતારની અમુક લીલાના ભક્તને (તજવો ન ઘટે).

'કાર્ય માટે ત્યાગ (કરવો પડે છે)' એવી શંકા થાય, તેથી 'હે ભક્તો પર પ્રેમ રાખનાર!' એવું સંબોધન કરે છે. ભક્તો પર આપનો પ્રેમ રહે છે, તેથી ભક્તને કોઈ પણ સમયે તજવા યોગ્ય નથી. 11.

1.બધાએ એટલે છ એ ગુણો. તેથી છ શ્લોકોથી પ્રાર્થના કરે છે, એવો ભાવ છે.

'(નગરમાં તમને રાખવાની) જગ્યા નથી' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

આગચ્છ યામ ગેહાન્ ન: સનાથાન્ કુર્વધોક્ષજ॥
સહાગ્રજ: સગોપાલૈ: સુહૃદ્ભિશ્ચ સુહૃત્તમ॥12॥

હે અધોક્ષજ! પધારો. હે ઉત્તમ મિત્ર! મોટાભાઈ સાથે, ગોપાલો સાથે અને મિત્રો સાથે આપણે અમારે ઘેર જઈએ. અમને નાથવાળા કરો. 12.

સર્વની સાથે આપ પધારો; ઘર (આપણા બધાનું) સમાન છે એમ જણાવવા, 'આપણે જઈએ' શબ્દોથી સર્વનું એક સરખી રીતે જવાનું કહેલું છે. 'અમારા ઘેર' શબ્દોથી (એમ

જણાવ્યું છે કે) અમો ઘણા ભાઈઓ છીએ, અને દરેકને ઘર પણ ઘણાં છે, તેથી જગ્યાનો સંકોચ નથી.

'(ઘેર જવાનું) ખાસ કારણ નહિ હોવાથી અહિં જ રહેવું જોઈએ' એવી શંકા થાય, તેથી 'નાથવાળા કરો' શબ્દો યોજેલ છે. કારણ કે જે પ્રભુ (ધણી) હોય તે પોતાના ઘેર રહે, પરંતુ બીજાના ઘેર ન રહે. જો આપ અમારા ઘેર ન રહો તો આપ અમારા નાથ ન થાઓ (ગણાઓ). એવા પ્રસંગે અમે નાથ વિનાના થઈએ તેથી (અમને) નાથવાળા કરો.

'અમારા સંબંધને લીધે તારો (કંસ પ્રતિ) અપરાધ થશે' એવી શંકા થાય, તેથી 'હે અધોક્ષજ!' સંબોધન કરેલું છે. આપ (કોઈના) જ્ઞાનના વિષય જ થતા નથી1 તો પછી ક્રિયાના વિષય તો કેમ જ થશો, એવો (તે શબ્દનો અર્થ છે). 'જેણે જાણેલ નથી તેણે જાણેલ છે' શ્રુતિ પ્રમાણે, આથી ભગવાનની જ્ઞાનશક્તિ2 જણાવેલી છે.

'ત્યારે હું એકલો (તારા ઘેર) આવીશ' એવી શંકા થાય, તેથી 'મોટા ભાઈ સાથે...' એમ કહેલ છે. આપના મોટા ભાઈને પણ જરાએ ભય નથી તેમ જ માન આપવા યોગ્ય છે. ગોપાલોનો ગાયોનું રક્ષણ કરવાનો ધર્મ હોવાથી, અને તેમનામાં ચતુરાઈ નહિ હોવાથી, તેમને ભયની શંકા જ નથી. આપ હો તો કોઈને પણ ભય નથી એમ જણાવવા 'મિત્રો સાથે' શબ્દ યોજેલ છે. ગોપાલો જ મિત્રો છે, અથવા નંદ વિગેરે સગાંઓને મિત્રો (કહેલા) છે. 'ચ' 'અને' શબ્દથી સર્વ સેવકો, ગાડાંઓ, બળદો વિગેરે પણ (ચાલો, એમ કહેલું છે).

'એટલા બધા સાથે કેવી રીતે (તારા ઘેર) જવું?' એવી શંકા થાય, તેથી 'મિત્રો સાથે' 'ઉત્તમ મિત્ર' શબ્દો કહેલા છે. આપ સ્વામી ઘણા જ (સર્વથી ગાઢ) મિત્ર છો, આપના સંબંધીઓ મોટા મિત્રો છે, (અને) બીજા સેવકો વિગેરે મિત્રો છે. તેથી બધાએ જ (અમારા ઘેર) પધારવું. 12.

1.'અધોક્ષજ' એટલે જેમને ઇન્દ્રિયો પહોંચતી નથી; ઇન્દ્રિયોથી જેમનું જ્ઞાન થતું નથી. આપનું જ્ઞાન જ કોઈને થતું નથી તો આપ પ્રતિ ક્રિયા તો કોઈ કેવી જ રીતે કરી શકે? એવો અર્થ જણાય છે.

2.'ભગવાન્ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવાની (જીવની) શક્તિ' એવો અર્થ જણાય છે. જીવમાં એવું જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિ નથી એમ જણાવેલ છે, એવો અર્થ જણાય છે.

નીચેના શ્લોકમાં યશોરૂપ ભગવાનનું નિરૂપણ કરે છે:

પુનીહિ પાદરજસા ગૃહાન્નો ગૃહમેધિનામ્॥
યચ્છૌચેનાનુતૃપ્યન્તિ પિતરઃ સાગ્નયઃ સુરાઃ॥13॥

જેમના પવિત્રપણાથી અગ્નિઓ સાથે પિતૃઓ અને દેવો પ્રસન્ન થાય છે તેવી (આપના) ચરણની રજથી અમો ઘરધણીઓનાં ઘરોને પવિત્ર કરો. 13.

'જો નાથવાળા જ થવું હોય તે વચનથી પણ નાથવાળો થઈ શકે છે, તેથી (મારે તારા) ઘેર આવવાનું શું પ્રયોજન?' એવી શંકા આ (શ્લોક)થી દૂર થાય છે, કારણ કે (નાથવાળા કરી) વધારામાં ઘરનું પવિત્રપણું કરવાનું છે. 'ચરણના રજથી' શબ્દથી પવિત્ર કરવાનો ઉપાય

કહે છે, કારણ કે ચરણની રજ ભગવદીયપણું પ્રાપ્ત કરાવે છે. અને ઘણી શુદ્ધિથી જ તેવા (ભગવદીય) થવાય છે, તેથી ચરણની રજથી ઘરોને પવિત્ર કરવાં જોઈએ. અહિંથી (ચરણની રજને) ત્યાં (ઘેર) લઈ જવામાં આવે તો થોડી જ રજ (ત્યાં) થાય, પરંતુ (આપ) ત્યાં પધારો તોતો બધીએ ભૂમિ (આપના) ચરણની રજ થાય, (અને) તેથી બધાંએ ઘરો પવિત્ર થાય.

'તમે અને (તમારા) ઘરો ભગવદીય છો. એમ હોવાથી પવિત્ર થવાની શી જરુર?' એવી શંકા થાય, તેથી 'ઘરધણીઓનાં' શબ્દ યોજેલ છે. ઘરમાં 'મેધા' હિંસા નિત્ય થાય છે. તેથી જ્ઞાનમાં શ્રદ્ધાવાળો અથવા ભક્ત જે કોઈ ગૃહસ્થ હોય છે તે કાલના ગુણોથી જેમ (કોઈ લેપાય) તેમ લેપાય છે. તેથી જો તે ઘરો પાપરહિત હોય તો જ મોક્ષ થાય છે.

વળી ભગવાન જો (ઘેર) પધારે તો માત્ર જીવતાં (ઘરમાં તે સમયે રહેનારા) ઓ ઉપર જ ઉપકાર થાય છે એમ નથી, પરંતુ બધાંએ પિતૃઓને પણ ઘણો જ આનંદ થાય છે એમ ઉતરાર્ધથી કહે છે. 'યચ્છૌચેન' જે ભગવાનના ચરણ (ક્ષાલન) ના જલથી પિતૃઓ અગ્નિઓ અને દેવો પ્રસન્ન થાય છે, કારણ કે બ્રહ્મદંડથી હણાએલાઓ પણ (તે જલથી) મુક્ત થાય છે. તેથી આપના ચરણ (ક્ષાલન)નું જલ પિતૃઓને ઘણો જ આનંદ આપનારું થાય છે. તેઓનું (પિતૃઓનું) કવ્ય1 લઈ અગ્નિ તેમને આપે છે એવા પ્રકારની તેમની પ્રસન્નતાની જરુર છે, અને તેથી પિતૃઓનો તેની (અગ્નિની) અંદર સમાવેશ થાય છે.2 તેવી જ તે (અગ્નિ)માં રહેનાર દેવતાઓ2 છે. યજ્ઞ, દેવો અને પિતૃઓ પ્રસન્ન થાય છે એવો ભાવાર્થ થયો.13.

1.પિતૃઓને જે બલિ આપવામાં આવે છે તે 'કવ્ય' કહેવાય છે.

2-2.અગ્નિ કવ્ય જ્યાં હોમવામાં આવે ત્યાંથી લઈ જઈ પિતૃઓને આપે છે. તેથી અગ્નિ પ્રસન્ન થાય તો તે કવ્ય લઈ જઈ આપે તેથી પિતૃઓ પ્રસન્ન થાય છે. આ અગ્નિને જ 'યજ્ઞ' કહેલ છે, કારણ કે યજ્ઞમાં કવ્ય હોમવામાં આવે છે. અગ્નિમાં રહેનારા દેવતાઓ પ્રસન્ન થાય ત્યારે અગ્નિ પ્રસન્ન થાય. તેથી યજ્ઞ (અગ્નિ) દેવો અને પિતૃઓ ત્રણેની પ્રસન્નતા કહેલી છે. એમ જણાય છે.

નીચેના શ્લોકમાં (ભગવાનની) શ્રી (ધર્મ)નું નિરૂપણ કરતાં ચરણરજનું માહાત્મ્ય કહે છે:

અવનિજ્યાઽઙ્ઘ્રિયુગલમાસીચ્છલોક્યો બલિર્મહાન્॥
ઐશ્ચર્યમતુલં લેભે ગતિં ચૈકાન્તિનાં તુ યા॥14॥

(આપનાં) બે ચરણોને પ્રક્ષાલન કરીને બલી પ્રશંસાપાત્ર અને મોટો થયો, અને ન સરખાવી શકાય તેવું ઐશ્વર્ય અને જે ભક્તોની ગતિ છે તે (તેણે) પ્રાપ્ત કર્યા. 14.

(ચરણોને) પ્રક્ષાલન કરવાની ક્રિયાથી ચરણ (પ્રક્ષાલન)નું જલ બનાવીને બલિએ (1)કીર્તિ (2)ઐશ્વર્ય અને (3)ભક્તિ અથવા મોક્ષ (એ) ત્રણ પ્રાપ્ત કર્યાં. (1)તે પ્રશંસાપાત્ર પણ થયો અને મોટો પણ થયો. મોટાઈ એટલે સર્વલોકમાં પ્રસિદ્ધ હોવાપણું; 'મોટાઈ ઈચ્છનારે (સત્ય વિગેરે ગુણોની) પ્રાર્થના કરવી' (શ્રીમદ્ભાગવત 1।। થી 29) વાક્ય પ્રમાણે સત્ય શૌચ વિગેરે ગુણોવાળા હોવાપણું. (2) ઐશ્વર્ય એટલે ઇન્દ્રપણું. 'ન સરખાવી શકાય

તેવું' એટલે તે (ઇન્દ્રથી) પણ વધારે, ભગવાન્ વશ હોવારૂપ (ઐશ્વર્ય). (3)'એકાન્તિનાં' એટલે ભક્તોની સ્વતંત્ર ભક્તિ અથવા સાયુજ્યરૂપ જે ગતિ. 'જે' એટલે 'સર્વ લોકમાં પ્રસિદ્ધ, ન ઇચ્છનારને પણ અણવી ગતિ (સાયુજ્ય) પ્રાપ્ત કરાવે છે' (શ્રીમદ્-ભાગવત 3।।) વિગેરે વાક્યોમાં પ્રસિદ્ધ. 14.

(ભગવાનના ગુણ) ધર્મ અથવા વીર્યનું નિરૂપણ કરતાં નીચેના શ્લોકમાં ચરણોદકની જ પ્રશંસા કરે છે:

આપસ્તેઽઘ્રવનેજન્યસ્ત્રીંલ્લોકાઞ્છુચયોપુનન્॥
શિરસાધત્ત યા: શર્વ: સ્વર્યાતા: સગરાત્મજા: ॥15॥

આપના ચરણને પ્રક્ષાલન કરવાથી થએલાં પવિત્ર જલે ત્રણ લોકોને પવિત્ર કરેલા છે. તે (જલ)ને શંકરે મસ્તક પર ધારણ કર્યાં (અને તેથી) સગરના પુત્રો સ્વર્ગ પામ્યા. 15

ત્રણ પગલાં ભરનાર આપના 'અંઘ્રવનેજન્ય:' ચરણને પ્રક્ષાલન કરવાથી થએલાં જલે મંદાકિની વિગેરેના ભેદથી1 ત્રણ લોકને પવિત્ર કરેલા છે, કારણ કે (જલ) પોતે 'શુચય:' શુદ્ધ છે. 'નખોદક (નખ ધોવાથી થએલ જલ) અશુદ્ધ હશે,' એવી શંકા કરી, તેમ (પોતે શુદ્ધ છે એમ) કહેલું છે. (તે જલ) માત્ર પવિત્ર કરનારું છે. એટલું જ નહિ, પરંતુ આધિદૈવિકપણું પ્રાપ્ત કરાવનારું પણ છે એમ 'તેને શંકરે મસ્તક પર ધારણ કર્યાં ' શબ્દોથી કહેલું છે. શંકર એટલે મહાદેવ. '(જે મસ્તક ઉપર ધારણ કરવાથી) શિવ શિવ થયા' (શ્રીમદ્ભાગવત 3।।) વાક્ય(ના શ્રીસુબોધિની)માં ફલનું2 વિસ્તારથી નિરૂપણ કરેલું છે. પછી ભૂમિ ઉપર ગએલી (ગંગા)એ પણ બ્રહ્મદંડથી3 હણાએલાઓને પણ પવિત્ર કર્યા એમ '(સગરના પુત્રો) સ્વર્ગ પામ્યા' શબ્દોથી કહેલું છે. સગરના પુત્રો દુષ્ટબુદ્ધિવાળા તરીકે પ્રસિદ્ધ હતા, તેઓ સ્વર્ગ પામ્યા. ઇન્દ્રે તેઓના નાશ માટે પ્રયત્ન કરેલો હોવા છતાં, (ભગવાનના) ચરણના જલે (તેમને) ઇન્દ્રના સરખા કર્યાં. એવો અર્થ છે.15.

1.સ્વર્ગમાં મંદાકિની, ભૂમિ ઉપર ગંગા, અને પાતાલમાં ભોગવતી એવા જુદાજુદા નામથી ત્રણ લોકને પવિત્ર કરેલા છે.

2.મસ્તક ઉપર શંકરે ગંગાને ધારણ કરવાથી, તેમને ગંગાએ આધિદૈવિકપણું પ્રાપ્ત કરાવેલ છે. એવા ફલનું.

3.કપિલમુનિના શ્રાપથી બળીને ભસ્મ થએલા.

નીચેના શ્લોકમાં ભગવાનના ઐશ્વર્યનું કીર્તન કરતાં, (ભગવાનને) નમસ્કાર કરે છે:

દેવદેવ જગન્નાથ પુણ્યશ્રવણકીર્તન॥
યદૂત્તમોત્તમશ્લોક નારાયણ નમોસ્તુ તે॥16॥

હે દેવોના દેવ! હે જગતના નાથ! હે પુણ્ય શ્રવણ અને કીર્તનવાળા! હે યદુમાં ઉત્તમ! હે ઉત્તમ શ્લોક! હે નારાયણ! આપને નમસ્કાર હો. 16.

(1)ઉપાસના કરવા યોગ્ય તરીકે (2)પ્રભુ તરીકે (3)દોષ મટાડનાર તરીકે (4)ગુણ પ્રાપ્ત કરાવનાર તરીકે (5)ઉત્તમોથી સ્તુતિ કરાતા તરીકે અને (6) જગતના કારણ તરીકે (એવા) છ

પ્રકારનું ઐશ્વર્ય છે. (1)હે દેવોના દેવ! તે (છ પ્રકાર) પૈકી ભગવાન્ દેવોના પણ દેવ એટલે ઉપાસના કરવા યોગ્યે (દેવોએ) પણ ઉપાસના કરવા યોગ્ય છે. (2)(વળી) બધાએ જગતના નાથ છે, પરંતુ અમુક પ્રદેશના (જ નાથ) નથી. (3)પુણ્ય એટલે પાપને દૂર કરનારાં છે શ્રવણ અને કીર્તન જેમનાં (તેવા ભગવાન્ છે). જેમ શ્રવણ પાપ દૂર કરનારું છે તેવું જ કીર્તન પણ (પાપ દૂર કરનારું) છે. (4)(ભગવાન્) યદુમાં ઉત્તમ એટલે યદુને પણ ગુણ પ્રાપ્ત કરાવનારા છે. 'પિતાએ કહેલું નહિ કરનાર (સર્વથી અધમ છે)' (શ્રીમદ્ભાગવત 9।।) એ ન્યાય પ્રમાણે (યદુ તેના) પિતાનો વિરોધી હોવાથી, કોઈથી પણ મટાડી ન શકાય તેવા દોષવાળો હતો. તેવાને પણ (ભગવાન્) ગુણ પ્રાપ્ત કરાવે છે તેથી (તેવા ગુણ પ્રાપ્ત કરાવનારા છે). (5)વ્યાસ વિગેરે ઉત્તમ (પુરુષો) પણ (ભગવાનના) ગુણોનું ગાન કરે છે તેથી (ભગવાન્ ઉત્તમ શ્લોક છે). (6)નારાયણ જગત્ રચનાર હોવાથી (ભગવાન્ જગતના કારણ છે). એવી રીતે છ ગુણોથી પૂર્ણ (ભગવાન)ને 'આપને નમસ્કાર હો' શબ્દોથી નમન કરે છે. (નમસ્કાર હો એવી) નમસ્કારની પ્રાર્થનાથી સદાનો નમસ્કાર જણાવેલો છે. 16.

ભગવાન્ નિત્ય કાર્ય કરનારા છે તેથી અને ભગવાને કરેલ હોય તેમાં કાંઈ વિઘ્ન થતું નથી તેથી, 'તેટલા સમયમાં અમે શહેર જોઈશું' એવું (ભગવાનનું) વચન (શ્લોક 10માં) હોવાથી અને (અક્રૂરે પોતાના ઘેર તે સમયે) આવવાની પ્રાર્થના કરેલી હોવાથી, 'હું બીજા સમયે આવીશ' એમ તે સમયે ભગવાને કહ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:

॥શ્રીભગવાનુવાચ॥ શ્રી ભગવાન્ કહે છે:

આયાસ્યે ભવતો ગેહમહમાર્યસમન્વિતઃ॥
યદુચક્રદ્રુહં હત્વા વિતરિષ્યે સુહૃત્પ્રિયમ્॥17॥

યદુઓના સમૂહનો દ્રોહ કરનારને હણીને હું તમારા ઘેર આર્ય સાથે આવીશ (અને) મિત્રોનું પ્રિય કરીશ. 17.

સંબંધ વિનાના(બેદરકાર)નું વચન નથી એમ જણાવવા પોતાનું ઇચ્છેલું કહે છે કે હું આવીશ, પરંતુ આર્ય સાથે આવીશ. હાલ જેઓ (અહિં) છે તે પૈકીના બલભદ્ર સાથે આવીશ. (બધાને આવવાની) પ્રાર્થના કરેલી છે તે પૂર્ણ થાય તે માટે ઉદ્ધવ (મારી) સાથે આવશે, એવો ભાવ છે.

'ત્યારે હમણાં જ (આપ અને બલભદ્ર) બે જ પધારો' એમ કહે, તેથી 'યદુઓના સમૂહનો દ્રોહ કરનારને હણીને' શબ્દો યોજેલા છે. બધાંએ યાદવોનો જે સમૂહ તેનો દ્રોહ કરનાર (જે) કંસ, તેને હણીને (આવીશ). જે થઈ ગએલ હોય તેવી રીતે (કંસને હણવાનું) કહેલ હોવાથી, (કંસને હણવાના વિષયમાં) સંદેહ પણ નથી. (તે સમયે) પ્રાર્થના કરેલી નહિ હોય છતાં આવીશ. '(મિત્રોનું પ્રિય) કરીશ' શબ્દથી આવવાનું પ્રયોજન સૂચવે છે. અહિં રહેલાઓ અને પાંડવો (એ) મિત્રોનું પ્રિય કરીશ. આથી એમ સૂચવ્યું છે કે તેઓ(પાંડવો)ના સુખ માટે તને (અક્રૂરને) મોકલીશ, અને તે માટે હું (તારા ઘેર) આવીશ1. 17.

1.આ સંબંધમાં 10।। થી 36 જુઓ.

એ પ્રમાણે (ભગવાનના) પધારવાનું નક્કી કરી, ભગવાનની આજ્ઞાથી (પોતાના) ઘેર ગયો એમ નીચેના શ્લોકમાં કહે છે:

॥શ્રીશુક ઉવાચ॥ શ્રીશુક કહે છે:

એવમુક્તો ભગવતા સોક્રૂરો વિમના ઇવ॥
પુરીં પ્રવિષ્ટ: કંસાય કર્માવેદ્ય ગૃહં યયૌ॥18॥

ભગવાને એમ કહેલો તે અક્રૂર નિરાશ થએલાના જેવો શહેરમાં ગયો (અને) કંસને (પોતાનું) કર્મ જણાવી ઘેર ગયો. 18.

અટકાવી ન શકાય તેવા સામર્થ્યવાળા ભગવાને એ પ્રમાણે આજ્ઞા કરેલો, હમણાં જ ઇચ્છેલું (ભગવાનને પોતાના ઘેર પધરાવવાનું) થયું નહિ તેથી નિરાશ થએલો (અક્રૂર શહેરમાં ગયો). ભવિષ્યમાં (પોતે ભગવાનનું) કામ પણ કરશે એમ જાણીને (નિરાશ થએલા) 'જેવો' થયો. તે પોતે પહેલાં જ શહેરમાં ગયો, (અને) 'ભગવાનને હું લાવ્યો છું' એવું પોતે કરેલું કર્મ કંસને જણાવીને ઘેર ગયો, એટલે તરત જ પોતાના ઘેર ગયો. 18.

એ પ્રમાણે પહેલાના સંબંધીઓનો1 નિરોધ જણાવી, પહેલાં પણ વાર્તાથી જ (મથુરાવાસીઓનો) નિરોધ કરાવી, સ્વરૂપથી પણ (તેઓનો) નિરોધ કરાવવા (ભગવાને) પોતે મથુરા જોઈ, એમ નીચેના શ્લોકમાં કહે છે:

અથપરાહ્ણે ભગવાન્ કૃષ્ણ: સંકર્ષણાન્વિત: ॥
મથુરાં પ્રાવિશદ્ ગોપૈર્દિદૃક્ષુ: પરિવારિત: ॥19॥

પછી દિવસના પાછલા ભાગમાં મથુરા જોવાની ઇચ્છાવાળા ભગવાન્ શ્રીકૃષ્ણ સંકર્ષણને સાથે લઈ, ગોપોથી વીંટાએલા (મથુરામાં) પધાર્યા. 19.

'પછી' એટલે જૂદા આરંભથી, મિત્ર બનેલા જ ગોપાલોની સાથે દિવસના પાછલા એટલે ત્રીજા ભાગમાં, જેમણે પોતાના સર્વ ધર્મો પ્રકટ કરેલા છે તેવા ભગવાન્, આ (કંસને હણવાનાં કાર્ય) માટે જ અવતરેલા શ્રીકૃષ્ણ, કંસને હણવા માટે પ્રયત્ન કરવો જોઈએ તેથી સંકર્ષણને સાથે લઈ, (મથુરામાં પધાર્યા). તેમ ન હોય (સંકર્ષણને સાથે લેવાના ન હોય) તો બંનેનો અવતાર ન થાત. આ (ગોપો) સાથે મેં આટલા સમય સુધી ક્રીડા કરી એમ જણાવવા, (પોતાની) શોભાને માટે, (પોતાના) મનમાં (કોઈ પ્રકારનો) ભય નથી એમ દર્શાવવા અને તેમને (ગોપોને) (પોતાનું) માહાત્મ્ય દર્શાવવા, 'ગોપોથી વીંટાએલા' થઈ, ભગવાને પોતાની નગરી મથુરામાં પ્રવેશ કર્યો. નજીકના અર્થમાં સાતમી વિભક્તિ2 યોજાએલ છે, (એટલે) નગરીના દ્વાર નજીક (ભગવાન્) પધાર્યા, એવો અર્થ છે. 19.

1.પહેલાંના એટલે વસુદેવ વિગેરેના સંબંધીઓ અક્રૂર પાંડવો વિગેરે. તેઓનો નિરોધ જણાવી, એવો અર્થ છે. અક્રૂરને પાંડવોના સુખ માટે મોકલ્યો, એટલે પાંડવોનો પણ માનસિક નિરોધ કહ્યો, એવો ભાવ છે. (લે). પહેલાના સંબંધીઓ એટલે ગોકુલમાં રહેનારાઓ. ગોપીઓ, ગાયો, ગોપો વિગેરેનો નિરોધ જણાવી, હવે મથુરાવાસીઓનો સ્વરૂપથી નિરોધ કરવા ભગવાન્ મથુરામાં પધારે છે. વાર્તાથી (પોતાના સંબંધી વાર્તા સંભળાવીને) તેઓનો નિરોધ

મથુરામાં પધાર્યા પહેલાં કરેલો છે, હવે શહેરમાં પધારી તેઓનો સ્વરૂપથી નિરોધ કરે છે, એવો અર્થ જણાય છે.

2.'વિશ્' ધાતુ હોય ત્યાં જેમાં પ્રવેશ કરવાનો હોય તેની બીજી વિભક્તિ યોજાય છે. અહિં પણ શ્લોકમાં 'મથુરામ્' શબ્દ બીજી વિભક્તિમાં જ છે. પરંતુ ભગવાને હજી મથુરાની અંદર પ્રવેશ કર્યો નથી, પરંતુ શહેરના દ્વાર નજીક જ પધાર્યાં છે. જેની નજીક જવામાં આવે, તેની સાતમી વિભક્તિ યોજાય. શહેરની નજીક જતાં જ શહેર પ્રથમ જોવામાં આવે. શહેર બહારથી જોવા માટે અંદર પ્રવેશ કરવાની આવશ્યકતા નથી. તેથી 'મથુરાં' શબ્દ 'દિદૃક્ષુ:' સાથે લીધો છે, અને અહિં એ શબ્દ સાતમી વિભક્તિમાં યોજાએલો અધ્યાહાર આચાર્યશ્રીએ માન્યો હશે એમ જણાય છે. કારણ કે અહિં માત્ર શહેર જોયાનું જ કહે છે, પ્રવેશ ચોવીસમા શ્લોકમાં કહેશે.

પછી ભગવાને (નગરીને) જોઈ, એમ નીચેના શ્લોકમાં કહે છે:

ददर्श तां स्फाटिकतुङ्गगोपुरद्वारां बृहद्धेमकपाटतोरणाम्॥
ताम्रारकोष्ठां परिखादुरासदामुद्यानरम्योपवनोपशोभिताम्॥20॥

સ્ફાટિકના ઉંચાં મંદિરોનાં અને શહેરનાં બારણાંઓવાળી, મોટાં સુવર્ણના કમાડો અને તોરણોવાળી, તાંબાની વંડીઓ અને કોઠારોવાળી, ખાઈને લીધે પાસે જઈ ન શકાય તેવી, બગીચાઓથી રમણીય અને વાડીઓથી નજીકમાં શોભતી તે(નગરી)ને (ભગવાને) જોઈ. 20.

ભગવાને જોએલી ચાર પુરુષાર્થોથી ભરપૂર નગરીનું (અહિંથી) ચાર શ્લોકોથી વર્ણન કરે છે:

स्वरूपतो द्रव्यतश्च वैचित्र्येणाप्यनुत्तमाम्॥
अलंकृतां साम्प्रतं तु भगवद्दर्शनार्थिभि: ॥का.7॥

1.સ્વરૂપથી (20), 2.દ્રવ્યથી (21), અને વિચિત્રપણાંને લીધે પણ સર્વથી ઉત્તમ (22), અને હમણાં તો ભગવાનનાં દર્શન કરવા ઇચ્છનારાઓએ શણગારેલી (23) (નગરી ભગવાને જોઈ). કા.7.

તે મથુરાને (ભગવાને) પોતાની દૃષ્ટિથી જ સંતોષ પ્રાપ્ત કરાવ્યો. સ્ફાટિકનાં ઉંચાં મંદિરોનાં અને શહેરનાં બારણાંઓ જેમાં હતાં તેવી, બારણાં વિગેરેમાં મોટાં સુવર્ણનાં કમાડો અને તોરણો જેમાં હતાં તેવી, તાંબાની બનાવેલી વંડીઓ અને 'કોષ્ઠાનિ' વખારો જેની હતી તેવી, (તે નગરી ભગવાને જોઈ). કેટલાક તો 'આર' (વંડી) શબ્દનો અર્થ પિત્તળ કહે છે. (તે અર્થ પ્રમાણે) તાંબાની બનાવેલી અને પિત્તળની બનાવેલી વખારો જેમાં હતી તેવી, 'પરિખા' એટલે ચારે તરફ ખાઈ, તેને લીધે પાસે ન જઈ શકાય તેવી (નગરી ભગવાને જોઈ). યમુના તો (નગરીથી) દૂર હતી, એટલે ખાઈ હોવામાં કાંઈ અડચણ ન હતી. 'ઉદ્યાનાનિ' એટલે જેમાં પુષ્પો મુખ્ય હોય તેવા બગીચાઓ, તેમનાથી રમણીય અને જેમાં ફલ મુખ્ય હોય તેવી વાડીઓથી નજીકમાં શોભતી (તે નગરી ભગવાને જોઈ).

દ્વારપ્રાકારપરિખાફલપુષ્પૈ: સુશોભિતા॥
પઞ્ચધા નગરી રમ્યા સાલઙ્કારા ચ રૂપિતા॥કા.8॥

(1)બારણાંઓ, (2)વખારો, (3)ખાઈ, (4)ફલ અને (5)ફૂલોથી પાંચ પ્રકારે સારી રીતે શોભાવાળી, રમણીય અને અલંકારવાળી નગરી વર્ણવેલી છે. કા. 8. 20.

બહારની શોભા વર્ણવી, નીચેના શ્લોકમાં અંદરની શોભા જણાવે છે:

સૌવર્ણશ્રૃઙ્ગાટકહર્મ્યનિષ્કુટૈ: શ્રેણીસભાભિર્ભવનૈરુપસ્કૃતામ્॥
વૈડૂર્યવજ્રામલનીલવિદ્રુમૈર્મુક્તાહરિદ્ભિર્વલભીષુ વેદિષુ॥21॥

સુવર્ણના વિસામાઓ, હવેલીઓ અને જડેલી ભૂમિથી શોભાવેલી, ચૌટાં, સભાઓ અને મકાનોથી શોભાવેલી; બાંકડાઓમાં અને ઓટલાઓમાં વૈદૂર્ય, હીરા, સ્ફાટિક, નીલમણિ, અને પરવાળાંથી, મોતીઓ અને લીલાં મણિઓથી શોભાવેલી (નગરીને ભગવાને) જોઈ. 21.

સુવર્ણના બનાવેલા વિસામાઓ વિગેરે (હતા); તેઓથી શોભાવેલી (નગરી જોઈ), એવો (અર્થ છે). વિસામો એટલે શહેરની અંદર ચાર રસ્તા મળે તે સ્થલે બનાવેલ વિશ્રામ લેવાનું સ્થાન. હવેલીઓ એટલે ધનવાનોનાં ઘરો. 'નિષ્કુટં' એટલે જડેલી ભૂમિ. ચૌટું એટલે એક (જ) કલા ઉપર આજીવિકા કરનારાઓએ ખરીદવાનું તથા વેચવાનું સ્થાન. સભાઓ એટલે માણસોને બેસવાનાં સ્થાનો. મકાનો એટલે બધાએ(પુરુષો)નાં ઘરો. (આ) બધાએ સુવર્ણના બનાવેલાં હોવાથી કોઈ પણ સ્થલ શોભા વિનાનું ન હતું. વૈડૂર્ય વિગેરે મણિઓ (છે), તેઓથી શોભાવેલી (નગરી જોઈ). 'વજ્ર:' એટલે હીરો. 'અમલા:' એટલે સ્ફાટિક (મણિઓ). 'નીલ:' એટલે નીલમણિ, 'વિદ્રુમ:' એટલે પરવાળું. મોતીઓ અને લીલાં મણિઓ. પહેલાં કહેલાં (ચૌટાં વિગેરે) અને બાંકડા વિગેરે આ(મણિઓ)ના બનાવેલા હતા. બારણાંઓની આગળ બેસવા માટે વાંકા લાકડાના બનાવેલાં હોય તે બાંકડાઓ. ઓટલાઓ એટલે બેસવાની ઉંચી જગ્યાઓ. તેઓમાં વૈડૂર્ય વિગેરેથી શોભાવેલી, એવો (વાક્યનો) સંબંધ છે. 21.

જુષ્ટેષુ જાલામુખરન્ધ્રકુટ્ટિમેષ્વાવિષ્ટપારાવતબર્હિનાદિતામ્॥
સંસિક્તરથ્યાપણમાર્ગચત્વરાં પ્રકીર્ણમાલ્યાંકુરલાજતણ્ડુલામ્॥22॥

(તેઓથી) જડાએલી જાલીઓના છિદ્રો મધ્યેની ભૂમિમાં બેઠેલાં કબૂતરો અને મયૂરોએ (પોતાના) અવાજથી ગજાવેલી, સારી રીતે છંટકાવ કરેલા રાજમાર્ગો, બજારો રસ્તાઓ અને આંગણાંઓવાળી, વેરાએલાં પુષ્પો, અંકુરો, ધાણી અને ચોખાવાળી (નગરી ભગવાને જોઈ). 22.

આગળ પણ તે(મણિઓ)થી જ 'જુષ્ટેષુ' જડેલી 'જાલામુખરન્ધ્રકુટ્ટિમેષુ' જાળીઆંઓના છિદ્રોની વચ્ચે રહેલી ભૂમિમાં બેઠેલાં (હતાં) જે કબૂતરો અને મયૂરો, તેઓના અવાજથી ગાજતી (નગરી ભગવાને જોઈ).

એ પ્રમાણે (નગરીના) ઉપલા ભાગનાં સૌંદર્યનું વર્ણન કરી ઉત્તરાર્ધથી માર્ગો વિગેરેનું સૌંદર્ય જણાવે છે. સારી રીતે છંટકાવ કરેલા છે રાજમાર્ગો વિગેરે જેમાં તેવી (નગરી ભગવાને જોઈ). 'રથ્યા' એટલે રાજમાર્ગ. બજારો એટલે વેપાર કરવાના રસ્તાઓ. માર્ગો એટલે બીજા (માર્ગો). 'ચત્વારાણિ' એટલે આંગણાંઓ. વેરાએલાં છે સર્વ સ્થલે 'માલ્યાનિ' પુષ્પો, અંકુરો એટલે જવના અંકુરો, 'લાજા:' શેકેલાં ધાન્યો (ધાણી) અને ચોખા (જેમાં તેવી નગરી ભગવાને જોઈ). ભગવાન્ પધારવાના છે તેથી મંગલ થાય તે માટે આ (પુષ્પો વિગેરે) વેરેલાં છે. 22.

આપૂર્ણકુમ્ભૈર્દધિચન્દનોક્ષિતૈ: પ્રસૂનદીપાવલિભિ: સપલ્લવૈ:॥
સવૃન્દરમ્ભાક્રમુકૈ: સકેતુભિ: સ્વલંકૃતદ્વારગૃહાં સપટ્ટિકૈ:॥23॥

દહીં અને ચંદન છાંટેલા પૂરા ભરેલ કુંભોથી, પલ્લવોવાળાં પુષ્પો અને આરતીઓથી, રેશમી વસ્ત્રોવાળી અને ધજાઓવાળી ફલવાળી કેળો અને સોપારીનાં છોડોથી જેની અંદરનાં બારણાં અને ઘરો સારી રીતે શણગારેલાં હતાં તેવી (નગરી ભગવાને જોઈ). 23.

દહીં અને ચંદન છાંટેલા 'આ' સર્વ બાજુએ પૂરા ભરેલ કુંભોથી (શણગારેલી), એટલે દહીં સહિત ચંદન જેના ઉપર છાંટવામાં આવેલ તેવા પૂરા ભરેલા કુંભોવાળી (નગરી જોઈ). પુષ્પો અને દીવાની હારો એટલે આરતીઓ, આ પલ્લવોવાળાં હતાં. 'સવૃન્દા:' ફલવાળી 'રમ્ભા:' કેળો અને 'ક્રમુકા:' સોપારીનાં છોડો ધજાવાળાં હતાં, તેમનાથી જેની અંદરનાં બારણાં અને ઘરો સારી રીતે શણગારેલાં હતાં તેવી (નગરી ભગવાને જોઈ). કેળો વિગેરે રેશમીવસ્ત્રોવાળાં હતાં અહિં એવી (નીચે પ્રમાણે) પ્રક્રિયા છે કે દ્વારની બંને બાજુએ બે કુંભો, તેમના ઉપર દહીંથી ભરેલું ઠામ, તેની પાસે, દીવા, કેળ, સોપારીનો છોડ, ધજાઓ અને પતાકાઓ અને ચંદ્રના જેવા રંગવાળા ચંદ્રના જેવા આકારવાળા અરીસાઓ મહોત્સવમાં સર્વ સ્થલે કરવામાં (રાખવામાં) આવે છે. 23.

એ પ્રમાણે નગરીનું વર્ણન કરી, નીચેના શ્લોકમાં (શ્રીકૃષ્ણ અને સંકર્ષણે) તેમાં પ્રવેશ કર્યો એમ કહે છે:

તાં સંપ્રવિષ્ટૌ વસુદેવનન્દનૌ વૃતૌ વયસ્યૈર્નરદેવવર્ત્મના॥
દ્રષ્ટું સમીયુસ્ત્વરિતા: પુરસ્ત્રિયો હર્મ્યાણિ ચૈવારુરુહુર્નૃપોત્સુકા:॥24॥

તેમાં પ્રવેશ કરેલા મિત્રોથી વીંટાએલા, રાજમાર્ગ ઉપર (જતા) વસુદેવના બે પુત્રોનાં દર્શન કરવા શહેરની સ્ત્રીઓ ઉતાવળી સામી આવી, અને હે નૃપ! આતુર થઈ હવેલીઓ ઉપર જ ચઢી. 24.

સર્વને ભગવાનનાં દર્શન થાય તે માટે જ તે પ્રમાણે કરેલું (શહેરને શણગારેલું) હોવાથી, જેઓને બહાર આવી દર્શન કરવાનું સંભવે તેવા(પુરુષો)નું વર્ણન ન કરતાં, જેઓને

તેવી રીતે દર્શન કરવાનું સંભવે નહિ, તેઓનો (દર્શન માટે) અધિક ઉદ્યોગ ઉત્તરાર્ધમાં કહે છે. નગરીમાં પ્રવેશ કરેલા, ગોપાલોથી વીંટાએલા, 'નરદેવવર્ત્મના' રાજમાર્ગ ઉપર ભેગા જતા વસુદેવના બે પુત્રોનાં દર્શન કરવા, શહેરની સ્ત્રીઓ 'સમીયુ:' સારી રીતે એટલે સામાં મુખ રાખીને આવી. જે શહેરની સ્ત્રીઓ સાધારણ (સ્થિતિની) હતી, જેઓ દૂર રહેલી હતી અને જેઓ (ઘરની) બહાર નીકળવા સમર્થ ન હતી તેઓ હવેલીઓ એટલે ઉંચાં મકાનો ઉપર ચઢી. 'ચ' 'અને' શબ્દથી એમ (જણાવ્યું છે કે) જેના ઉપર રહીને દર્શન કરી શકે તેવાં જ (મકાનો) ઉપર ચઢી. રાજા (શહેરમાં) જાય ત્યારે પણ (સ્ત્રીઓ) એમ કરે છે એમ જણાવવા 'હે નૃપ!' એવું સંબોધન કરેલું છે. (રાજા કરતાં) ભગવાનમાં રહેલ ઉત્તમપણું 'આતુર થઈ' શબ્દથી (જણાવેલું છે). 24.

નીચેના શ્લોકમાં તેઓની આતુરતાનું વર્ણન કરતાં, (તેમણે કરેલ) વસ્ત્રો અને આભરણોનો ગુંચવાડો જણાવે છે:

કાશ્ચિદ્ વિપર્યગ્ધૃતવસ્ત્રભૂષણા વિસ્મૃત્ય ચૈકં યુગલેષ્વથાપરા: ॥
કૃતૈકપત્રશ્રવણૈકનૂપુરા નાંકત્વા દ્વિતીયં ત્વપરા: સ્વલોચનમ્॥25॥

કેટલીક ઊંધી રીતે વસ્ત્રો અને ભૂષણો ધારણ કરેલી અને બે માંથી એક (આભરણ) વિસરીને (આવી), તેમ જ બીજીઓ કાનમાં એક જ એરીંગ અથવા એક જ ઝાંઝર પહેરેલી (આવી) અને બીજીઓ તો પોતાનું બીજું લોચન આંજ્યા વિના (આવી). 25.

(સ્ત્રીઓનો) ભગવાનમાં ઘણો ભાવ છે. તેમ ન હોય તો (આ) લૌકિકી ભાષા જ થાય (ગણાય). કેટલીક સ્ત્રીઓ 'વિર્પયક્' ઊંધી રીતે ધારણ કરેલાં છે વસ્ત્રો અને આભરણો જેઓએ તેવી (આવી). ચરણનું આભરણ હાથ ઉપર, અને નીચેનાં (શરીરના નીચેના ભાગનાં ઘાઘરો વિગેરે) વસ્ત્રો ઉપર(ના ભાગમાં ધારણ કરી આવી). એ પ્રમાણે સર્વત્ર (શરીરના સર્વ ભાગો વિષે સમજવું). વળી (વસ્ત્રો અને આભરણો) માત્ર ઊંધા ધારણ કર્યાં એટલું જ નહિ, પરંતુ બે(જોડી)માંથી એક ભૂલીને, એટલે એક જ આભરણ ધારણ કરીને ગઈ (આવી). તેમ જ જેમણે ઊંધાં (આભરણો) ધારણ કરેલાં હતાં તેઓમાંની 'અપરા:' બીજીઓ (કાનમાં એક જ એરીંગ અથવા એક જ ઝાંઝર પહેરેલી આવી). તેમાં પહેલાં જેઓનું વર્ણન કર્યું તેઓના કરતાં પણ આ ઉત્તમ હતી એવો (અર્થ છે). જોડીનાં આભરણો પૈકી હાથના કડાં વિગેરે પણ એક પણ પહેરી શકાય છે, પરંતુ જ્યાં બે જ ધારણ કરવાં જોઈએ અને એક ધારણ ન કરાય, એક ધારણ કરવું એ સર્વ પ્રકારે નિંદિત (ગણાય), તેવું પણ તેઓએ કર્યું એમ 'કાનમાં એક જ એરીંગ અથવા એક જ ઝાંઝર પહેરેલી' શબ્દથી કહેલ છે. 'કૃતં' પહેરેલું છે 'એકં' એક જ 'પત્રં' એરીંગ 'શ્રવણે' કાન ઉપર જેઓએ, અથવા એક જ ઝાંઝર કાન ઉપર અથવા પગ ઉપર પહેરેલું છે જેમણે તેવી અને તેવી (તેઓ આવી). વળી બીજીઓ બીજું લોચન આંજ્યા વિના (ભગવાનનાં) દર્શન કરવા આવી (શ્રલોક 24) એવો સંબંધ છે. 'તુ' 'તો' શબ્દ બીજીનો અર્થ જણાવવા યોજેલો છે. 'પોતાનું (બીજું) લોચન (આંજ્યા વિના)' એમ હોવાથી ('તુ' શબ્દને લીધે) બીજીનું (બીજું) લોચન પણ

(આંજ્યા વિના આવી) એવો અર્થ થાય છે. બીજાં(લોચન)માં મેશ આપવા (આંજવા) જતાં, વચમાંથી તેવી જ સ્થિતિમાં (ઉઠી) ગઈ એવો (અર્થ છે). 25.

નીચેના શ્લોકમાં તેઓને ક્રિયામાં આસક્તિ ન હતી એમ જણાવે છે:

અશ્નન્ત્ય એકાસ્તપાસ્ય સોત્સવા અભ્યજ્યમાના અકૃતોપમજ્જના: ॥
સ્વપન્ત્ય ઉત્થાય નિશમ્ય નિ:સ્વનં પ્રપાયયન્ત્યોર્ભમપોહ્ય માતર: ॥26॥

કેટલીક ભોજન કરતી તે તજી ઉલ્લાસવાળી થઈ (આવી), તેલ ચોળેલીઓ સ્નાન કર્યા વિના (આવી;) ઉંઘતીઓ ઉઠીને અવાજ સાંભળીને (આવી); બાળકને ધવરાવતી માતાઓ બાળકને તજીને (આવી). 26.

(ભોજન કરતી) તે એટલે ભોજનનું કર્મ અથવા અન્ન (તજી આવી). (ભગવાનનાં દર્શન કરવાનાં પ્રયોજન વિના) બીજા પ્રકારથી પણ (ભોજનનો) ત્યાગ થાય, તેથી તેવી રીતે (બીજા પ્રકારથી) ત્યાગ કર્યો ન હતો એમ જણાવવા 'સોત્સવા:' એટલે 'ઉલ્લાસવાળી થઈ' પદ યોજેલું છે. વળી બીજીઓ 'અભ્યજ્યમાના:' એટલે આખા શરીર પર તેલ ચોળેલીઓ અથવા માથામાં તેલ નાખેલીઓ 'અકૃતોપમજ્જના:' સ્નાન કર્યા વિના જ ગઈ (આવી). વળી બીજી ઉંઘતીઓ ઉઠીને 'ભગવાન્ પધાર્યા છે' એવો કોલાહલ સાંભળીને, તેની તે જ સ્થિતિમાં દેહનો વિચાર કર્યા વિના આવી. વળી બીજી જે ધાવો ન હતી (પણ) માતાઓ હતી, અને સાક્ષાત્ પોતે જણેલાં જ બાલકોને ધવરાવતી હતી, તેઓ 'અર્ભં' ઘણાં જ નાનાં બાલકને પણ 'અપોહ્ય' તજીને ત્વરાથી આવી (શ્લોક 24) એવો (વાક્યનો) સંબંધ છે. 26.

ભગવાનનાં દર્શન માટે એવી રીતે સર્વ(સ્ત્રીઓ)નાં પ્રપંચના વિસ્મરણનું નિરૂપણ કરી, પછી પ્રપંચરહિત થએલી તેઓની પોતામાં (ભગવાનમાં) આસક્તિ થાય તે માટે ભગવાનનું (ભગવાને કરેલ) ચરિત્ર નીચેના શ્લોકમાં કહે છે:

મનાંસિ તાસામરવિન્દલોચન: પ્રગલ્ભલીલાહસિતાવલોકનૈ: ॥
જહાર મત્તદ્વિરદેન્દ્રવિક્રમો દૃશાં દદચ્છ્રીરમણાત્મનોત્સવમ્॥27॥

કમલ જેવાં નયનોવાળા, મત્ત ઉત્તમ હાથીના જેવા પરાક્રમવાળા (ભગવાને) (તેઓનાં) ચક્ષુઓને લક્ષ્મીનાં રમણના રૂપથી ઉત્સવ આપતાં (કરાવતાં), સ્વચ્છંદ લીલા સૂચવનાર હાસ્યવાળી દૃષ્ટિઓથી તેઓનાં મનોને હર્યાં. 27.

તેઓનું એટલે ઉપર વર્ણન કરેલી(સ્ત્રીઓ)નું મન જો ભગવદીય થાય, તો (તેઓની) પોતામાં (ભગવાનમાં) આસક્તિ થઈ જ જાય, કારણ કે સંસારનું મૂલ મન છે. મન વશ કરવાનું બે પ્રકારે થાય. (1)જેમ ઉત્તમ પદાર્થમાં (મન ચોંટે છે) તેમ વસ્તુના સામર્થ્યને લીધે મન જ વશ થાય અને (2)જેમ મંત્રો વિગેરેથી (મન વશ થાય છે તેમ) મોહ ઉત્પન્ન કરનાર પોતાના ગુણોથી (મન વશ થાય). તે પૈકી (1) (ભગવાનને) 'અરવિન્દલોચન:' 'કમલ જેવાં નયનોવાળા' કહી (તેમનાં) સ્વરૂપનું સૌંદર્ય અને સર્વ તાપોનો નાશ કરનાર તરીકે ઉપકાર કરનાર તરીકે (તેમને) જણાવેલા છે. (2)સ્વચ્છંદ જે લીલા, તેને સૂચવનારું જે હાસ્ય, તેવાં 'હાસ્યવાળી દૃષ્ટિઓ' શબ્દથી (તેમના) મોહ કરનારા ગુણો કહે છે, કારણ કે ઘણાં પ્રેમવાળા

(જાર)નું હાસ્ય અને દૃષ્ટિ તેવી (પ્રેમની) ચેષ્ટા સૂચવનારાં હોય છે, અને તેઓ શહેરની સ્ત્રીઓ હોવાથી તે જાણે છે, અને તેનાથી જ ઘણો મોહ પામે છે. હાસ્ય મંત્ર જેવું છે અને દૃષ્ટિ (બંધન કરાવનાર) સાંકળ જેવી છે. જે(સ્ત્રી)નું મન જે પ્રકારથી (ભગવાનમાં) આવે (મોહ પામે) તેવાં જ ભગવાનનાં હાસ્ય અને દૃષ્ટિ (તે સ્ત્રી તરફ) થાય છે, એમ જણાવવા ('પ્રગલ્ભલીલાહસિતાવલોકનૈ:' શબ્દમાં) બહુવચન યોજેલું છે.

(ભગવાનમાં મન મોહ પામે) તેમાં નડનારી બુદ્ધિને દૂર કરવા 'મત્ત ઉત્તમ હાથીના જેવા પરાક્રમવાળા' શબ્દ યોજેલ છે. વૈદિકમાં તેઓ(સ્ત્રીઓ)નો અધિકાર નહિ હોવાથી, અને વિચાર કરતાં (ભગવાનમાં મન મોહ પામે તેમાં) દોષ નહિ હોવાથી, તેઓને તેમાં નડતર લૌકિક ભય છે. તે સંબંધમાં આ (ભગવાન્) 'મત્ત હાથી' જેવા છે. જેમ મદવાળો હાથી પોતાના કાર્ય માટે સર્વનો વિચાર નહિ કરતાં લૌકિક અને અલૌકિકક સાધનવાળો થાય છે (પોતાનું કાર્ય સાધે છે તેવા ભગવાન્ છે). (તેવો હાથી) પોતાની જાતનાઓ (બીજા હાથીઓને) પણ હરાવે છે એમ જણાવવા 'ઇન્દ્ર' 'ઉત્તમ' શબ્દ યોજેલો છે. તેને પણ સર્વ પ્રકારે કર્તવ્ય તરીકે રીવાજ અધિક (ઉત્તમ) હોય છે1 તેથી 'વિક્રમ' શબ્દ યોજેલો છે. તેથી આમને (ભગવાનને) અને આમનો આશ્રય કરવામાં તે(સ્ત્રી)ઓને કોઈ પ્રકારે ભય નથી, એમ સૂચવેલું છે.

'(સ્ત્રીઓની) અંદર રહેલાં મનને (તેઓની) દૃષ્ટિ દ્વારા ગ્રહણ કરવું જોઈએ, કારણ કે (ભગવાનનાં દર્શન કરવા તેઓ આવી) તે સમયે બીજી કોઈ તેઓની ઇન્દ્રિયની કાંઈ ક્રિયા થતી ન હતી. વળી દૃષ્ટિ ચંચલ છે, (અને) જો તે બીજે જાય તો તેની મારફત (મનને) ગ્રહણ કરવાનું કોઈ રીતે સંભવે નહિ. તેથી ખાતરીપૂર્વક (ભગવાને તેઓનાં મન) હર્યાં એમ કેમ કહી શકાય?' એવી શંકા થાય, તેથી 'તેઓનાં ચક્ષુઓને 'શ્રીરમણાત્મના' લક્ષ્મીના રમણના રૂપથી ઉત્સવ આપતાં (કરાવતાં)' શબ્દો યોજેલા છે, કારણ કે ઉત્સવમાં જેની આસક્તિ હોય તેનું સર્વસ્વ લઈ લેવામાં આવે તો પણ તેને (ઉત્સવ સિવાય) બીજી કાંઈ પણ(વસ્તુ)નું ભાન રહેતું નથી. ચચંલ પદાર્થોમાં લક્ષ્મી ઉત્તમ સ્થિતિએ પહોંચેલી છે (સર્વથી વધારે ચંચલ છે), તેને પણ જ્યારે ભગવાન્ રમાડે છે અને (પોતાના સિવાય) બીજામાં આસક્તિ વગરની કરે છે, તો પછી બીજી(સ્ત્રી)ને તેવી કેમ ન કરે? તેથી તેઓનું મન (ભગવાન્) હરે તે નિ:શંક રીતે સિદ્ધ થાય છે. ('શ્રીરમણાત્મના' શબ્દ પૈકીના) 'આત્મન્' 'રૂપ' પદથી એમ સૂચવ્યું છે કે (તેઓની દૃષ્ટિઓ) તેમનામાં (ભગવાનમાં) આસક્તિવાળી રહે એ આવશ્યક હતું. (તેઓ પોતાની દૃષ્ટિ બીજે નાખી શકતી જ નહિ). 27.

1.હાથીઓમાં પણ જે સર્વથી બલવાન હોય તે હાથણીઓ સાથે વિલાસ કરે, એવો નિયમ (રીવાજ) હોય છે, એવો અર્થ જણાય છે.

'ક્લેશ વિના કર્મ કરનારા ભગવાને તેમનું મન કેવી રીતે હર્યું?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

દૃષ્ટ્વા મુહુ: શ્રુતમનુદ્ભુતચેતસસ્તં તત્પ્રેક્ષણોત્સ્મિતસુધોક્ષણલબ્ધમાના: ॥

આનન્દમૂર્તિમુપગુહ્ય દૃશાત્મલબ્ધં હૃષ્યત્ત્વચો જહુરનન્તમરિન્દમાધિમ્॥28॥

હે અરિને દમનાર! વારંવાર શ્રવણ કરેલા(ભગવાન)નાં દર્શન કરીને તેમની પાછળ દોડેલા ચિત્તવાળી, તેમની દૃષ્ટિ અને ઉંચાં (પ્રકારના) હાસ્યરૂપ અમૃતના સિંચનથી માન પામેલી, દૃષ્ટિથી પોતાની અંદર પ્રાપ્ત કરેલ આનંદમૂર્તિવાળાનું આલિંગન કરી, રોમાંચવાળી થઈ, તેઓએ મનની અનંત પીડા તજી. 28.

(ભગવાને પોતાનાં) કાર્યો સહિત પોતાને તેઓને આપીને, તેઓનું મન હર્યું. ભગવાનના સ્વરૂપનું તેઓએ જે પ્રકારે ગ્રહણ કર્યું તે પ્રકાર આ શ્લોકમાં કહે છે.

પહેલાં 'મુહુ:' વારંવાર જે ભગવાનનું શ્રવણ કરેલું તે ભગવાનનાં આ સમયે દર્શન કર્યાં. તેથી પ્રથમ ચક્ષુઓની પ્રીતિ કહેલી છે1. શ્રવણ (કર્યા) વિના પ્રીતિ થતી નથી, કારણ કે તેમ (શ્રવણ કરેલું) ન હાય2 તો અદ્ભુતરસ જ ઉત્પન્ન થાય, પ્રીતિ ન થાય. સર્વ કરતાં અધિક પ્રીતિ થાય તે માટે વારંવાર શ્રવણ(કરવા)ની જરુર રહે છે.

પછી તેઓનું ચિત્ત સંગ (સંસારના બંધન) વિનાનું થયું એમ '(તેમની) પાછળ દોડેલા ચિત્તવાળી' શબ્દથી કહે છે. (ભગવાનનાં) દર્શન થયા પછી (તેમની પાછળ) દોડેલું છે ચિત્ત જેઓનું તેવી (તેઓ થઈ). તેથી જ સ્વભાવ વિગેરેએ પકડી રાખવા છતાં તે (ઝાલ્યું) રહ્યું નહિ. 'તેમની' એટલે જેમણે મન હરેલું તેમની (પાછળ દોડ્યું). તેથી મન પણ ચિત્તને રોકી રાખનારું ન હતું, ઉલટું તેને અનુકૂલ જ થયું હતું, એમ (કહેલું છે).

એમ હોય તો પણ (ભગવાનથી) નહિ સ્વીકારાએલી તેઓ મોટા (ભગવાન)ને ગ્રહણ કરવા સમર્થ ન થાય, તેથી ભગવાને કરેલ સ્વીકાર (આપેલ માન) કહે છે. તેમની (ભગવાનની) દૃષ્ટિપૂર્વક જે 'ઉત્સ્મિતમ્' ઊંચા (પ્રકારનું) (એટલે) બધા પ્રપંચ કરતાં અધિક રસવાળું અને તે(બધા પ્રપંચ)નું વિસ્મરણ કરાવનારું જે હાસ્ય, તે જ અમૃત (હતું). મીઠું લાગે તે માટે હાસ્ય અને અલૌકિક ભાવ થાય તે માટે દૃષ્ટિ, એમ બંને ભેગાં થઈ અમૃત તુલ્ય થાય છે. ચાલતા વિષયને ઉપયોગી હોવાથી, મળતા આવતા (પદાર્થો) સાથે પણ સરખામણી કરવામાં આવે છે3. તે(અમૃત)થી જે 'ઉક્ષણં' સિંચન, તેનાથી પ્રાપ્ત કરેલું છે માન (સ્વીકાર) જેઓએ (તેવી તેઓ હતી), કારણ કે તેઓ લતાઓ જેવી હતી, અને (તેમના પર) અમૃતનું સિંચન થતાં ભગવાનને પણ આનંદરૂપ ફલ આપવાની હતી. પછી (ભગવાનથી) સન્માન (સ્વીકાર) પ્રાપ્ત કરી, આનંદનો અનુભવ કરવા યોગ્ય થઈ, અથવા પ્રેમરૂપ માન પ્રાપ્ત કરી, તે લઈ લેવા જાણે કે પધારેલ હોય તેવા, આનંદરૂપ મૂર્તિ છે જેમની તેવા હોવાથી સ્વત:પુરુષાર્થરૂપ ભગવાનને 'ઉપગુહ્ય' (પોતાના દેહની) અંદર આત્માથી અને ચિત્તથી આલિંગન કરી, (દેહની) અંદર આનંદથી ભરપૂર થઈ. 'દૃષ્ટિથી પોતાની અંદર પ્રાપ્ત કરેલ' શબ્દોથી ભગવાન્ જે માર્ગે (તેઓના દેહની) અંદર પધાર્યા તે માર્ગ કહેલો છે. દૃષ્ટિ દ્વારા અને જ્ઞાન દ્વારા પોતાની અંદર પ્રાપ્ત કરેલ અથવા પોતાના આત્મા તરીકે4 પ્રાપ્ત કરેલ (ભગવાનને) આલિંગન કરી આનંદથી ભરપૂર થઈ.

પછી (દેહની) અંદર આનંદથી ભરપૂર થઈ, તેમણે બહાર પણ તે(આનંદ) ને પ્રકટ કર્યો એમ 'રોમાંચવાળી' શબ્દથી કહેલ છે. બધાએ અંગોમાં તેઓ રોમાંચવાળી થઈ. પછી તેઓનો મનોરથ પૂરો થયો એમ 'મનની અનંત પીડા તજી' શબ્દોથી કહેલ છે. 'અમને ભગવાન્ મળ્યા નથી' એવી મનની પીડા પહેલાં તેઓને રહેતી. ભગવાન્ મળ્યા પછી પણ 'ભગવાન્ સદાને માટે મળ્યા છે' એમ જ્યાં સુધી જાણવામાં ન આવે, અથવા જ્યાં સુધી (ભગવાન્ પોતાની) અંદર પ્રવેશ કરીને સ્થિર ન થાય, ત્યાં સુધી ભૂતકાલમાં (ભગવાનનો સંબંધ ન હતો) અને ભવિષ્યકાલમાં ભગવાનનો સંબંધ નહિ રહે એવી ચિંતા મટતી નથી; તેથી હમણાં ભગવાને (પોતાની) અંદર પ્રવેશ કરેલો હોવાથી, તેમના(ભગવાન)થી જ તેઓ ભરપૂર થઈ, (અને) મનની પીડા માટે (પોતાની અંદર) સ્થાન ન રહેવાથી તે(પીડા)ને તજી. એમ ન હોય તો માત્ર એક ક્ષણ (ભગવાનનું) દર્શન થતાં, સદાનો મનોરથ સિદ્ધ ન થાય. લૌકિક અને અલૌકિક સરખાં હોવાને લીધે (આ) સ્ત્રીઓ અને પુરુષનો પ્રસંગ હોવાથી, (આ વિષયમાં) લૌકિક વિચાર (રાખવા)થી કામ વિગેરે (ઉત્પન્ન) થાય, તેથી તે (કામ વિગેરે) દૂર રહે (ન થાય) તે માટે 'અરીન્' કામ વિગેરે(શત્રુઓ)ને 'દમયતિ' જીતે તે 'અરિંદમ', એવું સંબોધન (રાજાનું કરેલું છે). 28.

1.'દૃષ્ટ્વા મુહુ: શ્રુતમ્' એમ શ્લોકમાં પ્રથમ દર્શન એટલે ચક્ષુઓની પ્રીતિ કહેલી છે.

2.જેનું પ્રથમ શ્રવણ કરવામાં આવ્યું ન હોય તેવો નવિન પદાર્થ પ્રથમ જોવામાં આવે તો આશ્ચર્ય જ થાય, પરંતુ તેના ઉપર પ્રેમ ન થાય.

3.ભગવાનની દૃષ્ટિ અને હાસ્ય અમૃત કરતાં પણ ઘણાં ઉત્તમ છે. અમૃત માત્ર તેમના જેવું છે. આ પ્રસંગમાં અમૃત માત્ર તેમને મળતું આવતું હોવાથી, પ્રસંગ સમજાય તે માટે અમૃત સાથે તેમને સરખાવવામાં આવે છે, એવો ભાવ જણાય છે.

4.દૃષ્ટિ દ્વારા ભગવાનને પોતાની (પોતાના દેહની) અંદર પ્રાપ્ત કરવામાં (પધરાવવામાં) આવે છે. દૃષ્ટિ જ્ઞાન ઉત્પન્ન કરનારી છે. જ્ઞાન દ્વારા ભગવાન્ પોતાના આત્મા છે એમ જાણવામાં આવે છે, એવો અર્થ જણાય છે.

જેઓનો મનોરથ પૂરો થએલ છે તેવી(સ્ત્રીઓ)એ પછી જે કાર્ય કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:

પ્રાસાદશિખરારૂઢા: પ્રીત્યોત્ફુલ્લદૃશોડબલા: ॥
અભ્યવર્ષન્ સૌમનસ્યૈ: પ્રમદા બલકેશવૌ॥29॥

હવેલીઓના શિખરો ઉપર ચઢેલી, પ્રેમને લીધે ઘણાં જ વિકસેલાં ચક્ષુઓવાળી ઘણા મદવાળી અબલાઓએ બલભદ્ર અને કેશવ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી. 29.

દેવોનું કાર્ય પુષ્પોની વૃષ્ટિ કરવાનું છે. આ (સ્ત્રીઓ) તો (પોતાની) અંદર અમૃતથી ભરપૂર થએલી હોવાથી દેવરૂપ થએલી. બહારથી પણ તેઓ દેવોના સરખી થએલી એમ (આ શ્લોકમાં જણાવેલ વિશેષણોથી) કહે છે. જાણે વિમાનોની અંદર બેઠેલી હોય નહિ, તેમ તેઓ 'હવેલીઓના શિખરો ઉપર ચઢેલી' હતી. (તેઓની) આંખો પલકારા વિનાની થઈ હતી

એમ 'પ્રેમને લીધે ઘણાં જ વિકસેલાં ચક્ષુઓવાળી' વિશેષણથી કહેલ છે. સ્નેહને લીધે તેઓ પલકારા વિનાનાં વિકસેલાં ચક્ષુઓવાળી જ રહેલી હતી. (તેઓ) અબલાઓ (હોવાથી) સ્વભાવથી જ સૌંદર્યવાળી અને તેથી સર્વ પ્રકારે દેવોની સમાન હતી. તેમણે 'સૌમનસ્યૈ:' ઉત્તમ પુષ્પોની વૃષ્ટિ કરી.

'પાસે રહેલી તેઓ ઘણાં પુષ્પોની વૃષ્ટિ કરતાં અપરાધ થવાની શંકાથી ભય કેમ ન પામી?' એવી શંકા થાય, તેથી 'ઘણા મદવાળી' શબ્દ યોજેલ છે. 'પ્રકૃષ્ટ:' ઘણો 'મદ:' કામરૂપ મદ છે જેઓમાં (તેવી થઈ). તેઓમાં કામ પ્રકટ થતાં તેઓ વિચાર વિનાની થઈ, એવો અર્થ છે.

વળી પુષ્પોની વૃષ્ટિથી ભગવાનને કાંઈ પણ અડચણ થઈ ન હતી, એમ જણાવવા તેમનાં નામ કહે છે. 'બલ:' એટલે બલભદ્ર. (તેમનામાં) ઘણું બલ હોવાથી જ (તેમને અડચણ થઈ ન હતી). કેશવ1 તો બ્રહ્મા અને ઈશ(શંકર)ને સુખ આપનાર હોવાથી, સદા પુષ્પોની વૃષ્ટિ અનુભવે છે. 'વ' પ્રત્યય 'વાળા'ના અર્થમાં લેવામાં આવે2 તો કેશો ઉપર સદા પુષ્પો રાખવામાં આવે છે, તેથી (પુષ્પોની વૃષ્ટિથી) કાંઈ અડચણ(થવા)નો ભય નથી. 29.

1.'ક' બ્રહ્મા+ 'ઈશ' શંકર તેઓને 'વ' એટલે અમૃત, અથવા સુખ આપે તે કેશવ. એ વ્યુત્પત્તિ પ્રમાણે આ અર્થ કરેલો છે.

2.કેશ+ 'વ' એટલે કેશવાળા. કેશ ઉપર સદા પુષ્પો રાખવામાં આવે છે, તેથી કેશવાળાને પુષ્પવૃષ્ટિ થવાથી અડચણ થતી નથી, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે સ્ત્રીઓએ કરેલાં સન્માનનું નિરૂપણ કરી, નીચેના શ્લોકમાં બ્રાહ્મણોના સંબંધવાળાં (બ્રાહ્મણોએ કરેલાં) સન્માનનું વર્ણન કરે છે:

દધ્યક્ષતૈ: સોદપાત્રૈ: સ્રગ્ગન્ધૈર્ભ્યુપાયનૈ: ॥
તાવાનર્ચુ: પ્રમુદિતાસ્તત્ર તત્ર દ્વિજાતય: ॥30॥

બ્રાહ્મણોએ (1)દહીં અને અક્ષતથી (2)જલવાળાં પાત્રોથી (3) માલાઓ અને સુગંધી દ્રવ્યોથી અને (4)ભેટોથી જુદેજુદે સ્થલે તે બેની પૂજા કરી અને આનંદ પામ્યા. 30.

લોકમાં સ્ત્રીઓ અને અલૌકિકમાં બ્રાહ્મણો એ બે જ જગતનું રત્ન છે. તેમનાથી શોભાવેલા (પૂજા કરેલા) ભગવાનનું નિરૂપણ કરવામાં આવે છે. (1) દેશના રિવાજને લીધે દહીં અને અક્ષત (રાખેલા), તેમનાથી પ્રથમ પૂજન (કર્યું). (2)પછી ચરણ પ્રક્ષાલન કરવા જલવાળાં પાત્રો (રાખેલાં). જલનો અનેક પ્રકારે ઉપયોગ થાય છે, તેથી બહુવચનથી જુદાંજુદાં પ્રકારનાં જલો જણાવેલાં છે. (3) પછી ઉત્તમ માલાઓ, (અને) પછી ચંદનની બનાવેલી અને ધૂપની બનાવેલી સુગંધ. (4)પછી મીઠાં અન્ન વિગેરેની અથવા ફલો વિગેરેની ભેટો. એવી રીતે ચાર પ્રકારનાં સાધનોથી (બ્રાહ્મણોએ) તે બલભદ્ર અને શ્રીકૃષ્ણની પૂજા કરી, (અને) પછી આનંદ પણ પામ્યા. બ્રાહ્મણોને અંતમાં પણ કોઈક પ્રસંગે જ સુખ થાય છે, તેથી સુખ પછી કહેલું છે. 'જુદે જુદે સ્થલે' શબ્દોથી બ્રાહ્મણોની ભીડ થઈ ન હતી એમ

કહેલું છે, અને (તેઓએ) વારા ફરતી પૂજા (કરી એમ) કહેલ છે. 'બ્રાહ્મણો' શબ્દથી (તે) સર્વ સામાન્ય રીતે પૂજા કરવા પ્રવૃત્ત થએલા, એમ તેઓનો પણ નિરોધ કહેલો છે. 30.

એ પ્રમાણે કાયાથી કરેલું અને મનથી કરેલું સન્માન કહી, નીચેના શ્લોકમાં વાણીથી કરેલું સન્માન જણાવે છે:

ઊચુ: પૌરા અહો ગોપ્યસ્તપ: કિમચરન્ મહત્॥
યા હ્યેતાવનુપશ્યન્તિ નરલોકમહોત્સવૌ॥31॥

પુરવાસીઓએ કહ્યું:-'અહો! ગોપીઓએ શું મોટું તપ કર્યું? કારણ કે તેઓ નરલોકમાં મહોત્સવરૂપ આં બેનાં દર્શન કર્યા કરે છે'. 31.

બધાએ પુરવાસીઓએ એકવાર ભગવાનનાં દર્શન કરી, અપાર આનંદનો અનુભવ કરી વિચાર કર્યો, (કે) જેઓ સદાએ ભગવાનનાં દર્શન કરે છે તેઓનું મોટું ભાગ્ય છે. તે ભાગ્યનું સ્મરણ કરી, આશ્ચર્યમાં ગરકાવ થઈ, તેઓએ 'અહો!' એમ કહ્યું. ભગવાનનાં દર્શન કરવાનું સ્ત્રીઓ જ જાણે છે, તેથી 'ગોપીઓએ શું તપ કર્યું?' શબ્દોથી તેઓની પ્રશંસા કરેલી છે. તપથી જ સર્વ પ્રાપ્ત થાય છે એમ જાણવામાં આવતાં, આપણે પણ તે (તેવું તપ) કરવું જોઈએ એમ (વિચારી તેઓએ તે પ્રમાણે કહ્યું). જ્યારે સાધન (કરવા) માટે પણ ત્યાં (પુરમાં) રહેનારાઓની ઇચ્છા થઈ, ત્યારે ફલનું તો કહેવું જ શું? એવો ભાવ છે. 'નરલોકમાં મહોત્સવરૂપ' શબ્દથી ભગવાનનાં દર્શનનું ઉત્તમપણું કહેલું છે. ઉત્સવ કદાચ જ થાય છે, મહોત્સવ તો તેથી પણ દુર્લભ છે, (અને) તેમાં પણ સર્વનો ઉત્સવ ઘણો દુર્લભ છે. 'આ બે' શબ્દથી (બલભદ્ર અને શ્રીકૃષ્ણને) દેખાડીને, (તેઓ) અદ્ભુત હોવાનું પ્રમાણ જણાવેલું છે. 31.

એવી રીતે કાયા વાણી અને મનથી (ભગવાનનાં) સન્માનનું વર્ણન કરી, જેઓ સન્માન કરતા નથી અને જેઓ સન્માન કરે છે તે બંનેને (પ્રાપ્ત થતું) ફલ દર્શાવવા, નીચેના શ્લોકથી આરંભી સાત શ્લોકોથી હલકી જાતવાળાઓ (ભગવાનનું) અપમાન કરે ત્યારે (તેઓનો) નાશ થાય છે એમ જણાવે છે:

રજકં કઞ્ચિદાયાન્તં રઙ્કારં ગદાગ્રજ:॥
દૃષ્ટ્વાયાચત વાસાંસિ ધૌતાન્યત્યુત્તમાનિ ચ॥32॥

કોઈ રંગારા ધોબીને આવતો જોઈને, ગદાગ્રજે (તેની પાસે) ધોએલાં અને ઘણાં ઉત્તમ વસ્ત્રો માગ્યાં. 32.

હલકો (માણસ) ભગવાનની ગણના કરતો નથી એમ જણાવવા એ પ્રમાણે કથા (કહેલી છે). તેમ ન હોય (હલકો માણસ ભગવાનની ગણના કરતા હોય), તો ભગવાન્ (તેને) હલકો ન બનાવે. 'ધોબી અને મોચી...' વાક્ય પ્રમાણે અંત્યજોમાં ધોબી મુખ્ય છે. તેથી જ રામના અવતાર વખતે ધોબીએ અપમાનકારક વચન (કહ્યું હતું). તેથી જ આ જાત જ દુષ્ટ છે, અથવા તે (રામના અવતાર સમયે અપમાન-કારક વચન કહેનારો) આ હતો. 'કોઈ' એટલે આભરણવાળા ઉત્તમ વસ્ત્રવાળા મોટા (ધોબી)ને પોતાની સન્મુખ (આવતો જોઈ

વસ્ત્રો માગ્યાં). ધોબીઓ બે પ્રકારના હોય છે (1)માત્ર મેલ ધોનારા અને (2)રંગનારા. તે પૈકી આ રંગારો હતો એમ 'રંગારા' શબ્દથી કહેલું છે.

'ભગવાને એ પ્રમાણે રાજાનાં વસ્ત્રો કેમ માગ્યાં?' એવી શંકા થાય, તેથી 'ગદાગ્રજ' શબ્દ યોજેલો છે. ગદ રોહિણીનો બીજો પુત્ર (થએલ). તે ભવિષ્યમાં થવાનો (જન્મવાનો) છે. તેની પહેલાં ભગવાન્ પ્રકટ થએલા છે, અને તેને ઉત્પન્ન કરાવવાનો છે, તે (તેને ઉત્પન્ન કરાવવાનું) કંસનો વધ ન થાય ત્યાં સુધી બને નહિ, એટલે કંસને હણવામાં આવે ત્યારે તે વસ્ત્રો પોતાનાં (ભગવાનનાં) જ થાય છે. જેમ પુરવાસીઓ હણવા યોગ્ય ન હતા તેમ તેના (કંસના) નોકરો પણ હણવા યોગ્ય નથી કે કેમ? એવા (વિચારથી) તેનો મેળ કરાવવા, માગવાનું (કાર્ય) તો (ભગવાને) કરેલું. કેટલાક તો એમ કહે છે કે આ (રંગારો) ગદ થશે (અવતરશે) એવા વિચારથી તેને હણવા ભગવાને એમ કહ્યું (વસ્ત્રો માગ્યાં). તેના ઉપર (ભગવાનની) કૃપાદૃષ્ટિ પડી, તેથી તેનો ઉદ્ધાર કરવા (ભગવાને વસ્ત્રો) માગ્યાં, એમ 'જોઈને માગ્યાં' શબ્દોથી કહેલું છે.

'(ભગવાન પાસે) વસ્ત્રો હતાં, છતાં કેમ એ પ્રમાણે માગ્યાં?' એવી શંકા થાય, તેથી 'ધોએલાં (અને ઘણા ઉત્તમ)' શબ્દો કહેલા છે. (તેની પાસેનાં વસ્ત્રો) તરતનાં જ ધોએલાં અને સ્વરૂપથી પણ ઉત્તમ હતાં. 'ચ' 'અને' શબ્દથી (તે) ભાત ભાતનાં હતાં. (એમ કહેલું છે). 32.

નીચેના શ્લોકમાં (ભગવાને કરેલી વસ્ત્રોની) માગણી જ કહે છે:

દેહ્યાવયોઃ સમુચિતાન્યઙ્ગ વાસાંસિ ચાર્હતોઃ ॥
ભવિષ્યતિ પરં શ્રેયો દાતુસ્તે નાત્ર સંશયઃ ॥33॥

હે ભલા (માણસ)! અમો બે યોગ્ય(પુરુષો)ને યોગ્ય વસ્ત્રો આપ; અને (વસ્ત્રો) આપનારનું તારું ઘણું જ કલ્યાણ થશે, આ વિષયમાં સંશય નથી. 33.

ગોપાલોને (વસ્ત્રો) પછી આપવાનાં છે તેથી (માગણી) ઓછી કરવા માટે 'અમો બેને' જ એમ કહેલું છે. યોગ્ય (વસ્ત્રો) એટલે મને (શ્રીકૃષ્ણને) મુખ્યત્વે પીળાં અને બલભદ્રને મુખ્યત્વે શ્યામ (વસ્ત્રો). 'હે ભલા (પુરુષ)!' એ સંબોધન તે (ધોબીમાં) સ્નેહ સૂચવનારું અને (તેના ઉપર) હુમલો થવાનો નથી એમ જણાવનારું છે. વસ્ત્રો એટલે પહેરવા યોગ્ય (વસ્ત્રો). 'ચ' 'અને' શબ્દથી (એમ કહ્યું છે કે) જો તારી પાસે આભરણો હોય તો (તે આપ), અથવા ગોપાલોને પણ (વસ્ત્રો આપ).

'(તમને) ઓળખતો નથી' એમ કહે, તેથી 'યોગ્ય (પુરુષો)' શબ્દ યોજેલ છે. એમ બે ઉત્તમ વસ્ત્રો(પહેરવા)ને યોગ્ય છીએ. 'દાન કરવાથી શું (ફલ) થાય?' (એવી જિજ્ઞાસા થાય), તેથી 'ઘણું જ કલ્યાણ થશે' એમ કહેલું છે. બીજાઓને દાન આપવા કરતાં પણ મને દાન આપવાથી 'પરં' ઘણું જ કલ્યાણ થશે, પરંતુ તું આપીશ તો જ, પણ નહિ આપે તો નહિ (થાય). એમ (આવો અર્થ) ન હોય, તો ભગવાનનું વાક્ય ખોટું થાય. 'દાન કરવામાં આવે તો

પછી રાજા થવાય તો પણ બીજા દોષની1 શંકા રહેવાથી કલ્યાણ ન થાય' એવી શંકા 'આ વિષયમાં સંશય નથી' શબ્દોથી દૂર કરે છે. 33.

1.કંસનો નોકર હોઈ, તેનાં વસ્ત્રો બીજાને આપી દેવાથી જે દોષ થાય તેવા દોષની, એવો અર્થ જણાય છે.

એવી રીતે (માગણી કરવાનું) વ્યવહારથી નક્કી થએલ હોવાથી, તેના ઉપર ઉપકાર કરવા માગણી કરવા છતાં, દુષ્ટે તે સ્વીકારી નહિ એમ નીચેના શ્લોકમાં કહે છે:

સ યાચિતો ભગવતા પરિપૂર્ણેન સર્વતઃ॥
સાક્ષેપં રુષિતઃ પ્રાહ ભૃત્યો રાજ્ઞઃ સુદુર્મદઃ॥34॥

સર્વ તરફથી પરિપૂર્ણ ભગવાને માગણી કરવા છતાં રાજાના ઘણા દુષ્ટ મદવાળા તે નોકરે ગુસ્સે થઈ તિરસ્કારપૂર્વક (નીચે પ્રમાણે) કહ્યું. 34.

'ભગવાન્' શબ્દથી (એમ જણાવ્યું છે કે) પોતાની પાસે (વસ્ત્રો) નહિ હોવાથી (તેમણે) માગણી કરી ન હતી.

'શક્તિવાળા પાસે પણ કોઈવાર (અમુક પદાર્થ) ન હોય' એવી શંકા થાય, તેથી 'સર્વ તરફથી પરિપૂર્ણ' વિશેષણ યોજેલું છે. (ભગવાન્ પાસે) સર્વ પ્રદેશોમાં અને સર્વ કાલમાં ચારે બાજુએ સર્વ દ્રવ્યો અને સર્વ ફલો સર્વ તરફથી ભરપૂર હોય છે. પછી તેવા(પુરુષ)ને વચનથી પણ યોગ્ય (ઉત્તર) આપવો જોઈએ છતાં તેણે તેવો ઉત્તર આપ્યો નહિ, એમ 'તિરસ્કારપૂર્વક' શબ્દથી કહેલું છે. 'તિરસ્કારપૂર્વક ગુસ્સે થઈ કહ્યું' શબ્દોથી તેના અંદરના અને બહારના દોષો જણાવેલા છે. રોષ અંદરનો (દોષ છે) (અને) તિરસ્કારપૂર્વક થાય એમ (ઉત્તર આપવો) એ બહારનો (દોષ છે). તે તેવો થવાનું કારણ 'રાજાનો નોકર' શબ્દોથી કહેલું છે. (તે) કંસનો નોકર હતો. 'ઘણા દુષ્ટ મદવાળો' શબ્દથી તે સ્વભાવથી પણ દુષ્ટ હતો એમ કહેલું છે. 'સુતરાં' ઘણો જ 'દુષ્ટઃ' દુષ્ટ 'મદઃ' મદ છે જેનો તેવો ('સુદુર્મદઃ') હતો. 34.

નીચેના શ્લોકમાં (તેણે કરેલ) તિરસ્કાર જણાવે છે:

ઈદૃશાન્યેવ વાસાંસિ નિત્યં ગિરિવનેચરાઃ॥
પરિધત્ત કિમુદ્ભૃત્તા રાજદ્રવ્યાણ્યભીપ્સથ॥35॥

હે પર્વત ઉપર અને વનમાં ફરનારા જંગલીઓ! તમે શું નિત્ય આવાં જ વસ્ત્રો પહેરો છો કે રાજાના દ્રવ્યોની ઇચ્છા કરો છો? 35.

જે સારાં વસ્ત્રો ધારણ કરે છે તે કોઈકવાર (વસ્ત્રો) ન હોય ત્યારે માગીને પણ ધારણ કરે છે, અથવા નાણાં આપીને (વેચાતાં લઈને) ધારણ કરે છે. તે પ્રમાણે તમે શું આવાં જ ઘણાં ઉજળાં (વસ્ત્રો) નિત્ય ધારણ કરો છો?

'તેવાં જ (ધારણ કરીએ છીએ)' એવો (ઉત્તર મળવાની) શંકા થતાં 'પર્વત ઉપર અને વનમાં ફરનારા' શબ્દ યોજેલો છે. જેઓ પર્વત ઉપર અને વનમાં ફરે છે તેઓ વસ્ત્રવાળા હોય તો પણ ખરાબ વસ્ત્રોવાળા જ હોય છે. જેઓ સદા પર્વત ઉપર અને વનમાં ફરનારા હોય છે તેઓએ ઉત્તમ વસ્ત્ર પહેરવાં વ્યર્થ જ છે.

‘નહિ પહેરેલાં એવાં (વસ્ત્રો) પણ (પહેરવાની) તીવ્ર ઇચ્છા થવાથી માગીએ છીએ’ એવી શંકા થાય, તેથી ‘જંગલીઓ’ શબ્દ યોજેલો છે. (પહેરવાની) તીવ્ર ઇચ્છાથી માગવામાં આવે તો પણ રાજાનાં (વસ્ત્રો) ન મગાય, પણ સાધારણ (વસ્ત્રો) જ મગાય, પરંતુ અસાધારણ (ઉત્તમ વસ્ત્રો) ન મગાય.

‘(રાજાના વસ્ત્રો ન મગાય) એવો કયો નિયમ છે?’ એવી શંકા થાય, તેથી કહે છે કે તમે શું જંગલી છો? જતી રહેલી છે મર્યાદારૂપ વર્તણુક જેઓમાંથી તેવા (છો)? અથવા આવું જંગલીપણું શા માટે આચરો છો કે જેથી રાજાનાં દ્રવ્યની ઇચ્છા કરો છો? કારણ કે મેં ધોએલાં વસ્ત્ર જેના મસ્તક ઉપર અભિષેક થએલો છે તેણે જ માત્ર ઉપભોગ કરવા યોગ્ય છે, અને તેની પણ તમે ઇચ્છા કરો છો. 35.

‘(અમને એવી) ખબર નહિ હોવાથી માગ્યાં’ એવો ઉત્તર આપે, તેથી નીચેનો શ્લોક કહે છે:

યાતાશુ બાલિશા મૈવં પ્રાર્થ્યં યદિ જિજીવિષા॥
બધ્નન્તિ ઘ્નન્તિ લુમ્પન્તિ દૃપ્તં રાજકુલાનિ વૈ॥36॥

હે મૂર્ખાઓ! તરત જતા રહો. જો જીવવાની ઇચ્છા હોય તો એવી માગણી કરવી નહિ. રાજાના નોકરો ઉદ્ધત(પુરુષ)ને બાંધે છે, મારી નાખે છે અને લૂંટી લે છે જ. 36.

અહિંથી તરત જ જતા રહો, એટલે બીજે ગામ જાઓ, કારણ કે અહિંનો વૃત્તાંત તમે જાણતા નથી. ‘એવી માગણી કરવી નહિ’ શબ્દોથી હિતકારી વચન કહે છે (શિખામણ આપે છે). ‘જો જીવવાની ઇચ્છા હોય તો’ શબ્દોથી (એવી માગણી કરવાથી થતો) ઉપદ્રવ કહેલો છે, કારણ કે (એવી) માગણી કરનારને ‘રાજકુલાનિ’ એટલે મર્યાદા સૂચવાવવા રાખેલા રાજાના સૈનિકો થોડો અપરાધ કરવામાં આવે તો (અપરાધીને) બાંધે છે; ગૃહસ્થો ધિક્કારે તેવો મોટો અપરાધ કરવામાં આવે તો તેને મારી જ નાખે છે, નહિ તો (સાધારણ અપરાધ કરવામાં આવે તો) ‘લુમ્પન્તિ’ (તેનું) સર્વસ્વ લૂંટી લે છે. ‘ઉદ્ધત’ શબ્દથી તેમ કરવાનાં (કારણરૂપ) દોષ કહેલો છે. તેથી જ્યાં સુધી ઉદ્ધતપણું જાણવામાં ન આવે ત્યાં સુધીમાં બીજે જતા રહો, એવું રોષનું વાક્ય (કહેલું) છે. એ પ્રમાણે સર્વની સરખા ભગવાનને માનીને, બહુવચનથી1 બધાને તેમ કહ્યું. 36.

1.‘બાલિશા:’ ‘મૂર્ખાઓ’ ‘યાત’ ‘જતા રહો’ શબ્દો બહુવચનમાં યોજેલા છે. ભગવાનને જ, અથવા ભગવાન્ અને બલભદ્ર બેને જ નહિ, પરંતુ બધાને એ પ્રમાણે કહેલ છે.

તે પ્રસંગે બલભદ્રનું અપમાન નહિ સહન કરનાર (ભગવાને) ભવિષ્યમાં કાર્ય પણ કરવાનું હોવાથી તેને મારી નાખ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:

એવં વિકત્થમાનસ્ય કુપિતો દેવકીસુત: ॥
રજકસ્ય કરાગ્રેણ શિર: કાયાદપાતયત્॥37॥

કોપ પામેલા દેવકીજીના પુત્રે (પોતાના) હસ્તના આગલા ભાગ વડે એવી રીતે અપમાન કરનાર ધોબીનું માથું (તેની) કાયા ઉપરથી પાડી નાંખ્યું. 37.

ભગવાનનું માહાત્મ્ય જાણ્યા વિના તે પોતાની જ બડાઈ ગાતો હતો, તેથી તે ઘણું અપમાન કરનાર, સંબંધ વગરનું બોલનાર હતો. તેથી જ (ભગવાન્) 'કોપ પામ્યા'. વળી તે 'દેવકીજીના પુત્ર' હતા. દેવકીજીને તો બાંધેલાં હતાં, તેમના ઉપર કૃપા કરીને કંસને હણવાનો હતો, તેથી તે(ધોબી)ને મારી નાખ્યો. અથવા મામો હણવા યોગ્ય નહિ હોવાથી, તે(કંસ)ને પોતાનું શૌર્ય જણાવવા તે (શૌર્ય) પ્રકટ કરવા (ભગવાને) ધોબીને મારી નાખ્યો. 'હસ્તના આગલા ભાગ વડે' એટલે હથેળીથી (તમાચો મારીને), અથવા નખથી. કેટલાક અદૃષ્ટ સુદર્શન(થી મારી નાખ્યો એવી) કલ્પના કરે છે. તેના મુખનો જ દોષ હતો, તેથી તેના માથાને કાયાથી જૂદું કર્યું, કારણ કે તે બેનો સંબંધ બરાબર ન હતો. 37.

તેણે ધોએલાં (વસ્ત્રો) ભગવાને પહેરવાનાં હતાં, તેથી (તેને મારી નાખ્યા) પછી બીજાઓ ન મારવા છતાં નાસી ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છે:

तस्यानुजीविनः सर्वे वासःकोशान् विसृज्य वै॥
दुद्रुवुः सर्वतो मार्ग वासांसि जगृहेच्युतः॥38॥

તેના બધા સેવકો વસ્ત્રના ભંડારોને તજીને જ સર્વ તરફથી માર્ગ થાય તેમ નાસી ગયા. અચ્યુતે વસ્ત્રો લઈ લીધાં. 38.

તે મુખ્ય ધોબીના 'અનુજીવિનઃ' સેવકો બધાએ ધોબીઓ જ હતા. તેથી તેઓ 'વાસઃકોશાન્' ભંડારરૂપ વસ્ત્રોના ભારાઓને 'વૈ' નિશ્ચયપૂર્વક એટલે ફરી પ્રાપ્ત કરવાની આશાને દૂર કરીને (મૂકી દઈને જ) જેમ તેમ નાસી ગયા. તેઓ સર્વ તરફથી જેમ માર્ગ થાય તેમ (નાઠા), કારણ કે ભય પામેલો નાસતો હોય ત્યારે સર્વ તરફ જ માર્ગ થાય છે (ગમે તે બાજુએ નાસે છે). પછી (કોઈથી) રોકી ન શકાય તેવા1 ભગવાને પોતે વસ્ત્રો લઈ લીધાં, કારણ કે હણેલા શત્રુની વસ્તુઓ (મિલ્કત) પોતાની જ થાય, એવો ક્ષત્રિયોનો આ ધર્મ છે. કોલાહલ વિગેરેથી (ભગવાનને ભય થયો હશે, એવી શંકા ન થાય તે માટે 'રોકી ન શકાવાપણું અહિં1 કહેલું છે. 38.

1.આ 'અચ્યુત' શબ્દનો અર્થ છે.

તેથી જ નીચેના શ્લોકમાં (ભગવાને કરેલ) ભયરહિત વ્યવહાર જણાવેલો છે:

वसित्वात्मप्रिये वस्त्रे कृष्णः सङ्कर्षणस्तथा॥
शेषाण्यादत्त गोपेभ्यो विसृज्य भुवि कानिचित्॥39॥

શ્રીકૃષ્ણ અને સંકર્ષણે પોતાને પ્રિય વસ્ત્રો પહેરીને કેટલાંક ભૂમિ ઉપર નાખી દઈને બાકીનાં ગોપોને આપ્યાં. 39.

પોતાને (શ્રીકૃષ્ણને) પ્રિય પીળાં વસ્ત્રો (તેમણે પહેર્યાં). સંકર્ષણે પણ તે પ્રમાણે (પોતાને પ્રિય શ્યામ વસ્ત્રો પહેર્યાં). વળી તે જ પ્રમાણે (સૌ સૌને પ્રિય એવાં) બાકીનાં વસ્ત્રો ભગવાન્ અને સંકર્ષણે ગોપોને આપ્યાં. કારણ કે તેઓ પોતે લે તે યોગ્ય ન હતું. ભાર લાગતાં ઉપર રાખવું (પહેરવું) ઇષ્ટ ન જણાય. તેવાં વસ્ત્રો ભૂમિ ઉપર નાખી દઈ, માત્ર ઉત્તમ વસ્ત્રો જ (ગોપોને) આપ્યાં. ઘણા ભાગે ઘણાં (વસ્ત્રો) લીધાં (ધારણ કર્યાં), પરંતુ ઘણાં નાખી દીધાં.

વસ્ત્રજાતનાં (પદાર્થ) બંનેને (શ્રીકૃષ્ણ અને સંકર્ષણને) જુદીજુદી જાતનાં પ્રિય હતાં, તેથી જાતિના અભિપ્રાયથી 'વસ્ત્રે' એમ 'વસ્ત્ર' શબ્દ દ્વિવચનમાં યોજેલો છે, પરંતુ બે જ વસ્ત્રો (પહેરેલાં) એમ ન હતું.

શ્રીકૃષ્ણ (સદાનંદ) આટલા માટે (આનંદ આપવા)જ અવતરેલા હોવાથી, (ઉત્તમ વસ્ત્રો) ધારણ કરે તે યોગ્ય જ હતું. સંકર્ષણ પણ 'સમ્યક્' સારી રીતે 'કર્ષતિ' આકર્ષણ કરે એટલે જોનાર અને જોવાનો પદાર્થ બંનેનો મેળ કરાવનાર1 હોવાથી (સારાં વસ્ત્રો) પહેરે તે યોગ્ય હતું. 39.

1.જોનાર એટલે બલભદ્રનાં દર્શન કરનાર, જોવાનો પદાર્થ એટલે તેમણે પહેરેલાં વસ્ત્રો. એ બંનેનો મેળ કરનાર, એટલે પહેરેલાં વસ્ત્રો દર્શન કરનારને ગમે તેમ કરનાર, એવો અર્થ જણાય છે.

ततस्तु वायकः प्रीतस्तयोर्वेषमकल्पयत्॥
विचित्रवर्णैश्चैलेयैराकल्पैरनुरूपतः॥40॥

પછી તો પ્રસન્ન થએલા વાયકે આભરણરૂપ જુદાજુદા રંગના વસ્ત્રોથી વર્ણને અનુકૂલ રીતે તે બેનો વેષ બનાવ્યો. 40.

પછી બંનેએ તત્ત્વને જાણેલ હોવા છતાં, વાયકને સંતોષ આપવા માટે ન જાણતા હોય તેવા ભાવથી જેમ તેમ (વસ્ત્રો) ગોઠવવા (પહેરવા) માંડ્યા. તે સમયે 'वायकः' વસ્ત્ર પહેરાવનારો જે રાજાઓને પણ સારી રીતે વસ્ત્રો પહેરાવનારો હતો તે પ્રસન્ન થયો. પોતાનું કાર્ય આવી મળે, અને તેમાં પણ ઉત્તમ (પુરુષ)ના સંબંધમાં (આવી મળે), ત્યારે સર્વ પ્રસન્ન થાય છે. તેથી 'આ મારું કાર્ય છે' એમ (વિચારી) પ્રસન્ન થએલા તેણે તે બે એટલે બલભદ્ર અને શ્રીકૃષ્ણને જે વેષ યોગ્ય હતો, અથવા (તે બે માટે) પહેલાં પોતે જે (વેષ) વિચારેલો, તે (વેષ તેમનો) કર્યો. તેણે પોતે વિચારી, જાતજાતનાં વસ્ત્રો લઈ, અથવા (વસ્ત્રોના) ઢગલાઓમાંથી પહેલાં ભગવાને જેજે (વસ્ત્રો) લીધેલાં તે લઈ (વેષ બનાવ્યો). જુદોજુદો રંગ હતો જેઓનો, એટલે જે ભાગમાં જેવો રંગ યોગ્ય હોય તેવા રંગવાળા, 'आकल्पैः' આભરણરૂપ 'चैलेयैः' ઉત્તમ વસ્ત્રોથી (વેષ બનાવ્યો). 'વર્ણને અનુકૂલ રીતે' એટલે (ભગવાનના) શ્યામ (રંગમાં) જેવો (વેષ અનુકૂલ થાય), અને (બલભદ્રના) શ્વેત (રંગમાં) જેવો (વેષ અનુકૂલ થાય), તે પ્રમાણે (વેષ બનાવ્યો). એક જ સ્થલે એક જ વિષયવાળામાં1 સારું અને ખરાબ (ફલ) પ્રાપ્ત થાય છે એમ જણાવવા વાયકનું નિરૂપણ કરેલું છે. 40.

1.'એક' એક જ 'कार्यविषयः' વસ્ત્ર સંબંધી કાર્યરૂપ વિષય છે જેનો તેવા વાયક અને ધોબી છે, તેમને અનુક્રમે સારું અને ખરાબ ફલ પ્રાપ્ત થાય છે એમ જણાવવા, એવો અર્થ છે. (લે)

તેણે (વસ્ત્રો) પહેરાવવાથી ભગવાનની શોભા થઈ એમ કહે છે. તેમ ન હોય તો સારૂપ્ય જાતનું તેને વરદાન આપવું અયોગ્ય થાય (ગણાય). તેથી તેનાં કાર્યથી (ભગવાનની) શોભા થઈ એમ નીચેના શ્લોકમાં કહે છે:

નાનાલક્ષણવેષાભ્યાં કૃષ્ણરામૌ વિરેજતુ: ॥
સ્વલઙ્કૃતૌ બાલગજૌ પર્વણીવ સિતેતરૌ॥41॥

ભાત ભાતના ચિહ્નોવાળા વેષોથી શણગારાએલા શ્રીકૃષ્ણ અને રામ શ્યામ અને શ્વેત નાના હાથીઓ ઉત્સવ ઉપર શણગારાએલા હોય તેમની પેઠે ઘણા શોભ્યા. 41.

ભાત ભાતના ચિહ્નો વેષમાં એટલે વેષની આકૃતિમાં કરેલાં. તેને (વાયકને) ગભરાટ ન થાય તે માટે સદાનંદપણું1 અને રતિ ઉત્પન્ન કરનારપણું1 કહેલાં છે. તેઓ ઘણા એટલે પહેલાં કરતાં પણ વધારે શોભ્યા; કારણ કે શણગારાએલા થયાં. ઘણા મોટા સ્વરૂપથી ઉત્તમ હોય, તેમને શણગારવાથી આશ્ચર્ય ઉત્પન્ન કરનાર થાય છે એમ જણાવવા 'નાના હાથીઓ'નું દૃષ્ટાંત આપેલું છે. ઘણા સુંદર (હાથીઓ) જેમ 'પર્વણિ' એટલે નવમી વિગેરે ઉત્સવ ઉપર શણગારેલા હોય, તેવી રીતે (શ્રીકૃષ્ણ અને રામને) બહુ ચપલ હોય તેવા ઘણા સુંદર બધાએ નીરખ્યા, એવો અર્થ છે. 41.

1.આ 'કૃષ્ણ' અને 'રામ' શબ્દોના અનુક્રમે અર્થ કરેલા છે.

તે સમયે સર્વને ઘણો સંતોષ થતાં (વાયકને) ફલ આપવું જોઈએ, તેથી પ્રસન્ન થએલા ભગવાને (તેને) ફલ આપ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:

તસ્ય પ્રસન્નો ભગવાન્ પ્રાદાત્ સારૂપ્યમાત્મન: ॥
શ્રિયં ચ પરમાં લોકે બલૈશ્વર્યસ્મૃતીન્દ્રિયમ્॥42॥

તેના ઉપર પ્રસન્ન થએલા ભગવાને (તેને) પોતાનું સારૂપ્ય, લોકમાં ઘણી જ સંપત્તિ, બલ, ઐશ્વર્ય, સ્મૃતિ અને ઇન્દ્રિયોનું સામર્થ્ય આપ્યાં. 42.

(1)મનમાં (ભગવાનના) રૂપની ભાવના કરીને, તેણે રૂપ (વેષ) કર્યું, તેથી (ભગવાને તેને) સારૂપ્ય જ આપ્યું. (સારૂપ્ય આપવાનું) સામર્થ્ય (તેમનામાં) હતું એમ જણાવવા 'ભગવાને' શબ્દ યોજેલો છે. (ભગવાન્) પ્રસન્ન થાય ત્યારે જ મુક્તિ1 થાય છે, તેથી 'પ્રસન્ન થએલા' શબ્દ યોજેલ છે. 'પોતાનું સારૂપ્ય' એટલે વ્યાપિવૈકુંઠમાં રહેનાર(ભગવાન)નું (સાયુજ્ય). (2)આ (સારૂપ્ય) દેહ પડે ત્યારે પ્રાપ્ત થતું હોવાથી તે સમયે ઇચ્છેલું ન હતું, તેથી 'લોકમાં ઘણી જ સંપત્તિ' શબ્દોથી બીજું ફલ પણ કહે છે. આ લોકમાં ધન વિગેરે સંપત્તિ (આપી). સંપત્તિ બહારનું ફલ છે, તેથી 'બલ, ઐશ્વર્ય (સ્મૃતિ અને ઇન્દ્રિયોનું સામર્થ્ય)' શબ્દથી અંદરનું ફલ કહે છે. (3)બલ, દેહનો (ધર્મ), (4)ઐશ્વર્ય, એટલે આજ્ઞા કરવાની શક્તિ, એ વાણીનો (ધર્મ). (5)સ્મૃતિ, ભગવાનના અનુસંધાન(વિચાર)રૂપ અથવા આત્માના અનુસંધાનરૂપ મનનો (ધર્મ) અને (6)ઇન્દ્રિય એટલે સર્વ ઇન્દ્રિયોનું સામર્થ્ય પણ આપ્યાં. એ પ્રમાણે અંદરના ચાર પ્રકારનાં ફલ2, આ લોકનું ફલ2 અને પરલોકનું ફલ2 એમ છ ફલો આપ્યાં. તેણે ધર્મ જ પ્રાપ્ત કરેલો તેથી (તેને) સ્વરૂપનું દાન કર્યું નહિ. 42.

1.સારૂપ્ય, એટલે ભગવાન્ જેવું રૂપ, આ એક પ્રકારની મુક્તિ છે. તેથી જ તે દેહ પડ્યા પછી પ્રાપ્ત થઈ શકે.

2-2-2.બલ, ઐશ્વર્ય, સ્મૃતિ અને ઇન્દ્રિયનું સામર્થ્ય એ ચાર પ્રકારનાં અંદરના ફલ છે. સંપત્તિ આ લોકનું ફલ છે અને સારૂપ્ય પરલોકનું ફલ છે.

નીચેના શ્લોકથી ભક્તિ સાથે સ્વરૂપનું દાન કરવા બીજું ઉપાખ્યાન કહે છે:

ततः सुदाम्नो भवनं मालाकारस्य जग्मतुः॥
तौ दृष्ट्वा स समुत्थाय ननाम शिरसा भुवि॥43॥

પછી તે બે સુદામા માળીના ઘેર પધાર્યા. તેણે તે બેને જોઈ ઊઠીને ભૂમિ ઉપર માથું રાખી પ્રણામ કર્યા. 43.

કારણ કે જે દાતા હાય છે, તે પહેલાં જે આપવા યોગ્ય હોય તે આપીને જ (પછી) દુર્લભ (પદાર્થ) આપે છે1. તેથી ત્યાર પછી ઉત્તમ માલાઓ બનાવનારને ઘેર પધાર્યા. ઘણા ભાગે તેનું ઘર સરીઆમ રસ્તા ઉપર ન હતું, નહિ તો (સરીઆમ રસ્તા ઉપર હોત તો) (તેના ઘેર જવાનું) અકસ્માતથી જ થાત. (માલા) વેચવાના સ્થાનમાં તો ઉત્તમ પદાર્થો ન હોય, તેથી (તેના) ઘેર જ પધાર્યા. અથવા 'સુદામા' શબ્દ રૂઢ2 (પ્રસિદ્ધ થએલ) હોય, તેથી વધારામાં 'માલી' શબ્દ યોજેલ છે. માલી એટલે ઉત્તમ માલાઓ કરનારાના (ઘેર પધાર્યા).

'ક્લેશ વિના કર્મ કરનારા ભગવાન્ નજીવા (પદાર્થ) માટે કેમ એવી રીતે બીજાના ઘેર પધાર્યા?' એવી શંકા દૂર કરવા તેની ભક્તિ વિગેરે (આ શ્લોકના) ઉત્તરાર્ધથી આરંભી સાડા છ શ્લોકોથી જણાવે છે, કારણ કે છ ગુણોથી અધિક (તેને) આપવાનું છે અને ભક્તિ અડધો (ગુણ છે). તે તો ઉત્તમ માલા બનાવીને, 'શું કરવું જોઈએ?' એમ વિચાર કરતો રહ્યો હતો. તે જ સમયે રામ અને શ્રીકૃષ્ણને પધારેલા જોઈને 'સः' એટલે પહેલાં પણ જે ભગવાનનો ભક્ત હતો એવા પ્રસિદ્ધ તેણે ઉઠીને ભૂમિ ઉપર માથું રાખી સાષ્ટાંગ નમસ્કાર કર્યા, આ લૌકિક ભાષા છે, તેથી તેણે જેમ કર્યું તેવું (શુકે) વર્ણન કરેલું છે, અથવા (આ સુદામા) નિરોધ (કરવા) યોગ્ય છે એમ જણાવવા (તેમ કહેલું છે). (સુદામા) પ્રાકૃત (પુરુષ) નથી અને ભક્ત પણ નથી એમ જણાવવા, (પ્રાકૃત પુરુષ અને ભક્તની) વચલા ભાવનું નિરૂપણ કરતાં (શુક એ પ્રમાણે) વર્ણન કરે છે. 43.

1.આપવા યોગ્ય સાયુજ્ય વાયકને આપીને, દુર્લભ સ્વરૂપ સુદામાને આપવા તૈયાર થયા એવો ભાવ છે. (લે)

2.ઉપર 'ઉત્તમ માલાઓ બનાવનાર' શબ્દ કહ્યો તે 'સુદામા' શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણે થતો અર્થ કહ્યો. પણ એ શબ્દ રૂઢ હોય એટલે લોકમાં એ માણસ એ નામથી ઓળખાતો જ હોય, અને માલાઓ બનાવનારો ન પણ હોય, તેથી વધારામાં 'માલી' શબ્દ યોજેલો છે, એવો અર્થ છે.

મોટા (પુરુષ) પ્રતિ ઉદાસીન હોય તે પણ આટલું તો કરે છે, તેથી નીચેના શ્લોકમાં વધારામાં (કરેલી) પૂજા જણાવે છે:

तयोरासनमानीय पाद्यं चाथार्हणादिभिः॥

પૂજાં સાનુગયોશ્ચક્રે સ્રક્તામ્બૂલાનુલેપનૈ: ॥44॥

તે બેને આસન લાવી આપી,ચરણ ધોવાનું જલ આપી, અને પછી માલા, તાંબૂલ, લેપ વિગેરે પૂજાના પદાર્થોથી અનુચરો સહિત (તેમની) પૂજા કરી. 44.

પોતાના ઘરમાં તેવું (શ્રીકૃષ્ણ અને બલભદ્રને) યોગ્ય (આસન) ઘણા ભાગે ન હતું, તેથી જ્યાં ઉત્તમ (આસન) અથવા (લોકમાં) ન વપરાય તેવું (આસન) હતું, ત્યાંથી જ તે લાવીને આપ્યું. તે પ્રમાણે ચરણ ધોવાનું જલ (આપ્યું). 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) બીજા પણ ઉપચારો તેવી જ રીતે કર્યા. 'પૂજાના પદાર્થોથી' એટલે ચંદન વિગેરેથી (પૂજા કરી). ચરણ ધોવાનાં જલ સુધીના ઉપચારો કર્યા ત્યારે (ભગવાનના) સમીપપણાથી (તેમનામાં) સ્નેહ ઉત્પન્ન થએલા તેણે પછી ભક્તિથી પાછળનું કર્યું એમ જણાવવા 'અથ' 'પછી' શબ્દ યોજેલો છે. તેથી તેણે અનુચરો સહિત તે બેની પૂજા કરી. આ પૂજા અકસ્માતથી થએલી હોવાથી, લોકમાં સામાન્ય રીતે થાય છે તેવી પૂજા 'માલા, તાંબૂલ અને લેપ' શબ્દથી કહેલી છે. આરંભમાં ચંદનનો લેપ કર્યો, પછી તાંબૂલ અને પછી માલા, એમ આપ્યાં, છતાં પણ (તેનો) પોતાનો ધર્મ માલા (આપવા)નો હોવાથી, (શુકે) ઉંધા ક્રમથી (આ) વર્ણવેલ છે. અથવા ભક્તિને વશ થએલ હોવાથી જ્યારે જે પ્રાપ્ત થયું તે જ પહેલું કર્યું (આપ્યું), એવો (અર્થ છે). 44.

એ પ્રમાણે કાયાથી કરેલી પૂજા જણાવી, નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી તેણે વાણીથી કરેલી પૂજા જણાવે છે:

પ્રાહ ન: સાર્થકં જન્મ પાવિતં ચ કુલં પ્રભો॥
પિતૃદેવર્ષયો મહ્યં તુષ્ટા હ્યાગમનેન વામ્॥45॥

તેણે કહ્યું:-'હે પ્રભો! અમારો જન્મ સાર્થક થયો, અને કુલ પવિત્ર થયું. પિતૃઓ, દેવો અને ઋષિઓ મને ફલ આપવા પ્રસન્ન થયા છે, (એમ) આપ બેના પધારવાથી (જણાય છે). 45.

(સુદામા) પોતાનું કૃતાર્થપણું અને ભગવાને જે કર્યું તે ફલરૂપ થાય તે માટે ભગવાન્ દોષરહિત અને ગુણોથી ભરપૂર છે એમ જણાવે છે. ભગવાન્ ભક્તોનો ઉદ્ધાર કરનારા છે, તેથી આરંભમાં પોતે કૃતકૃત્ય થયો છે એમ 'અમારો જન્મ સાર્થક થયો' શબ્દોથી કહે છે. જે જન્મ પુરુષાર્થમાં પરિણમે તે સાર્થક (કહેવાય). 'અમારો' એટલે બધાએ ઘરબારીઓનો, અથવા ભગવાને જેમને એવા (ઘરબારી) કરેલા છે તેવાઓનો. અથવા પોતાની પ્રશંસા કરવા, 'અમારો' શબ્દ યોજેલ છે1.

જો કે જન્મકાલ સમયે જ, તેવું ફલ થશે (મળશે) એમ (નક્કી થએલ હોવાથી), જન્મ સદા જ સાર્થક હતો, છતાં પણ ફલ પ્રાપ્ત કરવાની તૈયારી આજે થઈ, અથવા (જન્મ સાર્થક થયો એવું) જ્ઞાન (આજે થયું) તેથી, અથવા દેહ વિગેરે દરરોજ ઉત્પન્ન થાય છે2 તેથી, 'આજ' એમ કહેલું છે.

'પ્રાહ' 'કહ્યું' એવો પાઠ લેવામાં આવે ત્યારે તો કાંઈ સંદેહ રહેતો નથી.

માત્ર મારો જ જન્મ નહિ, પરંતુ મારા સંબંધવાળા બધાઓનો જ (જન્મ સાર્થક થયો છે) એમ 'અને કુલ પવિત્ર થયું' શબ્દોથી કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી કુલમાં રહેલા બધા જણાવેલા છે. (અમને બધાને) તેવા (સાર્થક જન્મવાળા) કરવાનું સામર્થ્ય 'પ્રભો!' શબ્દથી જણાવેલું છે. કરોડો જન્મોથી પ્રાપ્ત કરેલ પોતાના બધાએ કર્મનો પણ ઉપયોગ અહિં જ થયો છે એમ કહેવા, પોતે આરાધેલા દેવો વિગેરેની પ્રસન્નતાનું ફલ આ જ છે એમ, પ્રથમ 'પિતૃઓ, દેવો અને ઋષિઓ (મને ફલ આપવા પ્રસન્ન થયા છે)' શબ્દથી કહે છે. કેટલાક એવો અર્થ કરે છે કે, 'આપ બેના પધારવાથી પિતૃઓ દેવો અને ઋષિઓ મારા ઉપર પ્રસન્ન થયા છે'. વાસ્તવિક રીતે પિતૃઓ દેવો અને ઋષિઓ મને ફલ આપવા પ્રસન્ન થયા છે, અને આ વૃત્તાંત યોગ્ય જ છે. 'આપ બેના પધારવાથી' શબ્દોથી (તેઓની પ્રસન્નતાનું) ફલ કહેલું છે3. કરણપણું તો ભવિષ્યમાં થવાનું ફલ જણાવનારું છે3. અથવા હવેથી અમારે પિતૃઓ વિગેરેનું આરાધન કરવાનું નથી, કારણ કે આપના પધારવાથી જ તેઓ પ્રસન્ન થએલા છે. 'મહ્યમ્' મારા માટે ફલ આપવા, અથવા મારું (મને) ફલ આપવા. આથી એમ કહેલું છે કે આપની જ પૂજા થતાં તેઓ ઘણા જ પ્રસન્ન થઈ જાય છે એટલે (તેમની પ્રસન્નતા વિષે) શું કહેવું? 45.

1.ભગવાન્ સુદામાને ઘેર પધાર્યા એ તેનું મોટું ભાગ્ય. તેની પોતાની પ્રશંસા કરવા, 'મારા'ને બદલે 'અમારા' એમ બહુવચન યોજેલું છે.

2.'પ્રાહ' 'તેણે કહ્યું' ને બદલે 'અદ્ય' 'આજ' પાઠ લઈ, આ પેરામાં જણાવેલ અર્થ કરેલ છે. કેટલાકના મત પ્રમાણે દરરોજ નવો દેહ ઉત્પન્ન થાય છે. તેથી દેહનો જે જન્મ આજ થયો તે જન્મ સાર્થક થએલ છે, એવો અહિં ભાવ છે.

3-3.'આપ બેના પધારવાથી પિતૃઓ વિગેરે પ્રસન્ન થયા છે' એવા જે કેટલાક ટીકાકારો અર્થ કરે છે તે યોગ્ય નથી; કારણ કે ભગવાન્ પધારે એ કાર્યનું ફલ પિતૃઓ વિગેરેની પ્રસન્નતા જેવું તુચ્છ ન જ હાઈ શકે. તેથી ખરો અર્થ પણ 'વાસ્તવિક રીતે તો'થી આરંભી કહેલો છે. પિતૃઓ વિગેરે પ્રસન્ન થએલા તેનું ફલ આપનું આગમન છે. 'આગમનેન' 'પધારવાથી' એમ ત્રીજી વિભક્તિ કરણ(સાધન)ના અર્થમાં યોજી છે, તે તો આપના પધારવાથી જે ફલ થવાનું છે, એટલે જે ફલ આ અધ્યાયના છેલ્લા શ્લોકમાં જણાવ્યું છે તે ફલનું કરણ જણાવવા યોજેલી છે. એવો અર્થ જણાય છે.

મોટા પુરુષોમાં આરોપના ન્યાયથી1 આવા પ્રકારની સ્તુતિ સંભવે છે તેથી તેવી આ (સ્તુતિ કરતો) નથી એમ જણાવવા, નીચેના શ્લોકમાં પોતાનું ભગવાનના સ્વરૂપનું જ્ઞાન પ્રકટ કરે છે:

ભવન્તૌ કિલ વિશ્વસ્ય જગતઃ કારણં પરમ્॥
અવતીર્ણાવિહાંશેન ક્ષેમાય ચ ભવાય ચ॥46॥

આપ બે ખરેખર વિશ્વના સંબંધી, જગતનું મુખ્ય કારણ છો, અને કલ્યાણ માટે અને ઉદ્ભવ માટે અહિં અંશથી અવતરેલા છો. 46.

આપ બે ખરેખર એટલે પ્રસિદ્ધ વિશ્વના સંબંધી છો; એટલે આપ બે વિશ્વમાં પ્રસિદ્ધ છો, એવો અર્થ છે. આથી જગતમાં મોટા(પુરુષ)ના જેટલા ધર્મો છે તે બધા (આ બેમાં) જણાવેલ છે. (તેમનામાં જગતનું) કારણપણું જણાવતાં 'જગતનું મુખ્ય કારણ' શબ્દો કહેલા છે. જગત્ એટલે જે ઉત્પન્ન થાય છે તેનું મૂલ કારણ આપ જ છો.

અથવા 'વિશ્વ' શબ્દ સર્વ શબ્દના જેવો (છે). સામાન્ય અને વિશેષના2 અર્થમાં યોજાએલ છે. (જગતને) ઉત્પન્ન કરનાર તરીકે, મોટા તરીકે, ફલ તરીકે, ઉત્પત્તિથી અને ઉપપત્તિ(યોગ્યતા)થી (ભગવાનનું) માહાત્મ્ય જણાવેલું છે. પરંતુ જેનાથી હીનપણું થાય તેવા ઉત્પત્તિ સ્થિતિ અને લયના પ્રકારથી જણાવેલું નથી;3 અથવા સર્વના રહેઠાણ તરીકે જ સર્વ પ્રકારની સ્તુતિ કરવા યોગ્યપણું કહેલું છે.

(જગતના) સાધારણ કારણ હોવાપણું કાલમાં પણ છે, તેથી 'મુખ્ય' શબ્દ યોજેલો છે. ભગવાન્ અનંત મૂર્તિવાળા છે, તેથી દ્વિવચન યોજવાથી દોષ થતો નથી; અને (શ્રીકૃષ્ણ અને બલભદ્રના) બે રૂપથી આવિર્ભાવ પામેલા છે એમ ભારે માહાત્મ્ય કહેલું છે.

તેવા બેને અવતાર લેવાનું પ્રયોજન ઉત્તરાર્ધથી કહેલું છે. 'અહિં' આ પ્રપંચમાં 'અંશથી' એટલે ક્રિયાશક્તિથી અવતરેલા છો, કારણ કે જ્ઞાનના અંશથી સૃષ્ટિ રચનાર બીજો જ4 છે.

અથવા પહેલાંની પેઠે જ (અંશથી એટલે) દેશથી5. ('કારણં' શબ્દમાં) એકવચન (યોજેલું) છે તે તો તેમના કારણરૂપ શ્રીકૃષ્ણનો) જ બીજા(બલભદ્ર)માં આવેશ થએલ હોવાથી એક અવતારના અભિપ્રાયથી6 (યોજેલ છે) તેથી જ. 'અને કલ્યાણ માટે અને ઉદ્ભવ માટે' શબ્દોથી ક્રિયા(અવતાર લેવા)નું પ્રયોજન કહેલું છે. (1)જે છે તેનું પરિપાલન કરવા અને (2)'ચ' 'અને' શબ્દ હોવાથી તેનું અકલ્યાણ (દુ:ખ) દૂર કરવા, (3)'ભવાય' ઉદ્ભવ એટલે ઉત્તમપણાં માટે અને (4)'ચ' 'અને' શબ્દ હોવાથી મોક્ષ માટે (અવતાર લીધેલો છે). અહિં ઉત્તમપણું ભક્તિ છે. તેથી (1)સર્વ દુષ્ટોનો વિનાશ કરવા (2)સારા પુરુષોનું રક્ષણ કરવા (3)મોક્ષ આપવા અને (4)ભક્તિ આપવા એવાં ચાર કાર્યો કરવા ભગવાને અવતાર લીધેલો છે એમ કહેલું છે. 46.

1.'આરોપ ન્યાયથી' એટલે જે ગુણો તેમનામાં ન હોય તેવા ગુણો છે એમ દર્શાવી.

2.'વિશ્વ' શબ્દ સામાન્ય રીતે બધાં જગતો માટે યોજાએલો છે અને 'જગત્' શબ્દ આ જગત્ માટે યોજાએલો છે. એવો અર્થ જણાય છે.

3.(ભગવાન્ જગત્) 'ઉત્પન્ન કરાવનાર' છે વિગેરે કહ્યું, પરંતુ તેમની મોટાના કુલમાં ઉત્પત્તિ થાય છે, તેમની સ્થિતિ વિગેરે થાય છે એવું કહેલ નથી, કારણ કે તેમ કહેવાથી જેમની સ્તુતિ કરે છે તે ઉત્પત્તિ વિગેરે ગુણોવાળા થાય, એટલે તેમનામાં હલકાઈ આવે, એવો અર્થ છે. (લે)

4.આવી રીતે સૃષ્ટિ રચનાર રજોગુણના અભિમાનવાળા બ્રહ્મા છે, એવો અર્થ જણાય છે.

5.પહેલાં 1012માં 'અંશથી' અવતાર લીધાનું કહેલ છે, (ત્યાં અંશથી એટલે દેશથી. જેટલા પ્રદેશમાંથી ભગવાન્ માયા ખસેડે છે તેટલા પ્રદેશમાં પોતે પ્રકટ થાય છે. અને 'અંશથી'

અવતાર લીધેલ હોવાનું કહેલ છે.) તે પ્રમાણે અહિં પણ અર્થ કરવો, એવો અર્થ છે. (લે) 6.બલભદ્રમાં તો શ્રીકૃષ્ણનો આવેશ થાય છે. તેથી તેઓ બે વસ્તુત: બે નહિ, પણ એક જ અવતાર છે, એવા અભિપ્રાયથી, એવો અર્થ જણાય છે.

'એમ કરવામાં (દુષ્ટોનો વિનાશ કરવામાં અને સારા પુરુષોને મોક્ષ આપવામાં) આવે તો (પક્ષપાત) કરવાથી અબ્રહ્મ થઈ જાય (ભગવાન્ ન રહે)' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકથી સર્વ દોષો હરે છે:

ન હિ વાં વિષમા દૃષ્ટિ: સુહૃદોર્જગદાત્મનો: ॥
સમયો: સર્વભૂતેષુ ભજન્તં ભજતોરપિ॥47॥

કારણ કે મિત્રો, જગતના આત્મા અને સર્વ પ્રાણીઓને સમાન એવા આપ બેની દૃષ્ટિ ભજન કરનારને ભજતા હોવા છતાં પક્ષપાતવાળી થતી નથી. 47.

(જગતના) મૂલ કારણમાં જ (પક્ષપાત) ઉપરાંત ક્રૂરપણું પણ પ્રસિદ્ધ (માનવામાં આવેલું છે), પરંતુ અવતાર લીધેલામાં તો પક્ષપાત જ પ્રસિદ્ધ હોવાથી, તેનો જ નિરાસ કરવામાં (શ્રીકૃષ્ણમાં તે નથી એમ સિદ્ધ કરવામાં) આવે છે. કોઈકને હણવો જોઈએ, અને કોઈકને નભાવવો જોઈએ એવી પક્ષપાતવાળી 'વામ્' આપ બેની દૃષ્ટિ નથી. '(1)મિત્રો, (2)જગતના આત્મા અને (3)સર્વ પ્રાણીઓને સમાન' શબ્દોથી તેનાં ત્રણ કારણો કહે છે. યુક્તિ અને પ્રમાણથી (આ) વિષયનો નિર્ણય કરવામાં આવે તો (આ) દોષ કલ્પેલો જણાય છે, અથવા ભ્રમથી દેખાય છે. તેનો પણ બીજી રીતે ખુલાસો થઈ શકે છે, તેથી કાંઈ અયોગ્યતા નથી. આ અર્થ (નિર્ણય) યોગ્ય જ છે, અને સર્વ સ્થલે એવો નિર્ણય કરવામાં આવે છે એમ 'હિ' 'કારણ કે' શબ્દથી (જણાવેલું છે). કોઈ (એક) પુત્રને મારતાં અને કોઈ (બીજા) પુત્રનું અભિનંદન કરતાં પિતા પક્ષપાતી થતો નથી, કારણ કે શિખામણ (આપવા) માટે જ તે એ પ્રમાણે કરે છે. (પોતાના) હાથથી ચરણ ધોનાર અને માથાંને નહિ ધોનાર, અથવા કોઈક જ પ્રસંગે શણગારનાર પક્ષપાતી થતો નથી. કાલના મુખમાં પ્રવેશ કરેલા જીવોનો ઉદ્ધાર કરવા પધારેલા (ભગવાન્) કાલને ઠગીને (તેની પાસેથી જીવોને) લઈ જતાં, (તેને) ઠગવા માટે (જીવોના) મિત્ર જ થાય છે. (ભગવાન્) અંતર્યામી હોવાથી, મિત્ર હોવાથી અને કૃપાવાળા હોવાથી દેખાડવા માટે પક્ષપાત કરવા છતાં પણ પક્ષપાતવાળા થતા નથી, તે અર્થ 'મિત્રો' શબ્દથી કહેલ છે. જેમ કરવાથી મિત્રપણું થાય તેમ જ કરે છે. (વળી શ્રીકૃષ્ણ અને બલભદ્ર) જગતના જ આત્મા છે તેઓ એકના જ પક્ષપાતી કેમ થાય? આથી પોતાને જેમ સુખ થાય તેમ કરે છે એમ (કહેલું હોવાથી), ક્રૂરતાના દોષનો પણ નિરાસ કરેલો જાણવો. 'સર્વ પ્રાણીઓને સમાન હોવાપણું' (જગતના) કારણ હોવાથી જ સાબિત થાય છે. રોગ વિગેરે પેઠે જેઓને દૂર કરવાના જ છે તેવા સહજ અસુરોને 'ભૂત' શબ્દથી બાતલ કરેલા છે (તેમને માટે ભગવાન્ સમાન નથી) એમ કેટલાક કહે છે. વાસ્તવિક રીતે તો ઉત્પન્ન થએલાના અભિપ્રાયથી (જેજે ઉત્પન્ન થએલા છે તે બધાને ભગવાન્ સમાન છે) (એ શબ્દ

યોજેલ છે). તેમ ન હોય તો (ભગવાન્) 'આત્મા' જ છે તેથી, આત્માની (પોતાની) સમાન નથી, કારણ કે સમાનપણામાં ભેદ હોઈ શકે છે (જુદા હોવાનું બની શકે છે).

'શિખામણ આપવા માટે સજા કરવા સંબંધી આ સ્થિતિ કહી. વરદાન આપવું વિગેરેની શી સ્થિતિ છે. (તેમાં પક્ષપાત કેમ ન થાય?)' એવી શંકા થાય, તેથી 'ભજન કરનારને ભજતા હોવા છતાં' શબ્દો યોજેલ છે. 'જેઓ મને જે પ્રમાણે ભજે છે (તેઓને હું તે જ પ્રમાણે ભજું છું)' એ ભગવાનના વચનને લીધે, અને (ભગવાન્) કલ્પતરુના જેવા સ્વભાવવાળા હોવાથી, જેણે પ્રાર્થના કરેલી હોય તેને જ (માગેલું) આપે છે. તેથી સર્વને ન આપે છતાં પક્ષપાત થતો નથી. 47.

એ પ્રમાણે સ્તુતિ કરીને, (સુદામો) પોતાના મનની (ઇચ્છા) નીચેના શ્લોકમાં નિવેદન કરે છે:

તાવજ્ઞાપયતાં ભૃત્યં કિમહં કરવાણિ વામ્॥
પુંસોત્યનુગ્રહો હ્યેષ ભવદ્ભિર્યન્નિયુજ્યતે॥48॥

તે (આપ) બે સેવકને આજ્ઞા કરો. હું આપ બેનું શું (કાર્ય) કરું? કારણ કે આ પુરુષને જે આપ તરફથી આજ્ઞા કરવામાં આવે એ (તેના ઉપર) મોટો અનુગ્રહ છે. 48.

આ (સુદામો) મનથી ભગવાનને (પોતાનું) સર્વ નિવેદન કરી, દાસ બનેલો છે. ભગવાન્ જો તેને દાસ તરીકે સ્વીકારે તો તેને દાસપણું પ્રાપ્ત થાય, અને તે (ભગવાને તેને દાસ તરીકે સ્વીકારેલ હોવાનું) જણાવનારી આજ્ઞા છે. તેથી (આપ) તે બે સ્વામીઓ મને સેવકને આજ્ઞા કરો (એમ પ્રાર્થના કરે છે).

'બધાએ સેવક જીવોને વેદમાં આજ્ઞા કરેલી છે, તેવો તું પણ છે' એવી શંકા થાય, તેથી 'હું આપ બેનું શું (કાર્ય) કરું?' એમ કહેલ છે. આપ બેના માટે (વેદમાં કહેલ છે તેથી) વધારામાં હું શું કરું? તેમ (દાસો વિશેષ આજ્ઞા ઉઠાવતા) ન હોય, તો ખાસ દાસભાવ પ્રાપ્ત કરવાથી કયો પુરુષાર્થ થાય?

'જેમની ઇચ્છાઓ પૂર્ણ થએલી છે તેવા અમે બે છીએ, અમારા બે માટે કાંઈ કરવાપણું નથી' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલ છે. આ આજ્ઞા આપના ઉપર ઉપકાર થાય તે માટે કરવાની નથી, પરંતુ વરદાનની પેઠે મારા ઉપર ઉપકાર કરવા કરવાની છે. આ એટલે આપ સેવક તરીકે સ્વીકાર કરીને આજ્ઞા કરો તે, વરદાન કરતાં પણ મોટો અનુગ્રહ છે. અર્થ યોગ્ય જ છે, કારણ કે વરદાન હદવાળું હોય છે અને દાસપણું હદ વગરનું છે, કેમ કે તેનું (દાસનું) સર્વ કાર્ય સ્વામીએ જ કરવાનું રહે છે. 'ભવદ્ભિઃ' 'આપ તરફથી' શબ્દમાં બહુવચનનો પ્રયોગ કરેલો છે તે 'સેવકો સહિત (આપ)' એવા અભિપ્રાયથી કરેલો છે. 'આ (પુરુષ)' શબ્દથી એમ કહેલું છે કે ભગવાનની આજ્ઞા તેની નજર સામે પ્રકટ થઈ છે. તેથી જ

ભવિષ્યમાં આજ્ઞા (સ્પષ્ટ) કરેલી નહિ હોવા છતાં, તે (ભગવાનને) માલા આપશે. જેમ અહિં (ભગવાનમાં) અલૌકિક દ્રષ્ટૃત્વ (જોનારપણું, દૃષ્ટિ)1 છે તેમ ભગવાનના શરણમાં પોતાનું જ સામર્થ્ય છે એમ આથી જણાવેલું છે. ભગવાનના ધર્મ(ગુણ)થી જ આજ્ઞા જણાવેલી હોવાથી, વાક્ય(વચન)ની જરુર નહિ હોવાથી, (તે બેએ) કાંઈ પણ કહ્યું નહિ. 48.

1.આજ્ઞા સુદામાએ જાણી છે એમ ભગવાન્ અલૌકિક દ્રષ્ટા હોવાથી જાણે છે. સુદામા ભગવાનને શરણ ગયો એટલે શરણના સામર્થ્યથી જ તેણે, પોતાને માલા આપવાની ભગવાનની આજ્ઞા જાણી, એવો અર્થ જણાય છે.

(સુદામાએ) પોતાની મેળે જ (ભગવાનની આજ્ઞા) જાણીને જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:

ઇત્યભિપ્રેત્ય રાજેન્દ્ર સુદામા પ્રીતિમાનસઃ॥
શસ્તૈઃ સુગન્ધૈઃ કુસુમૈર્માલાં વિરચિતાં દદૌ॥49॥

હે રાજેન્દ્ર! એ પ્રમાણે જાણીને મનમાં પ્રીતિવાળા થઈ સુદામાએ પંકાએલાં સુગંધિવાળાં પુષ્પોની બનાવેલી માલા (ભગવાનને) આપી. 49.

'હે રાજેન્દ્ર!' સંબોધન એમ જણાવવા કરેલું છે કે કેટલાક સેવકો (સ્વામીએ) ઇચ્છેલો અર્થ પણ જાણી લે છે, તેથી આમાં (સુદામાએ જાણી લીધું તેમાં) આશ્ચર્ય નથી. તેવા સેવકો સાર્વભૌમ(રાજા)ને જ હોય છે એમ '('રાજેન્દ્ર'-માંના) ઇન્દ્ર' પદથી કહેલું છે. (ભગવાનના) અભિપ્રાયનો નિશ્ચય થતાં, '(ભગવાનની) આજ્ઞા મળી' એમ (વિચારી), તે મનમાં પ્રીતિવાળો થયો. પછી 'શસ્તૈઃ' શાસ્ત્રોથી પંકાએલાં અને સ્વરૂપથી સુગંધિવાળાં મોગરા વિગેરેનાં પુષ્પોથી બનાવેલી એક જ માલા તેણે (ભગવાનને) આપી. અથવા 'માલાઃ વિરચિતાઃ' એવો (બહુવચનના પ્રયોગવાળો) પાઠ લેવો. એકવચન(નો પાઠ) લેવામાં આવે ત્યારે તો ભગવાનને માલા આપવામાં આવતાં, બલભદ્રમાં પણ ભગવાનનો આવેશ હોવાથી, પ્રતિબિંબની પેઠે તેમનામાં (બલભદ્રમાં) પણ (તે માલા) દેખાઈ. બીજી પણ માલાઓ (ગોપોને) આપી એમ જાણવું. 49.

પછી ભગવાને (સુદામાને) વરદાન આપ્યું એમ કહેવા ઇચ્છતા (શુક), તે(માલા)થી ભગવાન્ ઘણા શોભી ઉઠ્યા એમ નીચેના શ્લોકમાં કહે છે:

તાભિઃ સ્વલંકૃતૌ પ્રીતૌ રામકૃષ્ણૌ સહાનુગૌ॥
પ્રણતાય પ્રપન્નાય દદતુર્વરદૌ વરાન્॥50॥

તે(માલાઓ)થી સારી રીતે શોભેલા સેવકો સહિત પ્રસન્ન થએલા, વર આપનાર બલભદ્ર અને શ્રીકૃષ્ણે પ્રણામ કરેલા અને શરણે આવેલાને વરો આપ્યા. 50.

ઉત્તમ માલાઓથી સારી રીતે શોભેલા પછી પ્રસન્ન થયા. ફલરૂપ અને સાધનરૂપ સદાનંદ અને રમણ કરનાર સેવકો સહિત પ્રસન્ન થયા, અને વર આપનારા હોવાથી વિવાદ (ચર્ચા) કર્યા વિના પ્રણામ કરેલા એટલે નમ્ર વિનયવાળા કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ પ્રમાણે પણ ફલ આપવા યોગ્ય, 'પ્રપન્નાય' શરણે આવેલા એટલે ભક્તિમાર્ગ પ્રમાણે પણ ફલ આપવા

યોગ્ય(સુદામા)ને વરો આપ્યા. (તેઓએ) વર આપનારાઓનું ઈશ્વરપણું (પોતામાં) જણાવ્યું નહિ, પરંતુ માત્ર વર આપનારપણું જ જણાવ્યું; એટલે 'માગ, વર આપશું' એમ કહ્યું, એવો અર્થ છે; અથવા (માગ્યા વિના) પોતે જ વર આપી જ દીધા. 50.

તેણે પણ જૂદા (વર) માગ્યા, તેથી તે નીચેના શ્લોકમાં કહે છે:

સોપિ વવ્રેચલાં ભક્તિ તસ્મિન્નેવાખિલાત્મનિ॥
તદ્ભક્તેષુ ચ સૌહાર્દં ભૂતેષુ ચ દયાં પરામ્॥51॥

તેણે પણ અખિલ(જગત)ના આત્મા તેમનામાં જ અચલ ભક્તિ, અને તેમના ભક્તો સાથે મૈત્રી, અને પ્રાણીઓ પ્રતિ ઉત્તમ દયા માગ્યાં. 51.

ભગવાને વર આપેલો હોવા છતાં, કૃતાર્થ થએલો હોવા છતાં, તેણે અચલ ભક્તિ માગી. વિષયમાં (જેમનામાં ભક્તિ માગી તેમાં) ભેદ ન થાય તે માટે 'તસ્મિન્' 'તેમનામાં' એમ એકવચન યોજેલું છે. તે (તેણે માગેલી) ભક્તિ જ્ઞાનનું બીજું રૂપ છે એમ જણાવવા 'સર્વ(જગત)ના આત્મામાં1 શબ્દ યોજેલો છે. આથી (તેની) બધામાં (હરકોઈમાં) ભેદવાળી દૃષ્ટિ જતી રહી. છતાં પણ ભક્તિનું ઉત્તમપણું જણાવવા, અને (તેનું) સર્વોત્તમપણું કાયમ રહે તે માટે ભેદ સહન થઈ શકે તે માટે (ઉત્તરાર્ધથી) બીજા બે વરો માગે છે. (1)તેમના ભક્તો સાથે મૈત્રી. 'ચ' 'અને' શબ્દથી ભગવદીય સિવાયના પ્રતિ ઉદાસીનતા (માગેલી છે). (2)અને ગરીબડાં સર્વ પ્રાણીઓ પ્રતિ ઉત્તમ એટલે અલૌકિક દયા, જેનાથી તેઓ કૃતાર્થ જ થાય તેવી (માગેલી છે). 'ચ' 'અને' શબ્દથી પોતે જેઓનો (દયાથી) ઉદ્ધાર કરેલો હોય તેઓમાં વિનય વિગેરે માગેલાં છે. 51.

1.અક્ષર જ સર્વ જગતના આત્મારૂપ છે, તેથી અક્ષરમાં ફલતી ભક્તિ (માગી), એવો અર્થ છે. મુખ્ય ભક્તિ તો 'સર્વાત્મનિ' એટલે સર્વમાં 'આત્મા' એટલે આધિદૈવિક પેઠે સ્વરૂપ છે. જેમનું તેવા પુરુષોત્તમમાં થાય છે, એવો ભેદ છે. (લે)

(તેણે) માગેલું ભગવાને આપ્યું એમ નીચેના શ્લોકમાં કહે છે:

ઇતિ તસ્મૈ વરં દત્ત્વા શ્રિયં ચાન્વયવર્ધિનીમ્॥
બલમાયુર્યશઃ કાન્તિં નિર્જગામ સહાગ્રજઃ॥52॥

તેને એ પ્રમાણે વર, વંશમાં વૃદ્ધિ પામે તેવી લક્ષ્મી, બલ, આયુષ્ય, કીર્તિ અને સૌંદર્ય આપીને, મોટાભાઈ સહિત બહાર પધાર્યા. 52.

એવી રીતે માગેલો વર તેને આપીને, પાછું પોતે વંશ, તેની વૃદ્ધિ, અને તે સર્વને 'શ્રિયમ્' સતત (કાયમ રહેનારી) લક્ષ્મી1 આપ્યાં. આ (દેહની) બહારના (પદાર્થો) છે. અંદરના પણ આપ્યા એમ " 'બલં' દેહની શક્તિ, આયુષ્ય, 'યશઃ' કીર્તિ, અને 'કાંતિમ્' સૌંદર્ય " શબ્દોથી કહેલું છે. એ પ્રમાણે (વરો) આપીને, પછી ભક્તના ઘરમાંથી (ભગવાન્) બહાર પધાર્યા. અહિં (વરો) આપવામાં કર્તા (આપનાર) ભગવાન જ છે, અને બલભદ્ર તેમની સાથે જ રહેલા એમ (જાણવું). અથવા બહાર પધારતી વખતે ભગવાન્ મુખ્યપણાથી બહાર પધાર્યા એમ 'મોટાભાઈ સહિત' એટલે બલભદ્ર સહિત શબ્દથી કહેલું છે. (શ્રીકૃષ્ણ અને

બલભદ્રે) આ (કંસને મારી ભક્તોનું દુ:ખ હરવા) માટે જ અવતાર લીધેલો હોવાથી, બહાર પધારવું જરુરી હતું એમ સૂચવેલું છે. 52.

1." 'અન્વયે' વંશમાં 'વર્ધતે' વૃદ્ધિ પામે એવા સ્વભાવવાળી" એવો 'અન્વયવર્ધિનીમ્' શબ્દનો અર્થ છે. વંશ. વંશની વૃદ્ધિ, લક્ષ્મી અને તે કાયમ રહે, તેવો વર આપ્યો એવો આ શબ્દનો ભાવ છે. (લે)

ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્યે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં આડત્રીસમા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ.

આડત્રીસમો અધ્યાય સંપૂર્ણ.

॥અથૈકોનચત્વારિંશોઽધ્યાય:॥ અધ્યાય ઓગણચાલીસમો.

એકોનચત્વારિંશે તુ હરેરદ્ભુતકર્મણ:॥
સ્વાસક્ત્યર્થં રાજસાનાં વીર્યં તસ્ય નિરૂપ્યતે॥કા.1॥

ઓગણચાલીસમા (અધ્યાય)માં તો1 રાજસોની પોતામાં આસક્તિ થાય તે માટે તે અદ્ભુત કર્મવાળા હરિના વીર્યનું2 નિરૂપણ કરવામાં આવે છે. કા.1.

અલૌકિકં લૌકિકં હિ પ્રસન્ન: કુરુતે ફલમ્॥
નાન્યસ્તત્ર ફલં દાતું શક્નોતીતિ ધનુ:કથા॥કા.2॥

પ્રસન્ન થએલા (ભગવાન્) અલૌકિક3 અને લૌકિક4 ફલ કરે છે (આપે છે). બીજો5 (કોઈ) ત્યાં6 ફલ આપવા શક્તિમાન નથી એમ જણાવવા ધનુષ્યની કથા (કહેલી છે). કા.2.

લૌકિકાલૌકિકત્વેન સામર્થ્યં લક્ષણં પુન:॥
નિરૂપ્યતે સ્વદોષસ્ય નિવૃત્ત્યૈ સ તથાપિ હિ॥કા.3॥
ન નિવર્તત ઇત્યુક્ત્વા મલ્લરઙ્ગકથાપરા॥
એતાવતાક્લિષ્ટકર્મા હરિરત્ર નિરૂપિત:॥કા.4॥

લૌકિક અને અલૌકિકપણાથી સામર્થ્ય અને વળી લક્ષણ7 પોતાનો (કંસનો) દોષ તે દૂર કરે તે માટે જણાવ્યું, છતાં પણ તે8 (દોષ કરતાં) અટકતો નથી9 એમ કહી, બીજી મલ્લોના અખાડાની કથા (કહેશે). આટલાથી અહિં હરિ ક્લેશ વિના કર્મ કરનાર છે એમ જણાવેલ છે. કા.3-

---

1.આ અધ્યાયનો અર્થ નિબંધમાં જણાવ્યા પ્રમાણે ધર્મી(ભગવાન)નું નિરૂપણ જ છે, છતાં ધર્મીના અંગ તરીકે તેમના વીર્યનું નિરૂપણ કરવામાં આવે છે એમ જણાવવા 'તુ' 'તો' શબ્દ યોજેલો છે.(લે)
2.'વીર્યનું' એટલે 'ધનુષ્યના ભંગનું.' (લે)
3.કુબ્જાને સ્વરૂપની પ્રાપ્તિ કરાવવી એ અલૌકિક ફલ છે. (લે)
4.વાણીઆઓનો અને શહેરની સ્ત્રીઓનો ભાવ લૌકિક ફલ છે. આ બંને પ્રકારનાં ફલ પ્રસન્ન થએલા ભગવાન જ આપે છે. (લે)
5.'બીજો' એટલે 'દેવ' (લે)
6.'ત્યાં' એટલે 'ભગવાનની નગરી (મથુરામાં)' (લે)
7.'લક્ષણ' એટલે 'મરણના લક્ષણ (ચિહ્ન).' (લે)
8.'તે' એટલે 'કંસ'. (લે)

પ્રમાણાનાં ફલં હ્યેતત્ કાર્યં ચાપિ નિરૂપિતમ્॥
કુબ્જાપ્યત્ર ધનૂરૂપા વાયુના તુ તથા કૃતા॥કા.5॥

કારણ કે 09 પ્રમાણોનું આ ફલ10 અને કાર્ય11 પણ જણાવેલ છે. કુબ્જા પણ12 અહિં ધનુષ્યના જેવા રૂપવાળી12 છે. વાયુએ (તેને) તેવી કરેલી12 છે. કા.5.

આધ્યાત્મિકો રુદ્રરૂપ: શિષ્ટૌ ધનુષિ સંસ્થિતૌ॥
યત્પાલકં તસ્ય ખણ્ડૌ સાધનં નાશને મતમ્॥કા.6॥

આધ્યાત્મિક13 (કાલ) રુદ્રરૂપ14 છે. બાકીના બે15 ધનુષ્યમાં રહેલા છે. જે પાલન કરનાર (માનેલું) તેના બે કટકાઓ (કંસનો)16 નાશ કરવામાં (ભગવાનનાં) સાધન મનાએલા છે. કા.6.

કાલોપિ વિપરીતોભૂદ્ દુર્નિમિત્તૈ: પતિર્દ્વિષામ્॥
બુદ્ધિર્હિ ન હિતા તસ્ય પ્રતિકૂલેડખિલં હરૌ॥કા.7॥

અસુરોનો પતિ કાલ પણ ખરાબ નિમિત્તોથી17 વિપરીત થયો, કારણ કે તેની (કંસની) બુદ્ધિ હિત કરનારી ન હતી18. (કંસ) હરિથી વિરુદ્ધ આચરણ કરતાં (આ) સર્વ (થયું)19. 7.

9.ભગવાને પોતાની લૌકિક અને અલૌકિક ફલ આપવાની શક્તિ અને કંસના મરણનાં ચિહ્નો તેને જણાવ્યાં છતાં તે (ભગવાનનો વિરોધ કરતાં) અટક્યો નહિ, ત્યારે પછી ભગવાને તેને હણ્યો. તેથી તેમાં ભગવાનનો દોષ નથી, એવો અર્થ છે. (લે)

10.ભગવાનનું લૌકિક અને અલૌકિક માહાત્મ્ય જાણવામાં આવે એ પ્રમાણોનું ફલ છે. તેથી તે પ્રમાણ પ્રકરણમાં જણાવવામાં આવે તે યોગ્ય છે એમ કહેવા 'હિ' 'કારણ કે' શબ્દ યોજેલ છે. (લે)

11.'કાર્ય' એટલે 'પ્રમાણોનું કાર્ય, પોતાનું મરણ થશે એવું કંસનું જ્ઞાન'. તેથી જ કૌષીતકી ઉપનિષદ્માં મરણનાં લક્ષણો કહેલાં છે. માણસ પોતાનું મરણ જાણે ત્યારે તેના (તે દૂર કરવાના) સાધન કરવામાં તત્પર થાય, એવા હેતુથી તે કહેલાં છે. પ્રમાણો મરણ જણાવીને એવા સાધનમાં પુરુષની પ્રવૃત્તિ કરાવે છે એવો ભાવ છે. (લે)

12.કદ્રૂપી ખૂંધવાળી ઉપર ભગવાનની કૃપા થવાનું કારણ કહેલું છે. તે પોતે તો લક્ષ્મીનો અંશ હોવાથી ઘણી સુંદર હતી, છતાં પણ ધનુષ્યના રૂપ જેવું સ્વરૂપ છે જેનું તેવી તેને વાયુએ કરેલી. છતાં તે લક્ષ્મીનો અંશ હોવાથી વાયુએ જેટલો ભાગ કદ્રૂપો કરેલો તે સરખો કરવાનો હતો, એવો ભાવ છે. જેમ લક્ષ્મીના બીજા અંશો ભગવાને ભોગ કરવા યોગ્ય છે, તેવી આ પણ છે, એમ 'અપિ' 'પણ' શબ્દથી જણાવેલ છે. (લે)

13.કંસનો ઉપાસ્ય દેવ પણ તેની વિરુદ્ધ થયો હતો એમ કહેવા તેનો ઉપાસ્ય દેવ કાલ ત્રણ પ્રકારનો હતો એમ કહે છે.

14.'રડાવે તે રુદ્ર'. તેના જેવું રૂપ છે જેનું તેવો રુદ્રરૂપ એટલે આધ્યાત્મિક મરણ કાલ. (લે)

15.'બાકીના બે' એટલે 'આધિભૌતિક અને આધિદૈવિક'. ધનુષ્ય આધિભૌતિક કાલરૂપ છે, અને બહાર ધનુષ્ય ઉપર સ્થાપન કરેલ દેવ આધિદૈવિક કાલરૂપ છે. (લે)

16.કંસે જેને પોતાનું રક્ષણ કરનારું માનેલ તે ધનુષ્યના બે કટકાઓ અને આ કારિકાના પૂર્વાર્ધમાં કહેલ ત્રણ પ્રકારના કાલ કંસનો નાશ કરવામાં ભગવાનનાં સાધન મનાએલા છે.

(લે)
17.'ખરાબ નિમિત્ત' એટલે 'ખરાબ અદૃષ્ટો (ચિહ્નો)'. (લે)
18.કંસની બુદ્ધિ કંસનું હિત કરનારી ન હતી. (લે)
19.સર્વ વિપરીત થવાનું મુખ્ય કારણ અહિં કહેલું છે. હરિ પ્રતિ પ્રતિકૂલ (વિરુદ્ધ) આચરણ કરવામાં આવે ત્યારે સર્વ વિપરીત થાય છે. (લે)

ગયા અધ્યાયના અંતે (ભગવાન્) સુદામાના ઘરમાંથી બહાર પધાર્યા એમ કહ્યું. તે સમયે વળી બીજાના ઘેર (ભગવાન્) પધારે એમ સંભવતું હોવાથી, તેમ થયું ન હતું એમ જણાવવા, પોતાની પહેલાંની લીલા પ્રમાણે જ ભગવાન્ ફરવા મંડ્યા એમ જૂદા આરંભથી નીચેના શ્લોકમાં કહે છે:

॥શ્રીશુક ઉવાચ॥ શ્રીશુક કહે છે:

अथ व्रजन् राजपथेन माधवः स्त्रियं गृहीताङ्गविलेपभाजनाम्॥
विलोक्य कुब्जां युवतीं वराननां पप्रच्छ यान्तीं प्रहसन् रसप्रदः ॥1॥

પછી રાજમાર્ગે પધારતાં જેણે અંગ ઉપર લગાડવાના લેપનું પાત્ર લીધેલું છે તેવી ખૂંધવાળી જુવાન સુંદર મુખવાળી સ્ત્રીને જતી જોઈને, રસનું દાન કરનાર માધવે ઘણું હસતાં નીચે પ્રમાણે પૂછયું. 1.

રાજમાર્ગથી જ પધારતાં (ભગવાને) સ્ત્રીને જોઈ, કારણ કે સ્ત્રીઓ ભગવાનની કૃપાપાત્ર હોવાથી તેમના સંબંધમાં ભગવાનને વધારે પ્રયાસ કરવો પડતો નથી20. 'તેમનું પ્રિય કરવા દેવોની સ્ત્રીઓ જન્મો' (શ્રીમદ્ભાગવત 10।23) વાક્ય પ્રમાણે કાલ જ21 તેઓને (સ્ત્રીઓને) ભગવદીય બનાવે છે. તેથી કુબ્જા (ભગવાનને માર્ગની) મધ્યમાં ભેગી થઈ. તેને સરખી (ખૂંધ વગરની) કરવી એ અલૌકિક (કાર્ય) હોવાથી, (ભગવાને પોતાનું) અલૌકિક સામર્થ્ય જણાવવા ચાર રસ્તા મળે ત્યાં જ તેમ કર્યું (તેને સરખી કરી). 'માધવ' શબ્દથી (એમ કહેલું છે કે ભગવાન્) લક્ષ્મીના પતિ હોવાથી, (અને) તે (કુબ્જા) તે(લક્ષ્મી)નો અંશ બનેલી હોવાથી, (ભગવાને) તેનો ઉદ્ધાર કરવો જોઈએ. તેનું નામ પ્રસિદ્ધ (જણાએલું) ન હતું તેથી (તેની) જાતિ વિગેરે જ કહેલાં છે. 'સ્ત્રીને' એટલે ઉત્તમ ભોગ કરવા યોગ્ય(સ્ત્રી)ને. 'ગૃહીતં' લીધેલું છે 'અગરવિલેપભાજનં' અંગ ઉપર લગાડવાના લેપનું પાત્ર જેણે તેવી (તે હતી); કારણ કે પોતાના ઘરમાં અંગ ઉપર લગાડવાનો લેપ તૈયાર કરીને કંસને માટે લઈ જતી હતી. ભગવાને (મથુરામાં) પ્રવેશ કર્યો ત્યારે તે(કંસ)માંથી રાજાના ધર્મો (ગુણો) જતા રહ્યા અને ભગવાનમાં જ આવ્યાં. તેથી જ રાજાએ ભોગવવા યોગ્ય વસ્ત્રો ચંદન અને માલા ભગવાને જ લઈ લીધાં. તે કુબ્જા એટલે પાછલો ભાગ જેનો બહાર નીકળેલો છે (જેને ખૂંધ છે) તેવી, જુવાન એટલે વયમાં પણ ઉત્તમ (સ્ત્રીને ભગવાને જોઈ). 'સુંદર મુખવાળી' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તે દેખાવમાં પણ ઉત્તમ હતી, પરંતુ (ભોગ કરવા માટે) મુખ્ય (કાર્ય) ચત્તા સૂવાની તેનામાં (ખૂંધને લીધે) શક્તિ નહિ હોવાથી, (તે) ભોગ માટે યોગ્ય ન હતી. તેથી જેને

અર્ધ ફલ પ્રાપ્ત થએલું તેવી તેને માર્ગની વચ્ચે જોઈને (ભગવાને નીચે પ્રમાણે) પૂછ્યું. (તે સમયે) તે જતી જ હતી, પરંતુ ભગવાનને જોઈને તે ઉભી રહી ન હતી. (ભગવાન્ પોતાનો) ભોગ કરવાના નથી એવા નિશ્ચયને લીધે, ભક્તિ જ્ઞાન વિગેરેમાં તેનો અધિકાર નહિ હોવાથી, (અને ભગવાનનાં) દર્શન કરવાથી કામની પીડા થવા સંભવ હોવાથી તે જતી જ હોય તેવી થએલી (હતી). (ભગવાને) ઘણું હસતાં એટલે તેના બધાએ વિવેકને હરી લેતાં, તે જેમ (પોતાને) જૂએ તેમ તેની સાથે વાતચીત કરી. ભગવાન્ પોતે પણ (પોતાના) કૃપાપાત્રને બોલાવીને, તેની પોતાની અંદર પ્રવૃત્તિ કરાવે છે એમ જણાવવા, (ભગવાને તેની સાથે) વાતચિત કરી. 'આ કોઈ વિચિત્ર ખૂંધવાળી જાય છે' એમ લોકરીત પ્રમાણે ઘણું હસ્યા (મશ્કરી કરી).

'ચાલી જતી(સ્ત્રી)ને ભગવાને એમ કેમ બોલાવી?' એવી શંકા થાય, તેથી 'રસનું દાન કરનાર' વિશેષણ યોજેલ છે. 'રસં' એટલે પોતાનું (ભગવાનનું) સ્વરૂપ અથવા કામનો રસ 'પ્રકર્ષેણ' ઘણો જ 'દદાતિ' આપે તેવા (ભગવાન્ છે). 1.

20.સુદામાની પેઠે ભગવાનને કુબ્જાના ઘેર પધારવું પડ્યું ન હતું તેથી આ પ્રમાણે કહેલ જણાય છે. (લે)

21.'કાલ' એટલે '(ભગવાનનાં) અવતાર સમયનો કાલ.' (લે)

નીચેના શ્લોકમાં (ભગવાને તેને કરેલ) પ્રશ્ન કહે છે:

કા ત્વં વરોર્વેતદુહાનુલેપનં કસ્યાંગને વા કથયસ્વ સાધુ નઃ ॥
દેહ્યાવયોરઙ્ગવિલેપમુત્તમં શ્રેયસ્તતસ્તે ન ચિરાદ્ભવિષ્યતિ॥2॥

હે ઉત્તમ સાથળોવાળી! હે સુંદરી! તું કોણ છે? અને વળી આ અંગ ઉપર લગાડવાનો લેપ કોનો છે? અમને સરખી રીતે કહે. અમને બેને અંગ ઉપર લગાડવાનો ઉત્તમ લેપ આપ. પછી તરત જ તારું કલ્યાણ થશે. 2.

'હે ઉત્તમ સાથળોવાળી!' સંબોધન તે ભોગ કરવા યોગ્ય હતી એમ સૂચવે છે. 'ઉહ' અને વળી, આ લેપ કોનો છે? અથવા તું કોની (સ્ત્રી) છે? 'હે સુંદરી' એવું ફરીથી પ્રીતિથી (કરેલું) સંબોધન એમ જણાવવા કરેલું છે કે તારા ઉપર ઘણી પ્રીતિ હોવાથી તને ભોગ કરવા યોગ્ય બનાવીશ. અમને (લેપ અથવા તું) કોના સંબંધવાળા છો તે જાણવાનું કાંઈ પણ પ્રયોજન નથી, એવી બેદરકારી જણાવવા 'વા' શબ્દ યોજેલો છે. જેમ સરખી રીતે થાય (કહેવાય) તેમ 'નઃ' અમને કહે. વળી આ લેપ ઉત્તમ જણાય છે તેથી અમને બેને આપ. (આમ કહેવામાં) ભગવાનનો અભિપ્રાય એવો હતો કે અંગે લગાડવાનો લેપ (તું) આપીશ એટલે હું (તને) અંગ જ આપીશ. 'પછી તરત જ તારું કલ્યાણ થશે' એ છેલ્લા ચરણથી તે (અભિપ્રાય) જ કહેલ છે. જો કે દેશ વિગેરે પ્રશંસાપાત્ર નહિ હોવાથી (લેપના) દાનનું ફલ (તેને) તરત નહિ મળે, છતાં પણ (તું અમને) લેપ આપીશ ત્યારે (મારાં) દર્શનનું ફલ પણ તને તરત જ મળશે, એવા આશયથી એમ કહેલું છે. 2.

તે (કુબ્જા) તો અંત:પુરની દાસી સૈરંધ્રી (ખવાસણ) (મહેલની) બહાર રહેતી હતી અને પતિ વિનાની હતી. તે પોતાનું સ્વરૂપ નીચેના શ્લોકમાં જણાવે છે:

દાસ્યસ્મ્યહં સુન્દરવર્ય સમ્મતા ત્રિવક્રનામા હ્યનુલેપકર્મણિ॥
મદ્ભાવિતં ભોજપતેરતિપ્રિયં વિના યુવાં કોન્યતમસ્તદર્હતિ॥3॥

હે સુંદર(પુરુષો)માં ઉત્તમ! લેપ કરવામાં પસંદ કરાએલી ત્રિવક્રા નામની હું દાસી છું. મેં બનાવેલો (લેપ) ભોજપતિને ઘણો પ્રિય છે. તમારા વિના બીજો કોણ તે માટે યોગ્ય છે? 3.

સ્વભાવથી જાતિથી જ (હું) દાસી છું. 'હે સુંદર (પુરુષો)માં ઉત્તમ!' સંબોધનથી એમ (જણાવ્યું છે કે) જો આપ (ભગવાન્) કૃપા કરશો તો હું આપની જ થઈશ. રાજાની દાસીઓ પણ છૂપી વેશ્યાઓ જેવી જ હોય છે. (હું દાસી છું), પરંતુ લેપ બનાવવાના કામમાં એટલે ચતુ:સમ1 બનાવવાના કામમાં બધાઓથી જ હું પસંદ કરાએલી છું. આ વિષયમાં લેપનો ભોગ કરનાર રાજા પુરાવારૂપ હોવાથી, 'મેં બનાવેલો (લેપ ભોજપતિને ઘણો પ્રિય છે)' શબ્દોથી તેની (રાજાની) સંમતિ જણાવે છે. મેં 'ભાવિતં' ભાગ પ્રમાણે બનાવેલો અંગ ઉપર લગાડવાનો લેપ ભોજપતિ એટલે કંસને ઘણો પ્રિય છે. તેથી 'વાં' આપ બે વિના બીજો કોણ તે માટે યોગ્ય છે? ભોજપતિને (તો) તે પ્રિય જ છે, પરંતુ ભોજપતિ તેને માટે યોગ્ય નથી. 3.

1.'ચતુ:સમ' એટલે કેસર, કસ્તુરી, સુખડ અને અગર, આ ચાર પદાર્થો યોગ્ય પ્રમાણમાં મેળવીને લેપ બનાવવામાં આવે છે.

જો કે તે (લેપ) રાજાનો હતો તેથી રાજા તેને માટે યોગ્ય હો કે ન હો તો પણ રાજા જીવતો હોય ત્યાં સુધી બીજાને આપવો યોગ્ય ન હતો, છતાં પણ કામને લીધે ભગવાનને વશ થઈ તેણે (તે લેપ ભગવાનને) આપ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:

રૂપપેશલમાધુર્યહસિતાલાપવીક્ષિતૈ:॥
ધર્ષિતાત્મા દદૌ સાન્દ્રમુભયોરનુલેપનમ્॥4॥

રૂપની કોમલતા, માધુર્યવાળાં હાસ્ય, સંભાષણ અને દૃષ્ટિથી જીતાએલા આત્માવાળી થઈ તેણે બંનેને ઘાટો લેપ આપ્યો (લગાડ્યો). 4.

રૂપ એટલે ભગવાનનું નીલ (કાળાં) વાદળાં જેવું શ્યામ રૂપ(રંગ). તેની 'પેશલં' કોમલતા, એટલે સ્ત્રીઓએ ભોગ કરવાની યોગ્યતા. 'માધુર્ય' (એ) તે જ કોમલતાનો અધિક ગુણ છે; અથવા માધર્યુવાળું હાસ્ય, અને હાસ્યપૂર્વક સંભાષણ, અને દૃષ્ટિઓ. રૂપ, હાસ્ય, સંભાષણ અને દૃષ્ટિ એવાં આ (અનુક્રમે) દેહ, ઇન્દ્રિયો, અંત:કરણ અને આત્માને વશ કરવાનાં સાધનો છે, તેથી તેમનાથી 'જીતાએલા આત્માવાળી' એટલે જેના દેહ ઇન્દ્રિયો વિગેરેએ (પોતાનું) સ્વરૂપ ગૂમાવેલું છે તેવી થઈ, (પાત્રની) અંદર રહેલો 'સાન્દ્રં' ઘાટો લેપ તેણે તે બેને આપ્યો (લગાડ્યો). બંને(શ્રીકૃષ્ણ અને કુબ્જા)માં મનની પ્રસન્નતા હોવાથી, ભગવાને પણ તેવી જ માગણી કરેલી તેથી (તે ઘાટો લેપ આપ્યો). 4.

પછી ભગવાનનો ત્રણે પ્રકારનો1 અલંકાર થયો એમ નીચેના શ્લોકથી કહે છે:

તતસ્તાવઙ્ગરાગેણ સ્વવર્ણેતરશોભિના॥

સમ્પ્રાપ્તપરભાગેન શુશુભાતેનુરજ્જિતૌ॥5॥

પછી પ્રસન્ન થએલા તે બે પોતાના વર્ણથી જૂદા રંગને લીધે શોભતા, (દેહના) ઉપરના ભાગમાં લગાડેલા લેપથી શોભ્યા. 5.

'પોતાના વર્ણથી' એટલે (બલભદ્ર અને શ્રીકૃષ્ણના) શ્વેત અને શ્યામ વર્ણથી જૂદો જે પીળો વર્ણ (લેપનો રંગ) તેનાથી 'શોભિના' શોભાવાળા લેપથી તે બંને શોભ્યા. 'ઉપરના ભાગમાં લગાડેલા' વિશેષણથી (ભગવાનનાં) સ્વરૂપની શોભા કરનારો (તે લેપ) ન હતો (એમ જણાવેલ છે). 'સમ્યક્' સારી રીતે 'પ્રાપ્ત:' પ્રાપ્ત કરાએલો છે 'પર:' નાભિથી ઉપરનો ભાગ જે લેપથી, એટલે નાભિથી ઉપર કંઠ સુધી બધાએ સ્થલે (અંગો ઉપર) લેપ લગાડેલો હતો. સારી રીતે લગાડેલો એટલે જેમ (લગાડવાથી) વસ્ત્રો તથા માલા વિગેરેની શોભાનો નાશ ન થાય તે પ્રમાણે લગાડેલો.

'વસ્ત્રો વિગેરે ઘસાવાથી અથવા પોતાની મેળે તે (લેપ) ખરી પડવાથી, (તેનાથી થએલી) શોભા સ્થિર કેમ રહે?' એવી શંકા થાય, તેથી 'પ્રસન્ન થએલા' વિશેષણ યોજેલ છે. જેમ મજીઠ વિગેરેથી વસ્ત્ર રાગ(રતાશ)વાળું થાય તેમ તે(લેપ) થી રાગ(સ્નેહ)વાળા થયા, અથવા પ્રસન્ન થયા. 5.

1.'ત્રણે પ્રકારનો' એટલે વસ્ત્રોનો, માલાઓનો અને લેપનો એવો અર્થ જણાય છે. 'સારી રીતે લગાડેલો' લેપ કેમ કહેવાય તે જણાવતાં આ અર્થ સુચવેલો છે.

(કુબ્જાએ ભગવાનનું) વાક્ય કર્યું (આજ્ઞા માની લેપ લગાડ્યો) તેથી, ત્યાર પછી ભાવિ ફલ પ્રાપ્ત કરાવનારું કાંઈક ફલ તે જ સમયે કરવાનો (આપવાનો) ભગવાને પ્રારંભ કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:

પ્રસન્નો ભગવાન્ કુબ્જાં ત્રિવક્રાં રુચિરાનનામ્॥
ઋજ્વીં કર્તું મનશ્ચક્રે દર્શયન્ દર્શને ફલમ્॥6॥

પ્રસન્ન થએલા ભગવાને (પોતાનું) દર્શન થતાં (પ્રાપ્ત થતું) ફલ જણાવતાં, ખાંધવાળી ત્રણ વાંક(વાંકાં અંગ)વાળી સુંદર મુખવાળીને એક સરખી કરવાનું મન કર્યું. 6.

(ભગવાનની) અતિશય શોભારૂપ તેનું (કુબ્જાનું) કર્મ જાણીને ભગવાન્ પ્રસન્ન થયા; અને (પોતે) 'ભગવાન્' (હોવાથી) સર્વ ફલનું દાન કરવા શક્તિવાળા છે. છતાં આરંભમાં દોષ દૂર કરવો જોઈએ તેથી દોષ જ દૂર કર્યો એમ જણાવવા 'ખાંધવાળી (ત્રણ વાંકવાળીને એક સરખી કરવાનું મન કર્યું)' એમ કહે છે. માત્ર ખાંધવાળી હતી એટલું જ નહિ, પરંતુ ડોક, પગો અને (શરીરનો) મધ્યભાગ એવા ત્રણે વાંક(વાંકા અંગ)વાળી હતી. મુખ વાંકું હશે એવી શંકા કરી, તે તેવું (વાંકું) ન હતું એમ 'સુંદર મુખ છે જેનું' વિશેષણથી કહે છે. (ભગવાને તેને) 'એકસરખી' (કરવાનું) એટલે (તેની) 'ખાંધ અને (અંગોનાં) વાંકાંપણાને કાઢી નાંખીશ' એવું મન કર્યું. બ્રહ્માએ (રચેલી) સૃષ્ટિમાં તે તેવી (ખાંધવાળી અને વાંકાં અંગોવાળી) જ હતી, તેથી મૂલ(સ્વરૂપ)ની (તે એકસરખી હોય તેવી) ઇચ્છા નહિ હોવાથી, નવિન (પ્રકારનું) મન કરવું

જોઈએ. (આથી) એમ જણાવે છે કે રાજસ (ભક્તો) બહુ કઠિન હોવાથી, તેઓને માટે ભગવાન્ નવિન પણ કરે છે.

'આ (કુબ્જા એક સરખી થાય તે) અંગોને લગાડવાનો લેપ (ભગવાનને) આપવાનું ફલ છે. તેમ હોવાથી (તે) શાસ્ત્રથી વિરુદ્ધ છે', એવી શંકા થાય. તેથી 'દર્શન થતાં (પ્રાપ્ત થતું) ફલ જણાવતાં' શબ્દો યોજેલ છે. આ ફલ દર્શનનું પણ નથી, પરંતુ દર્શનના પણ એક વિભાગનું છે એમ 'દર્શને' શબ્દમાંની સાતમી વિભક્તિથી જણાવેલું છે. 6.

નીચેના શ્લોકમાં (તેને) એકસરખી કરવાનો પ્રકાર કહે છે:

પદ્ભ્યામાક્રમ્ય પ્રપદે દ્વ્યઙ્ગુલ્યુત્તાનપાણિના॥
પ્રગૃહ્ય ચુબુકેધ્યાત્મમુદનીનમદચ્યુતઃ ॥7॥

બે ચરણોથી બે પગના આગલા ભાગ દબાવીને, જેની બે આંગળીઓ લાંબી કરેલી છે તેવા હસ્તથી (તેને) હડપચીથી પકડી, અચ્યુતે (તેના) શરીરને ઉંચું કર્યું. 7.

(અચ્યુતે) તેના બે પગના આગલા ભાગો પોતાના બે ચરણોથી દબાવીને, (તેની) પીઠ ઉપર (એક) હસ્ત રાખી, 'જેની બે આંગળીઓ લાંબી કરેલી છે તેવા હસ્તથી' એટલે (બીજા) હસ્તની ટચલી અને તેની પાસેની આંગળીઓ વાળી દઈ, વચલી અને અંગુઠા પાસેની બે આંગળીઓ લાંબી કરી (તે હસ્તથી તેને) હડપચી નીચેથી પકડી, 'અધ્યાત્મં' તેના શરીરને 'ઉદનીનમત્' ઉંચું કર્યું.

'સ્ત્રીનો સ્પર્શ થતાં બીજા (કામના) ભાવની અવશ્ય ઉત્પત્તિ થાય, તેથી ક્ષોભ પામ્યા વિના ભગવાને એમ કેવી રીતે કર્યું?' એવી શંકા થાય, તેથી 'અચ્યુત' શબ્દ યોજેલ છે. (ભગવાન્) અચ્યુત હોવાથી જ તેમણે તેને પણ (કોઈ) અવયવ વિનાની ન કરી, પરંતુ (પોતે) ઇચ્છેલા પ્રકારથી જ તેને સીધી (એક સરખી) કરી. ભગવાન્ બીજા પ્રકારથી પણ (તેને) એક સરખી કરે, છતાં પણ તે જતી (ચાલતી) જ રહેલી, તેથી તેને કામ અને મોક્ષ (બે) જ આપવા માટે (તેમણે પોતાની) બે જ આંગળીઓ લાંબી કરી. અંગુઠો તો સર્વ(આંગળીઓ)ને સમાન હોવાથી, (તેનો) ઉપયોગ કર્યો ન હતો. એ પ્રમાણે રમતની પેઠે, (તે) વસ્ત્રની પૂતળી હોય એમ તેમણે તેને એકસરખી કરી. 7.

ભગવાનનો સ્પર્શ રહે ત્યાં સુધી જ તેવી (એકસરખી) રહે, એટલે (પહેલાંની) સ્થિતિ પ્રાપ્ત કરાવનાર સંસ્કાર(ગુણ)ને લીધે તે પહેલાં જેવી જ ન થાય (થઈ) એમ (જણાવવા), ભગવાને મૂકી દીધેલી તે(કુબ્જા)નું પણ વર્ણન નીચેના શ્લોકમાં કરે છે:

સા તદર્જુસમાનાઙ્ગી વૃહચ્છ્રોણિપયોધરા॥
મુકુન્દસ્પર્શનાત્ સદ્યો બભૂવ પ્રમદોત્તમા॥8॥

તે સમયે મુકુંદના સ્પર્શથી તરત જ તે સીધા સરખા અંગવાળી, મોટા નિતંબ અને સ્તનવાળી ઉત્તમ સ્ત્રી થઈ. 8.

ત્રણ વાંક(વાંકાં અંગ)વાળી પણ તે, તે જ સમયે સીધું અને સરખું અંગ છે જેનું તેવી થઈ.

‘ખાંધના ભાગમાં જે ઘણા અવયવો રહેલા તે જો તેના ઉદરમાં પ્રવેશ કરે તો તે પાતળાં ઉદરવાળી ન રહે. અને જો તે (અવયવો) જતા રહે તો (તેના શરીરના) એક ભાગનો નાશ થવાથી અચ્યુતનો સ્પર્શ શોભાવાળો (ગુણકારી) ન થાય’ એવી શંકા થાય, તેથી ‘મોટા નિતંબ અને સ્તનવાળી’ વિશેષણ યોજેલું છે. તે ભાગો (ખાંધના અવયવો) બે નિતંબો અને બે સ્તનોમાં પેશી ગયા. તેથી તેઓ ભોગ કરવામાં ઉપયોગી જ થયા. વળી ‘મુકુંદ’ એટલે મોક્ષ આપનાર બધાઓને જ (તેમની) પહેલાની અવસ્થાનો ત્યાગ કરાવી પોતાનો આનંદ પ્રાપ્ત કરાવે છે, તે પ્રમાણે તેમણે તે(કુબ્જા)ની પણ પહેલાની અવસ્થા દૂર કરી, (તેને) લક્ષ્મીના જેવી અવસ્થા પ્રાપ્ત કરાવી. તે (અર્થ) ‘મુકુંદના સ્પર્શથી તરત જ ઉત્તમ સ્ત્રી થઈ,’ શબ્દોથી કહેલો છે. 8.

પછી ભગવાને પોતાના માટે જ (તે કાર્ય) કર્યું એમ (વિચારી), તેણે ભગવાનને જ પકડ્યા એમ નીચેના શ્લોકમાં કહે છે:

ततो रूपगुणौदार्यसम्पन्ना प्राह केशवम्॥
उत्तरीयान्तमाकृष्य स्मयन्ती जातहृच्छया॥9॥

પછી રૂપ ગુણ અને ઉદારતા પ્રાપ્ત કરેલી, હસતી અને જેને કામ ઉત્પન્ન થએલો છે તેવી તેણે ઉપલાં વસ્ત્રનો છેડો ખેંચી કેશવને (નીચે પ્રમાણે) કહ્યું. 9.

પછી તેને રૂપ પ્રાપ્ત થયું, અને કમલના જેવી ગંધ, વિગેરે ગુણો પ્રાપ્ત થયા. પૂર્ણ રસ (પ્રાપ્ત થયો), અને તેનું દાન કરવાની ઉદારતા પ્રાપ્ત થઈ. ઉદારતામાં બધા ગુણો રહેલા છે, તેથી અંદરના સત્ય વિગેરે સર્વ (ગુણો પ્રાપ્ત થએલા) કહેલા છે. એવી રીતે સર્વ ગુણો પ્રાપ્ત કરેલી થઈ, તેણે ‘કેશવ’ એટલે બ્રહ્મા વિગેરેને પણ સુખ આપનાર(ભગવાન)ને (નીચે પ્રમાણે) કહ્યું. તે દાસી એવી રીતે મદવાળી સ્ત્રી થઈ તેથી, અને તેને ભગવાનના અંગનો સ્પર્શ પણ થયો તેથી, નિર્ભય થઈ, (ભગવાન્) કામના રસિલા હોય અથવા જાર હોય તેમ તેમના ઉપલા વસ્ત્રનો છેડો ખેંચીને, તે જ સમયે જેને પ્રેમ ઉત્પન્ન થએલો છે તેવી, પોતાનું હૃદય જાણે કે જણાવતી હોય તેવી, જાણે કે હસતી હોય તેવી તેણે (નીચે દશમા શ્લોકમાં) કહેવામાં આવશે તે કહ્યું.

‘ચાર રસ્તા ઉપર સભા (માણસોની મેદની) વચ્ચે તેણે એમ કેમ કર્યું?’ એવી શંકા થાય, તેથી ‘ઉત્પન્ન થએલો છે કામ જેને’ તેવી (તે હતી) એમ કહેલું છે. 9.

નીચેના શ્લોકમાં તે(કુબ્જા)નું વચન કહે છે:

એહિ વીર ગૃહં યામો ન ત્વાં ત્યક્તુમિહોત્સહે॥
ત્વયોન્મથિતચિત્તાયા: પ્રસીદ પુરુષર્ષભ॥10॥

હે વીર! ચાલો, આપણે ઘેર જઈએ. હું અહિં તમને તજી શકતી નથી. હે ઉત્તમ પુરુષ! તમે મથી નાખેલા ચિત્તવાળી ઉપર પ્રસન્ન થાઓ. 10.

સ્ત્રીઓને (કામરસ વિના) બીજો કોઈ રસ ગમતો નથી, તેથી ગોપિકા પેઠે આ (કુબ્જા) પણ કામને જ પુરુષાર્થ માને છે. (ભગવાન્) તે (કામ) આપવા સમર્થ હોવાથી, ‘હે

વીર!' એવું (તેમનું) સંબોધન કરે છે. 'ઘેર' એટલે રમણ કરવા યોગ્ય સ્થાને. પોતાને અને ભગવાનને પોતે જ (પોતાના સરખા જ) હોય એમ માની, 'આપણે જઈએ' એમ કહે છે. બધાં(ગોપો વિગેરે)ને કામ છે એમ કહો, તો તમારે (શ્રીકૃષ્ણે) અવશ્ય આવવું એવા અભિપ્રાયથી 'હું તમને અહિં તજી શકતી નથી' એમ કહે છે. (ભોગ માટે) તૈયારી જ કરી (મને ભોગ કરવા યોગ્ય જ બનાવી) પરંતુ ભોગવી નહિ તેથી (મારું) કાર્ય સરેલું નહિ હોવાથી, (આપનો) ત્યાગ કરવો તો દૂર રહ્યો, પરંતુ તે (ત્યાગ કરવા) માટે વિચાર પણ હું કરી શકતી નથી.

'એવી રીતે આગ્રહ કરવાનું શું કારણ?' એવો પ્રશ્ન થાય, 'તેથી તમે મથી નાખેલા ચિત્તવાળી' વિશેષણ યોજેલું છે; કારણ કે આપે મારા ચિત્તને મથી નાખેલું છે, અને તે(ચિત્તના મથન)થી મારું (ભાન) જતું રહેલ છે. મથન કરીને માખણની પેઠે તેનું ફલ ભોગવવું જોઈએ, તેથી (આપ) ભોગ કરો તે માટે આગ્રહ (કરું છું), એવો અર્થ છે.

'ઈશ્વર પ્રતિ એવી રીતે ઉદ્ધતાઈ તેણે કેમ કરી?' એવી શંકા થાય, તેથી 'પ્રસન્ન થાઓ' શબ્દ યોજેલ છે. હે સ્વામિ! આપ પ્રસન્ન થાઓ; કારણ કે આપ પ્રસન્ન હો ત્યારે જ સર્વ (ઇચ્છા સિદ્ધ) થાય છે.

'(હું પ્રસન્ન થઈશ) ત્યારે (તને) કામ વિનાની કરીશ' એવી શંકા થાય, તેથી 'હે ઉત્તમ પુરુષ!' એવું સંબોધન કરેલું છે. હે ઉત્તમ પુરુષ! (તમે મને કામ વિનાની નહિ કરો), કારણ કે પુરુષ સ્ત્રીને કામ વિનાની કરતો નથી, પરંતુ કામથી પૂર્ણ જ કરે છે. ઉત્તમ પુરુષ તો (તેને) ઘણી જ વધારે (કામથી પૂર્ણ કરે). 10.

'એવી રીતે કામથી પીડાએલી (સ્ત્રી) આગ્રહ કરે ત્યારે તેની અવગણના કરવી એ અયોગ્ય હોવાથી, ભગવાને (ત્યારે) શું કર્યું?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

એવં સ્ત્રિયા યાચ્યમાનઃ કૃષ્ણો રામસ્ય પશ્યતઃ ॥
મુખં વીક્ષ્યાનુગોપાનાં પ્રહસંસ્તામુવાચ હ॥11॥

બલભદ્ર જોતાં એવી રીતે સ્ત્રીથી પ્રાર્થના કરાએલા શ્રીકૃષ્ણે ગોપોના મુખને જોઈ, હસતાં તેને (નીચે પ્રમાણે) કહ્યું. 11.

એવી રીતે આગ્રહ(કરવા)ના પ્રકારથી સ્ત્રીથી પ્રાર્થના કરાએલા શ્રીકૃષ્ણ, જેમણે તેઓના (સ્ત્રીઓના) માટે જ અવતાર લીધેલો હતો (તેમને તેણે કહ્યું); છતાં પણ બલભદ્ર (આ સર્વ) જોતા હતા. (આ વિષયને) બંધ કરવા માટે અથવા સાધન (બલભદ્રની ગેરહાજરી) પ્રાપ્ત થાય તે માટે બલભદ્ર(ની હાજરી) જણાવેલ છે. પછી સેવકોનાં (ગોપોનાં) મુખને જોઈને, અને 'ચ' 'અને'1 શબ્દ હોવાથી બલભદ્રનું પણ (મુખ જોઈને), એટલે બાલકો (ગોપો) આનંદ (કરવા)ની ઇચ્છાવાળા છે, બલભદ્રને યુદ્ધ કરવાની ઇચ્છા છે અને આ (કુબ્જા) કામને વશ થએલી છે (એમ જોઈને), આમ હોવાથી સર્વની ઇચ્છાઓ પૂરી કરવી જોઈએ એમ (વિચારી), હસતાં એટલે તે(કુબ્જા)ને સારી રીતે મોહ ઉત્પન્ન કરતાં, (શ્રીકૃષ્ણે નીચે પ્રમાણે) કહ્યું. (શ્લોકમાં) 'હ' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજેલ છે, કારણ કે

સ્ત્રીઓથી પ્રાર્થના કરવામાં આવતાં (તેમની ઇચ્છા પૂરવામાં) શ્રીકૃષ્ણ વિલંબ કરતા નથી, અથવા પૂર્ણ આનંદવાળાએ (શ્રીકૃષ્ણે) 'હું આવીશ' એમ કેમ કહ્યું?2 (એ આશ્ચર્યકારક છે). 11.

1.શ્રીસુબોધિની પ્રમાણે અર્થ થાય તે માટે રા.વાડીલાલભાઈએ 'મુખં ચ વીક્ષ્યાનુગાનાં' એવું ત્રીજું ચરણ લીધેલું છે; પરંતુ એવો પાઠ લેતાં ચરણનો પાંચમો અક્ષર હ્રસ્વ જોઈએ તેને બદલે દીર્ઘ થાય છે 'મુખં વીક્ષ્ય ચ ગોપાનામ્' પાઠ લઈએ તો એ દોષ રહેતો નથી અને 'ગોપનામ્' શબ્દનો અર્થ 'અનુગાનામ્' સુબોધિનીમાં કહેલો છે એમ લઈ શકાય. શ્લોકમાં સામાન્ય પાઠ જ રહેવા દીધો છે.

2.અહિં બે પ્રકારે આશ્ચર્ય જણાવેલું છે (1)સ્ત્રીઓની પ્રાર્થના પૂર્ણ કરવામાં શ્રીકૃષ્ણ વિલંબ ન કરે, છતાં કુબ્જાને આવો વિલંબ થાય તેવો ઉત્તર તેમણે કેમ આપ્યો એ આશ્ચર્ય. (2)શ્રીકૃષ્ણ પૂર્ણ આનંદવાળા છે તેથી કુબ્જાને ઘેર જવાનું તેમને કાંઈ પ્રયોજન ન હતું, છતાં 'હું તારે ઘેર આવીશ' એમ તેમણે તેને કેમ કહ્યું એ આશ્ચર્ય. આ બેમાંથી એક પ્રકારનું આશ્ચર્ય દર્શાવવા 'હ' શબ્દ યોજેલ છે.

નીચેના શ્લોકમાં ભગવાને (તેને) કહેલ વાક્ય કહે છે:

એષ્યામિ તે ગૃહં સુભ્રુ પુંસામાધિવિકર્ષણમ્॥
સાધિતાર્થોઽગૃહાણાં નઃ પાન્થાનાં ત્વં પરાયણમ્॥12॥

હે સુંદર ભ્રમરોવાળી! કાર્ય સિદ્ધ કરેલો હું પુરુષોના મનની પીડા ટાળનારા તારા ઘેર આવીશ. અમો ઘર વિનાના મુસાફરોનું તું મુખ્ય આશ્રયનું સ્થાન છો. 12.

'હે સુંદર ભ્રમરોવાળી!' સંબોધન (કુબ્જાએ) જ અર્થની (કામની) પ્રાર્થના કરેલી તે જ અર્થ (તેની) રમુજ થાય તે માટે સૂચવે છે. તે(કુબ્જા)નો આ રસ જે પ્રકારે ગુપ્ત રહે તે માટે (તેની) રમુજ કરતા હોય તેમ, (તેના ઘરનું) 'પુરુષોના મનની પીડા ટાળનારા' એવું વિશેષણ કહે છે. જે કોઈ પુરુષો છે તેઓની મનની પીડા ગુપ્ત કારણવાળી હોય છે, અને તારું (કુબ્જાનું) ઘર જ તે(પીડા)નો ત્યાગ કરાવે છે, તેથી તે મનની પીડા ટાળનારું છે. છતાં પણ (મેં) આરંભેલું કાર્ય પુરું કરીને તે (તારા ઘેર આવવાનું) કરવું જોઈએ, તેથી વિલંબ જરુરી છે એમ 'કાર્ય સિદ્ધ કરેલો' શબ્દથી કહે છે. 'કંસને હણીને (હું આવીશ)' એવો (તેનો) અર્થ છે.

'પછી આપ (મારા ઘેર) પધારશો, એની શી ખાતરી?' એવો પ્રશ્ન થાય, તેથી 'અમો ઘર વિનાના મુસાફરોનું તું મુખ્ય આશ્રયનું સ્થાન છો.' શબ્દો યોજેલા છે. આ રમુજ માટે કહેલું છે. અમે અમારા સ્વાર્થ માટે જ આવશું, તેથી આ વિષયમાં સંદેહ ન કરવો. 'મુસાફરો' શબ્દથી એમ (કહેલું છે કે) ક્યાંક રહેવું જોઈએ, તેથી ઘર (રહેવાનાં ઠેકાણાં) માટે પણ આવવું જોઈએ, (તો પછી) જો કોઈ (આવવાની) પ્રાર્થના કરે તો ત્યાં રહીએ તેમાં શું સંદેહ? એવો અર્થ છે. વળી 'તું જ મુખ્ય આશ્રયનું સ્થાન છો.' અમારું તો ખાસ કરીને (તું આશ્રયનું સ્થાન છો), કારણ કે પોતાને માટે જેને ઉત્પન્ન કરેલી (સુંદરી બનાવેલી) હોય તે મુખ્ય આશ્રયનું સ્થાન થાય જ. 12.

એ પ્રમાણે કહીને ભગવાને ચાલુ વિષયમાં જ પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે:

વિસૃજ્ય માધ્વ્યા વાણ્યા તાં વ્રજન્ માર્ગે વણિગ્જનૈ: ॥
નાનોપાયનતામ્બૂલસ્રગ્ગન્ધૈ: સાગ્રજોડર્ચિત: ॥13॥

મધુરી વાણીથી તેને રજા આપી રસ્તે ચાલતાં, વાણીઆઓએ જાતજાતની ભેટો તાંબૂલ માલા અને સુગંધી પદાર્થોથી મોટાભાઈ સહિત ભગવાનની પૂજા કરી. 13.

(કુબ્જાને રજા આપવામાં ભગવાનની) વાણી મધુરી હતી, પરંતુ (તે) વિલંબ કરાવનાર હોવાથી, તેનો અર્થ મધુર ન હતો. જેણે ઉપકાર કરેલો તેવી તે હતી અને તે એક સ્ત્રી હતી એમ 'તેને' શબ્દથી (જણાવ્યું છે). આ (આ વાણીઆઓ) તો તે(કુબ્જા)થી વિપરીત પ્રકારના હતા, તેથી આમનો મનોરથ સિદ્ધ થાય તે માટે રસ્તે જ ચાલતાં એટલે રાજમાર્ગે પધારતાં ત્યાં રહેલા વાણીઆઓએ (ભગવાનની પૂજા કરી). તેઓ ખાલી હાથવાળા ન હતા એમ જણાવવા જાતજાતની ભેટો, તાંબૂલ માલા અને સુગંધી પદાર્થો (એ) પૂજાનાં સાધનો કહેલાં છે. (એ સાધનોથી) બલભદ્ર સહિત ભગવાનની (તેઓએ) પૂજા કરી. 13.

એવી રીતે સાધારણ પુરુષોનો ઉપયોગ જણાવી. નીચેના શ્લોકમાં સાધારણ સ્ત્રીઓનો ઉપયોગ કહે છે:

તદ્દર્શનસ્મરક્ષોભાદાત્માનં નાવિદન્ સ્ત્રિય: ॥
વિસ્રસ્તવાસ:કબરવલયાલેખ્યમૂર્તય: ॥14॥

જેઓનાં વસ્ત્રો, અંબોડો અને કંકણો સરી પડેલાં છે તેવી સ્ત્રીઓ તેમનાં દર્શનથી ઉત્પન્ન થએલા કામના ખળભળાટને લીધે દેહનું ભાન ભૂલી. 14.

તે ભગવાનનાં દર્શનથી જે કામનો ખળભળાટ થયો, તેને લીધે 'આત્માનમ્' દેહનું ભાન ભૂલી, (એમ) પ્રપંચનું દૃઢ વિસ્મરણ કહેલું છે; કારણ કે ભગવાનનું દર્શન નવો કામ ઉત્પન્ન કરે છે. (દર્શન) પહેલાં પણ એક કામ કુદરતી હતો. આ બંને કામો ભેગા થઈ ખળભળાટ કરાવનારા થયા. (ભગવાનનાં) દર્શનથી થએલો કામ મુખ્ય રીતે (ઉત્પન્ન) થએલ હોવાથી, તેને જ ખળભળાટ કરાવનારો કહેલો છે. જ્યાં (સ્ત્રીઓને) દેહનું સ્મરણ (ભાન) રહ્યું નહિ, ત્યાં બીજા કોઈ (પદાર્થનું) સ્મરણ (ભાન) તો ક્યાંથી જ હોય, એમ (કહેવા દેહનું) અત્યંત વિસ્મરણ જણાવવા ઉત્તરાર્ધ કહેલો છે. (તે સ્ત્રીઓ) સર્વ આભરણોથી શણગારાઈ ભગવાનનાં દર્શન કરવા આવેલી. તે પ્રસંગે ભગવાનનાં દર્શનથી (કામને લીધે) ખળભળાટ થતાં આભરણો પોતાની મેળે જ તૂટી પડ્યાં. (આભરણો અને વસ્ત્રો) બંનેનો ઉપયોગ નહિ હોવાથી, વસ્ત્રો, 'કબર:' અંબોડો અને 'વલયા:' કંકણ વિગેરે આભરણો 'વિશેષેણ' ખાસ કરીને 'સ્રસ્તાનિ' નીચે (સરી) પડ્યાં. વળી 'આલેખ્યં' ચિત્રના જેવી 'મૂર્તિ:' મૂર્તિ છે જેમની એ વિશેષણથી તેઓની સર્વ ક્રિયા પણ અટકી ગઈ એમ કહેલું છે. 'પહેલાંનાં કરતાં'1 પણ આ સ્ત્રીઓનું સર્વ ક્રિયારહિત હોવાપણું વધારામાં કહેલું છે. 14.

1.'પહેલાંનાં કરતાં' એટલે 'વાણીઆઓના કરતાં' (લે) 'પાછલા આડત્રીસમા અધ્યાયના શ્લોક 24 થી 29 વડે સ્ત્રીઓનું વર્ણન કરેલું છે તે સ્ત્રીઓના કરતાં' એવો 'પહેલાંનાં કરતાં'નો અર્થ વધારે યોગ્ય જણાય છે.

એવી રીતે આધિભૌતિક રૂપવાળાનાં1 પ્રપંચનું વિસ્મરણ વર્ણવી, આધિદૈવિક2 (રૂપવાળા) પણ તેવી3 પ્રેરણા ન કરે તે માટે (તેઓને) ભય અથવા પ્રપંચનું વિસ્મરણ કરાવતાં ભગવાને ધનુષ્યનો ભંગ કરવાની પ્રવૃત્તિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છે:

ततः पौरान् पृच्छमानो धनुषः स्थानमच्युतः॥
तस्मिन् प्रविष्टो ददृशे धनुरैन्द्रमिवाद्भुतम्॥15॥

પછી શહેરવાસીઓને ધનુષ્યનું સ્થાન પૂછતાં અચ્યુતે ત્યાં પ્રવેશ કરી ઇન્દ્રના ધનુષ્ય જેવું અદ્ભુત ધનુષ્ય જોયું. 15.

ત્યાં (ધનુર્યાગ) જોવા આવેલા ગામડીઆઓ પણ હતા. તેઓને ભગવાન્ પૂછતા ન હતા, (એમ જણાવવા) 'શહેરવાસીઓ' શબ્દ (યોજેલ છે). (શહેરવાસીઓ) સારી રીતે જાણતા હોય તેથી 'ધનુષ્યની પૂજા ક્યાં થાય છે' એમ (ભગવાન્) તેમને પૂછતા હતા.

'ધનુષ્યની પૂજા જ્યાં થતી હતી તે ભયનું સ્થાન હોવાથી ભગવાન્ ત્યાં કેમ પધાર્યા?' એવી શંકા થાય, તેથી 'અચ્યુત' શબ્દ યોજેલ છે. તેઓ(શહેરવાસીઓ) એ (ભગવાનને) ઉત્તર આપ્યો એમ અર્થથી સમજાતું હોવાથી કહેલું નથી.

અથવા સર્વ (કાર્ય) ગુપ્ત રીતે (શ્રીકૃષ્ણ ભગવાન્ છે એમ જણાય નહિ તેવી રીતે) કરવું જોઈએ, તેથી લોકોનો ભ્રમ કાયમ રહે તે માટે (ભગવાને) પ્રશ્ન કરેલો. એ પ્રમાણે પૂછતાં જ તે ધનુષ્યની પૂજાના સ્થાનમાં પ્રવેશ કરી, (ભગવાને) ધનુષ્ય જોયું. 'જ્યાં સુધી આ ધનુષ્ય રહેશે ત્યાં સુધી તારો (કંસનો) પરાજય થશે નહિ' એમ (કંસને જણાવી), આ ધનુષ્ય ઘણું કરી (કંસ) જેની ઉપાસના કરતો હતો તે દેવતાએ (ત્યાં) રાખેલું. તેમ ન હોત તો ભગવાન્ તે(ધનુષ્ય)નો ભંગ ન કરત; અને તે (કંસ) પણ મરણના ભય સમયે તેની પૂજા ન કરત. જેમ ઇન્દ્રનું ધનુષ્ય વિચિત્ર અને મોટું હોય છે, તેવું જ આ પણ હતું, તેના (ઇન્દ્રના ધનુષ્યના) કરતાં પણ અદ્ભુત હતું; કારણ કે તે (ઇન્દ્રનું ધનુષ્ય) એક પ્રકારનું જ હોય છે, અને આ અનેક પ્રકારનું હતું. 15.

1.વાણીઆઓએ દેહના ઉપયોગમાં આવતા તાંબૂલ વિગેરેથી પૂજા કરી તેથી તેઓ આધિભૌતિક રૂપવાળા હતા. સ્ત્રીઓને દેહનું ભાન રહ્યું નહિ તેથી તેઓ પણ તેવા સ્વરૂપવાળી હતી. દેહના પ્રધાનપણાને લીધે આધિભૌતિક રૂપ થાય છે. તેથી જ 'આત્માનમ્' શબ્દનો અર્થ 'દેહ' કરેલો છે. (લે)

2.'આધિદૈવિક રૂપવાળા' એટલે જેમાં દેવતાનું આવાહન કરેલું તેવા ધનુષ્યનું હાથમાં હથીઆરો ધારણ કરી રક્ષણ કરનારાઓ, અને તે (આવાહન કરેલ) દેવતાઓ, એવો અર્થ છે. આનો આવતા શ્લોકના વ્યાખ્યાનમાં વિચાર કરવામાં આવશે. આ રક્ષકો અને દેવતાઓને

પણ ભય અને પ્રપંચનું વિસ્મરણ એ બે ઉત્પન્ન કરવા ભગવાને ધનુષ્યનો ભંગ કરવાની પ્રવૃત્તિ કરી, એવો વાક્યનો અન્વય છે. (લે)

3.અહિં દેવતાઓને અને રક્ષકોને ભય અને પ્રપંચનું વિસ્મરણ કરાવવાનું પ્રયોજન જણાવેલું છે. તેઓ ભય પામેલા અને પ્રપંચ વિસરેલા હોય તો કંસને તે જ સમયે આવી ભગવાન્ સાથે યુદ્ધ કરવાની પ્રેરણા ન કરે. જો તે જ સમયે કંસ આવી યુદ્ધ કરે તો તેને ભગવાન્ તે જ સમયે હણે, એટલે કુવલયાપીડ તથા મલ્લો વિગેરેના વધની લીલા થાય નહિ, એવો ભાવ છે. (લે)

પુરુષૈર્બહુભિર્ગુપ્તમર્ચિતં પરમર્ધિમત્॥
વાર્યમાણો નૃભિઃ કૃષ્ણઃ પ્રસહ્ય ધનુરાદદે॥16॥

માણસોએ (ધનુષ્ય પકડતાં) વારેલા શ્રીકૃષ્ણે ઘણા પુરુષોથી રક્ષાએલાં, પૂજા કરાએલાં, ઘણી અલૌકિક શક્તિવાળાં ધનુષ્યને બલપૂર્વક પકડ્યું. 16.

તે (ધનુષ્ય) તેના (કંસના) પ્રાણરૂપ હતું, તેથી ઘણા પુરુષોથી રક્ષાએલું હતું. તેનું રક્ષણ કરનારા હાથમાં હથીઆરવાળા (સૈનિકો), અને દૈત્યનું હિત ઇચ્છનાર દેવતાઓ હતા. તે (અર્થ) 'ઘણા (પુરુષોથી રક્ષાએલા)' વિશેષણથી કહેલો છે. વળી તે વસ્ત્રો વિગેરેથી 'પૂજા કરાએલું' હતું. આ(વિશેષણ)થી દેવતાની સંનિધિ (નજીકમાં હાજરી) કહેલી છે. 'ઘણી અલૌકિક શક્તિવાળાં' વિશેષણથી (તેનો) પ્રભાવ પણ કહેલો છે. પછી (ધનુષ્યને) જોવા પધારેલા ભગવાને અદૃશ્ય રહી (ધનુષ્ય રાખેલ તે સ્થાનની) અંદર પ્રવેશ કરી, તે ધનુષ્યને પકડ્યું એમ ઉત્તરાર્ધથી કહેલું છે. (ધનુષ્ય) પકડવામાં બધાએ માણસોએ વારેલા શ્રીકૃષ્ણ, જેમણે તે માટે (કંસના વધ માટે) જ અવતાર લીધેલો હતો, તેમણે 'પ્રસહ્ય' બલપૂર્વક તે(માણસો) ને દૂર કાઢી, પૂજાના સ્થાન ઉપર બે ચરણોથી આક્રમણ કરી 'ધનુરાદદે' ધનુષ્યને પકડ્યું. 16.

નીચેના શ્લોકમાં (ધનુષ્યને) પકડવાનો પ્રકાર કહેતાં, (તેના) ભંગનું વર્ણન કરે છે:

કરેણ વામેન સલીલમુદ્ધૃતં સજ્જં ચ કૃત્વા નિમિષેણ પશ્યતામ્॥
નૃણાં વિકૃષ્ય પ્રબભઞ્જ મધ્યતો યથેક્ષુદણ્ડં મદકર્યુરુક્રમઃ॥17॥

ડાબા હસ્તથી સહેલાઈથી ઉંચું કરી, માણસો દેખતાં આંખના પલકારામાં (તેને) સજ્જ કરી, ખેંચી, જેમ મદવાળો હાથી શેરડીના દંડ(સાંઠા)ને ભાંગી નાખે તેમ મોટાં પગલાં ભરનારે (ભગવાને) મધ્યમાંથી (તેને) સારી રીતે ભાંગી નાખ્યું. 17.

ધનુષ્ય (ચડાવતી વખતે) ડાબા હાથમાં જ રાખવામાં આવે છે. જમણા હસ્તથી પણ (શ્લોક 16માં કહેલ તેમ) પકડીને, (તેના પ્રતિ) તિરસ્કાર દર્શાવવા અને તે દૈત્યના અંશવાળું હોવાથી, ડાબા હસ્તથી જ તે પકડ્યું. તેઓ (રક્ષણ કરનારાઓ) યુદ્ધ માટે પ્રવૃત્તિ ન કરે તે માટે મોટાં(ધનુષ્ય)ને પણ સહેલાઈથી લીધું (ઊંચું કર્યું). એવું જોતાં છતાં પણ જો કોઈ યુદ્ધ માટે પ્રવૃત્તિ કરે તો પછી (તેને હણવામાં) ભગવાનને કાંઈ દોષ લાગશે નહિ એમ જણાવવા, સહેલાઈથી ઊંચું કર્યું અને સજ્જ કર્યું. (એમ) આંખના પલકારામાં એટલે માત્ર આંખના પલકારા જેટલા સમયમાં (કર્યું). પ્રત્યંચા (ધનુષ્ય ઉપર ચઢાવવાની દોરી ત્યાં) હતી જ.

(ધનુષ્ય દોરી ચઢાવતાં) ભાંગવાનો ભય ન રહે તે માટે તેને ઉપરના ભાગથી નમાવ્યું. થોડા સમયમાં પણ તેમ થઈ શકે છે.

અથવા 'અનિમેષેણ' આંખના પલકારા કર્યા વિના (માણસો) દેખતાં (ભગવાને તે પ્રમાણે ધનુષ્ય સજ્જ કર્યું). પછી મધ્ય(ભાગ)માંથી પકડી, ખેંચીને જેમ સાંધી ન શકાય તેમ મધ્યભાગમાંથી જ ભાંગી નાખ્યું. મજબુત રીતે મૂઠીમાં પકડી, ખૂબ ખેંચીને પછી મૂઠીની અંદરનો ભાગ ઢીલો કરવાથી ધનુષ્યનો ભંગ થાય છે. તેથી તે પ્રમાણે ખેંચીને મધ્યમાંથી ભાંગી નાખ્યું. 'સારી રીતે ભાંગી નાખ્યું' એટલે કટકે કટકા કર્યા એમ નહિ, પરંતુ બે જ કટકાઓ થાય તેવા પ્રકારથી (ભાંગી નાખ્યું).

(ભગવાનને ધનુષ્ય ભાંગવામાં) શ્રમ થયો ન હતો (એમ જણાવવા), 'જેમ (મદવાળો હાથી) શેરડીના દંડને (ભાંગી નાખે)' એવું દૃષ્ટાંત કહેલું છે. 'દંડ' શબ્દથી (શેરડીના સાંઠાનું) સૂકાપણું1 પણ જણાવેલું છે, અને હાથી મદવાળો છે. તે (સાંઠાને હું ભાંગું છું એમ) જાણતો પણ નથી.

'માત્ર દૃષ્ટાંત આપવાથી જે સાબિત કરવાનું હોય તે સાબિત થતું નથી, પરંતુ જેના વિષે દૃષ્ટાંત આપેલું હોય તેને તે લાગુ પાડવાથી (સિદ્ધ થાય છે). તેથી બાલકે ધનુષનો ભંગ શ્રમ વિના કેવી રીતે કર્યો?' એવી શંકા થાય, તેથી 'મોટાં પગલાં ભરનારે' શબ્દ યોજેલો છે2. 17.

1.લીલો સાંઠો વળે અને તેથી તેને ભાંગવામાં શ્રમ થાય, પરંતુ સૂકો સાંઠો ભાંગવામાં શ્રમ ન થાય, તે માટે સૂકાપણું જણાવેલું છે.

2.'ઉરુક્રમ:' મોટાં પગલાં ભરનાર. આ વિશેષણ ખાસ વામનનું છે. જેમ ઠીંગણા વામનજીએ મોટાં પગલાં ભરી ત્રણ પગલાંમાં વિશ્વ માપી લીધું, તેમ બાલક શ્રીકૃષ્ણે પ્રયાસ વિના ધનુષ્યને ભાંગી નાખ્યું એમ જણાવવા એ પદ યોજેલ છે.

'ત્યારે તો દૈવની ગતિથી જ તે મધ્યમાંથી ભાંગી ગયું હશે' એવી શંકા થાય, તેથી ભંગની મોટાઈ (પરાક્રમ) નીચેના શ્લોકમાં કહે છે:

ધનુષો ભજ્યમાનસ્ય શબ્દ: ખં રોદસી દિશ:॥
પૂરયામાસ યં શ્રુત્વા કંસસ્ત્રાસમુપાગમત્॥18॥

ભંગાતાં ધનુષ્યના શબ્દે આકાશ, પૃથ્વી અને સ્વર્ગ તથા દિશાઓ ભરી દીધાં. જે(શબ્દ)ને સાંભળી કંસ ત્રાસ પામ્યો. 18.

નબળો ભંગ થયો હોય તો મોટો અવાજ ન નીકળે. 'તે શબ્દ બીજા કારણથી જ થએલો તે સમયે ઉત્પન્ન થયો હશે' એવી શંકા થાય, તેથી તે દૂર કરવા 'ભંગાતાં' શબ્દ યોજેલો છે. (આ) વર્તમાન (કૃદંત) યોજેલ હોવાથી, તેનાથી જ શબ્દની ઉત્પત્તિ (થએલી) જણાવેલી છે. તેણે (શબ્દે) પોતાનું બધુંએ (રહેવાનું) સ્થાન ભરી દીધું એમ કહેવા, 'આકાશ' એટલે બ્રહ્માંડનો વચલો ભાગ, 'રોદસી' પૃથ્વી અને સ્વર્ગ, અને ચારે 'દિશાઓ' ભરી દીધાં, એટલે ધનુષ્યના ભંગનો જ અવાજ સર્વ સ્થલોએ સંભળાતો હતો, બીજો અવાજ

સંભળાતો ન હતો એમ કહેલું છે. આ થોડા સમયમાં જ (ભગવાને) કર્યું, એટલે તેઓ (ધનુષ્યનું રક્ષણ કરનારાઓ) તેમને રોકી શક્યા નહિ, અને પછી કેટલાક સમય સુધી તેઓ શબ્દથી જ રોકાઈ ગયા. તેથી ધનુષ્યનો ભંગ કોઈ પણ પ્રકારના અટકાવ વિના થયો. આ (ધનુષ્યભંગ કરવા)નું પ્રયોજન કંસને ભય ઉત્પન્ન કરવાનું હતું, તેથી તે પાર પડ્યું એમ 'જે શબ્દને સાંભળી કંસ ત્રાસ એટલે ઘણો ભય પામ્યો' શબ્દોથી કહેલું છે. નજીકમાં (અલ્પ સમયમાં જ) હું (મારા કર્મોનું) ફલ પામીશ એવા (વિચારથી) ઘણો ભય પામ્યો. 18.

નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી ઉભય સ્થલે1 રોકવા તત્પર થએલાઓને (ભગવાને) હઠાવી કાઢ્યા એમ કહે છે:

तद्रक्षिणः सानुचराः कुपिता आततायिनः॥
ग्रहीतुकामा आवव्रुर्गृह्यतां बध्यतामिति॥19॥

સેવકોસહિત કોપેલા તેનું રક્ષણ કરનારાઓ હથીયાર લઈ, પકડવાની ઇચ્છા કરી, 'પકડો, બાંધો' એમ બોલતા (ભગવાન્ વિગેરેની) આસપાસ ફરી વળ્યા.19.

ધનુષ્ય હતું તે સ્થાનમાં જ પ્રથમ ધનુષ્યનું રક્ષણ કરનારાઓ ઉભા હતા. ભગવાનને બલભદ્રને અને ગોપોને પકડવાની ઇચ્છા કરી, કોપ કરી, '(ભગવાને ધનુષ્ય ભાંગવામાં) અન્યાય કર્યો છે' એમ માની તે મૂર્ખાઓ 'आततायिनः' થયા એટલે તેમણે હાથમાં હથીઆર ઉપાડયાં; અને પછી 'आववुरं:' આસપાસ ફરી વળ્યા. તેઓના મનની અને કાયાની ક્રિયા (એ પ્રમાણે) કહી, 'પકડો, બાંધો' શબ્દોથી તેઓની વાચાની ક્રિયા કહેલી છે. જેઓ પકડાયા તેઓને બાંધવાની આજ્ઞા તેઓએ કરી. 19.

1.(1) ધનુષ્યનું પૂજન થતું હતું ત્યાં રક્ષણ કરનારાઓ રોકવા તૈયાર થયા. (2)બહાર પધારતાં કંસે લશ્કર મોકલ્યું તે દ્વાર પાસે રોકવા આવેલ. (જૂઓ શ્લોક 21નો આભાસ).

પછી તેઓનો વિરોધ જાણીને, આટલાંથી પણ તેઓ મૂકશે નહિ એવો તેઓનો દુષ્ટ અભિપ્રાય જાણીને, લીલાનો ત્યાગ કરી, જૂદા આરંભથી શ્રીકૃષ્ણ અને બલભદ્રે1 પુરુષાતન પ્રકટ કરી ગોપોનું રક્ષણ કરવા અને કંસને ભાન કરાવવા પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે:

अथ तान् दुरभिप्रायान् विलोक्य बलकेशवौ॥
क्रुद्धौ धन्वन आदाय शकले तांश्च जघ्नतुः॥20॥

પછી તેઓને દુષ્ટ અભિપ્રાયવાળા જાણીને બલભદ્ર અને કેશવે ક્રોધ કરી, ધનુષ્યના બે કટકાઓ લીધા અને તેઓને હણ્યા. 20.

'बल:' બલભદ્ર, અને બ્રહ્મા અને શંકરના પણ સેવ્ય એટલે તેઓથી પણ મોટા કેશવે (ધનુષ્યના રક્ષકોએ કરેલો) ભક્તોનો વિરોધ જાણીને ક્રોધ કર્યો. પછી સાધનથી જ તેઓને હણવા જોઈએ તેથી, અને તેઓના હાથમાં પણ શસ્ત્રો હતાં તેથી, જેનું આટલા સમય સુધી તેઓએ રક્ષણ કરેલું તે જ તેઓનો સંહાર કરનારું થયું એમ જણાવવા, ધનુષ્યના બે

કટકાઓ લઈ, (તે કટકાથી) તેઓને હણ્યા 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલ છે કે) બીજા દુષ્ટોને પણ હણ્યા, અથવા આધિદૈવિક દેવોને પણ હણ્યા.

'ધન્વન્' શબ્દનો અર્થ પણ ધનુષ્ય થાય છે, કારણ કે " 'ધન્વના' ધનુષ્યથી પૃથ્વી અને લડાઈઓ અમે જીતીએ" એમ (તે શબ્દ) વપરાય છે. વળી 'ધનવન્નિવ પ્રણ અસિ' 'રણમાં તું પરબ જેવી છે' એમ તેનો અર્થ અમુક પ્રદેશ પણ થાય છે. 20.

1.વાડીલાલભાઈએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'ભગવાન્' પાઠ છે. વૃંદાવન પ્રેસમાં પ્રસિદ્ધ થએલ ગ્રંથમાં 'ભગવન્તૌ' પાઠ છે એ વધારે યોગ્ય લાગે છે, કારણ કે 'આવિષ્કૃતપૌરુષૌ' 'પ્રવૃતૌ' વિગેરે દ્વિવચનમાં યોજાએલા છે. બલભદ્રમાં પણ શ્રીકૃષ્ણનો આવેશ હોય ત્યારે તેમને માટે પણ 'ભગવાન્' શબ્દ યોજાય છે. તેથી 'ભગવન્તૌ' શબ્દનો અર્થ શ્રીકૃષ્ણ અને બલભદ્ર કરેલ છે.

એવી રીતે (ધનુષ્યના) રક્ષણ કરનારા દેવો તથા માણસોને હણીને (બહાર) જવા તૈયાર થયા, તેટલામાં કોલાહલ થતાં કંસે લશ્કર મોકલ્યું. તેને ઘણી જ સહેલાઇથી હણી (તે બે) બહાર નીકળ્યા એમ નીચેના શ્લોકમાં કહે છે:

બલં ચ કંસપ્રહિતં હત્વા શાલામુખાત્તતઃ ॥
નિષ્ક્રમ્ય ચેરતુર્હૃષ્ટૌ નિરીક્ષ્ય પુરસંપદઃ ॥21॥

કંસે મોકલેલા લશ્કરને હણીને, પછી (ધનુષ્ય રાખવાના) સ્થાનના દ્વારમાંથી બહાર નીકળી, શહેરની શોભા જોઈ આનંદ પામેલા તે બે ફરવા મંડ્યા. 21.

હાથી, અશ્વ, રથ અને પગે ચાલનારા સૈનિકોનાં બનેલાં લશ્કર એટલે સેનાને હણી, ધનુષ્ય રાખવાના સ્થાનના દ્વારમાંથી બહાર નીકળી, યુદ્ધના જુસ્સાનો ત્યાગ કરી, એક ક્ષણમાં તે બે મનોહર રૂપવાળા થયા. તેથી આનંદ પામી શહેરની શોભા જોઈને, જેમ આ બે ધનુષ્યની વાત પણ જાણતા નથી એમ લોકોને લાગે તે પ્રમાણે ફરવા મંડ્યા. ત્યાં (શહેરમાં) પહેલાંની પેઠે જ (તેમના પ્રતિ) સ્ત્રીઓ અને પુરુષોનો વ્યવહાર થયો તેથી (તે) વિષય જુદો રહેલ નથી. 21.

એવી રીતે તે બેને ઘણો આનંદ થયો ત્યારે, ભવિષ્યમાં તેમને આનંદ થાય તે માટે તેઓ ફરતા હતા ત્યારે જ સૂર્ય અસ્ત થયો એમ નીચે કહે છે:

તયોર્વિચરતોઃ સ્વૈરમાદિત્યોસ્તમુપેયિવાન્॥
કૃષ્ણરામૌ વૃતૌ ગોપૈઃ પુરાચ્છકટમીયતુઃ ॥22॥
તયોસ્તદદ્ભુતં વીર્યં નિશમ્ય પુરવાસિનઃ ॥
તેજઃ પ્રાગલ્ભ્યં રૂપં ચ મેનિરે વિબુધોત્તમૌ॥23॥

તે બે ઇચ્છા પ્રમાણે ફરતા હતા ત્યારે સૂર્ય અસ્ત થયો. ગોપોથી વીંટાએલા શ્રીકૃષ્ણ અને બલભદ્ર શહેરમાંથી ગાડાં પાસે ગયા. તે બેનું તે અદ્ભુત વીર્ય, તેજ, મર્દાનગી અને રૂપ સાંભળીને શહેરવાસીઓએ તેમને દેવોથી પણ ઉત્તમ માન્યા. 22-23.

‘ઇચ્છા પ્રમાણે’ એટલે પોતાને સુખ થાય તેમ. આ (શબ્દથી) મર્યાદાનું ઉલ્લંઘન કરીને (કરેલી) લીલા પણ જણાવેલી છે. જે દૈત્યના અંશવાળા હતા તેઓને હણ્યા, અને જે કંસનું હિત ઇચ્છનારા હતા તેમને લૂંટ્યા, અને ઘણા કામને લીધે પીડા પામેલી સ્ત્રીઓને સંતોષ આપ્યો. એ પ્રમાણે કૃપારૂપ અને દંડરૂપ (કાર્ય) કરતા હતા એમ (કહેલું છે). તે સમયે (એવાં કાર્ય કરતા હતા ત્યારે) સૂર્ય અસ્ત થયો. કેટલાક (ટીકાકારો) કહે છે કે ભય પામીને (અસ્ત થયો). ભગવાન્ પણ (પોતાના ઉતારે) પાછા પધાર્યા એમ ઉત્તરાર્ધથી કહે છે.

અહિં ક્યાંક વચમાં1 એક શ્લોક (આ શ્લોકથી) વિરોધ વિનાનો જ સાંભળવામાં (જોવામાં) આવે છે. તે (ત્રેવીસમા) શ્લોકમાં એમ કહેલું છે કે જ્યારે (શ્રીકૃષ્ણ અને બલભદ્ર) લશ્કરને હણી (ધનુષ્ય રાખવાના સ્થાનમાંથી) બહાર પધાર્યા ત્યારે લોકોની ભગવાનમાં આસક્તિ થાય તે માટે (તેમને ભગવાનનાં) માહાત્મ્યનું જ્ઞાન પણ થયું. ‘તે (વીર્ય)’ એટલે ધનુષ્યનો ભંગ કરવારૂપ પરાક્રમ. જ્યાંજ્યાં ભગવાનનાં દર્શન કરે ત્યાંત્યાં જ તેમની પાછળ ફરતા લાકોએ ‘આ બેએ ધનુષ્યનો ભંગ વિગેરે (કાર્ય) કર્યાં’ એમ બધાએ ઠેકાણે કહેતા હતા. પછી બધાએ શહેરવાસીઓએ તે સાંભળીને, તેઓનું તેજ એટલે શરીરની કાંતિ, ‘પ્રાગલ્ભ્યં’ મર્દાનગી, અને કરોડો કામદેવના સૌંદર્યવાળું રૂપ જોઈને અને સાંભળીને, તે બે દેવોથી ઉત્તમ છે એમ માન્યું. જેમ નંદ વિગેરેએ પહેલા પ્રકરણમાં2 (આ શ્રીકૃષ્ણ દેવોથી ઉત્તમ છે એમ જાણેલું), તામસોએ ‘વૃદ્ધ ગોપો અને ગોપીઓ.....’ (શ્રીમદ્ભાગવત 10।। શ્લોકમાં ત્રીજા(પ્રકરણ)માં3 તે જાણ્યું, તેમ બીજા પ્રકરણમાં જાણવા યોગ્ય રાજસોએ તો પહેલામાં4 જાણ્યું એમ કહેવામાં આવે છે. કેટલાક આ શ્લોક વિરોધવાળો5 છે એમ પણ કહે છે. (રાજસોએ) ગોકુલનું (ગોકુલમાં કરેલું) ચરિત્ર પણ સાંભળેલું; તેથી વાસ્તવિક રીતે આ પણ બીજું (પ્રકરણ) છે. ‘શ્રીકૃષ્ણ અને બલભદ્રને હું (અહિં પધારેલા દેવોત્તમ) માનું છું’ એમ બીજા(પ્રકરણ)માં6 પણ કહેશે. પોતાના (મથુરાવાસીઓ) કરતાં દેવો ઉત્તમ છે, અને તેઓથી પણ આ બે ઉત્તમ છે, એમ બ્રહ્માંડમાં સર્વથી (આ બે) ઉત્તમ છે એમ કહેવાયું.

ગોપો સહિત શ્રીકૃષ્ણ અને બલભદ્ર શહેર જોવાનું મુકી દઈ, ગાડાં પાસે એટલે જ્યાં નંદ વિગેરે રહ્યા હતા તે ગાડું છોડવાને સ્થાને પધાર્યા. 23.

1.ત્રેવીસમો શ્લોક બાવીસમા શ્લોકની વચ્ચે ક્યાંક હોવો જોઈએ અને તેનો અર્થ બાવીસમા શ્લોકના અર્થથી વિરુદ્ધ નથી એવો શ્રીમદાચાર્યચરણનો મત જણાય છે. તેથી જ ત્રેવીસમા શ્લોકનું વિવેચન પૂરું થયા પછી, બાવીસમા શ્લોકનાં વિવેચનની સમાપ્તિ કરેલી છે.

2.જૂઓ તામસ પ્રમાણ પ્રકરણનો ઉપોદ્ઘાત પાનું 13-14. પહેલું પ્રકરણ એટલે તામસ પ્રમાણ પ્રકરણ. આ પ્રકરણના બીજા અધ્યાયમાં નંદજીને અને પાંચમા તથા ચોથા અધ્યાયમાં યશોદાને તેવું જ્ઞાન થાય છે.

3.જન્મ પ્રકરણથી આરંભી ગણતાં ત્રીજું પ્રકરણ. તામસ પ્રમેય પ્રકરણ ત્રીજું પ્રકરણ આમ ગણતાં થાય છે. (લે)

4.રાજસોને આવું જ્ઞાન બીજા પ્રકરણમાં એટલે રાજસ પ્રમેય પ્રકરણમાં થતું યોગ્ય હતું, છતાં પહેલા એટલે આ રાજસ પ્રમાણ પ્રકરણમાં થયું એમ કહેલું છે.
5.રાજસોને આવું જ્ઞાન અહિં થવું યોગ્ય નહિ હોવાથી, આ શ્લોક વિરોધવાળો છે, પ્રક્ષિપ્ત હોવો જોઈએ એવો કેટલાકનો મત છે.
6.'બીજા' એટલે રાજસ પ્રકરણના બીજા પ્રકરણમાં, રાજસ પ્રમેય પ્રકરણમાં શ્રીમદ્ભાગવત 10।। આ શ્લોક રાજસ પ્રમેય પ્રકરણમાં છે.

એ પ્રમાણે ભગવાનનું ચરિત્ર વર્ણવી, નીચેના શ્લોકમાં (આ) પ્રમાણ પ્રકરણ હોવાથી તે (ભગવાનના ચરિત્ર) વિષે પ્રમાણ લાગુ પાડતાં (ભગવાનનું) માહાત્મ્ય કહે છે:

ગોપ્યો મુકુન્દવિગમે વિરહાતુરા યા આશાસતાશિષ ઋતા મધુપુર્યભૂવન્।।
સંપશ્યતાં પુરુષભૂષણગાત્રલક્ષ્મીં હિત્વેતરાન્નુ ભજતશ્ચકમેઽયનં શ્રી: ॥24॥

મુકુંદના વિયોગ સમયે વિરહથી દુ:ખી થએલી ગોપીઓએ જે આશિષો ઇચ્છેલી તે, બીજા ભજનારાઓને તજી જેને લક્ષ્મીએ (પોતાના) રહેઠાણ તરીકે પસંદ કરેલ તેવી પુરુષોના ભૂષણરૂપના અંગોની શોભા નીરખનારાઓની આશાઓ મથુરામાં સત્ય થઈ (ફળી). 24.

જેટલું ગોપીઓએ કહેલું તેટલું જ (તેટલું બધું) મથુરામાં થયું. યુદ્ધ વિગેરે તો દોષ મટાડનાર હોવાથી, તે થએલ તરીકે કહેલું (ગણેલું) નથી. 'ગોપીઓને તજી, તેઓ દુ:ખી હતી ત્યારે (ભગવાને) બીજું (કાર્ય) કેમ કર્યું?' એવા (ભગવાનના) દોષનું પણ આથી નિવારણ થાય છે, કારણ કે તેઓ (ગોપીઓ)એ જેજે આશિષો ઇચ્છેલી તે (આશિષો)જ સત્ય કરવી જોઈએ એવા (વિચારથી), તેઓનું જ વચન સત્ય ઠરે તે માટે ભગવાને તે પ્રમાણે કર્યું, કારણ કે ભગવાન્ મુકુંદ (મોક્ષ આપનારા) છે, (અને જો ગોપીઓનું) વચન અસત્ય હોય તો (તેમને) મોક્ષ પણ આપી શકાય નહિ, તેથી (ભગવાને તે પ્રમાણે કર્યું). તેમાં પણ મુકુંદનો 'વિગમે' વિયોગ આવી પડયો તે સમયે વિરહથી દુ:ખી થએલી(ગોપીઓ)એ, ભગવાને (તેમનો) નિરોધ કરેલો હોવાથી (શહેરની સ્ત્રીઓનો) દ્વેષ વિગેરે કર્યા વિના, તેમનું હિત પણ કરવું, અથવા તે (હિત) થઈ ન શકે તો વાક્ય (હિતકારી વચન) કરવું, એવા વિચારથી (તેમને) આશિષો જ ઇચ્છી. તેથી તે જ આશિષો 'મધુપુરિ' મથુરામાં સત્ય થઈ (ફળી). તે (આશિષો સત્ય કરવાનું) પણ ભગવાને કરવું જોઈએ તેથી કરેલું નથી, પરંતુ (એની મેળે ભગવાનના) સંબંધને લીધે જ થયું એમ '(પુરુષોના ભૂષણરૂપના અંગોની શોભા) નીરખનારાઓની' શબ્દથી કહેલ છે. 'પુરુષોના ભૂષણરૂપ એટલે મુકુટના મણિરૂપ ભગવાનના અંગોની શોભા નીરખનારાઓની' એવો (તેનો અર્થ છે). 'આજે ત્યાં દૃષ્ટિનો જરુર (મોટો ઉત્સવ) થશે' (10।।) '(શહેરની સ્ત્રીઓને) આ રાતનું પ્રભાત સારું ઉગ્યું' (10।।) એમ સામાન્ય રીતે અને ખાસ પ્રકારે તેઓએ જે વિચારેલું તે સત્ય જ થયું એવો (અર્થ છે).

'સ્ત્રીઓનાં જ વચનને સત્ય તરીકે કેમ વર્ણવ્યું અને બીજાનાં (વચનને તેવી રીતે કેમ) ન વર્ણવ્યું?' એવી શંકા થાય, તેથી છેલ્લું ચરણ યોજેલું છે. વાણી આરંભમાં (મુખ્યત્વ રીતે)

સ્ત્રી છે,1 અને સ્ત્રીઓના મૂલરૂપ લક્ષ્મી ભગવાનને પરણેલાં છે. તેથી પત્નીની દૃઢતા(બલ)ને લીધે તેઓ (સ્ત્રીઓ) જ આ વિષયમાં પ્રમાણ છે. બીજા બ્રહ્મા વિગેરે 'નુ' નિશ્ચયપૂર્વક ભજનારાઓ હોવા છતાં એટલે સેવા કરવા આવેલા હોવા છતાં, (તેમને) તજીને, લક્ષ્મીએ પોતાના 'અયનં' રહેઠાણ તરીકે, એટલે 'આજ મારું રહેઠાણ થાઓ' એમ જેમને પસંદ કરેલા. (તેવા ભગવાન્ છે). તે (લક્ષ્મી) જ બધી ગોપીઓ છે, અને તેઓનું વાક્ય (આશિષો) અહિં ફળ્યું, પરંતુ બીજું2 કાંઈ ફળ્યું નહિ. 24.

1.તેથી ગોપીઓની વાણીને જ સત્ય તરીકે જણાવવામાં આવે છે, પણ તેઓનાં કાર્યને તેવું જણાવવામાં આવતું નથી. તેમનું કાર્ય પણ સત્ય હોત તો (ભગવાનને રોકવા તેમણે પ્રયાસ કરેલ હોવાથી) ભગવાન્ મથુરા પધારત જ નહિ. (લે)

2.'બીજું' એટલે કાર્ય વિગેરે; એવો અર્થ છે. (લે)

ગાડાં છોડવાના સ્થલે (ઉતારે) પધારેલા ભગવાનનું ચરિત્ર નીચેના શ્લોકમાં કહે છે:

અવિનિક્તાઙ્ઘ્રિયુગલૌ ભુક્ત્વા ક્ષીરોપસેચનમ્॥
ઊષતુસ્તાં સુખં રાત્રિં જ્ઞાત્વા કંસચિકીર્ષિતમ્॥25॥

બે ચરણ ધોએલા તે બેએ દૂધ મિશ્રિત (અન્ન) જમીને, કંસે કરવા ઇચ્છેલું (કાર્ય) જાણીને તે રાત સુખથી વિતાડી. 25.

જેમણે (પોતાનાં) બે ચરણો ધોએલાં છે તેવા (તે બે થયા). 'ક્ષીરમ્' દૂધ 'ઉપસિચ્યતે' રેડવામાં આવે છે 'અસ્મિન્' આમાં (જેમાં) તે દૂધભાત, અથવા દૂધપાક, અથવા (દૂધ અને) પૌંઆ, અથવા અમુક પ્રકારનું (દૂધમાં) રાંધેલું (અન્ન) અથવા દૂધ જેવી રીતે (જેમાં) રેડવામાં આવે છે તેવું (અન્ન) (જમ્યા, કારણ કે) જેમ (બહારગામ) જવામાં દહીં અને ભાતનું ભોજન મુખ્ય છે, તેમ શહેરમાં જઈએ ત્યારે આરંભમાં દૂધભાતનું ભોજન મુખ્ય છે. કેટલાક એમ કહે છે કે પચવામાં હલકાં હોવાથી (દૂધભાત જમ્યા). પછી તે રાત સુખથી વિતાડી. બીજે (કંસને) બેચેની થતી હતી એમ કહેવા ભગવાનમાં જે સુખ રહલું તે (માત્ર) કહેલું છે.

'માબાપ બંધાએલા હતા, તેમને છોડાવ્યા વિના કેમ સુખથી રહ્યા?' એવી શંકા થાય, તેથી 'કંસે કરવા ઇચ્છેલું જાણીને' શબ્દો કહેલા છે. 'કંસે કરવા ઇચ્છેલું જાણીને' એટલે કંસ જ તે (કાર્ય) કરશે તેથી અમારે તેવું ક્લેશવાળું (કાર્ય) શા માટે કરવું? એમ વિચારીને (સુખથી રહ્યા). જેમ આટલો સમય વસુદેવના પુત્રપણું છુપાવીને વીતાડ્યો, એમ આ રાત પણ (તે સ્થિતિ) છૂપાવીને જ વીતાડવી, (કારણ કે) તેમ કરવામાં ન આવે તો નંદ વિગેરેને દુ:ખ થાય. વ્યવહાર પણ એવો છે કે શત્રુને હણીને જ તેણે જે લઈ લીધું હોય તે (તેની પાસેથી) લેવું. તેમ કરવામાં ન આવે (શત્રુને હણ્યા વિના જ લઈ લેવામાં આવે) તો ચોરી થાય, તેથી કંસ જ પોતાના1 (કંસના) વધ માટે પ્રયત્ન કરશે એવો નિશ્ચય કરી સુખથી રહ્યા. 25.

1.કંસ ભગવાનનો દ્વેષ કરશે. એટલે તેને હણવાનું કારણ આપી પોતાનો વધ કરાવશે, એવો ભાવાર્થ જણાય છે.

એ પ્રમાણે ભગવાનનું ચરિત્ર કહીને, (ભગવાનનું) હવે પછીનું ચરિત્ર થઈ શકે તે માટે નીચેના શ્લોકથી (આરંભી) કંસનો વૃત્તાંત કહે છે:

કંસસ્તુ ધનુષો ભઙ્ગં રક્ષિણાં સ્વબલસ્ય ચ॥
વધં નિશમ્ય ગોવિન્દરામવિક્રીડિતં પરમ્॥26॥
દીર્ઘપ્રજાગરો ભીતો દુર્નિમિત્તાનિ દુર્મતિઃ॥
બહૂન્યચષ્ટોભયથા મૃત્યોર્દૌત્યકરાણિ ચ॥27॥

દુષ્ટ મતિવાળા કંસે તો ધનુષ્યના ભંગ અને રક્ષણ કરનારાઓના તથા પોતાના લશ્કરના વધને ગોવિંદ અને બલભદ્રની ઉત્તમ રમત સાંભળીને લાંબા સમય સુધી ભારે ઉજાગરો કર્યો, ભય પામ્યો અને ઉભય પ્રકારે મૃત્યુનું દૂતપણું કરનારાં ઘણાં ખરાબ શુકનો જોયાં. 26-27.

રાત્રે કંસને પ્રથમ નિદ્રા ન આવી. અને નિદ્રા આવી ત્યારે તેમાં પણ ખરાબ સ્વપ્નો આવ્યાં, એવી ઘણી બેચેની થઈ. એ પ્રમાણે મરણનો નિશ્ચય કરાવનારાં (સ્વપ્નો) પણ જાણીને, પાછો મરણ માટે જ પ્રવૃત્તિ કરવા લાગ્યો. એવું આ ઉપાખ્યાન ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા છે એમ જણાવવા (શુકે) કહેલું છે.

આરંભમાં નિદ્રા ન આવવાનું કારણ કહે છે. ભવિષ્યમાં કંસને દુ:ખ જ થવાનું છે એમ જણાવવા તેને સુખ ન હતું એમ 'તુ' 'તો' શબ્દથી કહેલું છે. 'ધન્વન:' ધનુષ્યનો ભંગ સાંભળીને, રક્ષણ કરનારાઓના તથા પોતાના લશ્કરના વધને સાંભળીને, અને આ પણ ગોવિંદ અને બલભદ્રની માત્ર રમત જ હતી એમ સાંભળીને (કંસ ભય પામ્યો). 'પરમ્' એટલે ઉત્તમ. (એ બધાનો વધ એ તેમની) ઉત્તમ રમત હતી, એવો અર્થ છે. (એમ સાંભળીને) કંસે લાંબા સમય સુધી ભારે ઉજાગરો કર્યો. 'પ્રકૃષ્ટ:' ભારે 'જાગર:' ઉજાગરો એટલે બહારના ગભરાટ સહિત (ઉજાગરો). (આ) વિષયમાં તેને ઉજાગરો થયો એટલું જ નહિ, પરંતુ તે ભય પણ પામ્યો. આરંભમાં તેનાં અંત:કરણે જ (તેને) તેનાં મરણની સૂચના આપી. એમ છતાં પણ તે ભગવાનને શરણે ન આવ્યો એવો તે દુષ્ટ મતિવાળો હોવાથી, અવશ્ય મરણ થશે એમ સૂચવનારાં ઘણાં જ 'દુર્નિમિત્તાનિ' ખરાબ શુકનો તેણે જોયાં. 'દ્વેષથી પણ ભગવાનનું ચિંતન કરનારે ખરાબ શુકનો કેમ જોયાં?' એવી શંકા આથી મટી જાય છે, કારણ કે તે દુષ્ટમતિવાળો હતો. તે ભગવાનનું અનિષ્ટ વિચારતો હતો, અને તે (અનિષ્ટ) તેને પોતાને જ થતું હતું એવો (અર્થ છે). 'ઘણાં' એટલે ઘણા પ્રકારનાં. અહિં (સ્વપ્ન) ઘણા પ્રકારનાં થએલાં, એવો ભાવાર્થ છે. જે 'ઉભય પ્રકારનું' મૃત્યુ (કહ્યું). તે પોતાના (કંસના) અને પોતાના પક્ષવાળાનું, અથવા આ લોકના અને પરલોકના સંબંધનું એટલે તેને પરલોક પણ પ્રાપ્ત થશે નહિ એવું (મૃત્યુ કહ્યું) તેને ભય થાય તે માટે તેવાં (શુકનો) તેણે જોયાં. અથવા 'ઉભય પ્રકારે' એટલે સ્વપ્નમાં અને જાગતા રહેવાની સ્થિતિમાં (ખરાબ શુકનો જોયાં).

'આ (ખરાબ શુકનો) એવી રીતે કેમ જોવામાં આવ્યાં?' એવી શંકા થાય, તેથી 'મૃત્યુનું દૂતપણું કરનારાં' વિશેષણ યોજેલ છે. (તે શુકનો) 'મૃત્યુ અહિં (કંસ પાસે) આવશે

(કંસનું મૃત્યુ થશે)' એમ જણાવે છે. 'ચ' 'અને' શબ્દથી તે (શુકનો) પોતે પણ ભય ઉત્પન્ન કરનારાં છે (એમ કહેલું છે). 26-27.

જાગતા રહેવાની સ્થિતિમાં જોએલાં (ખરાબ શુકનો) નીચેના શ્લોકથી આરંભી કહે છે:

अदर्शनं स्वशिरसः प्रतिरूपे च सत्यपि॥
असत्यपि द्वितीये च द्वैरूप्यं ज्योतिषां तथा॥28॥

(1)પ્રતિબિંબ હોવા છતાં તેમાં પોતાના માથાનું ન દેખાવું. (2)બીજું (રૂપ) ન હોવા છતાં બે રૂપો (દેખાવાં). (3)જ્યોતિષોનું તે પ્રમાણે (દેખાવું). 28.

આ (જાગતા રહેવાની સ્થિતિમાં દેખાએલા અપશુકનો) સાત પ્રકારના છે, કારણ કે મૃત્યુ પણ ભગવાન્ છે1.

(1)દર્પણ વિગેરેમાં પ્રતિબિંબ પડે તેમાં પોતાના માથાનું ન દેખાવું. સામું રૂપ (પ્રતિબિંબ) ડોક સુધીનું જ જોવામાં આવે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલ છે કે) પ્રત્યક્ષમાં પણ (તેવું જ દેખાય) એટલે નાસિકા વિગેરે મુખનો જે પદાર્થ (ભાગ) દેખાય છે તે પણ જોવામાં ન આવે.

'ત્યારે તો આ (માથું) હશે જ નહિ' એવી શંકા થાય, તેથી 'હોવા છતાં' શબ્દ યોજેલ છે. સ્પર્શ વિગેરે કરતાં, બહાર (માથું હોવાનું) જણાય છે, અને બીજું (માથા સિવાયના ભાગનું) પ્રતિબિંબ દેખાય છે, એમ (કહેલું છે). ચક્ષુ જ્ઞાનરૂપ છે, તે પોતાથી જ પ્રકાશવાળું હોવાથી, અને (બીજા) પદાર્થમાં દોષ હોવાનો સંભવ હોવાથી, પોતાનું જ ગ્રહણ કરે છે (પોતાને જ જૂએ છે). આમ હોવાથી સર્વ સ્થલે ભગવાનનાં જ દર્શન થાય છે; પરંતુ જ્યાં જે અંશથી (ભગવાન્) તિરોહિત થાય છે, તે અંશ ક્રિયાથી (વિદ્યમાન) હોવા છતાં, જ્ઞાનના વિષય (જેનું જ્ઞાન થાય તે પદાર્થ) તરીકે (વિદ્યમાન) હોતો નથી. ત્યાં (કંસના દેહમાં) કંઠ સુધી મુખ્યત્વે ક્રિયાવાળો ભાગ છે એમ જણાવવા, જ્ઞાનના અંશથી જ (ભગવાન્) તિરોહિત થાય છે, પરંતુ ભવિષ્યમાં ક્રિયા કરવાની હોવાથી, 'સત્' અંશથી તિરોહિત થતા નથી. આથી એમ જણાવ્યું છે કે (કંસનું) મરણ (કરવાનું) નક્કી કરેલું છે, પણ (મરણ) કરેલું નથી.

(2)'બીજું (રૂપ) ન હોવા છતાં બે રૂપો (દેખાવાં)' શબ્દોથી બીજું (ખરાબ શુકન) કહે છે. ભગવાન્ સર્વ સ્થલે એક જ છે. જ્યારે પ્રાણી કાલ તરફ જતો હોય છે ત્યારે બીજો કાલ (તેને) જણાય છે; તે અહિં (બે રૂપ દેખાવાથી) 'બીજો (કાલ) આવ્યો છે' એમ સૂચવેલ છે.

(3)'જ્યોતિષોનું તે પ્રમાણે (દેખાવું)' શબ્દોથી ત્રીજું (ખરાબ શુકન) કહેલું છે. દીવો, ચંદ્ર, નક્ષત્ર, વિગેરે જ્યોતિષો (તેજ) પણ બે દેખાય છે. એક દીવો હોય ત્યારે આંખનો સંકોચ વિગેરે કર્યા વિના પણ બે દીવા દેખાવા લાગ્યા. જ્યોતિ આધિદૈવિક રક્ષણ કરનારું છે. તે પણ અતિદેશથી (બીજા શુકનવાળો નિયમ અહિં ત્રીજા શુકનમાં લાગુ પડવાથી) કાલથી ઘેરાએલું થયું છે એમ જણાવેલું છે. 28.

1.ભગવાનના છ ધર્મો અને ધર્મી ભગવાન્, એમ સાત પ્રકારે ભગવાનનું નિરૂપણ કરવામાં આવે છે, તે પ્રમાણે મૃત્યુ પણ ભગવદ્રૂપ હોવાથી સાત પ્રકારનાં મૃત્યુ જણાવનારાં સાત ખરાબ શુકનો કહેલાં છે એવો ભાવ જણાય છે.

छिद्रप्रतीतिश्छायायां प्राणघोषानुपश्रुतिः ॥
स्वर्णप्रतीतिर्वृक्षेषु स्वपदानामदर्शनम्॥29॥

(4)પડછાયામાં છિદ્ર જોવું (5)પ્રાણનો અવાજ ન સંભળાવો (6) વૃક્ષોમાં સુવર્ણનું દેખાવું (7)પોતાનાં પગલાં ન દેખાવા. (એવાં ખરાબ શુકનો જોયાં). 29.

(4)તેમાં (પડછાયામાં) પણ એક ભાગ ન દેખાવારૂપ ચોથું (ખરાબ શુકન) 'પડછાયામાં છિદ્ર (કાણું) જોવું' શબ્દોથી કહેલું છે. પડછાયામાં તેને છિદ્ર દેખાયું, એવો તેનો (અર્થ છે). 'આ પુરુષ ભગવાન્ છે' એમ જણાવવા પડછાયો પુરુષના જેવી આકૃતિવાળો હોય છે. સર્વ સ્થલે રહેલું (તેજ) તેટલા અંતરમાં પુરુષ આડો આવવાથી દેખાતું નથી, એમ તે(પડછાયા)ને કેટલાક તેજનો અભાવ કહે છે. તે પ્રમાણે (તેજ દેખાતું નથી તેવી રીતે) સચ્ચિદાનંદ પણ તિરોહિત થાય છે, તેથી પ્રપંચ જ જુદાજુદા આકારથી જોવામાં આવે છે એવો (તેમનો મત છે). વાસ્તવિક રીતે પડછાયામાં (જણાતો) પુરુષ જૂદો ભગવદ્રૂપ છે. તે(મૂલ પુરુષ)માંથી જો જીવને બહાર કાઢવામાં આવે તો બીજા (પડછાયામાં જણાતા) પુરુષમાંથી પણ જીવ નીકળી જાય છે. તેથી (જેમ પુરુષમાંથી જીવ જતાં) જ્ઞાન(જતું રહે છે તે)ની પેઠે પડછાયામાં જણાતા પુરુષમાંથી પણ જીવના જ અંશરૂપ અડધો (ભાગ) તિરોહિત થાય છે. આ આધ્યાત્મિક વ્યવસ્થા ત્રણ પ્રકારની છે. આધિભૌતિક ત્રણ પ્રકારની વ્યવસ્થા પહેલાં (પહેલાં ત્રણ ખરાબ શુકનોથી) કહેલી છે. તે(ત્રણ પ્રકારની આધ્યાત્મિક વ્યવસ્થા)માં આ (ચોથું ખરાબ શુકન કહ્યું તે) તામસી છે.(5) પ્રાણનો અવાજ ન સંભળાવો તે રાજસ છે, (6)પીળું (સુવર્ણ) દેખાવું તે ચક્ષુના સંબંધવાળી સાત્ત્વિક (આધ્યાત્મિક વ્યવસ્થા) છે. (5)પ્રાણમાં ક્રિયા જ મુખ્ય છે, તેથી તેનું (ક્રિયાનું) કાર્ય અટકાવેલું છે. આ(કંસ)માંથી ભગવાન્ ધીરેધીરે (પોતાની ક્રિયાઓ બંધ કરનારા થશે (બંધ કરશે) એમ જણાવવા, (તેના સંબંધમાં થતાં) અડધાં કાર્યો જણાવેલાં છે. (બહારના અવાજથી ગડબડાટ ન થાય તે માટે) કાન ઢાંકવા છતાં પ્રાણનો અવાજ તે સાંભળતો ન હતો. (6)વૃક્ષોમાં સર્વ સ્થલે તેને સુવર્ણ દેખાતું. વૃક્ષો કાષ્ઠરૂપ છે, અને સુવર્ણ અગ્નિનું વીર્ય છે. જો તે(વૃક્ષો)માં અગ્નિ (પડે) તો સર્વનો નાશ થાય. તે (વૃક્ષો)માં (કંસને) અગ્નિનું વીર્ય જ દેખાયું, એમ તેનો અડધો નાશ જ જણાવેલો છે, (7)'પોતાનાં પગલાં ન દેખાવાં' શબ્દોથી આધિદૈવિક (વ્યવસ્થા) કહેલી છે. ભૂમિ ઉપર મૂકેલાં પોતાનાં (કંસનાં) પગલાં દેખાતાં ન હતાં. ભૂમિ દેવતાએ તે(કંસ)નો ત્યાગ કરેલો, તેથી તેનાં પગલાંઓ ભૂમિ ઉપર ઉઠતાં ન હતાં. 29.

એ પ્રમાણે જાગતા રહેવાની સ્થિતિમાં જોએલાં ખરાબ શુકનોનું નિરૂપણ કરી, બીજી અવસ્થામાં (સ્વપ્નમાં) પણ જોએલાં ખરાબ શુકનોનું (નીચેના શ્લોકમાં) નિરૂપણ કરે છે,

કારણ કે તેમ ન હોય (સ્વપ્નમાં પણ ખરાબ શુકનો જોવામાં ન આવે) તો મરવા જેવો થએલો અથવા રોગવાળો પણ જીવતો રહે:

સ્વપ્ને પ્રેતપરિષ્વઙ્ગઃ ખરયાનં વિષાદનમ્॥
યાયાન્નલદમાલ્યેકસ્તૈલાભ્યક્તો દિગમ્બરઃ॥30॥

(1)સ્વપ્નમાં પ્રેતનું ભેટવું. (2)ગધેડા ઉપર સવારી કરવી. (3)વિષ ખાવું (4)જાસુંદની માલા પહેરી જાય (જવાનું થાય). (૫)એકલાં જવું (6)તેલ ચોળેલા હોવું (7)દિશાઓરૂપી વસ્ત્રવાળા હોવું. (એવાં ખરાબ શુકનો જોયાં) 30.

તે (સ્વપ્નમાં જોએલાં ખરાબ શુકનો) પણ સાત પ્રકારનાં હતાં, (1)પ્રેતનું ભેટવું. સ્મશાનમાં પડેલું મડદું કંસ (ત્યાં) જાય ત્યારે, આ (કંસ) પણ તેનો મિત્ર થશે એવા વિચારથી તેનું આલિંગન કરે છે; અથવા 'તમે ભલે આવ્યા' એમ પ્રેતો એટલે મરણ પામેલાઓ (કંસનું) આલિંગન કરે છે.

(2)'ગધેડાં ઉપર સવારી કરવી'. (કંસ) પોતાને ગધેડા ઉપર બેઠેલો જૂએ છે, કારણ કે મૃત્યુની દેવી કાલી તામસી શક્તિ છે. તેનું વાહન ગધેડું છે. 'ગધેડાથી (ગધેડાં ઉપર બેસી) ફરે છે' એ વાક્ય પ્રમાણે તે (કાલી) એ પોતાનું વાહન મોકલ્યું એવો (અર્થ છે).

(3)વિષ ખાવું.

આ ત્રણ આધિભૌતિક સાત્ત્વિક, રાજસ અને તામસ છે. (કંસને) પ્રેતોનું આલિંગન જ થાય છે, પરંતુ તે પ્રેત થતો (મરતો) નથી. ગધેડા ઉપર બેસી તે માત્ર જાય છે, પરંતુ યમની પુરીમાં પ્રવેશ કરતો નથી. તે વિષ ખાય છે જ પરંતુ તેનું મરણ થયું નથી, એમ (કહેલું છે).

(4)ફરીથી ત્રણ પ્રકારનાં અડધાં થએલાં કાર્યો કહી, ચોથા1 ધર્મીને પણ '(જાસુંદની માલા પહેરી) જાય', શબ્દથી કહે છે. જાસુંદની માલા પહેરેલો તેણે પોતાને જોયો.

(૫)મહારાજ હોવા છતાં પણ તે (કંસ) 'એકલો' જાય, એમ આ (કંસે એકલાએ યમપુરીમાં જવું તે) ઇચ્છેલું છે એમ જણાવવા ('યાયાત્' જાય, શબ્દમાં) 'લિઙ્' વિધ્યર્થનો પ્રયોગ કરેલો છે.

(6)વળી તે પોતાને તેલ ચોળેલો જૂએ છે, કારણ કે એકલા હોવું એ તામસ છે.

(7)દિશાઓરૂપી વસ્ત્રોવાળા હોવું, એ આધિદૈવિક (ખરાબ શુકન) છે, કારણ કે 'વસ્ત્ર સર્વ દેવતારૂપ છે' એવી શ્રુતિ હોવાથી, સર્વ દેવતારૂપ વસ્ત્રે તેનો ત્યાગ કરેલો છે. વળી જે ક્રિયા છેવટે જણાવેલી છે તે (કંસ) (યમપુરી) જશે એવો નિશ્ચય કરાવે છે. 30.

1.'ચાર પ્રકારના' એવો અર્થ જણાય છે. કારણ કે પહેલાં ત્રણમાં માત્ર ક્રિયા કહી, બાકીના ચારમાં કંસનું જ વર્ણન કરેલું છે.

એ પ્રમાણે કેટલાંક(ખરાબ શુકનો)નું નિરૂપણ કરી, બીજાં પણ કાલે સૂચવેલાં (ખરાબ શુકનો) તેણે જોયાં, એમ નીચેના શ્લોકમાં કહે છે:

અન્યાનિ ચૈત્થંભૂતાનિ સ્વપ્નજાગરિતાનિ ચ॥
પશ્યન્ મરણસન્ત્રસ્તો નિદ્રાં લેભે ન ચિન્તયા॥31॥

અને આવાં થએલાં બીજાં સ્વપ્નમાંની જાગૃતાની સ્થિતિમાં પણ જોતાં મરણથી સારી પેઠે ત્રાસ પામેલા તેને ચિંતાને લીધે ઉંઘ ન આવી. 31.

'ચ' 'અને' શબ્દથી સ્વપ્નમાં પણ (તેણે આવાં ખરાબ શુકનો જોયાં એમ કહેલું છે). (તે ખરાબ શુકનોનું) ખાસ વર્ણન ન કરવાનું કારણ 'આવાં થએલાં' વિશેષણથી કહેલું છે. (આવાં (ખરાબ શુકનો) પણ વારંવાર તેણે જોયાં એમ 'ચ' 'અને' શબ્દથી કહેલું છે. વળી સ્વપ્નમાં જે જાગતાની સ્થિતિ, તેમાં પણ આ (ખરાબ શુકનો) તેણે જોયાં એમ 'સ્વપ્નજાગરિતાની' શબ્દથી કહેલું છે. 'ચ' 'પણ' શબ્દથી એમ (કહેલું છે કે) સ્વપ્નમાં પણ જે સ્વપ્ન થાય છે, તેમાં તેને ઉપયોગી થાય તેવાં (ખરાબ શુકનો)તેણે જોયાં. આ (ખરાબ શુકનો) માત્ર દેખાયાં એટલું જ નહિ, પરંતુ તેમણે પોતાનું (કંસને ભય પમાડવાનું) કાર્ય પણ કર્યું એમ 'જોતાં, મરણથી સારી પેઠે ત્રાસ પામેલા' શબ્દોથી કહેલું છે. 'મરણથી સારી પેઠે ત્રાસ પામેલો' એટલે મરણ થશે એવો નિશ્ચય કરી, (કંસ) ત્રાસ પામ્યો, એવો અર્થ છે. આ અડધી રાતના સમયે થયું ત્યાર પછી 'ચિંતાને લીધે તેને ઊંઘ ન આવી'. 31.

એમ હોવા છતાં, કંસ અટક્યો નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છે:

વ્યુષ્ટાયાં નિશિ કૌરવ્ય સૂર્યે ચાદ્‌ભ્યઃ સમુત્થિતે॥
કારયામાસ વૈ કંસો મલ્લક્રીડામહોત્સવમ્॥32॥

હે કૌરવ્ય! રાત પૂરી થતાં, અને સૂર્ય જલમાંથી બહાર નીકળતાં કંસે મલ્લોની ક્રીડાનો મોટો ઉત્સવ કરાવ્યો જ. 32.

(પરીક્ષિતને આ કથામાં) વિશ્વાસ રહે તે માટે 'હે કૌરવ્ય!' એવું સંબોધન કરેલું છે. 'રાત પૂરી થતાં' એટલે પ્રભાત થયું, દોષ (અંધકાર) દૂર થયો અને ગુણ (પ્રકાશ) પણ થયો ત્યારે. '(સૂર્ય) સવારમાં જલમાંથી ઉગે છે, સાંજે જલમાં પ્રવેશ કરે છે' 'જે મોટા સમુદ્રમાંથી ઉગે છે' વિગેરે શ્રુતિઓ પ્રમાણે સૂર્ય જલમાંથી બહાર નીકળ્યો ત્યારે, 'ચ' 'અને' શબ્દ હોવાને લીધે લોકો પણ ઊઠયા અને ત્રણ વર્ણવાળા(બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યો)એ આવશ્યક કાર્યો કર્યાં ત્યાર પછી, (કંસે) મલ્લોની ક્રીડાનો મોટો ઉત્સવ કરાવ્યો એમ (કહેલું છે). જેમાં મલ્લોની ક્રીડા મુખ્ય છે, જે મોટા ઉત્સવમાં મલ્લો ક્રીડા કરે છે તેવો આ મોટો ઉત્સવ હતો. લોકોને ઠગવા માટે (કંસે) એકલા તે(ઉત્સવ)ની ગોઠવણ કરી. 32.

ત્યાં (ઉત્સવમાં) એકઠી કરેલી સામગ્રી નીચેના શ્લોકમાં જણાવે છે:

આનર્ચુઃ પુરુષા રઙ્ગં તૂર્યમેર્યશ્ચ જઘ્નિરે॥
મઞ્ચાઃ સ્વલંકૃતાઃ સ્રગ્ભિઃ પતાકાચૈલતોરણૈઃ॥33॥

અખાડાના પુરુષોએ પૂજા કરી. તૂરી અને ભેરીઓ વગાડવામાં આવ્યાં. માલાઓ, પતાકાઓ, વસ્ત્રો અને તોરણોથી માંચડાઓ સારી રીતે શણગારવામાં આવ્યા. 33.

(1)'પુરુષોએ' એટલે (કંસના) અધિકારીઓએ. 'રઙ્ગમ્' અખાડાના પ્રદેશની 'આનર્ચુઃ' લેપ વિગેરેથી પૂજા કરી; તે (અખાડાનો પ્રદેશ) (1)ભૂમિ (2)અંતરિક્ષ અને (3)આકાશનો બનેલો હોય છે. (1)તે પૈકી ભૂમિના પ્રદેશની પૂજા કહી (2)વચલા(પ્રદેશ

અંતરિક્ષ)ની પૂજા ‘તૂરી (અને ભેરીઓ વગાડવામાં આવ્યાં)’ શબ્દથી કહે છે: તૂરીઓ મંગલ (સમયે વગડાતાં) વાજીંત્રો છે, અને ભેરીઓ ઉત્સવ સૂચવનારાં (વાજીંત્રો) છે. ‘ચ’ ‘અને’ શબ્દથી (એમ કહ્યું છે કે) બીજા પણ (વાજીંત્રો) ‘જઘ્નિરે’ વગાડવામાં આવ્યા. અથવા ભેરીઓ વગાડવામાં આવતી નહિ હોવાથી ‘ભેરી’ શબ્દથી ‘ઢોલકું’ જેનું બીજું નામ છે, તે કહેલ છે. (‘તૂર્ય:ભેર્યશ્ચ’ એમ ન લખતાં) વિસર્ગનો લોપ કરેલો છે. અથવા (તૂરી નહિ, પણ) ‘તૂર્ય’ શબ્દ છે. ‘તૂર્યાણિ’ તૂરીઓ, ‘ભેર્યશ્ચ’ અને ભેરીઓ, (એમ દ્વન્દ્વ સમાસ કરેલો છે). (3)‘માંચડાઓ સારી રીતે શણગારવામાં આવ્યા’ શબ્દોથી ઉપરનો (આકાશનો) શૃંગાર કહેલો છે. સર્વ સ્થલે (માંચડાઓ) માલાઓથી અને પતાકા વિગેરેથી સારી રીતે શણગારવામાં આવ્યા. વસ્ત્રના બનાવેલાં તોરણો (હતાં તેમનાથી), અથવા વસ્ત્રોથી અને તોરણોથી (શણગારવામાં આવ્યાં) એવો જ (અર્થ છે). 33.

એ પ્રમાણે શણગારેલા અખાડાના સ્થલનો ઉપયોગ નીચેના શ્લોકમાં કહે છે:

તેષુ પૌરા જાનપદા બ્રહ્મક્ષત્રપુરોગમા: ॥
યથોપજોષં વિવિશૂ રાજાનશ્ચ કૃતાસના: ॥34॥

જેમની આગળ બ્રાહ્મણો અને ક્ષત્રિયો બેઠેલા હતા, તેવા શહેરવાસીઓ અને ગામડીઆઓ અને જેમને માટે આસનો બનાવવામાં આવેલ તેવા રાજાઓ તે (માંચડાઓ) ઉપર સૂખપૂર્વક બેઠા. 34.

આરંભમાં ઉપલા ભાગનો ઉપયોગ કહે છે. તે માંચડાઓ ઉપર ‘બ્રહ્મક્ષત્રૌ’ બ્રાહ્મણો અને ક્ષત્રિયો ‘પુરોગમૌ’ જેમની આગળ બેઠેલા હતા તેવા શહેરવાસીઓ અને ગામડીઆઓ એટલે દેશમાં (ગામડાઓમાં) રહેનારાઓ (બેઠા). માંચડાઓ ઘણા હતા એમ સૂચવવા ‘સૂખપૂર્વક’ શબ્દ યોજેલ છે. જે તાબાના રાજ્યોના અધિપતિઓને બોલાવવામાં આવેલા તે રાજાઓને, સન્માન કરવા માટે અથવા (તેઓ શ્રીકૃષ્ણ અને બલભદ્ર સાથે) યુદ્ધ કરે તે માટે, ‘કૃતાસના:’ આસનો આપવામાં આવેલાં. ‘ચ’ ‘અને’ શબ્દથી (એમ કહેલું છે કે) રાજાના સેવકો, જેમને માટે આસનો બનાવેલા તેઓ પણ બેઠા. 34.

નીચેના શ્લોકમાં કંસ પણ બેઠો એમ કહે છે:

કંસ: પરિવૃતોમાત્યૈ રાજમઞ્ચમુપાવિશત્॥
મણ્ડલેશ્વરમધ્યસ્થો હૃદયેન વિદૂયતા॥35॥

મંડલેશ્વરોની મધ્યમાં રહેલો, અમાત્યોથી વીંટાએલો કંસ પીડાતા હૃદયથી રાજાના માંચડા ઉપર બેઠો. 35.

અમાત્યોથી વીંટાએલો (કંસ) વચમાં સર્વથી શ્રેષ્ઠ તરીકે બનાવેલા રાજાના માંચડા ઉપર બેઠો. તેના ઉપર મંડલેશ્વરોને પણ બેસાડેલા હતા, એમ ‘મંડલેશ્વરોની મધ્યમાં રહેલો’ વિશેષણથી કહેલું છે. (કંસ) મંડલેશ્વરોની મધ્યમાં રહેલો હતો, એમ તેની બહારની શોભા કહેલી છે. ‘પીડાતા હૃદયથી’ તે જણાઈ આવતો હતો અથવા તેવા હૃદયવાળો તે હતો, એમ (કહ્યું), તેથી તેની અંદરની શોભા ન હતી એમ જણાવેલું છે. 35.

નીચેના શ્લોકમાં વાંજીત્રોના નિમિત્ત તરીકે (અખાડાના પ્રદેશના) મધ્યમાં રહેલાનો1 ઉપયોગ કહે છે:

વાદ્યમાનેષુ તૂર્યેષુ મલ્લતાલોત્તરેષુ ચ॥
મલ્લા: સ્વલંકૃતા દપ્તા: સોપાધ્યાયા: સમાસત॥36॥

અને મલ્લોના ટાબોટા જેનો ઉત્તર હતો તેવી તૂરીઓ વગડાવા લાગી ત્યારે સારી રીતે શણગારાએલા છકેલા મલ્લો (તેમના) શિક્ષકો સહિત બેઠા. 36.

તૂરીઓનો અવાજ થતાં, મંગલ (થવાનું) જણાતાં બધા મલ્લો (અખાડામાં) આવ્યા. તે પ્રસંગે મલ્લોના સાથળો ઠોકવારૂપ તાલ (ટાબોટા)ના અવાજો જેમનો ઉત્તર હતા, (તેવી) તૂરીઓએ જાણે કે બોલાવેલા હોય તેવા મલ્લો, સાથળો ઠોકવારૂપ ટાબોટાના અવાજો કરી, 'અમે આવ્યા (આવીએ) જ છીએ' એવો જાણે કે ઉત્તર આપતા હતા. એ પ્રમાણે (મલ્લોને) બોલાવવાનું અને (તેમનો) સામો ઉત્તર સત્ય વચનવાળા (મલ્લો)ના આવવાના કારણરૂપ કહેલાં છે. પછી તેઓ (મલ્લો) આવ્યા, એમ ઉત્તરાર્ધથી કહેલું છે. અહિં વિદ્યા પ્રકટ કરવાની છે, તેથી તેઓ મલ્લોની રીત પ્રમાણે શણગારાએલા (આવ્યા). અથવા કડા વિગેરેથી જ શણગારાએલા (આવ્યા), કારણ કે 'અમે માત્ર શોભા માટે જઈએ છીએ, પરંતુ કોઈ અમારો સમોવડીઓ નથી' એમ તેઓ છકેલા હતા. અથવા, 'ભગવાનનાં માહાત્મ્યનું શ્રવણ કરીને, તેઓ ભય વિના કેવી રીતે આવ્યા?' એવી શંકા થાય, તેથી 'છકેલા' વિશેષણ યોજેલ છે. તેઓને (મલ્લ) વિદ્યાનું બલ પણ ન હતું એમ સૂચવવા 'શિક્ષકો સહિત આવ્યા' એમ કહેલું છે, અથવા (તેઓમાં) બુદ્ધિનો દોષ રહેલ ન હતો2 એમ જણાવવા ભગવાને (તેમને) તેવા (શિક્ષકો સહિત આવેલા) કરેલા. ('સમ્') સારી રીતે એટલે માનપૂર્વક જ તેઓ અખાડાના સ્થાનમાં બેઠા. 36.

1.જૂઓ પાછળ શ્લોક 33 પરનાં શ્રીસુબોધિની.

2.અધુરી બુદ્ધિવાળા મલ્લોને ભગવાન્ મારી હઠાવે તેથી તેમનું માહાત્મ્ય બરાબર જણાય નહિ, તેથી તેઓના શિક્ષકો સહિત મલ્લો આવે તેવું ભગવાને કરેલ, એવો ભાવાર્થ જણાય છે.

પછી (બીજા) સર્વ મલ્લો આવ્યા ત્યારે ચાણૂર વિગેરે યુદ્ધના જુસ્સા સહિત યુદ્ધભૂમિમાં આવ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે:

ચાણૂરો મુષ્ટિક: કૂટ: શલસ્તોશલ એવ ચ॥
ત આસેદુરુપસ્થાનં વલ્ગુવાદ્યપ્રહર્ષિતા: ॥37॥

મધુર વાજીંત્રના અવાજે જેમને હર્ષ કરાવેલ છે તેવા ચાણૂર, મુષ્ટિક, કૂટ, શલ અને તોશલ, તેઓ તેવી જ રીતે યુદ્ધભૂમિમાં આવ્યા. 37.

આ (ચાણૂર વિગેરે) પાંચ દૈત્યોના પ્રાણરૂપ હતા, (અને તે) પાંચ જ યુદ્ધભૂમિમાં આવ્યા. 'ઉપ'(સમીપમાં) 'સ્થીયતે' જેની અંદર ઉભું રહેવાય છે તેવી ('ઉપસ્થાનમ્' એટલે) જે યુદ્ધની ભૂમિ (તેમાં આવ્યા). 'ચ' 'અને' શબ્દથી તેમના સેવકો પણ આવ્યા, (એમ કહેલું

છે). ‘મધુર વાજીંત્રના અવાજે જેમને હર્ષ કરાવેલ છે’ વિશેષણથી (યુદ્ધભૂમિમાં) આવેલા(તે મલ્લો)નો જુસ્સો કહેલો છે. 37.

એ પ્રમાણે સર્વ સામગ્રી તૈયાર થઈ ત્યારે, જેમને બોલાવેલ તે નંદ વિગેરે આવ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે:

નન્દગોપાદયો ગોપા ભોજરાજસમાહૂતા: ॥
નિવેદિતોપાયનાસ્ત એકસ્મિન્ મઞ્ચ આવિશન્॥38॥

ભોજરાજે બોલાવેલા તે નંદગોપ વિગેરે ગોપો ભેટો આપીને એક માંચડા ઉપર બેઠા. 38.

બાલકો તો ભગવાનના મિત્રો હતા, તેઓ ભગવાનની સાથે જ આવશે. નંદગોપ જેવા જે (ગોપો) હતા તેઓને જેનો પ્રતાપ ખાળી ન શકાય તેવા ભોજરાજે બોલાવેલા. તેઓ પોતે લાવેલી ભેટો આપીને (બેઠા), કારણ કે ઘેરથી જ તેઓએ ભેટો લીધેલી હતી. તે અર્થ ‘તે’ શબ્દથી કહેલો છે; અથવા તેઓ સદા તે(કંસ)ને અધીન હતા. અથવા તેઓ પ્રસિદ્ધ હતા, અને જે પ્રસિદ્ધ હોય તેઓને ભેટ આપવી જોઈએ, તેથી (ભેટ આપીને બેઠા). દૂબળા તેઓ બીજી જાતના લોકો (રાક્ષસો) સાથે કજીઓ થવાના ભયથી એક જ માંચડા ઉપર બેઠા. માંચડાઓ મોટા હતા, એમ આથી જણાવેલું છે. 38.

ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં ઓગણચાલીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.

અધ્યાય ઓગણચાલીસમો સંપૂર્ણ.